ઑલ ઈંડિયા કૉંગ્રેસ કમિટીની

પંજાબ સબ-કમિટીએ નીમેલ

પંચ પાસે

પંજાબમાં થયેલાં રમખાણો વિષે

રજૂ કરવામાં આવેલી જુબાનીઓ

અનુવાદક

મથુરાદાસ ત્રીકમજી

"મહાત્મા ગાંધીની વિચારસૃષ્ટિ"ના યોજક.

પ્રકાશક

ઉમર સોબાની.

હોર્નબી રોડ; ફોર્ટ, મુંબઈ.

આવૃત્તિ ૧ લી. વિ. સં. ૧૯૭૭ ફાલ્ગુન. પ્રત ૨૦૦૦.

કિંમત: રૂ. ૧-૧૨-૦

ઑલ ઈંડિયા કૉંગ્રેસ કમિટીની

પંજાબ સબ-કમિટીએ નીમેલ

પંચ પાસે

પંજાબમાં થયેલાં રમખાણો વિષે

રજૂ કરવામાં આવેલી જુબાનીઓ.

અનુવાદક

મથુરાદાસ ત્રીકમજી

"મહાત્મા ગાંધીની વિચારસૃષ્ટિ"નો યોજક.

પ્રકાશક

ઉમર સોબાની.

હૉર્નબી રોડ; કોટ, મુંબઈ.

આવૃત્તિ ૧ લી. વિ. સં. ૧૯૭૭ ફાલ્ગુન. પ્રત ૨૦૦૦.

કિંમત: રૂ. ૧-૧૨-૦

"શ્રી ભાગ્યોદય પ્રીન્ટીંગ પ્રેસ"માં જેઠાલાલ દેવશંકર દવેએ છાપ્યું.
ખાડીઆ—અમદાવાદ.

ખુલાસો.

ઑલ ઇંડિયા કૉંગ્રેસ કમિટીની પંજાબ સબ-કમિટીએ નીમેલ પંચે ૧૯૧૯માં પંજાબમાં થયેલાં રમખાણોનો હેવાલ તથા તે હેવાલ તૈયાર કરવા લેવામાં આવેલી જુબાનીઓ ગયે વર્ષે અંગ્રેજીમાં પ્રગટ કર્યાં છે. અંગ્રેજી આવૃત્તિમાં પંચે પ્રગટ કરેલી ૬૫૦ જુબાનીઓમાંથી ૪૦૦ થી ૪૨૫ જુબાનીઓનો સાર આ આવૃત્તિમાં આપવામાં આવ્યો છે. એકજ પ્રસંગને સમર્થન કરનારી અનેક જુબાનીઓમાંથી બે ત્રણ જુબાનીઓનો સાર આપી બાકીની જુબાનીઓ મૂકી દેવામાં આવી છે. પરંતુ ખુદ રિપોર્ટમાં જે જુબાનીઓમાંથી અવતરણો આપવામાં આવ્યા છે અને જે જુબાનીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેમાંથી લગભગ બધી જુબાનીઓનો સાર લેવામાં આવ્યો છે.

અનુવાદક.

સાંકળીયું.

અમૃતસર.

૧.

પંજાબ ચેમ્બર ઓફ કોમર્સના ઉપ-પ્રમુખ અને અમૃતસર ફ્લાવર અને જનરલ મિલ્સ કમ્પનીના મેનેજીંગ ડાઇરેકટર **લાલા ગિરધારીલાલની** જુબાનીઃ અમૃતસર.

કહાનપુરથી કલકત્તા મેલમાં હું ૧૧ મી એપ્રિલે સવારના સાડાઅગીયાર વાગે અમૃતસર પહોંચ્યો. રસ્તે અંબાલા સ્ટેશન ઉપર અમૃતસરમાં ભારે રમખાણ થયાની મને ખબર પડી; પણ તે વિષે વિશેષ હકીકત ન મળી. અમૃતસર પાસેની ન્હેર ઉપરના પુલથી આગગાડીની સડક ઉપર પોલીસનો પહેરો જોવામાં આવ્યો. સ્ટેશન લશ્કરી છાવણીના જેવું દેખાતું હતું: એક પ્લેટફાર્મ ઉપર એક હથિયારબંધ ગાડી ઉભી હતી; જ્યાં ત્યાં લશ્કરી સિપાઇઓ અને બંદુકો નજરે આવતા હતા. લશ્કરી સિપાઇઓમાં માણસો યુરોપિયન, ગુરખા અને બલુચી હતા. સ્ટેશન ઉપર કેટલાક ઓળખીતા માણસો હતા; તેઓ મારી સાથે વાતચીત કરવા ઇચ્છતા હતા; પણ ડરના માર્યા તેમ ન કરી શક્યા. સરદાર બિક્રમસિંહે તો મને પાછા કહાનપુર જવા જણાવ્યું; અને ગમે તેમ થાય તોય મારે શહેરમાં તો ન જ જવું એમ એણે સલાહ આપી.

વિસેક મિનિટ ખોટી થયા પછી મને મહા મુશ્કેલીએ મારો સામાન "દરબાર સાહેબ×" સુધી લઈ જવા માટે એક મજુર મળ્યો. શહેરમાં જતાં આગગાડીની સડક ઓળંગવી પડે છે. વાહન માટેના પુલ ઉપરથી આવજાવ કરવાની મનાઈ હતી. પગે જનારા માટેના ન્હાના પુલ પાસે કેટલાક યુરોપિયન સોલજરો પહેરા ઉપર હતા. આ પુલ ઉતરી જનાર દરેકની જડતી લેવામાં આવતી. જો કોઈ પાસે લાકડી હોય તો તે લઈ લેવામાં આવતી. મારા સામાનની પૂરી જડતી લેવાયા પછી મને શહેરમાં દાખલ થવાની રજા મળી. આમ જડતી લેવાનું ઘણું કરી તા. ૧૫ મી એપ્રિલ સુધી ચાલ્યું. શહેર બ્હાર ડગલે ડગલે હથિયારબંધ પોલીસ અને સોલજરો જોવામાં આવતા; પણ શહેરમાં ક્યાંય પોલીસ જોવામાં નહોતી આવતી. શહેરમાં પાણીના નળ તા૦ ૧૫ મી કે ૧૬ મી એપ્રિલ સુધી સાવ બંધ કરવામાં આવ્યા હતા. શહેરને વીજળી પૂરી પાડવાનું પણ બંધ કરવામાં આવ્યું હતું; અને આમ હું ન ભુલતો હોઉં તો તા. ૧૮ મી સુધી ચાલુ રહ્યું. "દરબાર સાહેબ" જતાં, રસ્તે અત્યાચાર થયાના ચિહ્નો જણાયા. તારનાં દોરડાં કાપી નાંખવામાં આવ્યા હતાં; કેટલાક મકાનો બાળી નાંખવામાં આવ્યાં હતાં. દુકાનો બંધ હતી, છતાં શહેરમાં શાંતિ હતી, પણ લોકો ખિન્ન અને ગભરાયલા દેખાતા હતા.

૧૦મી અપ્રિલે હું અમૃતસરમાં ન હતો; એટલે તે દિવસે જે બનાવો બન્યા તેનો

× અમૃતસરમાં સિખ લોકોનું સૌથી મ્હોટું મંદીરઃ અંગ્રેજો જેને "સુવર્ણ મંદીર" કહે છે તે.

હું સાક્ષી નથી. પરંતુ મેં કાળજી રાખી કેટલીક હકીકત કેટલાક માણસો પાસેથી મેળવી છે તે નીચે પ્રમાણે છેઃ—

સવારના દશેક વાગે ડેપ્યુટી કમિશનરે ડૉ. કિચલુને પોતાને ત્યાં બોલાવ્યો તે પહેલાં, સાંભળવા પ્રમાણે, લગભગ બધા મ્હોટા યુરોપિયનો ડેપ્યુટી કમિશનરને બંગલે કે બીજે કયાંક મળ્યા હતા. અને એવો ઠરાવ કર્યો હતો કે જે યુરોપિયનને શહેરમાં કામસર જવાનું થાય તેણે સાથે રિવોલ્વર રાખવી. હુસરાજ ડૉ. કિચલુ સાથે ડેપ્યુટી કમિશનરને બંગલે ગયો હતો. બંગલા પાસે એક મોટર ઉભી હતી. તેમાં, પોલીસ સુપરિન્ટેંડંટ મિ. રેહીલ અને હથિયારબંધ સોલજરો હતા. ડેપ્યુટી કમિશનરે ડૉકટર સત્યપાલ અને કિચલુને જણાવ્યું કે તેઓ બંનેને શહેરપાર કરવાનો હુકમ નીકળ્યો છે, પણ તેઓને કયાં લઇ જવામાં આવશે એ ન કહ્યું. તેઓ બન્નેએ પોતપોતાના કુટુંબ ઉપર કાગળ લખ્યા; હુંસરાજે બન્ને ડૉકટરોના કાગળો ઠેકાણે પહોંચાડયા, અને પછી ડૉકટર સત્યપાલના પિતા મણિરામને પોતાની સાથે એક ભાડુતી ટાંગામાં લઈ, તે કેટલીક બજારમાં ફર્યો અને લોકોને દુકાન બંધ કરવાનું તથા ડેપ્યુટી કમિશનર પાસે શહેરપાર થયેલા નેતાઓને છોડી મુકવાની અરજી કરવા જવાનું કહેવા લાગ્યો. તાબડતોબ, આખા શહેરમાં હડતાળ પડી. જ્યાં ત્યાં લોકોનો જમાવ થવા લાગ્યો. ડેપ્યુટી કમિશનરને અરજ કરવા જવાના ઈરાદાથી લોકો હૉલ ગેટ તરફ જવા લાગ્યા. આ અરસામાં, શહેરમાં શું બની રહ્યું હતું તેની ખબર કોટવાલીએથી ડેપ્યુટી પોલીસ સુપરિન્ટેંડંટ મિ. પ્લોમરને ટેલિફોનથી આપવામાં આવી. મિ. પ્લોમર અને બીજા ત્રણેક અમલદારો ઘોડેસ્વારની ટુકડી સાથે વાહન માટેના પુલ પાસે આવી પહોંચ્યા, અને પુલના છેડા પાસેની બત્તી પાસે પડાવ નાંખ્યો. લોકો પણ પુલ પાસે આવી પહોંચ્યા, તેઓ ઉઘાડે માથે હતા; તેઓના હાથમાં લાકડી કે હથિયાર ન હતા. હૉલ બજારમાંથી પસાર થતાં લોકોએ યુરોપિયનોને પજવ્યા ન હતા કે તેઓ પ્રતિ ખરાબ વર્તણુંક પણ ચલાવી ન હતી; કોઇની માલમિલકતને પણ તેઓએ હાથ અડાડયો ન હતો. લોકો પુલ પાસે આવી ચઢયા ત્યારે તેઓમાંથી કોઈ એકે બત્તી પાસે ઉભેલ ટુકડીને પોતે ડેપ્યુટી કમિશનર પાસે શા સારૂ જાય છે એ જણાવ્યું. તેઓનો ઇરાદો પોતાના નેતાઓને છોડાવવાનો હતો, ટુકડીમાંથી કોઇએ લોકોને જવાબ ન વાળ્યો; પણ તેઓને વિખરાઇ જવા કહેવામાં આવ્યું. મિ. પ્લોમર કે મિ. સૅયમોરે લોકો ઉપર ગાળો વર્ષાવી, અને કોરડાથી માર માર્યો. છતાં લોક તો ડેપ્યુટી કમિશનરને મળવા જવાની જીદ્દ લઇને બેઠા. મિ. પ્લોમર પોતાની ટુકડી સાથે રેલ્વે સ્ટેશન રોડ તરફ ધીમેધીમે હઠવા લાગ્યો; અને ન્હાના પુલ પાસે, માડનની દુકાન સામે, આવી પહોંચ્યો એટલે લોક ઉપર ગોળી ચલાવવામાં આવી. કેટલાક ઘાયલ થયા, અને બે ત્રણ તો તરત જ મરણ પામ્યા. ગોળી ચલાવવાનો હુકમ મિ. પ્લોમરે આપ્યો કે બીજા કોઇ અમલદારે આપ્યો એ નક્કી જણાયું નથી. ત્યાર પછી મિ. પ્લોમર ટુકડી સાથે કોર્ટ રોડ તરફ જવા લાગ્યો, અને રાય બહાદુર ગાગર મલના કુવા પાસેથી પાછો ગોળીબાર કરવામાં આવ્યો. આથી લોકોનું ટોળું શહેર તરફ પાછું વળ્યું. તેઓમાંથી કેટલાક લોક ઘાયલ થયેલાને અને મરણ પામેલાને હૉલ બજાર પાસેની મસજીદમાં લઈ ગયા. ઘાયલ થયેલા અને મરણ પામેલાને જોઈ લોકો ઉશ્કેરાયા. ફરી પાછો લોકોનો જમાવ થવા લાગ્યો અને આ વખતે લાકડી, દંડુકા,

લાકડાં, જે કંઇ હાથમાં આવ્યું તે લઇ લોકોનું ટોળું પુલ તરફ જવા લાગ્યું. લોકોનું એક ટોળું વાહન માટેના પુલ તરફ, બીજું ન્હાના પુલ તરફ અને ત્રીજું રેલ્વે સ્ટેશન તરફ વળ્યું.

લોકોનું ટોળું એકઠું થયાની અને પહેલો ગોળીબાર થયાની ખબર ડેપ્યુટી કમિશનરને ડિસ્ટ્રીકટ કોર્ટમાં પડી કે તરત તે અને બીજાઓ માડનની દુકાન પાસે જઈ પહોંચ્યા. કેટલાક વકીલોએ પણ ત્યાં જવાની ઇચ્છા બતાવી, અને લોકોને શાંત કરવા જવા તેઓએ પરવાનગી માગી. ડેપ્યુટી કમિશનરે તરત પરવાનગી આપી. ગુરદયાલસિંહ, બિહારીલાલ, ટોડર મલ અને ગુલામ યસિન બેરિસ્ટરો અને મકબુલ, દુનીચંદ એમ. એ., કેશવરામ, અને બીજા વકીલો, માડનની દુકાન પાસે જઇ પહોંચ્યા. ડેપ્યુટી કમિશનર, બીજા અમલદારો અને કેટલાક સોલજરો મ્હોટા પુલ ઉપર ગયા. આ વખતે લોકોનું એક ટોળું સ્ટેશનના વાડા તરફ જતું હતું. મિ. પ્લોમરના કહેવાથી મિ. ગુલામ યસિન અને બીજાઓ લોકોને વિખેરી નાંખવા તે તરફ ગયા. પણ તેઓ ત્યાં જઇ ચડે અને લોકોને વિખેરી નાંખે તે પહેલાં તો લોકોએ રેલ્વે કંપનીની મિલકતને નુકસાન પહોંચાડી દીધું હતું. છતાં લોકોને ત્યાંથી વિખેરી નાંખવામાં આવ્યા. પછી મિ. યસિન અને બીજાઓ શહેર તરફ પાછા આવ્યા. બીજા વકીલોએ ન્હાના પુલ ઉપરથી લોકોને વિખેરી નાંખ્યા. જેવું પુલ ખાલી થયું કે મિ. પ્લોમરે પુલ ઉપર એક ટુકડી ગોઠવી દીધી. પણ આ વખતે ૧૦ કે ૧૨ સોલ્જરો કિલ્લા તરફથી આવ્યા અને લોકો ઉપર ગોળી ચલાવી. તેઓ સાથે કોઈ સનદી અમલદાર નહતો, આથી લોકો ખીજવાયા; તેઓને થયું કે ન્હાના પુલ ઉપરથી તેઓ ઉતરી ગયા હતા; છતાં તેઓની પુઠે ગોળી ચલાવવામાં આવી; અને તેઓના પોતાના જ માણસોએ તેઓને ફસાવ્યા. વકીલો મિ. પ્લોમરને ગોળી ન ચલાવવા વિષે અને તેમ કરી લોકોને ન ઉશ્કેરવા વિષે આજીજી કરી રહ્યા હતા તેવામાં પાછી ગોળી ચલાવવામાં આવી અને વકીલોના કહેવા ઉપર ધ્યાન આપવામાં ન આવ્યું; એટલે તેઓ ત્યાંથી ચાલતા થયા. પહેલો બાર થયા પછી લોકોનો એક ભાગ મ્હોટા પુલ તરફ ધસ્યો. અહીં ગુરદયાળસિંહ અને માકબુલ અહમદ લોકોને પાછા જવા સમજાવી રહ્યા હતા. લોકો ઉપર ગોળી ન ચલાવતાં તેઓને સમજાવી પાછા વાળવા માટે તેઓને ડેપ્યુટી કમિશનર પાસે થોડોક વખત મળ્યો. ડેપ્યુટી કમિશનરે તેમ કર્યું; અને વકીલોના સમજાવવાથી લોક વિખરાઇ જતું હતું તેવામાં ટોળામાંથી એકાદ બે જણાએ સોલ્જરો ઉપર પથરા કે લાકડાના ટૂકડા ફેંકયા. તરત જ ગોળી ચલાવવામાં આવી. મિ. ગુરદયાળસિંહ અને મિ. મકબુલ સુયોગે જ ઘવાતા બચી ગયા. વિસેક જણા મરણ પામ્યા, અને ૧૦થી ૧૫ જણ ઘાયલ થયા. લોકો તેઓને હૉલ બજારમાં મ્હોટી મસજીદમાં લઇ ગયા. તેમાં, અધિકારીઓએ કોઇ પણ જાતની મદદ ન કરી. પોતાના સ્નેહી સંબંધીઓને હણાયલા અને ઘવાયલા જોઇ કેટલાકનું લોહી ઉકળી આવ્યું; તેઓ પોતા ઉપરનો કાબુ સાવ ગુમાવી બેઠા અને ભારે અત્યાચાર કરવા મંડી પડયા. તેઓએ સરકારી મકાનો બાળ્યા, બેન્કો લૂટી, હૉલ બજારમાં ત્રણ યુરોપિયનોના ખુન કર્યા, એકને કિલ્લા પાસે ઠાર કર્યો, બીજાને રેલ્વેના બાગમાં હણ્યો અને એક યુરોપિયન બાઇને પણ મારી. અમૃતસરમાં ભાગ્યેજ મને એવો કોઇ માણસ મળ્યો છે કે જે આ અત્યાચારને નિંદતો નથી. તેઓમાંથી બે તો મારા મિત્ર હતા. તેઓના આ રીતે થયેલ મરણથી મને આઘાત પહોંચ્યો હતો.

સાંજના સાડા ચાર વાગતાં અત્યાચાર થતો બંધ પડયો, અને ત્યાર પછી શહેરમાં સંપૂર્ણ શાંતિ રહી. દરેક નાગરિક એમ માને છે કે અત્યાચાર થતો અટકાવવા પોલીસે જરા પણ પ્રયત્ન નહતો કર્યો. મૂખ્ય થાણામાં ૮૦થી ૧૦૦ પોલીસના માણસો હથિયારથી સજ્જ થયેલા હતા, અને અત્યાચાર થયાના સ્થળ પાસે જ હતા. તેઓએ પોતાની ફરજ બજાવી હતે તો કંઇ ન થતે. નેશનલ બેંકના સરદાર બસંતસિંહે મિયાં અહમદ જાન પાસે મદદ માગી હતી, પણ તેણે નહોતી આપી. નેશનલ બેંકનું રક્ષણ કરવા માટે, ખરેખર, કેટલાક કોન્સ્ટેબલો ઉભા રાખવામાં આવ્યા હતા; છતાં સાંજના તેઓની હાજરીમાં જ બેંક લૂટવામાં આવી; તેઓએ લૂટ અટકાવવા પ્રયત્ન જ કર્યો નહિ. તેઓએ ધાર્યું હતે તો તેઓ લૂટ અટકાવી શકતે.

તા. ૧૦મીથી ૧૪મી સુધી પોલીસ સાવ બેસી જ રહી. રાતના પહેરો પણ લોકો પોતે જ ભરતા હતા. કેટલાક સ્વયંસેવકો તો ઉંચા કુટુંબના હતા. તેઓએ પોતાની ફરજ સંતોષકારક રીતે અદા કરી હતી. આ ચાર પાંચ દિવસમાં કોઇએ કયાંય ઉદ્ધતાઈ કે ગુન્હો કર્યો હોય એમ જણાયું નથી. આવી સ્થિતિમાં લોકો સહેજે ખિન્ન દેખાતા હતા. તેઓ સાવ નિરાધાર થઈ પડયા હતા, અને અધિકારીઓ તેઓનું દુઃખ દૂર કરશે એવી આશા આતુરતાથી રાખી બેઠા હતા.

દર સાલ ડેપ્યુટી કમિશનરને તેના કેટલાક મિત્રો રામનવમીનું સરઘસ જોવા અલ્લાહાબાદ બેંકમાં નોતરે છે. આ વર્ષે પણ તેમ જ થયું હતું. બેંક પાસે આવી પહોંચતાં સરઘસના વાજાએ રાજગીત ગાયું હતું. લોકો હર્ષભેર " ગાંધી મહારાજકી જય, ' કિચલુકી જય ', ' સત્યપાલકી જય 'ના પોકાર કરતા હતા. આ જયઘોષ સાંભળી ડેપ્યુટી કમિશનર અકડાયો. સરઘસના અંતમાં મુસલમાન સ્વયંસેવકો વાવટા લઇને આવતા હતા, અને તાળીઓ પાડતા હતા અને પોકાર કરતા હતા. આ જોઈ ડેપ્યુટી કમિશનરને ગુસ્સો ચઢયો અને થયું: " અહીં હમણાં કંઇક તોફાન થશે. " તેને એટલો બધો ક્રોધ આવ્યો હતો કે તે ઘડીએ ત્યાં સોડા પીતા તેના હાથ ધ્રૂજવા લાગ્યા.

કેટલાકની એવી માન્યતા છે કે ડૉ. કિચલુ અને ડૉ. સત્યપાલને શહેરપાર કરવાનો હુકમ કરનલ સ્મિથ આગલી રાત્રે (નવમી તારીખે) લાહોરથી લાવ્યો હતો. બીજા કેટલાક એમ ધારે છે કે શહેરપાર કરવાનો હુકમ તો ક્યારનો આવી ગયો હતો; અને કરનલ સ્મિથને સરઘસ જોઇ ખૂબ ચીડ ચઢવાથી તેણે ડેપ્યુટી કમિશનરને બન્ને ડૉકટરોને શહેર પાર કરવા કહ્યું; પરંતુ ડેપ્યુટી કમિશનરે તેમ કરવા ના પાડી; એટલે તે તરત લાહોર ગયો. અને ડૉકટરોને શહેરપાર કરવા વિષે લેફ્ટેનંટ–ગવરનરનો કાગળ લઇ આવ્યો. શહેરના એક જાણીતા રેઈસ પાસે પોતે જે કર્યું તે વિષે તે બડાઇ હાંકતો, એણે એવો પણ મનમાં ઠરાવ કર્યો હતો કે અમૃતસરમાં કોંગ્રેસ જ ભરવા ન દેવી. ડૉ. પ્યારમલ પાસે તેણે કરેલી વાત ઉપરથી જણાય છે કે તેને અધિકારીઓને શહેર ઉપર તોપ ચલાવવાની અને લોકોને ગોળીનો સ્વાદ ફરી પાછો ચખાડવાની સલાહ આપી હતી.

૧૧ મી એપ્રિલે લોકો શબને કબરસ્થાનમાં અને સ્મશાને સરઘસમાં લઇ જવા માંગતા હતા. મિ. ગુલામ યસિન અને મિ. મકબુલ એવી ખબર લાવ્યા કે લશ્કરી અધિ-

કારીઓ એક શબ સાથે ચારથી વધારે માણસ જવા નહિ આપે. લોકોએ આ ખબર માની નહિ. મિ. કેશવરામ, મિ. મહમદ સદીક અને બીજા. લોકો તરફથી અધિકારી પાસે વિના પ્રતિબંધે અંતિમ ક્રિયા કરવા માટે પરવાનગી લેવા ગયા. ડેપ્યુટી કમિશનરે તેમ કરવા ખુશી જણાવી, પરંતુ લોકોએ બે વાંગે તે પહેલાં પાછા ફરવું જોઇએ એવી શરત મૂકી. સાથે એમ પણ તેણે જણાવી દીધું કે બે વાગ્યા પછી શહેર બ્હાર કોઈ પણ હશે તેને ઠાર કરવામાં આવશે. લોકોએ આ શરત કબુલ રાખી, અને એક વાગવા પહેલાં બધું કામ આટોપી લીધું. સાંજના ચારેક વાગાના સુમારે હડતાળનો અંત કેમ આવે એનો વિચાર કરવા હું લાલા ટોડરમલને ત્યાં ગયો. બીજા સજ્જનો પણ ત્યાં તેજ વિચાર ચલાવી રહ્યા હતા. લાલા ધોલનદાસ પણ ત્યાં હતા. અમલદારોએ લાલા ધોલનદાસને હડતાળ ઉઘડાવવાનું કહેવા બોલાવ્યો હતો. મિ. સેયમોર, ડેપ્યુટી કમિશનર, અને બીજા અમલદારો હાજર હતા. બધા બહુ ગુસ્સામાં હતા. એમ કહેવાય છે કે મિ. સેયમોરને એટલો બધો ક્રોધ ચઢયો હતો કે એક યુરોપિયનના ભોગના બદલામાં એક હજાર હિંદીઓનો ભોગ લેવાની વાત તેણે ઉચ્ચારી હતી. અને એકાદ જણે તો શહેર ઉપર તોપ ચલાવવાની સૂચના કરી હતી. આ સાંભળતાં લાલા ધોલનદાસે અમલદારોનું ધ્યાન ખેંચ્યું હતું કે "દરબાર સાહેબ"ના કોઈ પણ ભાગને જરા પણ ઇજા થશે તો એવી ગંભીર સ્થિતિ ઉભી થશે કે તેનો પાર જ નહિ આવે. લાલા ટોડરમલને ઘેર મળેલી સભામાં હડતાળ ઉઘડાવવા વિષે કંઇ પણ નિશ્ચય થયો નહિ. સૌને લાગ્યું કે તેઓ લોકો ઉપર કાબૂ ધરાવતા નથી; લોકો તેઓને સાંભળશે નહિ. ત્યાંથી અમે બધા ડૅા. બશીરને ત્યાં ગયા. હંસરાજ અને તેના સોબતીઓએ લોકોને એટલા બધા ઉશ્કેરી મુકયા હતા કે લોકોએ હડતાળ બંધ કરવાની ના જ પાડી. રાતના બે વાગા સુધી લાલા ધોલનદાસે અને મેં કતરા ઉઘડાવવાનો પ્રયત્ન કર્યો પણ અમે નિષ્ફળ નીવડયા.

૧૨ મી એપ્રિલે હજારો લોક ગોળાથી હણાયાલાના શબ પાછળ શ્મશાને ગયા હતા. સુલતાનવિંદ દરવાજા પાસે લશ્કરી અને પોલીસ ફોજ ઉભી હતી. શ્મશાનેથી લોક પાછા આ દરવાજા પાસે આવી પહોંચ્યા કે તેઓમાંથી ૧૦–૧૨ જણાને પકડવામાં આવ્યા. તેઓને કોટવાલીએ લઇ જવામાં આવ્યા; અને તડકામાં કલાકોના કલાકો સુધી ઉભા રાખી છોડી મૂકવામાં આવ્યા. બપોરપછી બગા અને બીજાને પકડવામાં આવ્યા; અને પછી સર્વે વર્ણોના લોકોની પકડાપકડી કંઇ પણ ધોરણ વિના શરૂ થઇ. આખા શહેરમાં ગભરાટ વ્યાપી રહ્યો, અને કોઇને ખાતરી નહતી કે તેને કયારે પકડવામાં આવશે. નામનું કારણ માત્ર મળતાં, પોલીસે ઘણાઓના ઘરની જડતી લીધી, ઘરમાંના સૌ કોઇની, સ્ત્રીઓ સુદ્ધાંની સતવણી કરી; તેઓને ગાળો પણ ભાંડી; માણસોને માર માર્યો, અને તેવી બાજી અનેક રીતે લોકોનું અપમાન કર્યું. આમ થવું દિનપ્રતિદિન ચાલુ રહ્યું, અને માર્શીયલ લૅા દાખલ થયા પછી તો તેમ વધારે પ્રમાણમાં થવા લાગ્યું. આ સ્થિતિનો પોલીસે લાભ લીધો, અને લોકોને અનેક રીતે કનેડયા. અમલદારો પણ જ્યારે શહેરમાં નીકળતા ત્યારે સાથે ફોજ લઇને ફરતા; એથી પણ લોકો ગભરાઇ ઘરમાં ભરાઈ બેસતા.

હળવા ઉપાયો યોજી લોકોને શાંત કરવાની નીતિ અમલદારો ગ્રહણ કરે એવી ઇચ્છાથી હું લાલા દુનીચંદ એમ. એ. ને અને બીજાઓને મળ્યો; પણ તે વિષે અમલદારો

પાસે જઇ વાત કરવા કોઈની હિંમત ચાલી નહિ. તેજ સાંજના મને ખબર મળી કે હુંસરાજે ધાબ ખાટીકાનમાં એક સભા કરી હતી, અને તેમાં ૧૩ મી તારીખે બીજી સભા લાલા કનૈયાલાલના પ્રમુખપણા હેઠળ જાલીયાંવાલા બાગમાં ભરવાનું તેણે જાહેર કર્યું હતું.

૧૩ મી એપ્રિલે હું મારા મિત્ર હકીમસિંહને ત્યાં બપોરના બાર વાગે હતો ત્યારે લાલા દયારામ સુરી એવી ખબર લાવ્યો કે શહેરમાં માર્શીયલ લૉ જાહેર કરવામાં આવ્યો છે, અને કોઇએ સભામાં જવું નહિ એવો હુકમ કરવામાં આવ્યો છે, પણ મેં આ વાત માની નહિ. લાલા દયારામના કહેવા પ્રમાણે જ્યારે માર્શીયલ લૉનો ઢંઢેરો વાંચવામાં આવ્યો ત્યારે ભાગ્યેજ થોડાક લોક સાંભળવા ઉભા રહ્યા હતા; સોલજરોને દેખતાં જ લોકો નાસી ગયા હતા. ખાત્રીપૂર્વક કહું છું કે જે લત્તામાં હું રહું છું ત્યાં ઢંઢેરો વાંચવામાં નહતો આવ્યો અને તે વિષે જાહેરખબર પણ કયાંય ચોટાડવામાં નહોતી આવી.

બપોરના સાડાત્રણ વાગે સિવિલ લાઇન્સમાં ઉજ્જેનથી આવેલ મિ. રોબર્ટસનને મળવા હું ગયો હતો. શહેર બ્હાર જવામાં મને મુશ્કેલી નરોતી નડી. મિ. રોબર્ટસનને શહેરમાં જવું હતું; પણ કેટલાક યુરોપિયનોએ તેને તેમ કરવા ના પાડી; એટલે તે વિષે ડેપ્યુટી કમિશનરને મળવા વિચાર થયો. અમે બંને રામબાગમાં અને તેને બગલે ગયા, પણ તેનો મેળાપ થયો નહિ; એટલે અમે હોટલે પાછા ફર્યા. હોટેલ પાસેથી મેં એક લશ્કરી ટુકડી પસાર થતી જોઈ. આગળ ૪૦ થી ૫૦ બલુચીઓ હતા. તેની પાછળ લગભગ તેટલાજ ગુરખા હતા. સાથે બેત્રણ યુરોપિયન લશ્કરી અમલદારો મોટરકારમાં હતા. તેમાં, મિ. રેહિલ અને મિ. પ્લોમર પણ હતા. તેઓની પાછળ એક આરમર્ડકાર હતી, તેમાં ૧૦–૧૨ યુરોપિયન સોલજરો હતા. સૌથી પછવાડે ૫–૬ યુરોપિન સોલજરો પગે ચાલતા હતા. આ દેખાવ જોતાંવેંત જ, માર્શીયલ લૉનો ઢંઢેરો મને યાદ આવ્યો. હું શહેરમાં તરત દોડી ગયો, અને સભામાં ન જવાનું કે બજારમાં એકઠા ન થવાનું લોકોને કહેતો કહેતો મિ. હકીમસિંહને ઘેર પહોંચ્યો, અને તેને તથા તેના છોકરાઓને સભામાં ન જવા જણાવ્યું. તેજ કારણસર હું લાલા ધોલનદાસને ત્યાં ગયો. તે વખતે પાંચ વાગવા આવ્યા હતા. લાલા ધાલનદાસનો સૌથી મ્હોટો છોકરો, તેનો ભાણેજ અને બીજા બેત્રણ જણા છાપરા ઉપર ચઢી સભા જોતા હતા. દુરબીનથી મેં પંડિત સીતારામને બોલતાં જોયો, 'પંડિત સીતારામ બોલે છે' એમ હું કહેવા જતો હતો તેવામાં મેં રાણીના પુતળા તરફથી ગુરખાઓને રાઇફલ સાથે બાગમાં દાખલ થતાં અને ટેકરી ઉપર બે હારમાં ગોઠવાઈ જતાં જોયા. તેઓ સુમારે ૪૦ થી ૫૦ જણ હશે. ગોળી ચલાવવાનો હુકમ તરત જ થયો. વિખરાઇ જવા લોકોને એકવાર પણ ચેતવણી આપવામાં નહોતી આવી. અમલદારોમાં, મિ. રેહિલ, મિ. પ્લોમર, મિયાં મહમદ અશરફ, બિતસિંહ, વિગેરે હતા. લાગટ ૧૦ થી ૧૫ મિનિટ સુધી ગોળીબાર ચાલુ રહ્યો; અને સેંકડો માણસોને તત્ક્ષણે મરણ શરણ થતાં મેં જોયા. બાગમાં ૧૨ થી ૧૫ હજાર માણસ ભેગું થયું હતું. તેમાં વૈશાખીયાત્રાએ આવેલા ઘણા ગામડીઆઓ પણ હતા. બાગમાં આવજાવ કરવા માટે ન્હાના ચાર પાંચ રસ્તા છે. જે દરવાજામાંથી લોકો બ્હાર દોડી જતા હતા તે તરફ તથા જ્યાં ભીડ સૌથી વધારે હતી ત્યાં જ ગોળીનો મારો વધારે ચલાવવામાં આવ્યો. ઘણાતો

પડી જઈ લોકોના પગ હેઠ ચગદાઇ મરણ પામ્યા. લોહીની તો નદી વ્હેવા લાગી. જેઓ જમીન ઉપર લાંબા થઈ સૂઈ ગયા હતા તેઓ ઉપર પણ ગોળી ફેંકવામાં આવી હતી. ગોળીબાર બંધ થતાંજ અમલદાર અને ટુકડી તરત ચાલી નીકળ્યા. મરેલા અને ઘાયલ થયેલા માટે કાઇ પણ જાતનો બંદોબસ્ત અધિકારીઓએ નહોતો કર્યો.

સેંકડો જણ લાલા ધોન્નનદાસના ઘરમાં ભરાવા લાગ્યા. તેમાં છ આઠ જણ તો ખૂબ ઘાયલ થયા હતા. મહામુસ્કેલીએ લોકોને બ્હાર કાઢી ઘાયલ થયલાઓને મેં પાણી પાયું, અને મારાથી બનતી સહાયતા આપી. હું સારવાર કરી રહ્યો હતો તેવામાં મિ. હકીમસિંહનો સૌથી મ્હોટો છોકરો મારી પાસે આવ્યો, અને હકીમસિંહ ઘેરે નથી આવ્યા એવી ખબર મને આપી. મને બહુ ચિંતા થવા લાગી. હું તરત તેની શોધમાં જાલીયાં વાલા બાગમાં ગયો. પણ તેનો પત્તો ત્યાં ન મળ્યો પરંતુ હું તેને ઘેર પહોંચ્યો ત્યારે તો તે આવી ગયા હતા. પણ હકામસિંહનો ન્હાનો છોકરો અને તેના દોસ્તદારો જડતા નહતા. એટલે વળી પાછો હું બાગમાં ગયો. બાગમાં તેઓની તપાસ હું કરી રહ્યો હતો તેવામાં મને ખબર મળી કે તેઓ પણ ઘેરે આવી ગયા છે.

હું બાગમાં ગયો ત્યારે લોકો પોતાના સ્નેહી સંબંધીઓને શોધી રહ્યા હતા. દરવાજા પાસે તો મરેલા અને ઘાયલ થયલાઓનો ઢગલો જ થયો હતો, અને આખા બાગ માં જ્યાં ત્યાં લોકો પડેલા હતા; આધેડ વયના તેમ છોકરાઓના શબ નજરે પડતા હતા. કેટલાકના માથામાં ઘા પડયા હતા, તો કેટલાકની આંખ ફુટી ગઈ હતી. કોઇકને હાથમાં તો કોઈકને પગમાં, કોઇકને મ્હોં ઉપર તો કોઇકને છાતીમાં ગોળીઓ વાગી હતી. આખા બાગનો દેખાવ બહુ બીહાંમણો લાગતો હતો.

લોકો ઉતાવળે ઉતાવળે પોતાના સ્નેહી સંબંધીઓની શોધ કરી પોતાને ઘેર ચાલી જતા હતા; અને રખેને આઠ વાગી જાય અને ફરી ગોળી ચાલે એવા ડરથી ઘણાઓ તો પોતાના ઘાયલ થયેલા અને મરણ પામેલા સ્નેહી સંબંધીઓને બાગમાં જ છોડી દઇ પોતાને ઘેર જતા રહ્યા હતા. કેટલાક ઘાયલ થયેલા પોતાની મેળે જેમ તેમ કરી બાગ બ્હાર નીકળ્યા, પણ રસ્તે જ તેઓ મરણ પામ્યા.

બાગમાં મેં જોયું તેના ઉપરથી હું એવી ગણતરી કરૂં છું કે એક હજાર કરતાં વધારે માણસ જાલીયાંવાળા બાગમાં માર્યું ગયું હશે.

અમૃતસરના વતનીઓને વૈશાખી યાત્રા આ રીતે ફળી !

૧૪મી તારીખે બપોરના બે વાગે ડેપ્યુટી કમિશનરે રાય લોક, મ્યુનિસિપલ કમિશનરો, મેજીસ્ટ્રેટો અને વ્યાપારીઓની એક સભા પબ્લીક લાઇબ્રેરી હૉલમાં બોલાવી હતી. આ સભાની ખબર મને મોડી પડી, એટલે હું સભામાં પહોંચ્યો ત્યારે ચાર વાગવા આવ્યા હતા, કમિશનરે સભા પાસે હિંદુસ્તાનીમાં ભાષણ કરી લીધું હતું. તેણે કહ્યું:—

तुम लोग अमान चहाता है के लडाई ? हम् हर तरेहसे तैयार है। सरकार जबरदस्त है। सरकारने जर्मनीको फतेह किया है। और सब कुछ कर सकती है। हूकम आज जनरल साहिब देंगे। शहेर उन्के कबजामें है। हम कुछ नहीं कर सकते। तुम को हुकम मानना होगा।

કમિશનર મિ. કિચન, માત્ર બેએક મિનિટ બોલી સભામાંથી ચાલી ગયેલ. પાંચેક વાગ્યાના સુમારે જનરલ ડાયર, મિ. માઇલસ ઇરવીંગ, મિ. રેહિલ, મિ. પ્લોમર, વિગેરે સભામાં આવી પહોંચ્યા. જનરલ ડાયર અને તેની પાછળ બીજા, ખૂબ ગુસ્સામાં હૉલમાં દાખલ થયા. જનરલે ઉભા ઉભા ઉર્દુમાં એક ભાષણ કર્યું. તેમાં તેણે આમ પણ કહ્યું:—

तुम लोग खुब जानता है के हम सिपोय है और फौजी है। तुम जंग मांगता है के अमान। अगर जंग मांगता है तो सरकार जंग करनेको तयार है। और अगर अमान चाहता है तो हमारा हुकम मानो और दोकान सब अपनी खोलो वर ना हम गोली मारेगा। हमारे वास्ते मैदाने जंग फ्रांस ओर अमृतसर एक है। हम फोजी आदमी है। सीधा जाता है। दाहिना नहीं जाता और बाँया नहीं जाता। अगर जंग चाहता है तो बोलो। और अमान है तो हमारा हुकम एकदम दुकान खोलो। तुम लोग सरकारके बर-खिलाफ बात करता है और जर्मनी और बेंगालका पढ़ा हुआ आदमी बागी बात करता है। हम उन सबका बेख नीकालेगा। हुकम मानो और हम कुछ नहीं चाहता सुनना। हम तीस सालसे ज्यादा फौजमें काम किया है। हम हिंदुस्तानी सिपाय और सीख लोग खुब समजता है। तुमको अमान करना होगा वरना बंदूकसे दोकान खुलवाई जायगा। तुम लोग बदमाश आदमीका पता हमको दो। हम उनको गोली मारेगा। हमारा हुकम मानो और दोकान खोलो और जंग करना है तो बोलो।

જનરલનું આખું ભાષણ આજ પ્રકારનું હતું. તેના પાછળ ડેપ્યુટી કમિશનર મિ. ઇરવીંગે પણ કડવા શબ્દો ઉચ્ચાર્યા.

जनरल बहादूरका हुकम तुमने सुना। शब शहर उनके अख्तियारमें है। उनका हुकम दोकान खोलो। वाजब है तुम मानो। और जो किसोको तकलोफ हो तो बतादो हम सुनेगा। जो अंग्रेज साहिब बहादुर मारे गये है वह तुमने बहोत बुरा किया ह। उनका बदला तुमसे और तुमारा बच्चोसें लिया जायगा। तुम लोग एकदम दोकान खोल दो। सरकार तुमसे बहोत खफा है। तुम सरकारका मुकाबला नहीं कर सकते। हम सरकारके बर खिलाफ बोलने वालेको खुब सजा देगा।

ડેપ્યુટી કમિશનરનું બોલવું ખલાસ થયા પછી થોડીક વાતચીત થઈ ન થઇ એવામાં જનરલ ડાયર અને તેની સાથેના જતા રહ્યા અને સભા પૂરી થઇ.

૧૫ મી તારીખે હડતાળનો અંત આવ્યો; પરંતુ લોકમાં ધ્રાસ્કો બેસાડવાના ઇરાદાથી જાતજાતના ઇલાજો અધિકારીઓએ લેવા માંડ્યા. શહેરના વકીલમાત્રને કૉન્સ્ટેબલ બનાવવામાં આવ્યા. તેઓ પાસેથી હરેક પ્રકારનું કામ લેવામાં આવ્યું; તેઓ પાસે કુલી પેઠે સામાન ઉપડાવવામાં આવ્યો. તેઓનું અપમાન કરવામાં આવ્યું. તેઓને ગાળો આપવામાં આવી. શહેરના રહીશ માત્રને દરેક અંગ્રેજને સલામ ભરવાનો હુકમ થયો હતો. સલામ ભરવી કોઇ ચૂકી જતો તો તેને પકડી કેદમાં બેસાડવામાં આવતો. કેટલાકોને તો અસંત

તાપમાં પણ કલાકો સુધી ઉભા રાખવામાં આવતા, અને કેટલાકોને સલામ કેમ કરવી એ શીખાડવામાં આવતું. શહેરના પ્રતિષ્ઠિત લોકોના હાથમાં કડી તો હાલતે ચાલતે પહેરાવવામાં આવતી. પેટે ચાલવાનો અમાનુષી અને જંગલી હુકમ દિવસો સુધી ચાલુ રહ્યો. એક આંધળાને પણ પેટે ચાલવાની ફરજ પાડવામાં આવી હતી; અને તેને બરોબર પેટે ન ચાલવા માટે લાતો મારવામાં આવી હતી. પોલીસ પણ લોકોને અનેક રીતે પીડી રહી હતી. હાથ ઉંચે બાંધી ચાપકા મારવાનું પણ સાધારણ થઇ પડયું હતું. કેટલીક વાર તો માણસોના હાથ ખાટલાના પાયા હેઠળ મૂકવામાં આવતા, અને પછી ખાટલા ઉપર અનેકોને બેસાડવામાં આવતા. પોતાને જોઈતી જુબાની લેવાના હેતુથી પોલીસે એક જણના હાથમાં તો ધગધગતા કોયલા મુકયા હતા; એક બીજાના હાથમાં ખીલા ઠોકયા હતા; એક જણને તો મૂત્ર પીવાની ફરજ પાડી હતી, અને બીજાઓની ગુદામાં લાકડી ઘાલી હતી. મુછો તણાવી લોકોને ગાળો આપવી, તમાચા મારવા એતો સાવ સાદી શિક્ષા લેખાતી.

૧૨મી તારીખથી શહેરમાં પકડા પકડી શરૂ થઇ. હરેક પ્રકારના માણસોને કેવળ શક ઉપરથી જ, તેઓ ઉપર આરોપ મુકયા વિના, પકડવામાં આવતા, અને દિવસોને મહીનાઓ સુધી કેદમાં રાખવામાં આવતા. કેદમાં તેઓને સ્નેહી સંબંધીઓ પણ મળી ન શકતા. મિ. બદરુલ ઇસ્લામને પકડવામાં આવ્યા ત્યારે તો સૌ કોઇને એમજ થયું કે કોંગ્રેસ પક્ષના બધા માણસોને પકડવામાં આવશે; અને હું કોંગ્રેસનાં સ્વાગત મંડળનો એક મંત્રી હોવાથી, મને પણ પકડવામાં આવશે એવી વાતો મારી પાસે આવવા લાગી.

આ અરસામાં, મારો એક સગો કહાનપુરમાં બહુ માંદો હતો. તાર કરવા છતાં તેની તબીયતની મને ખબર ન મળી; એટલે મેં કહાનપુર જવા વિચાર કર્યો. આ દિવસોમાં પરવાનગી મેળવ્યા વિના અમૃતસર બહાર નહોતું જવાતું; પરંતુ મને પરવાનગી મેળવવામાં બહુ મુશ્કેલી ન નડી, અને ૨૧મી તારીખે હું અમૃતસરથી રવાના થયો. રસ્તે બીયાસ નદીના પુલ ઉપર જ ગાડી ઉભી રહી, અને ગાડીમાંના દરેક હિંદી મુસાફરોનો સામાન ચીપી ચીપીને પોલીસે તપાસ્યો. દરેક હિંદી સ્ત્રીને પણ આ અપમાન સહન કરવું પડયું હતું. પરંતુ કોઇપણ યુરોપિયનને પજવવામાં નહોતો આવ્યો. ૨૨મી એપ્રિલે હું કહાનપુર પહોંચ્યો.

કહાનપુરમાં થોડાક દહાડા રહી, હું લખનૌ, દિલ્હી, વિગેરે સ્થળે વ્યાપારાર્થે ગયો. કહાનપુર પાછા ફરતાં મને ખબર મળી કે મને પકડવા માટે હુકમ નીકળી ચૂકયો છે. મને આથી નવાઈ ન લાગી, અને તરત જ કહાનપુરના પોલીસ સુપરિનટેંડંટને તાબે થઇ જવાનો મેં નિશ્ચય કર્યો. આ જોઇ સુપરિનટેન્ડંટ આશ્ચર્ય પામ્યો. તે મારી સાથે સભ્યતાથી વર્ત્યો હતો, અને તેનાથી બને તેટલી સગવડ મને તેણે કરી આપી હતી.

૨૧ મી મેએ પરહેજ દશામાં હું અમૃતસર પહોંચ્યો, મને તરત મિ. રેહિલને બંગલે લઇ જવામાં આવ્યો. ત્યાં મારા હાથમાં કડી નાંખવામાં આવી. મારા બધા સામાનની જપ્તી લેવાઈ અને તેની નોંધ થઇ. ૨૧મીના સવારના ૧૧ વાગ્યાથી ૨૩મીના સવારના ૮ વાગ્યા સુધી મને કંઈ પણ ખાવાનું આપવામાં નહોતું આવ્યું. મને જે કોટડીમાં પૂરવામાં આવ્યો હતો તે ૧૧ ફુટ લાંબી, ૯ ફુટ પહોળી, અને ૧૨થી ૧૪ ફુટ ઉંચી હતી. તેમાં બીજા ૧૦-૧૨ જણ હતા, અને તેમાંથી એક તો ખૂની હતો. એજ ઓરડામાં મુત્ર

ત્યાગ કરવાનો હોવાથી, ઓરડો અતિશય ગંધાતો હતો. તેમાં, લાંબા પડવાની પણ ભાગ્યેજ જગા હતી. સવારના થોડીક મિનિટ જ માટે અમને કોટડીમાંથી શૌચ કર્મ કરવા બ્હાર કાઢવામાં આવતા. અમને ન્હાવા કે કપડા બદલવા દેવામાં નહોતા આવતા. સવારના ૮ વાગે અને સાંજે ૫ વાગે અમને ખાવા આપવામાં આવતું. બપોરના અત્યંત ગરમીને લઇ, અમને તૃષા ખૂબ લાગતી, પણ ભાગ્યેજ કોઇક કોન્સ્ટેબલ દયા લાવી અમને પાણી આપતો.

૨૩મી મેએ બપોરના બે વાગે મને હાથમાં કડી પહેરાવી લાઇબ્રેરીમાં મિ. સુખસિંહ. મિ. જવાહરલાલ, અને મિ. પ્લોમર સમક્ષ લઈ જવામાં આવ્યો. ત્યાં મારી જુબાની નોંધવામાં આવી.

૨૪મી મેએ મને અમૃતસરની સબસીડીયરી જેલમાં લઈ જવામાં આવ્યો. ત્યાં મને એક કોટડીમાં પૂરવામાં આવ્યો. અહીં જે ખોરાક મને આપવામાં આવ્યો એ તો સાવ નાલાયક હતો. અમને પાણી માટે માટીનું એક વાસણ અને લોઢાનો એક પ્યાલો પૂરો પાડવામાં આવ્યો હતો. દરોગો તો અમને પશુ પેઠે લેખતો.

૨૬મી મેએ મને અને બીજાઓને લાહોર લઇ જવામાં આવ્યા. મને અને ડૉ. કોટુમલને, ડૉ. બશીર અને મિ. ગુરદયાલસિંહને એક જ હાથકડી પહેરાવવામાં આવી હતી. સ્ટેશન ઉપર અમને ચારને ગાડીમાં લઇ જવામાં આવ્યા. બીજાઓને પગે જવું પડયું. રસ્તે સ્નેહી સંબંધીઓને કેદીઓ સાથે વાત કરવા મથતા જોઈ પોલિસે તેઓને પકડયા હતા. લાહોર સ્ટેશનથી કોર્ટે અમને પગે લઇ જવામાં આવ્યા. ત્યાં હાથકડી કાઢી નાંખવામાં આવી. રાતના સાતેક વાગ્યે અમને લાહોર સેંટ્રલ જેલમાં લઇ જવામાં આવ્યા, અને ત્યાં દરેકને અલાયદી કોટડીમાં પૂરવામાં આવ્યા.

૨૭મી તારીખે ગુરુદયાલસિંહને અને મને બીજી કોટડીમાં લઇ જવામાં આવ્યા. પહેલીના કરતાં આ કંઇક સારી હતી. અહીં અમને કપડા બદલવાની તથા ન્હાવા ધોવાની સગવડ કરી આપવામાં આવી હતી. ખોરાક પણ આગળ કરતાં ઠીક મળતો.

૨૮મી મેએ અમને બોરસ્ટાલ જેલમાં લઇ જવામાં આવ્યા. અમૃતસરના કેદીઓનો કેસ ઠેઠ ૩ જુને નીકળ્યો. અમારા ચાર સિવાય બીજા બધાને ટ્રાઇબ્યુનલ પાસે લઇ જવામાં આવ્યા. પાંચમી જુન પહેલાં કેદીઓને પોતે પોતાના સાક્ષીઓના નામ પહોંચતાં કરવાનો હુકમ થયો. આ વખતમાં વકીલો પોતાના અસીલોને મળતાં ડરતા; એટલે જેવો જોઇએ તેવો બચાવ રજુ નહોતો થઇ શકતો; અને બચાવ કરવાનું તો ફારસ જ થઇ પડયું હતું, જે વકીલો આરોપિત સાથે વાત કરવા હિંમત કરતા, તેઓને પણ તેમ કરવા પાંચ સાત મિનિટ જ મળતી.

મને છઠી જુને પંજાબ સરકારના હુકમથી છુટો કરવામાં આવ્યો. મારા ઉપર કેસ ચલાવવામાં નહોતો આવ્યો, તેમ મારી પાસેથી કોઇ પણ જાતની કબુલાત લેવામાં નથી આવી. દુઃખમાં સપડાઇ પડેલા મારા ભાઇઓની જે કંઈ સેવા બને તે કરવા સરકારે છોડી મને તક આપી છે તે માટે હું તેનો ખરેખર આભારી થયો છું.

૨

મિયાં ફિરોઝ દીનની જુબાની: ઉમ્મર વર્ષ ૬૦; ઑનરરી મેજીસ્ટ્રેટ; અમૃતસર.

૧૮૯૮ થી હું ઑનરરી મેજીસ્ટ્રેટ છું. મારી કેટલીક દુકાનો છે; તથા શહેરમાં અને શહેર બ્હારં મારા કેટલાક મકાનો અને બીજી સ્થાવર મિલકત છે;

પ્રશ્નઃ—૧૦મી એપ્રિલે તમે ક્યાં હતા ?

ઉત્તરઃ—બપોરના ૧૨.૩૦ વાગા સુધી હૅાલ બજારની મારી દુકાને. ત્યાર પછી હું દુકાન મ્હારા ન્હાના છોકરાને સોંપી ઘેર જમવા ગયો. ઘેરે હું સાંજના પાંચ વાગા સુધી રહ્યો. મારા ઘર પાસેના રેલ્વે ફાટક પાસે મિ. મારશલના ઉપરીપણા હેઠળ કેટલીક પોલીસ ઉભી હતી, ત્યાં એકાદ કલાક ગાળ્યો, અને પછી હું ઘેરે ગયો. તે દિવસે હું પાછો બ્હાર નહોતો નીકળ્યો.

પ્રશ્નઃ—ડૉ. કિચલુ અને ડૉ. સત્યપાલના શહેરપાર થયાના ખબર તમને પહેલા ક્યારે મળ્યા ?

ઉત્તરઃ—મને મારે ઘેરે જ મળ્યા. બપોરે જમવા ઘેરે પહોંચ્યો કે થોડીવાર રહી મને દુકાનેથી ટેલીફોન આવ્યો હતો.

પ્રશ્નઃ—બપોરે ૧૨.૩૦ વાગે તમે દુકાનેથી નીકળ્યા, ત્યારે શહેરમાં ગડબડ કે તોફાન જેવું કંઇ હતું ?

ઉત્તરઃ—તેવું કંઇ જ ન હતું.

પ્રશ્નઃ—રેલ્વે ફાટકે તમે ગયા તે અગાઉ તમને કંઇ ખબર કે સંદેશો મળ્યો હતો ?

ઉત્તરઃ—મારી દુકાનેથી મને બીજીવાર ટેલીફોન આવ્યો હતો; અને રેલ્વે પુલ ઉપર લોક ઉપર ગોળી ચાલ્યાની, મરેલા અને ઘાયલ થયેલાને બજારમાં લઈ જવાની, મરેલા અને ઘાયલ થયેલા માણસોને જોઇ, લોક ગુસ્સે થયાની અને ઉશ્કેરાઇ ગયાની ખબર મળી હતી.

પ્રશ્નઃ—રેલ્વે પુલ ઉપર લોકોનું ટોળું શા માટે ગયું એ વિષે તમે કંઇ સાંભળ્યું હતું ?

ઉત્તરઃ—મને મારા છોકરાએ ટેલીફોન કર્યો હતો. તેણે લોકના ટોળાને જતું જોયું હતું. લોકો ઉઘાડે માથે અને ઉઘાડે પગે હતા, અને તેઓના હાથમાં કંઇ જ ન હતું, લાકડી સરખી પણ ન હતી. તેઓ પોતાના શહેરપાર થયેલા ભાઇઓને છોડાવવા ડેપ્યુટી કમિશનર પાસે જાય છે એવા પોકાર તેઓ કરતા હતા.

પ્રશ્નઃ—તે દિવસે તમે બીજું કંઇ જોયું ?

ઉત્તરઃ—મારા ઘરના છાપરા ઉપરથી રામબાગ પાસેનું દેવળ સળગી રહ્યું હતું, એ મેં જોયું હતું.

પ્રશ્નઃ—પછી તો, બીજા મકાનો સળગાવી મુકાયા વિષે, કેટલાક યુરોપિયનોના ખુન થયા વિષે, અને નેશનલ બૅંકની કેટલીક મિલકત, કપડાં વિગેરે લુટાયા વિષે, પણ તમે સાંભળ્યું હશે ?

ઉત્તરઃ—હા. પરંતુ એમ પણ સાંભળ્યું હતું કે ખાલી હાથે ચાર કોન્સ્ટેબલ આવી પહોંચતાં સાંજના પાંચ છના સુમારે લુટવાનું કામ બંધ થયું.

પ્રશ્નઃ—તમે તમારી આખી જીંદગી અમૃતસરમાં ગાળી છે ?

ઉત્તરઃ—હા. હું અમૃતસરમાં જન્મ્યો છું.

પ્રશ્નઃ—અમૃતસરના બધા વર્ગના લોકોને, તેઓના સ્વભાવને, અને તેઓની રહેણી કરણી તમે જાણો છો ?

ઉત્તરઃ—મને તેઓ એકંદર શાંત પ્રકૃતિના જણાયા છે. પણ મને ખબર છે કે શહેરમાં કેટલાક જુગારખાનાં છે, અને ત્યાંના લોકો બદમાશ છે. તેઓ પોલીસને નિયમસર દર મહીને લાંચ આપે છે, અને તેમ કરી તેઓ પોતાનો બચાવ કરી લે છે. હું માનું છું કે અધિકારીઓ આથી વાકેફ છે. આ જુગારીલોક શહેરના તોફાનીલોક છે.

પ્રશ્નઃ—આ જુગારીલોકમાંથી તમે કોઇને ઓળખો છો ?

ઉત્તરઃ—તેઓમાંથી ઘણાઓને હું જાણું છું. તેઓ કેટલીકવાર મારી કોર્ટમાં આવે છે, અને શહેરમાં જુગારી તરીકે જાણીતા છે.

પ્રશ્નઃ—પોલીસે આ જુગારીઓમાંથી કોઇને પકડયો હોય અથવા માર્શીયલ લૉ કોર્ટે તેને ગુન્હેગાર ઠરાવ્યો હોય એવી તમને ખબર છે ?

ઉત્તરઃ—મને એવા કોઇની ખબર નથી.

પ્રશ્નઃ—તમે અમૃતસરના લોકોને જાણો છો; એટલે તમે કહી શકશો કે પોતાના બે નેતાઓને છોડાવવાના ઇરાદાથી લોકો ડેપ્યુટી કમિશનર પાસે જાય એમાં કંઇ નવાઇ જેવું છે ?

ઉત્તરઃ—એ કંઇ નવાઈ જેવું નથી. આ રીતે ફરીયાદ કરવા જવાની લોકોને ટેવ છે.

પ્રશ્નઃ—૧૧મીએ તમે બ્હાર નીકળ્યા હતા ?

ઉત્તરઃ—ના.

પ્રશ્નઃ—૧૧મી કે ૧૨મીએ શહેરમાં કંઇ તોફાન થયા વિષે તમે સાંભળ્યું હતું ?

ઉત્તરઃ—કંઈ નહિ. માત્ર, ૧૦મી તારીખે કેટલાક કલાક સુધી જે કંઇ બન્યું હતું તે વિષે સાંભળ્યુ હતું.

પ્રશ્નઃ—તમે અમૃતસરના ઘણા જુના રહીશ છો. સરકારને નાબુદ કરવા, યુરોપિયનોના ખુન કરવા, અથવા સરકારી કે યુરોપિયનોની મિલકતને નુકસાન કરવા કાવત્રુ રચાયા વિષે તમે કોઈવાર સાંભળ્યું છે ?

ઉત્તરઃ—એવા કોઈ કાવત્રાં વિષે મેં કોઈવાર પણ સાંભળ્યું નથી.

પ્રશ્નઃ—તમે લોકોને જાણો છો; અહીંના સંજોગો જાણો છો. એ ઉપરથી તમને લાગે છે કે કાવત્રું કરવામાં આવે ?

ઉત્તરઃ—હું નથી ધારતો કે એમ કદી બને. રોલેટ એકટ રદ કરાવવાની લોકોની ઇચ્છા તો હતી; પરંતુ તમે સૂચવો છો એવા પ્રકારનું કાવત્રું રચાયું હોય એમ સંભવતું નથી.

પ્રશ્નઃ—૧૩મી તારીખે શું બન્યું એ મહેરબાની કરી ટુંકમાં જણાવશો ?

ઉત્તરઃ—શહેરમાં શાંતિ હતી. ડેપ્યુટી કમિશનરે મારી પાસે મોટરકાર માગી હતી. કાર હાંકનાર બ્હાર ગયો હતો એટલે મારો છોકરો ડેપ્યુટી કમિશનરને ત્યાં કાર હાંકી ગયો. હું ન ભૂલતો હોઉં, તો આમ અગીયાર વાગે થયું. સભા કે મેળાવડા ભરવાની મનાઇ કરનારો ઢંઢેરો શહેરના કેટલાક ભાગમાં બ્હાર પાડવામાં આવ્યો હતો, એ વિષે મને મારા છોકરાએ ખબર કરી હતી. જાલીયાંવાલા બાગમાં સભા થયાની ખબર મને સાંજના પડી તેની જ સાથે લશ્કરે લોકો ઉપર ગોળી ચલાવ્યાની ખબર મેં સાંભળી.

પ્રશ્નઃ—૧૩મી તારીખ સુધીમાં, અમૃતસર શહેર લુટવા કે સરકારી મિલકતને કોઇ રીતે નુકસાન કરવા ગામડીયાઓએ કોઈપણ જાતની પ્રવૃત્તિ કરી હોય એમ તમે સાંભળ્યું છે ?

ઉત્તરઃ—મેં એવું કોઇવાર સાંભળ્યું નથી. અને ખરેખર, મેં જણાવ્યું છે તે સિવાય બીજે કયાંય લુટ થઇ નથી.

પ્રશ્નઃ—તમને એમ લાગે છે કે અમૃતસર જીલ્લામાં બંડ થયું હતું ?

ઉત્તરઃ—૧૩મી તારીખ સુધીમાં મેં જે કંઈ જોયું ને સાંભળ્યું તે ઉપરથી એમ ન કહેવાય કે અમૃતસર જીલ્લામાં બળવો થયો હતો. ૧૩મી તારીખથી લશ્કરી સત્તાની રૂએ શહેર અને જીલ્લાના બીજા ભાગવચ્ચે વ્યવહાર સાવ બંધ થઇ ગયો. પરવાના વિના કોઈ પણ શહેરમાં આવજાવ કરી નહોતું શકતું. ૧૩મી પછી જીલ્લામાં શું ચાલી રહ્યું હતું તે વિષે મને કંઈ ખબર નથી.

પ્રશ્નઃ—૧૦ મી એપ્રિલે અને ત્યાર પછી પોલીસ સારી સંખ્યામાં હતી ?

ઉત્તરઃ—હા. સિવિલ લાઇન્સની પોલીસ મળી, આસરે ૮૦૦ થી ૧૦૦૦ ની સંખ્યા પોલીસની હતી.

પ્રશ્નઃ—તમને લાગે છે કે માર્શીયલ લૅાની જરાય જરૂર હતી ?

ઉત્તરઃ—પોલીસે પોતાની ફરજ બજાવી હતે તો તેની જરૂર ન પડતે.

પ્રશ્નઃ—લશ્કરી અમલ દરમ્યાન લોકોને કોઇ પણ રીતે સહન કરવું પડયું હતું ?

ઉત્તરઃ—હા, બહુ જ. ઉભા થયા વિના, મિ. પ્લોમરને અને જનરલને સલામ ન કરવા માટે લોકોને ચાપકા મારવામાં આવતા, કેટલીકવાર સલામ ન ભરનારને પકડવામાં આવતા. મેં કેટલાકને ચાપકાનો માર ખાતાં અને કેટલાકોને પકડાતાં જોયા છે. લોકો એટલા બધા ગભરાઇ ગયા હતા કે રખેને તેઓ ભૂલી જાય અને તેથી શિક્ષાપાત્ર થાય. વાસ્તે તેઓ આખો દિવસ ઉભા જ રહેતા; કારણ કે હર વખતે મોટરકારનો અવાજ સંભળાતાં તેઓને ઉભા થવું પડતું. હું પણ તેમજ કરતો. પાણીના નળ બંધ કરવામાં આવ્યા હતા. વીજળી પણ પૂરી પાડવામાં નહોતી આવતી. આથી લોકોને બહુ ત્રાસ વેઠવો પડયો હતો.

કોટવાલી અને રામબાગમાં તો રીતસર ચાપકા મારવાનું ચાલુ હતું એમ મેં સાંભળ્યું છે. આથી શહેરમાં ભારે ગભરાટ ફેલાયો હતો. સર્વે વર્ણોના લોકોને કોઇ પણ

જાતના ધોરણ વિના પકડવામાં આવ્યા હતા. તે સમયમાં પોલીસ ભારે સત્તાવાન હતી. પકડવામાં આવેલા લોકોને દિવસો સુધી કેદ રાખવામાં આવતા. અને પછી તેઓને પજવી છોડી મુકવામાં આવતા. આવા ઘણા દાખલાની મને ખબર છે. પોલીસની ઘાતકી વર્તણુંક માટે ઘણાઓએ મારી પાસે ફરીયાદ કરી હતી અને મારી મદદ માગી હતી. તે દિવસોમાં લોકોની જે લાગણી હતી તેનું વર્ણન કરવું અશક્ય છે. તેઓ ભયગ્રસ્ત બન્યા હતા, તેઓ ચૂપ થઇ બેઠા હતા; તેઓને ઢોર પેઠે ગણવામાં આવતા હતા.

પ્રશ્નઃ—ગુલામ જીલાનીની બાબત તમે જાણો છો?

ઉત્તરઃ—છુટયા પછી તેણે મને પોતાની હકીકત કહી હતી. તેના ઉપર ઘાતકીપણું ગુજર્યાની વાત તેણે મને કરી હતી, તથા તેને પડેલા ઘા પણ મને બતાવ્યા હતા.

પ્રશ્નઃ—તમારી પાસે ફરીયાદ લાવવામાં આવતી, ત્યારે તમે ઑાનરરી મેજીસ્ટ્રેટ તરીકે કેમ કંઇ પગલાં ન ભર્યાં. અને અધિકારીઓને તેની ખબર કેમ ન પહોંચાડી?

ઉત્તરઃ—તે દિવસોમાં પોલીસનો જ ડંકો વાગતો હતો. મેં કંઈ ચળવળ કરી હતે તો મને પકડવામાં આવતે. મને એવો ખ્યાલ છે કે માર્શીયલ લૉનો એવો એક હુકમ હતો કે આફતમાં આવી પડેલાને મદદ કરનાર માણસ સરકારની આડે આવે છે એમ લેખાશે, અને માર્શીયલ લૉ પ્રમાણે તે શિક્ષાપાત્ર થશે. એક વખતે મેં મદદ કરવા પ્રયત્ન કર્યો હતો. મને તરત જ માર્શીયલ લૉનો આ હુકમ યાદ આપવામાં આવ્યો હતો. શેખ મહમદ અમીનના ઘરના બધા મર્દોને પકડવામાં આવ્યા હતા. તે વકીલ છે. તેને, તેના ભાઇને અને છોકરાને પકડવામાં આવ્યા ત્યારે ઘરમાં માત્ર તેની બ્હેન અને એક બે વર્ષનું બાળક હતાં. હું પોલીસ સુપરિન્ટેંડંટ રેહિલ પાસે ગયો અને આ ત્રણમાંથી ગમે તે એકને જેટલી જોઇએ તેટલી જામીન ઉપર છોડવા મેં અરજ કરી. તેણે મારી અરજ માન્ય ન રાખી એટલું જ નહિ પણ માર્શીયલ લોના દિવસમાં આવી અરજ ફરી પાછી ન કરવા મને ચેતવણી આપી, અને જણાવ્યું કે માર્શીયલ લૉ ચાલુ હોય, ત્યાં સુધી પકડાયલાને મદદ કરવા કોઇએ પ્રયત્ન કરવો ન જોઇએ.

પ્રશ્નઃ—તમને પોતાને કંઈ સહન કરવું પડયું છે?

ઉત્તરઃ—નહિ. પણ શહેરમાં સૌ કોઈની પેઠે હું પણ ગભરાયલો રહેતો. લશ્કરી અમલદારોને મેં બનતી મદદ કરી હતી. મારી મદદથી તેઓ ખુશી થયા હતા; તેઓએ મને અને મારા છોકરાઓને પ્રશંસાપત્ર આપ્યા હતા, અને સરકારને અમને માનચાન આપવા ભલામણ કરી હતી. એટલે મારે પોતાને તો સહન કરવું પડયું નથી. છતાં, બ્રિટિશ ન્યાય માટે મને તથા મારા દેશ બાંધવોને જે અભિમાન હતું તેના ઉપર ભારે પ્રહાર થયો છે. આપણે કોઇએ એવું નહોતું ધાર્યું કે માર્શીયલ લૉના દિવસોમાં જે બન્યું તેવું બ્રિટિશ સામ્રાજ્યમાં કયાંય પણ બને. બ્રિટિશ ન્યાય અને બ્રિટિશ પરોપકાર વિષેના આપણા આદર્શો ઘણે ભાગે હલમલી ગયા છે એમ કહેતાં મને ખરેખર ખેદ થાય છે. અને અમૃતસરના લોકોને ફરીથી માર્શીયલ લૉ અનુભવવો ન પડે એવી મારી પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે.

* * * *

મિ. માકબુલ મહમદની જુબાનીઃ ઉમ્મર; વર્ષ ૨૩; હાઈકોર્ટ પ્લીડર; ઠેકાણું. "શિશમહાલ" મજીઠા રોડ, અમૃતસર.

હું વકીલ છું અને અમૃતસરમાં ૧૯૧૮ ની સાલથી વકીલાત કરૂં છું. કોંગ્રેસની સ્વાગતકારિણી મંડળીનો તથા કાર્યકારી મંડળીનો હું સભાસદ છું. રોલેટ બિલ સામેની ચળવળમાં મેં ભાગ લીધો હતો, પરંતુ સત્યાગ્રહ પ્રતિજ્ઞા નહોતી લીધી. હિંદુ મુસલમાન વચ્ચે ઐક્ય વધારવા હું મારાથી બનતું કરી રહ્યો છું.

૧૦ મી એપ્રિલે બપોરના બારેક વાગે ડૉ. કિચલુ અને ડૉ. સત્યપાલ શહેરપાર થયાના, લોકો ઉશ્કેરાઇ ગયાના, અને ગોળીબાર થયાના ખબર અમને કોર્ટમાં મળ્યા. વકીલોમાંથી કેટલાકોને થયું કે લોક અને અધિકારીઓ વચ્ચે ચકમક ન ઝરે એવા ઉપાયો લેવા. આવા ખ્યાલથી મને ડેપ્યુટી કમિશનર પાસે મોકલવામાં આવ્યો. અમારો વિચાર તેણે માન્ય રાખ્યો, અને અમને શહેરમાં તરત જવા જણાવ્યું. મેસર્સ ટોડરમલ, દુનિચંદ એમ. એ., કેશવરામ, ગુલામ યસિન અને હું શહેરમાં ગયા, અને માડનની દુકાન પાસે મિ. પ્લોમરને મળ્યા. અહીં કેટલાક લોક અમારી કારની આસપાસ વીંટળાઈ ગયા અને લોકો ઉપર ચાલેલી ગોળી વિષે ફરીયાદ કરવા લાગ્યા. અમે તેઓને શાંત કર્યા અને ધીર જ ધરવા જણાવ્યું. મિ. પ્લોમરના કહેવાથી હું તાર ઓફીસે ગયો, અને બીજા મારા સાથીઓ સ્ટેશન તરફ ગયા. એટચીસન બાગમાં ઘણા લોક ભેગા થયા હતા. તેઓમાંથી કેટલાકોના હાથમાં લાકડી અને લાઠીઓ હતી. મેં કેટલાક લોકોને રેલ્વે રોડ ઉપર પથરા ફેંકતા, અને તાર કાપતાં જોયા. ટોળામાંથી કોઇકે બુમ પાડી કે રેલ્વે ગોડાઉન આગળ પણ ગોળી ચલાવવામાં આવી છે એટલે લોકોનું ટોળું તે તરફ જવા લાગ્યું. મેં તેમને ત્યાં જતાં રોકયા, પણ હું પોતે ત્યાં ગયો, અને તપાસ કરતાં જણાયું, કે ત્યાં ગોળીબાર નહોતો થયો.

મિ. ટોડરમલ અને બીજાઓ બાગમાં આવી પહોંચ્યા. અમે લોકોને શાંત કરવા લાગ્યા. અને અત્યાચાર ન કરવા સમજાવવા લાગ્યા. પરંતુ તેઓ ખૂબ ઉશ્કેરાઇ ગયા હતા. એટલે અમે તેઓને જાલીયાંવાલા બાગમાં જઈ, સભા ભરવાનું સુચવ્યું. તેઓ તેમ કરવાને તૈયાર જણાયા; પણ તાર ઓફીસ તરફથી એક ગોળી આવી, અને તેથી વળી લોકોના ગુસ્સામાં વધારો થયો. છતાં, મહા મુશ્કેલીએ હું અને ટોડરમલ લોકને હૉલ ગેટ સુધી લઇ ગયા.

હૉલ ગેટ પાસે આવી પહોંચતાં કોઇકે એવી વાત ફેલાવી કે લશ્કર શહેરને ઘેરો ઘાલવા આવે છે. એટલે લોકોનું ટોળું પાછું ફર્યું, અને વાહન માટેના પુલ તરફ ધસ્યું. મિ. ગુરદયાળસિંહ ત્યાં આવી પહોંચ્યા. તે અને હું ડેપ્યુટી કમિશનરને પાછા હઠવા અને ગોળી ન ચલાવવાનું કહી રહ્યા હતા તેવામાં લોકમાંથી સોલજરો ઉપર પથરા અને લાકડાં ફેંકાયાં. સોલજરોએ તરત જ ગોળી છોડી, ૨૦–૨૫ જણ ઘવાયા અને હણાયા. લોકનું ટોળું તેઓને પડતાં મેલી જતું રહ્યું. ઘવાયલાને અને હણાયલાને મદદ આપવા કોઈ પણ જાતનાં સાધન તૈયાર રાખવામાં નહોતા આવ્યાં. પાસેની ઇસ્પીતાલમાં હું જવા ઇચ્છતો હતો, પણ મને સોલજરોએ રોકયો. ખૂબ આજીજી કરી એટલે મિ. સેયમોરે મને જવા રજા આપી. ઇસ્પીતાલમાંથી હું ડૉ. ધનવંતરાયને લઈ આવ્યો.

ડેપ્યુટી કમિશનરે આપેલ ઘોડા ઉપર બેસી, તેના કહેવાથી હું નેશનલ બેંકના યુરોપિયનોને જોવા ગયો. પણ નેશનલ બેંકના મકાનને આગ લગાડવામાં આવી હતી, બેંકનું ગોડાઉન લુંટવામાં આવ્યું હતું, અને યુરોપિયનોને ઠાર કરવામાં આવ્યા હતા. મેં ડેપ્યુટી કમિશનરને આ બનાવની ખબર કરી.

મારી એવી માન્યતા છે કે ગોળી ચલાવવા માટે જરા પણ કારણ ન હતું. ગોળી ચાલી ત્યારે ડેપ્યુટી કમિશનર હાજર હતો. તેને ખબર હતી કે મિ. ગુરદયાળસિંહ અને હું લોકને શહેરમાં પાછા લઇ જવા મથી રહ્યા હતા. અધિકારીઓએ જરા ધીરજ પકડી હતે તો મને ખાતરી છે કે અમે લોકને પાછા વાળવામાં ફાવ્યા હતે. વળી, અધિકારીઓએ ગોળી ચલાવવાનો વિચાર કર્યો, પણ સાથે ઘાયલ થયલાને મદદ આપવાનો બંદોબસ્ત નહોતો કર્યો. વખતસર ડૉકટર દવાની મદદ મળી હતે તો કેટલાક મરતાં બચી જતે.

ગોળી ચાલી કે લોકોનું ટોળું પાછું જવા લાગ્યું; છતાં ગોળીતો ચાલુ જ રહી. કેટલાકોને તો પાછળ ગોળી વાગી હતી. ઘાયલ થયેલાઓમાંથી ઘણાઓને કમર ઉપરના ભાગમાં, મ્હોં ઉપર કે કપાળમાં ગોળીઓ લાગી હતી. આ વખતે, મેં કેટલાક હૃદયદ્રાવક અને બીહામણા દેખાવો જોયા હતા. એકાદ જણની આંખ અને મગજ બહાર નીકળી પડયા હતા. એક ૧૬–૧૭ વર્ષના છોકરાને પેટમાં ગોળી વાગવાથી તેના આંતરડા બ્હાર નીકળી આવ્યા હતા. આ છોકરો "હું મરૂં છું, મારા ભાઇઓની સંભાળ લેજો. હિંદુ મુસલમાનકી જે" બોલતો મરણ પામ્યો.

૧૧ મા એપ્રિલે સવારના ડેપ્યુટી કમિશનરે મિ. યસિન અને મને સ્ટેશન ઉપર બોલાવ્યા. તેણે અમને શહેરમાં જઇ લોકોને જણાવવા કહ્યું કે શહેર લશ્કરી કબજામાં છે; શબની પાછળ સરઘસ કાઢવા દેવામાં નહિ આવે અને દરેક શબની સાથે ચારથી વધારે જણને જવા દેવામાં નહિ આવે. અમારા સમજાવવાથી તેણે આઠ જણને જવાની રજા આપી પણ લોકોને આથી સંતોષ ન થયો એટલે અમે તથા લોકોએ મોકલેલ માણસો સાથે ડેપ્યુટી કમિશનર પાસે ગયા. ડેપ્યુટી કમિશનરનું વર્તન આ વખતે ખુંચે એવું હતું. તેને ખૂબ ક્રોધ ચઢયો હતો; તે ધ્રુજતો હતો. તે આવેશમાં બોલી ઉઠયો. "વધારે વાત કરવાની જરૂર નથી. અમે અમારા લોકના બળી ગયેલા શરીર જોયા છે. અમારો સ્વભાવ હવે બદલાઈ ગયો છે." યુરોપિયનના ખુન થયા માટે અમે ખેદ બતાવ્યો. એથીતો વળી તે વધારે ઉછળવા લાગ્યો. કર્નલ સ્મિથ આ વખતે હાજર હતો. તેણે તો શહેર ઉપર તોપ ચલાવી લોકોને ચૂપ કરવાની વાત કરી. પરંતુ મિ. વોથેન વચમાં પડયો, અને તેવાં ભારે પગલાં ન ભરવાની તેણે સલાહ આપી. તેનું વલણ ન્યાયી અને ડહાપણ ભરેલું હતું.

એપ્રિલ માસના અંતમાં મને સબ ઇન્સ્પેકટર મિરઝાબેગે બોલાવ્યો હતો. રેલ્વે સ્ટેશન ઉપરના ટોળામાંના કેટલાકનાં નામ તેણે મેળવ્યાં હતાં. તેઓને હું વર્તું છું કે કેમ એ તેને જાણવું હતું. અહીંથી મને ડેપ્યુટી સુપરિન્ટેડંટ પાસે લઈ જવામાં આવ્યો. ચોકીએ મારે કેટલાક કલાક ખોટી થવું પડયું. અમુક માણસોને રોબિનસન અને રોલેંડના ખુની તરીકે પોલીસે પકડયા હતા, અને તેજ માણસોએ ખુન કર્યું છે એવી લેખિત જુબાની મારી પાસેથી પોલીસ લેવા ઇચ્છતી હતી. મેં તેમ કરવાની ચોખ્ખી ના પાડી. મેં

મારી જુબાની લખી મોકલી હતી. મારે હાથેજ તે ફાડી નખાવવા પોલીસે પ્રયત્ન કર્યો: મને ધમકી પણ આપી; પણ હું તેમ કરવા કબુલ ન થયો. અંતે તેઓએ મને છોડી મુક્યો.

મહાશાઈ રત્તો નેશનલ બેંકમાં થયેલા ખુનના કેસમાં એક આરોપિત હતો. તેના બચાવમાં મને સાક્ષી તરીકે બોલાવવામાં આવ્યો હતો. ઘણાઓએ બચાવ પક્ષમાં જુબાની આપવા ના પાડી હતી, એટલે મારે પણ ન આપવી એમ મને સુખસિંહે કહ્યું પરંતુ મને થયું કે મારે જે સાચું હોય તે જ કરવું જોઇએ અને કહેવું જોઇએ. આ સાંભળી તેણે કહ્યું કે આ દિવસોમાં જે અંતઃકરણ પ્રમાણે વર્તવા જાય છે તે દુઃખી થાય છે. તેણે મને ધમકી પણ આપી કે વકીલ તરીકેની મારી સનદ ખેંચી લેવામાં આવશે અને હું વધારે આફતમાં આવી પડીશ.

મિ. ગોલામ યસિનની જુબાનીઃ ઉમ્મર, વર્ષ ૩૧. ઠેકાણુંઃ
સિવિલ લાઇન્સ, અમૃતસર.

હું બેરિસ્ટર છું અને પા વર્ષ થયા વકીલાત કરૂં છું. ડૉ. કિચલુ અને ડૉ. સત્યપાલના શહેરપાર થયાની ખબર મને ૧૦ મી એપ્રિલે બપોરે કોર્ટમાં મળી. વકીલોની બેઠકમાં મેસર્સ ટોડરમલ, લાલા દુનિચંદ એમ. એ, માકબુલ મહમદ અને બીજાઓ વિચાર કરી રહ્યા હતા કે ઉશ્કેરાયલા લોકને શાંત પાડી શહેરમાં બંદોબસ્ત જાળવવા વાસ્તે શું ઇલાજો લેવા. અમે ડેપ્યુટી કમિશનરને મળવાનો ઠરાવ કર્યો, અને તેની પાસે અમારા વતી મિ. માકબુલ મહમદને મોકલ્યો. તેને અમારી સહાયતા આપવાનો વિચાર પસંદ પડયો. એટલે અમે તરત જ કોર્ટમાંથી રવાના થયા, અને તાર ઑફીસ પાસે ડેપ્યુટી કમિશનરને મળ્યા.

માડનની દુકાન પાસે ૪૦ એક લશ્કરી સિપાઇઓ અને ઘોડેસ્વાર પોલીસ ઉભા હતા ત્યાં અમને કોઇએ તાર ઑફીસ પાસે ગોળીબાર થયાની ખબર આપી પણ તેવામાં મિ. પ્લોમરે રેલ્વેના વાડા તરફ લોકોનાં ટોળાંને જોઇ મને તથા કેશવરામને ત્યાં તરત જવાનું કહ્યું. અમે ત્યાંથી લોકોને પાછા મોકલી આપીએ તે પહેલાં તો તેઓએ રેલ્વેની મિલકતને કેટલુંક નુકસાન પહોંચાડી દીધું હતું. એટચીસન બાગમાં લોકોનું મોટું ટોળું એકઠું થયું હતું. ત્યાંથી પણ તેઓને અમે મહા મુશ્કેલીએ વિખેરી શકયા. પછી અમે ન્હાના પુલ તરફ જતા હતા તેવામાં તાર ઓફીસ તરફથી ગોળી છુટવાનો અવાજ આવ્યો તેજ વખતે લોકોએ પુલ ઉપર મિ. પ્લોમરને ટુકડી સાથે ઉભેલ જોયો એટલે વળી લોકો વધારે ઉશ્કેરાયા અને પુલ તરફ પાછા ફર્યા. અહીંથી પણ લોકોને શહેરમાં જતા કરવામાં અમને બહુ મુશ્કેલી પડી. તાર ઓફીસ અને બાગ પાસેથી લોક વિખરાઈ ગયાની ખબર અમલદારોને આપવા જવા અમે પુલ ચઢતા હતા તેવામાં અમે ગોળીબાર થતો સાંભળ્યો. લોકો ખૂબ બુમાબુમ કરી રહ્યા હતા. અમને થયું કે હવે અમારાથી કંઈ વિશેષ નહિ થાય એટલે હું મારે ઘેર જતો રહ્યો. રસ્તે, માડનની દુકાન પાસે, મેં ગોળીનો અવાજ પાછો સાંભળ્યો હતો.

મે માસની આસપાસ ગોલામ જીલાની મને મળવા આવ્યો હતો. દિવસો સુધી પોલીસે તેને ખૂબ પીડયો હતો. પોલીસના હાથે તેને ઘણી ઇજા થઇ હતી. શરીર ઉપરના ઘા તેણે મને બતાવ્યા હતા. પોલીસ તેની પાસે ડૉ. કિચલુની વિરૂદ્ધ જુબાની અપાવવા ઇચ્છતી હતી. મેં તો તેને જે ખરૂં હોય તેને વળગી રહેવાની સલાહ આપી હતી.

ગોલામ નાલીને પકડવામાં આવ્યો તે પહેલાં કેટલાક દિવસ ઉપર તે પણ મારી પાસે આવ્યો હતો. પોલીસે તેનું પણ અપમાન કર્યું હતું, તેની મુછો ખેંચી હતી. તેની પાસે પણ પોલીસ ખોટી જુબાની અપાવવા ઇચ્છતી હતી. તેને મેં ગોલામ જીબાનીને આપી હતી તેજ સલાહ આપી.

૨૨મી એપ્રિલે આખા વકીલ મંડળને ખાસ કોન્સ્ટેબલ બનાવવામાં આવ્યા, અને અનેક રીતે અમારૂં અપમાન કરવામાં આવ્યું. અમે રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લેતા હોવાથી અધિકારીવર્ગ અમારાથી નારાજ થયો હતો; અને મને ખબર મળી છે તે પ્રમાણે તો અમને કોન્સ્ટેબલ કરવામાં અધિકારીવર્ગનો હેતુ અમને શિક્ષા કરવાનો જ હતો.

એલી રામની વિધવા **હરકુવરની** જુબાનીઃ ગુરૂ બજાર, અમૃતસર.

૧૦મી એપ્રિલે સવારના અગીયારક વાગે મારો છોકરો ગુરન દિત્તા હોશિયારપુર જીલ્લામાં સગાને મળવા જતો હતો, રેલ્વે પુલ ઉપર એના બંને પગમાં ગોળી વાગી; એટલે તેને પાછો ઘેરે લાવવામાં આવ્યો.

અમારી શેરીમાં એક કોન્સ્ટેબલ રહેતો હતો. તે એક દિવસ મારા છોકરાને જોવા આવ્યો, અને પગે પાટા શા સારૂ બાંધ્યા છે તેનું કારણ પુછ્યું. ગુરન દિત્તાને ગોળી વાગી છે એવી ખબર પડતાં તે બીજા કેટલાક કોન્સ્ટેબલને લઇ આવ્યો અને પછી તેઓ બધાએ છોકરાને ખૂબ માર માર્યો. તેઓ છોકરાને પોલીસ ચોકીએ લઇ ગયા. ત્યાંથી તેને ઇસ્પીતાલમાં ૧૫ દહાડા સુધી રાખ્યો, અને પછી ૨૨ દિવસ કોટવાલીમાં રાખ્યો. ત્યારબાદ તેને કોર્ટમાં ઉભો કરવામાં આવ્યો અને બે વર્ષ સુધી જેલમાં રહી સખ્ત મજુરી કરવાની શિક્ષા થઈ. તેની હાલત મજુરી કરવા જેવી ન હતી એટલે તેને માર મારવામાં આવતો. અમૃતસર જેલમાં તેને પાંચેક દિવસ રાખી મોંટગોમેરી જેલમાં લઈ જવામાં આવ્યો. ત્યાં તે મરણ પામ્યો.

મારી એક વિધવા છોકરી હતી. તેનું ભરણપોષણ પણ છોકરો જ કરતો હતો. ભાઈના મરણની ખબર સાંભળતાં બ્હેન "દરબાર સાહેબ"ના તળાવમાં જઈ બુડી મરી. અમારા મ્હોટા કુટુંબનું પોષણ કરનાર એ એક જ છોકરો હતો. તેના મરણથી અમે અત્યારે અતિશય ગરીબાઈ ભોગવી રહ્યા છીએ.

*　　*　　*　　*

૧૨

લાલા રાલીયારામ તાસીલદારના છોકરા **લાલા ધ્યાનચંદની** જુબાનીઃ ઉમ્મર વર્ષ ૨૭; ઠેકાણું; મેહરબક્ષ, અમૃતસર.

હું ટ્રંકના વ્યાપારી મેસર્સ બિહારીલાલ દરબારીલાલની દુકાનમાં નોકરી કરૂં છું. ૧૦ મી એપ્રિલે સવારના ૧૧ વાગાના સુમારે ડૉ. કિચલુ અને સત્યપાલના શહેરપાર થયાની ખબર મને પડી. લોકોને પોતપોતાની દુકાનો બંધ કરતાં જોઇ મેં પણ મારી દુકાન બંધ કરી. લોકો ડેપ્યુટી કમિશનર પાસે બંને ડૉકટરોને છોડી મુકવાની અરજ કરવા જતા હતા, એટલે હું પણ તેઓ સાથે જોડાયો. લોકો ઉઘાડે માથે હતા; તેઓના હાથમાં કંઇ ન હતું. પુલ ઉપર કેટલાક યુરોપિયનો, અને સવારો હતા. લોકોને વિખરાઇ જવા તેઓએ

કહ્યું પણ તેઓએ તેમ કરવાની ના જ પાડી, અને સવારની પાછળ પાછળ પુલ ઉપર જવા માંડયું. સવાર પુલ ઉતરી ગયા પછી લોક ઉપર ગોળી ચલાવવામાં આવી. એ જણને ગોળી વાગી, એટલે લોકો નાસી ગયા. હું પણ દોડી મારે ઘેર જતો રહ્યો.

૧૧ મી અને ૧૨ મી તારીખે હું ઘરબહાર નીકળ્યો ન હતો. ૧૩ મી તારીખે લાલા કનૈયાલાલ વકીલના પ્રમુખપણા હેઠળ સભા સાંજના થશે એવો ઢંઢેરો મેં બપોરના સાંભળ્યો. હું જાલીયાંવાલા બાગમાં બપોરના ૩–૩૦ વાગે પહોંચ્યો હઇશ. એકાદ કલાક રહી સભા ઉપર એક એરોપ્લેન ઉડતું મેં જોયું. હંસરાજ આ વખતે ભાષણ કરતો હતો. તે લોકોને ધીરજ રાખવાનું અને ન મુંજાવાનું કહેવા લાગ્યો. અર્ધોએક કલાક રહી મારી આસપાસના લોકો ઉભા થયા અને દોડવા લાગ્યા. હું પણ ઉઠયો. ગોળીના અવાજ કાને આવવા લાગ્યા. લોકોને વિખરાઇ જવાની ચેતવણી આપવામાં નહોતી આવી. હું કુવા પાસે ઘુંઠણામાં માથું ઘાલી બેસી ગયો. મારા ઉપર લોકો પડી આગળ જતા હતા. મહા મુસ્કેલીએ હું ગલીમાંના એક ઘરમાં દોડી ગયો અને એ રીતે બચી ગયો. મેં ન્હાના મ્હોટા પાંચસોથી છસો માણસોને ઘાયલ થયેલા અને હણાયલા જોયા. દરવાજા પાસે તો ઘવાયલા અને હણાયલાનો ઢગ જ થયો હતો.

જાલીયાંવાલા બાગમાં મારો સત્તર વર્ષનો ભત્રીજો તથા મારો સાઢુ માર્યા ગયા હતા. શ્મશાને મરનારની નોંધ રાખવામાં આવી નહતી.

૧૩

ડૅા. કેદારનાથ ભંડારી, એલ. એમ. એસ, મદદનીસ સરજન (રીટાયર્ડ), ની જુબાની; ઠેકાણું: હૅાલ ગેટ, અમૃતસર.

મદદનીસ સરજન અને સિવિલ સરજન તરીકે મેં સરકારી નોકરી કરી છે. નાદુરસ્ત તબીયતને લઈ ૧૯૦૮ ના ડિસેમ્બરમાં મેં બે વર્ષ માટે રજા લીધી. ૧૯૦૯ ના જાન્યુઆરીમાં મેં અમૃતસરમાં ડાકટરી ધંધો શરૂ કર્યો. રજા ખલાસ થયા પછી મારૂં હૃદય નબળું હોઇ મને નોકરીએ પાછો લેવામાં ન આવ્યો. છવીસ વર્ષની મારી સરકારી નોકરીમાં મારા ઉપરીઓ મારાથી સંતોષ પામ્યા હતા. નોકરી છોડ્યા પછી, હું એકંદર એકાંત જીવન ગાળું છું. હું કોઈ મંડળમાં જોડાયો નથી.

૧૦ મી એપ્રિલે બપોર પછી કેટલાક ઘાયલ થયેલા લોક મારે ત્યાં સારવાર કરાવવા આવ્યા. તેઓને વાહન માટેના પુલ ઉપર ગોળી વાગી હતી. મેં મારા મદદનીસને તરત બોલાવી મગાવ્યો, અને અમે બેએ ઘાયલ થયલાની સારવાર કરવા માંડી. ઘણા લોક આવતા હોવાથી મેં કેટલાકને ડૅા. મહમદ બશીરને ત્યાં મોકલ્યા.

મારો ઓરડો ન્હાનો હોવાથી કેટલાક દરદીની સારવાર મારે રસ્તા ઉપર ખાટલા નાંખી કરવી પડી હતી. આ વખતે સાંમે સ્ત્રીઓની ઇસ્પીતાલની બે સ્ત્રી ડાકટર મિસિસ ઇસડન અને મિસસ બેંજમિન ઘાયલ થયલાની સારવાર થતી જોતાં હતાં.

સારવાર કરવાનું કામ મારા મદદનીસને સોંપી, હું થાકી જવાથી ઘરમાં જઈ સૂતો. થોડીવાર રહી મને એવી ખબર મળી કે મિસિસ ઇસડન ઘાયલ થયેલાઓને હસે છે અને

કહે છે કે તેઓને તો એમ જ જોઇએ. આથી કેટલાક લોક તેને મારવા દોડ્યા; પણ સાથે મને એમ પણ કહેવામાં આવ્યું કે તે બાઇ જરાએ જોખમમાં નથી. સાંજના નેશનલ બેંકના મકાનમાં આગ લાગ્યાની મને ખબર મળી. સાંજના હું બ્હાર નહોતો નીકળ્યો.

૧૩ મી એપ્રિલે જાલીયાંવાલા બાગમાં ઘાયલ થયેલ ત્રણચાર જણને તપાસવા હું ગયો હતો. બીજાઓ પણ મને લઇ જવા ઇચ્છતા હતા, પણ રાતના આઠ વાગ્યા પછી બ્હાર નીકળનારને પકડવાનો હુકમ હોવાથી મેં બીજે ક્યાંય જવાની હિંમત ન કરી. બીજે દિવસે સવારના તો ઘાયલ થયેલાની સારવાર કરવી મેં શરૂ કરી હતી. આ કામ મેં ૨૦ મી એપ્રિલ સુધી કરવું ચાલું રાખ્યું.

૨૦ મી એપ્રિલે બપોરના ચારેક વાગે પોલીસ સબ–ઇન્સ્પેક્ટર સેવકરામ મારે ત્યાં આવ્યો, અને ઘાયલ થયલાનો મેં સારવાર કરી હતી તેનાં નામ માગ્યાં. પરંતુ મારી પાસે નામ ન હતાં. લોકોની ગરદી એટલી બધી હતી કે નામ લખવા જેટલો વખત નહતો રહેતો; છતાં મેં યાદ કરી નામ લખી આપવા જણાવ્યું. અર્ધોએક કલાક રહી સી. આઇ. ડી. વાળા જવાહરલાલ મને તથા મારા મદદનીસને કોટવાલીએ લઇ ગયો. ત્યાં મિ. પ્લોમર, સરદાર સુખસિંહ અને બીજા હાજર હતા. ઘાયલ થયેલાના નામ ન આપવા માટેનો મેં મારો ખુલાસો કર્યો. પછી જે ઘાયલ થયેલાની મેં સારવાર કરી હતી તેઓના ઘર સેવકરામને બતાવવા મને મોકલવામાં આવ્યો. પણ સેવકરામે એકનું જ ઘર જોયું. અમે પાછા કોટવાલીએ આવ્યા એટલે મિસિસ ઇસડનને મારવા ગયા હતા તેનાં નામ સરદાર સુખસિંહે મારી પાસે માગ્યાં. પણ તે વખતે હું ઘરમાં હતો એટલે મેં કોઇને જતા જોયા નહતા, તેથી હું કોઇ એકનું પણ નામ ન આપી શક્યો. આથી સરદાર, મિ. પ્લોમર અને મિ. મારશલ મારા ઉપર ખૂબ ચીડાયા અને કહેવા લાગ્યા: “ હં ! તમે સરકારને મદદ કરતા નથી ! તમને પણ પકડવામાં આવશે ! ” છતાં મેં તો ખોટા નામ આપવાની નાજ પાડી. આથી, સરદારે મને જણાવ્યું કે મને પકડવાનો હુકમ ડેપ્યુટી કમિશનરે મોકલાવ્યો છે મેં તે હુકમ જોવા માગ્યો પણ મને બતાવવામાં ન આવ્યો, અને મને તથા મારા મદદનીસને તરત જ હવાલાતમાં પુરવામાં આવ્યા.

અમને ૨૭ મી તારીખ સુધી હવાલાતમાં પુરી રાખી સબસીડિયરી જેલમાં લઇ જવામાં આવ્યા. મારી તબીયત નાદુરસ્ત હોવાથી મને ગાડીમાં લઇ જવા મેં જણાવ્યું. પણ બીજા ૬૨ કેદીઓ સાથે બપોરના અઢી વાગે હાથમાં કડી નાંખી મને પગે ચલાવી લઇ જવામાં આવ્યો. જેલમાં પહોંચતાં હું બેભાન થઇ પડ્યો.

મને જેલમાં એક કોટડીમાં પૂરવામાં આવ્યો. આ કોટડી એક જણને પુરવા માટે હતી, પરંતુ તેમાં અમે ત્રણ જણ હતા. ખોરાક એટલો બધો ખરાબ મને આપવામાં આવ્યો કે રાત્રે તો હું ભૂખોજ રહ્યો. બીજે દિવસે મારા સંબંધીઓ મારા માટે ખાવાનું તથા કપડાં લઇ આવ્યા, પણ મને લેવા રજા ન મળી. બીજી મેએ ડેપ્યુટી કમિશનર જેલમાં આવ્યો. મારી કોટડી પાસેથી તે પસાર થયો ત્યારે મેં મારો ગુન્હો જાણવા ઇચ્છા જણાવી. જવાબમાં તેણે જણાવ્યું કે મેં મિસિસ ઇસડનને બચાવવા પ્રયત્ન ન કર્યો એટલોજ મારો વાંક હતો. આ સાંભળી મેં તેને સમજાવવા પ્રયત્ન કર્યો કે ‘ હું તે વખતે હાજર નહતો અને

લોકોએ તેના ઉપર ક્યારે હુમલો કર્યો એની મને ખબર ન હતી, અને કદી હું ત્યાં હતે તો પણ હું ભાગ્યેજ કંઇ કરી શકતે. હથિયારબંધ પોલીસની નજર આગળજ મ્યુનિસિપાલ ઑફીસ બાળવામાં આવી અને બે યુરોપિયનોને મારવામાં આવ્યા.' આ સાંભળી "તારે પ્રયત્ન તો કરવો જોઇતો હતો." એમ ગણગણી તે ત્યાંથી ચાલતો થયો.

૧૨ મી મેએ મને ખબર મળી કે મને તથા મારા મદદનીસને છોડી મુકવાનો હુકમ થયો છે, બીજે દિવસે સવારે ૭ વાગે અમને છોડવામાં આવ્યા. મિ. પ્લોમર અને પોલીસ સિટી ઇન્સ્પેકટર ત્યાં હાજર હતા. અમને છોડી મૂકવા માટે મેં મિ. પ્લોમરનો આભાર માન્યો.

તા. ૨૦ મીથી ૨૭ મી ઍપ્રિલ સુધી મને કોટવાલીએ પુરી રાખવામાં આવ્યો હતો ત્યારે એક અજાણ્યો માણસ મારી પાસે બે વાર આવ્યો હતો અને આ પ્રમાણે બોલ્યો હતો: " તમે વિના કારણ દુઃખ વેઠો છો. ટોળામાંના થોડાક નામ તમે આપો એટલે તમને તરત છોડવામાં આવશે. "

૧૪

મહમદ અમીન, બી. એ, એલ. એલ. બી, પ્લીડરની જુબાની: અમૃતસર.

૧૦ મી ઍપ્રિલે કોર્ટમાંથી ઘેરે જતાં રેલ્વે પુલ પાસે મને ખબર મળી કે લોકો ઉપર ગોળી છોડવામાં આવી છે. હું ઘેરે બપોરના બેના સુમારે પહોંચ્યો.

મારા ઘરની પાસે અને ડૉ. કેદારનાથના ઘરની સામે મેં કેટલાક ઘાયલ થયલા લોકોને જોયા. બટાલાથી એક ૧૧-૧૨ વર્ષનો છોકરો અમૃતસરમાં રામનવમીને લઇ આવ્યો હતો; તે પણ ત્યાં ઘાયલ થઈ પડયો હતો.

ઘેરે હું મારા મિત્રો સાથે બેઠો હતો. મારો છોકરો મહમદ અક્રામ મારી પાસે દોડતો દોડતો આવ્યો અને કહેવા લાગ્યો કે મિસિસ ઇસડને લોકોની મશ્કરી કરી હોવાથી લોકો તેના ઉપર ખૂબ ખીજવાયા છે અને તેને ઇસ્પીતાલમાંથી બ્હાર કાઢી નચાવવા માગે છે. મેં તરત અક્રામને તેની પાસે મોકલ્યો અને મિસિસ બેંજામિનના ઘરમાં સંતાઈ જવા કહેવડાવ્યું. તેની સાથે મારો પરિચય ૧૯૧૮ ના અકટોબર માસથી થયો છે. તે વખતે મારી તથા મારા ભાઈની વહુ માંદા પડ્યાં હતાં, અને મિસિસ ઇસડને તેઓની ચાકરી કરી હતી. અક્રામ તો મિસિસ ઇસડનને પોતાની મા બરોબર લેખતો હતો.

અક્રામ ઇસ્પીતાલમાંથી બેજ મિનિટમાં પાછો આવ્યો. તે એકજવાર ત્યાં ગયો હતો. મિસિસ ઇસડન ઇસ્પીતાલમાં નહતી.

ડેપ્યુટી કમિશનરે તૈયાર કરેલ રિપોર્ટનો તરજુમો કરવા મને મિયાં અલહાદ હુસૈને ૧૩મી ઍપ્રિલે બોલાવ્યો હતો. ત્યાર પછી ૨૦ મી ઍપ્રિલ સુધી હું ઘરબ્હાર નીકળ્યો જ ન હતો.

૨૦મી ઍપ્રિલે મને કોટવાલીએ લઈ જવા ચાર પોલીસના માણુસો આવ્યા. મારો ભાઇ મહમદ જામીલ, અને અક્રામ તે વખતે બ્હારથી જ આવ્યા હતા. તેઓ મારા સંબંધી છે એવી ખબર પોલીસને પડતાં તેઓને પણ પોલીસે સાથે લીધા તે ઉપરાંત, ડૉ. કેદારનાથ, તેનો મદદનીસ, ગામા મોચીને પણ અમારી સાથે કોટવાલીએ લઇ

જવામાં આવ્યા. મિસિસ ઇસડનની બાબત મને જે ખબર હતી તે મેં પોલીસ ડેપ્યુટી સુપરિન્ટેંડંટને કહી સંભળાવી. પરંતુ તેણે મને ત્યાં જ કેદ કર્યો, મારા ઉપર શું આરોપ હતો તે પણ મને જણાવવામાં ન આવ્યો, અને અમને બધાને કોટડીમાં પૂરવામાં આવ્યા. તેમાં ૩૦ કમભાગી પુરૂષો પુરાયલા હતા. સળીયામાંથી હાથ બ્હાર કાઢી આ કમભાગી પુરૂષો પાણી માટે પોકાર કરી રહ્યા હતા. આ દેખાવ જોઇ મને તો તમર આવવા લાગી; અને 'આ કોટડીમાં પાયેક કલાક પણ હું નહિ જીવું' એમ મેં મારી સાથેના પોલીસના માણુસને જણાવ્યું. પછી મને ત્યાંથી બીજી કોટડીમાં લઇ જવામાં આવ્યો. તેમાં ડૉ. બશીર અને મિ. બદ્ર-ઉલ-ઇસ્લામ અલિખાન હતા. અમને છએને આ કોટડીમાં પૂરવામાં આવ્યા. આનાથી વધારે ગંદી જગ્યા બીજી કોઇ મેં મારા જન્મમાં જોઇ નહતી. અમારા ઘરનો ખોરાક લેવાની રજા અમે માંગી, પણ ન મળી. ઓઢવાનું પણ અમને આપવામાં નહોતું આવ્યું.

થોડીવાર રહી એક પોલીસનો માણુસ આવી ગામાને કહેવા લાગ્યો: "શા માટે તું તારો જીવ જોખમમાં નાંખે છે ? તારા ચાર પાંચ વેરીના નામ તું આપી દે. અમે તને અમારા પક્ષના સાક્ષી બનાવશું." પણ ગામાએ તો કહ્યું કે મારો કોઈ વેરી નથી. પોલીસનો માણુસ થોડીવાર રહીને પાછો આવ્યો અને ગામાને એક જણનું નામ આપ્યું. પોલીસની આવી રીતિ જોઇ અમને થયું કે આમાંથી અમે બચવાના નથી.

જેમ તેમ કરી અમે આખી રાત પસાર કરી. સવારના અમને શૌચ કર્મ કરવા બ્હાર કાઢવામાં આવ્યા, તે વખતે પણ અમારી હાથકડી રાખી મુકવામાં જ આવી હતી. બપોરના બારેક વાગે અમને એ બે જણને સાથે હાથકડી પહેરાવવામાં આવી અને બંધ ગાડીમાં બેસાડી કિલ્લે લઇ જવામાં આવ્યા. ત્યાં ધૂમ તડકે એક કલાક સુધી અમને ફરવાની ફરજ પાડવામાં આવી. તે વખતે કેટલાક યુરોપિયન સ્ત્રી પુરૂષો અમને તે દશામાં જોવામાં મજા લેતા હતા. ૩૬ કલાક સુધી અમને ખાવાનું જરાય નહોતું મળ્યું. કોટડીમાં પણ અમને બન્નેને સાથે હાથકડી પહેરાવી રાખી હતી. પણ પછી કિલ્લાના કેપ્ટનને અમને આ હાલતમાં જોઇ દયા આવી અને કડી કઢાવી નાંખી. અમારે માટે એક ખુણામાં ચણાનો ઢગલો કરાવવામાં આવ્યો હતો, અને બીજા ખૂણામાં પાણીનું વાસણ મુકવામાં આવ્યું હતું તેની જ પાસે એક ઠામ મૂત્ર ત્યાગ માટે રાખ્યું હતું. પરંતુ આ રીતે આપવામાં આવેલ ખોરાક અમે લીધો નહિ, અને ભૂખ્યા જ રહ્યા. બીજે દિવસથી અમને જોઇતી જણસ મેળવવાની રજા મળી. અમને કિલ્લામાં ૨૨ દિવસ સુધી રાખવામાં આવ્યા.

મિ. અલીખાનની સ્ત્રી પાસે ઘેરે કંઇ પૈસા ન હતા; એટલે તે બહુ ચિંતામાં રહેતો. મેં એને મદદ કરવાની ઇચ્છા જણાવી અને તેણે મારા કહેવાથી પોતાની વહુને મારી બ્હેનને મળી તેની પાસેથી ૮૦૦ રૂપિયા લેવા ચીઠી લખી. મેં પણ મારી બ્હેનને એક ચીઠી લખી મોકલી. બીજે દિવસે અમને અમારી ચીઠીનો જવાબ મળ્યો. મારે ઘેરથી મને આવેલો કાગળ પોલીસે મારી પાસેથી પાછો લઈ લીધો. તેમાં હકીકત તો એટલી હતી કે પૈસા 'મેમસાહેબ'* ને મોકલવામાં આવ્યા છે. વિશેષમાં, અમલદાર પાસે મારી વકીલાત કરવા મિસિસ ડસડેનને મોકલવા મારા મિત્રો તેને સમજાવી રહ્યા હતા તે વિષે

* મિસિસ અલીખાન અંગ્રેજ બાઈ છે.

ખબર હતી. આ ખબરનો અર્થ પોલિસે એવો કર્યો કે મારા મિત્રો તે બાઇને લાંચ આ-પવાની કોશિશ કરી રહ્યા છે, અને આ કાગળના બળે પોલિસ મારા સંબંધીઓને ડરા-વવા લાગી, અને મને તેઓ કોઈ પણ જાતની મદદ ન કરે એવું તેઓએ કરી મુકયું.

૧૨ મી મેએ અમને લાહોર લઈ જવામાં આવ્યા. અમને ૫૨ જણને એક હારમાં એક સાંકળે બાંધવામાં આવ્યા. અને અમારા હાથમાં બેડી પણ ઘાલવામાં આવી હતી.

કોર્ટના કમ્પાઉંડમાં અમને ધૂમ તડકે આખો દિવસ રાખવામાં આવ્યા. અમને પીવાને પાણી કે ખાવાને ખોરાક પણ આપવામાં નહોતાં આવ્યાં. સાંજના કોર્ટ ઉઠી, પણ અમારો વારો ન આવ્યો, અને બીજે દિવસે ફરીથી કોર્ટે જવાનું રહ્યું. લાહોર સ્ટેશનથી કોર્ટે અને કોર્ટથી સેંટ્રલ જેલ સુધી અમને પગે ચલાવી લઇ જવામાં આવ્યા હતા.

સેંટ્રલ જેલમાં અમને દરેકને ખાલી કોટડીમાં પુરવામાં આવ્યા હતા. ૧૬ મી મેએ અમારી પાસેથી અમારા સાક્ષીનાં નામ લેવામાં આવ્યાં; પણ અમને અમારા ઉપરનો આરોપ જણાવવામાં ન આવ્યો. ૨૬ મી અને ૨૭ મી સુધી અમારી તપાસ ચાલી. બીજી જુને ચુકાદો આપવામાં આવ્યો. મને અને મારા ભાઇને છોડી મૂકવામાં આવ્યા.

મારા છોકરા અક્રામને પહેલાં તો ફાંસીની સજા કરવામાં આવી; પછી સજા જન્મ-દેશનિકાલની કરવામાં આવી, અને અત્યારે તે પાંચ વર્ષની સખ્ત મજુરીની જેલ ભો-ગવી રહ્યો છે.

૪૫ દિવસ સુધી મેં અતિશય દુ:ખ ભોગવ્યું. જેલમાંથી બ્હાર આવતાં મને ખબર મળી કે અમારી સામે એક ચપરાસીએ અને હેડ કોન્સ્ટેબલ મહમદ શરીફે ખોટો આરોપ ઘડી કાઢયો હતો.

મને છોડી મૂકવામાં આવ્યો છે. પણ હું સાવ પાયમાલ થઇ ગયો છું. હું ૫૦૦૦ રૂપિયાના કરજમાં ઉતરી પડયો છું; અને મારા એકના એક છોકરાની ખોટ મને બહુ સાલે છે.

૧૫

મિસિસ ગર્ટ્રુડ લ્યુઇ, ગુરૂ નાનક કન્યાશાળાની મુખ્ય શિક્ષિકાની જુબાની: અમૃતસર.

૧૦ મી એપ્રિલે બપોરના બાર વાગાને સુમારે શાળામાંથી હું મારે ઘેર જતી હતી. હૉલ ગેટ પાસે આવી પહોંચતાં, મેં લોકોને વાહન માટેના પુલ તરફ જતા જોયા. ઘણા ખરા ઉઘાડે માથે હતા; કોઇના હાથમાં લાકડી ન હતી. લોકોએ મારા ટાંગાને રસ્તો કરી આપ્યો; અને કોઇ રીતે આવજાવના વ્યવહારમાં ખલલ નહોતી પહોંચાડી. મેં "હિંદુ-મુસલમાનકી જય"ના પોકાર સાંભળ્યા હતા. શાળામાં હું હમેશાં યુરોપિયન પહેરવેશ પહેરી જાઉં છું. ઘેર પહોંચતાં મને થોડીં વારે ખબર પડી કે વાહન માટેના પુલ ઉપર લોકો ઉપર ગોળી ચલાવવામાં આવી છે. લોકોને ગભરાટમાં શહેરમાં પાછા દોડી જતાં મેં જોયા હતા. મારૂં ઘર હૉલ ગેટની પાસેજ છે.

૧૬

મિસિસ નેલી બેંજામિનની જુબાનીઃ સબ–એસિસ્ટંટ સરજન, મ્યુનિસિપાલિટીની સ્ત્રીઓની ઇસ્પીતાલમાં મદદનીસ; ઠેકાણું: સરદાર મહાનસિંહના નાટકશાળાનાં મકાનમાં, અમૃતસર.

ગયા એપ્રિલ માસમાં હું ઇસ્પીતાલની પાસેના ઘરમાં જ રહેતી હતી. ૧૦ મી એપ્રિલે બપોરના બારેક વાગે ઇસ્પીતાલની અગાસીમાંથી મેં લોકોને હૉલ ગેટ તરફ જતા જોયા. તેઓ ઉઘાડે માથે હતા; તેઓમાંથી કોઇના હાથમાં મેં લાકડી જોઇ નહતી. તેઓ 'હિંદુ મુસલમાનકી જય'ના પોકાર કરતા હતા. થોડીવાર રહીને મેં કેટલાક ઘાયલ થયેલા લોકોને ડૉ. કેદારનાથના ઘર આગળ રસ્તામાં જોયા. ડૉ. કેદારનાથ ઘાયલ થયેલાઓને પાટા બાંધતો હતો ત્યારે મિસિસ ઇસડન અને હું ઇસ્પીતાલની અગાસીમાંથી જોતા હતા. આ લોક કેમ કરતાં ઘાયલ થયા એ વિષે મિસિસ ઇસડને નીચે ઉભેલા લોકોને પુછ્યું. અંગ્રેજોના હાથે તેઓ ઘાયલ થયા છે એવો જવાબ નીચે ઉભેલાઓમાંથી કોઇકે આપ્યો. આ સાંભળી મિસિસ ઇસડને કંઇક અપ્રિય શબ્દો ઉચ્ચાર્યા: દેશીઓને તો આમજ જોઇએ. તેઓ તેને માટે લાયક છે એમ તેણીએ સંભળાવ્યું. ડૉ. કેદારનાથને પાટા બાંધતા જોઈ તેણીએ કહ્યું: "જોને, આ મૂર્ખો શું કરી રહ્યો છે. એ પગ તો કાપી નાખવો જોઇએ; તે માણસ જન્મભર લંગડો રહેવો જોઇએ." મૂર્ખ શબ્દ તેણીએ ડૉ. કેદારનાથ માટે વાપર્યો હતો. આ વખતે મિ. લ્યુઈ આવી પહોંચ્યો, અને લોકો ઘણા ગુસ્સે થયેલા હોવાથી અમને અંદર જતાં રહેવા જણાવ્યું, અમે તરત જ નીચે ગયા. તે વખતે પણ લોકોના હાથમાં મેં લાકડીઓ નહોતી જોઈ.

અર્ધોએક કલાક રહી હું ભોંયતળીયે કમ્પાઉંડરની ઓરડીમાં હતી ત્યારે લોકો મિસિસ ઇસડનનો પત્તો મેળવવા કમ્પાઉંડરને ધમકાવી રહ્યા હતા. મારા કહેવાથી મિસિસ ઇસડન એક ઓરડામાં સંતાઈ ગઈ હતી. મારા ઘરમાં ગઇ એટલે લોકો બારણા ઠોકવા લાગ્યા, અને મેં ન ઉઘાડ્યાં એટલે તેઓએ એક છોકરા પાસે ઉઘડાવી નાખ્યાં. આ વખતે તેઓના હાથમાં લાકડી અને લાકડાના કટકાઓ હતા. મારી પાસે મિસિસ ઇસડન ક્યાં છે એનો પત્તો માગ્યો. અને પત્તો ન આપવા માટે મને મારી નાંખવાની ધમકી પણ આપી. મિસિસ ઇસડન દરદીને જોવા ગઇ છે એ મારૂં કહેવું તેઓએ માન્યું નહિ, અને મારા ખંડમાં તેનો તપાસ કરી. તે ન જડી એટલે તેઓ જતા રહ્યા.

પ્રશ્ન:—ડૉ. કેદારનાથના ઘર આગળ ઘાયલ થયેલાઓને લાવવામાં આવ્યા ત્યારે મિસિસ ઇસડનને તમે હસ્તી જોઈ હતી ?

ઉત્તર:—મેં પોતે તેવું નહોતું જોયું. પરંતુ ઇસ્પીતાલની કેટલીક નર્સો અગાસીમાં હતી તેઓ પાસેથી મેં સાંભળ્યું છે કે તેણે તેમ કર્યું હતું. થોડીક મિનિટ માટે હું ઘરમાં છોકરાઓની ખબર લેવા ગઈ હતી તે અરસામાં વખતે મિસિસ ઇસડન હસી હશે. લોકો વિખરાઇ ગયા એટલે મેં મિસિસ ઇસડનને દેશી જોડા, અને દેશી બુરખો પહેરાવી મહમદ શરીફ કોન્સ્ટેબલને ઘેરે મોકલી આપી.

જ્યારે તપાસ ચાલતી હતી ત્યારે મને બે વાર કોટવાલીએ લઇ જવામાં આવી હતી. મહમદ અમીન ટોળામાં હતો એમ મારી પાસે કહેવડાવવા પોલીસ માંગતી હતી. પણ તેવી રીતે ખોટું કહેવાની મેં ના પાડી. મિ. પ્લોમરે મને કેદમાં મોકલવાની ધમકી આપી; પરંતુ હું જે જાણુતી હતી તે જ મેં કહ્યું, અને ખોટી જુબાની આપવાની મેં ના જ પાડી. મહમંદ અમીન ટોળામાં હતો એવી મિસિસ ઈસડનની હકીકતને હું ટેકો આપું તો સરકાર પાસેથી મને બદલો અપાવાની લાલચ પણ આપવામાં આવી હતી, છતાં હું તેમ કરવા કબુલ ન થઇ.

૧૭

હાજીમહમદ હુસૈનની જુબાનીઃ ઉમ્મર વર્ષઃ ૩૯; જોડાનો વ્યાપારી. અમૃતસર.

૧૦ મી એપ્રિલે બપોરના સવા બે વાગાના સુમારે ઘાયલ થયેલાઓને ડૉ. કેદારનાથના ઘર આગળ લાવવામાં આવ્યા હતા, તે વખતે હું ઈસ્પીતાલની પાસેજ આવેલી મારી દુકાનમાં હતો. મિસિસ ઈસડન અને બીજી એક સ્ત્રીને તે વખતે અગાસીમાં ઉભેલી મેં જોઇ હતી. મિસિસ ઈસડન ઘાયલ થયલાની મશ્કરી કરતી હતી. તે અગાસીમાં ૧૦–૧૫ મિનિટ ઉભી હશે, ત્યાં લોકોની ઠઠ જામવા લાગી એટલે અગાસીમાંથી તે ચાલી ગઇ અને સંતાઈ ગઇ.

સભાઓ ન ભરવા વિષે તથા માર્શીયલ લૉ જાહેર થયા વિષેનો ઢંઢેરો ૧૩ મી એપ્રિલે મેં મારા લત્તામાં વંચાતો સાંભળ્યો નહતો.

૧૮

મિયાં ફ્રાટચ દીનની જુબાનીઃ ઉમ્મર વર્ષઃ ૫૯. ફરીદચોક, અમૃતસર.

૧૦ મી એપ્રિલે હું મારા ઘર બ્હાર ઉભો હતો ત્યારે મેં ડૉ. કેદારનાથને ઘેર એક ઘાયલ થયલાને લઇ જવાતો જોયો. હું પણ ત્યાં ગયો. ડૉકટર તેની સાથળમાંથી ગોળીઓ કાઢતો હતો ત્યારે મિસિસ ઈસડન અગાસીમાં ઉભી હતી અને કહેતી હતી કે આ લોકોને તો એમજ જોઇએ. આથી લોકોને બહુ ક્રોધ ચઢયો હતો. હું મારે ઘેર ગયો ત્યારે તે અગાસીએ ઉભી હતી.

૧૯

મિ. મહમદ સદીક બેરિસ્ટરની જુબાનીઃ અમૃતસર.

૧૧ મી એપ્રિલે મારા ભાઇ સંદીક હુસન બેરિસ્ટરે હૉલ ગેટ પાસે ડેપ્યુટી કમિશનરનો હુકમ વાંચી સંભળાવ્યો હતો. આ હુકમ પ્રમાણે દરેક શબ સાથે આઠથી વધારે જણને જવાની મનાઈ કરવામાં આવી હતી. લોકો આ હુકમથી બહુ નારાજ થયા હતા. તેઓની ઇચ્છા સરઘસમાં શબને શ્મશાને અને કબરસ્તાને લઇ જવાની હતી. લોકવતી હું અને બીજા ચાર જણુ અધિકારીઓ પાસે સરઘસ કાઢવાની રજા લેવા ગયા. સ્ટેશન ઉપર સનદી અને લશ્કરી ઘણા અમલદારો હાજર હતા. ત્યાં મેસર્સ યસિન અને મકબુલ પણ હતા. તેઓ પાસેથી મને ખબર પડી કે અમલદારો ઉપર જણાવેલા હુકમનો અમલ બરોબર કરાવવા ઇચ્છે છે, અમે પછી યુરોપિયનોને મળ્યા. તેઓની વાતમાંથી અમને એમ જણાયું કે યુરોપિયનોના ખુનનું વેર લેવા તેઓ ઇચ્છે છે. લોકો જરાક પણ સામે થાય

કે હુકમ ન માને, અથવા શાંતિ ન જાળવે તો તેઓએ જેટલું જોઇએ તેટલું બળ વાપરવાનો અને કદી જરૂર પડે તો શહેરને તોપથી ઉડાડવાનો નિશ્ચય કર્યો હતો. કરનલ સ્મિથ અને રેવરંડ મેકેનઝી સખ્તમાં સખ્ત રીતે વર્તવા ઇચ્છતા હતા. મિ. વૉથેન તેઓથી વિરૂદ્ધ હતો. ડેપ્યુટી કમિશનર ગુસ્સામાં હતો, તેણે અમારી અરજ સાંભળવાની પણ ના પાડી; પછી ઠંડો પડયો; અને મેજર મેકલાઉડ શહેરમાં ન ગયો હોય તો હુકમમાં ફેરફાર કરવા ઇચ્છા જણાવી. અને પછી ઘણીએ દલીલ થયા પછી સરઘસમાં બે હજાર જેટલા માણસોને જવાની લેખિત રજા આપી, અને મોઢેથી જેટલાને જવું હોય તેટલાને જવાની રજા આપી.

૨૦

ડૉ. બાલ મુકુંદ (સબ–એસિસ્ટંટ સરજન)ની જુબાનીઃ ઉમ્મર વર્ષઃ ૪૧, અમૃતસર.

હું શાહપુર જીલ્લાનો વતની છું. ૧૯૦૧ ની સાલથી હું સરકારમાં સબ–એસિસ્ટંટ સરજનની નોકરી કરૂં છું. મારી નીમણુંક જુદે જુદે સ્થળે થતી આવી છે. ૧૯૧૯ ના ફેબ્રુઆરીની ૧૫ મી તારીખથી કરનલ સ્મિથના હાથ હેઠળ સિવિલ ઇસ્પીતાલમાં હું કામ કરૂં છું.

૩૦ મી માર્ચે અને છઠી એપ્રિલે અમૃતસરમાં હડતાળ શાંતિથી પાડવામાં આવી હતી. આ અરસામાં કરનલ સ્મિથ વખતો વખત રાજકીય વિષયની વાતો કરતો અને ગાંધિજી, ડૉ. કિચલુ અને ડૉ. સત્યપાલ પ્રત્યે અણગમો અને દ્વેષભાવ બતાવતો. એક વખતે તેણે ગાંધીજીને " મ્હોટો બદમાશ " કહ્યો હતો.

૧૦ મી એપ્રિલે રેલ્વે ઇસ્પીતાલેથી બપોરના હું ઘેરે આવતો હતો ત્યારે મેં લોકોને રસ્તામાં ઉઘાડે માથે ભેગા થયલા અને ડૉ. કિચલુ અને ડૉ. સત્યપાલને છોડાવવાની વાતો કરતા જોયા હતા. ઘેર પહોંચ્યા પછી એકાદ કલાક રહી લોકો ઉપર ગોળી ચાલ્યાની મને ખબર પડી. બીજા બે કલાક પછી નેશનલ બેંક અને બીજા મકાનો બાળવામાં આવ્યાની વાત મેં જાણી, બપોરના હું ઈસ્પીતાલમાં નહોતો ગયો. સાંજના ગોળીથી ઘાયલ થયેલા એક ગરીબની મેં સારવાર કરી હતી. સાંજ પડતાં શહેરમાં શાંતિ પથરાઈ ગઈ હતી, અને શહેર સાવ ઉજ્જડ જણાતું હતું. મકાનો બાળવાથી અને યુરોપિયનોનાં ખુન થવાથી લોકો બહુ જ નાખુશ થયા હતા. તેઓ બહુ ખીન્ન થઈ ગયા હતા અને કેટલાક બદમાશોના કામને લઈ આખા શહેરને સહન કરવું પડશે એ વિચાર તેઓને બહુ મુંઝવતો હતો.

૧૧ મી એપ્રિલે સવારના આઠ વાગે હું ઇસ્પીતાલમાં પહોંચ્યો. આગલે દિવસે ડૉ. ધનપતરાયે સિવિલ સરજનની ગેરહાજરીમાં બે ઘાયલ થયલાને ઈસ્પીતાલમાં દાખલ કર્યા હતા. આથી, કરનલે ડૉ. ધનપતરાયને બીજો હુકમ મળે ત્યાં સુધી રેલ્વે ઇસ્પીતાલમાં કામ કરવા ફરમાવ્યું હતું. મારી સાથે વાત કરતાં કરનલ સ્મિથે મને એમ કહ્યું કે જનરલ ડાયર અહીં આવે છે અને અમૃતસરને તોપથી ઉડાવી દેશે. આખા શહેરમાં આવજાવ કેમ બંધ કરવામાં આવશે, અને અર્ધા કલાકમાં શહેરને હતું નહતું કેમ કરવામાં આવશે એ મને તેણે શહેરનો નકસો કાઢી બતાવ્યું. મેં મારા પોતા વિષે ચિંતા બતાવી.

એટલે તેણે મને કહ્યું કે મારે બચી જવું હોય તો મારે શહેરમાં ન જતાં, ઇસ્પીતાલમાં જ રહેવું. ઇસ્પીતાલમાં બીજા બે ઘાયલ થયલા આવ્યા હતા પણ તેઓ ઉપર કોઇએ ધ્યાન ન આપ્યું એટલે તેઓ ત્યાંથી જતા રહ્યા.

૧૧ મી અને ૧૨ મી તારીખે શહેરમાં શાંતિ હતી. એક દિવસ બે સિખ ઇસ્પીતાલમાં આવ્યા. એકને આંખમાં મોતીયા થયા હતા. કરનલ સ્મિથને આંખ તપાસવા કહ્યું ત્યારે તે બોલી ઉઠયો: 'જાઓ ગાંધી પાસે એ તમને તપાસશે.' આ સાંભળી સિખ ચાલી ગયા.

૧૨ મી તારીખે સાંજના મને ખબર પડી કે ૧૩ મી તારીખે જાલીયાંવાલા બાગમાં લાલા કનૈયાલાલના પ્રમુખપદ હેઠળ એક સભા થવાની છે. સભા ન ભરવા વિષેનો મનાઈ હુકમ કે માર્શીયલ લૉ વિષે ઢંઢેરો મેં સાંભળ્યો નહતો. પણ તે વિષે ખબર મને મારા મિત્ર તરફથી મળી હતી. ૧૩ મી તારીખે સાંજના સ્મશાનમાં ગોળીબાર થયાની ખબર મને મળી. શ્મશાનેથી પાછા ફરતાં મેં કેટલાક ઘાયલ થયલાઓને જોયા. રાત પડવા આવી હતી એટલે મેં દરદીઓને જોવા જવાની ના પાડી. બીજે દિવસે હું એક જણને જોવા ગયો હતો. તેને મેં ઇસ્પીતાલમાં જવાની સલાહ આપી, પણ કરનલ સ્મિથે તેઓની સારવાર કરવાની નાખુશી બતાવી. મેં દરદી માટે બંદોબસ્ત કરવા માથે લીધું. પરિણામે કરનલ સ્મિથ મારા ઉપર ચીડાયો; અને મને રેલ્વે ઇસ્પીતાલમાં રાત દિવસ રહેવાનો હુકમ કર્યો. હું ઘાયલ થયેલાઓની સારવાર કરતો હતો એ તેને ન રૂચ્યું. રેલ્વે ઇસ્પીતાલમાં મારા ખાવાપીવા વિષે શું બંદોબસ્ત કરવો એ વિષે મેં કરનલને પુછ્યું ત્યારે તેણે કહ્યું: "હું શું જાણું; તમે ત્યાં જાઓ અને ત્યાં પડયા રહો અને મરો. તમારા માટે કંઇ રસોયો નથી." આઠ દિવસ સુધી રાતદિવસ મને રેલ્વે ઇસ્પીતાલમાં રાખવામાં આવ્યો, અને ત્યાર પછી પણ મને માત્ર રાત્રે ઘેર જવાની રજા મળતી. એક માસ પછી છુટથી ફરવા હરવાની મને રજા મળી.

૨૧ મી કે ૨૨ મી એપ્રિલે બપોરના કરનલ ઇસ્પીતાલમાં આવેલ. તે અમૃતસર અને પંજાબમાં થયલ રમખાણ વિષે વાતો કરતો હતો. જાલીયાંવાલા બાગમાં કેટલા જણ માર્યા ગયા હશે એ વિષે મને તેણે પ્રશ્ન કર્યો. જવાબમાં મેં જણાવ્યું કે કેટલાકની ગણત્રી પ્રમાણે લગભગ એકાદ હજાર માણસ માર્યું ગયું હશે; અને બીજા કેટલાકની ગણત્રી પ્રમાણે તેથી પણ વધારે માર્યું ગયું હશે પણ કરનલે કહ્યું: "એ બરોબર નથી. અધિકારીઓના હિસાબ પ્રમાણે ૧૮૦૦ જણ માર્યા ગયા છે." કરનલને ખૂબ રોષ ચઢયો હતો. યુરોપિયનના થયલા ખૂનનું વેર લેવા તે ઇચ્છતો હતો. એણે વાત કરતાં કહ્યું: "અમે અમૃતસરનો વ્યાપાર તોડી નાંખશું, અને એક વર્ષ સુધી માર્શીયલ લૉ ચાલુ રાખશું." તેને આર્યસમાજ ઉપર ગુસ્સો હતો, તેમ ડૉ. કિચલુ અને ડૉ. સત્યપાલને ફાંસીના લાકડે ચઢાવવા ઇચ્છતો હતો.

શાહપુર જીલ્લાના મિયાની ગામમાં હું ૧૯૧૩ ના નવેમ્બરથી ૧૯૧૭ ના ઑગસ્ટ સુધી હતો, અને ત્યારથી ૧૯૧૯ ના ફેબ્રુઆરી સુધી ગુજરાનવાલા જીલ્લામાં હતો. આ બંને જીલ્લામાં લશ્કરમાં ભરતી કરવાની સરકારી પદ્ધતિ જાણવા મને સારી તક મળી હતી

ગામના તહસીલદાર અને તેની હાથ નીચેના માણુસો અને કેટલીકવાર મહેસુલ ખાતાના બીજા અમલદારો ગામડાના ઉમ્મરે પહોંચેલા માણુસોની ટીપ બનાવતા, અને નક્કી કરેલા દિવસે બધાને ભેગા કરતા; અને પછી રંગરૂટ થવા ઇચ્છા ન હોવા છતાં ગામડીયાઓને લઈ જવામાં આવતા. લોકોને ખૂબ ધમકી આપવામાં આવતી. બળજોરી પણ વાપરવામાં આવતી.

ગામડીઆઓ પકડાઈ જવાની બીકથી દિવસના સંતાઈ રહેતા, અને રાત્રે ઘેરે આવતા. પણ કેટલીકવાર પોલીસ રાત્રે આવી બહારથી બારણે સાંકળ ચઢાવી જતી કે જેથી લોકો સવારના ભરતી કરનારા આવે તેટલામાં ભાગી ન જાય. કેટલાકો પાસેથી છેતરપીંડી કરી અંગુઠો લઇ લેવામાં આવતો, અને લશ્કરમાં જોડાવા કોઈ ના પાડતું તો તેના ઉપર કામ ચલાવવાની ધમકી આપવામાં આવતી.

૨૧

શેઠ ગુલમહમદ કરીમબક્ષની જુબાનીઃ કાચનો વ્યાપારી, ઠેકાણું હૉલ બજાર, અમૃતસર.

હું હંસરાજને છેલ્લાં ચાર પાંચ વર્ષ થયા જાણું છું, જાલીયાંવાલા બાગમાં ગોળી ચાલી તે દિવસથી તે મારા જોવામાં નથી આવ્યો. થોડોક વખત તે યુનિયન કલબમાં કારકુન તરીકે હતો. ત્યાર પછી રેલ્વેમાં ટીકીટ તપાસનાર તરીકે જોડાયો હતો. આ બંને નોકરીમાંથી લાંચ લેવા માટે તેને કાઢી મૂકવામાં આવ્યો હતો. ત્યારબાદ ઘણા દહાડા સુધી તે બેકાર રહ્યો હતો. હંસરાજની મા અને સ્ત્રી ખરાબ ચાલનાં છે એટલે તે નોકરી વિનાનો હતો ત્યારે તેઓ ઉપર પોતાનો નિર્વાહ ચલાવતો. મને એવો પણ શક છે કે પોલીસ તરફથી પણ એને કંઇક મળતું હતું. આ શક મને જાલીયાંવાલા બાગનો કિસ્સો બન્યા પછી આવ્યો છે.

૬ ઠી તારીખની હડતાળ લોકોએ પોતાની મેળે પાડી હતી. હંસરાજ લોકોને દુકાન બંધ કરવાનું કહેતો ફરતો હતો; પણ મને લાગે છે કે એમ કરવાની કંઇ જરૂર નહતી.

૯ મી તારીખે રામનવમીના ઉત્સવમાં મેં ભાગ લીધો હતો. મારી સાથે ગોલામ જીલાની પણ હતો. હંસરાજ પણ તેમાં સામેલ હતો.

૧૦ મી તારીખે બપોરના બારવાગાના સુમારે મેં લોકોને હૉલ ગેટ તરફ જતાં જોયા. તે વખતે ડૉ. કિચલુ અને ડૉ. સત્યપાલના શહેરપાર થયાની ખબર મને પડી. લોકો ડેપ્યુટી કમિશનર પાસે બંને ડોકટરોને છોડી મુકવાની અરજી કરવા જતા હતા; એટલે હું પણ તેઓમાં ભળ્યો. હું લોકોની પાછળ પાછળ ચાલતો હતો. રેલ્વે પુલ પાસે લોકો આવી પહોંચ્યા ત્યારે પણ હું પાછળ જ હતો, એટલે પુલ ઉપર અમલદારો અને લોકો વચ્ચે ખરેખર શું બન્યું એની મને ખબર નથી. પણ લોકો ઉપર ગોળીબાર થયાની વાત મેં સાંભળી એટલે હું તરત હૉલ બજારમાં દોડી ગયો અને મારી બેઠકે જઈ પહોંચ્યો. બીજા કેટલાક લોકો પણ ગોળી બહાર થયાની વાત સાંભળતાં ન્હાસી ગયા હતા. થોડીકવાર રહીને મેં લોકોને ચાર ઘાયલ થયેલાને ડૉ. કેદારનાથને ત્યાં લઇ જતાં જોયા.

આ અરસામાં હું ઘણી સભાઓમાં હાજરી આપતો. હંસરાજ પણ ઘણી સભામાં બોલતો. ૧૨મી તારીખે ધાબ ખાટીકાનમાં થયેલી સભામાં હું ગયો હતો. હંસરાજ અને બીજાઓએ ભાષણ કર્યાં હતાં. તેજ સભામાં હંસરાજે એવું જાહેર કર્યું હતું કે ૧૩ મી તારીખે લાલા કનૈયાલાલના પ્રમુખપદ હેઠળ જાલીયાંવાલા બાગમાં એક સભા થશે. જેટલા બને તેટલા લોક આ સભામાં હાજર રહે એવા ઈરાદાથી શહેરમાં ઢોલ પીટાવાની વાત પણ તેણે કરી હતી. લોકોને પોતાના મિત્રોને તે સભામાં લઇ આવવાની વિનતિ પણ તેણે કરી હતી.

૧૩ મી તારીખે બપોરના બે વાગે હંસરાજ મને તથા બીજા કેટલાકોને સાંજના પાંચ વાગે થનારી સભાની ગોઠવણ કરવા લઈ ગયો હતો. તખ્તપોશ ગોઠવવાનું અને એવું બીજું કામ હંસરાજે અને અમે બધાએ મળીને કર્યું હતું. તે વખતે બે સિ. આઇ. ડી. ના માણસો હાજર હતા. તેઓનાં નામ મને ખબર નથી; પણ તેઓમાંથી એક મુસલમાન અને બીજો સિખ હતો. હંસરાજને બાજુએ લઈ જઇ તેઓએ તેની સાથે કેટલીક વાતચીત કરી હતી, પણ મારાથી તેઓ ઘણે દુર હતા એટલે તેઓએ શું વાત કરી એ હું ન સાંભળી શકયો. નિમાજ પઢવાનો વખત થતાં હું પાસેની મસજીદમાં ગયો હતો, અને પાંચ વાગતાં પાછો બાગમાં આવ્યો હતો. હું તખ્તપોશ પાસે આવી પહોંચ્યો કે મેં સોલજરોને મુખ્ય દરવાજેથી બાગમાં દાખલ થતાં જોયા. લોકો સોલજરોને જોઇ દોડી જવા ઉભા થયા; પણ હંસરાજે તેઓને કહ્યું " તમે ગભરાશો નહિ; તમે બેસી જાઓ; સરકાર કદી ગોળી નહિ ચલાવે " હંસરાજનું આ સાંભળી ઘણા જણ પાછા બેસી ગયા, થોડાક જણજ બ્હાર દોડી ગયા, મેં જતા રહેવા જરા આનાકાની કરી, પણ છેવટે હું ન્હાસી ગયો. હું ન્હાસતો હતો તેવામાં મેં ગોળીબારના અવાજ સાંભળ્યા. મેં ઘણાઓને પડતા જોયા. સદ્‌ભાગ્યે હું ઘાયલ થતો બચી ગયો.

જાલીયાંવાલા બાગનો કીસ્સો બન્યો તે અગાઉ હંસરાજને લગભગ બે મહીના સુધી મેં એક સિખ સબ ઈન્સ્પેકટર સાથે ફરતો જોયો હતો. હંસરાજ અને એના મિત્રો વારંવાર મારી દુકાને આવતા એટલે મેં એક દિવસ હંસરાજ અને સબ-ઈન્સ્પેકટરના સંબંધ વિષે તેના કેટલાક દોસ્તદારોને વાત પુછી; પણ તેઓ હસ્યા અને માત્ર એટલુંજ જણાવ્યું કે તેઓ વચ્ચે તો હવે સારી દોસ્તી છે.

૧૪મી તારીખે સવારના આઠ વાગતાના સુમારે હંસરાજ મારી દુકાને આવ્યો હતો, અને પોલીસ તેની પાછળ પડી છે અને તેને પકડવામાં આવશે એમ એ કહેતો હતો. મને પણ વખતે પકડવામાં આવે એવી એણે વાત કરી હતી.

૨૦મી તારીખે હું નિમાજ પઢતો હતો ત્યારે પોલીસ મને પકડી કોટવાલીએ લઇ ગઇ. હંસરાજને પણ પકડાયલો મેં કોટવાલીમાં જોયો. ત્યાં મને દશ દિવસ રાખવામાં આવ્યો.

કોટવાલીમાં જઇ પહોંચતાં, જવાહીરલાલે મારી દાઢી પકડી મને એટલા બધા તમાચા માર્યા કે મને તમર આવવા લાગી. તે મારી પાસે એમ કહેવડાવા માંગતો હતો કે ૬ ઠી એ હડતાળ પડાવવા ડૉ. સતપાલ અને ડૉ. કિચલુએ મને ઉશ્કેર્યો હતો, અને મને શૂર ચઢે વાસ્તે તેઓએ મને એમ પણ કહ્યું હતું કે દેશમાંથી અંગ્રેજોને હાંકી કાઢવા તેઓ

ા ગોળાનો ઉપયોગ કરશે. આવી જુઠી વિગત મારી જુબાનીમાં દાખલ કરવા મેં ના .. એટલે જવાહરલાલની હાથ હેઠળના કેટલાક જણ, તેના કહેવાથી, મને "પાધરો કરવા" ુએ લઇ ગયા છતાં, મેં તેના કહેવા પ્રમાણે કરવાની ના જ કહી એટલે તેઓએ ; હાથમાં ખાટલાનો પાયો મુકયો, અને ખાટલા ઉપર સાત આઠ કોન્સ્ટેબલ બેઠા. .થી દુઃખ સહન ન થયું એટલે મેં બુમ પાડી કહ્યું કે "તમે જે કહેશો તે કરવાને ૈયાર છું. પણ મારો હાથ છોડો" આથી મને તેઓ જવાહર આગળ પાછા લઈ , અને તેણે મને ડો. સત્યપાલ અને કિચલુને વિષે ખોટી વાત લખી આપવા કહ્યું. ામ કરવા કબુલ ન થયો. એટલે મને તે દિવસે કોટડીમાં પાછો પુરવામાં આવ્યો.

ત્યાર પછીના બીજા બે દિવસ મને તમાચા અને સોટી અને માર મારવામાં આવ્યો, ખોટી જુબાની આપવા મેં હા પાડી નહિ. મને ગુન્હેગાર ઠેરવી ફાંસીએ ચઢાવ- ા પણ ધમકી આપવામાં આવી; પણ હું એકનો બે ન થયો. છઠ્ઠે દિવસે જવાહર- બહુ ક્રૂર રીતે મને તમાચા માર્યા, સોટીઓ મારી, માર માર્યો. તે દિવસે સવારથીં ' સુધી મને માર પડવો ચાલુ જ રહ્યો. છેવટે જવાહરલાલે મને પૂછયું; 'કેમ હવે ુ આવ્યો કે ? જવાબમાં મેં કહ્યું. 'હું મરીશ, પણ જુઠી જુબાની નહિ આપું. મે દિવસે પણ મને મારવામાં આવ્યો. આઠમે દિવસે તો દુઃખ અસહ્ય લાગવા લાગ્યું, મનમાં થવા લાગ્યું કે હું આમાંથી મરી જઇશ; છતાં ખોટી જૂબાની આપવા મન ાયું, તે દિવસે મને ફરી તમાચા અને સોટીનો માર મારવામાં આવ્યો. પોલીસના ાસો મને ખાટલા પાસે ધસડી ગયા, મારો હાથ પાયા હેઠળ મૂકયો, અને ખાટલા : કેટલાક કોન્સ્ટેબલો બેઠા. થોડીક મિનિટ રહી તેઓ કહે એવી જુબાની આપવા હું ા થયો. મને ત્યાંથી જવાહરલાલની ઓફીસમાં લઇ જવામાં આવ્યો; અને જે જુબાની ા પાસેથી તે લખાવી લેવા માગતો હતો તે લખી કાઢવા મેં તેને જણાવ્યું; તેણે જે ું તે પ્રમાણે કોર્ટમાં કહેવા હું બંધાયો. બે દિવસ રહી મને મેજીસ્ટ્રેટ પાસે લઇ જ- ાં આવ્યો. તેની પાસે મેં બનાવટી જુબાની રજુ કરી.

બનાવટી જુબાની આપવા હું કબુલ થયો તે પહેલાં હંસરાજ મને એકવાર મળ્યો ; તેણે પોલીસના કહેવા પ્રમાણે વર્તવા મને સલાહ આપી હતી. મને પોતાના વિચા- કરવા એણે અનેક ઉપાયો અજમાવ્યા; પણ મેં તેને કહી દીધું કે "જુઠું બોલવા ાં હું મરવું પસંદ કરૂં છું." કોટીવાલીમાં હંસરાજ ચેનમાં રહેતો, અને પોલીસ પીડતી હતી ત્યારે તે હસતો હતો.

મેજીસ્ટ્રેટ પાસે જુબાની રજુ થયા પછી મને છોડી મૂકવામાં આવ્યો, પણ કોટવા- ાં મારે દરરોજ હાજરી આપવી પડતી. આમ મારે તા. ૯મી જુન સુધી કરવું પડયું િવસે મને લાહોર લઇ જવામાં આવ્યો. ત્યાં મને લાલા જવાહરલાલને ત્યાં રાખ- ાં આવ્યો, મેજીસ્ટ્રેટ પાસે મેં જે જુબાની આપી હતી તેને વળગી રહેવા તેણે મને . પણ મેં કંઇ તેનો જવાબ ન આપ્યો; જો કે મેં મારા મન સાથે કોર્ટમાં સાચુંજ ાનો નિશ્ચય કરી રાખ્યો હતો.

ા૬મી જુને મને કોર્ટમાં લઇ જવામાં આવ્યો. જડજો પાસે મેં ખરી વાત કરી; પો-

બીસે મને પીડયો હતા તેની વાત પણ મેં કરી. કાર્ટમાંથી બ્હાર નીકળ્યો ત્યારે મને જવાહરલાલે માર્યો; પણ પછી મને અમૃતસર જતાં અડચણ ન નડી.

બ્રિજલાલ ધ્યાનચંદની જુબાની ઉમ્મર વર્ષ ૧૩; અમૃતસર.

જાલીયાંવાલા બાગમાં ગોળી ચાલ્યાને વિસેક દિવસ થયા પછી એક સબ-ઇન્સ્પેકટર અને બે કોન્સ્ટેબલો મને કોટવાલીએ લઇ ગયા. મને ત્યાં નવ દિવસ સુધી પહેરેજમાં રાખ્યો; અને પાંચમે કે છઠે દિવસે મારી જુબાની લેવાઈ. તે દરમ્યાન કોટવાલીના બાજુના ઓટલા ઉપર મને રાખવામાં આવ્યો હતો. દિશાએ જવા ટાણે પણ મને કોન્સ્ટેબલો છુટો નહોતા મુકતા. મારે જમીન ઉપર સુવું પડતું. કેટલીકવાર કોન્સ્ટેબલો એમને એમ મારતા, તો કેટલીકવાર સોટીએ મારતા. બે દહાડા રહી મને હુંસરાજને સોંપવામાં આવ્યો. હુંસરાજ મારી પાસે ખોટી જુબાની અપાવવા માંગતો હતો, પણ તેમ કરવા મેં ના પાડી. પણ પછી મેં હુંસરાજના કહેવા પ્રમાણે જવાહરલાલ આગળ જુબાની આપી; અને માર્શીયલ લૅા ટ્રાઇબ્યુનલ પાસે પણ તેજ પ્રમાણે મેં જુબાની આપી હતી તેમાં મેં એમ જણાવ્યું હતું: " કલ્યા ટીનનો ડબો વગાડતો વગાડતો બોલતો હતો કે જો હિંદુ મુસલમાન એક થઈ જાય તો સરકાર કંઇ નહિ કરી શકે. આ વાત મેં હુંસરાજના કહેવાથી નહોતી કરી; મેં મારી મેળેજ કરી હતી; પરંતુ જાલીયાંવાલા બાગમાં બનેલી બીનાનું જે વર્ણન મેં આપ્યું છે તે હુંસરાજની શીખવણી પ્રમાણે હતું. જાલીયાંવાલા બાગમાં હું ગયો હતો પણ હું કોઇને સાંભળી કે સમજી નહોતો શકયો. ગોળીબાર થતાં મેં જોએલ. ગોળી ચલાવવામાં આવી ત્યારે લોકો ભાગી જવા લાગ્યા હતા. જાલીયાંવાલા બાગમાં થનારી સભાની ખબર કરવા હું હુકમચંદના કહેવાથી નીકળ્યો હતો. મને લાગે છે કે હુકમચંદને હુંસરાજે તેમ કહાવવા કહેલ. તેઓ બંને પાડોશી છે; અને ઘણીવાર તેઓને સાથે ફરતાં મેં જોયલા. અમે હુંસરાજને અમારા અગ્રેસર લેખતા. હુંસરાજ અને હુકમચંદ એક જ નાતના છે.

જાલીયાંવાલા બાગમાં હું કનૈયાલાલને સાંભળવા ગયો હતો. સભામાં કનૈયાલાલ બોલવાના છે એની ખબર મને હુકમચંદે આપી હતી.

લાહોરમાં હું મારી કાકીને ત્યાં ઉતર્યો હતો, પણ દરરોજ સવારના ૧૦ થી સાંજના ૫ સુધી મારે પોલીસ દેખરેખ હેઠળ રહેવું પડતું. જવાહરલાલ પાસે નોંધાવેલી હકીકત અમૃતસરમાં મારી પાસે કોઇવાર વાંચવામાં નહોતી આવી. પરંતુ લાહોરમાં મને વાંચી સંભળાવવામાં આવી હતી. અને મારી જુબાની લેવાઇ ત્યાં સુધી મારે તે દરરોજ ગોખવી પડી હતી. મારી હકીકત ઉર્દુમાં લખવામાં આવી હતી. મને ઉર્દુ વાંચતાં આવડે છે.

૨૩

લાલા કરમચંદ બ્રિજલાલની જુબાની: ઉમ્મર વર્ષ: ૨૯ હાલ, પટીયાલા સ્ટેટ બેંકમાં મદદનીસ નામું લખનાર અમૃતસર.

૧૦ મી એપ્રિલે ડૅા. કિચલુ અને ડૅા. સત્યપાલ શહેરપાર થયાના ખબર શહેરમાં પડતાં લોકોએ પોતાનાં દુકાનો બંધ કરવા માંડી. મેં પણ મારી દુકાન બંધ કરી. લોકો ડેપ્યુટી કમિશનર પાસે બંને ડૅાકટરોને છોડી મુકવા અરજ કરવા જતા એટલે હું પણ

તેઓની પાછળ પાછળ હૉલ ગેટ સુધી ગયો. ત્યાં લોકો ઉપર ગોળીબાર થયાની વાત મારે કાને આવી અને થોડીવાર રહી, નેશનલ બેંક અને ટાઉન હૉલને લોકોએ આગ લગાડયાની ખબર મેં સાંભળી. એલાયનસ બેંક પાસે લોકોની ઠઠ જામી હતી. બેંકનો મેનેજર અને એક કારકુન અંદર હતા. બેંકના બારણાં તોડી નાંખી, લોકો અંદર પેઠા; પણ અંદર જતાં પીસતોલના બાર થયા. એકાદ બે જણ ઘાયલ થયા. એટલે લોકો બેંકના પાછલા ભાગમાંથી અંદર પેઠા અને મેનેજરનું ખુન કર્યું; તેના શરીરને બજારમાં રસ્તા ઉપર ફેંકી દીધું.

૧૩ મી તારીખે જાલીયાંવાલા બાગમાં સભા થવાની ખબર લોકોને ઢોલ પીટી કરવામાં આવી હતી. હું સભામાં ગયો હતો. બાગમાં લોકોની ભીડ ઘણી હતી. ત્યાં છોકરાઓ અને વૈશાખીયાત્રાએ આવેલા પરગામના લોકો પણ નજરે પડતા હતા. કેટલાક જણ ત્યાં બેઠા બેઠા પાને રમતા હતા. બાગમાંથી જતો રહેવા હું વિચાર કરતો હતો તેવામાં મેં સોલજરોને આવતા જોયા. લોકો નાસભાગ કરવા લાગ્યા. દરવાજામાંથી નીકળવું મુશ્કેલ હતું એટલે હું હાંસલીની એક બારી ભાંગેલી હતી તેમાંથી હાંસલીમાં પેઠો અને સોલજરો જતા રહ્યા ત્યાં સુધી પાણીમાં પડી રહ્યો. આખા બાગમાં જ્યાં ત્યાં લોકો હણાયલા અને ઘવાયલા પડ્યા હતા. તેમાં છોકરા પણ હતા. મારો એક ભાઈ પણ ઘાયલ થયો હતો. બાગમાં આવેલા લોકો પાસે લાઠી કે લાકડીઓ નહતી.

૨૪

મિ. રામ સરનસિંહની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૩૦, અમૃતસર.

૧૩ મી એપ્રિલે જાલીયાંવાલા બાગમાં મળેલી સભામાં હું હાજર હતો. ત્રીસેકહજાર માણસ સભામાં આવ્યું હશે. સભાઓ ભરવા વિષેનો મનાઇ હુકમ મેં સાંભળ્યો ન હતો. સભા ચાલતી હતી ત્યારે બાગ ઉપર એક એરોપ્લેન ઉડતું હતું. ગુરખા અને યુરોપિયન સોલજરોને બાગના મુખ્ય દરવાજા પાસે મેં આવતાં જોયા. તેઓએ ગોળી ચલાવવા માંડી એટલે નિવૃત્ત થયલા એક લશ્કરી સિખની સલાહ પ્રમાણે હું જમીન ઉપર લાંબો થઇ સુઇ ગયો; અને તેથી બચી ગયો. બાગમાં મારા બનેવીને ત્રણ ગોળી વાગી હતી; એથી એનું મરણ નીપજ્યું હતું. શ્મશાનમાં મરનારની નોંધ કરવામાં નહોતી આવી. કેટલાક માસ વીતી ગયા પછી મરનારનાં નામ નોંધાવાનું જાહેરનામું ડેપ્યુટી કમિશનરે કાઢયું હતું. તે વખતે મેં મારા બનેવીનું નામ નોંધાવ્યું હતું.

*　　*　　*　　*

૨૯

લાલા કનૈયાલાલ ભાટીયાની જુબાનીઃ હાઈ કોર્ટ પ્લીડર; ઉમ્મર વર્ષ ૭૫; અમૃતસર.

૧૩ મી એપ્રિલે રાત્રે આઠ વાગે મારે ઘેર મેં સાંભળ્યું કે જાલીયાંવાલા બાગમાં પાંચસો જેટલા માણસ લશ્કરના હાથે માર્યા ગયા છે. કેટલાક દિવસ પછી હું શહેરમાં ગયો ત્યારે મને એવા સમાચાર મળ્યા કે જાલીયાંવાલા બાગમાં હું ભાષણ આપવાનો છું એવી ખબર ૧૩ મી એપ્રિલે કોઇકે ફેલાવી હતી. મને હજી સુધી એ માણસનો પત્તો

મળ્યો નથી. આ સાંભળીને લોકોને એમ થયું હશે કે હું તે વખતની પરિસ્થિતિ વિષે તેઓને સારી સલાહ આપવાનો હઈશ. આથી, મ્હોટી સંખ્યામાં લોકો બાગમાં ગયા હતા. સભામાં મારા ભાષણ આપવાની વાત સાવ જુઠી હતી તે વિષે મારી સાથે કોઈએ વાતચીત નહોતી કરી. તે દિવસે કોઈ પણ સભામાં ભાષણ આપવા કે પ્રમુખ થવાનો મને ખ્યાલ પણ નહોતો આવ્યો; મેં કોઈ પાસે તેવી વાત પણ કરી નહતી. મને લાગે છે કે અમૃતસરના લોકો મારા માટે ઘણું માન ધરાવતા હોવાથી; પ્રજાજનના વેરીઓએ મારા નામનો દુર–ઉપયોગ કર્યો હતો. તેમ કરવામાં તેઓનો શું હેતુ હશે એ સમજુ માણસ કળી શકશે.

વિશેષમાં, વકીલમંડળના બધા સભ્યોને અને મને ખાસ કોન્સ્ટેબલ બનાવવામાં આવ્યા હતા. અમારી આ નીમણુંક ૨૨ મી એપ્રિલે કરવામાં આવી હતી. શહેરમાં શાંતિ અને વ્યવસ્થા જાળવવા આવી નીમણુંકની તે વખતે જરાય જરૂર નહતી. તે માટે પોલીસ પૂરતી હતી. શહેરમાં પણ શાંતિ જ હતી. વૃદ્ધાવસ્થામાં મારી પાસેથી કુલી પેઠે કામ લેવામાં આવ્યું હતું. એક જગેથી બીજી જગે ખુરસીઓ અને ટેબલો મારે ઉપાડી જવા પડતાં. ધુમ તડકે શહેરમાં પહેરો ભરવો પડતો. અમારૂં અપમાન કરવામાં આવતું. અમને તરછોડી નાંખવામાં આવતા. અમને શિક્ષા કરવા ખાતર જ અમને કોન્સ્ટેબલ બનાવવામાં આવ્યા હતા. અહીંનું વકીલમંડળ જાહેર પ્રવૃત્તિમાં ભાગ લે છે, અને રોલેટ કાયદાની સામે જબરી ચળવળ ચલાવી હતી; અને તેથી જ આખા વકીલમંડળને આ રીતે શિક્ષા કરવામાં આવી હતી.

૩૦

સરદાર આત્મસિંહની જુબાનીઃ દારૂનો વ્યાપારી; ઉમ્મર વર્ષ ૩૯. ઠેકાણું: ન્યુ કોર્ટ રોડ, અમૃતસર.

૧૩ મી એપ્રિલે બપોરના સાડાબાર વાગાના સુમારે ડેપ્યુટી કામશનર અને લશ્કરી અમલદારોને મેં હૉલ બજાર સ્કવેરમાં આવતા જોયા હતા. સૌથી મોખરે પોલીસ ઇન્સ્પેક્ટર મહમદ અશરફ ઘોડા ઉપર હતો. મોટરકારમાં ડેપ્યુટી કમિશનર અને જનરલ હતા. તેની પાછળ મશીનગનો, અને આરમર્ડકારો હતી. સૌથી પછવાડે લશ્કરની ટુકડી હતી. મહમદ અશરફની પાછળ "ટમટમ"માં સબ–ઇન્સ્પેક્ટર અબદુલ્લા અને એક નાયબ તહસીલદાર માર્શીયલ લૉ જાહેર થયા વિષેનો ઢંઢેરો વાંચતા હતા.

રાતના આઠવાગા પછી બ્હાર ન નીકળવાનો હુકમ મેં સાંભળ્યો ત્યારે હું મિ. અશરફને પૂછવા લાગ્યો કે મારી દારૂની દુકાન શહેર બ્હાર છે; આઠ વાગા પછી પણ મારે દુકાન ઉઘાડી રાખવી કે નહિ. હું આ પ્રમાણે વાત કરતો હતો તેવામાં મિ. પ્લોમર મને જનરલ પાસે પકડી ગયો. જનરલે મને બ્રિટિશ સોલજરોને સોંપી દીધો. તેઓએ મારે એક હાથે લુગડું બાંધ્યું, અને શહેરમાં મને સાથે ઘસડયો. રસ્તે મને તૃષા લાગવાથી હું કોઈ પાસેથી પાણી લઇ પીવા જતો હતો; પણ સોલજરોએ પાણીનો પ્યાલો મારી પાસેથી ઝૂંટવી લીધો. હું ચાલવામાં જરા ધીમો પડતો તો મારી પાછળ ચાલતા સોલજરો મને આગળ ધકેલી મુકતા. આખું સરઘસ થોડાક રસ્તાઓમાં ફરી રામબાગ જઈ પહોંચ્યું. તે

અરસામાં રામબાગમાં લશ્કરનું મુખ્ય મથક રાખવામાં આવ્યું હતું. સરઘસ શહેરના ગિચ્ચોગિચ્ચ વસાયલા લત્તાઓમાં નહોતું ફર્યું.

રામબાગમાં મને બેએક કલાક સુધી વરસાદમાં ઉભો રાખવામાં આવ્યો પછી બલુચીઓની ટુકડી સાથે મને કિલ્લામાં મોકલી આપવામાં આવ્યો. ત્યાં હાથકડી ઘાલી મને તથા બીજા બે જણાને કોટડીમાં પૂરવામાં આવ્યા. તે દિવસે અમને ખાવાનું કંઇ નહોતું આપવામાં આવ્યું. અમને ભોંય ઉપર જ સુવું પડયું હતું. બીજે દિવસે અમને ખાઇ ન શકાય એવો ખોરાક આપવામાં આવ્યો, ૧૫ મી તારીખે જનરલ અમારી કોટડી પાસે આવેલ ત્યારે અમે તેની પાસે અરજ કરી હતી. તેના હુકમથી ૧૩ મી તારીખે પકડાયલા બધાને રામબાગમાં લઇ જવામાં આવ્યા. બાગમાં અમને ઝાડ સાથે બાંધવામાં આવ્યા. પાસે ઉભેલી " લંડન રેજીમેંટ " વારંવાર અમારૂં અપમાન કરતી, અને અમને હસ્યા કરતી. જનરલે મને આઠ દિવસની શિક્ષા કરી. મારો શું ગુન્હો હતો એ મને કોઇ પણ વાર કહેવામાં આવ્યો ન હતો.

કિલ્લામાં જે સારજનના હાથમાં અમે હતા, તેણે મારી પાસેથી સોનાની વીંટી અને સોનાના છેડા સાથેનું ઘડીયાળ પડાવી લીધાં હતાં.

× × × ×

૩૨

શેખ અબદુલ કરીમની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૨૮; હૉલ બજાર, અમૃતસર.

હું રોઝબજાર પ્રેસનો મદદનીસ મેનેજર છું. ૧૩ મી અને ૧૪ મી એપ્રિલે મેં મારા છાપખાનામાં નીચે જણાવેલા ત્રણ હેંડબિલો છાપ્યા હતા. તેમાંથી ઢંઢેરાની ૫૦ નકલ અને બીજા બે હેંડબીલોની સાતસો સાતસો નકલ છાપી હતી. આમાંથી કિસનને લગતું એક જ હેંડબિલ લોકોમાં વાંચવામાં આવ્યું હતું.

૧. જનરલ ડાયરનો ઢંઢેરો:—

આ ઢંઢેરાથી અમૃતસરના વતનીઓને ચેતવણી આપવામાં આવે છે કે જો તેઓ કોઇ મિલકતને નુકસાન કરશે અથવા અમૃતસરની આસપાસ કયાંય અત્યાચાર કરશે તો તેવા કાર્યો અમૃતસર શહેરમાંથી કરાવવામાં આવ્યા છે એમ લેખાશે અને અમે લશ્કરી કાયદા પ્રમાણે અમૃતસરના રહીશોને સજા કરવાનો બંદોબસ્ત કરશું. આ ઢંઢેરાથી સભાઓ અને મજલીસો કરવાની મનાઇ કરવામાં આવે છે, અને હવે પછી સભાઓ થશે તો અમે લશ્કરી કાયદા અનુસાર તે વિખેરી નાખશું.

૨. જનરલ ડાયરે કાઢેલી નોટિસઃ—

નીચે જણાવેલા અમલદારોની પરવાનગી મેળવ્યા વિના અમૃતસરના વતનીને પોતાની કે ભાડુતી વાહનમાં કે પગે ચાલી શહેરબ્હાર જવાની મનાઇ કરવામાં આવે છેઃ (૧) અમૃતસરનો ડેપ્યુટી કમિશનર; (૨) અમૃતસરનો પોલિસ સુપરિન્ટેન્ડંટ મિ. રેહિલ; (૩) અમૃતસરનો મદદનીસ કમિશનરઃ (૪ થી ૭) મેસર્સ કોનોર અને સેયમોર, આગા મહમદ હુસૈન, અને મિયાં ઇલ્લાહ હુસૈન—અમૃતસરના મેજીસ્ટ્રેટો; (૮) અમૃતસરનો ડેપ્યુટી પોલીસ સુપરિન્ટેન્ડંટ મિ. પ્લોમર; (૯) અમૃતસર પોલીસચોકીનો વડો અમલદાર.

રાતના આઠ વાગા પછી શહેરી માત્રને ઘર બ્હાર નીકળવાની મનાઈ કરવામાં આવી છે.

બજારમાં કે શહેરના બીજા કોઇ ભાગમાં કે શહેર બ્હાર સરઘસ કાઢવાની મનાઇ કરવામાં આવે છે. સરઘસ નીકળશે અથવા લોકો ભેગા થશે તો તે ગેરકાયદેસર લેખાશે અને તે સામે ઘટતાં પગલાં લેવામાં આવશે, અને જરૂર પડતાં, હથિયારથી વિખેરી નાખવામાં આવશે.

૩. અમૃતસરના ડેપ્યુટી કમિશનર મિ. ઇરવિંગની નોટિસઃ

એવી વાત ચાલે છે કે સોલજરોએ સિખ સ્ત્રીઓને પજવી અને તેઓનું અપમાન કર્યું. આ વાત ખરી નથી. અમને ખબર મળી છે તે પ્રમાણે સિખ લોકોને કિરપન રાખવાની રજા છે એવી પહેરા ઉપર ઉભેલા સોલજરોને ખાત્રીપૂર્વક ખબર ન હોવાથી તેઓએ સિખની એક મંડળીને રોકી રાખી: તેમાં કેટલીક સ્ત્રીઓ પણ હતી. આ મંડળીમાં એક સિખ પાસે એક ન્હાનકડી તલવાર હતી, અને બીજા પાસે ન્હાની કુહાડીઓ હતી. માણસો પાસેથી કિરપન અને હથિયારો લઇ લેવામાં આવ્યાં હતાં; પરંતુ સ્ત્રીઓ પાસેથી નહોતાં લઈ લેવામાં આવ્યાં. આ વાત જનરલ કમાન્ડિંગ ઓફિસર આગળ રજુ કરવામાં આવી ત્યારે તેણે કિરપન પાછી આપી દેવાનો હુકમ કર્યો. તલવાર જપ્ત કરવામાં આવી. સિખ સ્ત્રીઓને કોઇ રીતે હેરાન કરવામાં નહોતી આવી. સ્ત્રીઓની જડતી લેવાની માણસોને મનાઇ કરવામાં આવી છે, અને આ કિસ્સામાં મનાઈનો ભંગ કરે એવું કશું કરવામાં નહોતું આવ્યું. આવું ગેરવ્યાજબી કામ શિક્ષાપાત્ર છે. જો કોઇ આ બાબતમાં ફરિયાદી તરીકે બ્હાર આવશે, તો અમે પોતે તેની બરોબર તપાસ કરશું.

૩૩

લાલા મુલચંદ મોહનલાલની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૬૦.

અમૃતસર.

૧૩ મી એપ્રિલે જાલીયાંવાલા બાગમાં થયેલી સભામાં હું ગયો હતો. મારી સાથે ન્હાના છોકરાઓ પણ આવ્યા હતા. સભા ભરવાની મનાઈ કરવામાં આવી હતી એની મને ખબર ન હતી.

બાગ ઉપર મેં એરોપ્લેન ઉડતું જોયું હોતું. એ જોઇ, લોકો જતા રહેવા ઇચ્છતા હતા; પરંતુ હંસરાજે તેઓને રોકયા. થોડીવાર રહી, બાગ પાસેથી એક શબ પસાર થયું, એટલે કેટલાક લોકો તેની પાછળ જવા બાગમાંથી ચાલી નીકળ્યા. આ પછી બીજા કેટલાક માણસો સભામાંથી જતા રહ્યા. તેઓ પોલીસના માણસ હોય એમ લાગતું હતું. તેઓ ગયા પછી તરત જ બ્રિટિશ સોલજરો અને ગુરખા આવી પહોંચ્યા. લોકોને ચેતવણી આપ્યા વિના સભા ઉપર ગોળી ચલાવવામાં આવી. પહેલો ખાલી બાર થયો એટલે લોકો ભાગવા લાગ્યા, પણ ડરથી ભાગી ન જવા લોકોને હંસરાજ સમજાવવા લાગ્યો, પરંતુ ગોળી ખરેખર ચાલી; ત્યારે તો લોકો દોડી જવા લાગ્યા. હું પણ બાગ બ્હાર દોડી ગયો, અને ઘવાતો બચી ગયો. મારો છોકરો અને જમાઇ મારાથી છુટા પડી ગયા અને

ઘેરે નહોતા આવ્યા એટલે વળી તેઓની શોધમાં હું પાછો બાગમાં ગયો. ત્યાં મેં ૧૫૦૦ થી ૨૦૦૦ માણસ હણાયલાં જોયાં.

૩૪

લાલા ખુશાલસિંહ કનશિરામની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૩૩.

લીલામ કરનાર અને કમિશન એજંટ; ઠેકાણું, કત્રા જાલીયાંવાલા, અમૃતસર.

૧૦ મી એપ્રિલે ડૉ. કિચલુ અને સત્યપાલ શહેરપાર થયાની ખબર મારે ઘેર મને સવારના અગીયાર વાગાના સુમારે પડી. હું તરત બજારમાં ગયો. લોકોને ત્યાં પોત પોતાની દુકાનો બંધ કરતાં મેં જોયાં. બજારમાં, રાણીના પુતળા પાસે આવી પહોંચતાં, મેં લોકો ઉપર ગોળીબાર થયાની વાત જાણી, અને થોડી વારે કેટલાક શબને લઇ લોકોને આવતા જોયા. હું પછી તાર ઓફીસે પહોંચ્યો ત્યાં ગુરદયાળસિંહ, દુનીચંદ એમ. એ, અને મહમદ સદીક લોકોને જતા રહેવા સમજાવી રહ્યા હતા.

૧૩ મી તારીખની સભામાં હાજરી ન આપવાની મને સલાહ મળી હતી. તે સભા ઉપર વખતે ગોળીબાર ચલાવવામાં આવે એવી ખબર મને પાક્કે પાયે મળી હતી.

તેજ દિવસે બપોરના એકાદ વાગે બાગમાં હંસરાજ સભાની ગોઠવણ કરી રહ્યો હતો. મેં તેને મદદ કરી હતી. ચાર વાગાના સુમારે બાગમાં ૨૦ થી ૨૫ હજાર માણસ ભેગું થયું હતું. તેટલામાં બાગ પાસેથી એક શબ પસાર થયું, એટલે બાગમાંથી પાંચેક હજાર લોક શબ પાછળ જતા રહ્યા. આ અરસામાં, બાગ ઉપર એક એરોપ્લેન ઉડતું જોવામાં આવ્યું. લોકોમાં ખળભળાટ થઈ રહ્યો, પણ હંસરાજે તેઓને શાંત કર્યા. હું પ્લેટફોર્મ પાસે બેઠો હતો. મારી જોડે એક સી. આઇ. ડી. નો માણસ હતો. તે વારે વારે મિર અહમ્મદ હસનના ઘર સામે જોયા કરતો હતો; એટલે એ ઘરમાં કોણ છે એ જાણવાનું કુતૂહળ મને થયું. મારી બેઠકથી એ ઘરમાં નજર પહોંચતી ન હોવાથી હું ત્યાં ગયો, પણ મને તે ઘરમાં કંઈ દેખાયું નહિ. બેઠકથી પાછો ફર્યો ત્યારે મને મહમ્મદી પહેલવાને કહ્યું કે સોલજરો હમણા આવશે અને સભા ઉપર ગોળી ચલાવશે; અને તેથી મારે ત્યાંથી જતા રહેવું. એટલે હું મારા કેટલાક ઓળખીતાઓને લઇ બાગમાંથી બ્હાર જતો રહ્યો; અને મારી બેઠકે જઇ બેઠો. તરત જ ગોળીબારના અવાજ મેં સાંભળ્યા. ગોળીબાર થતો બંધ થયા પછી હું બાગમાં પાછો ગયો હતો. બાગમાં કમીમાં કમી બે હજાર જેટલા માણસો ઘાયલ થયેલા અને મરણ પામેલા મેં જોયા હતા તેમાં કેટલાક [illegible]ના ન્હાના છોકરાઓ પણ હતા.

૩૫

સોહનલાલ રામકિશનની જુબાનીઃ હજામ, વય, વર્ષ ૩૫; ઠેકાણુંઃ

કુલાનવાલા ચોક, અમૃતસર.

૧૩ મી એપ્રિલે હું જાલીયાંવાલા બાગમાં ગયો હતો, અને તખ્તપોશ પાસે બેઠો હતો. હંસરાજને હું ઓળખું છું. મેં એને ઘણી સભાઓમાં બોલતો સાંભળ્યો છે. તેને ઘેરે પણ હું કેટલીક વાર ગયો છું.

બાગમાં સોલજરોને દાખલ થતા જોઇ લોકો જતા રહેવા લાગ્યા; પણ હંસરાજ તેઓને શાંત પાડવા લાગ્યો અને કહેવા લાગ્યો કે " સરકાર નિર્દોષ લોકો ઉપર કદી પણ ગોળીબાર નહિ કરે " પછી, સોલજરો સાથે વાતચીત કરવા જવાનું કહી તે તખ્તપોશ ઉપરથી હેઠે ઉતર્યો; પણ તે પહેલાં તેણે રૂમાલ ફરકાવ્યો હતો. મેં તેને સોલજરો પાસે જતો જોયો, પણ પછી તે જણાયો નહિ. તેજ ક્ષણે ગોળીબાર શરૂ થયો, અને લોકો ચોમેર નાસવા લાગ્યા. હું પણ દોડી ગયો, અને ઘવાતો બચી ગયો. રાણીના પુતળા પાસે હું જઈ પહોંચ્યો ત્યારે મને હંસરાજ પાછો દેખાયો. પોતે સહીસલામત છે એવો સંદેશો તેને ઘેરે પહોંચાડવા હંસરાજે મને કહ્યું. હંસરાજની માને સંદેશો પહોંચાડી હું મારે ઘેર ગયો. તે દિવસથી મેં હંસરાજને પાછો જોયો નથી.

૩૬

લાલા હરદયાળમલની જુબાની: ઉમ્મર વર્ષ ૪૫ ઠેકાણું: પુરાણી કનક મંડી, અમૃતસર.

જાલીયાંવાલા બાગમાં જવાની ગલી પાસે જ મારૂં ઘર છે. ૧૩ મી એપ્રિલે સવારના નવ વાગાથી હું મારે ઘેર હતો. બપોરના બેવાગાથી લોકો બાગમાં આવવા લાગ્યા હતા. ૪-૩૦ વાગવાના સુમારે એક એરોપ્લેન બાગ ઉપર ઉડતું મેં જોયું. હું બારીએ ઉભો હતો ત્યારે મેં બે ઓળખીતા સી. આઇ. ડી. ના માણસોને સાદા કપડામાં બાગમાં જતા જોયા. સબ-ઇન્સ્પેકટર ઉબાદુલ્લાહના કહેવાથી મોહનલાલ મારે ત્યાં આવ્યો હતો. બાગમાં શું બનતું હતું એ એને જોવું હતું એટલે અમે મારા ઘરની અગાસીએ ચઢયા હતા. બાગમાં લોકો એકઠા થયાની ખબર મોહનલાલે પોલીસને કરી હતી. અગાસીમાં ગયે અમને દશેક મિનિટ થઇ હશે એવામાં ૪૦-૫૦ બલુચી સોલજરો લક્કર મંડી તરફ જતા જણાયા. થોડીવાર રહી સબ-ઇન્સ્પેકટર મિરસિંહ ઘોડા ઉપર આવતો જણાયો તેની પાછળ ૩૫-૪૦ ગુરખા પગે ચાલતા હતા. બે મોટર કારમાં ૫-૬ યુરોપિયન અમલદારો હતા. કારની પાછળ બે આરમર્ડકારો હતી. છેવટે, ૪૦-૫૦ પોલીસ હતી. મોટરકાર પાસે ૪-૫ પોલીસના માણસોને રાખી અમલદારો ગુરખા સાથે બાગમાં દાખલ થયા; દાખલ થતાં જ ૨૦ હજાર માણસોની સભા ઉપર ગુરખાઓએ ગોળી ચલાવી. ગોળીબાર થતાંજ લોકો ચોમેર નાસવા લાગ્યા. લોકો નાસતા હતા, છતાં બાર થવા ચાલુ જ રહ્યા. મારી ગણતરી પ્રમાણે બાગમાં એકાદ હજાર માણસ માર્યું ગયું હશે.

માર્શીયલ લૉનો અમલ શરૂ થવા વિષેનો ઢંઢેરો કે સભાઓ ન ભરવા વિષેનું હુકમનામું મેં સાંભળ્યું નહતું.

૬૧

લાલા બોધરાજ શંભુનાથની જુબાની: વય, વર્ષ ૨૯, કેમિકલ વર્કસના માલીકની પેઢીમાં ભાગીદાર, ઇસલામાબાદ, અમૃતસર.

૧૩ મી એપ્રિલે મારા ભાઈ સાથે હું જાલીયાંવાલા બાગમાં ગયો હતો. હંસરાજે પ્રમુખની ખુરસી ઉપર ડૉ. કિચલુની છબી મુકી હતી. મેં બે ત્રણ જણના ભાષણો સાં-

ભળ્યા, પણ પછી ૪૦–૫૦ સોલજરો બાગમાં આવી ચઢયા અને લોકો હોહા કરવા લાગ્યા, અને કેટલાક જણ તો સોલજરોને જોતાંજ બાગમાંથી બ્હાર દોડી ગયા. એક વાર પણ લોકોને વિખરાઇ જવાનું કહેવામાં નહોતું આવ્યું. હું જેમ તેમ ફરી સહી સલામત બ્હાર નીકળી ગયો. ઘેરે જતાં મને ખબર મળી કે મારો ભાઈ ઘેર નહોતો આવ્યો એટલે હું ફરી બાગમાં ગયો. તે વખતે બાગમાં ૫૦૦ થી ૧૦૦૦ માણસ મરેલાં પડ્યાં હતાં.

૧૫ મી એપ્રિલે હું મારા કારખાનામાં હતો ત્યારે એક સબ–ઇન્સ્પેક્ટર અને ચાર પાંચ કોન્સ્ટેબલો સાંજના આવ્યા, અને જનરલના હુકમથી મારૂં કારખાનું તરત જ બંધ કરવા ફરમાવ્યું. કારખાનું વેગભેર ચાલુ હતું, પણ પાંચ મિનિટમાં જ મારે બંધ કરવું પડયું. આખું કારખાનું બંધ કરી, પોલીસે તાળાં દઈ સીલ માર્યા, અને સીલનું રક્ષણ કરવાનું મને જ સોંપ્યું. એટલે મારે અને મારા કુટુંબ ચાકરોને રાતદિવસ કારખાને પહેરો ભરવો પડતો.

મે માસની શરૂઆતમાં એક યુરોપિયન પેઢીને સલફ્યુરિક એસિડ જોતી હતી; એટલે તેણે મારૂં કારખાનું ઉઘડાવવા પ્રયત્ન કર્યો, અને ૧૩ મી કે ૧૪ મી તારીખે કારખાના ઉપરના સીલ તોડવામાં આવ્યા.

કારખાનું એક માસ સુધી લાગટ બંધ રહેવાથી કારખાનામાં પડી રહેલ માલને રૂપિયા બેથી ત્રણ હજારનું નુકસાન પહોંચ્યું હતું; તે ઉપરાંત, એક મહિનામાં મને જે કંઇ નફો થતે તે મેં ગુમાવ્યો.

મારૂં કારખાનું શા માટે બંધ કરાવવામાં આવ્યું એનું કારણ હજી સુધી મારા જાણવામાં નથી આવ્યું.

આ અરસામાં મારી મા માંદી પડી હતી. કરનલ સ્મિથને તબીયત જોવા મેં બોલાવ્યો હતો, પણ તેણે આવવાની ના પાડી અને કહ્યું કે મને શહેરમાં જવાની જનરલે મનાઇ કરી છે.

૬૪

લાલા દેવીચંદ વિષે લાલા શ્રનીરામનો પત્ર; ઠેકાણું, જયેંદ્રગંજ, લાશકર, ગ્વાલીયર.

હું આ સાથે મારા સૌથી મ્હોટા છોકરા દેવીચંદનો ફોટો મોકલાવું છું. અમૃતસરના જાલીયાંવાલા બાગમાં મળેલી સભામાં તેને ત્રણ ગોળી લાગવાથી તે છોકરો તા. ૧૪ મી એપ્રિલે મરણ પામ્યો છે.

આ છોકરાની વય ૩૨ વર્ષની હતી. તે હમેશાં મારી સાથે ગ્વાલીયરમાં રહેતો. કદી કદી થોડાક દિવસ માટે ધંધાર્થે તે પરગામ જતો. તેનાં મરણ અગાઉ છએક માસ પહેલાં તે અમૃતસર જઈ વસ્યો હતો. ત્યાં કંઇક ધંધો શરૂ કરવા તેનો વિચાર હતો, એને અંગ્રેજી કે બીજી કોઈ ભાષા લખતાં વાંચતાં આવડતી નહતી, માત્ર તે પંજાબી જાણતો હતો, અને થોડુંક હિંદી.

તેને જીવલેણ ઇજા થઇ ત્યારે હું ગ્વાલીયર હતો, તેના અવસાનના ખબર તેના સસરાએ મને તારથી આપ્યા હતા.

હું અમૃતસર જઇ પહોંચ્યો ત્યારે મને જાલીયાંવાલા બાગની કતલની હકીકત મારા છોકરાએ જે રીતે વર્ણવી હતી તે રીતે મને કહી સંભળાવવામાં આવી હતી.

બીજા ઘણાઓની પેઠે, માર્શીયલ લૉ વિષે કે જાલીયાંવાલા બાગમાં સભા ભરવાની મનાઇ વિષે મારા છોકરાને ખબર ન હતી. સભા ચાલતી હતી ત્યારે શ્રોતાઓને ચેતવણી આપ્યા વિના, તેઓ ઉપર ગોળી ચલાવવામાં આવી હતી. ગોળી જમીનથી દોઢેક ગજ ઉંચે તાકવામાં આવતી હતી, એટલે મારો છોકરો તથા બીજા કેટલાક જમીન ઉપર લાંબા થઈ સુઈ ગયા; તેથી ગોળી તેઓને ન લાગતાં તેઓ ઉપરથી આગળ ચાલી જતી.

લોકોને આ પ્રમાણે પોતાનો બચાવ કરતા જોઇ ગોળી .નીચી ફેંકવામાં આવી. પરિણામે તેમાંથી બચવું સાવ અશક્ય થઇ પડયું. મારા છોકરાને ત્રણ ગોળી પગમાં લાગી એટલે તે બેભાન થઇ પડયો.

આ ગમગીન ખબર સ્નેહી સંબંધીને પડતાં તેઓ ત્યાં દોડી ગયા; અને બાગમાં દેવીચંદને ઘાયલ થયેલો જોયો. તેને તૃષા બહુ લાગી હતી, પણ ત્યાં આગળ પાણી નહતું. પરંતુ એક મિત્રે પોતાનો સાફો પાસેના કુવામાં નાંખી ભીનો કર્યો, અને પછી તેને દેવીચંદના મ્હોંમાં નીચવ્યો.

મરેલાને કે ઘાયેલ થયેલાને ત્યાંથી ખસેડવા માટે કોઇ પણ જાતનો બંદોબસ્ત ન હતો કરવામાં આવ્યો. એટલે દેવીચંદના મિત્રોએ પાસેથી એક ખાટલો ઉછીનો લીધો અને તે ઉપર તેને ઘેર લઇ ગયા.

ઘેર પહોંચતાં, ડાકટરી મદદ મેળવવા પ્રયત્ન થયો, પણ મળી શકી નહિ. રાતના સાડા સાત થવા આવ્યા હતા એટલે કેટલાક ડૉક્ટરોએ બ્હાર નીકળવા ના પાડી. કેટલાકોએ અમલદારોના ડરને લઇ આવવા ના પાડી: અને કેટલાકોએ તો ખુલ્લું કહ્યું કે માર્શીયલ લૉના ભોગ થયેલાની સારવાર કરવાની તેઓને માર્શીયલ લૉના સંચાલકોએ મનાઇ કરી છે.

આથી દેવીચંદના ઘામાંથી અતિશય લોહી વહ્યા કર્યું, અને ગોળી તેના શરીરમાં જ રહી. પરિણામે બીજે દિવસે સવારે તે મરણ પામ્યો. તેની એક બાળવિધવા છે, અને બે બાળકો છે. બ્રિટિશ "કાયદા અને ન્યાય" નો ભોગ થઇ પડેલા એક રાંકની આ કથા છે.

*   *   *   *

૭૫

રતનદેવી (વિધવા)ની જુબાનીઃ અમૃતસર.

મારૂં ઘર જાલીયાંવાલા બાગ પાસે છે. ગોળીબાર થતા સાંભળી હું ચમકી ઉઠી. મારો પતિ બાગની સભામાં ગયો હતો. મને બહુ રડવું આવ્યું અને બે બ્હેનોની સાથે મારા પતિને શોધવા હું બાગમાં ગઇ. બાગમાં અગણિત શબો પડયા હતા. પણ તેમાંથી મારા પતિનું શબ મને જડી આવ્યું. તેના શબ પાસે લોહીની નદી વહી રહી હતી, અને આસપાસ અનેક બીજા શબો પડયા હતા. થોડીવારે લાલા સુંદરદાસના બે છોકરા

બાગમાં આવ્યા; તેઓ મારા કહેવાથી મારા પતિને ઘેર લઇ જવા સારૂ એક ખાટલો લેવા ગયા. આ વખતે આઠ વાગવા આવ્યા હતા, અને આઠ વાગ્યા પછી ઘરબ્હાર રહેવાની સખ્ત મનાઈ હતી. તેથી મારી સાથે આવેલ બે બ્હેનો પોતપોતાને ઘેર ગઈ. તેઓના જવા પછી કોઈ એક સિખ સજ્જનની સહાયતાથી મારા પતિના શબને હું સુકી જમીન ઉપર લઈ ગઈ. દશક વાગ્યા સુધી બાગમાં હું રોકાઈ, પણ કોઇ ન આવ્યું. એટલે મદદ મેળવવા હું બહાર નીકળી, બે ચાર જણોને કહ્યું પણ આઠ વાગી ગયા હતા એટલે કોઇ આવવા તૈયાર ન થયું. એટલે હું પાછી બાગમાં ગઇ; અને શબોથી છવાયલી એ વેરાન ભૂમિમાં મેં આખી રાત કાઢી. મારા પતિના શબ આગળ એક ૧૨ વર્ષનો છોકરો ઘાથી ભારે પીડાતો હતો. તેને તૃષા લાગી હતી. પણ ત્યાં પાણી જ ન મળે. સવારના ૭ વાગતાં લાલા સુંદરદાસના છોકરા ખાટલો લઇ આવ્યા, અને તે ઉપર મારા પતિને હું ઘેર લઈ ગઇ.

આ એક રાતમાં જે વ્યથા મેં ભોગવી હતી તે વર્ણવી જાય એમ નથી. એ તો હું અને મારો ઈશ્વર જ જાણે છે.

* * * * *

૭૭

જાલીયાંવાલા બાગમાં બનેલા બનાવ વિષે જાહેર ખબર.

અજ્ઞાન અને દુષ્ટ લોકોએ ખોટી વાત ઉડાવી છે. ખરી બીના બહાર આવે એવી સરકારની ઇચ્છા છે. ખોટી વાત ન ફેલાય એ સરકારના હિત માટે જરૂરનું છે. બધી હાસ્યજનક ખબરો ડેપ્યુટી કમિશનરને તરત જ પહોંચાડવામાં આવે એ ઈચ્છવાજોગ છે. એવી ખબર મળેથી ડેપ્યુટી કમિશનર તેનો ઇન્કાર કરશે અને ખરી હકીકત બહાર લાવશે.

રવિવારે અમૃતસર શહેરમાં જે બીના બની તેને લગતી ખરી વીગત આ પ્રમાણે છેઃ—

જનરલ સાહેબે એવો ઢંઢેરો બ્હાર પાડયો હતો કે તેની પરવાનગી વિના એકઠા થવું નહિ, સભાઓ ભરવી નહિ અને સરઘસો કાઢવા નહિ. જનરલ સાહેબ અને હું, અમે પોતે શહેરમાં ગયા હતા, અને ઢોલ વગાડી શહેરના રહીશોને ચેતવ્યા હતા કે જો કદી સભા ભરવામાં આવશે, તો જરૂર જણાતાં ગોળી ચલાવી સભા વિખેરી નાંખવામાં આવશે. આ હુકમનો અનાદર કરી સરકારના કેટલાક દુશ્મનોએ સભા કરવાની ગોઠવણી કરી અને ખોટી ખબરો આપીને અને "દિવાન" ભરાવાની વાત ચલાવીને ઘણા લોકોને સભામાં હાજરી આપવા લલચાવ્યા પણ સભામાં જવામાં રહેલાં જોખમની ખબર લોકોને આપવામાં નહોતી આવી.

પાંચક વાગે જનરલ સાહેબ પચ્ચાસેક હિંદી લશ્કરી સિપાઇઓ સાથે બાગ આગળ ગયા. તેની સાથે એક પણ યુરોપિયન સોલજર ન હતો. સોલજરોને જોઇ, લોકો સામે થતા ન હોય એવા જણાયા. આથી ગોળીબાર કરવાનો હુકમ આપવામાં આવ્યો, અને પરિણામે ઘણા ઘાયલ થયા અને ઘણા હણાયા.

સરકારને દિલગીરી થાય છે કે કેટલાક નિર્દોષ માણુસો દુષ્ટોના હાથે ફસી સભામાં ગયા અને માર્યા ગયા. પણુ દરેક જણે યાદ રાખવું જોઇએ કે જનરલ સાહેબનો હુકમ માનવો આવશ્યક છે, અને હવે પછી જનરલ સાહેબ કોઈ પણુ જાતની ગરબડ સાંખશે નહિ.

૧૮-૪-૨૦ } (સહી) માઇલસ ઇરવીંગ,
ડેપ્યુટી કમિશનર,
અમૃતસર જીલ્લો.

૭૮

લાલા રાલારામ પ્લીડરની હકીકત (જમીનદાર) તારણુતરણુ, અમૃતસર જીલ્લો.

છઠી એપ્રિલે તારણુતરણુમાં હડતાળ પડી હતી. લગભગ બધી દુકાનો બંધ હતી. જે કંઇ ઉઘાડી હતી તે પોલીસ સબ-ઇન્સ્પેકટરે બંધ કરાવી હતી. તેજ દિવસે શહેરમાં એક સભા મારા પ્રમુખપણા હેઠળ થઇ હતી.

જાલીયાંવાલા બાગમાં કતલ થયાની ખબર તારણુતરણુમાં તેજ દિવસે પડી. લોકો અત્યાચાર કરવા ન ઉતરી પડે એવા ઇરાદાથી તહસીલદાર અને પોલીસ સબ-ઇન્સ્પેકટરની સૂચનાથી એક સભા કરવામાં આવી હતી.

ત્યાર પછી મારા ભાઇના લગ્નમાં હું મારે ગામ ગયો. ત્યાં કેટલીક પોલીસ મારી પાછળ આવી અને મને તારણુતરણુ લઈ ગઈ. શહેર પાસે આવી પહોંચતાં મારા હાથમાં કડી ઘાલવામાં આવી, અને ૨૨ મી એપ્રિલ સુધી મને કેદમાં રાખવામાં આવ્યો. પણુ પછી મિ. ગિલ્ફર્ડ પાદરીની મહેનતથી હું છુટયો; શહેરના કેટલાક રહીશોએ મારા માટે જામીનગીરી આપી હતી.

મને છોડી મૂકવામાં આવ્યો, પરંતુ મને મ્યુનિસિપલ કમિશનરની જગ્યાએથી બરતરફ કરવામાં આવ્યો, અને શહેરમાં શાંતિ હોવા છતાં, અને જરૂર ન હોવા છતાં મને કોન્સ્ટેબલ બનાવવામાં આવ્યો.

મિશનના મકાનોને નુકસાન પહોંચાડવા કે તીજોરી લુંટવા પ્રયત્ન થયો હતો એ વાત હું નથી માનતો. એમ કહેવાય છે કે લોકો મુસલમાનના કબરસ્તાનમાં એકઠા થયા હતા. પણુ એ વિષે તપાસ કરતાં મને જણાયું હતું કે તેવું કંઇ બન્યું નહતું.

૭૯

લાલા અમીચંદ પ્લીડરની જુબાનીઃ તારણુતરણુ, અમૃતસર જીલ્લો.

હું મારે ગામ હતો ત્યારે મને મિ. અબ્દુલ રહમન પ્લીડરના પકડાયાની ખબર પડી. સાથે એમ પણુ મેં સાંભળ્યું કે બાબુ રાલાને પણુ પકડવામાં આવનાર છે.

તારણુતરણુ આવ્યા પછી બીજે દિવસે અમે પાદરી ગિલ્ફર્ડને બંગલે ભેગા થયા હતા. ત્યાં પોલીસ અમલદાર, લાલા સંતરામ અને મુનશી અઝીઝ હાજર હતા. રાજકીય પ્રવૃત્તિમાં ભાગ ન લેવા વિષે અમારી પાસે લખત કરાવવાની વાત અમલદારોએ મૂકી. આ લખત કરવામાં ન આવે તો પકડાયલા ન છૂટે, અને બીજાઓને પણુ પકડવામાં આવે એમ હતું. અને આ દુઃખ વેઠવા તારણુતરણુના લોક તૈયાર ન હતા; એટલે તેઓ લખત

કરવા કબુલ થયા અને શહેરના બધા લોકો " દરબાર સાહેબ "માં ભેગા થયા અને લખત ઉપર સહી કરી. લખત ત્રણ વર્ષ માટે કરવામાં આવ્યું છે. શહેરમાં તોફાન કે ગેરવર્તન થાય એવા પ્રકારની રાજકીય વિષયને લગતી સભા કદી ભરાય તો શહેર રૂપિયા પાંચ હજારનો દંડ આપવા બંધાયું છે.

તારણતરણના વતનીઓએ તીજોરી લુંટવા પ્રયત્ન કર્યો હોય એવું મેં સાંભળ્યું નથી.

૮૦

અબ્દુલ રહમન પ્લીડરની જુબાનીઃ વય વર્ષ ૩૩; તારણતરણ, અમૃતસર જીલ્લો.

મહાત્મા ગાંધીની સૂચના અનુસાર તારણતરણે ૬ ઠી એપ્રિલે હડતાળ પાડી હતી. તે દિવસે રોલેટ એકટની સામે વિરોધ દર્શાવવા સભા પણ થઇ હતી. સભા શાંતિથી પૂરી થઈ હતી, અને શહેરમાં પણ શાંતિ જળવાઇ રહી હતી.

૧૩ મી એપ્રિલની સવારે પોલીસ અમલદારો પાસેથી તીજોરી લુંટવાનો પ્રયત્ન થયાની વાત મેં સાંભળી. મારૂં ઘર તીજોરી પાસે જ છે; પણ મને તે વિષે કંઈ ખબર પડી ન હતી. હું પોતે આ વાતને બનાવટી જ લેખું છું. લોકો પણ એમ જ માને છે. ખ્રીસ્તી છોકરીઓને પજવવામાં આવી હોય કે આસપાસના ગામડાના લોકોએ લુંટ કરવા વિચાર કર્યો હોય એની મને ખબર નથી. ૧૩ મી તારીખે વૈશાખી યાત્રા હોવાથી તારણતરણના ઘણા લોક અમૃતસર ગયા હતા, અને તેઓમાંથી કેટલાક જાલીયાંવાલા બાગમાં માર્યા ગયા હતા. અમૃતસરના વતનીઓના સંબંધીઓ તારણતરણમાં પણ છે એટલે ૧૪ મી તારીખે તારણતરણમાં પાછી હડતાળ પડી હતી.

૧૪ મી તારીખે સભા થઇ હતી. તેમાં જવા મારો વિચાર નહતો, પણ પોલીસની સૂચનાથી જ તે સભા કરવામાં આવી હતી એમ જણાતાં હું તેમાં ગયો હતો. સભામાં શાંતિ પૂરેપૂરી જળવાઇ હતી; અને અત્યાચાર ન કરવા વિષેની મહાત્મા ગાંધીની સલાહ ઉપર જ ભાષણો કરવામાં આવ્યાં હતાં.

થોડાક દિવસ પછી મને અમૃતસરમાં પકડવામાં આવ્યો, અને ત્યાંથી તારણતરણ લાવવામાં આવ્યો. પણ પાછો અમૃતસરમાં લઇ જવામાં આવ્યો, અને મને તથા બીજા અગીયાર જણને કિલ્લામાં પૂરવામાં આવ્યા. તે દિવસે તો અમને ખાવાને પણ નહોતું આપવામાં આવ્યું. થોડા વખત પછી મને જામીન ઉપર છોડવામાં આવ્યો.

ત્યારબાદ, મને તથા બીજા કેટલાકોને રોલેટ એકટની તરફેણમાં અમારી માન્યતા વિરૂદ્ધ ભાષણો આપવા ગામડામાં મોકલવામાં આવ્યા હતા, પ્લીડરો અને બીજાઓને કોન્સ્ટેબલ બનાવવામાં આવ્યા હતા. અમને દિવસમાં બે વાર મેજીસ્ટ્રેટ પાસે હાજરી આપવી પડતી; રાતના અગીયાર વાગા સુધી શહેરમાં પહેરો ભરવો પડતો અને રોજનિશી રાખવી પડતી અને દરરોજ અમલદારને બતાવવી પડતી. આ પ્રમાણે અમને જુલાઈના અધવચ સુધી કરવું પડયું હતું.

* * * *

૮૨

ભાઈ હરમનસિંહ જમીનદારની જુબાનીઃ ચૌટાલા ગામ, તારણતરણ, અમૃતસર જીલ્લો.

"વૈશાખી"ના દિવસ પછી બે ત્રણ દિવસે પોલીસ સબ-ઇન્સ્પેક્ટર પંડિત રામ દત્તા અમારે ગામ આવ્યો અને બધા રહીશોને ભેગા કર્યા; તેમાંથી તેણે ૧૮-૨૦ જણને પકડ્યા. અમારો ઘઉં અને ચણાનો પાક પોલીસના ઘોડાને ખવડાવવા ઉતારી લેવામાં આવ્યો હતો. પોલીસે ઘર દિઠ અમારી પાસેથી આઠ આના લીધા અને તેનાથી દારૂ પીધો; અમારાં મરઘાંઓ પણ પોલીસ પકડી ગઈ અને ખાઈ ગઇ. ભેંસોને દોહી દોહી દુધ પી ગઇ, અને અમારાં બચ્ચાં છોકરાંને દુધ વિના રાખ્યાં.

તારણતરણ કે અમૃતસર લુટવાની વાત અમારા ગામમાં કોઇએ કરી નહતી. અમારી આસપાસના ગામડામાં પણ ક્યાંય લુટ થઇ નહતી.

૮૩

સંતસિંહ, જાટની જુબાની ઉમ્મર વર્ષ: ૩૫; ગોરખગામ, તારણતરણ, અમૃતસર જીલ્લો.

૧૩ મી એપ્રિલે અમૃતસરમાં ભરાયલી બજારમાં મારી એક ભેંસ વેચી હું મારે ગામ જતો હતો. મારી પાસે તે વખતે પર રૂપિયા હતા. અમૃતસરની બજારમાંથી પસાર થતો હતો ત્યારે હવાલદાર ફૈઝાસિંહ અને સુરેનસિંહ મારી પાસે આવી પહોંચ્યા, અને ૫૦ રૂપિયા પડાવી લીધા. થોડીવાર રહી થાણેદાર અઝીઝ ઉદ્દીનના હુકમથી મને પકડવામાં આવ્યો, અને ચાર દિવસ સુધી પોલીસ પક્ષમાં જુબાની આપવા મને સમજાવામાં આવ્યો. તેઓ મારી પાસે ખોટી જૂબાની અપાવવા માંગતા હતા પણ હું તેમ કરવા કબુલ ન થયો.

ત્યાર પછી મને કેદમાં રાખવામાં આવ્યો અને પછીથી મને એક વર્ષની સજા થઇ. છ માસ પછી મને છોડી દેવામાં આવ્યો. હું જેલમાં હતો તે અરસામાં મારો પાક બધો નાશ પામ્યો હતો, અને હવે મારી પાસે કંઇ સાધન ન હોવાથી મારી જમીન વણખેડી પડી રહી છે.

જે આરોપ મારા ઉપર મૂકવામાં આવ્યો હતો તે સાવ ખોટો હતો.

૮૪

વઝીરસિંહ, લાલાસિંહ, અને ગુરમખસિંહની જુબાની અનુક્રમે, ઉમ્મર, વર્ષ, ૬૫, ૬૫, ૫૦; ગોરખ ગામના રહીશ, તારણતરણ, જીલ્લો અમૃતસર.

એપ્રિલ માસના છેલ્લા દિવસોમાં એક દિન પોલીસે ગામના બધા રહીશોને ઘરમાં રહેવાનો હુકમ કર્યો, અને કામે જવાની મનાઈ કરી. બીજે દિવસે ગામના લગભગ બધા માણસોને પકડવામાં આવ્યા. તીજોરી લુટનારાના નામ જીનજા પાસેથી કઢાવવા પોલીસે તેને ખૂબ ધમકી આપી. જીનજાએ થોડીક આનાકાની પછી ૨૦ એક જણના નામ આપ્યા. તેમાંથી ૫-૬ જણ સાથે તેને અણબનાવ હતો, અને બાકીના આ ૫-૬ જણના સગા હતા. અમારાં નામ પણ તેણે આપ્યાં હતાં. અમને વીશ જણને પોલીસે પકડી રાખ્યા, અને બાકીના બધાને છોડી મૂક્યા. અમને અમૃતસર લઇ જવામાં આવ્યા. અમારો કેસ

રામબાગમાં ચાલ્યો. અમારા પક્ષમાં સાક્ષી આપવા કોઇએ હિંમત ન કરી. અમારો બચાવ કરવા વકીલોને પણ રજા નહોતી મળી. અમને બધાને કેદમાં રહેવાની સજા થઇ હતી.

અમે અમારા ગામમાં હતા; પણ તારણતરણ લુંટવાની વાત અમે કોઇવાર સાંભળી નહતી; અમારી તો પાક્કી માન્યતા છે કે તીજોરી લુંટવાની વાત કેવળ બનાવટી જ છે.

* * * *

૮૭

મિ. ગુરદીયાળસિંહ સલારીયા બેરિસ્ટરની જુબાનીઃ વય વર્ષઃ ૨૬ અમૃતસર.

હું બેરિસ્ટર છું અને ૧૯૧૮ ની સાલથી અમૃતસરમાં વકીલાત કરૂં છું.

૧૦ મી એપ્રિલે ડૉ. કિચલુ અને ડૉ. સત્યપાલના શહેરપાર થયાની અને પુલ પાસે લોકો ઉપર ગોળીબાર થયાની ખબર મને કોર્ટમાં પડી. વકીલમંડળમાંથી અમને કેટલાકને શહેરમાં શાંતિ અને વ્યવસ્થા જાળવવાના કામમાં અમલદારોને મદદ કરવાનો વિચાર થયો, અને તેમ કરવા અમે ડેપ્યુટી કમિશનરની રજા પણ મેળવી.

ડેપ્યુટી કમિશનરના કહેવાથી મિ. બિહારીલાલ બેરિસ્ટર, મિ. કયુરેશી પ્લીડર અને હું રેલ્વે ઉપરના પગે જનારા માટેના ન્હાના પુલ પાસે ગયા. ત્યાં મિ. પ્લોમર અને બીજા એક બે અમલદારો, ઘોડેસવાર પોલીસ અને લશ્કરી સિપાઇઓ ઉભા હતા. પુલ ઉપર તો લોકોની ભારે ઠઠ જામી હતી. હું પુલ ઉપરના લોકો પાસે ગયો અને મહા મહેનતે તેઓને પુલ ઉપરથી ઉતરી જવા મેં સમજાવ્યા. હું પણ તેઓની પાછળ પુલ ઉતર્યો, પણ પછી મને થયું કે મારી પાસે ઘોડો હોય તો વધારે સહેલાઈથી અને ઝડપથી લોકોને પાછા વાળી શકાય. એટલે મેં મિ. પ્લોમર પાસેથી એક ઘોડો મેળવ્યો.

હું ગોલબાગ પાસે હતો ત્યારે મેં વાહન માટેના પુલ ઉપર લોકોની ભીડ જોઈ અને લશ્કરને ગોળીબાર કરવાની તૈયારી કરતાં જોયું એટલે હું ત્યાં દોડી ગયો. અમલદારોને ગોળીબાર કરતાં થોડીવાર માટે રોકી લોકોને વિખેરાઈ નાંખવા માકબુલ મહમદ અને હું પ્રયત્ન કરવા લાગ્યા. લોકો પાછા ફરવા પણ લાગ્યા; પરંતુ તેવામાં લોકમાંથી કોઇકે સોલજરો ઉપર લાકડી ફેંકી, અને સોલજરોએ તરત જ ગોળી ચલાવી. ગોળી છોડવા પહેલાં અમને ચેતવવામાં પણ નહોતા આવ્યા. ગોળીબાર થયાથી વિસેક જણ ઘાયલ થયા અને મરણ પામ્યા. અધિકારીઓએ તેઓને ઘટતે ઠેકાણે લઈ જવા માટે બંદોબસ્ત કર્યો નહતો; અને કોઇ ઇસ્પીતાલમાંથી ખાટલી લઈ આવ્યું, પણ મિ. પ્લોમરે તે પાછી મોકલી આપી અને કહ્યું કે લોકો પોતાની મેળે બંદોબસ્ત કરી લેશે. બીજે દિવસે હું મિ. પ્લોમર અને ડેપ્યુટી કમિશનરને મળ્યો હતો. આગલે દિવસે મેં જે કંઈ કર્યું તે માટે મારો તેઓએ આભાર માન્યો હતો.

૧૦ મી તારીખના બનાવ પછી શહેરમાં શાંતિ હતી. હું તે દિવસોમાં ઝાઝો બ્હાર નહોતો નીકળતો. ૧૩ મી તારીખની સભામાં હું ગયો નહતો, અને સભા ન ભરવા વિષેનો ઢંઢેરો મેં સાંભળ્યો ન હતો. ૨૧ મી તારીખે અમને વકીલોને રામબાગમાં બોલાવવામાં આવ્યા હતા. તે વખતે વર્ષાદ ઝરમર વર્ષતો હતો; પણ અમારે જનરલની રાહ જોતા બહારજ ઉભા રહેવું પડયું. તેણે આવી અમને બધાને ખાસ કોન્સ્ટેબલ નીમ્યા; અને લેફ-

ટેનંટ ન્યુમેનને અમારો ઉપરી નીમ્યો. એ અમારૂં હરઘડી અપમાન કરતો, અમને હરઘડી તરછોડી નાંખતો તેના પછી કોટન ફોરસ્ટનર અમારો ઉપરી થયો. કેપ્ટન લેફ્ટેનંટ કરતાં સારો હતો અને એકંદર અમારી સાથે ઠીક રીતે વર્તતો હતો. અમને બધાને એમજ લાગે છે કે અમારૂં અપમાન કરવાના ઈરાદાથીજ અમને કોન્સ્ટેબલ બનાવવામાં આવ્યા હતા; બાકી, શહેરમાં તો શાંતિ હતી અને પોલીસ તથા લશ્કર પણ સારી સંખ્યામાં હતા.

૨૩ મી એપ્રિલે એક કોન્સ્ટેબલ મને કોર્ટથી કોટવાલીએ લઇ ગયો. ત્યાં મિ. પ્લોમર અને સુખસિંહ હતા. તેઓ બંનેએ મને કેટલાક પ્રશ્નો પુછ્યા. ત્યાંથી મને જેલમાં મોકલવામાં આવ્યો અને એક કોટડીમાં પૂરવામાં આવ્યો. ન ખાઇ શકાય એવો ખોરાક મને ત્યાં આપવામાં આવ્યો, પણ મેં તે ન લીધો, મારે ઘેરેથી મારા માટે ખાવાનું મંગાવવાની રજા માગી, પણ તે ન મળી. મારી કોટડી પાસે જ એક મૂત્રી હતી, તેમાંથી સહન ન થાય એટલી દુર્ગંધ આવતી હતી.

૨૬ મી મેને દિવસે મને અને ડૉ. બશીરને એક જ હાથકડી પહેરાવી લાહોર લઈ જવામાં આવ્યા. લાહોર સ્ટેશનેથી સેશન કોર્ટ સુધી ભર બપોરે અમને ચલાવવામાં આવ્યા. રસ્તે અમને તૃષા બહુ લાગી હતી; અમારી સાથેનો કોન્સ્ટેબલ તો અમને પાણી પાવા કુવે લઇ ગયો, પણ કોર્ટના ઇન્સ્પેકટરે અમને પાણી પીવા ન દીધું. સેંટ્રલ જેલમાં મને ન્હાના પીંજરામાં પૂરવામાં આવ્યો. કેદીને અપાતો ખોરાક મને પણ આપવામાં આવ્યો. ત્યાંથી મને બોરસ્ટાલ જેલમાં લઇ જવામાં આવ્યો.

મારા ઉપર ત્રણ આરોપ મુકવામાં આવ્યા હતા: (૧) ૬ઠી તારીખે હડતાળ કરાવવાનો બંધોબસ્ત કરવામાં અને ૬ ઠીએ સભા ભરાવવામાં ભાગ લીધો. (૨) ૬ ઠીની સભામાં મેં ભાષણ કર્યું; (૩) ૧૦ મી તારીખે લોકોને મેં રેલ્વે પુલ પાસે ચઢાવ્યા; હાફીઝ મહમદ બશીર સાથે હું ઘોડે બેસી શહેરમાં ફર્યો અને સાંજના બશીરના ઘર આગળ એકઠા થયલા લોકો પાસે મેં લોકોને ઉશ્કેરી મૂકે એવું ભાષણું કર્યું.

આમાંથી માત્ર આટલી હકીકત જ સાચી છે કે ૬ ઠી તારીખની સભામાં મેં રોલેટ બિલ સામે ભાષણ કર્યું હતું: પરંતુ તેમાં વાંધાપડતું મેં કંઈ કહ્યું નહતું. બાકીના આરોપ ખોટા છે. મારી તપાસ ચાલ્યા પછી મને છોડી મૂકવામાં આવ્યો હતો. ૨૩ મી મેથી ૫ મી કે ૬ ઠી જુલાઇ સુધી મારે વગર વાંકે કેદમાં રહેવું પડયું હતું.

૮૮

મિ. બદ્ર–ઉલ–ઇસ્લામ અલિખાન બેરિસ્ટરની જુબાની: વય વર્ષ ૩૪ કોર્ટ રોડ, અમૃતસર.

હું એક બેરિસ્ટર છું અને અમૃતસરમાં અને બીજે સ્થળે ૧૧ વર્ષ થયાં વકીલાત કરૂં છું.

૧૯ મી એપ્રિલે મિ. પ્લોમરે મને તેડવા બે સબ-ઇન્સ્પેકટરો મારે ઘેર મોકલ્યા હતા. તેઓની સાથે આવેલ કેટલીક હથિયારબંધ પોલીસ અને કેટલાક સોલજરો મારા ઘરને ઘેરો ઘાલી ઉભા હતા. કોટવાલીએ મારા વાહનમાં જવા મને રજા ન આપી, અને સબઇન્સ્પેકટર પાસે પણ ગાડી નહતી. એથી, કોટવાલી સુધી મારે પગે ચાલી જવું પડયું. મારી આસપાસ પોલીસ અને સોલજરો ચાલતા હતા.

કોટવાલીમાં મિ. પ્લોમર, કોટવાલ, અને બીજો કોઇ એક અમલદાર બેઠા હતા. મને આવતો જોઇ, મિ. પ્લોમર બોલી ઉઠયોઃ " આ માણસ પંજાબનો લેફ્ટેનંટ–ગવર્નર થવા ઇચ્છે છે. " અમૃતસરમાં રમખાણુ થયું તે વખતે હું એક કેસ ચલાવવા પરગામ ગયો હતો, એટલે તે વિષે મિ. પ્લોમરને આપવા જેવી મારી પાસે કંઇ માહીતી નહતી. પણુ મેં મિ. પ્લોમરને કહ્યું કે ડૉ. કિચલુ અને ડૉ. સત્યપાલને શહેરપાર કરવાંમાં આવ્યા અને લોકો ઉપર ગોળીબાર થયો એથી યુરોપિયનનાં ખુન થયાં હતાં. પરંતુ મિ. પ્લોમરને ખુન કરવા જે કંઇ તજવીજ થઇ હતી તે વિષે અને જેઓ તેમાં સામેલ હતા તેઓના નામ જાણુવાં હતાં. હું તો કંઈ પણુ જાણુતો ન હોવાથી કોઇનાં નામ આપી ન શકયો. મિ. પ્લોમર મારી પાસેથી કંઇક પણુ લખાવી લેવા માંગતો હતો એટલે " હું કંઇ જાણુતો નથી " એટલું પણુ લખી આપવા મને તેણે કહ્યું. મને લખવા માટે સાધનો આપી એક ખુણે જમીન ઉપર બેસી લખવા તેણે કહ્યું. તેમ કરવા હું કબુલ ન થયો. એટલે મને એક સબ–ઇન્સ્પેટરની ઓરડીમાં મોકલી આપ્યો. ત્યાં મારે જે કંઈ લખી આપવું હતું તે લખી કાઢયું, અને પછી ઘેર જવા મેં રજા માગી; પણુ મને રાતના આઠ વાગા સુધી એજ ઓરડીમાં બેસાડી રાખવામાં આવ્યો અને ત્યાંથી મને કોટડીમાં પૂરવામાં આવ્યો. આ ન્હાનકડી કોટડીમાં બારેક જણુ હતા. તેમાં કેટલાક ફોજદારી ગુન્હો કરનારા પણુ હતા, અને એક વકીલ તેનો ભાઈ અને છોકરો પણુ હતા. ૨૧ મી તારીખે તેઓને તથા મને રામબાગ લઈ જવામાં આવ્યા અને ત્યાંથી બે બે જણુને એકજ હાથકડી પહેરાવી કિલ્લામાં લઈ જવામાં આવ્યા. ત્યાં કેટલાક યુરોપિયન સ્ત્રી પુરૂષો દેખતાં અમને ખુલ્લા ચોગાનમાં કેટલોક વખત ફેરવવામાં આવ્યા. સાંજના કેપ્ટન મેસે મને મળવા આવેલ. મારી અરજીથી તેણે હાથકડી કાઢી નાખવા હુકમ કર્યો. અહીં બધા અમલદારો મારી સાથે ઘણી સારી રીતે વર્ત્યા હતા.

૨૬ મી મેએ મને અમીન પ્લીડરના કેસમાં જુબાની આપવા લાહોર લઇ જવામાં આવ્યો, અને સાંજના સેંટ્રલ જેલમાં મને એકલાને જુદો એક ખાલી કોટડીમાં પૂરવામાં આવ્યો. તેજ વિભાગમાં મારી પેઠે લાલા હરકિસનલાલ, ડૉ. નરંગ; ધર્મદાસ સુરી અને સરદાર હબીબ ઉલાખાન હતા. અહીં અમને અમારા ખર્ચે જોઇતો ખોરાક લેવાની રજા મળી હતી; અને એકંદર સુવા બેસવાની અને હરવા ફરવાની સગવડ ઠીક હતી.

લાહોરમાં આવ્યા પછી મારા હાથમાં કડી પહેરાવવામાં નહોતી આવી. માત્ર જે દિવસે અમારો ફેંસલો થવાનો હતો તે દિવસે કડી પહેરાવી અમને કોર્ટમાં લઈ જવામાં આવ્યા હતા. મને શા સારૂ પકડવામાં આવ્યો હતો અને મારા ઉપર કેસ શા સારૂ ચલાવવામાં આવ્યો તેનાં ખરાં કારણુ હજી સુધી મારા જાણુવામાં આવ્યાં નથી.

મારા ઉપર છ આરોપ મુકવામાં આવ્યા હતા, અને તે ઠેઠ ૩ જી જુને મને જણાવવામાં આવ્યાં હતાં. તે આ પ્રમાણે છેઃ—

૧–૨. મેં ૨૮ મી ફેબ્રુઆરીએ રોલેટ બિલ સામે જાતિ–જાતિ વચ્ચે દ્વેષભાવ ઉત્પન્ન કરે એવું ભાષણુ કર્યું, અને ૨૩ મી માર્ચની સભામાં ભાષણુ નહોતું કર્યું પણુ પ્રમુખપદ લીધું હતું.

૩. ૬ ઠી એપ્રિલની જંગી સભાનું પ્રમુખપદ લીધું અને સભાના આરંભઅંતમાં લોકોને વ્યવસ્થા જાળવવા સલાહ આપી.

૪ ૩૦ મી માર્ચથી ૧૦ મી એપ્રિલ સુધીના દિવસોમાં ડૉ. કિચલુને ઘેર હાજર રહી સરહદ ઉપર તોફાન જગાડવા, યુરોપિયનોના બંગલા બાળવા, તેઓનાં ખૂન કરવા, બ્રિટિશ વ્યાપાર અને અદાલતો બોયકોટ કરવા અને ખોટી ખબરો ફેલાવવા વિચાર કરવામાં ભાગ લીધો.

૫ ૬ ઠી એપ્રિલે હડતાળ પડાવવા અને સભા ભરવા વિચાર કરવા મળેલી ખાનગી સભામાં ભાગ લીધો.

૬ રામનવમીના પ્રસંગે હિંદુ મુસલમાન વચ્ચે ઐક્ય વધારવાનો વિચાર કરવા મળેલી ખાનગી સભામાં ભાગ લીધો.

મારો બચાવ અને જવાબ આ પ્રમાણે છેઃ—

૨૮ મી ફેબ્રુઆરીની સભામાં હું બોલ્યો હતો. હિંદુ મુસલમાનને એક સાથે મળી રોલેટ કાયદાની સામે વિરોધ દર્શાવવા મેં સૂચવ્યું હતું પરંતુ જાતિ–જાતિ વચ્ચે દ્વેષ વધારે એવું ભાષણ મેં નહોતું કર્યું.

૨૩ મી માર્ચની સભામાં હું પ્રમુખ થયો હતો; પરંતુ તેમાં નીતિ કે કાયદાનો ભંગ કેમ થયો એ મને સમજાતું નથી. તેમજ ૬ ઠી એપ્રિલે લોકોને વ્યવસ્થા જાળવવાની સલાહ આપવામાં ગુન્હો શું થયો એ પણ સમજાતું નથી.

ચોથો આરોપ તો સાવ બનાવટી છે.

૬ ઠી એપ્રિલે લોકોએ હડતાળ પોતાની મરજીથી પાડી હતી; કોઈએ તે માટે પ્રયાસ કર્યો ન હતો.

૮ મી એપ્રિલે કોઈ ખાનગી સભામાં મેં હાજરી આપી નહતી; અને તેવી સભા પણ થઈ હોય એવું હું માનતો નથી.

મારે કહેવું જોઈએ કે પોલીસે મારી વિરૂદ્ધ ખોટી વિગત એકઠી કરવા ખૂબ પ્રયત્ન કર્યો હતો; અને તે માટે ગુલામ જીલાનીને ખૂબ પીડયો હતો. ગુલામ જીલાનીએ આ વાત માર્શીયલ લૉ કમિશન કોર્ટ પાસે રજુ કરી હતી.

૮૯

પંડિત સરૂપ નારાયણ રોઝદનની જુબાની વય વર્ષ ૩૮, અમૃતસર.

કોંગ્રેસની ૧૯૧૯ ની સાલની બેઠક અમૃતસરમાં ભરવાના ડૉ. કિચલુના આમંત્રણને મેં ટેકો આપ્યો હતો. તે વખતથી હું રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લેવા લાગ્યો છું. આગામી કોંગ્રેસની વ્યવસ્થા કરવામાં હું આગળ પડતો ભાગ લઉં છું.

૧૦ મી એપ્રિલે સવારે અગીયાર વાગાના સુમારે ડૉ. કિચલુ અને ડૉ. સત્યપાલના શહેરપાર થયાની ખબર મને પડી. શહેરમાં વાત ફેલાતાં દુકાનો ટપોટપ બંધ થવા લાગી, અને લોકો જ્યાં ત્યાં એકઠા થવા લાગ્યા. હું મારી ઓફીસ તરફ જતો હતો ત્યારે લોકોનાં એક ટોળાંને "મહાત્મા ગાંધીકી જય" "ડૉ. કિચલુકી જય" "ડૉ. સત્યપાલકી જય" ના પોકાર કરતું આવતું જોયું હતું. આ બધું જોઈ હું

મારે ઘેર જતો રહ્યો. થોડીવાર રહીને મારા ઘર આગળથી લોકો પસાર થયા હતા, અને નિર્દોષ માણસ ગોળીથી માર્યા ગયા એ વિષે ફરીયાદ કરતા હતા. તેઓ ઉશ્કેરાઇ ગયા હતા, અને વેર લેવાની વાતો કરતા હતા. આ પછી નેશનલ બેંક અને બીજાં મકાનો બાળવામાં આવ્યાની ખબર મને પડી.

૨૮ મી એપ્રિલે મને કોટવાલીએ લઈ જવામાં આવ્યો ત્યાં પોલીસે મારી જડતી લીધી અને મને કોટડીમાં પૂર્યો. કોટડીમાં શહેરના કેટલાક જાણીતા અને પંકાયલા માણસો પણ હતા. આ ન્હાનકડી કોટડીમાં ૧૮ એક જણ હતા અમને હાથકડી નાંખવામાં આવી હતી, અને તે સવારે સંડાસમાં જવા ટાણે પણ કાઢવામાં આવી નહતી, એટલું જ નહિ પણ સાથે પાણી લઈ જવાની પણ મનાઇ કરવામાં આવો હતી. એટલે સંડાસે જઈ આવી સાફ થવા અમારે ખુલ્લામાં નળ ઉપર જવું પડયું હતું.

અમારી ગણના સાધારણ કેદીમાં કરવામાં આવી હતી. અમને બેસવા માટે એક જુની પુરાણી સાદડી અને ઓઢવા માટે એક ગંદી કામળ આપવામાં આવી હતી; વાસણમાં એક લોઢાનો વાટકો અમને મળ્યો હતો. આ એક વાટકાનો ઉપયોગ અમારે હરેક રીતે કરવો પડતો. સુવા ટાણે તકીયો પણ અમે તેનોજ કરતા. ખોરાકમાં અમને ચપાટી આપવામાં આવતી, પણ તેમાં રેતીનો ભેળ તો હમેશાં હોયજ. સાથે મસુરની દાળ મળતી, પણ તેમાં મસુરનું નામ માત્ર જ હતું. ઘી કે તેલનો છાંટો સરખો તેમાં ન હતો. હું માંદો હતો એટલે મને દુધ આપવામાં આવતું, અને તે પણ જેવું તેવું જ. સાથે થોડોક ગોળ અને હલકા ચોખા મળતા.

કેદમાં હતો ત્યાં સુધી મારે કપડાની એકજ જોડથી ચલાવવું પડયું હતું. દાઢી, નખ પણ વધારવા પડયા હતા. આથી અમે શરીરે બહુ જ ગંદા રહેતા, અને અમારાં કપડાં-માં તો માંકડ ચાંચડ પણ થયા હતા.

૧૬ દિવસ પછી મને જામીન ઉપર છોડવામાં આવ્યો; અને ૬ ઠી જુને જામીનગીરી પણ પાછી આપવામાં આવી. મને શા સારૂ પકડવામાં આવ્યો હતો એની મને અત્યાર લગણુ ખબર પડી નથી.

૯૦

લાલા દિવાનચંદની જુબાનીઃ વય વર્ષ ૪૮. વ્યાપારી; અમૃતસર.

લાહોરની મેસર્સ વેસ્ટ એંડ હાઉસ અને અમૃતસરની મેસર્સ રામધન દિવાનચં-દની પેઢીમાં હું સૌથી મ્હોટો ભાગીદાર છું. ૧૯૧૮–૧૯ ની સાલમાં મારી પેઢીએ ૩૭૫૦ રૂપિયા ઇન્કમ ટેકસના ભર્યા હતા.

૨૮ મી એપ્રિલે હું મારા મિત્રની દુકાને બેઠો હતો. ત્યાં ભગવાનસિંહ સારજન, સાદા કપડામાં આવ્યો અને મને મારી દુકાને લઇ ગયો. પોલીસે મારી દુકાનની જડતી લીધી, અને કેટલાંક કાગળ્યાં લીધાં અને મને પકડી કોટવાલીએ લઇ ગઈ. કોટવાલીએ મને આખી રાત બેસાડી રાખ્યો ત્યાં મારી સાથે બીજા ૧૫ પ્રતિષ્ઠિત જનો હતા. અમને બધાને એક ન્હાની કોટડીમાં પૂરવામાં આવ્યા હતા.

બીજે દિવસે અમને બે બેને સાથે હાથકડી પહેરાવી, જેલમાં લઇ જવામાં આવ્યા.

જેલમાં મેં મારે ઘેરેથી ખાવાનું મંગાવવાની અનેકવાર અરજ કરી પણ તે નામંજુર થઈ, એટલે કેદીઓને અપાતો ખોરાક મારે લેવો પડયો. પૈસા લઇને પણ જેલમાંથી સારો ખોરાક આપવાની મને ના પાડવામાં આવી.

મને શા સારૂ પકડવામાં આવ્યો હતો એની મને હજી સુધી ખબર નથી. મેં શું ગુન્હો કર્યો હતો એ મને કોઈવાર કહેવામાં નહોતું આવ્યું. ૫ મી જુને મને છોડી મૂકવામાં આવ્યો.

૯૧

લાલા બાલમુકંદ ભાટીયાની જુબાની; વકીલ, અને

મ્યુનિસિપલ કમિશનર, અમૃતસર.

હું ૧૯ વર્ષ થયાં વકીલાત કરૂં છું.

અમૃતસરમાં ૨૩ મી અને ૨૯ મી માર્ચે રોલેટ બિલ સામે વિરોધ બતાવવા સભા કરવામાં આવી હતી. હું બન્ને સભામાં હાજર હતો, અને બન્ને સભામાં કોઇ પણ જાતની ગડબડ થવા પામી ન હતી.

૩૦ મી માર્ચે આખા શહેરમાં હડતાળ હતી. શહેરમાં કયાંય તોફાન થયું ન હતું. ૬ ઠી એપ્રિલે હડતાળ પાડવાનો વિચાર ન હતો, પરંતુ તે દિવસે આખા દેશમાં હડતાળ પાડવાની હતી, એટલે લોકોએ પોતાની મેળે જ ૬ ઠી એ પાછી હડતાળ પાડી હતી.

૧૦ મી એપ્રિલે સવારના શહેરમાં શાંતિ હતી. પણ પછી લોકોને ડૉ. સત્યપાલ અને ડૉ. કિચલુ શહેરપાર થયાની ખબર પડી. લોકોએ પોતાનો ધંધો રોજગાર તરતજ બંધ કર્યો, અને બંને ડૉકટરોને છોડી મૂકવાની ડેપ્યુટી કમિશનરને અરજી કરવા જવા નીકળ્યા. પણ રેલ્વે પુલ ઉપર તેઓને રોકવામાં આવ્યા. અને તેઓ ઉપર ગોળી ચલાવી વિખેરી નાંખવામાં આવ્યા. આ બધાની ખબર મને કોર્ટમાં પડી. કેટલાક વકીલો લોકોને વિખેરી નાંખવાના હેતુથી પુલ ઉપર ગયા હતા. હું ૩ વાગા સુધી કોર્ટમાં જ હતો પછી હું હેલ્થ ઓફીસરને બંગલે ગયો ત્યાં કેટલાક વકીલ બેરિસ્ટરો બેઠા હતા. સાંજ પડતાં હું ઘેરે ગયો.

૧૧ મી તારીખે સાંજના હું લાલા દુનીચંદ, એમ. એ. ને ઘેર ગયો હતો. રસ્તે ડૉ. બશીરના ઘર આગળ લોકોનું ટોળું એકઠું થયું હતું. હડતાળ ઉઘડાવવા શું ઉપાયો લેવા એનો વિચાર ચલાવવા કેટલાક અગ્રેસરો ત્યાં ભેગા થયા હતા.

૧૨ મી અને ૧૩ મીએ હું આખો દિવસ ઘેરે જ રહ્યો હતો. માર્શલ લૉ વિષેનો ઢંઢેરો કે સભા વિષેનો મનાઈ હુકમ મેં સાંભળ્યો ન હતો. ૧૩ મી એ સાંજના પાંચ વાગા પછી મરણ પામેલા અને ઘાયલ થયલા ઘણા લોકોને મેં જોયા, ત્યારે મને ખબર પડી કે બાગમાં ભરાયલી સભા ઉપર ગોળી ચલાવવામાં આવી છે.

૧૪ મી એપ્રિલે બપોરના બે વાગે જનરલે અમને લાઇબ્રેરીમાં બોલાવ્યા હતા. કમિશનરે અને જનરલે અમારી આગળ ભાષણ કર્યાં હતાં. તેઓ બંને ખૂબ ખીજવાયા હતા, અને જે કંઇ તોફાન થયું હતું તેનો દોષ અમારા ઉપર ઢોળ્યો હતો. સભા પૂરી

થયા પછી, અમે કેટલાકોએ દુકાન ઉઘડાવવાનો પ્રયત્ન કર્યો અને તેમાં અમે ફાવ્યા. ૧૫ મી તારીખે હડતાળ ઉઘડી ગઇ, અને પૂર્વવત્ કામકાજ ચાલુ થયું. ૧૦ મીની સાંજ પછી ક્યાંય તોફાન કે ગડબડ થયાં નહતાં, અને કોઈના જાનમાલને નુકસાન પણ પહોંચ્યું નહતું.

૨૦ મી એપ્રિલે જનરલે અમને બધા વકીલ બેરિસ્ટરોને રામબાગમાં ભેગા કર્યા હતા. ત્યાં અમને બધાને એક હારમાં ઉભા રાખવામાં આવ્યા, અને પછી અમારામાંથી ત્રણ જણને ખાસ કોન્સ્ટેબલ બનાવવાનો હુકમ સંભળાવવામાં આવ્યો. કોન્સ્ટેબલ તરીકેના કામની વહેંચણી કરવાનું કામ મિ. ગોપાળદાસ અને બીજા કેટલાક ગૃહસ્થોને સોંપવામાં આવ્યું હતું. તેઓ તે કામ કરી રહ્યા હતા તે અરસામાં અમને બધાને બે જણને ફટકા ખાતાં જોવા લઇ જવામાં આવ્યા, અને તે દેખાવ જોવા અમને હુકમ કરવામાં આવ્યો.

અમારે દરરોજ ત્રણવાર, સવારના ૯ વાગે, બપોરે ૧ વાગે અને સાંજના ૫ વાગે રામબાગમાં હાજરી આપવાની હતી, અને બાકીના વખતમાં અમારે શહેરમાં પહેરો ભરવાનો હતો. એટલે અમારો આખો દિવસ હાજરી આપવામાં જતો. અમને વારંવાર યાદ અપાવવામાં આવતું કે અમે કોન્સ્ટેબલ છીએ. ભૂલચૂક માટે અમને ફટકા મારવાની કે જેલમાં મોકલવાની ધમકી આપવામાં આવતી એટલું જ નહિ પરંતુ ફાંસીએ ચઢાવવાની બ્હિક પણ બતાવવામાં આવતી. સાધારણ કુલી પેઠે અમારી પાસેથી કામ લેવામાં આવતું. બીજા નોકરો હોવા છતાં અમારી પાસે ટેબલ ખુરસી ઉપડાવવામાં આવતાં, અને તે પણ જેઓ અમને માન આપતા તેની નજર આગળ.

પાંચ કે છ દિવસ રહી અમને સલામ ભરવાની તાલીમ આપવામાં આવી. અમારામાં કેટલાક ૬૦ અને ૭૫ સુધીની ઉમ્મરના હતા. અમારો ઉપરી લેફ્ટેનંટ ન્યુમન હતો, પણ પછી કોટન પ્રેસ્ટનર થયો હતો. તે અમારી સાથે સારી રીતે વર્તતો હતો.

૧૨ મી મેએ અમને છૂટા કરવામાં આવ્યા.

શહેરમાં શાંતિ હતી, અને અમને કોન્સ્ટેબલ બનાવવાની જરાય જરૂર નહતી; તેમ કરવામાં અમને શિક્ષા કરવાનો ઇરાદો અધિકારીઓનો હતો.

૯૨

લાલા સરબ દયાળ, બી. એ; હાઇકૉર્ટના વકીલની જુબાનીઃ (બાર એસોસિએશનના ઓનરરી સેક્રેટરી): વય વર્ષ ૪૪, અમૃતસર.

૧૦ મી એપ્રિલે બપોરના ટાઉન હૉલમાં ઓનરરી મેજીસ્ટ્રેટ આગળ હું એક કેસ ચલાવતો હતો, તે વખતે ટાઉન હૉલ પાસેથી “ મહાત્મા ગાંધીકી જય, ” “ સત્યપાલ–કિચલુકી જય ” ના પોકાર કરતું લોકોનું ટોળું જતું હતું, તપાસ કરતાં જણાયું કે ડૉ. સત્યપાલ અને ડૉ. કિચલુ શહેરપાર થયા છે અને લોકોએ હડતાળ પાડી છે. થોડીવાર રહીને પુલ પાસે ગોળીબાર થયાની ખબર આવી, અને મેજીસ્ટ્રેટે કોર્ટ બંધ કરી. ત્યાંથી હું સ્મોલ કૉઝિસ કોર્ટમાં જવા નીકળ્યો. તે પણ બંધ થયાની ખબર મને રસ્તે પડી, એટલે હું પાછો ફર્યો અને મારે ઘેર ગયો. ઘેર જતાં નેશનલ બેંકનું મકાન સળગતું મેં જોયું. ત્યાં કોઇ લોકો ન હતા.

૧૩ મી એપ્રિલની સવાર સુધી હું ઘરમાં જ રહ્યો હતો. તે દિવસે સવારના બળેલી જગ્યા જોવા હું બ્હાર નીકળ્યો હતો. બપોરના મેં મારા ઘર આગળથી દૂર એક બાંણુ ગાડી જતી જોઈ હતી, અને તેમાં બેઠેલા કંઈક જાહેર કરતા હતા. પાછળથી મને ખબર પડી કે તેઓ માર્શીયલ લૉનું જાહેરનામું વાંચતા હતા.

૧૧ મી થી ૨૨ મી એપ્રિલ સુધી કોર્ટ બંધ રહી, તે અરસામાં પોલીસે પકડા પકડી શરૂ કરી અને જારી રાખી. સૌ કોઈ ભયમાં જ રહેતા પોતાની પકડવાની વારી ક્યારે આવશે એની કોઇને ખાતરી ન હતી.

૨૩ મી એપ્રિલે અમને બધા વકીલ બેરિસ્ટરોને રામબાગમાં હાજર થવાનો હુકમ જનરલે કર્યો હતો. લગભગ બધા વકીલો હાજર રહ્યા હતા. જનરલે અમારી સમક્ષ હલકા શબ્દોમાં ભાષણ કર્યું; અને પછી અમને બધાને કોન્સ્ટેબલ બનાવ્યા અને અમારી વચ્ચે કાર્ય વહેંચણી કરવાનું કામ ત્રણેક જણને સોંપ્યું. તેઓ તે કામ કરતા હતા તે અરસામાં અમને બે જણને ફટકા ખાતા જોવાનો હુકમ થયો. આ દેખાવ જન્મભર ન ભૂલાય એવો હતો. એક ત્રિકોણ આકારના સ્તંભ ઉપર માણસને બાંધવામાં આવ્યો હતો. તેને સાવ નાગો કરવામાં આવ્યો હતો, અને આસપાસ રાઇફલ અને બેયોનેટ લઇને લશ્કરી માણસો ઉભા હતા, કરનલ સ્મિથ પણ તે વખત ત્યાં હાજર હતો. માણસને સ્તંભ સાથે બાંધી એક કેનની સોટીથી સખ્ત ફટકાવામાં આવ્યો. આ દેખાવ મારાથી જોઇ ન શકાયો એટલે હું સહેજ પાછળ ખસી ગયો; પણ બાપડા ફટકા ખાનારની ચીચીયારી મારા કાને પડયા વિના ન રહી.

લેફ્ટેનંટ ન્યુમન અમારો ઉપરી હતો. અમારા પ્રતિ તેનું વર્તન સાવ અણુછાજતું અને અપમાન કરનારૂં હતું; અમને તે તરછોડી કાઢતો અને ગાળો સુદ્ધાં આપતો. દિવસના ત્રણવાર અમારે પેરેડ કરવી પડતી; પણ પછી બેવાર કરવાનું નક્કી થયું હતું. બાકીનો વખત ધુપ તડકે અમારે શહેરમાં પહેરો ભરવો પડતો. અમારે દરરોજ રાચરચીલું એક ઠેકાણેથી બીજે ઠેકાણે ઉપાડી લઇ જવું પડતું. પંજાબના સૌથી મ્હોટા વકીલ લાલા કનૈયાલાલને પણ તેમજ કરવું પડતું. મ્હોટી ઉંમરનો કે અશક્તિનો વિચાર જ કરવામાં આવતો નહતો. ૨૭ મી એપ્રિલે મારે મારા ભાઈનું તેરમું સારવું હતું, પણ તે માટે પણ મને રજા નહોતી આપવામાં આવી.

અમને ૧૨ મી મે સુધી કોન્સ્ટેબલ તરીકે રાખવામાં આવ્યા તે દરમ્યાન, અમારો ધંધો સાવ બંધ થઇ ગયો હતો.

અમને કોન્સ્ટેબલ બનાવવાનો હેતુ અમને પજવવાનો, અને અમને હલકા પાડવાનો હતો. બાકી, શહેરમાં વ્યવસ્થા જાળવવા અમારી મદદની જરાય જરૂર નહતી. તે વખતે અમૃતસરમાં પોલીસ પુષ્કળ હતી. અને અમારી પાસે કોઇ પણ જાતનું અગત્યનું કામ લેવામાં નહોતું આવ્યું.

અધિકારીઓનાં ખોટાં વલણને લઇ અમૃતસરમાં રમખાણ થવા પામ્યું હતું. સરકાર સામે કાવત્રાં જેવું કંઈ જ નહતું.

૯૩

લાલા દુનિચંદ એમ. એ.,ની જુબાની: વય વર્ષ ૫૦. હાઈકોર્ટ વકીલ, અમૃતસર.

હું જીલ્લા કોંગ્રેસ કમિટીનો અને આગામી કોંગ્રેસની સ્વાગતકારિણી મંડળીની કાર્યકારિણી મંડળીનો સભાસદ છું.

૧૦ મી એપ્રિલ પહેલાં કોઇને સ્વપ્ને પણ ન હતું કે અમૃતસરમાં રમખાણ થશે.

અમૃતસરના કેટલાક વતનીઓ મહાત્મા ગાંધીની સત્યાગ્રહની ચળવળની તરફેણમાં હતા, પણ ઘણાઓ તેમાં સામેલ થવા તૈયાર ન હતા. કોંગ્રેસની સ્વાગતકારિણી મંડળી આ ચળવળથી શરૂઆતથીજ દૂર રહી હતી, અને તે મતલબનો ખુલાસો પણ બ્હાર પાડયો હતો.

૨૩ મી માર્ચે રોલેટ એકટ સામે વિરોધ પ્રદર્શિત કરવા પ્રજાજનની એક સભા થઇ હતી. સભાનું કામ સાંગોપાંગ ઉતર્યું હતું; અને તેમાં ડૉ. સત્યપાલે મહાત્માજીનો સત્યાગ્રહનો સંદેશો રીતસર સમજાવ્યો હતો; અને અત્યાચાર વિરૂદ્ધ ભારે અણગમો બતાવવામાં આવ્યો હતો. સભામાં કોઇએ સત્યાગ્રહ પ્રતિજ્ઞા નહોતી લીધી.

૩૦મી માર્ચે શોક પાડવામાં આવ્યો હતો, સભા ભરવામાં આવી હતી, અને હડતાળ પાડવામાં આવી હતી. આ વખતે પણ શહેરમાં કંઈ નવા જુનું થવા નહોતું પામ્યું.

૬ઠી એપ્રિલે બીજીવાર હડતાળ પાડવાનો વિચાર ન હતો, પરંતુ લોકોએ કોઈના કહ્યા વિના પોતાની મેળે હડતાળ પાડી હતી. આ પ્રસંગ પણ શાંતિથી પસાર થયો હતો.

૯મી એપ્રિલે રામનવમી હતી. મુસલમાનો પણ રામનવમી ઉજવવામાં સામેલ થયા, અને હિંદુ–મુસલમાન વચ્ચે પરસ્પર ભ્રાતૃભાવ જન્મતો અને વધતો જણાવા લાગ્યો. કેટલાક જુવાન મુસલમાનોનું એક સ્વયંસેવક મંડળ ઉભું થયું હતું, અને તેણે શહેરમાં ભારે ગરદીમાંથી આવજાવ કરવા હિંદુ બ્હેનોને માટે બંદોબસ્ત જાળવ્યો હતો.

થોડાક દિવસ ઉપર સરકારે ડૉ. કિચલુ અને ડૉ. સત્યપાલને લખતાં બોલતાં બંધ કર્યાં હતા; અને આથી લોકો આ બંને ડૉકટરોને વીર પુરૂષ તરીકે લેખવા લાગ્યા.

૧૦મી એપ્રિલે બંને ડૉકટરોને શહેરપાર કરવામાં આવ્યા તે પહેલાં શહેરમાં હમેશ મુજબ પ્રવૃત્તિ ચાલુ હતી. પરંતુ તેઓના શહેરપાર થયાની ખબર ફેલાતાં શહેરમાં એકદમ હડતાળ પડી, મને આ ખબર કોર્ટમાં મળી. મારી ખાતરી છે કે જે કંઇ રમખાણ વિગેરે થયું તે બન્ને ડૉકટરોને શહેરપાર કરવાનું પરિણામ જ હતું. હું એમ પણ માનું છું કે અધિકારીઓએ અગ્રેસરોને પોતાની સોડમાં લીધા હતે અને થોડીક કરામત વાપરી હતે તો રમખાણ થવા ન પામતે. મકાનો અને યુરોપિયનોને બચાવવામાં અતિશય બેદરકારી બતાવવામાં આવી હતી. તે દિવસે હિંદી અને યુરોપિયનોના જાન ગયા તે માટે અધિકારીવર્ગજ જવાબદાર છે.

રેલ્વે પુલ ઉપર ગોળીબાર થયાની ખબર અમને વકીલમંડળને કચેરીમાં પડી. અમને કેટલાકને થયું કે શહેરમાં ઉભી થયેલી ગડબડનો અંત લાવવા અમારે અધિકારીઓને મદદ કરવી જોઇએ; પણ લોકોના ટોળામાં જઈ પહોંચીએ તે પહેલાં ડેપ્યુટી કમિ-

શનરની રજા મેળવવી અમને જરૂરની જણાઈ. અમારા વતી મિ. માકબુલ મહમદ ડેપ્યુટી કમિશનરને મળી આવ્યો અને તેની રજા લેતો આવ્યો.

મેસર્સ કવેર્શી, સલારિયા, અને બીજો એક જણ અમારાથી પહેલાં ટાંગામાં રવાના થયા. મેસર્સ ટોડર મલ, બિહારીલાલ, કેશવરામ, માકબુલ મહમદ અને હું તેઓની પાછળ મોટરકારમાં નીકળ્યા. માડનની દુકાન પાસે અમે આવી પહોંચ્યા, અને ત્યાં અમે કેટલાક સોલ્જરો અને પોલીસનાં માણુસો દીઠા. અમારી આસપાસ કેટલાક લોક ઘેરાઇ ગયા, અને અમને બધી હકીકત કહેવા લાગ્યા; અમે તેઓને શાંત પાડયા.

પગે આવજાવ કરવા માટેના ન્હાના પુલ ઉપર લોકોની જબરી ઠઠ જામી હતી, હું તે તરફ લોકોને વિખેરી નાંખવા જતો હતો; પણુ રેલ્વે સ્ટેશન તરફ લોકોને ધસતા જોઇ મિ. પ્લોમરે મને ત્યાં મોકલ્યો. મારી સાથે મેસર્સ ટોડરમલ, યસિન, કવેર્શી, માકબુલ મહમદ અને કેશવરામ પણુ હતા. અમે લોકોને સ્ટેશનના કમ્પાઉંડમાંથી બ્હાર કાઢવા મથવાં લાગ્યા, અને અમે તેમ કરવામાં ફાવ્યા પણુ ખરા. પરંતુ તેઓએ સ્ટેશનની મિલકતને કેટલુંક નુકસાન તો પહોંચાડી દીધું. સ્ટેશન પાસેના ગોલબાગમાં લોકોને લઇ જઇ અમે સમજાવવા લાગ્યા; પણુ તેઓ અમારા તરફ વ્હેમાયા હતા પરંતુ તેઓને સમજાવી અમે તાર ઓફીસ સુધી લઈ ગયા, અને ત્યાંથી જાલીયાંવાલા બાગમાં મોકલવા લાગ્યા. તેઓ ગોળાથી હણુાયલાનાં શબ જોતા હતા, અને તેનો બંદોબસ્ત કરવાનું અમે માથે લીધું.

લોક જાલીયાંવાલા બાગ તરફ જવા લાગ્યું. પણુ તેવામાં તેઓ ઉપર ગોળીબાર થયો. લોકો ખીજવાયા, અને અમને ગાળો આપવા લાગ્યા. અમને થયું કે હવે અમારાથી કંઈ નહિ બને એટલે મેસર્સ યસિન, મજીદ અને હું ત્યાંથી જતા રહ્યા. જવા પહેલાં અમે મિ. પ્લોમરને મળ્યા અને બધી હકીકત તેને સમજાવી. જતાં જતાં રસ્તે અમે પાછો ગોળીબારનો અવાજ સાંભળ્યો હતો.

રસ્તે, ડૅા. રોઝડન મળવાથી, અમે એને ઘેર ગયા; અને સાંજના ૬ સુધી ત્યાંજ રહ્યા. શહેરમાં પાછા ફરતાં મેં મિશનચર્ચને બળતું જોયું હતું. શહેર સાવ ઉજ્જડ જણુાતું હતું.

૧૧ મી એપ્રિલે સવારના આઠ વાગે લાલા ટોડરમલ અને મિ. યસિને ડેપ્યુટી કમિશનરનો હુકમ મસજીદમાં લોકોને કહી સંભળાવ્યો. તે પ્રમાણે શબ સાથે આઠથી વધારે જણુને જવાની મનાઇ કરવામાં આવી હતી. લોકો આ હુકમથી નારાજ થયા હતા. અને તેઓ શબને તે પ્રમાણે લઈ જવાનો વિચાર જ નહોતા રાખતા. મને આની ખબર પડતાં હું લોકોમાં ગયો; પણુ તેઓ અમારી ઉપર શંકાશીલ નજરે જોતા હતા, એટલે હું પાછો મારે ઘેર ગયો.

મારૂં ઘર ડૅા. બશીરના ઘરની સામે છે. તેજ દિવસે સાંજના મેં લાલા ધોલનદાસ, લાલા ટોડરમલ વિગેરેને ત્યાં જતા જોયા. હડતાળ વિષે કંઇક વિચાર કરવો હશે એમ ધારી હું પણુ ત્યાં ગયો. લાલા ધોલનદાસ ઓનરરી મેજીસ્ટ્રેટ છે. મને લાગે છે કે તે અધિકારીઓ સાથે વાતચીત કરી ત્યાં આવ્યો હતો. જ્યારે ડૅા. બશીરના ઘરમાં મસલત

ચાલતી હતી ત્યારે હેઠળ રસ્તામાં લોકો ભેગા થયા હતા. તેઓ હડતાળનો અંત આણવાની વિરૂદ્ધ જણાતા હતા, મસલત ખુબ ચાલી, પણ ત્યાં ભેગા થયેલા કોઇ એક ઠરાવ ઉપર ન આવી શકયા, અને બધા પાછા એમને એમ ગયા.

૧૨ મી તારીખે શહેરમાં શાંતિ હતી. અધિકારીઓએ શહેરને પડતું મુકયું હતું.

૧૩ મી તારીખે લગભગ આખો દિવસ હું ફરિદચોકમાં આવેલી મારી ઓફીસમાં જ હતો. પણ મેં માર્શીયલ લૉ વિષેનો ઢંઢેરો કે સભાઓ વિષેનો મનાઇ હુકમ સાંભળ્યો ન હતો. સાંજના જાલીયાંવાલા બાગમાંથી ઘાયલ થએલા અને હણાયલા જનોને લઇ જવાતા જોઇ હું તો ચકિત જ થઇ ગયો.

૧૪ મી એપ્રિલે શહેરના અગ્રેસરોની સભા બોલાવવામાં આવી હતી. તેમાં કમિશનર, ડેપ્યુટી કમિશનર અને જનરલે ભાષણ કર્યાં હતા; લોકોનું અપમાન કર્યું હતું, અને પોતાની મેળે લોકો દુકાનો નહિ ખોલે તો બળજોરી વાપરી ઉઘાડી નાખવાની ધમકી આપી હતી. સભા ખલાસ થયા પછી કેટલાક જણે દુકાન ઉઘડાવવા પ્રયત્ન કર્યો હતો.

૨૨ મી તારીખ સુધી કોર્ટ બંધ રહી, ૨૩ મીએ અમને બધા વકીલોને રામબાગમાં બોલાવામાં આવ્યા હતા; અને ત્યાં જનરલે અમને બધાને કોન્સ્ટેબલ નીમ્યા. બાગમાં બે જણને અતિશય ફટકા મારવામાં આવ્યા હતા. અમને બધાને એ બે જણને ફટકા ખાતાં જોવાનો હુકમ કરવામાં આવ્યો હતો. આમ કરવાનો શું હેતુ હશે એ હુ જાણતો નથી. વખતે અમને આડકતરી રીતે સુચના કરવાનો હેતુ હશે કે અમે ઠીક રીતે નહિ વર્તીએ તો અમારા પણ આવા હાલ થશે.

લેફ્ટેનંટ ન્યુમન અમારો ઉપરી હતો. તેનામાં દયા કે સભ્યતા લેશ માત્ર ન હતી. અમારૂં એ બેહદ અપમાન કરતો, અને વખતો વખત અમને ફટકા મારવાની અને ગોળીથી વિંધી નાંખવાની ધમકી સુદ્ધાં આપતો. આખો દિવસ સખ્ત તાપમાં અમારે શહેરમાં પહેરો ભરવો પડતો: બે વાર પેરેડ કરવી પડતી, અને કુલી પેઠે કામ કરવું પડતું. એકવાર તો સલામ કેમ કરવી એની તાલીમ અમને આપવામાં આવી હતી. અમારામાંથી ૬૦–૭૦ વર્ષના વકીલોને પણ આ બધા કામમાંથી મુક્ત કરવામાં નહોતા આવ્યા.

અમને કોન્સ્ટેબલ બનાવવાની કંઇજ જરૂર નહતી. શહેર સાવ શાંત હતું, અને પોલીસના માણસો પણ ઘણા હતા. અમને કોન્સ્ટેબલ બનાવવાનો હુકમ મને લાગે છે કે ગેરકાયદેસર હતો. વકીલ મંડળે રોલેટ એકટ વિરૂદ્ધ ચળવળ કરવામાં ભાગ લીધો હતો એટલે તેને શિક્ષા કરવાના હેતુથી જ આ હુકમ કાઢવામાં આવ્યો હતો એવી મારી ખાતરી છે.

૯૪

પંડિત રાજેન્દ્ર મિશ્ર, બી. એ, એલ. બી, ની જુબાની: હાઇકોર્ટ વકીલ અમૃતસર.

રોલેટ બિલની સામે આખા દેશમાં ભારે ચળવળ ચાલી; છતાં સરકારે રોલેટ એકટ ઘડયો. અમૃતસરમાં પણ રોલેટએકટ સામે વિરોધ દર્શાવવા સભાઓ થઇ હતી. ડૉ. સત્યપાલ અને ડૉ. કિચલુએ આ ચળવળમાં આગળ પડતો ભાગ લીધો, અને આખા શહે-

રમાં માનીતા થઇ પડયા. મેં એકાદ સભામાં હાજરી આપી હતી, અને તેમાં નીતિધારાને માર્ગેજ જવાની સલાહ લોકોને આપવામાં આવી હતી. ૯ મી તારીખે રામનવમી હતી. મુસલમાનોએ રામનવમી ઉજવવામાં હિંદુઓ સાથે ભાગ લીધો હતો.

૧૦ એપ્રિલે બંને ડોકટરો શહેરપાર થયાની, ગામમાં હડતાળ પડયાની અને રેલ્વે પુલ ઉપર ગોળીબાર થયાની ખબર મને કોર્ટમાં પડી. લોકોને શાંત કરવા અને અધિકારીઓને મદદ કરવા જવા કેટલાક વકીલોનો વિચાર થયો; અને તે પ્રમાણે લાલા દુનિચંદ, લાલા ટોડરમલ અને બીજાઓ મોટર કારમાં રવાના થયા, અને પંડિત ગુરૂપ્રસાદ, ચેતીરામ અને હું ટાંગામાં નીકળ્યા. અમારા આ વિચારને અમલમાં મેલવા માટે અમે અગાઉથી ડેપ્યુટી કમિશનરની રજા મેળવી હતી. અમે ન્હાના પુલ પાસે આવી પહોંચ્યા, અને ત્યાં પુલ ઉપર લોકની ભારે ભીડ જોઈ. પુલ ઉપરથી લોકોને વિખેરી નાંખવા અમને બહુ મ્હેનત કરવી પડી; પણ અંતે અમે તેમ કરવામાં ફાવ્યા. લોક પુલ ઉપરથી ઉતરી ગયું કે તરત સોલજરોએ તેનો કબજો લીધો. આ જોઇ લોકો ખીજવાયા, અને વ્હેમાયા; પણ અમે તેઓને જેમ તેમ કરી જાલીયાંવાલા બાગ તરફ રવાના કર્યા. આ વખતે લોકોનું બીજું ટોળું વાહન માટેના પુલ તરફ ધસતું હતું, અને ત્યાં ગુરદયાળસિંહ લોકોને પાછા વળવા સમજાવી રહ્યો હતો. પણ પાછો ગોળીબાર થયો અને લોકો બહુ ઉશ્કેરાઈ ગયા. મેં જોયું કે મારાથી હવે કંઈ નહિં થાય એટલે હું મારે ઘેર ચાલતો થયો. ૧૦ મીથી ૧૩ મી તારીખ સુધી શહેરમાં કંઈ ગડબડ નહતી. પોલીસે શહેરનું રક્ષણ કરવું સાવ છોડી દીધું હતું. લોકોએ પોત પોતાનો બંદોબસ્ત કરી લીધો હતો.

૧૩ મી એપ્રિલે હું મારી ઓફીસે હતો ત્યારે કેટલાક મિત્રો મને જાલીયાંવાલા બાગની સભામાં તેડી જવા આવ્યા. તેઓએ સાંભળ્યું હતું કે લાલા કનૈયાલાલ પ્રમુખ થવાના છે અને લાલા દુનિચંદ ભાષણ કરવાના છે. માર્શીયલ લૅા વિષેના ઢંઢેરાની અને સભાઓ વિષેના મનાઇ હુકમની મને ખબર નહતી. એટલે હું સભામાં જવા નીકળ્યો. ટાઉન હૅાલ પાસે અમે જઇ પહોંચ્યા, અને ત્યાં અમે લશ્કરને અમારા તરફ આવતાં જોયું. તે કયાં જતું હતું એ જોવા અમે ત્યાં ઉભા. લશ્કર સભા ભણી જતું જણાયું. અમે તેની પાછળ પાછળ જવા લાગ્યા. અમે કૃષ્ણ મારકેટ પાસે થોભી ગયા, અને લશ્કર તો આગળ ચાલી ગયું. પાંચેક મિનિટ રહી અમે ગોળીબારનો અવાજ સાંભળ્યો; અને બજારમાં લોકોને નાસભાગ કરતાં જોયા. અમે ત્યાં પુછપરછ કરી અને ગોળીબારની હકીકત જાણી. બાગમાં બેએક હજાર માણસ ઘાયલ થયા અને માર્યા ગયા એવી વાત અમે બજારમાં સાંભળી. આ દિવસથી લોકોમાં ત્રાસ પેઠો હતો; અને દરરોજ કોઇને કોઇ પકડાતું. લોકો ઘર બ્હાર નીકળવાની હિંમત પણ નહોતા કરતા. આખું શહેર ઉજ્જડ અને તજાયલું લાગતું હતું.

૨૩ મી તારીખે જનરલે આખા વકીલ મંડળને રામબાગમાં ભેગું કર્યું હતું. તેણે અમારી બધાની કોન્સ્ટેબલ તરીકે નીમણુંક કરી અને બે ત્રણને અમારી વચ્ચે કાર્ય વહેંચણી નક્કી કરવા જણાવ્યું. તેઓ તે કામ કરી રહ્યા હતા તે વખતે બાગમાં બે જણને ફટકા મારવામાં આવ્યા હતા અને અમને બધાને તે જોવાનો હુકમ થયો હતો. અમારો

ઉપરી લેફ્ટેનંટ ન્યુમન હતો; તે વારેવારે અમારૂં અપમાન કરતો. અમને દિવસમાં બે પેરેડ કરવી પડતી; અને આખો દિવસ શહેરમાં પહેરો ભરવો પડતો. અમને આ માંથી ૧૨ મી મેએ છોડવામાં આવ્યા. આ અરસામાં અમારો ધંધો સાવ બંધ હતો. વકીલોએ કોઈપણ જાતનો ગુન્હો નહોતો કર્યો, છતાં તેઓને પજવવામાં આ હતા, તેઓનું અપમાન કરવામાં આવ્યું હતું.

૯૫

લાલા ગુરમુખરાય પ્લીડર અને મ્યુનિસિપલ કમિશનરના છોકરા
લાલા હરગોપાલ ખાના, બી. એ. ની જુબાની: વય, વર્ષ ૩૧;
એન. ડબલ્યુ. રેલ્વેના ચિફ ઑડીટરની ઑફીસમાં નોકર; અમૃતસર.

૧૮ મી એપ્રિલે સાંજના હું કરમન દેવડી રસ્તે જતો હતો. મેં મારી પાછળ લીક ઘોડેસવાર પોલીસ અને એક મોટરકાર આવતી જોઈ હું બાજુ થઇ ગયો, અને રકાર મારી આગળથી ચાલી ગઈ. કારમાં કેટલાક લશ્કરી અમલદારો હતા. થોડેક દૂર કાર ઉભી રહી અને તેમાં બેઠેલ એક અમલદારે મને પોતા પાસે બોલાવ્યો. આ અમલ જનરલ ડાયર હતો એમ મને પછીથી ખબર પડી.

જનરલને મેં સલામ નહોતી કરી. પ્રથમ તો મેં જનરલને ઓળખ્યો નહતો, બીજું સલામ ભરવાના હુકમની મને ખબર નહતી. પરંતુ જનરલે બીજે દિવસે સવા નવ વાગે રામબાગમાં હાજર થવા મને ફરમાવ્યું, અને તેના કહેવાથી એક દેશી કારભ એ મારૂં નામ અને ઠેકાણું લખી લીધાં.

થોડેક છેટે મિ. પ્લોમર ઉભેલ હતો. રામબાગમાં મારે કલબ હાઉસમાં હાજર વાનું છે કે બીજે ક્યાંય એમ મેં તેને પુછ્યું. મને તેનો જવાબ આપવાને બદલે તેણે ઘોડેસ્વાર સાથે કોટવાલીએ મોકલી આપ્યો. કૉન્સ્ટેબલ મને ક્યા ડગલાંનાં લઇ અને ત્યાં બીજા બે ત્રણ સાથે મને પણ ભીનાશવાળી જમીન ઉપર બેસાડ્યો; ત્યાં બ માણસોને પણ પકડી લાવવામાં આવ્યા હતા, અને રાતના સાતના સુમારે અમને જણને કોટવાલીએ લઇ જવામાં આવ્યા.

કોટવાલીમાં આખી રાત મેં જેમ તેમ કાઢી. બીજે દિવસે અમને રામબાગ જવામાં આવ્યા. ત્યાં એક લશ્કરી હવાલદારે અમને સલામ ભરવાની, અને વિશેષ ચાલતાં ચાલતાં સલામ કરવાની તાલીમ આપી, અને પછી અમને છોડી મુકવામાં આ

૯૬

લાલા ગુજરમલ સુખમલની જુબાની: ગુરૂ બજાર, અમૃતસર.

૧૭ મી એપ્રિલે હું મારી દુકાને બેઠો હતો. સાંજના ચાર વાગાના સુમારે મોટર કાર અને કેટલાક સોલજરો મારી દુકાન આગળથી પસાર થયા. સોલજરોએ દુ બેઠેલા અમને બધાને ઉભા થઇ સલામ કરવા કહ્યું. અમે તેમ કર્યું. પણ મારી દુકાને થોડેક દૂર ઉભેલ કારમાં બેઠેલ અમલદારે મને તેની પાસે બોલાવી મંગાવ્યો અને મેં સારૂ સલામ ન ભરી એમ મને પુછ્યું. મેં સલામ કરી હતી, છતાં બીજે દિવસે રામબાગમાં હાજર રહેવા હુકમ થયો; મારૂં નામ-ઠામ લઈ લેવામાં આવ્યું, અને પોલીસને સોંપવામાં આવ્યો. પોલીસ મને ગલી કુરીચ્છામાં લઇ ગઇ, અને ત્યાં બીં

સોલજરોને સોંપી દીધો. બીજા દશેક જણ ત્યાં બેઠેલા હતા. અમને બધાને ઉઘાડે માથે બેસવાનો હુકમ થયો હતો.

સાંજના છએક વાગે અમારા હાથ બાંધવામાં આવ્યા, અને અમને કોટવાલીએ લઈ જવામાં આવ્યા; ત્યાં અમારે આખી રાત ગાળવી પડી. બીજે દિવસે સવારના અમને રામબાગ લઈ જવામાં આવ્યા. રામબાગમાં અમને સલામ ભરવાની તાલીમ પોણા કલાક સુધી આપવામાં આવી, તાલીમ આપવા માટે ત્રણ જણને રોકવામાં આવ્યા હતા તાલીમ ખલાસ થયા પછી અમને ઘણા અંગ્રેજોને સલામ કરવા હુકમ થયો; અને પછી. અમને છોડી મુકવામાં આવ્યા.

૯૭

મિ. લાભચંદ શેઠની જુબાનીઃ વય વર્ષઃ ૪૦. કહાન કહાનની પેઢીનો મેનેજર; રહેવાનું ઠેકાણુંઃ કચ્ચા ડગલાં, અમૃતસર.

૧૩ મી એપ્રિલે હું જાલીયાંવાલા બાગની સભામાં ગયો હતો. માર્શીયલ લૉના ઢંઢેરાની કે સભાઓ ન ભરવા વિષેના જાહેરનામાની મને ખબર નથી. બાગમાં વિશેકહજાર માણુસ ભેગું થયું હતું. તેમાં છોકરાઓ પણ ઘણા હતા. સોલજરોએ જરા પણ ચેતવણી આપ્યા વિના લોકો ઉપર ગોળી ચલાવી હતી.

૧૮ મી એપ્રિલે ગુડફ્રાઇડેની રજા હતી. મારૂં ઘર કચ્ચા ડગલાંમાં છે. ત્યાં હું બપોરના બે વાગાના સુમારે મારી ઑફીસના કેટલાક માણુસ સાથે વાત કરતો બેઠો હતો. તેવામાં મિ. પ્લોમર અને કેટલાક સોલજરો અને પોલીસના માણુસો ત્યાં આવી ચઢ્યા, અને ગલીનો કબજો લીધો. અમારામાંથી કોઇએ બારીમાંથી બ્હાર જોયું કે મિ. પ્લોમરે તેના ઉપર ચાબૂકનો ઘા કર્યો, પણ તેને ન લાગતાં બારી ઉપર પટકાયો. થોડીવાર રહીને મારા ઘરના બારણા ખૂબ ખખડાવવામાં આવ્યા, અને મારા ઘરનો નીચેનો ભાગ ૧૨ સોલજરો અને એક સારજન્ટના ઉપયોગ માટે ખાલી કરી આપવા મને હુકમ થયો.

ગલીમાં એક ત્રિકોણ આકારનો સ્તંભ ઉભો કરવામાં આવ્યો હતો; અને એના ઉપર લોકોને બાંધી, ફટકાવવામાં આવતા. એમને એમ પણ ઘણાઓને માર મારવામાં આવતો.

સાંજના મારી ઑફીસના બે માણુસોને પોતાને ઘેર જવું હતું; તેઓને પગે ચાલી જવાની રજા ન મળી. ગોકળગાયની પેઠે તેઓને પેટે ચાલી જવું પડયું હતું.

આ ગલીમાં સોલજરો ૭ દિવસ સુધી રહ્યા. જે કોઇને આ રસ્તે થઈ જવાનું હતું તેને પેટે ચાલી જવું પડતું. તેમાં કોઈ પણ જાતનો ભેદભાવ રાખવામાં નહોતો આવતો. જો કોઇ આમાંથી છુટી જવા કરગરતો તો તેને જમીન ઉપર પટકી નાખવામાં આવતો, તેને લાતો મારવામાં આવતી, અને તેના ઉપર અત્યાચાર કરી તેને પેટે ચલાવવામાં આવતો. પશુ પેઠે હાથે પગે જવાની પણ મનાઈ હતી.

આ લત્તામાં રહેનારાઓની દશા બહુ ભુંડી થઈ હતી, તેઓને ખાધા ખોરાકી અને પાણીની અતિશય અગવડ વેઠવી પડી હતી.

આ ગલીની પાસે એક જૈન મંદીર છે. સોલજરો મંદીરના કબુતરોને કાંકરાથી મારતા, ત્યાંને ત્યાં પકાવતા, અને ત્યાંને ત્યાં ખાતા. કબુતરોને મારવા જતાં તેઓએ ઘણી બારીઓના કાચ ભાંગ્યા હતા, અને ઘરમાં બેસનારાઓને પણ ઇજા કરી હતી.

સોલજરોને મારે ત્યાં રાખવા પડ્યા હતા. તેના બદલામાં મને પેટે ચાલવાની ફરજ પાડવામાં નહોતી આવી. બીજા કોઇને મારી પેઠે માફી મલી હોય એવી મને ખબર નથી.

૯૮

કનૈયાલાલ ગુલાબરાયની જુબાની: ઉમ્મર વર્ષ : ૨૫. લાલા બુટે શાહને ત્યાં નોકર; અમૃતસર.

હું એક દિવસે મારા સગાને ત્યાં કચા ડગલાંમાં ગયો હતો. ત્યાં કેટલાક સોલજરો ઉભા હતા. તેઓએ મને ઉંધો સુવાની ફરજ પાડી. પછી હું ઉઠવા જતો હતો, પણ તેઓએ મને બંદુકથી ગોદા માર્યા અને પેટે ચાલવાની ફરજ પાડી. ત્યાંથી પાછા જતાં પણ મારે તેમ જ કરવું પડયું હતું.

મારા સગાને ત્યાં હું હતો ત્યારે બીજાઓને પણ પેટે ચાલતાં મેં જોયા હતા. એક બુઢા લંગડા મુસલમાનને પણ તેમ કરવાની ફરજ પાડવામાં આવી હતી. તેને પણ લાતો મારવામાં આવી હતી, અને બંદુકના ગોદા પણ લગાવવામાં આવ્યા હતા.

પાસેના જૈન પાંજરાપોળના કબુતરોને સોલજરો મારતા, અને ત્યાંજ પકાવીને ખાતા.

૯૯

લાલા દેવીદાસ કુરીચ્છની જુબાની: બેંકર; વય વર્ષ: ૨૮. કચાકુરીછાં, ગુરૂબજાર, અમૃતસર.

૨૦ મી એપ્રિલે સવારના ૬. ૩૦ વાગે હું મારે ઘેરેથી બ્હાર જતો હતો તેવામાં સોલજરો ગલીમાં આવી પહોંચ્યા, અને મને પેટે ચાલી જવાનો હુકમ કર્યો. મેં પાછું ઘેરે જવા જણાવ્યું, પણ મને પાછા જવા રજા ન મળી. મને પેટે ફરજીયાત ચલાવવામાં આવ્યો. પહેલાં હું હાથેપગે જવા લાગ્યો, પણ મને બેઓનેટ દેખાડવામાં આવી, એટલે મારે પેટે ચાલવું પડયું.

થોડાક દિવસ રહી મને, મારા ભાઇને અને મારા ભત્રીજાને કોટવાલીએ બોલાવવામાં આવ્યા હતા. મિ. પ્લોમર અને સુખસિંહ ત્યાં બેઠેલા હતા. તેઓએ મિસ શેરવુડ ઉપર હુમલો કરનારાનાં નામ અમારી પાસે માંગ્યા. પરંતુ અમને તેની ખબર નહતી. એટલે મિ. પ્લોમરે અમારા ઉપર ગાળો વર્ષાવી, અને પછી અમને જવાની રજા આપી. તેજ દિવસે અમને પાછા એક સબ-ઇન્સ્પેકટરે બોલાવ્યા હતા; તેણે પણ ગાલીપ્રદાન કર્યું હતું; અને લાલા ધોલનદાસના વચ્ચે પડવાથી અમને ઘેર જવાની રજા મળી હતી.

* * * *

૧૦૨

લાલા રાલીયારામ સાલીગ્રામની જુબાની: અફીણનો કંટ્રાકટર; ઉમ્મર વર્ષ: ૨૨. ડગલાં ગલી, અમૃતસર.

મારૂં ઘર જૈન સભાના મંદીર પાસે છે. સોલજરોને ડગલાં ગલીમાં પહેરા ઉપર

રાખવામાં આવ્યા હતા. એક દિવસે હું મારી દુકાનેથી બ્હાર ચાલીને જતો હતો; પણ સોલજરોએ મને પેટે ચાલવાની ફરજ પાડી. હું પેટે ચાલતો હતો ત્યારે સોલજરોએ મને લાતો મારી હતી અને બંદુકના ગોદા માર્યા હતા. તે દિવસે હું પાછો ઘેરે જમવા ન ગયો; અને રાત્રે સોલજરો જતા રહ્યા પછી હું ઘેરે ગયો. પછીથી મેં એવો નિયમ જ રાખ્યો હતો કે સોલજરો સવારના આવે તે પહેલાં જતા રહેવું, અને રાત્રે જાય પછી આવવું. પુરા આઠ દિવસ સુધી એક પણ ભંગી ગલીમાં દેખાયો ન હતો. એટલે ઘરનો બધો કચરો ત્યાંજ પડયો રહેતો; સંડાસ પણ સાફ થયા વિનાના રહેતા, અને પાણી ભરનારા પણ નહોતા આવતા. એટલે રાત્રે હું ઘેરે આવતો ત્યારે હું પાણી ભરી લાવતો. શાકપાન કે બીજી ખાધાખોરાકી પણ નહોતી મળી શકતી.

* * * *

૧૦૪

લાલા ઇશરદાસની જુબાનીઃ ઉમ્મર વર્ષઃ ૩૨, કહાન કહાનની પેઢીમાં નોકરી; અમૃતસર.

૧૮ મી એપ્રિલે હું લાભચંદ શેઠને ઘેર ગયો હતો. અમે ત્યાં બેઠા હતા તેવામાં મિ. પ્લોમર, કેટલાક સોલજરો, અને પોલીસના સિપાઇઓ ગલીમાં આવી ચઢયા. અમે બારીમાંથી બ્હાર જોતા હતા, એટલે મિ. પ્લોમરે અમારા તરફ ચાબુકનો ઘા કર્યો, પણ અમને ન લાગતાં બારીની પાળ ઉપર પડયો. પછી અમે ઉપર ગયા. થોડીક મિનિટ રહીને લાભચંદ પાસે નીચેની જગ્યા ખાલી કરાવવામાં આવી અને તેમાં સોલજરોને માટે ગોઠવણ કરવામાં આવી.

સાંજના ચાર વાગાના સુમારે પનાલાલ, મેલારામ, અને મારે ઘેરે જવું હતું. પોલીસે અમને પગે ચાલીને જવા રજા ન આપી, પણ પેટે ચાલીને જવા જણાવ્યું; અમારે ઘેર જવાનો બીજો કોઇ રસ્તો ન હતો, એટલે લાચારીએ અમને તેમ કરવું પડયું હતું.

૧૦૫

કહાનચન હજામની જુબાનીઃ ઉમ્મર વર્ષઃ ૫૫, ટીવારીયાં મહોલો, અમૃતસર.

હું છેલ્લાં વિશ વર્ષ થયાં આંધળો છું. વખતોવખત હું કચા કુરીચ્છાંમાં ખાવા જાઉં છું. ૧૮ મી એપ્રિલે હું મારી લાકડીના ટેકે ધીમે ધીમે તે રસ્તે જતો હતો. પોલીસના સિપાઇએ મને આગળ જતાં અટકાવ્યો, પણ મેં બહુ આજીજી કરી એટલે મને પેટે ચાલી જવાની શરતે તે રસ્તે જવા રજા આપવા તેણે ઇચ્છા જણાવી. હું બે દિવસ થયા ઉપવાસી હતો, પણ સિપાઇએ તે ઉપર ધ્યાન ન આપ્યું, અને મારે પેટે ચાલી જવું પડયું, અને તેની સાથે મારે લાતો પણ ખાવી પડી.

૧૦૬

અબ્દુલ્લાહની જુબાનીઃ શિખ; ઉમ્મર વર્ષઃ ૩૫, અમૃતસર.

હું છોકરાઓને શીખાડવાનું કામ કરૂં છું. દરરોજ સવારના હું છોકરાઓને તેડવા જાઉં છું. કુરિચ્છાં ગલીમાં મારે ત્યાં શીખતા ૧૫ એક છોકરાઓ રહે છે. તેઓને બોલાવવા

એક દિવસ હું ગયો હતો. મારી સાથે સાત વર્ષનો એક છોકરો હતો. ગલીમાં પહેરા ઉપર ઉભેલા સોલજરોએ મને પેટે ચાલી જવાનીફરજ પાડી. એ જોઈ છોકરો ચીસ પાડવા લાગ્યો; તેને ઘેરે જવા દેવામાં આવ્યો. પેટે ચાલવાથી મારા આખા શરીર ઉપર લીસોટા પડી ગયા હતા. આ પછી સાત આઠ દિવસ સુધી હું મારે ઘેર જ રહ્યો હતો.

૧૦૭

રાલીયારામ દુલુમલની જુબાનીઃ ઉમ્મર વર્ષ; ૫૮, પોસ્ટ ઑફીસ પેનશનર; ઠેકાણું, કચા ડગલાં, અમૃતસર.

સાત આઠ દિવસ સુધી કચા ડગલાંમાં લશ્કરી પહેરો રહ્યો હતો. પહેલે દિવસે મને સબ-ઈન્સ્પેકટરે બોલાવ્યો અને મિસ શેરવુડ ઉપર હુમલો કરનારાનાં નામ મારી પાસે માંગ્યા. મને ખબર ન હોવાથી, મેં કોઈના નામ ન આપ્યા; એટલે સબ-ઇન્સ્પેકટરે મને સોટીએથી માર માર્યો, અને મારી દાઢી ખેંચી. મને આખી ગલીમાં ફેરવ્યો અને તે વખતે મારી દાઢી ખેંચવી તેણે ચાલુ રાખી હતી. પછી મને છોડી મુકયો.

મેં ઘણા જણને પેટે ચાલતા જોયા છે. કોઇએ ઇચ્છાપૂર્વક તેમ નહોતું કર્યું. પેટે ચાલવા કોઈ ના પાડતું, તો તેને બંદુકથી ગોદા મારવામાં આવતા.

૧૦૮

રખારામ નંદલાલની જુબાનીઃ વૈદ; ઉમ્મરઃ વર્ષ ૩૯; ઠેકાણું, કચા ડગલાં, અમૃતસર.

મારૂં ઘર કચા ડગલાંમાં છે. ૧૮ મી એપ્રિલે સવારના આઠ નવ વાગે મિ. પ્લોમર અને કેટલાક પોલીસના સિપાઇઓ કચા ડગલાંમાં આવ્યા અને સલામ ન કરવા માટે કેટલાક લોકોને ગાળો ભાંડી, અને ફટકાવ્યા. તેજ દિવસે બપોરના ત્યાં સોલજરો પહેરા ઉપર આવ્યા, ન્હેર ખાતાંના એક મ્હેતાને બે પગ વચ્ચેથી હાથ કાઢી કાન પકડવાની ફરજ પાડવામાં આવી હતી; અને તેને જોરેથી માર મારવામાં આવ્યો હતો. તેના બાપ રાલીયારામની દાઢી ખેંચવામાં આવી હતી. કેટલાક જણને પેટે ચાલતા મેં જોયા હતા. સાંજના મને પણ તેમ જ કરવું પડયું હતું. મારી ગાય માટે ઘાસ લઇ હું લગભગ મારા ઘરના બારણા સુધી જઈ પહોંચ્યો; પણ ત્યાં મને અટકાવવામાં આવ્યો, અને કુવા પાસેથી મને પેટે ચાલવાની ફરજ પાડવામાં આવી. હું મારી ઈચ્છાએ પેટે ચાલ્યો ન હતો.

બ્રિટિશ સોલજરો મારા બારણામાં જ મળમૂત્ર ત્યાગ કરતા; તે દિવસોમાં ભંગી પણ અમારી ગલીમાં ન આવતા; એટલે મળ ત્યાંજ સબ્યા કરતો. સોલજરો કુવામાં પણ મળમૂત્રનો ત્યાગ કરતા; એટલે પાણી માટે પણ અમને હાડમારી વેઠવી પડી હતી.

૨૦મી એપ્રિલથી આ ગલીમાં રહેવું મેં છોડી દીધું અને મારા એક સંબંધીને ત્યાં જઈ હું વસ્યો. મારી સ્ત્રી તેને પીયર જઈ રહી હતી.

* * * * * * *

૧૧૩

લાલા રેલુમલ ભૂપચંદની જુબાનીઃ ફળ વેચનાર, ઉમ્મર વર્ષઃ ૪૦; ઠેકાણું, જમાદારની હવેલી પાસે, અમૃતસર.

૧૮મી એપ્રિલથી કચા ડગલાંમાં પહેરો બેસાડવામાં આવ્યો હતો તે દિવસે મને દુકાને

જતાં પેટે ચાલવાની ફરજ પાડવામાં આવી હતી. પેટે ન ચાલવા માટે મને ગોળીથી વિંધી નાંખવાની સોલજરોએ ધમકી આપી હતી.

બીજે દિવસે સ્ટેશનેથી તડબુચના ૧૮ પારસલો લઈ હું શહેર તરફ આવતો હતો; રસ્તે બ્રિટિશ સોલજરોએ મને પાછા સ્ટેશને જવા ફરમાવ્યું; થોડુંક વળ્યા પછી તેઓએ મારા બધા પારસલો લુંટી લીધા.

૨૦મી તારીખે બીજા ૨૮ પારસલો લેવા હું સ્ટેશને ગયો હતો. તે દિવસે પણ સોલજરોએ મને લુંટયો હતો. તેઓ મને લુંટતા હતા તે દરમ્યાન પોલીસ મારા ઉપર નજર રાખી ઉભી હતી. આ પછી ૫–૬ દિવસ સુધી હું પારસલ લેવા ન ગયો. પરિણામે સ્ટેશન ઉપર પડી રહેલાં મારાં બીજા પારસલોનું લીલામ કરી નાખવામાં આવ્યું, અને મારે સેંકડો રૂપિયાની ખોટ ખમવી પડી.

૧૧૪

લાલા મેઘલાલની જુબાની: કાપડનો વ્યાપારી, ઉમ્મર વર્ષ; ૪૬, ઠેકાણું કચા કુરીચ્છાં, અમૃતસર.

મારૂ ઘર કચા કુરીચ્છાંમાં છે. અને મારી દુકાન ગુરૂ બજારમાં છે જે દિવસે કચા કુરીચ્છાંમાં સોલજરોનો પહેરો બેસાડવામાં આવ્યો, તેજ દિવસે સાંજના પાંચ વાગ્યાના સુમારે મને ઘેરે જતાં સોલજરોએ રોકયો હતો, અને પેટે ચાલી જવા હુકમ કર્યો હતો. પરંતુ, હું ત્યાંથી દોડી ગયો, અને સોલજરો ત્યાંથી ગયા પછી જ પાછો આવ્યો. રાત્રે હું નવ વાગે ઘેર પહોંચ્યો. મારી સ્ત્રીને તાવ આવ્યો હતો. ઘરમાં તેને આપવા જેટલું પણ પાણી ન હતું, કે દવા પણ ન હતી. સાત દિવસ સુધી મારી સ્ત્રીને એમને એમ દવા વિના પડી રહેવું પડયું હતું; કારણ કોઇ ડાકટર પેટે ચાલી મારી સ્ત્રીને જોવા આવે એમ નહતું.

૧૧૫

પંડિત સાલીગરામની જુબાની, ઉમ્મર વર્ષ : ૪૮, મ્યુનિસિપાલિટીમાં નોકરી, અમૃતસર.

એપ્રિલ માસના અંતમાં એક દિવસે સવારના અગીઆર વાગ્યાના સુમારે કચા કુરિચ્છાંમાં ૭ છોકરાઓને ફટકા મારવામાં આવ્યા હતા. તે વખતે હું ત્યાં હાજર હતો. પહેલાં, ત્રણ છોકરાને સ્તંભ ઉપર બાંધી ત્રિશ ત્રિશ ફટકા મારવામાં આવ્યા હતા. દરેક છોકરો ચાર પાંચ ફટકા ખાઇ બેભાન થઇ જતો; એટલે તેના મોંમાં પાણી રેડવામાં આવતું. જેવો તે શુદ્ધીમાં આવતો કે ફટકા મારવાનું શરૂ થતું; અને જ્યારે જ્યારે બેભાન થાય ત્યારે પાણી પાવામાં આવતું. ગમે તેમ કરી, ત્રીશ ફટકા તો મારવામાં આવતા. મારાથી આ દેખાવ ઝાઝી વાર જોવાયો નહિ, અને ત્રીજા છોકરાને ફટકા મારવામાં આવતા હતા ત્યારે તો મારાથી ખુબ રોવાઇ જવાયું અને હું બેભાન થઇ ગયો. શુદ્ધીમાં આવ્યો ત્યારે છએ છોકરાના શરીરમાંથી અતિશય લોહી ઝરતું હતું. તેઓના હાથમાં કડી ઘાલવામાં આવી હતી; અને તેઓ જરાય ચાલી શકતા નહતા એટલે તેઓને પોલીસ ઘસડવા લાગી, અને કિલ્લામાં લઇ ગઇ.

૧૧૬

લાલા દાદુમલની જુબાની: ઉમ્મર વર્ષ; ૫૦, મીઠાઈવાલો, ઠેકાણું: કૌરીયાંવાલા કુવા પાસે, અમૃતસર.

૧૮મી એપ્રિલે બ્રિટિશ સોલજરોએ કચાં કુરીચ્છાં આગળ મને માર માર્યો હતો, અને પેટે ચલાવ્યો હતો. પોલીસ કોન્સ્ટેબલો મારા ૧૬ વર્ષના દત્તક છોકરાને પકડી ગયા હતા; મને પણ હાથકડી પહેરાવી કોટવાલીએ લઇ ગયા હતા- રાત્રે મારી પાસેથી ૧૦૦૦ રૂપિયાનું જામીન ખત લખાવી લઇ મને છોડી મુકયો હતો. મારા છોકરાને ત્યાં જ બેસાડી રાખ્યો હતો. બે ત્રણ દિવસ સુધી દરરોજ પોલીસ મને સવારના પકડી જતી અને રાત્રે છોડી મુકતી. પરંતુ પછી ચૌધરી મારફત પોલીસને ૧૦૦ રૂપિયા પહોંચાડી હું છુટો થયો. આઠ દસ દિવસ રહી મને પાછો કનેડવામાં આવ્યો; અને આ વખતે ૫૦ રૂપિયે મારો છુટકો થયો. કોન્સ્ટેબલો મારી દુકાનેથી દરરોજ દુધ, મલાઇ વિગેરે વસ્તુઓ પૈસા આપ્યા વિના પરાણે લઇ જતા. દરરોજ આમ હેરાન થવાને બદલે મેં મારી દુકાન જ બંધ કરી મુકી.

મારા દત્તક છોકરાને સ્તંભ સાથે બાંધી ત્રિશ ફટકા મારવામાં આવ્યા હતા. ફટકા ખાતાં બે વાર તે બેશુદ્ધ થઈ ગયો હતો. બીજા કેટલાક માણસોને તેવી જ રીતે ફટકા ખાતાં મેં જોયા હતા.

૧૧૭

ગુરનદિત્તાની વિધવા **જમના દેવીની** જુબાની: ઉમ્મર વર્ષ; ૩૫, અમૃતસર.

મારા પતિનો મ્હોટો ભાઈ મેલા રામ શરાફનો ધંધો કરે છે. એપ્રિલ માસમાં એક દિવસે એને પકડવામાં આવ્યો, અને આઠ દિવસ સુધી કિલ્લામાં રાખવામાં આવ્યો. પછી એને કચા કુરિચ્છાંમાં લઇ આવવામાં આવ્યો અને સ્તંભ સાથે બાંધી ત્રિશ ફટકા મારવામાં આવ્યા. તેને ફટકા ખાતો મેં પોતે જોયો હતો. હું તેને ફટકા ખાતો જોઇ રડતી હતી, અને સોલજરો હસતા હતા. તેજ વખતે પાંચ છોકરાઓને ફટકાવવામાં આવ્યા હતા. તેઓના શરીરમાંથી લોહી વ્હેતું હતું. ફટકા ખાધા પછી મેલારામ ચાલી નહોતો શકતો એટલે એને ઘસડી જવામાં આવ્યો હતો. આઠ નવ દિવસ સુધી તે રસ્તેથી પગે ચાલીને જવાની મનાઇ હતી. સૌ કોઈ જનારને પેટે ચાલી જવું પડતું. મેલારામને પણ એકવાર પેટે ચાલવું પડયું હતું. બ્રિટિશ સોલજરો કબુતરોને મારતા અને મારા ઘર પાસે જ રાંધીને ખાતા.

× × × ×

૧૨૧

લાલા કેશવરામ રામદાસની જુબાની: ઉમ્મર વર્ષ; ૩૨, કાપડનો વ્યાપારી, કચા કુરિચ્છાંનો રહીશ, અમૃતસર.

૧૮ મી એપ્રિલે કચા ડગલામાં લશ્કરી પહેરો બેસાડવામાં આવ્યો હતો; અને એક ત્રિકોણ આકારનો સ્તંભ ઉભો કરવામાં આવ્યો હતો. આ સ્તંભ ઉપર લોકોને બાંધી

ફટકા મારવામાં આવતા. જે કોઇ તે રસ્તેથી પસાર થતું તેને પેટે ચાલી જવું પડતું. પેટે ચાલતાં કોઇકિ સ્હેજ પણ ઉંચો થતો તો તેને સોલજરો લાતો મારતા, અને કેટલીક વાર તો બંદુકના ગોદા મારતા. મેં પોતે ઘણાઓને આ રીતે પેટે ચાલતા જોયા છે.

આ લત્તામાં એક જૈન મંદીર અને પાંજરાપોળ છે. સોલજરો પાંજરાપોળના કબુતરોને અને બીજા પક્ષીઓને મારતા, પકાવતા અને ખાતા.

સોલજરોએ અમારા કુવાઓનો સંડાસ તરીકે ઉપયોગ કરી ખરાબ કરી મુક્યા હતા.

મેં એક દિવસ છ છોકરાઓને ફટકા ખાતા જોયા હતા, દરેકને ત્રિશ ફટકા મારવામાં આવ્યા હતા. છોકરાઓ ચાર પાંચ ફટકા ખાઇ બેભાન થઈ જતા એટલે મારવાનું બંધ રહેતું અને તેઓને શુદ્ધીમાં આણવા પાણી પાવામાં આવતું, અને પછી પાછું ફટકા મારવાનું શરૂ થતું.

પેટે ચલાવવાનો હુકમ આઠ દિવસ અમલમાં રહ્યો. આ હુકમ નીકળ્યો તે પહેલાં કેટલાક દહાડા ઉપર મારી સ્ત્રીએ બાળકને જન્મ આપ્યો હતો, અને તેને લઇ તે માંદી રહેતી. તેની સારવાર કરવા એક દાઇ આવતી, પણ આ હુકમને લઇ દાઈ આવતી બંધ થઇ. પરિણામે મારી સ્ત્રીને ઘણું દુઃખ સહન કરવું પડ્યું હતું.

૧૨૨.

લાલા ગણપતરાયની જુબાનીઃ ઉમ્મર વર્ષ; ૫૮. ઠેકાણુંઃ જૈન મંદીર, કચા ડગલાં, અમૃતસર.

૧૮ મી એપ્રિલની આસપાસ કચા ડગલાંમાં સોલજરો પહેરા ઉપર આવ્યા હતા. આસપાસની દુકાનમાંથી તેઓ ખાવાની વસ્તુઓ ઉપાડી જતા; પાસેના જૈન પાંજરાપોળના કબુતરોને મારતા અને ત્યાંજ ખાતા. આ રસ્તે જનાર સૌ કોઇને પેટે ચાલવાની ફરજ પાડવામાં આવતી. મંદીરમાં પૂજા કરવા જનારાઓને પણ પેટે ચલાવવામાં આવતા. મેં કેટલાકોને ફટકા ખાતા જોયા હતા. ફટકા ખાનારા ઘણી દયાજનક ચીસો પાડતા, અને બેભાન થઇ જતા.

૧૨૩.

અબ્દુલ અઝીઝ, ઉર્ફે હાજીની જુબાનીઃ શાકવાલો. ઉમ્મર, વર્ષ; ૩૪. ઠેકાણું, કત્રા ધરમપુરા, અમૃતસર.

હડતાળ પડયા પછી, બે ત્રણ દિવસ રહી એક દિવસ મારી દુકાને એક ખાનસામા શાક લેવા આવ્યો. ટોપલીમાંથી અર્ધોએક શેર જેટલા ટમેટા ઉપાડી, તોલ કરાવ્યા વિના કે તેના પૈસા આપ્યા વિના તે ચાલતો થયો. મેં પૈસા માટે બુમ પાડી; પણ "હું જનરલનો નોકર છું" એમ કહી તે આગળ ચાલવા લાગ્યો. મેં પાછી બુમ પાડી, એટલે તે મારા ઉપર ચીડાયો, બધા ટમેટા રસ્તા ઉપર ફેંકી દીધા, મને ભુંડી ગાળો આપી, અને મને મારવાની ધમકી આપી ચાલતો થયો. મને લાગે છે કે તેણે જનરલ સાહેબ પાસે મારી શાવ ખાધી હોવી જોઇએ. બીજે દિવસે લાલા દુનિચંદ એમ. એ. મારી દુકાને આવ્યો અને મેં ખાનસામાને ગાળો આપી હતી કે કેમ એ વિષે મને પુછ્યું. મેં તેને

ખરેખરી હકીકત કહી, અને ખાનસામા સાથે પ્રસંગ બન્યો ત્યારે જે જણુ હાજર હતા તેઓને ભેગા કરી લાલા દુનિચંદને મારા કહેવાની ખાતરી કરી આપી. સાંજના ચાર વાગે સબ ઇન્સ્પેકટર અઝીઝ દીને મને લાલા દુનિચંદને ત્યાં બોલાવ્યો. બીજા બે ત્રણુ શાકવાલાને પણુ તેણે ત્યાં ભેગા કર્યા હતા. છીબા સાથે તેણે કેટલીક વાતચીત કરી, અને પછી મને પોલીસ સુપ્રિન્ટેંડંટ પાસે તે લઇ ગયો; ત્યાં તેણે મને કેદ કર્યો અને આખી રાત કોટડીમાં પૂરી રાખ્યો. બીજે દિવસે મને જનરલ પાસે ઉભો કરવામાં આવ્યો; ત્યાં છીબાએ મારી વિરૂદ્ધ જુબાની આપી. મેં તેને બેઈમાની ન થવા કહ્યું; પણુ તેણે લાચારી બતાવી અને પોતાનો બચાવ કરવા તેણે તેમ કર્યું. જનરલે મને દશ ફટકા ખાવાનો અને ચૌદ દિવસ સુધી મારી દુકાન બંધ રાખવાનો હુકમ કર્યો. તે દિવસે મને કોટડીમાં જ પૂરી રાખવામાં આવ્યો અને બીજે દિવસે સવારના મને દશ ફટકા મારી છોડી મુકવામાં આવ્યો. આથી હું ઘણા દિવસ સુધી માંદો રહ્યો, અને મારી દુકાન ચૌદે દિવસ બંધ રહી.

* * * *

૧૨૫.

લચ્છમન કોરની જુબાનીઃ ઠેકાણું; કુરિયાંવાલા કુવા પાસે; અમૃતસર.

મારૂં ઘર કુરિયાંવાલા કુવા પાસે છે. એક દિવસે બપોરના ૨–૩ વાગે મારા ઘર આગળના રસ્તા ઉપર સોલજરો પહેરા ઉપર ઉભા હતા. ઘરનો પુરૂષવર્ગ બ્હાર ગયો હતો, તે વખતે સોલજરો અમને સ્ત્રીઓને કનેડવા લાગ્યા, અને મિસ શેરવુડ ઉપર હુમલો કરનારાનાં નામ અમારી પાસે માગ્યા. સોલજરોએ મારા નોકરને લાતો મારી અને બંદુકના ગોદા ક્રૂર રીતે માર્યા. હું પરદાનશીન છું. મારા નોકરો પાસે પણુ હું મોઢું ઉઘાડું રાખતી નથી. છતાં, મને નીચે બોલાવવામાં આવી; હું પડદો રાખીને ગઈ; પણુ મને પડદો દૂર કરવા હુકમ થયો અને મેં બીકથી તેમ કર્યું. મિસ શેરવુડ ઉપર હુમલો કરનારનું નામ ન આપવા માટે મને બહુ ડરાવવામાં આવી અને સોલજરોને સોંપી દેવા સુદ્ધાંની ધમકી આપવામાં આવી.

લોકોને ફટકાવવામાં આવતા ત્યારે તેઓ ચીચીયારી નાંખતા; તે સાંભળી અમને પણુ દુ:ખ થતું. ઘરનો પુરૂષવર્ગ ત્રાસિત થઇ દુકાને જ રહેતો, અને મારે એકલાને ઘેર ઉંચા મને દિવસો ગાળવા પડયા હતા. કેટલાક દિવસ સુધી તો મને અન્નપાણી પણુ નહોતા મળ્યા.

* * * *

૧૩૧.

દેવકીની જુબાની; કચા ડગલાં, અમૃતસર.

મારૂં ઘર કચા ડગલાંમાં છે. સોલજરો અમારા ઘર ઉપર ઇંટો ફેંકતા; ઘર આગળ મળમૂત્રનો ત્યાગ કરતા; પાસેના પાંજરાપોળના પક્ષીઓ મારતા, અને રાંધીને ખાતા.

અમારા દેખતાં તેઓ મૂત્ર ત્યાગ કરતા અને નાગા પણ થતા. તેઓની વર્તણૂંકનું વર્ણન મારાથી થાય એમ નથી. મારા ઘર આગળ ત્રણ તખ્તપોશ હતા; તે પણ તેઓએ બાળી નાંખ્યા હતા. ચાર દિવસ સુધી અમારે અને અમારાં છોકરાંઓને અન્નપાણી વિના રહેવું પડયું હતું.

* * * *

૧૩૪

ઇમયાં ગોલામ કવાદિર કાશ્મીરીના છોકરા મૌલવી ગોલામ જીલાનીની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૩૨; ખતપત્ર લખનાર, અને મસજીદનો ઇમામ; અમૃતસર.

૯મી એપ્રિલે રામનવમી હતી. હિંદુ–મુસલમાન વચ્ચે વધતો જતો ભ્રાતૃભાવ પ્રદર્શિત કરવા મુસલમાનોએ રામનવમીના ઉત્સવમાં ભાગ લેવા વિચાર કર્યો. મેં કેટલાક પૈસા એગા કર્યા, અને ૧૫ છોકરાઓને ઉભા કર્યા. તેઓને વાજાવાલાનાં કપડાં અને ટર્કિશ ટોપી પહેરાવ્યાં, આ છોકરાઓ મુસલમાન છે એમ જણાઇ આવે એવા હેતુથી જ તેઓને ટર્કિશ ટોપી પહેરાવી હતી. સાંજના ચાર વાગાના સુમારે આ "વાજાવાલા"ની મંડળીને લઇને હું કેટલીક બજારોમાં ફર્યો અને નમાક મંડી આગળ રામનવમીનાં સરઘસમાં જોડાઈ ગયો. ઉજવણી પૂરી થઇ ત્યાંસુધી હું સરઘસમાં હતો.

અમૃતસરમાં આ અરસામાં ઢોરોની બજાર ભરાઇ હતી. મારૂં કામ ઢોરોને તપાસવાનું હતું. ૧૦મીથી ૧૩ મી એપ્રિલની બપોરના બે વાગા સુધી હું કામ ઉપર હતો એટલે શહેરમાં શું નવાજુની થઈ તેની મને ખાસ ખબર ન પડી. ૧૩મી તારીખે બપોરના બે વાગે પોલીસે બજાર બંધ કરાવી. આ દિવસે પાંચથી છ હજાર માણસ બજારમાં હતું. બજારેથી મારે ઘેર જવાનો રસ્તો જાલીયાંવાલા બાગ પાસે થઇને જાય છે. બાગ આગળ આવી પહોંચતાં મેં ઘણા લોકોને અંદર જતાં જોયા. હું પણ અંદર ગયો. અંદર સભાની ગોઠવણ થયેલી જોઈ હું ત્યાં જ રોકાઈ ગયો. સભા ચાર વાગે શરૂ થઇ. થોડી વાર પછી મેં સભા ઉપર એક એરોપ્લેન ઉડતું જોયું; અને પછી સોલજરો આવ્યા અને સભા ઉપર ગોળી ચલાવી, અને લોકો ટપોટપ પડવા લાગ્યા. નાસભાગ કરતાં હું પણ કેટલાક ઘાયલ થયેલા અને મરણ પામેલા માણસો ઉપર જઇ પડયો અને મારા ઉપર બીજાઓ આવી પડયા. તેઓ તો ગોળીથી વિંધાઇ ગયા; હું સાવ બચી ગયો. મારી ચોમેર મડદાં અને ઘાયલ થયેલા પડેલા હતા. હું ગુંગળાવા લાગ્યો; અને હું મરૂં છું એમ મને થવા લાગ્યું. હું મડદાં અને ઘાયલ થયેલાના ઢગમાંથી બહાર કેમ નીકળ્યો એની મને ખબર નથી. બહાર નીકળતાં તાજી હવા મળી. એટલે કાંઇક નિરાંત વળી, હું તરત મારે ઘેર દોડી ગયો અને ત્યાં બેભાન થઇ પડયો.

૧૪ મી અને ૧૫ મી તારીખ શાંતિથી વીતી ગઇ. ૧૬ મીએ સવારના એક બાહ્મણ કાન્સ્ટેબલ મને પોતાની સાથે લઈ ગયો. ચોક બાબા સાહિબ આગળ બીજા કેટલાક કાન્સ્ટેબલો મારી વાટ જોતા ઉભા હતા. ત્યાંથી થોડેક આગળ જતાં તેઓએ મને પરહેજ કર્યો અને પછી કોટવાલીએ લઈ ગયા. કોટવાલીએ અબદલ્લા ઈન્સ્પેક્ટરને મારો શું ગુન્હો થયો હતો એ મેં પૂછ્યું, અને તેના ઉત્તરમાં તેણે મારા ઉપર ગાળો વર્ષાવી,

અને ભગવાનસિંહ કોન્સ્ટેબલે તો મને તમાચો માર્યો. ૧૬મી તારીખથી મને પૂરા ચ
દિવસ સુધી કોટવાલીમાં પૂરી રાખવામાં આવ્યો. ચોથે દિવસે મને નેશનલ બેંક આગ
લઇ જવામાં આવ્યો. ત્યાં બીજા કેટલાક પકડાયલાઓને પણ લાવવામાં આવ્યા હતા.
વખતે અબદલ્લા ઇન્સ્પેકટરે મને કહ્યું: 'જો તું ધનિક અને પ્રતિષ્ઠિત પુરૂષોને પકડાવવા
કામમાં મદદ કરીશ તો તું છુટો થઇશ.' આ પછી, મને ઘેરે જવાની રજા મળી.

ત્રણ દિવસ રહી મને પાછો જવાહરલાલ ઇન્સ્પેકટર પાસે લઈ જવામાં આવ્
અને પાંચ દિવસ સુધી કોટવાલીએ બેસાડી રાખવામાં આવ્યો; પરંતુ પોલીસ ઇન્સ્પેક
ચૌધરી અલિગોહર વચમાં પડયો એટલે મને છુટો કરવામાં આવ્યો, પણ બીજે જ દિ
મને પાછો પકડવામાં આવ્યો.

બે દિવસ મને કોટડીમાં એમને એમ રાખી મુકવામાં આવ્યો. ત્રીજે દિવસે ગ
ગીલવાલી ગેટ પોલીસ લાઇન્સમાં લઇ જવામાં આવ્યો. જવાહરલાલ ફેટનમાં બેઠો; અ
કેસરસિંહ અને બીજા બે હથિયારબંધ કોન્સ્ટેબલો મને લઈ બીજી એક ગાડીમાં બે
મારી સાથે કંઈ પણ વાતચીત કર્યા વિના તેઓ મને મારવા મંડી પડયા: અને ગ
એટલો બધો માર માર્યો કે હું પેસાબને પણ રોકી ન શકયો એટલે વળી તેઓએ મા
ચોરણો કઢાવી નાખ્યો અને જોડાથી અને નેતરની સોટીથી મને ખુબ માર માર્યો.
રડવા લાગ્યો. તેઓને મારી પાસેથી શું જોઇતું હતું એ વિષે મેં પુછ્યું તોપણ જવા
ન આપતાં તેઓએ મને ગાળો આપવી અને માર મારવો ચાલુ રાખ્યો; પણ પછી મ
"પાધરો થઇ જા" એટલુંજ કહ્યું. પરંતુ હું આનો કંઇ અર્થ ન સમજ્યો. એટ
કેસરસિંહે મારી દાઢી ઝાલી મને કંપાવ્યો અને કહ્યું: "તારે છુટવું હોય તો તારે સૈ
ઉદ્દ–દીન કીચલુ, બશીર, સત્યપાલ, બદરૂલ ઇસ્લામ અને બીજાઓનાં નામ આપવાં.
પરંતુ આમાંથી કોઇની સાથે મારી પીછાન નથી; અને નજરે પણ તેઓમાંથી થોડ
જણને જ જાણું છું. એમ મેં કહ્યું; એટલે મને માર પડવો પાછો શરૂ થયો, તે એટ
સુધી કે હું સાવ બેભાન થઈ ગયો. હું શુદ્ધિમાં આવ્યો એટલે મને પાછો કોટવાલી
લઇ જવામાં આવ્યો.

તેજ દિવસે સાંજના લગભગ ચાર વાગે કેસરસિંહ મને પાછો પોલીસ લાઇન્સમાં લ
ગયો. થોડીવાર રહી, રામનવમીના સરઘસમાં જે પંદર છોકરાઓ મારી સાથે હતા તેને લ
સબ–ઇન્સ્પેકટર અને જવાહરલાલ આવ્યા. આ છોકરાઓને પૈસા આપી મારૂં કામ કર
વવાને મેં ફોસલાવ્યા હતા એવો આરોપ જવાહરલાલે મારા ઉપર મુકયો. પરંતુ મેં તે
ઇન્કાર કર્યો એટલે કેસરસિંહ મને બીજા ખંડમાં લઈ ગયો અને ત્યાં તેણે મને ખુ
માર્યો એટલું જ નહિ પણ મારી ગુદામાં લાકડી પણ ઘાલી. આ વખતે હાજી શમસુ
દીન, ગુલામ હુસન, પીર અહંમદ શાહ અને બીજા કેટલાક જણ હાજર હતા. મારા
આ દુઃખ સહન થયું નહિ; હું બેભાન થઇ ગયો. શુદ્ધિમાં આવ્યો ત્યારે મને છોડવા
આજીજી કરી અને તેઓ જે કહે તે કરવા મરજી બતાવી. રાત પડવા આવી હતી, અ
હું ખૂબ કરગર્યો એટલે મને ઘેરે જમવા જવા રજા મળી; પણ મારી સાથે બે કોન્

બહાર આવ્યા અને મેં જમી લીધું એટલે મને પાછા કોટવાલીએ અને ત્યાંથી ટાઉન હોલમાં લઇ ગયા. આખી રાત મારે ટાઉન હોલના ઓટલા ઉપર કાઢવી પડી.

બીજે દિવસે મને આગલા દિવસની વાત યાદ આપવામાં આવી; જવાબમાં મેં જણાવ્યું: 'મને તે યાદ છે; મારા પ્રાણ ભલે જોખમમાં આવી પડે, પરંતુ જાણીબુજીને હું ખોટી જુબાની તો નહિ આપું.' આ સાંભળી સબ-ઈન્સ્પેક્ટરે મને ગાળો આપી અને પછી મને પોલીસ સ્ટેશને લઇ ગયો.

કોટવાલીએ કેસરસિંહ મારી પાસે આવ્યો અને નરમાસથી મને આવાં આવાં વચનો કહી સમજાવવા લાગ્યો: 'તું ગરીબ માણસ છે; તારે ફાંસીએ ચઢવાનું જોખમ ખેડવું ન જોઇએ.' 'આ લોકો જે કંઈ કહે તે તારે માની લેવું જોઇએ,' 'જે કહે તે લખી આપવું જોઇએ,' 'જો તું તેમ કરીશ તો તારા છોકરાઓને સારી જગા મળશે,' 'તને માનઅકરામ મળશે,' 'તું આ લોકો કહે છે તેમ નહિ કરે તો તને ફાંસીએ લટકાવવામાં આવશે,' તે દિવસોમાં પોલીસ ગમે તે કરવા બળવાન હતી. ફાંસીની ધમકીથી હું ડરી ગયો, અને તેઓ જેમ કહે તેમ વર્તવા કબુલ થયો.

ચૌધરી પીર બક્ષે પણ મારી પાસે આ પ્રમાણે માગણી કરી હતી: સૈફ-ઉદ-દીન કીચલુ, ડૉ. સત્યપાલ, ડૉ. બશીર અહમદ, કોટુમલ, બદરૂલ ઈસ્લામ અને ગુલામ નાબીની બાબતમાં અમે કહીએ તે રીતે તારે જુબાની લખી આપવી.'

આ બધું થઈ રહ્યા પછી મને જવાહરલાલ પાસે લઈ જવામાં આવ્યો, 'કેમ, હવે તું પાધરો થયો કે!' એમ મને કહી તે લખવા લાગ્યો, અને જે કંઇ તે લખતો તે માટે મારી પાસે 'હા' ભણાવતો. આ રીતે તેણે બે ત્રણ પાનાં લખી કાઢયાં, અને તેમાં ૩૧મી માર્ચની અને ૬ઠી એપ્રિલની હડતાળ વિષે તથા ૭મી અને ૮મી તારીખની સભા વિષે તેણે લખાણ કર્યું હતું.

થોડીવાર રહીને એક જણ કાળો કોટ પહેરીને અને નાકે ચસમા ચઢાવીને ઓરડામાં આવ્યો અને ખુરસીએ બેઠો. ટેબલ ઉપર પડેલ કાગળીયાં લઇ તે મને પુછવા લાગ્યો: "આ જુબાની તમે આપી છે?" મેં કહ્યું: "જી, નહિ." "આ સહી તમારી છે?" જવાબમાં મેં જણાવ્યું: "જી, હા." આ સાંભળી તેણે મને ધમકાવ્યો, અને કહ્યું: "તમે જુબાની તો આપી છે અને હવે નામંજુર જાઓ છો. તમને મારે જેલમાં મોકલવા પડશે." આ વખતે જવાહરલાલ અને કેસરસિંહ ત્યાં આવ્યા, અને કેસરસિંહે મને કાનમાં કહ્યું કે એ તો મેજીસ્ટ્રેટ છે; અને તેની પાસે મારે તેજ જુબાની આપવી જોઇએ. હું આનાકાની કરવા લાગ્યો, અને જવાહરલાલ ગાળો આપવા લાગ્યો. મેજીસ્ટ્રેટ પણ જવાહરલાલ સાથે જોડાયો અને કહેવા લાગ્યો કે કિચલુ જેવા માણસને તો ફાંસીએ ચઢાવવા જોઇએ. જવાહરલાલ મને બ્હાર લઇ ગયો અને કહેવા લાગ્યો: "તું સહી કરવા ના પાડીશ, તો તને બેંકમાં થયેલા ખુનના કેસમાં ગુન્હેગાર તરીકે ઉભો કરીશ." તેથી હું ડરી ગયો અને જવાહરલાલના કહેવા પ્રમાણે મેં મેજીસ્ટ્રેટ પાસે ખુલાસો કર્યો. આથી પોલીસ અમલદારો રાજી થયા; જવાહરલાલ પણ મારી પ્રત્યે નમ્રતા બતાવવા લાગ્યો. જુબાનીનું

પાકડું લખાણ થયા પછી મને ઘેરે જવાની રજા મળી; પણ મને દરરોજ પોલીસ ચોકીએ હાજરી આપવાનો હુકમ થયો હતો.

ઉપર વર્ણવેલી બીના બની તે દરમ્યાન એકવાર હું યસિન બેરિસ્ટરને મળી આવ્યો હતો અને મારૂં બધું દુઃખ એની પાસે રોયો હતો. મને થયેલી ઈજાઓ પણ મેં એને બતાવી હતી. મિયાં ફિરોઝદીન, મિયાં કમરૂદ્દીન અને મિયાં શમસુદ્દીન ખાનસાહેબને પણ હું મળ્યો હતો. પરંતુ મને કોઇ પણ મદદ કરી શક્યું નહિ.

જુબાની લખી આપ્યાં પછી લાગટ વિશ દિવસ સુધી મેં સખ્ત બીમારી ભોગવી. મારા મોંમાંથી લોહી પડતું, તાવ ઘણો રહેતો, અને વખતો વખત ઘેલછા પણ આવતી. ૧૫ દિવસ તો હું બેભાન હાલતમાં રહ્યો. વિસ દિવસ પછી પણ બીજાની મદદથીજ ખાટલામાં ઉઠબેસ કરી શકતો. આવી દશામાં હું હતો ત્યારે એક દિવસ જવાહરલાલનો માણસ મને તેડવા આવ્યો. હું કંઇ બોલ્યોજ નહિ; અને દયામણે મોંએ તેની સામે જોઇ રહ્યો. આ વખતે તેને દયા આવી, એટલે તે જતો રહ્યો. બે દિવસ રહી પાછું તેડું આવ્યું, પણ ચોકીએ જવાય એવી મારી સ્થિતિજ ન હતી.

થોડા દહાડા રહી ૧૧ મી તારીખે લાહોર જવાનું હોઇ મારે ચોકીએ હાજર રહેવું એવી લેખિત ખબર મને એક કોન્સ્ટેબલ આપી ગયો. અને તે બાબત મારી સહી લઇ ગયો. પણ બીજે દિવસે ૯ મી તારીખે લાહોર જવા માટે ચોકીએ ચાર વાગે હાજર થવાનો મને હુકમ થયો. હું ચોકીએ સહેજ મોડો પહોંચ્યો એટલે સબ-ઇન્સ્પેકટર અમીર-ખાને મારા ઉપર ગાળો વર્ષાવી. લાહોર જનારા બધા સ્ટેશને જતા રહ્યા હતા. તેઓની પાછળ ટમટમમાં હું સ્ટેશને ગયો, પણ ટીકીટ લઇ ગાડીમાં બેસું તે પહેલાં ગાડી ઉપડી ગઇ અને હું રહી ગયો; આથી હું બીજે દિવસે લાહોર પહોંચ્યો.

લાહોર પહોંચતાં ખબર મળી કે મારે ૧૨ મી તારીખ પહેલાં જુબાની આપવાની નથી એટલે લાહોર ૧૨ મી તારીખે હાજર થવાનું વચન આપી હું પાછો અમૃતસર આવ્યો.

૧૨ મી તારીખથી ૧૮ મી મે સુધી મારે દરરોજ કોર્ટમાં હાજર રહેવું પડતું. જવાહરલાલે મારા નામે જે જુબાની લખી હતી તે મારી પાસે મોઢે કરાવી હતી અને હું તેને વળગી રહીશ કે નહિ એ વિષે વારંવાર મને એ પુછ્યા કરતો, અને દર વખતે હું હાજ પાડતો. ૧૮ મી તારીખે મને જડજો પાસે ઉભો કરવામાં આવ્યો; મારી પાસે સાચું કહેવાના સોગંદ ખવડાવવામાં આવ્યા. મેં ખરેખરી વાત કહેવી શરૂ કરી, પરંતુ એ ઉપર ધ્યાન આપવાને બદલે જડજો મને ધમકાવવા લાગ્યા. મેં જે કંઇ કહ્યું તે તેઓએ સાંભળ્યું નહિ કે લખ્યું નહિ. હું બોલતો બંધ થયો એટલે તેઓએ મને જતા રહેવા કહ્યું, અને બીજે દિવસે હાજર થવા ફરમાવ્યું. કોર્ટમાંથી હું બ્હાર નીકળ્યો કે જવાહરલાલ અને સુખસિંહે મને પકડી મંગાવ્યો. તેઓ બંનેએ મને ગાળો આપી, મને ધમકાવ્યો, મારા પ્રાણ લઈ લેવાનો મને ડર બતાવ્યો પરંતુ હું ચૂપ જ રહ્યો. એટલે જવાહરલાલે મને લપડાક લગાવી જતો કર્યો. બીજે દિવસે હું કોર્ટમાં હાજર થયો. અને હુકમ થતાં હું ડેપ્યુટી સંતરામની જોડે જઈ ઉભો. (ડેપ્યુટી સંતરામની સમક્ષ મારી પાસે ખોટી જુબાની ઉપર બળજોરીથી સહી લેવામાં આવી હતી.) થોડીવાર રહી જડજોએ ૫૦૦ રૂપિ-

યાની જામીનગીરી આપવા મને ફરમાવ્યું, અને પોલીસને સોંપી દીધો. સિપાઇઓ મને ચોકીએ લઈ ગયા, મારી સાથે ખરાબ વર્તણુંક ચલાવી, મને ગાળો ભાંડી, મને અનેક ધમકીઓ આપી ડરાવ્યો. જામીનગીરીના રૂપિયા મેં ભરી દીધા એટલે મને છુટો કરવામાં આવ્યો. હું તરત અમૃતસર જતો રહ્યો. હજી પણ પોલીસ મારી પુઠે લાગી છે, મને પજવ્યા કરે છે અને હવે તો એઓથી હું અતિશય કંટાળ્યો છું.

હાજી શમસ–ઉદ–દીનની જુબાની, જમીનદાર. ઉમ્મર વર્ષ ૪૫. ઠેકાણું કતરા કરમસિંહ. અમૃતસર.

અમૃતસરની આસપાસ મારી ઘણી જમીન છે; અને શહેરમાં મારાં ઘણાં મકાનો છે. લગભગ ૧૦૦૦ રૂપિયા મ્હેસુલના અને ૨૦૦૦ રૂપિયા ન્હેરને લગતા કરના હું સરકારને ભરૂં છું.

માર્શીયલ લૉના દિવસોમાં મને તથા મારા ભત્રીજાને ઘણીવાર ગીલવાલી ગેટ પાસેની ચોકીએ બોલાવવામાં આવતા. પોલીસ અમારી પાસે ખોટી જુબાની અપાવવા ઇચ્છતી હતી.

એકવાર ચોકીએ પોલીસના કેટલાક અમલદારો અને સિપાઇઓ એક ઓરડામાં બેઠા હતા. જવાહરલાલ ઇન્સ્પેકટર પણ હાજર હતો. તેના હુકમથી ગોલામ જીલાનીને 'પાધરો કરવા' સિપાઇઓ બાજુના ઓરડામાં લઇ ગયા. થોડીવાર રહી તે પણ ત્યાં ગયો. એક સિપાઇને ગોલામ જીલાની ગુદામાં લાકડી નાંખતા મેં મારી નજરે જોયો હતો. તે વખતે જીલાનીની એટલી બધી ચીચીઆરી પાડતો હતો કે તે સાંભળતાં પથ્થર જેવું કઠણ હૃદય પણ પીગળ્યા વિના ન રહે. ઓરડી બ્હાર એક બાઇ બુરખો પહેરી ઉભી હતી. જીલાનીની ચીસો સાંભળી તેણે શહોરબકોર કરી મુકયો. પોલીસે તરતજ તેને બ્હાર હાંકી કાઢી.

જીલાનીની પેઠેજ ખૈરદિનની ગુદામાં લાકડી ખોસવામાં આવી હતી. તે બાપડાને તો ઝાડો પિશાબ પણ છુટી પડયા હતા. તેને અતિશય ઇજા પહોંચી હતી, અને તેથી તે થોડા દહાડા રહી મરણ પામ્યો.

અમે જેઓ આ બનતું જોઈ રહ્યા હતા તેઓને પોલીસે કહ્યું હતું કે 'જેઓ જુબાની આપવા ના પાડશે તેઓના આવા હાલ થશે.' તે દિવસોમાં પોલીસ માણસથી કે ઇશ્વરથી ડરતીજ ન હતી.

ગુલામ જીલાનો અને ખૈર દીનની દશા જોઇ હું ગભરાયો, અને લાલ મહમદ મારફત જેમ તેમ કરી મેં મારો છુટકો કરાવ્યો. ત્યાર પછી મને કોઇવાર પજવવામાં આવ્યો નહતો.

૧૩૬.

હાફીઝ ગોલામ હુસનની જુબાની, ઉમ્મર વર્ષ ૩૬, અત્તર વેચનાર, સદીક પહલવાન મસજીદમાં ઇમામ. અમૃતસર.

ગોલામ જીલાનાની વિરૂદ્ધ જુબાની આપવા મને પોલીસ ચોકીએ લઇ જવામાં આવ્યો હતો. પોલીસ જીલાનીને પીડતી હતી તે વખતે હું હાજર હતો. પીડાથી તે ચીસો

પાડતો હતો. એક સિપાઇએ તો જીલાનીની ગુદામાં લાકડી ખોસી હતી, અને એથી તો એને અતિશય દુઃખ થયું હતું. પોલીસ જીલાનીને 'પાધરા થવા' એટલે કે પોલીસ કહે તેવી જુબાની આપવા કહ્યા કરતી હતી.

જીલાનીના જેવાજ હાલ પોલીસે ખૈર 'દીનના કર્યા હતા. તેને થયેલી ઇજામાંથી તે પાછો સાજેજ થયો નહિ; થોડા દિવસ રહી તે મરણ પામ્યો.

૧૩૭

પીર અહમદશાહની જુબાનીઃ વ્યાપારી, ઉમ્મર વર્ષ ૫૫ઃ
ઠેકાણુંઃ કતરારામ ગરીચાં, અમૃતસર.

હું મૌલવી જીલાનીને સારી રીતે પીછાનું છું. પોલીસે એને ત્રણવાર ચોકીએ પૂર્યો હતો એ મને ખબર છે. મારા છોકરા હફીઝ ગોલામ હુસનને પણ પકડવામાં આવ્યો હતો; એટલે હું તેની પાછળ ચોકીએ ગયો હતો. જીલાનીને સોંગ કરવા પૈસા આપ્યા હતા એવું કહેવડાવવા ઘણા જણાને ચોકીએ ભેગા કરવામાં આવ્યા હતા. જેઓ તેમ કહેવા ના પાડતા તેઓને માર મારવામાં આવતો.

આ પછી થોડીવાર રહી ગોલામ જીલાનીને અંદર બરાકમાં લઇ જવામાં આવ્યો; ત્યાં હાજી શમસ–ઉદ–દીન અને બીજાઓ હાજર હતા. એકાદ કલાક પછી જીલાનીને બ્હાર લાવવામાં આવ્યો. અમે એને થયેલી ઇજા જોઇ હતી. તેનાં કપડાં સાવ લોહીથી રંગાઇ ગયાં હતાં. તે ચાલી શકતો ન હતો; એટલે પોલીસ એને ઘસડી ગઇ અને ગાડીમાં નાંખી કોટવાલીએ લઈ ગઈ.

ભર બજારમાં મેં તથા બીજાઓએ ખૈરદિનને માર ખાતો જોયો હતો. તેને પણ પોલીસે જીલાનીની પેઠે જ અતિશય પીડયો હતો. ખૈરદિનને થયેલી ઇજા જીવલેણ નીવડી. થોડા દિવસ રહી તે મરણ પામ્યો.

ગોલામ જીલાનીની જુબાની મેં સાંભળી છે. તે સાવ સાચી છે.

૧૩૮

ગોલામ મહમદની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૪૦; ધંધે ગાંધી,
ઠેકાણુંઃ કતરારામ ગરીચા. અમૃતસર.

બીજાઓની સાથે મને પણ પોલીસ ગોલામ જીલાની સામે પૈસા ઉઘરાવવા વિષે જુબાની આપવા લઈ ગઈ હતી. અમને તે વિષે કંઇ ખબર જ નહતી. પોલીસે જીલાનીને રાક્ષસી રીતે રીબાવ્યો હતો. મેં તેમ નજરે જોયું હતું. તેની ગુદામાં લાકડી નાખવામાં આવી હતી. તે બાપડો ચીસ ઉપર ચીસ પાડતો હતો, અને અમે પાસે ઉભેલાનાં હૃદય ચીરાતાં હતાં.

ખૈરદિનના હાલ પણ જીલાનીના જેવા જ થયા હતા. તેને પડેલા ઘામાંથી એ પાછો સાજો જ થયો નહિ અને થોડા દિવસ રહી તે મરણ પામ્યો.

૧૩૯

અહમદ સુફીની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૪૦; ઠેકાણું:
કતરારામ ગરીચા, અમૃતસર.

રામનવમીના 'સોંગ'ના સંબંધમાં મારા બે છોકરાને પોલીસે પકડ્યા હતા. પોલીસ મને પણ ગીલવાલી પોલીસ ચોકીએ લઇ ગઈ હતી. ત્યાં અમને બધાને બહાર રાખી પોલીસ ગોલાન જીલાનીને બરાકમાં લઈ ગઇ, અને ખૂબ રીબાવવા લાગી. જવાહરલાલ ઇન્સ્પેક્ટર પણ અંદર હતો. તેના હુકમથી કેસરસિંહ કોન્સ્ટેબલે જીલાનીની ગુદામાં અતિ નિષ્ઠુરતાથી લાકડી ખોસી ઘાલી હતી. પોલીસ એને પીડતી હતી, અને તે કહે તેમ જુબાની આપવા કહેતી જતી હતી.

ખેરદીનના પણ તેવાજ હાલ થયા હતા. તેને પહોંચેલી ઇજામાંથી તે પાછો સાજો થયો નહિ. થોડા દિવસ રહી તે મરી ગયો.

૧૪૦

મિયાં કવામર ઉદ્દીન ખાનની જુબાની. જમીનદાર, ઉમ્મર વર્ષ ૫૧.
અમૃતસર.

અમૃતસરની આસપાસ મારી જમીન છે અને શહેરમાં મારાં કેટલાંક ઘરો છે. મૌલવી જીલાનીને હું ઘણો વખત થયાં ઓળખું છું. માર્શલ લૉના વખતમાં પોલીસ એને પકડી ગઇ હતી. પોલીસના હાથમાંથી છુટ્યા પછી મને એ મળ્યો હતો; પોલીસ એની સાથે બહુ ક્રૂરતાથી વર્તી હતી એ વિષે એણે મારી પાસે વાત કરી હતી, અને પોલીસના હાથે પડેલા ઘા પણ બતાવ્યા હતા. એમણે આપેલી (કમિશનને) જુબાની મેં સાંભળી છે. તેમાં મારે વિષે એમણે જે કંઇ કહ્યું છે તે સાવ સાચું છે.

૧૪૧

અઝીઝ ચૌધરીના છોકરા ગોલામ કવાદીરની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૨૧.
કતરા ગરબાસિંહ. અમૃતસર.

એપ્રિલ માસના ત્રીજા અઠવાડીયામાં અમીરખાન સબ ઇન્સ્પેક્ટર કોન્સ્ટેબલોને લઇ મારે ત્યાં આવ્યો અને લુંટાયલી મિલ્કતની મારી પાસે માંગણી કરી. મને એણે ખુબ માર્યો, અને મારા ઘરની ચાવી મારી પાસે ન હોવાથી એણે ઘરને દીધેલું તાળું તોડી નાંખ્યું અને ઘરની જડતી લીધી, પણ મારા ઘરમાંથી એને જોઇતી જણસ મળી નહિ. પરંતુ મને પકડી તે ચોકીએ લઈ ગયો, અને ત્યાં, જે ટોળાએ ભગતનવાલા રેલ્વે સ્ટેશન બાળ્યું અને લુંટ્યું તેમાં છગા અને હબીબ હતા એમ મેં કહેવાની ના પાડી એટલે વળી મને પાછો વિશેષ માર પડયો. મારી પેઠે બીજાઓને પણ પોલીસ રીબાવતી હતી, મારી પાઘડીથી જ પોલીસે મારા હાથ બાંધ્યા, અને પછી મને ઝાડ ઉપર લટકાવ્યો અને ખૂબ માર માર્યો. દશેક મિનિટ સુધી મને ઝાડ ઉપર લટકાવી રાખ્યો, અને પછી મને નીચે ઉતાર્યો.

પીરા ગુજર જમીન ઉપર લાંબો થઈ સુતો હતો એ મેં જોયું હતું. પછી એક હવાલદાર આવ્યો અને અમીરખાનની હાજરીમાં પીરા ગુજરની ગુદામાં લાકડી નાખી. ગુજર ચીસો પાડવા લાગ્યો, પરંતુ પોલીસને દયા જ ન આવી.

પૂરા ત્રણ દિવસ સુધી અમને કંઇ પણ ખાવાનું નહોતું મળ્યું; અને તે દરમ્યાન પોલીસ અમને પીડતી હતી. પાંચ દિવસ પછી મને છોડી મુકવામાં આવ્યો,

૧૪૨

રમઝાનીના છોકરા **મિરાજ દીનની** જુબાની: ઉમ્મર વર્ષ ૨૦. હજામ;
કતરા ગરબાસિંહ. અમૃતસર.

એપ્રીલના ત્રીજા અઠવાડિયામાં અમીરખાન સબ ઇન્સ્પેક્ટરે મને પકડયો, અને મારા ઘરની જડતી લીધી, પરંતુ તેને જોઇતું કંઈ મળ્યું નહિ. ત્યારપછી મને ચોકીએ લઈ જવામાં આવ્યો અને ત્યાં મને ખૂબ માર પડયો. ગોલામ કવાદીર અને ઘાલીના પણ મારા જેવા જ હાલ થયા હતા. છગા અને હુબીએ ભગતનવાલા રેલ્વે સ્ટેશન બાળવામાં અને લુંટવામાં ભાગ લીધો હતો એમ પોલીસ મારી પાસે કહેવડાવવા માગતી હતી.

પોલીસે મારી પાઘડીથીજ મારા હાથ બાંધ્યા અને મને ઝાડ ઉપર લટકાવી ખૂબ માર માર્યો. છગા અને હુબીના નામ ન આપવા માટે મને પછી પણ બહુ રીબાવ્યો હતો.

પોલીસને પીર ગુજરને અતિશય ત્રાસ આપતી મેં જોઈ હતી. તેની ગુદામાં લાકડી નાખવામાં આવી હતી તેનાથી તે સહન થયું નહિ એટલે તે ચીસો પાડવા લાગ્યો.

મને સાત દિવસ રહીને છુટો કરવામાં આવ્યો.

૧૪૩

કનશી રામની જુબાની. રેલ્વે ગુડસ ગોડાઉનનો જમાદાર, ઉમ્મર વર્ષ ૩૨.

રહેવાનું: સરકારી પ્લીડર ગોપાલદાસના ઘરમાં, ધાબ ખાટીકાન. અમૃતસર.

એપ્રિલના બીજા અઠવાડિયામાં પોલીસે મારા ભાઇ માલાને પકડયો હતો. એ રેલ્વે ગુડસ શેડનો જમાદાર હતો. પોલીસ એને બગાચી બાગમાં લઈ ગઇ અને ત્યાં તેને ખૂબ માર માર્યો. તે વખતે હું ત્યાં હાજર હતો. રાત્રે એને છોડી મૂકવામાં આવ્યો હતો.

હું માલાને મળવા એને ઘેર ગયો હતો.

પોલીસ માલો પાસે એમ કબુલ કરાવવા ઇચ્છતી હતી કે તેણે પોતે પ્લેટફોર્મ ઇન્સ્પેક્ટરનું ખૂન કર્યું છે. જો તેમ કહેવાની તેની મરજી ન હોય તો બીજા કોઈનું નામ આપવા પોલીસે તેને જણાવ્યું પરંતુ પોતે ખૂન કર્યું છે એમ કહેવા કે બીજા કોઇ નિર્દોષ માણસનું નામ ખૂની તરીકે આપવા માલાએ ના પાડી એટલે પોલીસે એને રીબાવવાનું શરૂ કર્યું. તેને ઉંધો સુવાડી ખૂબ લાતો મારી; ચત્તો સુવાડી તેના હાથમાં ખાટલાના પાયા મૂક્યા અને ખાટલા ઉપર ત્રણ ચાર જણ બેઠા. પેટ ઉપર થયેલી ઇજા તેણે મને બતાવી હતી. ત્રણ દિવસ સુધી એને દરરોજ સવાર પડતાં ચોકીએ હાજર થવું પડતું; અને રાત્રે

પાછો તે ઘેર આવતો ત્યારે હું તેની સારવાર કરતો. એક દિવસ તો એને એટલો બધો પીડવામાં આવ્યો કે તેનાથી સહન થયું નહિ અને આપઘાત કરવાના ઈરાદાથી તે કુવામાં કુદી પડયો, પરંતુ એને જીવતો બ્હાર કાઢવામાં આવ્યો. તે ખૂબ મંદો પડયો; અને થોડા દિવસ રહી મરણ પામ્યો.

૧૪૪

લાલા કિરપારામ રામજીદાસની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૪૫; ધંધો આડતનો;

ઠેકાણું. કતરા પરની. અમૃતસર.

યુરોપિયન પ્લેટફોર્મ ઇન્સ્પેકટરના ખુનની તપાસ ચાલતી હતી તે અરસામાં ૧૬મી એપ્રિલે પોલીસે મને તથા બીજા દલાલોને બોલાવ્યા હતા. ખુન વિષે પોલીસ મારી પાસેથી કંઈક વિગત મેળવવા ઇચ્છતી હતી. પરંતુ ૧૦ મીથી ૧૬ મી તારીખ સુધી હું ઘેરે જ રહ્યો હતો એટલે પોલીસને આપવા જેવી હકીકત મારી પાસે કંઈ ન હતી. પણ પોલીસ મને ગાળો આપવા લાગી; અને બે પગ વચ્ચેથી હાથ કઢાવી મારી પાસે કાન પકડાવ્યા, અને તેવી સ્થિતિમાં મને ૧૫ મિનિટ સુધી બેસાડી રાખ્યો, મને લાતો પણ મારી અને લગભગ બે કલાક સુધી ધુમ તડકે ઉભો રાખ્યો અને ઠેઠ સાંજે સાત વાગે ઘેર જવાની રજા આપી. બાગમાં હાજરી ભરવી પડતી. બપોરે મને જમવા જવાની પણ રજા નહોતી મળતી. મારા ૨૪ વર્ષના છોકરાના હાલ પણ મારા જેવા જ થયા હતા. પોલીસના હાથે મારાને દરરોજ મારખાતો મેં જોયો હતો. એક દિવસે તો તેણે કુવામાં પડી આપઘાત કરવા પ્રયત્ન કર્યો. પોલીસે તેને બચાવવા કંઈજ કર્યું નહિ. પણ આસપાસના લોકોએ એને કુવામાંથી જીવતો કાઢયો એટલે પોલીસ પાછી એને પકડી ગઈ. પોલીસના હાથે પડેલ મારના પરિણામે થોડા દિવસ રહી એ મરણ પામ્યો.

૧૪૫

લાલા પુરણચંદ ઠાકરદાસની જુબાનીઃ ઉમ્મર વર્ષ, ૨૮ આડતનો ધંધો;

ઠેકાણું એટચિસન પાર્ક પાસે, અમૃતસર.

એટચિસન પાર્કમાં યુરોપિયન પ્લેટફોર્મ ઇન્સ્પેકટરના ખુનની તપાસ ચાલતી હતી તે અરસામાં ૧૬ મી એપ્રિલે મને તથા બીજા આડતીયાઓને પોલીસે બાગમાં બોલાવેલ. ત્યાં અમને ધુમ તડકે ઉભા રાખવામાં આવ્યા હતા, અને મ્હેતાજી છોકરાઓ પાસે કરાવે તેમ અમારી પાસે પગ વચ્ચેથી હાથ કઢાવી કાન પકડાવ્યા હતા. બે દિવસ સુધી અમારે સવારથી સાંજ સુધી બાગમાં જ હાજર રહેવું પડયું હતું. અમને અનેક રીતે રીબાવવામાં આવ્યા હતા.

એક દિવસે પોલીસ અમને બગાચી બાગમાં લઇ ગયા. ત્યાં અમને બધાને એક પછી એક લગભગ સાવ નાગા કરવામાં આવ્યા, પોલીસ દરેકને જમીન ઉપર ઉંધા સુવા-ડતા, અને પછી પીઠ ઉપર એક જાડો સારજન સવાર થઇ બેસતો અને બીજો હાથઉપર

જોડા મારતો, દરેકને આ રીતે માર મારી થોડેક દૂર બેસાડવામાં આવતા. આ રીતે અમને ચાર પાંચ જણને દુઃખ દેવામાં આવ્યું હતું.

બીજે દિવસે મને એકલાને એક કોટડીમાં પોલીસ લઈ ગયા. કેસરસિંહ અને જંદાસિંહ ત્યાં હાજર હતા. તેઓએ મને પૂછ્યું: 'સારજનનું ખુન કોણે કર્યું?' મેં કહ્યું: 'હું ખરું કહું છું મને એની ખબર નથી.' એટલે એણે એક સિપાઇને કહ્યું: 'સળગતો કોયલો લઈ આવી એના હાથમાં મૂક.' બે ત્રણ મિનિટમાં પોલીસે સળગતો કોયલો આણ્યો અને મારા ડાબા હાથની હથેલીમાં મૂકયો, અને થોડીક મિનિટ સુધી રહેવા દીધો. મને તમર આવવા લાગી એટલે તેઓએ કોયલો ઉપડાવી લીધો અને પાછું સારજનના ખુન વિષે પૂછ્યું. મને બીજા ચાર દિવસ સુધી ચોકીએ બોલાવવામાં આવ્યો હતો. મારા હાથમાં હજી સુધી ડામનો ડાધ રહ્યો છે.

૧૪૬

જીવનસિંહ સુંદરસિંહની જુબાનીઃ ઉમ્મર વર્ષ, ૪૦ થી ૪૫; દુકાનદાર, મીઠાઇવાલો; ખાપર ખારી ગામ, અમૃતસર.

વૈશાખી યાત્રા ખલાસ થયા પછી હું અમૃતસરથી મારે ગામ ગયો હતો. આઠેક દિવસ રહી પોલીસ મને ચોકીએ લઇ ગયા. ઇન્સ્પેકટર મને કોટડીમાં લઇ ગયો અને મારી પાસે એવા સબબની જુબાની માગી કે બંતાસિંહ, આસાસિંહ, મધર, મહીયા, ગહુન, નાથાસિંહ અને બંતા રેલ્વે પાટા ઉખેડી નાખવાનું ત્રાગડો રચવા મારી દુકાને ભેગા થયા હતા. પણ આ વાત ખોટી હોવાથી મેં તેમ કહેવા ચોખ્ખી ના પાડી; એટલે ઇન્સ્પેકટરે મારી દહાઢી ખેંચી, મને ઠોંસા માર્યા અને મને 'પાધરો કરવા' કોન્સ્ટેબલોને સોંપી દીધો. આ પછી મારા હાથ પીઠ ઉપર રખાવી મને સવારના આઠથી સાંજના ચાર વાગા સુધી ખેતરમાં માટીના ઢેંફા ઉપર પેટે ચલાવવામાં આવ્યો હતો. એક મિનિટ માટે પણ હું થોભતો અથવા હાથનો ઉપયોગ કરવા જતો તો મને લાતો મારવામાં આવતી અને લાકડીથી ફટકાવામાં આવતો, આથી મારા શરીરમાંથી લોહી વહ્યું હતું અને તે દિવસે પડેલા ઘાના ડાઘા હજી પણ મારા શરીર ઉપર દેખાય છે. તૃષા લાગતાં પાણી પણ પીવા મને ન્હોતું આપવામાં આવ્યું. ચાર દિવસ સુધી રીબાવી, પોલીસે મને છોડી મૂકયો પણ આઠ દિવસ રહી પાછો મને પકડયો અને ચાર માસ સુધી ચોકીએ કેદ રાખ્યો.

૧૪૭

સદરંગ નટ પૈરણીની છોકરી બલોચાંની જુબાનીઃ રામબાગ દરવાજા આગળ, અમૃતસર.

માર્શીયલ લૉના વખતમાં મને તથા બીજી બાઇઓને પકડવામાં આવી હતી. ચોકી ઉપર પોલીસે બેંકની લુંટાયલી મિલકતની માંગણી પન્ના, રખી, રાણી અને મારી પાસે કરી હતી. અમારી સાથે પોલીસ અણછાજતી રીતે વર્તી હતી. પોલીસે મારો તથા મારી બ્હેન ઇકબાલાંનો પાયજામો ઉતરાવી નાખ્યો હતો. અને પછી અમારી મશ્કરી કરી હતી. રાત્રે દશ વાગે અમને ઘેરે જવાની રજા મળી હતી. બીજે દિવસે સવારના ૭ વાગે અમારે ચોકીએ હાજર થવાનું હતું, આ રીતે પાંચેક દિવસ સુધી અમારે ચોકીએ હાજરી આપવી પડી હતી.

પોલીસ કેટલીકવાર અમારી યોનિમાં લાકડી નાંખતી, સોટીએ માર મારતી, અને ગાળો પણ આપતી. અમારી પાસેથી નીચે પ્રમાણે રૂપિયા લીધા પછી જ પોલીસે અમને જતાં કર્યાં.

મારી પાસેથી રૂપિયા ૪૦; રાણી પાસેથી રૂપિયા ૨૦, રખી પાસેથી રૂ. ૨૦; ઈકબાલાં, પન્ના, ફિરોઝાન પાસેથી રૂપિયા ૪૦, બીજી છોકરીઓ પાસેથી પણ રૂપિયા લેવામાં આવ્યા હતા. આ બધી રકમ અમે સુંદર કોન્સ્ટેબલને અને હવાલદાર ફઝલને આપી હતી.

નોંધઃ—બલોચાનની આ જુબાની રાણી, પન્ના અને રખીને વાંચી સંભળાવવામાં હતી, અને તે સાવ સાચી છે એમ તેઓએ કબુલ કર્યું હતું.

૧૪૮

માલીક અબ્દુલ હાઈની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૨૦; પાશમીનાનો વ્યાપારી, ઠેકાણુંઃ કતરા હકીમાન, અમૃતસર.

માર્શીયલ લૉ દાખલ થયા પછી લગભગ એક માસ રહી અમૃતસરના પોલીસ સુપ્રીન્ટેંડંટે તારથી મને અમૃતસર બોલાવ્યો. હું તરત અમૃતસરની પોલીસ ચોકીએ ગયો. ત્યાં ડૉ. કિચ્લુની સામે જુબાની આપવા જવાહરલાલ ઇન્સ્પેકટરે મને ઘણી લાલચો બતાવી પણ મેં તેમ કરવા ના પાડી એટલે મને ધમકી આપવી શરૂ કરી; અને 'બેંક કેસ'માં મારો હાથ હતો એવો આરોપ મારા ઉપર મુકવાની, પરહેજગીરીમાં રાખવાની, ફટકા મારવાની, અને એવી બીજી બીકો મને બતાવી છતાં હું પોલીસ કહે એમ જુબાની આપવા—ખોટી જુબાની આપવા—કબુલ ન થયો; એટલે મને ખૂબ માર પડયો. અંતે હું થાકયો, અને જવાહરલાલ લખાવે તેમ લખી આપવા કબુલ થયો. લખતાં લખતાં પણ ન લખવા મન થઈ જતું, પણ જેમ તેમ લખાણુ લખાઈ રહ્યું; જવાહરલાલ મારી પાસે ત્રણ ચાર વાર તે લખાણુ વાંચી ગયો, અને લગભગ મોઢે કરાવ્યું; અને પછી લખાણુ એક સાહેબ પાસે રજુ કર્યું. સાહેબે તે તપાસી જોયું એટલે મને જવાની રજા મળી.

પરંતુ માર્શીયલ લૉ કોર્ટ પાસે સાચું જ બોલવા મેં ઠરાવ કર્યો હતો. ખોટી જુબાની આપવા પોલીસે મને કનડયો હતો એ વાત મેં જડજોને કહી સંભળાવી હતી. કોર્ટમાંથી બ્હાર નીકળ્યો ત્યારે મને નાયકે પકડયો અને ચોકીએ લઇ જવા ઇચ્છતો હતો; પણ મેં ચીસ પાડી; એટલે કોર્ટમાંથી કેટલાક બેરિસ્ટરો બ્હાર આવી પહોંચ્યા. નાયકના હાથમાંથી છૂટો થતાં જ મેં કોર્ટને બધી વિગત સંભળાવી; એટલે વડા જડજે મને બીજે રસ્તે થઇ ઘેર જવા જણાવ્યું.

પણ આ દિવસથી મારી છાયા પેઠે પોલીસ મારી પાછળ ફર્યા કરે છે.

૧૪૯

જુની કાપડ બજારના તેર પ્રતિષ્ઠિત વ્યાપારીઓની જુબાનીઃ અમૃતસર.

વ્યાપારીઓનાં નામઃ—૧, ધનીરામ અમોલકરામ; ૨, સાહીબ દયાળ રામદાસ; ૩, કિરપારામ તારાચંદ; ૪, ગોકલચંદ સનારામ; ૫, બક્ષીરામ દિવાનચંદ; ૬, હરદયાળ

દુર્ગાદત્તા; ૭, હરકીશન ખારચંદ; ૮, રામરતન રાધાકેશર; ૯, મોતીરામ સોહનલાલ; ૧૦. દિનાનાથ વાણીયા; ૧૧, બસંતમલ કેશવરામ; ૧૨, નિચલચંદ બલદેવદાસ; ૧૩, બાબુ રાધાકિશન.

૧૩ મી એપ્રિલ પછી થોડા દહાડા રહી પોલીસના કેટલાક સિપાઇઓ અમારી બજારમાં આવ્યા અને બજારના બધા કુલીઓનાં નામ લીધાં અને તેઓને પકડી ગયા. ચોકી ઉપર તેઓને રાતના નવ વાગા સુધી બેસાડી રાખવામાં આવ્યા. બીજે દિવસે સવારના કુલીઓ સાથે અમને પણ ચોકીએ હાજર થવાનો હુકમ થયો. ચોકીએ અમારે આખો દિવસ રહેવું પડયું. માત્ર બપોરના બે કલાક અમને ઘેર જમવા જવાની રજા મળી હતી. બીજે દિવસે પણ અમારે આ પ્રમાણે જ કરવું પડયું હતું. ત્રીજે દિવસે પોલીસે અમારી પાસે ૧૦ મી એપ્રિલના ટોળાના અગ્રેસરોનાં નામ માગ્યાં.

એ દિવસ રહી અમને બધા દુકાનદારોને હથિયારબંધ પોલીસ ચોકીએ લઇ ગઇ, ત્યાં પહોંચ્યા પછી અમારી દુકાનના નોકરોને તેડી લાવવા પોલીસે અમને પાછા મોકલ્યા. નોકરોને તેડી અમે ચોકીએ પાછા આવ્યા ત્યારે પોલીસે એલાયનસ બેંકના મેનેજરનું ખુન કરનારાનાં નામ અમારી પાસે માગ્યાં. પણ અમને ખબર ન હોવાથી અમે નામ ન આપી શક્યા, આથી અમલદારો અમારા ઉપર ચીઢાયા અને અમને ધૂમ તડકે જમીન ઉપર પાંચ કલાક સુધી બેસાડી રાખ્યા, અને રાત્રે આઠ વાગે ઘેર જવા રજા આપી.

બીજે દિવસે અમને બધાને, શેઠ નોકરને, સવારના સાત વાગે બજારમાં હાજર થવાનો હુકમ થયો હતો. આઠ વાગ્યાને સુમારે સરદાર સુખસિંહ મારકેટમાં આવ્યો. લોકોએ તેને ઓળખ્યો નહિ એટલે સલામ પણ ન કરી, આથી એને ખુબ ગુસ્સો ચઢયો અને અમને બધાને ઢોરની પેઠે પોલીસ ચોકીએ હાંકી લઇ ગયો, ત્યાં અમને રાતના આઠવાગા સુધી બેસાડી રાખવામાં આવ્યા. બપોરના અમને ભૂખ લાગતાં ત્યાં જ ખાવાનું અને ગંદા પાણીએ ન્હાવાનું કહેવામાં આવ્યું; પરંતુ અમને તેમ કરવામાં બાધ જણાયો અને આખો દિવસ અમે ભૂખા જ રહ્યા.

અમારામાંથી કેટલાકોએ વૅાર લોનમાં મ્હોટી રકમ રોકી છે, અને હજારો રૂપિયા ઇન્કમટેકસના ભરે છે.

લાહોર.

૧૫૦

મિ. મનોહરલાલ, બેરિસ્ટર–એટ–લૉની જુબાનીઃ લાહોર.

હું પંજાબ યુનિવર્સિટીનો એમ. એ. અને કેમ્બ્રીજ યુનિવર્સિટીનો બી. એ, બેરિસ્ટર, પંજાબ યુનિવર્સિટીનો ફેલો અને સિંડીકેટનો સભ્ય તથા હાઈકોર્ટ બાર એસોસિયેશનનો ઉપ–પ્રમુખ છું. આ ઉપરાંત હું બીજી અનેક પદવીઓ ધરાઉં છું.

૧૮ મી એપ્રિલે મને સવારના ૭–૩૦ વાગે મારે ઘેરે પકડવામાં આવ્યો અને તાર ઑફીસે લઇ જવામાં આવ્યો. મને પકડવાનું હુકમનામું બતાવવામાં નહોતું આવ્યું તેમ મેં શું અપરાધ કર્યો હતો એ પણ મને નહોતું કહેવામાં આવ્યું. ઘેરે ભાગ્યે જ બે મિનિટ મને મારી સ્ત્રી અને બાળકોને મળી લેવા મળી હતી. મને ક્યાં લઈ જવામાં આવશે અને ક્યાં રાખવામાં આવશે તેનો ખ્યાલ સરખો મને નહોતો આપવામાં આવ્યો. બપોરના બે વાગતાં મને સેંટ્રલ જેલમાં લઈ જવામાં આવ્યો. ત્યાં ઘડીયાળ, છેડો, વિગેરે મારી પાસેથી લઇ લેવામાં આવ્યા, અને રજીસ્ટરમાં મારૂં નામ ઠામ લખી મારી સહીને બદલે મારો અંગુઠો જ લેવામાં આવ્યો અને પછી મને કોટડીમાં પૂરવામાં આવ્યો. આ કોટડી તો સજા પામેલા કેદીઓ માટે હતી. અહીં મને બે ગંદી ધાબળી અને બે લોઢાના વાટકા આપવામાં આવ્યા. ત્રણેક કલાક પછી મારી અહીંથી બદલી થઈ, અને મને અલીખાનામાં લઇ જવામાં આવ્યો.

મારા પકડાવાની અને મારા જેલમાં હોવાની ખબર મારી વહુ અને બાળકોને મોડેથી બપોરના પડી. મારા ઘર સાથે જરા પણ સંબંધ રાખવા મને રજા નહોતી મળી.

૨૧ તારીખે મને મારા એક બેરિસ્ટર–મિત્ર સાથે વાતચીત કરવા પરવાનગી મળી હતી. પરંતુ મારા છોકરા સાથે એક મિનિટ માટે પણ વાત કરવા મને ના કહેવામાં આવી હતી.

૨૩ મી તારીખે મને જેલના યુરોપિયન વિભાગમાં લઈ જવામાં આવ્યો; અહીં સગવડ એકંદર ઠીક હતી. ફરવા હરવાની પણ છુટ મળી હતી, તેમ પાયખાનાની અને ન્હાવા ધોવાની સગવડ પણ હતી. મને એક ન્હાનકડી લાઇબ્રેરી પણ પૂરી પાડવામાં આવી હતી.

આ વિભાગમાં ૧૬ મી મે એ મારો છુટકારો થયો ત્યાં સુધી હું રહ્યો. મારી પરહેજગીરી દરમ્યાન મને ત્રણ જ વાર મારા સગા સંબંધીઓને મળવા રજા આપવામાં આવી હતી.

"ટ્રિબ્યુન" પત્રનો હું એક ટ્રસ્ટી હોવાથી તેની વ્યવસ્થામાં હું ઠીક ભાગ લેતો હતો. પત્ર ચલાવવા અમે એક બાહોશ અધિપતિ નીમ્યો હતો અને તેના કામમાં અમે આડા નહોતા પડતા. મને પકડવામાં આવ્યો અને પંજાબમાં રમખાણ થયાં તે પહેલાં

ઘણો વખત થયા જ "ટ્રિબ્યુન" પત્ર ઉપર સેન્સોરશીપ હતી. એટલે એ પત્ર પ્રજાને ઉશ્કેરે એવો સંભવ જ ન હતો. મને પકડવાને ખાસ તાજું કારણ કયું મળ્યું હશે એ મારી કલ્પનામાં આવતું નથી. હું શહેરના જાહેર જીવનમાં કંઈ પણ ભાગ લેતો નથી. મારા કામકાજમાંથી મને મળતો ફુરસદનો વખત હું અભ્યાસમાં જ ગાળું છું. ડેપ્યુટી કમિશનરે શહેરના અગ્રેસરો સાથે અનેકવાર મસલત ચલાવી હતી. મને તેમાં કોઇવાર બોલાવવામાં નહોતો આવ્યો; અને હું કોઇવાર મારી મેળે પણ ગયો નહતો. કેટલાક સજ્જનો હડતાળનો અંત આણવા મથતા હતા; તેઓને પણ મેં કોઇ જાતની મદદ કરી નહતી. આમ છતાં મને પકડવામાં આવ્યો હતો, અને મારી પરહેજગીરી દરમ્યાન, મેં શું ગુન્હો કર્યો હતો એની મને જાણ જ કરવામાં નહોતી આવી.

મને પકડયા પછી પોલીસે મારા ઘરની જડતી લીધી હતી. મારી માંદી સ્ત્રીને અને મારા બાળકોને ઘરમાંથી આખો દિવસ બ્હાર જ રાખ્યા હતા; અને તેઓને નોકરખાનામાં અને રસોડામાં આખો વખત ગાળવો પડયો હતો. મારી લાઇબ્રેરી પણ તપાસવામાં આવી હતી, અને તેમાંથી પોલીસ બે ત્રણ ચોપડીઓ લઈ ગઈ હતી; પરંતુ હજી સુધી મને તે ચોપડીઓ પાછી આપવામાં આવી નથી.

મારો શું અપરાધ હતો, મેં એવું તે શું કર્યું હતું કે મને પકડવામાં આવ્યો અને મને કેદમાં રાખવામાં આવ્યો એ વિષે આજદીન સુધી હું સાવ અંધારામાં રહ્યો છું.

૧૫૧

મિ. સંતરામ ગ્રુવર, એમ. એ, બી. એસ સી, ની જુબાનીઃ દિયાળસિંહ કોલેજમાં અંગ્રેજીનો પ્રોફેસર, લાહોર.

દિયાળસિંહ કોલેજમાં બે વર્ષ થયાં હું પ્રોફેસર છું, તે પહેલાં હું ગુજરાનવાલામાં કિંગ જ્યોર્જ હાઈ સ્કુલનો મુખ્ય અધ્યાપક હતો. વિદ્યાર્થી વર્ગના પ્રસંગમાં હું સારી રીતે આવ્યો છું; તેઓના રાજકારભારને લગતા વિચારો મને વાંધા પડતા જણાયા નથી. હું તો તેઓના વિચારથી સંતુષ્ટ હતો.

હડતાળ દરમ્યાન પણ મારી કોલેજના વિદ્યાર્થીઓના વિચારોમાં બગાડો થયો નહતો; એક પણ વિદ્યાર્થી બેઅદબીથી વર્ત્યો હોય એવો મને ખ્યાલ નથી.

માર્શીયલ લૉના અમલ દરમ્યાન શહેરમાં અનેક મકાનો ઉપર માર્શીયલ લૉને લગતી નોટિસ ચોડવામાં આવી હતી. તેવી એક નોટિસ અમારી કોલેજ ઉપર પણ લગાડવામાં આવી હતી. દશેક દહાડા રહી, કોલેજના પ્રિન્સિપાલને માર્શીયલ લૉ નોટિસની હેઠળ રાજ્યદ્રોહી નોટિસ ચોટાડનારને શોધી કાઢવાનો હુકમ કરવામાં આવ્યો. કોલેજના ટ્રસ્ટીઓ અધ્યાપકો, અને વિદ્યાર્થીઓ ભેગા મળ્યા; પણ બધાને એમ જ થયું કે કોલેજમાંથી કોઇએ તેવો ગુન્હો કર્યો નથી. આ વિષે ટ્રસ્ટીઓ ઑફીસરને જવાબ લખતા હતા તેવામાં કરનલ જૉનસન કેટલાક માણસો સાથે ત્યાં આવી ચઢયો; અને રાજ્યદ્રોહી નોટિસ વિષે પુછપરછ શરૂ કરી. અમને કેટલાકને તો એવી નોટિસ મુકાયાની વાત જ સાવ ગલત લાગી પરંતુ કરનલે અમારા એ વિચાર ઉપર ધ્યાન જ ન આપ્યું. ટ્રસ્ટીઓએ ઘડેલો જવાબ

કરનલને બતાવવામાં આવ્યો, અને તેના કહેવાથી તેની ઑફીસે મોકલવામાં આવ્યો. બીજે દિવસે સવારના નવ વાગે કરનલે પ્રિન્સીપાલને મળવા બોલાવ્યો અને તેને ૨૫૦ રૂપિયાનો દંડ ભરવાનો અથવા દંડના બદલામાં ત્રણ માસ જેલમાં જવાનો હુકમ કર્યો, દંડ તરત જ ભરી દેવામાં આવ્યો.

થોડા દિવસ રહી, પ્રિન્સિપાલને પાછી એક નોટિસ મળી, અને તોફાનીઓના સરદારોને શોધી કાઢવાનો હુકમ થયો; પરંતુ તેમાં કોઇ પણ જાતની વાતવિગત જણાવવામાં નહોતી આવી. કોલેજના ટ્રસ્ટીઓને થયું કે થોડા વિદ્યાર્થીઓને તો સજા કરવી પડશે; એટલે કેટલાક વિદ્યાર્થીઓના નામની એક ટીપ કરવામાં આવી. તેમાં વિદ્યાર્થીઓને કેવી સજા કરવી એ પણ જણાવવામાં આવ્યું હતું.

એક બે દહાડા પછી અમને એવો જવાબ મળ્યો કે જે શિક્ષા સૂચવવામાં આવી છે તે યથાર્થ નથી અને સજા માટે વિદ્યાર્થીઓની સંખ્યા પણ મ્હોટી જોઇએ. એટલે વળી ટીપમાં કેટલાંક વધારે નામ ઉમેરવામાં આવ્યાં, અને સજામાં પણ વધારો કરવામાં આવ્યો. આ પછી પ્રિન્સિપાલ પાસેથી લેવામાં આવેલો ૨૫૦ રૂપિયાનો દંડ પાછો આપવામાં આવ્યો, આવી રીતે કેટલાક વિદ્યાર્થીઓને સજા થયા ઉપરાંત વિદ્યાર્થી માત્રને દિવસમાં ચાર વાર હાજરી પૂરાવવા જવું પડતું. આ બધાથી વિદ્યાર્થીઓનાં મન ઘણાં ખાટાં થયાં હતાં, અને અમલદારો પ્રત્યે તેઓને રોષ ચઢે કે ઝેર વ્યાપે તો એમાં નવાઇ નથી.

૧૫૨

ડૉ. ગોકુલચંદ નરંગ, બેરિસ્ટરની જુબાનીઃ લાહોર.

રોલેટ બિલ સામે વિરોધ દર્શાવવા લાહોરમાં સૌથી પહેલી સભા ૪ થી ફેબ્રુઆરીએ મળી હતી. અને બીજી સભા ૯ મી માર્ચે થઈ હતી. આ બંને સભા સાંગોપાંગ પાર ઉતરી હતી. બીજી સભામાં લોકોની હાજરી પણ મ્હોટી હતી.

૧૮ મી માર્ચે રોલેટ એક્ટ ધારાસભામાં પસાર થયો. મિ. ગાંધીની સૂચનાનુસાર ૩૦ મી માર્ચે સભા ભરવાનો ઠરાવ થયો હતો; પરંતુ તેવામાં શોકપ્રદર્શનનો દિવસ મિ. ગાંધીએ ૬ ઠીનો રાખ્યો એટલે ૩૦ મી તારીખની સભા પડતી મેલવામાં આવી.

૨ જી એપ્રિલે સિનિયર પોલિસ સુપરિન્ટેંડંટ મિ. બ્રોડવેએ પરવાનગી વિના સરઘસ નહિ કાઢવાનો હુકમ બહાર પાડયો. તેજ દિવસે ૬ ઠી તારીખે સભા ભરવાનો ઠરાવ કરવામાં આવ્યો; પરંતુ હડતાળ પાડવા વિષે લોકોને કોઇ પણ જાતની સૂચના કરવામાં આવી નહતી.

જેઓએ સભા બોલાવવાની નોટિસ ઉપર સહી કરી હતી તેઓ બધાને તથા કેટલાક વર્તમાનપત્રોના અધિપતિઓને ૪ થી તારીખે ડેપ્યુટી કમિશનર મિ. ફાર્બસને બોલાવ્યા હતા. વાતચીતના અંતે એવું ઠરાવવામાં આવ્યું હતું કે પાંચમીની સાંજ સુધી જેને જે રૂચતું હોય તે પ્રમાણે હડતાળ પડાવવા, ન પડાવવા પ્રયત્ન કરવો: પરંતુ ૬ ઠી તારીખે ઉઘાડી દુકાનો કોઇએ બંધ કરાવવી નહિ અને બંધ દુકાનો કોઇએ ઉઘડાવી નહિ; તથા બ્રાડલૉ હૉલની સભામાં બેચાર હોદ્દેદાર પોલીસના માણસો સિવાય પોલીસના બીજા

કોઇએ સભામાં જવું નહિ. મિ. ફ્રામસનને સભા વિષે બહુ ચિંતા થતી જોઈ અમે સભા કરવી માંડી વાળવાની ઇચ્છા પણ બતાવી હતી.

૬ ઠી તારીખે આખા શહેરમાં હડતાળ હતી. ભાડુતી ગાડીઓ પણ મળતી ન હતી; અને દેશી અને યુરોપિયન ઉતારૂઓ સુદ્ધાંને રેલ્વે સ્ટેશનેથી પગે ચાલી ગામમાં જવું પડયું હતું.

સરઘસ કાઢવાની મનાઇ હોવા છતાં ૬ ઠી તારીખે એક સરઘસ શહેરના જૂદા જૂદા લત્તામાં ફર્યું હતું. બપોરના ૧૨-૩૦ વાગ્યાના સુમારે હું ઘેર જતો હતો ત્યારે મને લોકોનાં ટોળાં બંધાવાની ખબર પડી. જૂદે જૂદે સ્થળે ભેગા થયેલા લોકોને વિખેરી નાંખવા મેં પ્રયત્ન કર્યો અને તેમાં હું ફાવ્યો.

સાંજના સભા બહુ ભારે થઇ હતી. હૉલ સાવ ચિકાર ભરાઈ ગયો હતો, છતાં બ્હાર એટલા બધા લોકો ઉભા હતા કે તેઓ માટે બીજી બે સભાઓ ગોઠવવી પડી. લોકો ધાંધલ ન મચાવે એટલા વાસ્તે સભાનું કામ વખત પહેલાં શરૂ કરવામાં આવ્યું હતું. પંડિત રામભજ દત્ત પ્રમુખપદે હતા.

મિ. બોરિંગ અને બીજા બે પોલીસના અમલદારો સભામાં દાખલ થયા કે લોકોએ તેઓ તરફ 'સિસિ' ના અવાજ કર્યા; પણ થોડીવારમાં તે બંધ થઇ ગયા. આ ત્રણે અમલદારોને સગવડવાળી જગ્યાએ બેસાડવામાં આવ્યા હતા; અને સભા દોઢ કલાક ચાલી ત્યાં સુધીમાં તેઓ તરફ કોઇએ બેઅદબી કરી નહતી; અને સભા ખલાસ થતાં તેઓ સુખેથી લોકોની ભીડમાંથી થઇ બ્હાર નીકળી ગયા હતા.

૬ ઠી તારીખે પોલીસની બધી સૂચનાઓનો અમલ થયો હતો ૭ મીએ હડતાળ ઉઘડી ગઇ; અને તે દિવસ તથા ૮ મીનો દિવસ કોઇ પણ જાતની ગડબડ થયા વિના પસાર થયા.

૯ મી તારીખે રામનવમીનું સરઘસ દર સાલ પેઠે નીકળ્યું હતું. આ વખતે સરઘસમાં શહેરમાં મ્હોટા લોકો જોડાયા નહતા, તે ઉપરાંત "રાજા રામચંદ્રકી જય" ના ઘોષની સાથે "ગાંધીકી જય" ના ઘોષ પણ કરવામાં આવ્યા હતા. સરઘસ ફરી રહેવા આવ્યું એટલે કેટલાક પ્રતિષ્ઠિત હિંદુ મુસલમાનોએ બંને કોમ વચ્ચે ઐક્યતાની આવશ્યકતા વિષે ટુંકમાં વિવેચન કર્યું હતું. સરઘસમાં પોલીસ સિપાઇઓ ન હતા. માત્ર એક ઇન્સ્પેક્ટર અને બે મેજીસ્ટ્રેટો હતા. લોકોએ તેઓનું માન સારૂં જાળવ્યું હતું.

૧૦ મી તારીખે બપોરના મિ. ગાંધીના પકડાયાની ખબર આવી, અને તેની સાથે શહેરમાં દુકાનો ટપોટપ બંધ થવા લાગી, અને થોડા વખતમાં તો આખા શહેરમાં હડતાળ પડી. તેજ દિવસે સાંજના પોલિસે લોક ઉપર ગોળીબાર કર્યો હતો; પણ તે વિષે મને અંગત ખબર નથી; પરંતુ સાંભળવા પ્રમાણે ગોળીબાર થવાથી કેટલાક છોકરાઓ માર્યા ગયા હતા અને બીજા કેટલાક ઘાયલ થયા હતા.

૧૧ મી તારીખે હડતાળ ચાલુ રહી, લોકો મરણ પામેલાના શબની અને ઘાયલ થયેલાના શરીરની માગણી કરી રહ્યા હતા. ૬ ઠીની સભા બોલાવનારા અમને બધાને મિ. ફ્રામસને દાર ઓફીસમાં બોલાવ્યા, અને હડતાળનો અંત લાવવા અમને કહ્યું, અમે

તરત જ લોકોની માગણી તેની પાસે રજુ કરી; એટલે તે લેફ્ટેનંટ–ગવર્નરને પુછવા ગયો; પણ ગવર્નરે લોકોની માંગણી કબુલ ન રાખી. તે જ અરસામાં બાદશાહી મસજીદમાં એક જંગી સભા ભરાઈ હતી. ત્યાં જવા અમારામાંથી કેટલાકને મિ. ફ્રાઇસને જણાવ્યું; એટલે ત્રણ ચાર મુસલમાનો અને પંડિત રામભજ દત્ત ત્યાં ગયા. ત્યાં શું બન્યું એની મને ખબર નથી.

૧૨ મી તારીખે પાછી બાદશાહી મસજીદમાં સભા થઇ હતી. લોકો સભામાંથી ઘેર જતા હતા તે વખતે તેઓ ઉપર ગોળી ચલાવવામાં આવી હતી, અને તેથી કેટલાક મરણ પામ્યા હતા અને કેટલાક ઘાયલ થયા હતા. આ જ વખતે લશ્કરે શહેરનો કબજો લીધો; પરંતુ આ માટે જરા પણ કારણ ન હતું. શહેરમાં લશ્કર નહિ મોકલવાનું વચન મિ. ફ્રાઇસને અમને આપ્યું હતું, પણ તેણે લશ્કર મોકલી એ વચનનું પાલન ન કર્યું. સંભવ છે કે તેને પોતાના વચન વિરૂદ્ધ કામ લેવા સરકારે હુકમ કર્યો હોય.

તે જ દિવસે બપોરના મિ. શાસ્રીને ઘેરે કેટલાક મિત્રો હડતાળ ઉઘડાવવા વિષે વિચાર કરવા ભેગા થયા હતા. ત્યાં શહેરના કેટલાક રાયલોક અને મ્હોટા વ્યાપારીઓ પણ હાજર હતા. ઘણો વિચાર કર્યા પછી અમે નીચે પ્રમાણે સૂચનાઓ લેફ્ટેનંટ–ગવર્નરને મોકલાવવા ઠરાવ કર્યો:

શહેરમાંથી લશ્કર ખસેડી લેવું;
મરણ પામેલાના શબ અને ઘાયલ થયલાના શરીર તેઓના સગાઓને સોંપી દેવા;
બધા પકડાયલાને છોડી મૂકવા, અને જરૂર હોય તેની પાસે જામીનગીરી લેવી;
ફરીથી બખેડો થવા ન પામે વાસ્તે સરકારને સલાહ આપવા એક કમિટી નીમવી.

આ સૂચનાઓ લઇ મિ. શાસ્રી અને બીજાઓ પંજાબ સરકારના ચિફ સેક્રેટરી મિ. થોમસન પાસે ગયા; પરંતુ તેનું કંઇ પરિણામ આવ્યું નહિ; અથવા આવ્યું તો તે એટલું જ કે સરકારે નેતાઓની આ સૂચનાઓ ‘ બંડખોરના અગ્રેસરો ’ શરત લખાવે તેના જેવી લેખી.

૧૩ મી, ૧૪ મી અને ૧૫ મી તારીખે હડતાળ ઉઘડાવવા અગ્રેસરોએ જૂદી જૂદી રીતો અજમાવી, પણ તેમાં તેઓ નિષ્ફળ ગયા; કારણ કે શહેરમાં આવી પડેલું લશ્કર લોકોને ખૂંચતું હતું.

૧૪ મી તારીખે સવારના મને, લાલા હરકિસનલાલ, દુનીચંદ, અને પંડિત રામભજ દત્તને મિ. ફ્રાઇસને તાર ઓફીસે બોલાવ્યા હતા. અમને ચારેને મિ. ફ્રાઇસન એક ખંડમાં લઇ ગયો, અને મારા સિવાય બીજા ત્રણેને પકડી શહેરપાર કર્યા; મને એક કલાક રહી બ્હાર જવાની રજા આપી.

૧૫ મી તારીખે શહેરમાં માર્શીયલ લૅાનો અમલ શરૂ થયો; અને લશ્કરી સત્તા સર્વોપરિ થઇ બેઠી છતાં ૧૭ મી તારીખ સુધી હડતાળ ઉઘડી નહિ. મારી પાકી ખાતરી છે કે માર્શીયલ લૅા અમલમાં મેલવા કંઈ જ કારણ ન હતું. સરકાર સામે કોઇએ કાવત્રું રચ્યું ન હતું, અને સરકારના કેટલાંક પગલાં સામે જે કંઈ ચળવળ ચાલી હતી તે બધી વ્યવસ્થિત હતી.

માર્શીયલ લૉનો અમલ પણ દુઃખદ જ નીવડયો. રાત્રે આઠ વાગ્યા પછી બ્હાર નીકળવાની મનાઇ કરવામાં આવી હતી, અને જો કોઈ નીકળતું તો તેને ફટકા મારવાની સજા નક્કી કરવામાં આવી હતી. સૌ કોઇના ઘોડીઘોડા, બાઇસિકલો, વિજલીની બત્તીઓ અને પંખા સુદ્ધાં સર કરવામાં આવ્યા હતા. પોલીસ મરજીમાં આવે તેને પકડતી. વિદ્યાર્થીઓને દિવસમાં ચાર વાર હાજરી પૂરાવવા જવું પડતું. રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લેનારાઓના ઘર ઉપર નોટિસો મુકવામાં આવી હતી, અને તેની સંભાળ રાખવાનું કામ પણ તેઓને જ સોંપવામાં આવ્યું હતું.

મને ૫ મી મે એ પકડવામાં આવ્યો, અને જેલમાં એક કોટડીમાં પૂરવામાં આવ્યો. ૨૬ દિવસ સુધી હું આ કોટડીમાં રહ્યો. ગરમી સખ્ત પડતી હતી, એટલે કોટડીમાં ભાગ્યેજ ઉંઘ આવતી, પંજાબનો નવો લેફ્ટેનંટ–ગવર્નર આવ્યા પછી અમને કંઇક સગવડ કરી આપવામાં આવી હતી.

મારા ઉપર ઇંડિયન પિનલ કોડની ૧૨૦ બી, ૧૨૧, ૧૨૨ એ, અને ૧૨૪ એ કલમ પ્રમાણે કામ ચલાવવામાં આવ્યું હતું. પરંતુ મારા ઉપર મુકવામાં આવેલા આરોપ જનરલ સમરી કોર્ટ માર્શીયલ આગળ સાબીત ન થતાં મને છોડી મૂકવામાં આવ્યો હતો. રોલેટ એક્ટ સામે વિરોધ દર્શાવવા સભા બોલાવવાનો, સભામાં સખ્ત ભાષણ કરવાનો, બાદશાહી મસજીદમાં નીમાયલી “ કાવત્રાખોરોની કમિટી ” નો સભાસદ હોવાનો અને એવા બીજા આરોપ મારા ઉપર મૂકવામાં આવ્યા હતા.

સમરી કોર્ટના કમિશનરો વિષે મારે કંઇ ખાસ ફરિયાદ કરવા જેવું નથી. માત્ર એટલું જ કે માર્શીયલ લોની છાયા હેઠળ નીમાયલી અદાલતોના ગેરફાયદા અને તે વખતે ઉત્પન્ન થયેલ શંકાશીલ વાતાવરણનું પરિણામ સૌ કોઇને ભોગવવું પડયું હતું.

૧૫૩

લાલા ધરમચંદની જુબાનીઃ વકીલઃ ઉમ્મર વર્ષ ૪૦; લાહોર.

હું લાહોરમાં ૧૭ વર્ષ થયા વકીલાત કરૂં છું. પંજાબની કોંગ્રેસ કમિટીનો હું નવ વર્ષ સુધી મંત્રી હતો; અને હાલ હું ઑલ ઇંડિયા કોંગ્રેસ કમિટીનો સભ્ય છું.

રોલેટ બિલ સામે વિરોધ દર્શાવવા લાહોરમાં એક સભા ફેબ્રુઆરીમાં અને બીજી માર્ચ માસમાં થઇ હતી. ૬ ઠી એપ્રિલે ત્રીજી સભા ભરવી કે કેમ એનો વિચાર ચલાવવા શહેરના અગ્રેસરો ૨ જી તારીખે ભેગા થયા હતા, અને સભા કરવાનો ઠરાવ કર્યો હતો; પરંતુ હડતાળ પાડવી કે નહિ તે વિષે તેઓએ પોતાનો વિચાર પ્રગટ કર્યો નહતો. છતાં મહાત્મા ગાંધીની સૂચનાનુસાર લાહોરના વતનીઓએ ૬ ઠી તારીખે હડતાળ પાડી હતી. સાંજના બ્રાડલૉ હૉલમાં જંગી સભા થઇ હતી. સભામાં વ્યવસ્થા બરોબર જળવાઈ હતી.

૧૦ મી એપ્રિલના વર્તમાનપત્રોમાં મહાત્મા ગાંધીના પકડાયાની ખબર પ્રગટ થઇ અને લોકોએ તરત જ હડતાળ પાડી. આ વખતે અમૃતસરમાં બનેલા બનાવોની ખબર લાહોર નહોતી આવી.

૧૨ મી તારીખે બાદશાહી મસજીદમાં એક ભારે સભા ભરાઇ હતી. પંડિત રામભજ દત્ત અને લાલા દુનિચંદ લોકોને હડતાળ ઉઘાડવા સમજાવી રહ્યા હતા; પરંતુ તેઓ

લોકો ઉપર અસર ન કરી શક્યા. છેવટે હડતાળ ઉઘડાવવાનો વિચાર કરવા વાસ્તે એક કમિટી નીમવામાં આવી.

તેજ દિવસે બપોરના શહેરના રાયલોક, દુકાનદારો અને લોકનાયકો મિ. શાસ્રીને ત્યાં હડતાળ વિષે વિચાર કરવા ભેગા મળ્યા હતા. ખૂબ ચર્ચા થયા બાદ કેટલીક સૂચનાઓ ઘડી કાઢવામાં આવી અને મિ. શાસ્રી અને બીજાઓ આ સૂચનાઓ સરકારના ચિફ સેક્રેટરી પાસે લઇ ગયા, સેક્રેટરીએ તેનો જવાબ બીજે દિવસે આપવા જણાવ્યું. તે દરમ્યાન, લાલા હરકિસનલાલ, પંડિત રામભજ દત્ત, લાલા દુનિચંદ અને બીજાઓએ હડતાળનો અંત લાવવા અનેક ઇલાજો યોજ્યા; પરંતુ બધા નિષ્ફળ નિવડ્યા; એટલું જ નહિ પરંતુ લોકો અગ્રેસરો તરફ શંકાશીલ નજરથી જોવા લાગ્યા, અને તેઓ ઉપર અનેક પ્રકારના આક્ષેપો કરવા લાગ્યા.

લાહોરના લોકો આ રીતે મક્કમ થઇ બેઠા હતા, તેવામાં ૧૫ મી એપ્રિલે માર્શીયલ લૉનો અમલ શરૂ થયો. પરંતુ મારી એવી માન્યતા છે કે લાહોરમાં માર્શીયલ લૉની જરા પણ જરૂર નહતી. જો ૧૦ મી એપ્રિલે ગોળીબાર કરવામાં આવ્યો ન હત તો મને લાગે છે કે હડતાળ એક જ દિવસ અને બહુ બહુ તો ૧૨ મી તારીખ સુધી લંબાઈ હત, અને ૧૨ મીએ પાછી ગોળી ચલાવવામાં ન આવી હત તો હડતાળ વધારે લંબાત નહિ.

માર્શીયલ લૉ ૧૫ મી એપ્રિલથી ઠેઠ જુન સુધી ચાલુ રહ્યો; પણ તેટલા લાંબા વખત સુધી તેવા અમલની જરાય જરૂર ન હતી; આ અમલ અતિશય કડક હતો, અને તે દરમ્યાન દરેક વર્ગના લોકોને અનેક પ્રકારની હાડમારી વેઠવી પડી હતી.

સરકાર સામે કાવત્રું રચવામાં આવ્યાની વાત કેવળ મિથ્યા છે. શહેરમાં કોઇએ બંડ જગાડયું ન હતું. પંજાબમાં રાજકીય જીવનનો વિકાસ થતો અટકે અને હિંદને નવા સુધારા મળતા અટકે એવા હેતુથી કાવત્રા અને બંડની વાત ચલાવવામાં આવી હતી. આતો જાણીતું છે કે પંજાબનો લેફ્ટેનંટ-ગવર્નર (સર ઑડવાયર) સુધારાની યોજનાની વિરૂદ્ધ હતો.

* * * *

૧૫૫

ડૉ. બોધરાજ ચોપરા, એમ, બી. સી એચ. બી. ની જુબાનીઃ વય વર્ષઃ ૩૭. લાહોર.

હું શાહાપુર જીલ્લાનો વતની છું પરંતુ છેલ્લાં ૭ા વર્ષ થયાં લાહોરમાં રહું છું. ૩૦ મી માર્ચથી જુન સુધી હું લાહોરમાં હતો. પંજાબનાં જીવનમાં રાજકીય પ્રવૃત્તિ બહુ થોડી છે; છતાં રોલેટ બિલોને લઇ લોકોમાં જીવ આવ્યો હતો; લોકોએ સભાઓ ભરી રોલેટ બિલો વખોડી કાઢયાં હતાં.

૬ ઠી એપ્રિલે આખા શહેરમાં હડતાળ થઇ હતી; પરંતુ તેનો હેતુ સરકારને કનેડવાનો નહતો. ૭ મી થી ૯ મી સુધી શહેરમાં શાંતિ હતી. ૧૦ મી તારીખે મિ. ગાંધીના પકડાયાની ખબર આવી, અને લોકોએ પાછી હડતાળ પાડી.

૧૦ મીની સાંજના લોકો ઉપર ગોળીબાર થતો મેં જોયો હતો. તે વખતે હું મારા ભાઈના ઘેરે કઠેરામાં ઉભો હતો. છુટા છવાયા લોકો મોલ તરફથી લોહારી દરવાજા તરફ જતા હતા. તેની પાછળ કેટલાક ઘોડેસ્વાર આવી ચઢયા અને મારા ભાઇના ઘરની બાજુના ઘર આગળ જઇ ઉભા. તેઓને જોઇ રસ્તે જતા લોકો કુતૂહળથી ત્યાં થોભ્યા, અને એ રીતે ત્યાં એક ટોળુ થવા લાગ્યું. લશ્કરે લોકોના ટોળાને લોહારી ગેટ તરફ ધકેલી મૂક્યું હતું એ વાત બરોબર નથી. લશ્કરના આવ્યા પછી જ ટોળું થયું હતું. લોકો "રોલેટ બિલ. હાય હાય"ના પોકાર કરતા હતા અને છાતી કુટતા હતા. આનો અવાજ એટલો બધો થયો હતો કે ઘોડસ્વારના ઘોડાઓ પણ ચમકી ઉઠયા હતા. પંડિત રામભજ દત્તે અહીં આવી લોકોને વિખેરી નાખવા પ્રયત્ન કર્યો; પણ પોલીસે ગોળી ચલાવી એટલે લોકો નાસી ગયા.

લોકોના હાથમાં હથિયાર કે દંડુકાઓ કે લાકડીઓ નહતી. પોલીસની સામે પણ તેઓ નહોતા થયા; પોલીસે લોકોને સમજાવી પટાવી વિખેરી નાખવાનો પ્રયત્ન સરખો પણ નહોતો કર્યો. લોકોએ પાછા હઠવાની આનાકાની કરી કે તરત જ પોલીસે ગોળી ચલાવી. અહીં એવો કશો બનાવ બન્યો નહતો કે પોલીસને ગોળીબાર કરવાની જરૂર પડે.

ગોળીબારથી ઘાયલ થયેલાઓમાંથી ૧૧ જણની સારવાર મેં કરી હતી. કોઇકને માથામાં તો કોઇકને ગળામાં, કોઇકને છાતીમાં તો કોઇકને સાથળમાં ગોળીઓ વાગી હતી. આમાં ૧૨–૧૩ વર્ષના છોકરાઓ પણ હતા.

૧૫૬

ડૉ. ગોપીચંદ, એમ. બી. બી. એસ; ની જુબાનીઃ લાહોર.

હું ડિસ્ટ્રીકટ કોંગ્રેસ કમિટીનો સભાસદ છું. બ્રાડલૉ હૉલમાં ૬ ઠી એપ્રિલે મળેલી સભામાં હું ગયો હતો. ૬ ઠી તારીખે આખા શહેરમાં હડતાળ પડી હતી. ૧૦ મી તારીખે લોકો ઉપર ગોળી ચાલી, એટલે ગોળીથી ઘવાયલા લોકો મારી આગળ સારવાર કરાવવા આવવા લાગ્યા. મેં ૧૭ જણની સારવાર કરી હતી. પોલીસ મારી પાસેથી એ બધાંના નામઠામ લઈ ગઇ હતી, અને તેઓમાંથી જેટલા જીવતા રહ્યા હતા તેઓ બધાને પકડવામાં આવ્યા હતા. આ લોકોને શરીરના જુદા જુદા અવયવમાં ગોળીઓ વાગી હતી; ખુશીરામ નામના એક ૧૯–૨૦ વર્ષના છોકરાને તો નવ ગોળીઓ લાગી હતી.

લાહોરમાં માર્શીયલ લૉની જરા પણ જરૂર નહતી. લોકો સર ઑડવાયરથી એટલા બધા અસંતુષ્ટ થયા હતા કે લેફ્ટેનંટ–ગવર્નરના હોદ્દા ઉપરથી તે ફારેગ ન થાય ત્યાં સુધી હડતાળ કાયમ રાખવા તેઓએ વિચાર રાખ્યો હતો.

૧૫૭

લાલા રઘુનાથ સહાઈ, બી. એ; ની જુબાનીઃ હાઇકોર્ટ વકીલ; ઉમ્મર વર્ષ ૪૫; લાહોર.

હું વિસ વર્ષ થયા વકીલાત કરૂં છું. ઘણા વર્ષો થયા લાહોરની ઈંડિયન એસોસિયેશનનો તથા પંજાબની પ્રોવિન્સિયલ કોંગ્રેસ કમિટીનો હું સભાસદ છું.

સરકારની લશ્કરમાં ભરતી કરવાની વાંધા પડતી પદ્ધતિથી, મોંઘવારીથી અને ઈન્કમટેકસમાં વધારો થવાથી લોકોમાં અસંતોષ જન્મ્યો હતો; અને પ્રજાના એકમતની સામે જઇ સરકારે રોલેટ એકટ ઘડી આ અસંતોષમાં વધારો કર્યો હતો.

રોલેટ [લ વખોડી કાઢવા લાહોરમાં ૪ થી ફેબ્રુઆરીએ અને ૯ મી માર્ચે સભાઓ થઇ હતી. મહાત્મા ગાંધીની સૂચનાનુસાર ૬ ઠી એપ્રિલે શહેરમાં હડતાળ પડી હતી. તેજ દિવસે સાંજના બ્રાડલૉ હૉલમાં એક ભારે જબરી સભા ભરાઇ હતી. મેં આ સભામાં શારીરકબળ કરતાં આત્મબળની મહત્તા વિશેષ છે એવી મતલબનું વિવેચન કર્યું હતું.

૧૦ મી તારીખે સવારના મહાત્મા ગાંધીના પકડાયાના સમાચાર લાહોરમાં આવ્યા અને લોકોએ તરત જ કામધંધો બંધ કર્યો. સાંજના પોલીસે લોહારી દરવાજા આગળ લોક ઉપર ગોળી ચલાવી; પરંતુ તેમ કરવાની જરા પણ જરૂર ન હતી. ગોળીબાર થવાથી હડતાળ ૧૧ મી તારીખે પણ ચાલુ રહી. ૧૨ મી તારીખે પાછી ગોળી ચલાવવામાં આવી, એટલે વળી હડતાળ લંબાઈ. લોકનાયકોએ દુકાનો ઉઘડાવવા બહુ પ્રયત્ન કર્યો પણ તેમાં તેઓ ન ફાવ્યા. લોકોએ સરકાર પાસે બે માંગણી કરી હતી. તેઓ મરણ પામેલાના શબનો અને ઘાયલ થયેલાઓનો કબજો લેવા માંગતા હતા, અને શહેરમાં આવી પડેલું લશ્કર પાછું જાય એમ ઇચ્છતા હતા; પરંતુ આ બંને માંગણી વ્યાજબી હોવા છતાં અધિકારીઓને ગેરવ્યાજબી જણાઇ, પરિણામે લોકોને બહુ દુઃખ લાગ્યું, અને સર ઓડવાયર ફારેગ ન થાય ત્યાં સુધી હડતાળ કાયમ રાખવા ઠરાવ કર્યો. બીજી તરફ સરકારે માર્શીયલ લૉનો અમલ શરૂ કર્યો. લોકો એમ માને છે કે હડતાળનો અંત આણવા અને ૧૦ મી અને ૧૨ મી એપ્રિલે કરવામાં આવેલી ગોળીબાર સપ્રયોજન હતા એમ બતાવવા માર્શીયલ લૉનો અમલ સ્થાપવામાં આવ્યો હતો. હું પણ એમ જ માનું છું; મને એમ પણ લાગે છે કે તેમ કરવામાં સુધારાની યોજનામાં વિઘ્ન નાખવાનો ઇરાદો હતો. માર્શીયલ લૉની સહાયતાથી પંજાબ સરકાર થોડાક વખત માટે રાજકીય પ્રવૃત્તિ દાબી દેવામાં ફાવી; પરંતુ તેમ કરવા જતાં સરકારના ન્યાય અને પ્રમાણિકતા માટેના લોકોના વિશ્વાસને કચડી નાંખ્યો.

૧૫૮

મિ. જય ગોપાલ ટનડનની જુબાનીઃ "લિબરલ" પત્રનો અધિપતિ અને માલેક; પંજાબ હિંદુ સભાનો મંત્રી અને લાહોર સેવા સમિતિનો પ્રમુખ; લાહોર.

પંજાબે જગ વ્યાપી વિગ્રહમાં સારો હિસ્સો આપ્યો હતો; આથી અને બીજા કારણોને લઇ પંજાબમાં પ્રજાકીય જીવન દષ્ટિગોચર થવા લાગ્યું હતું. પરિણામે હિંદી સરકારે જ્યારે લોક મત વિરૂદ્ધ જઈ રોલેટ એકટ ઘડવાનો નિશ્ચય કર્યો ત્યારે લાહોરમાં તે બિલ વખોડી કાઢવા સભાઓ થવા લાગી. ૬ ઠી એપ્રિલની સભામાં હું હાજર હતો. કેટલાક બેઅદબી માણસોએ સભામાં આવેલ પોલિસના બે ઑફીસરો પ્રત્યે ગેરવર્તણૂક ચલાવી

હતી. પરંતુ તેઓને પ્રમુખે તથા બીજાએ ખૂબ ધમકાવ્યા હતા. આ સિવાય સભામાં કંઈપણ ગેઇન્સારી કામ થયું ન હતું.

૬ ઠી તારીખે લોકોએ પોતાની મેળે જ હડતાળ પાડી હતી.

૯ મી તારીખે રામનવમી હતી. આ વર્ષે રામલીલા સરઘસમાં મુસલમાનોએ પણ સારી સંખ્યામાં ભાગ લીધો હતો, સાજનમાં પોલિસ ઈન્સ્પેકટર અને ઓનરરી મેજીસ્ટ્રેટ હતા; લોકો તેઓ પ્રત્યે માનપૂર્વક વર્ત્યા હતા.

૧૦ મી તારીખે બીજી હડતાળ પડી હતી. આ હડતાળ પણ કોઈના કહ્યા વિના થઈ હતી, મિ. ગાંધીના પકડાવાની ખબર આવતાં જ લોકોએ પોત પોતાની દુકાનો બંધ કરી હતી. ઑફીસરોએ કળથી કામ લીધું હતે તો આ હડતાળ લંબાતે નહિ અને માર્શીયલ લૉની જરૂર પડતે નહિ.

શહેરના પ્રતિષ્ઠિત પુરૂષોને પજવવાના ઈરાદાથી તેઓના ઘર ઉપર માર્શીયલ લૉ નોટિસો ચોટાડવામાં આવી હતી; અને નોટિસને સહેજ પણ ઇજા પહોંચતાં ઘરધણીને સખ્ત સજા કરવામાં આવતી.

૧૫૯

લાલા રતનચંદની જુબાની: પંજાબ પ્રોવિનશિયલ કોંગ્રેસ કમિટીનો સેક્રેટરી; લાહોર.

હું "ઇંડિયન એસોસિયેશન" નો સભાસદ અને પંજાબ પ્રોવિનશિયલ કોંગ્રેસ કમિટીનો મંત્રી છું. ૬ ઠી એપ્રિલે સભા ભરવી કે નહિ એનો વિચાર કરવા ૨જી તારીખે આ બંને સંસ્થાની સાથે મળેલી સભામાં મેં સભા ન ભરવાનો ઠરાવ રજુ કર્યો હતો; પરંતુ વધુ મતે તે રદ કરવામાં આવ્યો હતો. આની ખબર હિંદના વર્તમાનપત્રોમાં પ્રગટ થઈ હતી.

૧૫ મી એપ્રિલે લાહોરમાં માર્શીયલ લૉનો અમલ શરૂ થયો. મારા ઘર ઉપર માર્શીયલ લૉને લગતી નોટિસો ચોટાડવામાં આવી હતી, આવી રીતે નોટિસો મારા ઘર ઉપર ન મુકવા માટે મેં ડિસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટને અરજી કરી પણ કંઈ વળ્યું નહિ.

૧૯ મી તારીખે મને હુકમ થયો કે મારે મારી ગાડી અધિકારીને સોંપી દેવી પરંતુ મારી પાસે ગાડી ન હતી; અને એ વાત મેં મોંહે મ્હોં મિ. ફાઇસનને જઇને સમજાવી હતી, છતાં બે દિવસ રહી મેજીસ્ટ્રેટનો હુકમ નહિ માનવા માટે મને પકડવામાં આવ્યો. પોલીસે મારી પાસે ગાડી છે કે નહિ એ વિષે ફરી તપાસ કરી અને મારી પાસે ગાડી નથી એમ ખાતરી થતાં મને છોડી મૂકયો; પરંતુ મારી પાસે ૩૦૦ રૂપિયાની જામીનગીરી લીધી. આખી રાત આ રીતે હેરાન થવાથી મને શરદી થઇ અને તાવ પણ આવ્યો.

૨૪ મી એપ્રિલે મને તાવ હોવા છતાં પાછો પકડવામાં આવ્યો, અને બીજા બે પકડાયલા સાથે પગે ચલાવી કિલ્લામાં લઇ જવામાં આવ્યો. અહીં મને ૫૦ દિવસ સુધી રાખવામાં આવ્યો. મારો શું ગુન્હો હતો એ વિષે મેં વારંવાર પૂછ્યું હતું; પરંતુ કિલ્લામાં મને કોઈ જણાવી શકયું ન હતું. લાહોરના સૌથી વડા અમલદારને પણ તેની ખબર ન હતી.

મને છેવટે ૧૩ મી જુને છોડવામાં આવ્યો; અર્થાત્ માર્શીયલ લૉનો અમલ ખલાસ થયા પછી હું છુટો થયો.

મને પકડી ગયા પછી પોલીસે મારા ઘરની જડતી લીધી હતી. મારી લાઇબ્રેરી પણ વીંખી નાખી હતી. પોલીસ કેટલાક કાગળ લઇ ગઇ હતી, પણ તે હજી સુધી મને પાછા આપવામાં આવ્યા નથી. મારી ગેરહાજરીમાં પણ માર્શીયલ લૉને લગતી નોટિસો મારા ઘર ઉપર ચોટાડવી ચાલુ રહી હતી, અને મારી વહુને અને મારા બે ન્હાના વિદ્યાર્થી ભાઇઓને તે નોટિસોની ચિંતા રાખવી પડી હતી.

૧૯ મી એપ્રિલે મેં ઍા. શ્રીનિવાસ શાસ્ત્રીને વિલાયત જવા પહેલાં પંજાબમાં આવી જવા પત્રદ્વારા વિનતિ કરી હતી. સંભવ છે કે આ કાગળ પોસ્ટ ઓફીસમાં ઉઘાડવામાં આવ્યો હોય, અને એ કાગળ લખવા ખાતર મને આ રીતે કનેડવામાં આવ્યો હોય, એ તો જાણીતી વાત છે કે બ્હારનો કોઇ પણ માણસ પંજાબમાં આવે અને પંજાબની સ્થિતિ નજરે નજર જોય એ પંજાબ સરકારને રૂચતું ન હતું.

૧૬૦

લાલા કાશીરામ ચરણદાસ, વૈદ્યની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૪૭; લાહોર.

છેલ્લાં વિસ વર્ષ થયા લાહોરમાં હું વૈદ્યનો ધંધો કરૂં છું. હું રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લેતો નથી.

૬ ઠી એપ્રિલે લાહોરમાં હડતાળ થઈ હતી. પરંતુ કયાંય ગડબડ થઈ ન હતી. ૧૦ મી તારીખે ગાંધીજીના પકડાયાની ખબર આવતાં શહેરમાં પાછી હડતાળ પડી હતી.

૧૨ મી તારીખે બાદશાહી મસજીદમાં મળેલી સભામાં હું ગયો હતો. પંડિત રામભજ દત્ત અને લાલા દુનિચંદ લોકોને દુકાન ઉઘાડવાનું સમજાવી રહ્યા હતા. આ વખતે સભા ઉપર કેટલાંક એરોપ્લેન ઉડતાં હતાં, અને મસજીદની બ્હાર કેટલીક પોલીસ, કેટલાક ઘોડેસવાર, અને કેટલાક અમલદારો ઉભા હતા. આ બધું જાણી મને થયું કે અહીં વખતે કંઇક નવાજૂની થશે, એટલે હું સભામાંથી જતો રહ્યો.

૧૫ મી તારીખે માર્શીયલ લૉ અમલમાં આવ્યો. જે ઘરમાં હું રહેતો હતો તે ઘર ઉપર નોટિસો ચોટાડવામાં આવી હતી.

લોકો " માર્શીયલ લૉકી જય " ના પોકાર કરતા હતા; પરંતુ તે દિલના પોકાર ન હતા; તે કેવળ ઉપહાસ રૂપે જ હતા. લાહોરના વતનીઓએ માર્શીયલ લૉને વખાણ્યો જ ન હતો. વખતે પોલીસને તે રૂચ્યો હોય; તેને લઇ પોલીસને લોકો પાસેથી પૈસા કાઢવાની તક મળી હતી.

૧૬૧

ડૉ. પ્રેમનાથ એમ બી, સી એચ. બી, એલ. ડી. એસ, ની જુબાની ઉમ્મર વર્ષ ૩૦, લાહોર.

૧૦ મી એપ્રિલે મૉલ આગળ ગોળીબાર થયો ત્યારે હું ત્યાંથી મારે કામે જતો હતો. ગોળાથી બે જણને ઘવાયલા જોઇ હું સાહેબ બહાદુર પાસે ગયો; પરંતુ તેણે મને

પાછો ઠેલી મુકયો અને જતા રહેવાનું કહ્યું. આ બે ઘાયલ થયલાને પોલીસ ચેરિંગ ક્રોસ પોલીસ ચોકીએ લઇ ગઇ, હું તથા મારો એક ડોકટર મિત્ર ત્યાં ગયા. ત્યાં એક જણ તો મરણ પામ્યો એ વિદ્યાર્થી હતો. બીજો પણ મરતો હતો; અમે ખૂબ કહ્યું ત્યારે પોલીસે તેને થોડુંક દુધ પીવા આપ્યું; અને અમે તેના ઘા ઉપર દવા મુકી પાટો બાંધીએ તે પહેલાં તો સાહેબ બહાદુરનો હુકમ આવ્યો કે ઘાયલ થયલા પાસે કોઇને પણ જવા ન દેવા એટલે લાચારીથી અમારે તે બાપડાને એમને એમ મુકી જતા રહેવું પડયું.

મોલ ઉપર ગોળીબાર થયો ત્યારે ત્યાં ૨૦૦ કરતાં વધારે લોકો ન હતા; અને તે પણ રસ્તા વચ્ચે નહોતા ચાલતા; પરંતુ પગથી ઉપર જ હતા અને તેઓ ઉશ્કેરાઈ ગયલા કે તોફાન કરવા ઉતરી પડે એવા નહોતા જણાતા. તેઓની પાસેથી યુરોપિયનો ગાડી-ઘોડામાં અને મોટરમાં, ગોળીબાર થવો શરૂ થયો ત્યાં સુધી આવજાવ કરતા હતા. અને તેઓને કોઇએ પણ રોકયા કે પજવ્યા નહતા.

* * * *

૧૬૩

લાલા બંકેયત દિયાળ માયાદાસની જુબાનીઃ "જંગ સિયાત" ના અધિપતિ; ઉમ્મર વર્ષ ૭૫; લાહોર.

પંદર સોળ વર્ષ થયાં હું પંજાબમાં પત્રકાર તરીકે કામ કરૂં છું. રિપોર્ટર તરીકે મેં ઘણી સભાઓમાં અને પરિષદોમાં હાજરી આપી છે.

૧૦ મી એપ્રિલે મને મારી ઓફીસમાં શ્રીમાન ગાંધીના પકડાવાની ખબર પડી; એટલે હું તે વિષે વિશેષ ખબર મેળવવા બ્હાર નીકળ્યો. તે વખતે મેં પોલીસને લોકોની પૂઠે પડેલી જોઇ; અને મોલ ઉપર થયેલ ગોળીબારની વાત સાંભળી. અનારકલી ચોકમાં લોક આવી પહોંચ્યા એટલે તેઓએ ગાંધીજીને છોડી મુકવાની માંગણીના પોકાર કર્યા. અહીં પંડિત રામભજ દત્ત આવી પહોંચ્યા, અને લોકોને વિખરાઇ જવા સમજાવવા લાગ્યા. પરંતુ તેમ કરવા માટે તેને માત્ર બે જ મિનિટ મળી હતી; લોકો પંડિતને સાંભળતા હતા, તેવામાં તેઓ ઉપર ગોળી ચલાવવામાં આવી. લોકો તરત જ નાસવા લાગ્યા. પોલીસ કે લશ્કર ઉપર તેઓએ પથરા કે એવું બીજું કંઇ ફેંકયું ન હતું.

૧૨ મી તારીખે બાદશાહી મસજીદમાં થયેલી સભામાં હું ગયો હતો. સભામાં એક સી. આઇ. ડી. ઇન્સ્પેકટર હતો, તેના ઉપર લોકોએ હલ્લો કર્યો હતો, અને તે જીવ લઈ સભામાંથી નાઠો હતો. થોડીવાર રહી સભા ઉપર એરોપ્લેન ઉડવા લાગ્યા, અને બ્હાર ઘોડેસ્વાર અને પાયદળ લશ્કર આવી પહોંચ્યું, અને હિરા મંડીથી ગેયટી થીએટર સુધીમાં ગોઠવાઇ ગયું; અને મસજીદમાંથી લોકો બ્હાર નીકળે કે તેઓ ઉપર ગોળી ચલાવવાની રાહ જોતું જાણે ઉભું ન હોય એવું લાગતું હતું. હિરામંડી આગળથી ભાગ્યે જ થોડાક જણ જતા રહ્યા હશે ત્યારે લશ્કરે ગોળીબાર શરૂ કર્યો. લોકે અને લશ્કર વચ્ચે અથડા-અથડી થવાની જે ખબર સરકારે બ્હાર પાડી છે તેમાં જરા પણ વજુદ નથી.

૧૬૪

લાલા સાલિગરામની જુબાનીઃ લાહોર.

હું અરોરબાન પ્રેસનો માલિક અને 'અરોરબાન સુધારક'નો અધિપતિ છું. મારી વય ૫૬ વર્ષની છે.

૧૯ મી એપ્રિલે સવારના બે કૉન્સ્ટેબલો મને દિલ્હી દરવાજાની ચોકીએ લઈ ગયા. ત્યાં કેટલાક પ્રસિદ્ધ પુરુષોને પણ પકડી લાવવામાં આવ્યા હતા. થોડીવાર રહીને પોલીસે બીજા ઘણાઓને કોટડીમાંથી બ્હાર કાઢ્યા, અને અમને બધાને તાર ઑફીસમાં લઇ જવામાં આવ્યા. અને ત્યાં જમીન ઉપર બેસાડવામાં આવ્યા. પોલીસ સુપરિન્ટેંડંટ મિ. બ્રોડવે અમારી પાસે બે કલાકે આવ્યો અને અમને ઉદ્દેશી કહેવા લાગ્યોઃ '**ओ तुम लोग कहते थे के अंग्रेजो राज नहीं रहा ! खडे हो जाओ ! तुम तो हमारे मुलाजम हो खडे हो जाओ।** પછી અમને બધાને એક હારમાં ઉભા રાખવામાં આવ્યા; અને અમને હાથકડી પહેરાવી લાંબે રસ્તે થઇ જેલમાં લઇ જવામાં આવ્યા. ત્યાં અમને દરેકને જુદી જુદી કોટડોમાં પૂરવામાં આવ્યા. અમારે મળમૂત્રનો ત્યાગ આ કોટડીમાંજ કરવાનો હતો. અહીં મચ્છર પણ એટલા બધા હતા કે સખ્ત ગરમી છતાં માથેથી પગ સુધી ઓઢી સુવાની ફરજ પડી હતી, ખોરાક પણ મને અતિશય ખરાબ આપવામાં આવ્યો હતો. ચપાટીમાં ધુળ અને રેતીનો ભેળ હતો; મસુરની દાળ પણ બહુ ગંધાતી હતી, અને રંગે રૂશનાઈ જેવી કાળી હતી. મેં તો આવો ખોરાક ન ખાધો અને ચાર દિવસ પાણી ઉપર જ રહ્યો. આ પછી મારા સગાઓને મારા માટે ખોરાક લઈ આવવાની રજા મળી હતી.

૨૪ મી તારીખે અમને બધાને પોલીસ ચોકીએ સી. આઇ. ડી. ના વડા ઑફીસર મિ. બ્રૉરીંગ પાસે લઇ જવામાં આવ્યા. તેણે અમારી પાસે વકીલો વિરૂદ્ધ ભાષણ કર્યું. અમારી દરેક પાસે તેણે ૨૦૦ રૂપિયાની જામીનગીરી માગી અને અમારી ચાલચલકત માટે ખાતરી આપે એવા માણસોનાં નામ માગ્યાં. મારા બચાવમાં મેં કેટલાક જાણીતા માણસોને બોલાવ્યા હતા, અને તેઓના વચનથી મિ, બોરિંગે મને છોડી મુકયો.

૧૬૫

લાલા તોમારામની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૫૪; લાહોર.

હું વચોવલી આર્યસમાજનો તથા પંજાબ મ્યુચ્યુઅલ હિંદુ ફેમિલી રિલિફ ફંડનો મંત્રી છું.

બાદશાહી મસજીદમાં ભરાયેલી સભાએ નીમેલી સબ-કમિટીમાં હું હતો. ૧૨ મી અને ૧૩ એપ્રિલે સબ-કમિટી મળી હતી. તેમાં હું હાજર હતો. સબ-કમિટીની બેઠક ખાનગી ન હતી. કમિટીના લગભગ દરેક સભાસદને લાહોરમાં ઉભી થયેલી પરિસ્થિતિને લઇ ચિંતા થતી હતી. કમિટીએ ખુબ ચર્ચા કરી હડતાળ ઉઘડાવવાનો એક મતે ઠરાવ કર્યો હતો. કમિટીનો આ ઠરાવ સાંભળી ત્યાં હાજર રહેલા બ્હારના કેટલાક માણસો નારાજ થયા હતા. કમિટીએ કેટલીક સૂચનાઓ વડા ડેપ્યુટી કમિશનરને મોકલાવી હતી;

પણ તેનો જવાબ આપવા પહેલાં લેફ્ટેનંટ–ગવર્નરને પુછી જોવાની તેને જરૂર જણાઇ. બીજે દિવસે કમિટીને જવાબ આપવાને બદલે ડેપ્યુટી કમિશનરે લોકનાયકોને શહેરપાર કર્યા; આથી વળી હડતાળ વધારે લંબાઈ.

મારા વિચાર પ્રમાણે લાહોરમાં માર્શીયલ લૉની જરૂર જ ન હતી. સરકાર સામે કોઇએ કાવત્રુ રચ્યું ન હતું. માર્શીયલ લૉનો અમલ પણ બહુ ત્રાસદાયક હતો. સૌ કોઇને ભારે અગવડ વેઠવી પડી હતી; અને કોઇ પોતાને નિશ્ચિંત સમજતો જ ન હતો. લોકોને અનેક રીતે હેરાન કરવામાં આવ્યા હતા. આ અમલ દરમ્યાન પોલીસને યથેચ્છ વર્તવાની અને જૂના વેર વાળવાની સારી તક મળી હતી.

દર રવિવારે આર્યસમાજમાં પ્રાર્થના થાય છે; પરંતુ તે માટે પણ લોકોને ભેગા થવાની રજા મળી ન હતી; અને જ્યારે રજા આપવામાં આવી ત્યારે પણ અમુક શરતો સમાજ પાસે કરાવવામાં આવી હતી.

રિલિફ ફંડના ૧૩ ડાયરકટરો છે. પરંતુ બોર્ડની સભામાં પણ ૧૦ થી વધારે જણ હાજર ન રહે એવી માગણી બોર્ડ પાસે કરવામાં આવી હતી.

હડતાળ દરમ્યાન, ગરીબ લોકોને ખવડાવવા મફત લંગરખાના ખોલવામાં આવ્યા હતા. આ લંગરખાના ખોલવામાં સરકાર સામે થવાનો જરા પણ ઇરાદો ન હતો; છતાં તેના સ્થાપકોને પકડવામાં આવ્યા હતા.

૧૬૬

ડૉ. નીહાલચંદ સીકરી, એલ. એમ. એસ. ની જુબાનીઃ લાહોર

લાહોરમાં હું ૧૯૦૮ ની સાલથી વસું છું. રોલેટ બિલ બહાર પડયું તે પહેલાં પંજાબ રાજકીય પ્રવૃત્તિ નામની જ હતી પરંતુ આ બિલથી અને લેફ્ટેનંટ ગવર્નરે શિક્ષિત વર્ગ માટે પ્રગટ કરેલા વિચારોથી પંજાબના લોકોની આંખ ઉઘડી. અને રાજ્યકીય વિષય તરફ ધ્યાન અપાવા લાગ્યું.

૬ઠી એપ્રિલે આખા શહેરમાં હડતાલ પડી હતી; પણ કયાંય કંઇ તોફાન થયું ન હતું. તે જ દિવસે સાંજના બ્રાડલૉ હૉલમાં એક ગંજાવર સભા મળી હતી. હું તે સભામાં ગયો હતો. સભામાં કોઇ પણ જાતની ગડબડ થવા પામી ન હતી.

૯ મી તારીખે રામનવમી હતી. રામલીલાનું સરઘસ કાઢવાનો પરવાનો પાંચ છ વર્ષ થયા હું મેળવતો આવ્યો છું. આ સાલ પણ મને સરઘસ માટે પરવાનો મળ્યો હતો. સાજનમાં મેજીસ્ટ્રેટો અને પોલીસ અમલદારો પણ હતા. તેઓ સરઘસની વ્યવસ્થા જોઈ સંતુષ્ટ થયા હતા. રસ્તે હિંદુ મુસલમાન ઐકય અને શ્રીરામચરિત્ર વિષે ટુંકા વિવેચન કરવામાં આવ્યાં હતાં.

૧૦ મી તારીખે મિ. ગાંધીના પકડાવાની ખબર આવી ત્યાં સુધી શહેરની પ્રવૃત્તિ રાબેતા મુજબ ચાલુ હતી; પણ ત્યારબાદ શહેરમાં હડતાળ પડી; અને તેજ દિવસે સાંજના લોકો ઉપર ગોળી ચલાવવામાં આવી. બીજીવાર ગોળી ૧૨ મી તારીખે ચલાવવામાં

આવી હતી. આ બંને દિવસે ઘાયલ થયેલાઓમાંથી મેં અગીયાર જણાની સારવાર કરી હતી,

લોકો ઉપર ગોળી ચલાવવામાં આવી ન હત તો મને લાગે છે કે હડતાળ લંબાત નહિ. મારી એવી પણ માન્યતા છે કે, લાહોરમાં માર્શીયલ લૅાની જરા પણ જરૂર ન હતી. તેના વિના પણ શહેરમાં સુખેથી વ્યવસ્થા જાળવી શકાતે. માર્શીયલ લૅાનો અમલ કોઇને પણ ગમ્યો ન હતો. માણસને ફટકા મારવા એ પંજાબીઓને રૂચતું નથી; છતાં પંજાબમાં લોકોને જાહેરમાં ફટકા મારવામાં આવ્યા હતા. ઘણા પ્રતિષ્ઠિત પુરૂષોને વિના કારણ પકડવામાં આવ્યા હતા, અને ત્રણ ત્રણ અઠવાડિયા સુધી નજરકેદમાં રાખવામાં આવ્યા હતા.

૧૬૭

મિ. શામજી મોહન, એમ. એ, ની જુબાનીઃ ફોર્મન ક્રિસ્ચિઅન કોલેજનો વિદ્યાર્થી ઉમ્મર વર્ષ ૨૩; લાહોર.

૧૦ મી એપ્રીલે મહાત્મા ગાંધીના પકડાવાની ખબર લાહોરમાં આવી કે લોકોએ તરત જ કામકાજ બંધ કર્યું. લોકોનું એક ટોળું " મહાત્મા ગાંધીજી જય "ના પોકાર કરતું અનારકલીમાંથી આવતું હતું. આ વખતે હું એવીંગ હૉલ ટેનિસ કોર્ટમાં હતો. અવાજ શાનો આવે છે એ જાણવાના કુતુહળથી હું બહાર આવ્યો અને મેં ટોળાને જોયું. ટોળામાં બે લાકડીના આધારે એક કાળું કપડું રાખી બે જણા ચાલતા હતા. કપડાની બંને બાજુએ મહાત્મા ગાંધીની છબી હતી. લોકોનું ટોળું મૅાલ તરફ જતું હતું. તેમાં આશરે એક હજાર માણસ હશે.

તાર અને પોસ્ટ ઑફીસ આગળ હથિયારવાળા બ્રિટિશ સોલજરો ઉભા હતા. તેઓને જોઇ ઘણા લોકો પાછા વળ્યા; પરંતુ લગભગ ત્રણસો જેટલા આગળ જવા લાગ્યા. લોર્ડ લોરેન્સના પુતળા આગળ આવી પહોંચતાં ટોળામાંથી કોઇકે બુમ પાડીઃ ' તમને તલવારનો અમલ જોઇએ છે કે કલમનો? ' આ સાંભળી કેટલાકોએ ' શરમ, શરમ 'ના પોકાર કર્યા. તેવામાં એક પોલીસ ઓફીસર અમારી આગળ આવી પહોંચ્યો અને અમે ક્યાં જઇએ છીએ વિગેરે પુછવા લાગ્યો, અને પછી જતો રહ્યો. સોલજર ક્લબ આગળ લોકને કેટલાક પોલીસ સિપાઇઓએ અને બે યુરોપિયનોએ આગળ જતાં રોકયા; અને જેઓ તેમ છતાં આગળ જવા ઇચ્છતા હતા તેઓને ફટકાવ્યા. આ બધું જોઈ હું પાછો ફર્યો, અને ભાગ્યે જ ચાર પાંચ પગલાં હું ચાલ્યો હઈશ કે મેં ગોળીનો અવાજ સાંભળ્યો, અને થોડીક સેકંડોમાં જ બધા નાસી ગયા; પણ મેં એક બ્રહ્મદત્તને ઘાયલ થયેલો જોયો એટલે હું તેની પાસે તરત દોડી ગયો, અને ત્યાં આગળ ઉભેલી એક મોટરમાં તેના માલિકની પરવાનગીથી હું તેને લેયો ઇસ્પીતાલમાં મૂકી આવ્યો. ઇસ્પીતાલની બે ત્રણ નર્સોએ તેની સારવાર કરવા ઉપર ધ્યાન જ ન આપ્યું; પણ ત્યાં એક વિદ્યાર્થી કામ ઉપર હતો તેણે બ્રહ્મદત્ત માટે જરૂરી વ્યવસ્થા કરી. હું પછી મારે ઘેર ગયો.

૧૬૮

સરદાર સરંદુલસિંહની જુબાનીઃ લાહોર.

પંજાબ યુનિવર્સિટીનો હું ગ્રેજ્યુએટ છું, અને સિખ ધર્મના પ્રચારનું કામ કરૂં છું, વર્તમાનપત્રકારનો ધંધો પણ કરૂં છું. રાજકીય પ્રવૃત્તિમાં હું ભાગ લઉં છું; પ્રોવિન્શિયલ કોંગ્રેસ કમિટી, ઈંડ્ઝિન એસોસિયેશન અને એના જેવી બીજી સંસ્થાઓનો હું સભાસદ છું. મારી ઉમ્મર ત્રીસેક વર્ષની છે.

રોલેટ બિલ સામે અણગમો બતાવવા લાહોરમાં ૪ થી ફેબ્રુઆરી અને ૯ મી માર્ચે સભાઓ ભરાઇ હતી, સરકારે લોક મત ન ગણકારી રોલેટ એકટ પાસ કર્યો, એટલે મહાત્મા ગાંધીની સૂચનાનુસાર ૬ ઠી એપ્રિલે આખા શહેરમાં હડતાળ પડી હતી, લોકોએ ઉપવાસ કર્યો હતો; અને સાંજના બ્રાડલૉ હૉલમાં એક જંગી સભા હતી. તેજ દિવસે બપોરના બે વાગાના સુમારે લોકોનું એક મ્હોટું ટોળું લેફ્ટેનંટ–ગવર્નરને બંગલે જતું હતું; પરંતુ રસ્તે તેને પોલીસે અટકાવ્યું અને લાલા દુનિચંદ અને બીજા નાયકોની સલાહથી લોકોએ પોતાનો ઇરાદો પાર પાડવાનું માંડી વાળ્યું. આ વખતે પોલીસે લોકનાયકો ઉપર વિશ્વાસ રાખ્યો હતો અને તેઓની સાથે મળી કામ લીધું હતું તેનું પરિણામ પણ સૌના લાભમાં આવ્યું હતું. ૬ ઠી તારીખે આથી કયાંય ગડબડ કે તોફાન થયા નહતા.

૭મી એપ્રિલે સર ઓડવાયરે ધારાસભામાં એક ક્રોધી ભાષણ કરી લોકોનાં મન દુભવ્યાં.

૯ મી એપ્રિલે રામનવમી હતી; અને દર વર્ષ પેઠે આ સાલ પણ રામલીલા સરઘસ નીકળ્યું હતું. આ વખતે રસ્તે હિંદુ મુસલમાન ઐકય વિષે વિવેચન કરવામાં આવ્યું હતું. આથી પણ અધિકારી વર્ગ છેડાયો હતો અને ૬ ઠી અને ૯ મી એપ્રિલના પ્રસંગોમાં અધિકારી વર્ગને સરકાર સામે કાવત્રુ જણાયું હતું.

૧૦ મી એપ્રિલે મહાત્મા ગાંધીના પકડાવાની તથા અમૃતસરમાં બનેલા બનાવોની ખબર લાહોરમાં પડી. આધકારીઓએ ભરેલાં પગલાં સામે નાપસંદગી બતાવવા લોકોએ હડતાળ પાડી.

તેજ દિવસે લાલા દુનિચંદના પકડાવાની અફવા ગામમાં ફેલાઈ એટલે લોકોની ભારે ઠઠ તેના ઘર આગળ જામી અને અફવા ખોટી છે એમ ખાતરી કરી આપવા લાલા દુનિચંદે ઘર બ્હાર આવી લોકો પાસે શાંતિ રાખવા વિવેચન કર્યું. આ પછી લોકો લોહારી દરવાજા તરફ જવા લાગ્યા. ત્યાં એક બીજું ટોળું આવી પહોંચ્યું. અને પછી બધા લોક મૉલ તરફ ચાલવા લાગ્યા. પોલિસે તેઓને લોરેન્સ સ્ટેચ્યુ આગળ રોક્યા, અને તેઓ ઉપર ગોળી ચલાવી. લોકોનો ઇરાદો યુરોપિયનના જાનમાલને ઇજા પહોંચાડવાનો ન હતો; તેઓ માત્ર સરકાર આગળ પોતાનું દુઃખ રડવા જતા હતા.

લોહારી દરવાજા આગળ પણ પોલીસે ગોળીબાર કર્યો હતો. પંડિત રામભજે લોકોને વિખેરી નાખવા પ્રયત્ન કર્યો હતો; પરંતુ તેને પૂરતો વખત નહોતો આપવામાં

આવ્યો. ૬ ઠી એપ્રિલે અધિકારી વર્ગનું મગજ ઠેકાણે હતું; પરંતુ ૧૦ મીએ તો તેઓ ખૂબ ગુસ્સે ભરાયા હતા; એટલે અરસપરસ અવિશ્વાસ બહુ વધી પડયો હતો.

૧૧ મી અને ૧૨ મી એપ્રિલે બાદશાહી મસજીદમાં હિંદુ મુસલમાનોની સભા ભરાઇ હતી. લોકનાયકોએ હડતાળ ઉઘાડવા લોકોને ઘણા સમજાવ્યા; પરંતુ પોતાની માગણી સ્વીકારવામાં ન આવે ત્યાં સુધી દુકાનો બંધ રાખવાનો તેઓએ વિચાર કર્યો હતો. આવી સ્થિતિ જોઇ હડતાળ વિષે વિચાર કરવા બાદશાહી મસજીદની સભામાં એક કમિટી નીમવામાં આવી; પરંતુ કમિટી કંઇ પણ અસરકારક કામ કરી બતાવે તે પહેલાં તો કેટલાક નાયકોને સરકારે શહેરપાર કર્યા; અને લોકોના રોષમાં વધારો કર્યો; આથી હડતાળ લંબાઇ.

લાહોરમાં જે બનાવો બન્યા તે ઉપરથી જણાય છે કે અધિકારી વર્ગે ડહાપણથી કામ લીધું હતે અને લોકનાયકોની સહાયતા લીધી હતે, તો લાહોરમાં માર્શીયલોની જરૂર ન રહેતે પણ લોકો ઉપર ગોળી ચલાવવા પહેલાં બીજા હળવા ઉપાયો યોજ્યા ન હતા.

રોલેટબિલ સામેની ચળવળમાં ભાગ લેનારાઓને સરકાર પકડવા ધારે છે એવી વાત ૮ મી કે ૯ મી એપ્રિલે મારે કાને આવી; અને મને પકડવાનું વોરંટ નીકળવાની ખબર મને ૧૬ મી એ પડી. એટલે હું તરતજ લાહોર છોડી ગયો અને લુધ્યાના જીલ્લાના બગારીયા ગામમાં મારા કાકા મહારાજશ્રી ભાઇ અરજનસિંહને ત્યાં જઈ વસ્યો. મારી સૂચનાથી મને પકડવાનું વારંટ નીકળ્યું હોય તો તે રદ કરવાની અરજી તેણે પંજાબ સરકારને કરી; અને તેની સાથે નભા મહારાજાની ભલામણ પણ મોકલવામાં આવી. પરંતુ મારા કાકાના કાગળને જવાબ વાળવામાં ન આવ્યો. તેમ મને પકડવામાં પણ ન આવ્યો.

પરંતુ ઓગસ્ટ માસના પહેલાં અડવાડિયામાં ડિફેન્સ ઑફ ઈંડિયા એકટની રૂએ મને પકડી લાહોર લઇ જવામાં આવ્યો, અને સુપરિન્ટેંડંટ મિ. બૉરિંગ પાસે મને ઉભો કરવામાં આવ્યો. છુટો થયા પછી હું શું પ્રવૃત્તિ કરીશ એમ એણે મને પૂછ્યું. મારા મોંહેથી હૉમરૂલની વાત સાંભળતાં તે બહુ ચીડાયો. તે જ દિવસે ૧૦ હજાર રૂપિયાના જામીન ઉપર મને છોડવાનો હુકમ સિમલાથી આવ્યો હતો, થોડાક દિવસ રહી મારા કાકાએ એક માણસ સાથે દશ હજાર રૂપિયા મોકલાવ્યા, પરંતુ મિ. બૉરિંગે તે કબુલ રાખ્યા નહિ.

આ પછી, પંજાબ સરકારના ચિફ સેક્રેટરી મિ. થોમસને નભાના મહારાજા સાથે પત્રવ્યવહાર ચલાવ્યો. મિ. થોમસનના એક મિત્ર મલિક મહમદ દિનને નભા સંસ્થાની અદાલતે કોઇ એક ગુન્હા માટે કેદની શિક્ષા કરી હતી. મિ. થોમસને મહારાજા પાસે એવી સૂચના કરી કે પંજાબ સરકાર મને છોડી મૂકે, અને નભાની દરબાર મલિક દિનને છોડી દે, પરંતુ નભાની દરબારે એ સૂચના માન્ય ન રાખી.

આ રીતે કેટલાક દિવસો ચાલી ગયા; અને અંતે મારી પાસેથી કેટલીક કબુલાત લખાવી લઇને મને છુટો કરવામાં આવ્યો.

૧૬૯

મિ. સોહનેની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૨૮; દુકાનદાર, લાહોર.

દશમી એપ્રિલે સાંજના પાંચ સાડાપાંચ વાગે મહાત્મા ગાંધીના પકડાવાના ખબર મને મળ્યા. હું તરત જ તે વિષે વિશેષ વાત જાણવા બ્હાર નિકળ્યો. લોહારી દરવાજા આગળ વિસેક જણ લેફ્ટેનંટ–ગવર્નર પાસે મહાત્માજીને છોડી મુકવાની અરજી કરવા જવા વિચાર કરતા હતા. હું પણ તેઓ સાથે જોડાયો; અને અમે બધા મોલ તરફ જવા લાગ્યા. રસ્તે એક ટાંગામાં બેસી બે યુરોપિયન બાઇઓ જતી હતી; કોઇકે ટાંગાવાલાને ઘોડા છોડી મુકવાનું કહ્યું; પરંતુ એક બાઇ ચાલી શકે એવી સ્થિતિમાં ન હતી એટલે મારી સૂચનાથી લોકોએ ટાંગાને જવા દીધો, પછી અમે ધીમે ધીમે લોરેન્સ સ્ટેચ્યુ આગળ આવી પહોંચ્યા. ત્યાં અમારો ભેટો પોલીસ સાથે થયો. પોલીસે અમને આગળ જતાં રોકયા; અમને લાકડીથી માર માર્યો અને છેવટે અમારા ઉપર ગોળી ચલાવી. આ વખતે અહીં ૨૫૦ થી ૩૦૦ જણા હતા.

લોકોએ રસ્તે જતી મોટર કાર કે ઘાડીઘોડાને થોભાવ્યા ન હતા, કે કોઇના જાનમાલ ઉપર હુમલો કર્યો ન હતો. લોકો માત્ર "ગાંધીકો છોડદો" ના પોકારો કરતા હતા. પોલીસે ગોળી ચલાવી તે પહેલાં લોકોને ચેતવણી નહોતી આપી.

૧૭૦

મિ. એસ્કવીથની જુબાનીઃ લાહોર.

હું સરકારી પેન્શનર છું, અને "ઇંડિયન કેસિસ"ની ઑફિસમાં કામ કરૂં છું. માર્શીયલ લૉના અમલ દરમ્યાન, ઘેરેથી ઑફિસે આવજાવ કરતાં રસ્તે મને લોકો પજવતા ન હતા. હડતાળના વખતમાં પણ મને કોઇએ કનેડયો ન હતો. મને લાગે છે કે હડતાળના દિવસોમાં કે માર્શીયલ લૉના અમલમાં યુરોપિયનોને શહેરમાં જવામાં જરા પણ જોખમ જેવું ન હતું. માર્શીયલ લૉના દિવસોમાં લોકોનો સ્વભાવ કંઇ બદલાઇ ગયો ન હતો કે જેથી તેઓથી ચોંકતા રહેવાની જરૂર પડે.

૧૭૧

લાલા કિશનચંદ સુરજમલની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૫૧: સરકારી કૉંટ્રેક્ટર, લાહોર.

૧૭ મી એપ્રિલે સવારના સાત વાગ્યાના સુમારે એક પોલીસ સબ ઇન્સ્પેક્ટર અને કેટલાક હથિયારબંધ કોન્સ્ટેબલો મારે ઘેર આવ્યા, અને મને કોટવાલીએ લઈ ગયા. ત્યાં થોડીવાર રહીને લાલા દુનિચંદ અને શહેરના બીજા કેટલાક જાણીતા લોકોને પકડી લાવવામાં આવ્યા, અને પછી અમને બધાને પોલીસે હાથકડી પહેરાવી તાર ઑફીસે લઈ ગયા. અહીં એક યુરોપિયન પોલીસ ઑફિસર અમારી પાસે આવ્યો, અને અમને બદમાશો કહીને બોલાવવા લાગ્યો, અને અમારૂં અપમાન કર્યું. તેણે અમને બધાને લાંબે રસ્તે જેલમાં મોકલી આપ્યા.

જેલમાં અમને બધાને જુદી જુદી કોટડીમાં પૂરવામાં આવ્યા. અહીં મને જે ખોરાક

આપવામાં આવ્યો હતો તે એટલો બધો તો ગંદો હતો કે મેં ત્રણ દિવસ તો કંઈજ ખાધું નહિ અને લંઘન કર્યું. એટલે પછી મારા છોકરાને મારા સારૂ ખોરાક લઈ આવવાની રજા મળી.

૨૩મી એપ્રિલે અમને ફરી કોટવાલીએ લઇ જવામાં આવ્યા હતા; અને મફત લોટ વેંચવાનો મારા ઉપર આરોપ મેલવામાં આવ્યો હતો. પરંતુ આમાંનું જરા પણ સત્ય ન હતું. પોલીસને મેં કેટલાક રાયલોક અને મેજીસ્ટ્રેટ અને મ્યુનિસિપલ કમિશ્નરનાં નામ મારા સાક્ષી તરીકે આપ્યાં હતાં.

રાયબહાદુર નિરંજનદાસ અને બીજાની જુબાની સાંભળી પોલીસે મને ઘેર જવાની રજા આપી. પણ તા. ૨૪ થી ૨૮ મી એપ્રિલ સુધી મારે દરરોજ કોટવાલીએ હાજરી ભરવી પડી હતી. ત્યાર બાદ, પોલીસ સુપરિન્ટેન્ડંટ મિ. બોરિંગે મને લાહોરમાં જ રહેવાનું જણાવી હાજરી ભરી જવામાંથી પણ મુક્ત કર્યો હતો. પરંતુ આ હુકમને લઇને હું બહાર જઇ શક્યો નહિ અને ત્યાં મારા ગલેચાના કારખાનામાં ઘણી ઉથલપાથલ થઈ ગઈ અને મારે મ્હોટી નુકસાની વેઠવી પડી.

૨૭મી એપ્રિલે પોલીસ મારે ત્યાંથી વિજળીના બે પંખા લઇ ગયા. તેમાંથી એક પંખો મને ભાંગેલી તુટેલી હાલતમાં પાછો આપવામાં આવ્યો; અને બીજાને બદલે એક સો રૂપિયા રોકડા આપવામાં આવ્યા; તથા ૨૦ રૂપિયાની કબુલાત બગડી ગયલા પંખાના સમારકામ માટે મને આપવામાં આવી. પરંતુ હજી સુધી મને આ રકમ મળી નથી.

× × × × × ×

૧૭૩

સરદાર દિવાનસિંહની જુબાનીઃ "લીડર" પત્રનો સબ–એડિટર લાહોર.

હું ઘણો વખત થયાં વર્તમાનપત્રકારનું કામ કરૂં છું. ૧૦ મી એપ્રિલે મહાત્મા ગાંધીના પકડાવાની ખબર લાહોર શહેરમાં પડી, કે લોકોએ તરત જ હડતાળ પાડી. તે જ વખતે લાલા દુનિચંદના પકડાવાની અફવા ગામમાં ફેલાઇ હતી, એટલે અહીંથી ત્રણ હજાર જેટલું માણુસ તેના ઘર આગળ ભેગું થયું હતું. "લીડર" ના અધિપતિ શામલાલ અને હું આ વખતે લાલા દુનિચંદને ત્યાં જતા હતા. લાલા દુનિચંદે લોકોને ઘેર જતા રહી શોક પાડવાનું સમજાવ્યું, પરંતુ તેને બદલે લોકો લેફ્ટેનંટ–ગવર્નરને મહાત્મા ગાંધીને છોડી મુકવાની અરજી કરવા જવા મોલ ઉપર ગયા. અમે પણ લોકોની પાછળ પાછળ જતા હતા; તેવામાં લૅારેન્સ સ્ટેચ્યુ આગળ ગોળીબાર થયાની વાત સાંભળી. આજ વખતે બીજું એક ટોળું અનારકલીમાં એકઠું થયું હતું, અને પંડિત રામભજ તે ટોળાને વિખેરી નાખવા પ્રયત્ન કરી રહ્યા હતા; લોકો તેના સમજાવ્યાથી પાછા જવા લાગ્યા પણ પોલીસે તેઓ ઉપર ગોળી ચલાવી.

૧૧ મી અને ૧૨ મી તારીખે બાદશાહી મસજીદમાં લોકોની સભા ભરાઈ હતી. ૧૨ મી તારીખની સભામાં એક સી. આઇ. ડી. નો માણુસ કંઇ નોંધ કરતો હતો; એટલે તેની સાથે કેટલાકોએ કજીઓ કર્યો; આથી, સી. આઇ. ડી. નો માણુસ ત્યાંથી નાસી ગયો. લોકો તેની પૂઠે પડયા ન હતા.

સભા ખલાસ થઇ; લોકો બ્હાર જવા લાગ્યા; રોશનાઇ દરવાજા આગળ લશ્કર રસ્તો રોકી ઉભું હતું. પહેલાં તો લશ્કરે લોકોને માર્ગ જ કરી ન આપ્યો; પણ પછી લોકોને જવા રસ્તો કરી આપ્યો. હિરા મંડી આગળ લોક આવી પહોંચ્યા એટલે લશ્કરે તેની ઉપર ગોળા ચલાવવી શરૂ કરી, લોકોની એટલી બધી ભીડ હતી કે બધા તરતાતરત બ્હાર ન નીકળી શક્યા. લોકો લશ્કર સામે થયા ન હતા, તેમ કોઇએ તેઓ ઉપર પથરા કે બીજું તેવું કંઇ ફેંક્યું ન હતું.

૧૭૪

પંડિત અગ્નિહોત્રીની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૪૨; દુકાનદાર; લાહોર.

હું લાહોરમાં જન્મ્યો છું, અને લાહોરમાં જ રહું છું, અને રમતગમતના સાધનો વેંચવાનું કામ કરૂં છું. રોલેટ બિલોથી લોકોમાં અસંતોષ ફેલાયો હતો; તે ઉપરાંત સરકારની લશ્કરમાં ભરતી કરવાની પદ્ધતિથી અને વૅાર લૅાનમાં ભરાવવાની રીતિથી પણ લોકો ઘણા નારાજ થયા હતા. વોર રિલિફ ફંડમાં મારી શક્તિ ઉપરાંત પૈસા ન ભરવા માટે મને કનેડવામાં આવ્યો હતો; મારા કેટલાક પાડોશીઓને પણ તેવો જ અનુભવ થયો હતો; અમારા બધા ઉપર ઇન્મ ટેકસ વધારી મૂકવામાં આવ્યો હતો.

૬ ઠી એપ્રિલે લાહોરમાં હડતાળ પડી હતી; પરંતુ ક્યાંય અત્યાચાર થયો ન હતો. ૭ મી થી ૧૦ મી તારીખ સુધી હમેશ મુજબ શહેરમાં કામકાજ ચાલુ હતું; પણ ૧૦ મી એ મિ. ગાંધીના પકડાવાના ખબર આવતાં શહેરમાં પાછી હડતાળ પડી. તે જ દિવસે મૅાલ ઉપર અને અનારકલી બજાર આગળ પોલીસે લોકો ઉપર ગોળી ચલાવી હતી. ૧૦ મી તારીખથી શહેરમાં હડતાળ હોવા છતાં ચોમેર શાંતિ જ હતી; અને અત્યાચાર થાય એવાં ચિન્હો ક્યાંય જણાતાં ન હતાં.

૧૪ મી તારીખે લાલા હરકિસનલાલ અને બીજાઓને શહેરપાર કરવામાં આવ્યા; અને ૧૫ મીએ માર્શાયલ લૅાનો અમલ શરૂ થયો. આ અમલ દરમ્યાન રાતના આઠથી સવારના પાંચ સુધી ઘર બ્હાર નીકળવાની સખ્ત મનાઇ કરવામાં આવી હતી; પરંતુ ઘણાએ અભણ લોકોને આ હુકમની પૂરી ખબર ન હતી. જેઓ આ હુકમનો અનાદર કરતા તેઓને પકડવામાં આવતા, અને જાહેરમાં નાગા કરી, માત્ર એક લંગોટી પહેરાવી, ત્રિકોણસ્તંભ ઉપર બાંધી ફટકા મારવામાં આવતા.

બીજો એક એવો પણ હુકમ નીકળ્યો હતો કે જેઓ પાસે પાંચ મણ કરતાં વધારે ઘઉં હોય તેઓએ ઑાફીસરને તેની ખબર આપવી, આ ખબર ન આપવા માટે મને ૬૦ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો હતો.

મને લાગે છે કે લાહોરમાં માર્શીયલ લૅાની જરાય જરૂર ન હતી. તેના અમલ દરમ્યાન ઘણો અન્યાય થયો છે; અને તેના પરિણામે સરકાર અને લોક વચ્ચે ખટાશ વધી છે.

૧૭૫

પંડિત બિશનચંદ કિશનચંદની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૧૮; લાહોર.

હું રેલ્વે કારખાનામાં આઠ આનાના રોજે કામ કરૂં છું. ૧૦ મી એપ્રિલે રાતના આઠ વાગાના સુમારે હું લોહારી દરવાજા આગળ હતો. ત્યાં બેએક હજાર માણસોનું ટોળું

એકઠું થયું હતું અને પંડિત રામભજ દત્ત તેઓને વિખરાઈ જવા સમજાવી રહ્યા હતા. પરંતુ લોકો વિખરાઈ જાય તે પહેલાં પોલીસે તેઓ ઉપર ગોળી ચલાવી. મને તથા મારા ભત્રીજાને ગોળીઓ વાગી હતી.

બે ત્રણ દિવસ રહીને અરૂર કૉન્સ્ટેબલ મને પોલીસ ચોકીએ લઇ ગયો, પણ સાંજના મને ઘેરે જવા દીધો. આ રીતે બે ત્રણ દહાડા સુધી દરરોજ મને ચોકીએ લઈ જવામાં આવતો, અને સાંજના છોડી મૂકવામાં આવતો. પછી એક દિવસે સિ. આઇ. ડી. ના જીવનલાલે ત્રણ જણની સામે ખોટી જૂબાની આપવા મને જણાવ્યું; પણ હું તેમ કરવા કબુલ ન થયો. એટલે તેણે મારા ઉપર ખોટો આરોપ મુકી કેસ માંડયો. જડજે મને જન્મદેશનિકાલની સજા કરી; થોડા વખત પછી સજા ૧૦ વર્ષની અને પછી ૨ વર્ષની જેલ ભોગવવાની થઇ. છેવટે ૧૭ મી અક્ટોબરે મને છોડી મૂકવામાં આવ્યો.

૧૭૬

લાલા કલુરામ દુનિચંદની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૩૫; સિમલા, હિંદુ હોટેલનો માલિક, લાહોર.

૧૭ મી એપ્રિલે સાંજના બે હવાલદાર સાથે એક સબ-ઇન્સ્પેક્ટરે મારા હોટેલે આવી ઑફીસની જડતી લીધી; પરંતુ તેઓને કંઇ પણ વાંધા પડતું હાથમાં આવ્યું નહિ છતાં તેઓ મને ચોકીએ લઇ ગયા; ત્યાં તેઓએ મને હાથકડી પહેરાવી કોટડીમાં પૂરી મુકયો.

બીજે દિવસે, "ટ્રિબ્યુન" ના અધિપતિ મિ. કાલીનાથ રોય અને બીજાઓને તથા મને હાથકડી પહેરાવી પહેલાં તાર ઑફીસે લઈ જવામાં આવ્યા. અને ત્યાંથી અમને સેંટ્રલ જેલમાં મોકલવામાં આવ્યા. અમને દરરોજ પગે ચલાવી અનારકલી કોટવાલીએ લઇ જવામાં આવતા; છેવટે ૩૦ મી તારીખે મને છોડી મૂકવામાં આવ્યો; પરંતુ જેઓ મારે માટે જામીન આપવા આવ્યા હતા તેઓને પોલીસે પકડયા, અને ત્રણ કલાક સુધી કેદમાં રાખી તેઓ પાસેથી દંડ લઈ છોડી દીધા.

આ રીતે કેદમાં રહેવાથી મારી તબીયત બગડી, અને અત્યારે મારે ડાકટરોની દેખરેખ હેઠળ જીવવું પડે છે. એ ઉપરાંત ત્રણેક હજાર રૂપિયાની નુકસાની પણ મારે વેઠવી પડી છે.

* * * * *

ડૉ. રૂલડુરામ વર્માની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૪૫; લાહોર.

૧૨ મી એપ્રિલે સવારના હું બાદશાહી મસજીદમાં ગયો હતો. ત્યાં કેટલાક છોકરાઓ પણ હતા, અને થોડાકના હાથમાં લાકડીઓ પણ હતી. મસજીદમાંથી બ્હાર જતાં હિરામંડી આગળ મેં કેટલાક પોલીસ સિપાઇઓ અને લશ્કરી સિપાઇઓ જોયા હતા. તેઓની સાથે ડેપ્યુટી કમિશનર મિ. ફ્રાઇસન તથા બીજા ઑફીસરો પણ હતા. તેઓ લોકોને દુકાન ઉઘાડવાનું કહેતા હતા, અને ન ઉઘાડવા માટે એરોપ્લેનમાંથી બૉંબ ફેંકવાની ધમકી આપતા હતા. એટલે આસપાસ ઉભેલા લોકોમાંથી એક જણ બોલી ઉઠયોઃ 'રોલેટ

એક્ટ રદ કરો; તેને લઇને જ આ બધી ચળવળ ઉભી થઈ છે.' આ સાંભળી ... ઑફિસરે તેને સવાલ કર્યો: 'તેં રોલેટ એક્ટ વાંચ્યો છે કે?' જવાબમાં મેં જણાવ્ 'અમારા હાથ તો બાંધવામાં આવ્યા છે, અને હવે અમારા મ્હોં પણ બંધ કરવા પ્રયત્ન થઇ રહ્યો છે, એટલે ઑફિસરે કહ્યું: તમારા મ્હોં બંધ થયાં કેમ કહેવાય? છે ત્રણ દિવસ થયા તો તમે ઘોંઘાટ મચાવી રહ્યા છો." તે ઉપરાંત તેણે કહ્યું: "તમે બ મૂર્ખ છો, તમે દુકાનો કેમ ઉઘાડતા નથી?" એટલે લોકમાંથી એક બે જણ બો ઉઠ્યો. "સાહેબ, અમે તો મૂર્ખા હશું, પરંતુ શું પંડિત માલવિય, મિ. જીન્હા ચ ધારા સભાના બીજા સભાસદો પણ મૂર્ખ છે?" ઑફિસરે આ લોકોને પણ મૂર્ખ ઠ વ્યા; ત્યારે બીજા એકે પૂછ્યું: "પણ શું મહાત્મા ગાંધી પણ મૂર્ખ છે?" આ જવાબ મિ. ફ્રાઇસને આપ્યો કે એ તો સૌથી વધારે મૂર્ખ. એણે જ આ બધી ગડ કરાવી છે. આ પ્રમાણે વાતચીત ચાલતી હતી તેવામાં પંડિત ધર્મદાસ વૈદે ખીસામાં રોલેટ એક્ટની નકલ કાઢી અને મિ. ફ્રાઇસનને તે સમજાવવા વિનંતિ કરી. પરંતુ મિ ફ્રાઇસને એટલો જ ઉત્તર વાળ્યો કે બધા લોક કંઇ સમજુ હોતા નથી. પણ બી એક ઑફિસરે કહ્યું: "અમે અહીં તમને ચેતવણી આપવા આવ્યા છીએ; તમારી ચ ગળથી ઉપદેશ સાંભળવા નથી આવ્યા." આટલી વાત થયા પછી ઑફિસરો આગ ગયા, અને હું મારે ઘેર ગયો.

× × × × ×

૧૮૨

અલ્લાહ દાદ નબી બક્ષની જુબાની: ઉમ્મર વર્ષ ૬૦; લાહોર.

હું દરણું દળવાનું કામ કરૂં છું. માર્શીયલ લોના અમલ દરમ્યાન એક દિવસ ... જણ મારે ત્યાં લોટ ખરીદ કરવા આવ્યો; પણ મારી પાસે જે લોટ હતો તે બીજા હતો એટલે મેં એને વેંચવાની ના પડી. પરંતુ થોડીવારમાં મ્યુનિસિપલ કમિશનર સૈ અહમદ અમીન બીજા એક જણને લઇ તે પાછો મારી ગીરણીએ આવ્યો; અ તેઓ બે જણાએ મને તેને લોટ વેંચવાની ફરજ પાડી. થોડીક મિનિટ રહીને બે યુ રિપયન સોલજરો અને બે કોન્સ્ટેબલો આવ્યા, અને મને પકડી વૉટરવર્ક્સ ઉપર લ જઇ એક જુવાન અંગ્રેજ પાસે ઉભો કર્યો. તેણે મારી પાસેથી ૩૨ રૂપિયા સવા આઠ આ લઇ લીધા અને મને કોટડીમાં પૂરી મૂક્યો. સાંજના કરનલ સાહેબ પાસે મને લઇ જવા આવ્યો. તેણે મારો બચાવ સાંભળ્યા વિના મને પચ્ચાસ રૂપિયાનો દંડ કર્યો. આ ઉ રાંત, કેટલાક પોલીસ ઑફિસરોએ મારી દુકાનેથી ૨૫ મણ ઘઉં જપ્ત કર્યા. દુકાન ઉ પણ સાત આઠ દિવસ સુધી પોલીસનો પહેરો બેસાડવામાં આવ્યો હતો.

૧૮૩

મલિક નઝીર અહમદ ચીરાગ દીનની જુબાની; ઉમ્મર વર્ષ ૨૫; દુધવાળો; લાહોર.

૧૭ મી એપ્રિલે પોલીસ મને પકડી ચોકીએ લઈ ગઈ. તેજ દિવસે સાંજના ઇન્સ્ કટર જીવનલાલ અને ચરણજીતસિંહે મને ખૂબ માર માર્યો અને ૭ પકડાયલા જ "દંડાફોઝ"માં હતા અને તેઓએ અંગ્રેજોને ગાળો આપી હતી, તેઓને પજવ્યા હ

અને તેઓનું ખૂન કરવાની ધમકી આપી હતી એવી ખોટી જુબાની મારી પાસેથી બંને ઇન્સ્પેક્ટરોએ માગી, પરંતુ મેં તેમ કરવા ના પાડી. મારી પેઠે બીજાઓને પણ પકડવામાં આવ્યા હતા, પણ તેઓ પોલીસને લાંચ આપી છુટી ગયા. મને ત્રણ દિવસ સુધી ચોકીએ રાખવામાં આવ્યો; તે દરમ્યાન મારી પાસેથી ખોટી જુબાની લેવા પોલીસે બહુ પ્રયત્ન કર્યો; એકવાર તો જીવનલાલે મને ગોળાથી વિંધી નાંખવાની પણ ધમકી આપી હતી. અને બે દિવસ સુધી મને ખાવા પણ આપવામાં નહોતું આવ્યું. છેવટે ૨૦ મી તારીખે પોલીસ સુપરિન્ટેંડંટે મને છોડી મુક્યો.

* * * *

૧૮૫

શહાબ દીન, ટાંગાવાલાની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૨૫, લાહોર.

જે દિવસે માર્શીયલ લૉનો અમલ શરૂ થયો તેજ દિવસે સવારના નવ દશ વાગે હું તથા વિરૂ ટાંગાવાળો, કેટલાક માણસોને અમારા ટાંગામાં બેસાડી કાના કચા ગામમાં લઇ ગયા હતા. તેઓને ત્યાં મુકી અમે પાછા ફર્યા; નહેર ઉપરના પુલ પાસે અને જગાતની ચોકી આગળ પહેરો હતો પરંતુ અમને શહેરમાં દાખલ થતાં કોઇએ રોકયા નહિ. અમે સીધા મોઝાંગ રોડ ઉપરના ટાંગાના છાપરા હેઠળ જઇ ઉભા. પણ અમારી પાછળ બે બ્રિટિશ સોલજરો આવી પહોંચ્યા, અને અમને પકડી થાણે લઇ ગયા. બે ત્રણ ઑફિસરો પાસે જુદે જુદે સ્થળે લઇ જઇ છેવટે અમને તેઓ પંજાબ કલબમાં કરનલ પાસે લઇ ગયા. કરનલે અમારા ટાંગાનો કબજો લીધો અને અમને જેલમાં મોકલાવી આપ્યા. છઠે દિવસે એક યુરોપિયન ઑફિસર જેલમાં આવ્યો, અને અમે કયાં ગયા હતા એટલું જ પુછી અમને પાંચ પાંચ ફટકા ખાવાનો હુકમ કર્યો. અમને નાગા કરવામાં આવ્યા; અને માત્ર એક લંગોટી પહેરાવીને ફટકા મારવામાં આવ્યા; પછી અમને છોડી મુકવામાં આવ્યા.

૧૮૬

અહુર–ઉદ–દીનની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૨૭: લાહોર.

હું લાહોરમાં રંગ મહાલમાં રહું છું. ૧૦ મી એપ્રિલે લાલા કિશનના કહેવાથી ગરીબો માટે મેં ચપાટી (પંજાબી રોટલી) બનાવવાનું તથા સીરાજ દીને દાળ બનાવવાનું માથે લીધું હતું.

૧૯ મી તારીખે એક પોલીસ ઇન્સ્પેકટર કેટલાક હથિયારબંધ સોલજરો સાથે મારે ત્યાં આવ્યો અને મારા ઘરની જડતી લીધી. મારા ઘરમાંથી તેના હાથમાં કંઇ પણ વાંધા ભરેલી વસ્તુ આવી નહિ છતાં તે મને કોટવાલીએ પકડી ગયો; અને ત્યાંથી મને હાથકડી પહેરાવી જેલમાં મોકલી આપવામાં આવ્યો. જેલમાં મારે ભારે કષ્ટ વેઠવું પડયું હતું. ૬ દિવસ પછી પોલીસ સુપરિન્ટેંડંટે મને છોડી મુકયો. આ પછી ૧૦–૧૨ દહાડા રહીને સીરાજ દીને ડેપ્યુટી કમિશનર પાસે એવી ફરિયાદ કરી કે તેણે લાલા હરકિસનલાલ અને દુનિચંદ સામે જુબાની આપી હોવાથી કેટલાક લોકો તેનો પ્રાણ હરવા તૈયાર થયા

છે. આથી સબ–ઇન્સ્પેકટરે મને કોટવાલીએ તેડાવ્યો, અને ત્રણ ચાર દિવસ સુધી મને ખુબ કનેડયો. પણ મારી સામે કંઇ પુરાવો ન મળતાં મને છોડી મુકયો.

એક દહાડો લાહોર કેન્ટોનમેંટમાં હું મારી ઑફિસે જતો હતો તેવામાં ચાર બદમાશો સાથે સિરાજ દીન મારા ઉપર ટુટી પડયો અને ડાંગનો ઘા કર્યો; પણ તે મને ન લાગતાં મારી બાઈસીકલને લાગ્યો. મેં તેની ઉપર ફરિયાદી માંડી એટલે સબ–ઇન્સ્પેકટરે સીરાજદીનને, તેના સાક્ષીઓને અને મારા સાક્ષીઓને બોલાવી મંગાવ્યા; પરંતુ નવાબ મહમદ અલીખાન અને મહમદ અમીને સીરાજદીનને મારી વિગત ઉપર વિચાર કર્યા વિના છોડી મુકયો. આમ કરવાનું કારણ એ હતું કે તેણે માર્શીયલ લૉના અમલ દરમ્યાન ઉભા થયેલા કેટલાક કેસોમાં સરકાર પક્ષમાં જુબાની આપી હતી.

૧૮૭

લાલા ગણેશદાસ સુરજનમલની જુબાની: દુકાનદાર, લાહોર.

એક દિવસે બે કોન્સ્ટેબલોએ મારી દુકાને આવી કેટલુંક કાપડ મુફત લઇ જવાની માગણી કરી; પરંતુ તેમ કરવાની મેં ના પાડી, હડતાળ ઉઘડયા પછી બે દિવસ રહીને તેઓ ફરી મારી દુકાને આવ્યા, અને મને પેટમાં દુઃખ થતું હોવા છતાં માર્શીયલ લૉ ઓફિસર પાસે લઇ ગયા. ત્યાં દુઃખ વધવાથી હું બૂમ પાડવા લાગ્યો એટલે કોન્સ્ટેબલોએ મારા ઉપર ઢોંગ કરવાનો આરોપ મુકયો; પણ પછી ડૉકટરે આવી મારૂં રડવું સાચું છે એમ ઠરાવ્યું એટલે તે વિષે તેઓ ચૂપ રહ્યા. છતાં ઓફિસર પાસે મારી ઉપર તેઓએ આરોપ મુકયો કે માર્શીયલ લૉનો અમલ શરૂ થયો હોવા છતાં હું લોકોને હડતાળ ચાલુ રાખવા સમજાવતો હતો. ઓફિસરે મારી વાત સાંભળ્યા વિના તરત જ મને ૧૦૦ રૂપિયાનો દંડ ભરવા અથવા ૧૦ ફટકા ખાવા હુકમ કર્યો; મેં એક શરાફ પાસેથી ૧૦૦ રૂપિયા ઉધાર લઈ દંડ ભરી આપ્યો.

૧૮૮

ફાઝલ દિન જંડા અને અમીર નવાબની જુબાની: લાહોર.

માર્શીયલ લૉના અમલ દરમ્યાન એક દિવસ સાંજના ચારેક વાગે એક લશ્કરી ઓફિસર અને પોલીસના કેટલાક માણસો અહમદ બક્ષની દુકાન આગળ આવી પહોંચ્યા; અને પાસેના ઘરમાંથી ૧૨–૧૩ જણાને જુગાર રમતાં પકડયા. ઓફિસર સાથે દારા નામનો એક કોન્સ્ટેબલ હતો તેને ફાઝલ દિન સાથે અદાવત હતી; એટલે તેણે ફાઝલ દિનને જોતાં જ અમને બંનેને પકડવાની ઓફિસર પાસેથી રજા લીધી; અને પછી પોલીસ અમને બધાને ચોકીએ લઇ ગઇ. રસ્તે જતાં કેટલાક જણે અમને શા સારૂ પકડવામાં આવ્યા હતા એ વિષે પોલીસને પુછ્યું. તેના જવાબમાં તેઓને પણ પકડી લેવામાં આવ્યા. અમને પછી ટાંકીએ લઇ જવામાં આવ્યા અને ત્યાં સાહેબ પાસે ઉભા કરવામાં આવ્યા. સાહેબે અમારી વાત જ ન સાંભળી; અમને દરેકને ૧૫–ફટકા ખાવાનો અને તે ઘડીએ અમારી પાસે જે કંઈ હોય તે પડાવી લેવાનો હુકમ કર્યો. અહીંથી અમને જેલમાં લઈ જવામાં આવ્યા; અને ત્યાં અમને બીજે દિવસે સાવ નાગા કરી ફટકા મારવામાં આવ્યા હતા, ફટકા ખાવાથી અમારા શરીરમાંથી લોહી ઝરતું હતું.

* * * * *

૧૮૯

લાલા હુકમચંદ કપુરની જુબાની; ડોયલ ફર્મનો માલિક; ઉમ્મર વર્ષ ૬૫; લોહારી દરવાજા બહાર, લાહોર.

માર્શીયલ લૉના અમલ દરમ્યાન એક દિવસે પોલીસ મને પકડી ગઇ અને મારા ઉપર એવો આરોપ મુકયો કે અંગ્રેજો ખુરસી ઉપર બેસે વાસ્તે મેં ખુરસી આપવાની ના પાડી. પરંતુ મેં આમ કહ્યું જ ન હતું. અને મારી ખુરસી તો મેં કયારની આપી દીધી હતી. આ માટે મને એક હિંદી મેજીસ્ટ્રેટ આગળ ઉભો કરવામાં આવ્યો; તેણે મારી વાત સાચી માની મને છોડી મુકયો. બીજે દિવસ ફરી પોલીસે મને પકડયો અને ડેપ્યુટી કમિશનર આગળ ઉભો કર્યો. તેણે પણ મને જવા દીધો.

થોડા દિવસ રહીને મારી ખુરસી મને પાછી મળી, પરંતુ મારી એક ચરપાઇ અને શાહીનો ખડીયો પાછાં ન મળ્યાં.

૧૯૧

મલિક શાદીની જુબાની; ઉમ્મર વર્ષ ૬૦; લાહોર.

માર્શીયલ લૉનો અમલ શરૂ થયા પછી કેટલાક દિવસ રહી મને તથા બીજા ૨૫ જણને પોલીસે પકડયા અને જેલમાં પૂર્યા. મને હાથકડી પહેરાવી હતી, અને સાત દિવસ સુધી એક કોટડીમાં રાખ્યો હતો. મારા છોકરાને ૩૪ દિવસ સુધી પૂરી રાખવામાં આવ્યો હતો, અને ૨૦ ફટકા મારવામાં આવ્યા હતા. "ગાંધીને છોડી મુકો, અને તેની જગ્યાએ અમને પકડી જાઓ"ના પોકાર કરાવવાનો આરોપ મારા ઉપર મુકવામાં આવ્યો હતો. પરંતુ ચારેક દહાડા રહી મ્યુનિસિપલ કમિશનરના વચ્ચે પડવાથી મને છુટો કરવામાં આવ્યો હતો.

૧૯૨

મલિક મહમદ હુસેન મલિક શાદીની જુબાનીઃ લાહોર.

૧૨મી એપ્રિલની આસપાસ એક દિવસ હું વોટર વર્કસ આગળથી જતો હતો ત્યારે એક લશ્કરી અમલદારે મને બે વાર હંટરથી ફટકાવ્યો અને પાછા જવા હુકમ કર્યો. ત્રીજી વાર તે મને મ્હોં ઉપર મારવા જતો હતો એટલે મેં મ્હોં આડો હાથ ધર્યો. પણ પોલીસ સુપરિન્ટેંડંટ મિ. બ્રોડવેએ લશ્કરી અમલદાર સામે થવાનો આરોપ મારા પર મુકયો, અને મને પકડાવ્યો અને મારી પાઘડીથી જ મને બાંધી શહેરની બજારોમાં ફેરવવામાં આવ્યો. ૩૪ દિવસ સુધી મને હવાલાતમાં પૂરી રાખવામાં આવ્યો અને પછી ૨૦ ફટકા મારી છોડી મુકવામાં આવ્યો.

૧૯૩

લાલા પરસરામની જુબાનીઃ કાપડનો વ્યાપારી; લાહોર.

વૈશાખ સુદ ૬ ને દિવસે રાતના ૮–૩૦ વાગે મારા બાળક માટે દુધ જોઇતું હતું તે માટે ભેંસ દોહવા હું ઘરમાંથી બ્હાર નીકળ્યો હતો. તે વખતે મેં લંગોટી જ પહેરી હતી. મને ચાર કોન્સ્ટેબલે અને એક થાણુદારે જોયો; તેઓ મને એમને એમ ચોકીએ

લઇ ગયા. મને ધોતિઉં પહેરી લેવાની પણ તેઓએ રજા ન આપી. બીજે દિવસે કમાન્ડીંગ ઓફિસરે મને પાંચ ફટકા ખાવાની અને દશ રૂપિયા દંડ ભરવાની સજા કરી. ફટકા ન મારવા અને તે બદલે દંડ વધારે ભરવા મેં ઘણી આજીજી કરી; પરંતુ ભર ચોક વચ્ચે મને ફટકા મારવામાં આવ્યા. આવી રીતે મને ફટકાવી, મારી નામોશી કરવામાં આવી હતી.

જંડા નામના મારા એક ભાડુતને મારી આગળ તે દિવસે દીવો ધરવા માટે દશ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો હતો.

૧૯૪

લાલા ચુનીલાલ ફતેહચંદની જુબાનીઃ લોટના વ્યાપારી; લાહોર.

માર્શીયલ લૉના અમલ દરમ્યાન એક દિવસ કેટલાક કોન્સ્ટેબલો મારી દુકાને આવ્યા અને મને વોરંટ બતાવ્યા વિના કે મારો ગુન્હો મને જણાવ્યા વિના પકડી કોટવાલીએ લઇ ગયા, અને ત્યાંથી તાર ઓફિસે થઇ જેલમાં મુકી આવ્યા, જેલમાં મને એક અઠવાડિયા સુધી કોટડીમાં પૂરી રાખવામાં આવ્યો. મારી સામે કેટલાક બદમાશોને સાક્ષી તરીકે ઉભા કરવામાં આવ્યા હતા. મેં એક લંગરખાનું ઉઘાડ્યું હતું, પરંતુ લોકોને દુકાન બંધ રાખવાની કે કોઇના ખુન કરવાની સૂચના કરી ન હતી. મારા સાક્ષીઓને બોલાવ્યા વિના મારી પાસેથી ૨૦૦ રૂપિયાનો મુચલકો લેવામાં આવ્યો હતો, અને પછી મને છુટો કરવામાં આવ્યો, છતાં મારે દરરોજ ચોકીએ હાજરી ભરવી પડતી, અને સવારથી સાંજ સુધીનો મારો બધો વખત ત્યાં જ નીકળી જતો.

૧૯૫

લાલા ટોટા રામ હરદેવ રામની જુબાનીઃ દુધવાળો; ઉમ્મર વર્ષ ૨૪; લાહોર.

એક દિવસ હું પાસેના ગામડામાં ગયો હતો; ત્યાંથી ઘેરે પાછો આવ્યો ત્યારે મને એક કોન્સ્ટેબલ કોટવાલીએ પકડી લઇ ગયો અને કોટડીમાં પૂર્યો, એજ કોટડીમાં મારો મ્હોટો ભાઇ પણ હતો. અમારા ઉપર ચાર આને શેર દુધ વેંચવાનો ખોટો આરોપ મુકવામાં આવ્યો હતો. અમારા વતી સાક્ષી આપવા બજારમાંથી ઘણા લોક આવ્યા હતા, પરંતુ તેઓની જુબાની લેવામાં નહોતી આવી. એક કોન્સ્ટેબલ અને એક મોચી અને અમારી વચ્ચે વાંધો પડ્યો હતો એટલે તેઓ બંને સાથે મળી ગયા અને અમારા ઉપર આવો ખોટો આરોપ મુક્યો, મારા ભાઇને ૧૫૦ રૂપિયાના દંડની અને મને ત્રણ મહિના જેલમાં રહેવાની અને ૨૦ ફટકા ખાવાની સજા કરવામાં આવી હતી. ચાર પાંચ દહાડા રહી મને જેલમાં ફટકા મારવામાં આવ્યા હતા; હું તેથી બેભાન થઇ ગયો હતો.

અમે નિર્દોષ હોવા છતાં અમને આ રીતે શિક્ષા કરવામાં આવી હતી. અને અમને નામોશી લગાડવામાં આવી હતી. હવે બજારમાં કોઇને મ્હોં બતાવતાં પણ અમને શરમ આવે છે.

× × × ×

૧૯૬

લાલા ચુનિલાલ મધરમલની જુબાની ઉમ્મર વર્ષ ૩૨; લાહોર.

લાહોરમાં હું ટાંગા હાંકું છું. ૫ મી મેની સાંજના હું એક અંગ્રેજ અને એક મડમને રેલ્વે સ્ટેશને લઈ ગયો હતો. રાત્રે ટાંગો ચલાવવાની મને પરવાનગી ન હોવાથી હું ઘેર જવા માંગતો હતો; પરંતુ અનવર સબ–ઇન્સ્પેક્ટરે એક કોન્સ્ટેબલ અને તેની ઓળખીતી એક બાઇને ટાંગામાં ફરવા લઇ જવા મને હુકમ કર્યો; પરંતુ મેં તેમ કરવા ના પાડી એટલે તેણે મને પકડયો; અને પોલીસ ચોકીએ લઇ ગયો. બીજે દિવસે મેજીસ્ટ્રેટે મારી જુબાની સાંભળ્યા વિના મને એક મહિનાની કેદની સજા કરી. હું સાવ નિર્દોષ હતો; હડતાળના દિવસોમાં પણ મેં ટાંગા ચાલુ રાખ્યા હતા.

૧૯૮

પંડિત રામસરણદાસ ઠાકુરદાસની જુબાનીઃ લાહોર.

૧૯૧૨ ની સાલથી હું રેલ્વે એકઝામિનર્સ ઑફિસમાં નોકરીએ હતો. ૧૯૧૭ માં મારા ઉપર ડિફેન્સ ઓફ ઇન્ડિયા એકટ લાગુ પાડવામાં આવ્યો; મને ૨૫ દિવસ સુધી નજરકેદ રાખવામાં આવ્યો; અને પછી છોડી મુકવામાં આવ્યો. મારા ઉપર કોઇ પણ જાતનો ગુન્હો સાબીત નહોતો થયો, છતાં મને રેલ્વે ઓફિસમાંથી કાઢી મુકવામાં આવ્યો ત્યારથી હું દુકાનદારનું કામ કરૂં છું. હું રાજકીયપ્રવૃત્તિમાં ભાગ લેતો નથી.

૬ ઠી એપ્રિલે બીજા લોકોની પેઠે મેં પણ મારી દુકાન બંધ રાખી હતી. સવારના હું નદીએ ન્હાવા ગયો હતો. ત્યાં લોકો એક બીજાને ધુળના ચાંડલા, શોક બતાવવા કરતા હતા. મેં પણ બે ત્રણ જણાને તેવાં ચાંડલા કર્યા હતા.

૧૬ મી એપ્રિલે ડિફેન્સ ઑાફ ઇન્ડિયા એકટ પ્રમાણે મને પકડવામાં આવ્યો; અને કિલ્લામાં પૂરવામાં આવ્યો. ૧૮ દિવસ સુધી મને કિલ્લાના એક ચપરાસીના ઘરનો જેવો તેવો ખોરાક આપવામાં આવ્યો હતો. આના પૈસા પણ મારી પાસેથી લેવામાં આવ્યા હતા.

કૅાટન હૅમિલટનની રજાથી એક દિવસે મેં મારા ભાઇ પાસેથી કેટલાંક કપડાં મંગાવ્યાં; કરનલ નોર્થને આની ખબર પડી. તેણે મારી વાત સાંભળ્યા વિના મને નાગો કરી પાંચ ફટકા મારવાનો હુકમ કર્યો.

કિલ્લામાં મને ૫ મી જુલાઈ સુધી રાખવામાં આવ્યો અને પછી છુટો કરવામાં આવ્યો. ડિફેન્સ ઓફ ઇન્ડિયા એકટ અનુસાર મારા ઉપર અંકુશો મુકવામાં આવ્યા. મને લાહોર મ્યુનિસિપાલિટીની હદ બ્હાર જવાની, વર્તમાનપત્રો સાથે કોઈ પણ જાતનો સંબંધ રાખવાની, સભાઓમાં ભાષણ આપવાની કે હાજરી આપવાની મનાઇ કરવામાં આવી. આ ઉપરાંત મારે દરરોજ કોટવાલીએ જઈ હાજરી પૂરાવવી પડતી. પરંતુ નવેમ્બર માસથી દર અઠવાડિયે એકવાર હાજરી પૂરાવાનો મને હુકમ થયો હતો.

*   *   *   *

૨૦૧

લાલા ગુરદિયાળ આનંદ રામચંડીની જુબાનીઃ સિમલા હિંદુ હોટેલનો માલેક, લાહોર.

૧૭ મી એપ્રિલે મારા મિત્ર કાલુરામને પકડવામાં આવ્યો. એટલે હું તથા લાલા ગુરનદિત્તામલ વારે વારે ચોકીએ જવા લાગ્યા, તે એવા હેતુથી કે વખતે કાલુરામને જામીનની જરૂર પડે તો અમે તરત આપી તેને છોડાવી લઇએ. એક દિવસે અમે સી. આઇ ડી. ની ઑફિસ બ્હાર પગથી ઉપર બેઠા હતા ત્યાંથી એક કોન્સ્ટેબલ અમને પકડી ગયો, અને મને હાથકડી પહેરાવી કમાનડીંગ ઑફિસર આગળ ઉભો કર્યો. ત્યાં અમારી પાસે ફિલ કરાવવામાં આવી; અને પછી હું ભણેલો હતો એટલે ઓફિસરે મને ૫૦ રૂપિયાનો અને બીજાઓને પાંચ રૂપિયાનો દંડ કર્યો. તે ઘડીએ મારી પાસે ૫૦ રૂપિયા નહતા. એટલે પોલીસે મને હાથકડી પહેરાવી અનારકલી બજારમાં મારે હોટલે લઈ ગઈ. ત્યાં દંડના રૂપિયા ભરવામાં આવ્યા; અને હું છુટો થયો. દંડની પહોંચ મને આપવામાં નહોતી આવી. પરંતુ તે રકમ ચોપડામાં જમે કરાતી મેં જોઇ હતી.

૨૦૨

ભાઇ માનસિંહ જમિયતસિંહની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૭૦, લાહોર.

૧૯ મી એપ્રિલે પાંચ છ કોન્સ્ટેબલો મારી દુકાને આવ્યા, અને મને પકડી ગયા. તેઓએ મારા ઘરની તથા દુકાનની જડતી લીધી, પરંતુ તેઓના હાથમાં કંઇ વાંધાપડતું આવ્યું નહિ. કોટવાલીએ મારી પાઘડી, જોડા, અને સિખધર્માનુસાર હું કડા અને કંગી પહેરતો તે પણ ઉતારી લેવામાં આવ્યા; ચસમા પણ લઇ લેવામાં આવ્યાં. સાંજના એક યુરોપિયન ઑફિસરે મને જેલમાં મોકલી આપ્યો. હું વૃદ્ધ હોઈ ચાલવા અશક્ત હોવા છતાં મને પગે જ જેલમાં મોકલવામાં આવ્યો. જેલમાં બે દહાડા સુધી તો મેં અન્નપાણી ન લીધાં; પણ પછી તૃષા ક્ષુધા સહન ન થવાથી જેવાં અન્નપાણી મળ્યાં તેવાંથી ચલાવી લીધું. થોડા દિવસ રહી મારી પાસેથી ૨૦૦ રૂપિયાનો મુચલકો લઇ મને છોડી મુકવામાં આવ્યો.

મેં હડતાળમાં ભાગ લીધો ન હતો.

૨૦૩

લાલા દુનિચંદ ભગવાનદાસની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૫૨; લાહોર.

હું કાપડનો વ્યાપારી છું, અને મ્હેસુલ ઉપરાંત ૧૦૪ રૂપિયા ઇન્કમટેકસના ભરૂં છું. ૧૭ મી એપ્રિલે એક કોન્સ્ટેબલ અને એક સબ ઇન્સ્પેકટર મારે ઘેર આવી મને પકડી ગયા. ચોકીએ પહોંચતા પોલીસે મારી પાઘડી ફેંકી દીધી; અને મારા ચશ્મા, સોનાના બટન, છેડો વિગેરે ઉતારી લઇ મારા ભાઇને સોંપી દીધા, અને પછી મને હાથકડી પહેરાવી કોટડીમાં પૂર્યો. થોડીવાર રહી મને તાર ઑફિસે લઇ જવામાં આવ્યો; ત્યાં બીજા જાણીતા માણસોને પણ પકડી લાવવાંમાં આવ્યા હતા. પોલીસ સુપ્રિનટેંડંટ મિ. બોરિંગ બરાડા મારી અમને પુછવા લાગ્યોઃ 'કેમ, હવે તો તમને ખાતરી થઇના કે બ્રિટિશ રાજ

.જી હૈયાત છે, અને તમે બધા અમારા નોકર છો. ગાંધીજી જય, હિંદુ મુસલમાનકી જય, ના પોકાર કરવાની હવે હિંમત છે કે ?'

અહીંથી મને જેલમાં મોકલવામાં આવ્યો. જેલનો ખોરાક મને અનુકૂળ ન પડ્યો; ાં ત્રણ દિવસ સુધી લંઘન કર્યું; છેવટે હું માંદો પડયો.

૨૩ મી એપ્રિલે મને પાછો કોટવાલીએ લઇ જવામાં આવ્યો. પોલીસે કેટલાક બદમાશોને અને મારા વેરીઓને મારી સામે જુબાની આપવા ઉભા કર્યા હતા, પણ પછી ારી પાસેથી મુચલકો લઇ મને છોડી મુકવામાં આવ્યો. છતાં મારી પાછળ એક સી. આઇ. ડી. નો માણુસ રાખવામાં આવ્યો હતો.

૨૦૬

લાલા હિરાલાલ ગોમલની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૪૨; લાહોર

. અકબર મંડીમાં મારી દાણાની દુકાન છે. માર્શીયલ લોના અમલ દરમ્યાન એક એવો હુકમ નીકળ્યો હતો કે પાંચ મણ કરતાં વધારે ધાન્ય હોય તેણે ઓફિસરને તે વિષે ખબર કરવી. આ હુકમ નીકળ્યા પછી ત્રીજે દિવસે હું મારી દુકાન ઉઘાડવા ગયો ત્યારે ત્યાં એક પોલીસ કોન્સ્ટેબલ સાદા કપડામાં બેઠો હતો. તેણે મને દુકાન ઉઘાડવા ન દીધી. થોડીવાર રહીને એક યુરોપિયન ઓફિસર આવ્યો; અને મને દુકાન ઉઘાડવા હુકમ કર્યો, દુકાનમાં તે પેઠો અને જાત જાતનો દાણો તેણે ત્યાં જોયો એટલે તે પાછો પોતાની ઓફિસે ગયો અને સાંજના એક પોલીસ સબ-ઇન્સ્પેકટર મારી દુકાને આવ્યો, અને બધો દાણો તોળવો શરૂ કર્યો. દુકાનની ચાવીઓ પોલીસે પોતા પાસે જ રાખી હતી; ઘણો દાણો તોળાતો હતો તેમાંથી કેટલોક તો ઉપડી ગયો. આઠ દિવસ સુધી બે કોન્સ્ટેબલોને મારી દુકાને બેસાડવામાં આવ્યા હતા. તેઓ મને અનેક રીતે પજવતા હતા, અને પોતાને જોઇતો દાણો એમને એમ લઇ જતા હતા. પછી મને પકડવામાં આવ્યો અને કમાનડિંગ ઓફિસરે મને પાંચસો રૂપિયાનો દંડ કર્યો. હડતાળના દિવસોમાં મારી દુકાન લુટાશે એવો ભય મને જરા પણ ન હોતો લાગ્યો.

* * * * * * *

૨૦૮

લાલા ચરણદાસ બાલકરામની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૨૫;

મારો ભાઇ નંદલાલ લાહોરમાં આડતીયાનું કામ કરે છે. તેની એક દાણાની દુકાન છે. તે માંદો પડેલ હોવાથી કમાનડિંગ ઓફિસરની રજા મેળવી દુકાન ચાર દહાડા સુધી બંધ રાખવામાં આવી હતી; પરંતુ પાંચમે દિવસે તેના કહેવાથી મેં દુકાન ઉઘાડી અને વકરો કર્યો. બીજે દિવસે ડેપ્યુટિ કમિશનર, તાસીલદાર અને ચૌધરી અમીચંદ દુકાને આવ્યા અને કેટલીક તપાસ કરી કમિશનરે મને તેની આગળ અગીઆર વાગે હાજર થવા હુકમ કર્યો.

માર્શીયલ લોના નિયમાનુસાર મારા ભાઇની દુકાનમાં જેટલું ધાન્ય હતું તેની વિગત ઓફિસરને પૂરી પાડવામાં આવી હતી; મેં કે મારા ભાઇએ કોઇપણ નિયમોનો ભંગ કર્યો

ન હતો. પરંતુ ચૌધરી અમીચંદ અને મારા ભાઈ વચ્ચે જૂનો અંટશ હતો, એટલે ચૌધરીએ મારા ભાઇ ઉપર વેર વાળવાની તક લીધી. તેણે મારા પર ખોટો આરોપ મુકયો; મારી સામે ખોટા સાક્ષીઓ ઉભા કીધા, અને ઓફિસરે મારો બચાવ સાંભળ્યા વિના મને ૨૪ કલાકમાં ૫૦૦ રૂપિયા દંડ ભરવાની સજા કરી. મેં દંડ બીજે દિવસે ભરી દીધો.

૨૦૯

ફુલારામ દુનિચંદની જુબાની :કંદોઈ; લાહોર.

માર્શીયલ લોના અમલ દરમ્યાન એક દિવસ ગૌરી .નામનો કોન્સ્ટેબલ મારી દુકાને દુધ લેવા આવ્યો હતો; પરંતુ બધું દુધ વેંચાઇ ગયું હતું એટલે હું તેને દુધ આપી ન શકયો. ચાર દિવસ રહીને એજ કોન્સ્ટેબલ બે યુરોપિયન સોલજરો અને એક સારજનને લઇ પાછો મારી દુકાને આવ્યો અને મને પકડી લઇ જઇ સાહેબ પાસે ઉભો કર્યો. સાહેબે મારી વાત સાંભળ્યા વિના મને ૧૦૦ રૂપિયાનો દંડ કર્યો. મેં દંડ ભરી આપ્યો, પરંતુ મને તેની પહોંચ આપવામાં ન હોતી આવી.

૨૧૦

મિરાજ રાજદિન ખૈર દિનની જુબાનીઃ શાક–ફળ વેંચનારો; લાહોર

ટોલિંગટન માર્કેટમાં મારી બે દુકાનો છે, હું શાક તથા ફળ વેંચું છું. હડતાળોના દિવસોમાં મેં મારી દુકાનો ઉઘાડી રાખી હતી, અને યુરોપિયનોને જોઇતાં ફળ અને શાક પૂરાં પાડયાં હતાં. માર્શીયલ લોના અમલ દરમ્યાન મને સખત તાવ લાગુ પડયો અને ત્રણ મહિના સુધી હું માંદો રહ્યો; માંદગીને લઇ, હું દુકાને પણ જતો ન હતો પરંતુ એક રાત્રે બે કોન્સ્ટેબલો આવી મને ચોકીએ લઇ ગયા; આખી રાત મને ત્યાંજ બેસાડી રાખ્યો. બીજે દિવસે મને લશ્કરી ઓફિસર આગળ ઉભો કરવામાં આવ્યો; અને ત્યાં બેઠેલી એક મડમ પાસેથી ટમેટાના નક્કી કરવામાં આવેલા ભાવ કરતાં વધારે પૈસા લેવાનો આરોપ મારા ઉપર મુકવામાં આવ્યો. મેં ખરી વિગત રજુ કરી અને મારા બચાવમાં સાક્ષીઓ રજુ કરવા પરવાનગી માગી પરંતુ ઓફિસરે મારા કહેવા ઉપર ધ્યાન જ ન આપ્યું, અને મને ૨૦૦ રૂપિયાનો દંડ કર્યો.

૨૧૧

મલિક લાભૂ શાદીની જુબાની ઉમ્મર વર્ષ ૪૫; લાકડાંનો વ્યાપારી, લાહોર

હું ધનાઢય છું, અને લાકડાના વ્યાપારીઓનો ચૌધરી છું. તા. ૨ જી થી ૧૦ મી એપ્રિલ સુધી હું લાહોર બ્હાર હતો. ૧૭ મી એપ્રિલે પોલીસે મને પકડયો, અને પોલીસ સુપરિન્ટેંડંટના હુકમથી મને જેલમાં પૂર્યો. દુકાન બંધ રાખવા લોકોને હું કહ્યા કરતો અને તેમ કરતાં જેને પૈસાની મદદ જોઇએ તેને આપવા હું કહેતો એવો આરોપ મારા ઉપર પોલીસે મુકયો હતો, મારી સામે જે સાક્ષીઓએ જુબાની આપી હતી તેમાં કોઇ વજનદાર માણુસ ન હતો; પરંતુ મ્યુનિસિપલ કમિટીના સભાસદોએ મારા માટે સારો મત દર્શાવ્યો હતો એટલે મારી પાસેથી ૫૦૦ રૂપિયાનો મુચલકો લેવામાં આવ્યો અને મને છુટો કરવામાં આવ્યો. મારા ઉપર મુકવામાં આવેલો આરોપ તદ્દન ખોટો હતો. હડતાળના દિવસોમાં પણ મારી દુકાન ઉઘાડી જ હતી.

૨૧૨

સરદાર શેર સિંહ માનઘટની જુબાનીઃ એમ. એસ. સી. વર્ગનો વિદ્યાર્થી. લાહોર

૬ ઠી એપ્રિલે લાહોરમાં રોલેટ એક્ટ વખોડી કાઢવા એક સભા થઇ હતી. તેજ દિવસે રવિ નદીના તીરે વિદ્યાર્થીઓ પણ પોતાની સભા ભરવા ધારતા હતા, પરંતુ લાલા દુનિચંદની સલાહથી તે વિચાર માંડી વાળવામાં આવ્યો હતો. આખા શહેરમાં હડતાળ હતી; પરંતુ સવારના લોકોનું એક ટોળું " મહાત્મા ગાંધીકી જય " હિંદુ–મુસલમાનકી જય અને " રોલેટ બિલ હાય હાય " ના પોકારે કરતું શહેરમાં ફર્યું હતું. પણ કયાંય કંઇ ગડબડ કે તોફાન થયાં ન હતાં.

બીજે દિવસે હમેશ મુજબ કામકાજ શરૂ થયું હતું. ૧૦ મી તારીખે મહાત્મા ગાંધીના પકડાયાની ખબર લાહોરના વતનીઓને પડી, અને તેની જ સાથે આખા શહેરમાં પાછી હડતાળ પડી. લોકો ડેપ્યુટી કમિશનરને મહાત્મા ગાંધીને છોડી મુકવાની અરજી કરવા જવા નીકળ્યા. ઘણા ખરા ઉઘાડે માથે હતા. અને બધા ખાલી હાથે હતા. તેઓ પોસ્ટ ઓ-ફિસ, તાર ઓફિસ અને હાઇ કોર્ટ અને બીજા મ્હોટા મકાનો આગળથી પસાર થયા હતા; પરંતુ લોકમાંથી કોઇએ કોઇના જાનમાલ ઉપર હાથ ઉગામ્યો ન હતો. ટોળું ફરતું ફરતું સોલજર કલબ આગળ આવી પહોંચ્યું; ત્યાં ડેપ્યુટી કમિશનર મિ. રાયસને તેને આગળ વધતાં રોકયું, અને મિ. રાયસને લોકો ઉપર લાકડીથી માર મારવો શરૂ કર્યો; અને પછી ગોળી પણ ચલાવી. આથી કેટલાક ઘાયલ થયા. પોલીસ તેઓને ઇસ્પિતાલે લઈ જવાને બદલે ચોકીએ લઈ ગઇ.

બીજે દિવસે બાદશાહી મસજીદમાં લોકોની સભા ભરાઈ હતી. પંડિત રામભજ દત્ત અને બીજાઓ લોકોને શાંતિ જાળવવા સમજાવી રહ્યા હતા. સભા ચાલતી હતી તે વખતે મસજીદ ઉપર એરોપ્લેનો ઉડતા હતા.

૧૨ મી તારીખે બીજી એક સભા મસજીદમાં મળી હતી. આ વખતે મસજીદ બ્હાર મશીનગનો સાથે લશ્કર પણ આવી પહોંચ્યું હતું. સભા ખલાસ થયા પછી લોકો મસજીદ બ્હાર જવા લાગ્યા; થોડીવાર રહીને તેઓ ઉપર ગોળી ચલાવવામાં આવી.

બાદશાહી મસજીદમાં કહેવાતી " દંડ ફોજ " મેં જોઇ હતી. આ ફોજમાં ૩૦ થી ૪૦ છોકરા ૧૦ થી ૧૫ વર્ષની ઉમ્મરના હતા, તેઓના હાથમાં ન્હાની ન્હાની લાકડીઓ હતી. છોકરાની આ ટોળીને અધિકારીઓએ બંડખોરની ટોળી તરીકે લેખાવી હતી.

માર્શીયલ લૉના અમલમાં આવ્યા પછી ત્રણેક દિવસ હું મારે ગામ ગયો, અને ત્યાંથી પત્યાલા ગયો. હું ત્યાં હતો ત્યારે મારા ઉપર એકદમ હુકમ કાઢવામાં આવ્યો; એને પરિણામે એક વર્ષ સુધી યુનિવર્સિટીની પરીક્ષા આપવાનું મારે માટે અશકય થઇ પડયું છે.

૨૧૩

લાલા દેવી દિત્તા રઘુમલની જુબાનીઃ લાહોર

બાદશાહી મસજીદમાં એપ્રિલ માસમાં બે દિવસમાં બે સભાઓ થઇ હતી. હું બંને સભામાં હાજર હતો. બીજી સભા ચાલતી હતી તે વખતે લશ્કર અને પોલીસ મસજીદ

આગળ આવી પહોંચ્યા, અને લોકો સભા ખલાસ થયા પછી બ્હાર જતા હતા ત્યારે તેઓ ઉપર ગોળી ચલાવી. મારા છોકરાને પગમાં એક ગોળી વાગી હતી.

હડતાળ ખલાસ થયા પછી કેટલેક દિવસે બે કોન્સ્ટેબલો મારી દુકાને આવી મારા દિકરાને તથા મને પોલીસ ચોકીએ લઈ ગઇ. પોલીસ ભગવાનદાસ પાસે પોતાના પક્ષમાં જુબાની અપાવવા ઇચ્છતી હતી; પરંતુ ભગવાનદાસે ખોટી જુબાની આપવા ચોખ્ખી ના પાડી; તેને બહુએ સમજાવવામાં આવ્યો; પરંતુ તે મક્કમ જ રહ્યો. એટલે પોલીસે તેને કેદ કર્યો; તેના ઉપર ખોટો કેસ ઉભો કર્યો; તેને પરિણામે તેને જન્મદેશનિકાલની સજા થઇ. પાછળથી સજા બે વર્ષ સુધી જેલમાં રહેવાની કરવામાં આવી.

૨૧૫

અનંતરામ ગુરણદાસની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૨૫; લાહોર.

૧૧ મી મેએ અમે છ મિત્રો ભાડેની ફેટનમાં બેસી નદીએ ફરવા જતા હતા. રસ્તે રેલ્વે પુલની આગળ કેટલાક કોન્સ્ટેબલો અને બ્રિટિશ સોલજરોએ અમને આગળ જતાં રોકયા; અને તેઓની સાથે ચોકીએ જવા સારજને અમને હુકમ કર્યો. રસ્તે સારજને અમને છોડી મુકવા માટે અમારી પાસે દશ રૂપિયાની લાંચ માગી, પરંતુ અમે ન આપી. ચોકીએ અમને કોટડીમાં પૂરવામાં આવ્યા.

બીજે દિવસે સવારના અમને એક ઓફિસર પાસે ઉભા કરવામાં આવ્યા. પોલીસ સિપાઇઓએ ઓફિસર પાસે એવી હકીકત રજુ કરી કે અમે પોલીસની વચ્ચે પડયા હતા અને બ્રિટિશ સોલજરોને વાંદરા કહ્યા હતા. ઓફિસરે અમારી વાત સાંભળી નહિ; પરંતુ અમને બધાને ૬ માસ જેલની અને ૨૦ ફટકા ખાવાની સજા કરી. અમારામાંથી એક જણ ૧૬–૧૭ વર્ષનો હતો એટલે તેને જેલમાં મોકલવામાં ન આવ્યો; તેને માત્ર ૧૫ ફટકા ખાવાની સજા કરવામાં આવી. જેલમાં ગયા પછી અમે અરજી કરી અને તેથી અમારી સજામાં ત્રણ મહિનાનો ઘટાડો કરવામાં આવ્યો.

૨૧૬

તાજદિન કરિમબક્ષની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૨૪ લાહોર.

હું સુથાર અને લુહારનું કામ કરૂં છું. હડતાળ ઉઘડયા પછી ત્રણ ચાર દહાડા રહી બે સોલજરો મારી દુકાને આવ્યા અને મને પોલીસ ચોકીએ પકડી ગયા. પછી પોલીસે મારી દુકાનની જડતી લીધી, અને દુકાનમાંથી એક કરવત ચોકીએ લઇ ગયા. મેં આ કરવતથી લાકડીઓ કાપી લોકોને પૂરી પાડી હતી એવો આરોપ પોલીસે મારા ઉપર મુકયો. પોલીસ પક્ષનો જે સાક્ષી હતો તે મારો વેરી હતો, અને મારા ઉપર ખાર કાઢવા તક શોધતો હતો. મેં કોઇને પણ આ દિવસોમાં લાકડી કાપી આપી ન હતી. પણ મારી વાત માનવામાં ન આવી; અને મને કોટડીમાં પૂરવામાં આવ્યો. પાંચેક દહાડા પછી મને ડેપ્યુટી સુપ્રિન્ટેંડંટ ખાન અબદુલ ચઝરઝ સાહેબ આગળ ઉભો કરવામાં આવ્યો. તેણે મારી વાત સાંભળી; મારી તથા મારા સાક્ષીઓની વાત માની અને મને છોડી મુકયો; અને મારી કરવત મને પાછી અપાવી.

૨૧૭

લાલા જગન્નાથની જુબાનીઃ ભારત ઇન્સ્યુરન્સ કુ. નો વ્યવસ્થાપક, અને વછોવલી આર્યસમાજનો મંત્રી, લાહોર.

૧૭ મી એપ્રિલે બપોરના બાર વાગે એક સબ–ઈન્સ્પેકટર મારી ઑફિસે આવ્યો અને મને હાથકડી પહેરાવી ચોકીએ લઇ ગયો. મારી ઑફિસ બાબત સુચનાઓ આપવાની રજા પણ મને આપવામાં આવી ન હતી. કોટવાલીએથી મને તથા બીજા શહેરના પકડાયલા પ્રતિષ્ઠિત પુરૂષોને તાર ઓફિસે લઇ જવામાં આવ્યા. ત્યાં અમને ધુમ તડકે પગે ચાલી જેલમાં જવું પડયું.

જેલમાં મને એક કોટડીમાં પૂરવામાં આવ્યો. કોટડીમાં જ મારે આખો વખત કાઢવાનો હતો; ત્યાં જ સુવાનું, ત્યાં જ બેસવાનું, ત્યાં જ ખાવા પીવાનું, અને ત્યાં જ ઝાડે પીસાબ જવાનું હતું. ખોરાક પણ ન ખાઇ શકાય એવો મને આપવામાં આવતો; હું તે ઝાડુવાલાને પાછો આપી દેતો. કોટડીમાં મચ્છરોનો પાર ન હતો. થોડા વખત પછી મને બીજી કોટડી મળી હતી; પહેલાના કરતાં તે સહેજ સારી હતી.

૨૧ મી તારીખ પછી મારે ઘેરથી ખાવાનું મગાવવાની મને રજા મળી હતી.

મારી ગેરહાજરી દરમ્યાન, પોલીસે મારા ઘરની જડતી લીધી હતી. તે વખતે મારા ઘરમાં કોઈ પુરૂષ નહતો. અને મારી મા, સ્ત્રી અને બાળકોને ઘણી અગવડ વેઠવી પડી હતી.

૨૩ મી એપ્રિલે મને તથા બીજા કેટલાકોને પાછા કોટવાલીએ લઇ જવામાં આવ્યા. ત્યાં સુપ્રિનટેંડંટ મિ. બોરિંગે અમને રોલેટ એકટ સમજાવવા પ્રયત્ન કર્યો, અને રોલેટ એકટના અમલમાં વકીલો કોર્ટમાં વકીલાત ન કરી શકે એટલે વકીલો સ્વાર્થબુદ્ધિથી તેની સામે થયા છે એમ તેણે જણાવ્યું હતું. આ પછી અમારી પાસેથી મુચલકા લઇ તેણે અમને ઘેરે જવા દીધા હતા.

બીજે દિવસે મને મારા સાક્ષીઓ સાથે કોટવાલીએ હાજર થવા હુકમ થયો હતો; પરંતુ એક દિવસ મારો કેસ લંબાયો. મારો કેસ ચાલ્યા પછી મને છોડી મુકવામાં આવ્યો હતો.

૨૧૯

સરદાર સંતસિંહની જુંબાની. પંજાબ બુટ એંડ શુ ફેકટરીનો મેનેજર અને માલિક, લાહોર.

૧૦ મી એપ્રિલે હું લોરેન્સ બાગમાં ફરવા ગયો હતો, અને સાંજના ૬ ના સુમારે હું ઘેરે પાછો ફરતો હતો. સોલજર્સ કલબ આગળ આવી પહોંચતાં મેં ૨૦૦ થી ૩૦૦ માણસોનું ટોળું જોયું; ત્યાંજ કેટલાક લશ્કરી અને પોલીસના સિપાઈઓ હાજર હતા. લોકોના હાથમાં લાકડી કે બીજું કશું ન હતું; અને ટોળામાં મ્હોટે ભાગે છોકરાઓજ હતા. લશ્કરે ચેતવણી આપ્યા વિના લોક ઉપર ગોળી ચલાવી; મને હાથમાં અને પેટમાં ઘણી ગોળીઓ વાગી, અને હું બેભાન થઇ પડયો. દશ દહાડા પછી મને પકડવામાં આવ્યો, પરંતુ મારી તબીયત સારી ન હતી એટલે ૫૦૦૦ રૂપિયાના જામીન ઉપર મને

જસ્ટ્રેટે છુટો કર્યો. માર્શીયલ લોનો અમલ બંધ થયા પછી ડિફેન્સ ઓફ ઇન્ડિયા એક્ટ નુસાર મારા ઉપર કેસ ચલાવવામાં આવ્યો પરંતુ મારી સામે આરોપ સિદ્ધ ન થતાં । છોડી મુકવામાં આવ્યો.

૨૧૯

અત્તાર દિન બુધની જુબાની ઉમ્મર વર્ષ ૩૫; હજામ, લાહોર.

માર્શીયલ લૉનો અમલ શરૂ થયા પછી ચારેક દિવસ રહી હું રાજગર લગ્નમાં ગયો ા. સાંજના જમી અમે ૨૨ મિજમાનો યજમાનના બંધ ઓરડામાં બેસી "તંબુલ" પતા હતા. રાત્રે આઠ વાગાના સુમારે એક હવાલદાર અને ચાર કોન્સ્ટેબલો સાથે ા ઇન્સ્પેક્ટર તારાચંદે આવી અમે બેઠા હતા એ ઓરડો ઉઘડાવ્યો; અને અમને બ-ને ચોકીએ જવા જણાવ્યું, કન્યાના બાપે અમને મિજમાનોને ન લઇ જતાં, પોતાને કલાને ચોકીએ લઇ જવા કહ્યું; પરંતુ તારાચંદ યજમાન, મિજમાન, વર અને બીજા લાકોને ચોકીએ લઇ ગયો, અને અમને બધાને આખી રાત કોટડીમાં પૂરી રાખ્યા. જે દિવસે તેણે અમને યુરોપિયન સિટી મેસ્ટ્રેટ આગળ ઉભા કર્યા. મેજીસ્ટ્રેટે અમને ઇ સવાલ ન કર્યા, અમારી કંઇ વાત સાંભળી નહિ; એણે તો તરત સજા કરવા માંડી. ઓ તંદુરસ્ત હતા, જેઓનાં શરીર કદાવર હતાં તેઓ બધાને ફટકા ખાવાની સજા ા; બાકીનાને દંડ કર્યો. આ રીતે નવ જણાને ફટકા ખાવાનો હુકમ થયો હતો, અને । જણાને દંડ કરવામાં આવ્યો હતો; બીજાને છોડી મુકવામાં આવ્યા હતા. ફટકા વામાં એક ૧૧ વર્ષનો છોકરો પણ હતો. વર અને કન્યાના બાપને દંડ કરવામાં વ્યો હતો, લગ્ન ક્રિયા કરાવનાર મૌલવીને ૨૦ ફટકા મારવામાં આવ્યા હતા. અમને ડીમાં પૂર્યા તે વખતે અમારી પાસે જે કંઇ હતું તે પોલીસે લઇ લીધું હતું. તેમાંથી ગયેજ અર્ધું અમને પાછું મળ્યું હતું. અમને બધાને જેલમાં ફટકાવામાં આવ્યા હતા.

૨૨૦

નુરદિન જગાની જુબાની ઉમ્મર વર્ષ ૭૦; મોચી, દરવાજા પાસેની મચ્છી બજારનો ચૌધરી; લાહોર.

૧૭ મી એપ્રિલે સબ-ઇન્સ્પેક્ટર ખુદાબક્ષ મને દિલ્હી દરવાજાની કોટવાલીએ ડી ગયો. રસ્તે તેણે બીજા ૨૫ જણાને પકડયા. બપોરના ત્રણેક વાગે અમને તાર ફિસે મિ૦ બ્રોડવે આગળ રજુ કરવામાં આવ્યા, અને ત્યાંથી અમને જેલમાં પૂરવામાં વ્યા. નવમે દિવસે મિ૦ બેરિંગે અમારો કેસ સાંભળ્યો, અને અમને બધાને છોડી મુકયા.

મારી ગેરહાજરીમાં થાણેદાર અને કેટલાક કોન્સ્ટેબલોએ મારા ઘરની જડતી લીધી ી. હું છુટી ઘેર ગયો ત્યારે મને ખબર પડી કે ૨૨૦૦ રૂપિયાના સોનાનાં ઘરેણાં અને ૧૩૪ રૂપિયા રોકડા ટ્રંકમાંથી ગુમ થયા છે. કોટવાલીએ મેં આની તરત ખબર કરી, પુટી કમિશનર અને પોલિસ ઇન્સ્પેક્ટરને એની વાત કરી, પરંતુ કોઇએ મારા કહેવા પર ધ્યાન આપ્યું નહિ. લેફ્ટેનંટ ગવર્નરને પણ મેં આ વિષે અરજી કરી; પરંતુ તેનો વાબ હજી સુધી મને મળ્યો નથી.

મારા છોકરા ફિરોઝ દિનને જન્મદેશનિકાલની સજા થઇ છે.

૨૨૧

લાલા હરપરસાદ ગણુપતમલની જુબાની. કાપડનો વ્યાપારી; લાહોર.

૧૨ મી એપ્રિલે બાદશાહી મસજીદમાંથી લોકોને હિરામંડી તરફ જતાં મેં જોયા હતા. હિરામંડી આગળ કેટલાક ઘોડેસવારો, પોલીસ સિપાઇઓ, સોલ્જરો, બ્રિટિશ ઓફિસરો, નવાબ સાહેબ અને બીજાઓ ઉભા હતા. હું એક ધામવાળાની દુકાનના પાટિયા ઉપર ઉભો હતો. એક ઓફિસર લોકોને વિખરાઇ જવાનું કહેતો હતો; અને ગોળીથી વિંધી નાખવાની ધમકી આપતો હતો. તેવામાં તેની ટોપી ઉપર ઉપરા ઉપરી બે પથરા આવીને પડયા. તરતજ ઓફિસરે નવાબ સાહેબ પાસેથી કાગળ ઉપર કંઇક લખાવી લીધું અને પછી ગોળી ચલાવવાનો હુકમ આપ્યો; પહેલાં સિપાઈઓએ ખોટા બાર કર્યા; પણ પછી ખરેખરી ગોળી ચલાવવી શરૂ કરી, આ જોઈ હું તરત ત્યાંથી નાસી ગયો.

૨૨૨

લાલા ધનીરામ છજુમલ ભાલાની જુબાની, ભાલા બુટ હાઉસનો માલિક, લાહોર.

૬ ઠી અને ૧૦ મી એપ્રિલે મેં મારી દુકાન બંધ રાખી હતી. ૬ ઠી તારીખે બ્રાડલૉ હૉલમાં સભા બોલાવવામાં મેં ભાગ લીધો હતો. તા. ૧૩ મીએ લાલા દુનિચંદને ત્યાં હડતાળ વિષે વિચાર કરવા મળેલી સભામાં હું ગયો હતો. હું ઇંડિયન એસોસિયેશનનો સભાસદ છું.

૨૪ મી એપ્રિલે મિ૰ બોરિંગ મારી દુકાને આવ્યો અને મને કોટવાલીએ પકડી ગયો. ત્યાંથી મને તથા લાલા રતનચંદ અને લાલા ધરમદાસને ૫૦ સોલ્જરોની નજર હેઠળ રાખી શહેરમાં ફેરવવામાં આવ્યા, અને પછી કિલ્લામાં પૂરવામાં આવ્યા. મને શા સારૂ પકડવામાં આવ્યો હતો તેની કિલ્લામાં કોઇને ખબર ન હતી. અમને એક બીજા સાથે વાત કરવાની સખ્ત મનાઇ કરી હતી, અને પહેલીવાર વાત કરવા માટે ૩૬ ફટકા ખાવાની સજા કરવાની, અને બીજીવાર તેમ કરવા વાસ્તે રામશરણુ મોકલવાની ધમકી આપી હતી. કિલ્લામાં મને પચ્ચાસ દિવસ સુધી પુરી રાખવામાં આવ્યો હતો; અને પછી મારા ઉપર કેસ ચલાવ્યા વિના મને છોડી મુકવામાં આવ્યો હતો.

૨૨૩

લાલા દુર્ગાદાસની જુબાનીઃ વર્ષ ૩૭; ઠેકાણું; મૉલ; લાહોર.

માર્શીયલ લૉના અમલ દરમ્યાન એક દિવસ કેપ્ટન ફલટન મારી દુકાને આવ્યો હતો. દુકાનના દરવાજા આગળ દુકાનનો એક છોકરો ઉભો હતો. આ છોકરાને સલામ ન ભરવા માટે તેણે લાકડી ફટકાવી કાઢી હતી.

૨૨૪

ગણેશદાસ કનૈયાલાલ, કંદોઈની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૬૦; લાહોર.

માર્શીયલ લૉના અમલ દરમ્યાન મ્યુનિસિપલ મારકેટની સામે મારી દુકાન આગળ લોકોને ફટકા મારવા સારૂ એક સ્તંભ ઉભો કરવામાં આવ્યો હતો. મેં ત્રણવાર લોકોને ફટકા ખાતા જોયા હતા.

ફટકા મારવા પહેલાં માણુસને નાગો કરવામાં આવતો; અને પછી સ્તંભ સાથે તેના હાથ બાંધવામાં આવતા, તેને ફટકા ખાતા જોવા આસપાસ લોકો ભેગા થતા; યુરોપિયનો અને પોલીસ સિપાઇઓ પણ ત્યાં આવી ઉભા રહેતા, યુરોપિયનો તો લોકોને ફટકા ખાતા જોવામાં મઝા માણતા; અને ' જોરથી મારો, વધારે મારો ' ના પોકાર કરતા.

એક દિવસે અમલદાર વર્ગ એક જણને ફટકા મારી ચાલી ગયો. તે બાપડો માર-કેટ આગળ બેભાન હાલતમાં પડ્યો હતો. તેના શરીરમાંથી લોહી ઝરતું હતું; અને શરી-રમાં ચીરા પડયા હતા. મેં તેને મારી દુકાને દુધ પાયું હતું. શુદ્ધીમાં આવતાં તે પોતાને ઘેર ગયો હતો.

૨૨૫

લાલા લાલચંદ ગોપાળદાસની જુબાનીઃ કાપડનો વ્યાપારી; અનારકલી; લાહોર.

માર્શીયલ લૉના અમલ દરમ્યાન એક દિવસ બે મડમો મારી દુકાને મલમલ ખરીદ કરવા આવી હતી. મારી દુકાને મલમલની જેટલી જાત હતી તેટલી બધી મેં તેઓને બતાવી, પણ એકે જાત તેઓને પસંદ ન આવી. તેઓ મલમલ જોતી હતી તેવામાં કેપ્ટન ફેલટન દુકાને આવી પહોંચ્યો. આ બે મડમોમાં એક મિસિસ ફેલટન હતી એમ મેં પાછળથી જાણ્યું. મિસિસ ફેલટન મારી આખી દુકાન અંદર જઇ જોઈ વળી હતી અને તેને મનગમતી મલમલ મળી ન હતી, છતાં તેણે કેપ્ટનને કહ્યું કે મારી પાસે તેને જોઈતી મલમલ છે, પણ હું તેને આપતો નથી. આ સાંભળી કેપ્ટને મને હંટરથી ફટકા-વ્યો, અને પછી તેઓ ત્રણે જતા રહ્યા.

*　　　*　　　*　　　*

૨૨૭

લાલા રામલાલ શંકરદાસની જુબાની; કાપડનો વ્યાપારી, લાહોર.

મારી દુકાન મૉલ ઉપર હોવાથી મારા ઘણા અંગ્રેજો ગ્રાહક હતા. તેઓની સાથે હું હમેશાં નરમાસથી વર્તતો હતો પરંતુ માર્શીયલ લોના દિવસોમાં તેઓ મારી સાથે અસભ્ય રીતે વર્તતા અને કરનલ જોનસનને મારા વિષે ફરિયાદ કરવાની વારંવાર મને ધમકી આપતા. આ અરસામાં મારે નવદશ જણાને લઇ પરગામ મારા લગ્ન કરવા જવું હતું; પરંતુ કરનલ જોનસને અમને જવાની રજા નહોતી આપી.

મેં એકવાર લોકોને ફટકા ખાતા જોયા હતા. લોકોને જાહેરમાં ફટકા મારવાનો હેતુ મને લાગે છે કે તેઓને હલકા પાડવાનો અને આખા શહેરમાં ત્રાસ વર્તાવવાનો હતો.

×　　×　　×　　×　　×

૨૩૦

લાલદિન અમિરબક્ષની જુબાની; ઉમ્મર વર્ષ ૨૦, લાહોર.

પોલીસે મારા ઉપર "દંડ ફોઝ" માં હોવાનો આરોપ મુકી મને ૧૫ મી એપ્રિલે પકડ્યો. ખરી વાત એ હતી કે લાલદિન નામનો બીજો એક જણ "દંડ ફોઝ" માં હતો પરંતુ તેનો એક દોસ્ત તેને છોડવવા માગતો હતો એટલે તેણે મને ફસાવવાનો ત્રાગડો

રચ્યો પણ પરિણામે અમને બંનેને જેલની સજા થઇ. મને ત્રણ વર્ષ જેલમાં રહેવાનો અને ખરા લાલદિનને બે વર્ષ જેલમાં રહેવાનો હુકમ થયો. મને ૭ મહિના જેલમાં રાખી છોડી મુકવામાં આવ્યો હતો. શિક્ષા થઈ તે પહેલાં મને છુટો કરવા પોલીસે મારી પાસે એક સો રૂપિયાની લાંચ માગી હતી. તેમ પાંચ જણની સામે ખોટી સાક્ષી આપવા કહ્યું હતું પણ આ બેમાંથી એકે કામ કરવા હું કબુલ થયો ન હતો.

× × × × ×

૨૪૨

મિયાં અબદુલ ગાની ચરાગદિનની જુબાની; ઉમ્મર વર્ષ ૨૪, લાહોર.

૧૯ મી એપ્રિલે અબદુલ રહિમ થાણેદારે મારી દુકાને આવી મારા ભાઇની માગણી કરી; પરંતુ તે દિવસે તે લાહોરમાં ન હતો એટલે હું તેને મારો ભાઇ સોંપી ન શક્યો. છતાં તેણે મને હંટરથી અને લાકડીથી ખૂબ માર માર્યો, મારૂં ઘર જમીનદોસ્ત કરી નાખવાની અને મને અને મારા સગાંઓને પકડવાની ધમકી સુદ્ધાં આપી. કોટવાલીએ પંડિત જીવનલાલે મારા ઉપર ગાળો વર્ષાવી, અને મારા ઘરની સ્ત્રીઓને પકડવાની બ્હીક બતાવી. પરંતુ છેવટે, મિ. બોરિંગે મને છોડી મુકયો.

૨૩૩

શેખ અબદુલ રશીદ રહમત-ઉલ્લાની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૨૬; દુકાનદાર; મોલ; લાહોર.

૧૦ મી એપ્રિલે સાંજના ૬-૩૦ વાગાના સુમારે લગભગ બસો માણસનું એક ટોળું ગવર્નમેંટ હાઉસ તરફ જતું હતું. તેમાં મ્હોટે ભાગે છોકરાઓ હતા, અને તેઓ 'મહાત્મા ગાંધીકી જય"ના પોકાર કરતા હતા. મિ. ફ્રાઇસન, મિ. કલાર્ક અને પોલીસના કેટલાક માણસો ટોળાની સામે આવ્યા અને લોક ઉપર ગોળી ચલાવી. મિ. ફ્રાઇસને પહેલી ગોળી કાળો વાવટો લઈ ચાલનાર છોકરા ઉપર તાકી હતી. ગોળીબાર બંધ કર્યા પછી પોલીસે લોકોને બંદુકથી ગોદા માર્યા હતા. પરંતુ ઘાયલ થયેલાઓની તેણે સંભાળ નહોતી લીધી. રસ્તે જતા લોકો ઘાયલ થયેલાઓને લઈ જવા લાગ્યા; એટલે પોલીસે ઘાયલ થયેલાઓને તેમ જ તેઓને મદદ કરનારાઓને પકડયા. ટોળીમાંથી કેટલાક છોકરા નાસી આવી મારી દુકાનના કઠેરામાં ભરાયા હતા. તેઓને અહીં આવેલા જોઈ પોલીસે મારી દુકાન તરફ ગોળી ચલાવી હતી; ગોળીના ચિન્હો મારી દુકાન ઉપર હજી પણ છે.

૨૩૪

કરિમબક્ષ નબી બક્ષની જુબાનીઃ બતી-બાઇસિકલ દુરસ્ત કરનાર; લાહોર.

૧૭ મી એપ્રિલે એક સબ-ઈન્સ્પેકટર મારી દુકાને આવી મને ચોકીએ લઈ ગયો. ત્યાંથી મને તાર ઓફિસે અને પછી જેલમાં લઈ જવામાં આવ્યો. જેલમાં મને એક ખાલી કોટડીમાં પૂરવામાં આવ્યો. ૨૩ મી તારીખે મારી પાસેથી ૨૦૦ રૂપિયાનો મુચલકો લઈ મને છોડવામાં આવ્યો. મને શા સારૂ પકડવામાં આવ્યો હતો એ મને કોઈએ કહ્યું ન હતું.

છુટો થયા પછી ત્રણ દહાડા સુધી મારે ચોકીએ હાજરી આપવી પડી હતી; મારે આખો દિવસ ત્યાં બેસી રહેવું પડયું હતું, અને તે દરમ્યાન મને કંઈ પણ ખાવાને નહોતું આપવામાં આવ્યું.

હું જેલમાં હતો તે દરમ્યાન પોલીસે મારા ઘરની અને દુકાનની જડતી લીધી હતી; અને ત્રણ બાઇસિકલો અને તેને લગતો કેટલોક સામાન લઈ ગયા હતા. હજી સુધી મને તેમાંથી કંઈ પાછું મળ્યું નથી.

૨૩૫

પંડિત ખુશાલચંદ શંકરદાસની જુબાની: ઉમ્મર વર્ષ ૩૦; લાહોર.

હું દુકાનદાર છું. માર્શીયલ લૉના અમલની શરૂઆતમાંજ એક દિવસે બે કોન્સ્ટેબલો મારી દુકાને આવી ગોવિંદરામ વકીલની દુકાને ચોટાડવામાં આવેલી નોટિસ ખરાબ કરવાનો આરોપ મુકી મને કોટવાલીએ લઈ ગયા. બીજે દિવસે મને મેજીસ્ટ્રેટ પાસે ઉભો કરવામાં આવ્યો. મેજીસ્ટ્રેટને હું મારો બચાવ સંભળાવવા જતો હતો; પરંતુ મને તેણે ચૂપ કરી દીધો, અને વધારે સજા કરવાની ધમકી આપી. મેજીસ્ટ્રેટે મને પાંચ ફટકા ખાવાનો હુકમ કર્યો. પછી મને મારકેટ આગળ લઈ જવામાં આવ્યો; અને ઘણા લોકો દેખતાં મને ફટકા મારવામાં આવ્યા. કેટલાક યુરોપિયન સ્ત્રીપુરૂષો પણ મને માર ખાતો જોવા ઉભા હતા. મારા ઉપર મુકવામાં આવેલો આરોપ તદ્દન ખોટો હતો.

૨૩૬

લાલા દૌલતરામ નાનકચંદ, સોનીની જુબાની: ઉમ્મર વર્ષ ૩૫; લાહોર.

૧૭મી એપ્રિલે એક પોલીસ કોન્સ્ટેબલ બપોરના બે વાગે મારી દુકાને આવ્યો અને મને ચોકીએ લઈ ગયો. ત્યાંથી તે મને મારે ઘેર લઈ ગયો અને મારા ઘરની જડતી લીધી; પછી મને હાથકડી પહેરાવી ચોકીએ કોટડીમાં પૂરી રાખ્યો. મને શા સારૂ પકડવામાં આવ્યો હતો એ મને કોઇએ જણાવ્યું ન હતું. બીજે દિવસે મને જેલમાં પૂરવામાં આવ્યો, અને ૨૩મી તારીખે રૂપિયા ૨૦૦ નો મુચલકો લઈ મને છોડી મુકવામાં આવ્યો. છતાં બીજા આઠ દશ દિવસ મારે સવારના ૯ થી સાંજના ૫ વાગ્યા સુધી ચોકીએ બેસી રહેવું પડતું. આ પછી મારા ઉપર કેસ માંડવામાં આવ્યો ન હતો.

૨૩૭

કલામલ ખુશીરામ, કંદોઈની જુબાની: ઉમ્મર વર્ષ ૪૦; લાહોર.

માર્શીયલ લૉના અમલ દરમ્યાન એક દિવસ સવારના આઠના સુમારે બે બ્રિટિશ સોલજરો મારી દુકાને દુધ લેવા આવ્યા; આ વખતે બધું દુધ વેંચાઇ ગયું હતું. માત્ર એક વાસણમાં છ ટાંક જેટલી "લસ્સી*" હતી, અને તે પણ એક છોકરાના ભાગની પડી હતી. પરંતુ સોલજરોએ મારી પાસેથી પરાણે "લસ્સી" લીધી; અને મારી ના કહેવા છતાં તેઓએ લસ્સીને દુધ માની લીધું.

છ દહાડા રહી મને બે કોન્સ્ટેબલો પકડી ગયા; અને પાણીવાળું દુધ વેચવાનો

* દુધમાં પાણી ભેળવી તૈયાર કરવામાં આવેલું પિણું.

આરોપ મુકી મને ઓફિસર પાસે ઉભો કર્યો. ઓફિસરે મારી વાત ઉપર ધ્યાન ન આપ્યું અને મને ૧૦૦ રૂપિયાનો દંડ કર્યો.

× + × × × ×

૨૩૯

મુલ્કરાજ દેવીચંદની જુબાનીઃ દુકાનદાર, ઉમ્મર વર્ષ ૪૫; લાહોર.

૧૯મી એપ્રિલે સવારના દશના સુમારે ચાર કોન્સ્ટેબલ સાથે એક સબ–ઈન્સ્પેકટર મારી દુકાને આવી, દુકાનની અને પછી મારા ઘરની જડતી લીધી; પરંતુ જડતી લેવાનો હુકમ મને તેણે બતાવ્યો નહિ. મારે ત્યાંથી કંઈ પણ વાંધા પડતું તેના હાથમાં ન આવ્યું, તોએ મને તે પોલીસ ચોકીએ લઈ ગયો. રસ્તે તેણે સરદાર વઢવાસિંહની દુકાનની જડતી લીધી હતી અને તેને પણ મારી સાથે ચોકીએ લઈ જવામાં આવ્યો હતો. કોટવાલીએ મારાં બધાં કપડાં તપાસવામાં આવ્યાં, અને મારા કાનના એરીંગ પણ ઉતારી લેવામાં આવ્યા; આથી તો મને અસહ્ય દુઃખ થયું હતું; કારણ કે અમારા ધર્મ પ્રમાણે મરણ પછી પણ એરીંગ કાઢી લેવામાં આવતા નથી. અમને પછી કોટડીમાં પૂરવામાં આવ્યા, અને સાંજના તાર ઓફિસે થઈ મને જેલમાં લઈ જવામાં આવ્યો.

જેલની કોટડી બહુ ગંદી હતી; ખાવું, પીવું, બેસવું, ઉઠવું અને બીજું બધું મારે એજ કોટડીમાં કરવાનું હતું. ૨૩મી તારીખે મને પાછો સિટી કોટવાલીએ લઈ જવામાં આવ્યો અને એક યુરોપિયન ઓફિસર આગળ ઉભો કરવામાં આવ્યો. તેણે મારી પાસેથી ૨૦૦ રૂપિયાની જામીનગીરી લીધી અને મને છોડી મૂક્યો; છતાં બીજા દિવસોએ પણ સવારથી સાંજ સુધી મારે ચોકીએ બેસી રહેવું પડ્યું હતું.

× × × × ×

૨૪૧

ધાઇ ખુડા યારની જુબાનીઃ દુધવાળો; ઉમ્મર વર્ષ ૫૫, ગામ બેગમ કોટ, લાહોર જીલ્લો.

બેગમ કોટ લાહોરથી ત્રણ ચાર માઈલ દૂર છે. માર્શીયલ લોના અમલ દરમ્યાન એક દિવસ પોલીસ મારા છોકરાને પકડી લાહોર લઈ ગયો; પણ સાહેબે તેને છોડી મુકયો. આઠ દસ દિવસ પછી પોલીસ પાછો મારે ત્યાં આવ્યો; અને આ વખતે મને તથા મારા એક નોકરને પકડી ગયો. ભેળવાળું દુધ વેચવાનો આરોપ મુકી સાહેબે મને ૫૦ રૂપિયાનો અને મારા નોકરને ૨૫ રૂપિયાનો દંડ કર્યો; પરંતુ આ આરોપ તદ્દન ખોટો હતો. અમને દંડ વસુલ થયાની પહોંચ આપવામાં આવી હતી; પરંતુ આઠ દસ દિવસ બાદ થાણેદાર પાવતી પાછી લઇ ગયો.

૨૪૨–૧.

સરદાર હબીબ ઉલ્લાખાન, બેરિસ્ટરની જુબાની, લાહોર.

૧૦ મી એપ્રિલે સાંજના હું મારા કેટલાક મિત્રો સાથે મેકલ્યોડ રોડ ઉપર હમેશ મુજબ ફરવા ગયો હતો. પોસ્ટ ઑફિસ આગળ અમે લગભગ ત્રણસો માણસનું એક ટોળું

જોયું. તેઓમાંથી કોઇના હાથમાં લાકડી કે લાઠીઓ ન હતી. આ વખતે યુરોપિયન સ્ત્રી-પુરૂષોની અને હિંદીઓની આવજાવ આ રસ્તે ચાલુ હતી. ટોળામાંથી કોઇએ રસ્તે જનારને હેરાન કર્યા ન હતા. થોડીવાર રહીને અમે મૉલ ઉપર ગોળીબાર થયાના અવાજ સાંભળ્યા. મારી તો દઢ માન્યતા છે કે છોકરાઓની આ ટોળાને વિખેરી નાખવા ગોળી ચલાવવાની જરા પણ જરૂર ન હતી. તેઓએ કોઈના જાનમાલને નુકસાન પહોંચાડયું નહતું.

૧૧મી એપ્રિલે મને ન્યુમોનિયા લાગુ પડયો; તેમાંથી હું થોડો ઘણો સાજો થયો હતો તેવામાં ૫મી મેએ મને પકડવામાં આવ્યો અને સેંટ્રલ જેલમાં પૂરવામાં આવ્યો. મારી નાદુરસ્ત તબીયત હોવા છતાં જેલમાં દવાની કે બીજી કોઈ જાતની સગવડ મને કરી આપવામાં નહોતી આવી. ખોરાક મને મારે ખર્ચે આપવામાં આવતો હતો; છતાં તે સારો ન હતો.

મારો કેસ દોઢ મહિના સુધી ચાલ્યો; કેસ ચલાવવા બ્હારથી વકીલ બૅરિસ્ટરોને લાહોર આવવાની મનાઈ કરવામાં આવી હતી. સ્થાનિક વકીલો પણ ભાગ્યેજ મળતા એટલે અમારે પોતાનેજ અમારો કેસ ચલાવવો પડયો હતો. માર્શીયલ લૉ કમિશને મારા ઉપરનો કેસ ગેરસમજુતીથી ઉભો થયેલો જણાવી મને છોડી મુકયો હતો. આ રીતે મારો કંઈ વાંક ન હોવા છતાં મારે બે માસ જેલમાં કાઢવા પડયા હતા; અને એથી મારી તબીયતને અને મારી આબરૂને ભારે ધક્કો પહોંચ્યો છે. હવે મારી પાછળ સિ. આઈ. ડી. ના માણસો ફર્યા કરે છે.

૨૪૨–૨.

ડૉ. હિતેશી એમ. ડી. ની જુબાનીઃ હોમ્યોપેથિક મેડિકલ કૉલેજનો પ્રિન્સિપાલ, લાહોર.

લડાઈ દરમ્યાન, ઓલ ઇન્ડિયા ક્ષત્રિય સભાએ લશ્કરમાં ભરતી કરવાનું કામ માથે લીધું હતું. સભાના તે ખાતાનો હું મંત્રી હતો. મારી સલાહ અને સૂચનાથી હોમ્યોપેથીક મેડિકલ કૉલેજના કાર્યવાહકોએ સરકારને દવા વિગેરેની મદદ સારા પ્રમાણમાં કરી હતી. છતાં માર્શીયલ લૉના અમલમાં મને તા. ૧૬મી એપ્રિલે પકડવામાં આવ્યો હતો અને લગભગ દોઢ મહિના સુધી જેલમાં એક ખાલી કોટડીમાં રાખવામાં આવ્યો હતો. જેલમાં મને એવી બુરી હાલતમાં રહેવું પડયું હતું કે તેને લઈ બે વાર હૃદયનું દર્દ ઉપડી આવ્યું હતું અને મને ઇસ્પીતાલમાં મોકલવો પડયો હતો. મારા ઉપર સરકાર સામે બંડ કરવાનો આરોપ મુકવામાં આવ્યો હતો, અને લાહોરના લોકનાયકો સાથે મારો કેસ કાઢવામાં આવ્યો હતો. ૬ઠી એપ્રિલે થયેલી સભામાં મેં એક કવિતા ગાઈ હતી; પણ પોલીસના માણસોએ કવિતામાંથી કેટલોક ભાગ છોડી દઈ અર્થનો અનર્થ કર્યો હતો. આ વાત પોલીસ પણ પછી કબુલ કરી હતી. હડતાલ દરમ્યાન ગરીબો માટે લંઘરખાનું ચલાવવામાં મેં ભાગ લીધો હતો. આ પણ બંડ કરવાની નિશાની તરીકે ગણવામાં આવ્યું હતું.

૨૪૨–૩.

પિરબક્ષ વઢવા, દુધવાલાની જુબાનીઃ મુઝાંગ, લાહોર.

૩૧મી મેની આસપાસ એક દિવસ કરમ ઈલાહી હમેશ મુજબ મારી દુકાન સારૂ દુધ લઇને આવતો હતો. તે મારી દુકાન આગળ આવી પહોંચ્યો ત્યારે એક યુરોપિયને

તેની પાસેથી પરાણે દુધ લીધું. ૧૦ દિવસ રહીને મને તથા ઈલાહીને પકડવામાં આવ્યાં, અને પાણીવાળું દુધ વેચવા માટે મને ૫૦ રૂપિયાનો અને ઈલાહીને ૨૦ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો. જે દુધ માટે મને સજા કરવામાં આવી તે મ્હારા હાથમાં પણ નહોતું આવ્યું.

× × × × × ×

૨૪૨–૫.

ભોડા કરમદિનની જુબાનીઃ મજુર, ઉમ્મર વર્ષ ૪૯, લાહોર.

૧૬મી એપ્રિલે સાંજના મસજીદેથી નીમાજ પઢી હું પાછો ઘેર જતો તે વખતે મને ત્રણ યુરોપિયન સોલજરોએ પકડયો અને આખી રાત હવાલાતમાં પૂરી રાખ્યો. મને પકડવામાં આવ્યો ત્યારે રાતના આઠ વાગ્યાની તોપ ફુટી ન હતી; છતાં આઠ વાગા પછી હું રસ્તે ફરતો હતો એવો ખોટો આરોપ મારા ઉપર મુકવામાં આવ્યો, અને અનારકલીમાં મારકેટ આગળ ઘણા લોકો દેખતાં મને માત્ર એક લંગોટી પહેરાવી ૮ ફટકા મારવામાં આવ્યા. લંગોટી પણ કોઈક જાતના તેજાબમાં બોળવામાં આવી હતી; એથી ફટકાની વેદના વધી હતી અને એક મહિના સુધી ફટકાના ઘા રૂઝાયા ન હતા. મને ફટકા ખાતા જોનારામાં કેટલાક યુરોપિયન સ્ત્રીપુરૂષો પણ હતા. તેઓ તે વખતે હસતા હતા.

મારા પછી બીજા ત્રણ જણને ફટકા મારવામાં આવ્યા હતા. આમાંથી એક જણ તો બે દહાડા રહી ફટકાની વેદનાથી મરણ પામ્યો. તેને ૧૮ ફટકા મારવામાં આવ્યા હતા.

× × × × × ×

૨૪૨–૧૨.

કરિમબક્ષ મહમદબક્ષ ટાંગાવાળાની જુબાની: ઉમ્મર વર્ષ ૩૨; લાહોર.

હું ટાંગાવાળો છું. માર્શીયલ લૉના અમલ દરમ્યાન લશ્કરી ખાતાએ ૨૫૦ ટાંગા પાસે વેઠ કરાવી હતી. અમને ૧૫ રૂપિયાનો મહિનો આપવાનું કહેવામાં આવ્યું હતું; પરંતુ બીજા મહિનાથી અમને ૧૧ રૂપિયાજ આપવામાં આવ્યા હતા. ઘોડા માટે ૩ રતલ ચણા અને ૧૦ રતલ ઘાસ આપવામાં આવતું, પણ તે બહુ ઓછું હતું. અમારો ઘોડો થાકી ગયો હોય તોયે યુરોપિયનને ટાંગામાં બેસાડી લઈ જવા અમારાથી ના નહોતી કહેવાતી; ના કહેવા માટે ફટકા ખાવા પડે એમ હતું. અમારા સ્નેહી સંબંધીઓને ટાંગામાં બેસાડવા માટે અમને દંડ થતો અથવા ફટકા મારવામાં આવતા. અમારે આખો વખત અધિકારીઓની હાજરીમાં રહેવું પડતું.

૨૪૨–૧૩

કાલુ પહારીની જુબાની; ધોબી, ઉમ્મર વર્ષ ૨૫; લાહોર.

માર્શીયલ લૉના અમલ દરમ્યાન એક દિવસ સાંજના હું લેફ્ટેનંટ–ગવર્નરના બંગલા આગળથી જતો હતો તે વખતે એક બ્રિટિશ સોલજરે બંદુકનો ભાલો મારા એક કુલામાં ખોસી મને ઘાયલ કર્યો હતો. આ વખતે રાતની તોપ પડી ન હતી. સોલજર મને અનારકલી ઓફીએ પકડી ગયો. બીજે દિવસે સવારના મને તાર ઑફિસમાં પોલિસ સુપરિન-

ડંટ આગળ ઉભો કરવામાં આવ્યો. મને ઘાયલ કરનાર સોલજર અહીં હાજર નહતો. ા. કલાર્કે મને છોડી મુકયો હતો. ઘા પડયા પછી એક માસ સુધી હું માંદો ગ્રો હતો.

૨૪૨–૧૪

ઈમામ દિન મેહર દિનની જુબાની; ઉમ્મર વર્ષ ૩૫: ટોપલીઓ બનાવનાર; લાહોર.

૧૨ મી એપ્રિલે સવારના હિરામંડી આગળ થઇ હું જતો હતો તે વખતે ાાદશાહી મસજીદની સભા બરખાસ્ત થઇ હતી અને લોકો વિખરાઇ જતા હતા. પણ એ બધા જતા રહે તે પહેલાં તેઓ ઉપર ગોળી ચલાવવામાં આવી હતી; મને પણ ાર ગોળી લાગી હતી. તેમાંથી બે ગોળી પગમાંથી કાઢવામાં આવી હતી. બાકીની બે ૭ મારા શરીરમાં જ છે. ૨૫ દિવસ સુધી હું ખાટલે રહ્યો હતો.

ઇન્સ્પેકટર મિરઝા બેગ મારી પાસે એક ચોરીના કેસમાં ખોટી જુબાની અપાવવા ાગતો હતો; પણ મેં જુઠું કહેવાની ચોખ્ખી ના પાડી એટલે પછી આ વાત પડતી કવામાં આવી અને મારી પાસે ૩૦૦ રૂપિયાનો મુચલકો લઈ મને તેણે છોડી મુકયો. ાંચ છ દિવસ સુધી મારે સવારથી સાંજ સુધી ચોકીએ બેસી રહેવું પડતું. આનો મને હુ કંટાળો આવ્યો અને એ વિષે મેં મિરઝા બેગ આગળ વાત કરી એટલે તેણે મને ચાલાતમાં પૂર્યો. મારા ઉપર કેસ માંડયો, અને બાદશાહી મસજીદ આગળના ટોળામાં ાવાનો આરોપ મુકયો. પરિણામે, મને વિશ વર્ષ જેલ ભોગવવાની સજા કરવામાં ાાવી. હું ટોળામાં ન જ હતો: છતાં હું ઘવાયો હતો એટલે મારી વાત માનવામાં હોતી આવી.

૨૪૨–૧૫.

ાશરાજ દિન મેહર દિન, ટાંગાવાલાની જુબાની: ઉમ્મર વર્ષ ૨૮; લાહોર.

માર્શીયલ લોના અમલ દરમ્યાન એક રાત્રે પોણા નવ વાગે હું પોસ્ટ ઓફિસ ાાગળથી મારો ટાંગો હાંકી જતો ત્યાં એક સાહેબે મને રોકયો અને તેની વહુને ટાગામાં સાડી ઘેરે મુકી આવવા મને જણાવ્યું. રાતની તોપ પડવાનો વખત થવા આવ્યો હતો ટલે મેં ના પાડી; પરંતુ મને પરાણે લઈ ગયો અને દોઢેક કલાક પછી મને છોડયો. ને ભાડુ પણ ધારા કરતાં ઓછું આપ્યું; પરંતુ મોડીરાત સુધી મને તેણે ફેરવ્યો હતો સબબની ચીઠી તેણે મને લખી આપી હતી, અને મારા ટાંગાનો નંબર પણ તેણે ખી લીધો હતો.

મેં સાહેબને ટાંગામાં લઇ જવાની ના પાડી હતી એ વિષે ફરિયાદ કરી હતી; ટલે કરનલ જોનસને મને બોલાવી મંગાવ્યો અને ૧૦ ફટકા ખાવાનો હુકમ કર્યો; ને સાથે કહ્યું: " તારે યુરોપિયનને તો ના નજ પાડવી જોઇએ " સેંટ્રલ જેલમાં ારા હાથ પગ સ્થંભ સાથે બાંધી મને એક લંગોટી પહેરાવી ફટકા મારવામાં આવ્યા ાા. ફટકા ખાવાથી ૮–૧૦ દિવસ સુધી હું બીલકુલ કામ કરી શકયો ન હતો.

૨૪૨–૧૬.

ફકિરા જીબ્બો પરભાયાની જુબાની, લાહોર.

માર્શીયલ લોના દિવસોમાં એક રાત્રે ઘેરે પહોંચતાં મને ઢીલ થઈ હતી. રાતની તોપ

પડી ગઇ હતી; એટલે મને પકડવામાં આવ્યો અને બીજે દિવસે દિલ્હી દરવાજા આગળ આઠ ફટકા મારવામાં આવ્યા. ફટકા મારવા પહેલાં મારા હાથ પગ એક ત્રિકોણ આકારના સ્તંભ સાથે બાંધવામાં આવ્યા; અને બ્લુ રંગની કોઈક જાતની દવામાં ભીનું કરેલું એક કપડું મને લંગોટી તરીકે પહેરાવવામાં આવ્યું. સોટી પણ તેજ દવામાં ભીની કરવામાં આવી હતી. લાકડી મારી અંગુઠા પાસેની આંગળી જેટલી જાડી હતી. ફટકા ખાવાથી હું બે માસ સુધી માંદો રહ્યો હતો અને બે માસ પછી મને પડેલા ઘા રૂઝાયા હતા. મને કુલા ઉપર ફટકા મારવામાં આવ્યા હતા.

૨૪૨–૧૭

લાલા જયચંદ ધરમચંદની જુબાની; ઉમ્મર વર્ષ ૪૦; પંજાબ હિંદુ ફેમિલી રિલિફ ફંડની ઑફિસમાં કારકુન; લાહોર.

૧૦ મી એપ્રિલે મારી વહુ માટે હું ડૉક્ટર મહારાજ કૃષ્ણને તેડવા ગયો હતો; પરંતુ તેનું દવાખાનું બંધ હતું એટલે હું ડાકોરદ્વાર જવા નીકળ્યો. રસ્તે હિરામંડી આગળ લોકોની ઠઠ જામી હતી, લોકોના ટોળા પાસેથી હું આગળ નીકળી ગયો; પરંતુ પોલીસે મને પાછો વાળ્યો,: અને લોકમાં હું ભળી ગયો અને મને ગોળી વાગી.

૧૪ મી કે ૧૬ મી તારીખે પોલીસ મને કોટવાલીએ લઈ ગયા અને મારી પાસેથી ૧૦૦૦ રૂપિયાની જામીનગીરી લીધી. પણ પછી મને પકડવામાં આવ્યો, મારા ઉપર બંડ ઉઠાવવાનો આરોપ મુકવામાં આવ્યો, અને મને વિશ વર્ષની જેલની સજા કરવામાં આવી. મારા બચાવમાં મેં ૧૨ સાક્ષીઓ રજુ કર્યા હતા; જ્યારે પોલીસનો એક જ સાક્ષી હતો. તેણે કોર્ટમાં એવું જણાવ્યું હતું કે હું હિરામંડીના ટોળામાં હતો, મારા હાથમાં લાકડી હતી. અને 'મહાત્મા ગાંધીકી જય'ના પોકાર કરતો હતો. પરંતુ મારા હાથમાં લાકડી ન હતી અને મેં જયના પોકાર પણ નહોતા કર્યા.

૨૪૨–૧૮

અત્તા મહમદની જુબાની; ઉમ્મર વર્ષ ૨૨; જોન એંડ કુ. નામની ચોપડીની દુકાનનો વ્યવસ્થાપક અને માલિક; લાહોર.

૧૦ મી એપ્રિલે હું સાંજના મૉલ ઉપર ફરવા ગયો હતો. ત્યાં લોકોના ટોળામાં હું અનાયસે ભળી ગયો અને મને બે ગોળી વાગી. હું તરત મેયો ઇસ્પિતાલમાં ગયો; ત્યાં કોલેજના એક વિદ્યાર્થીએ મારા ઘા ધોઈ તેમાં દવા પુરી પાટા બાંધ્યા. મારા સિવાય બીજા કેટલાક ઘાયલ થયલા ઇસ્પિતાલમાં આવ્યા હતા. અમારા ઉપર ઇસ્પિતાલના ડૉક્ટરોએ પૂરતું ધ્યાન નહોતું આપ્યું. અને એક દિવસે મને ઘાના ભાગ આગળ બહુ વેદના થતી હતી એટલે વિદ્યાર્થી તેને માટે દવા લાવ્યો, પરંતુ યુરોપિયન નર્સે તે દવા ન લગાડી અને દવાની સીસી પાછી લઈ ગઈ અને કહેવા લાગી: 'તું તો દ્રોહી છે, તારી સારવાર અમે કરવાના નથી"

ઇસ્પિતાલમાં મારી જેવી જોઈએ તેવી કાળજી નહોતી રખાતી એટલે એક દિવસ હું ઇસ્પિતાલમાંથી બ્હાર નીકળ્યો. પણ તેજ વખતે પોલીસે પકડયો, અને પાછો ઈસ્પતાલમાં લાવી સુવાડયો. આ વખતથી મારી આગળ એક યુરોપિયન પોલીસ ઇન્સ્પેક્ટર બેસી રહેવા લાગ્યો અને મારા બાપને કે મારા નોકરને મારી પાસે આવવાની સખ્ત મનાઈ

કરવામાં આવી. બીજે દિવસે મને સેંટ્રલ જેલની ઇસ્પિતાલમાં લઇ જવામાં આવ્યો. તે વખતે મેડીકલ કૉલેજનો એક વિદ્યાર્થી મારો ઘાયલ થયેલ પગ વાંકો વળી ન જાય વાસ્તે પગે બાંધવા ચીપ લઇ આવ્યો; પરંતુ નર્સે તેને તેમ કરતાં રોકયો; અને કહ્યું " તેને વાસ્તે ચીપનો ખર્ચ અમારે નથી કરવો " અને જ્યારે વિદ્યાર્થીએ કહ્યું કે તેને આરામ રહે વાસ્તે તેવી ચીપની જરૂર છે ત્યારે તે નર્સે કહ્યું " તે ઝહાનમાં જાય. " ૧૫ દિવસ સુધી મને જેલની ઇસ્પિતાલમાં રાખવામાં આવ્યો અને પછી એક ખાલી કોટડીમાં પૂરવામાં આવ્યો.

મારા ઉપર પછી કેસ ચાલ્યો; અને મને ગુન્હેગાર ઠરાવવામાં આવ્યો અને મારી મિલકત જપ્ત કરવાનો હુકમ કરવામાં આવ્યો અને મને જન્મભર દેશ નિકાલની સજા કરવામાં આવી.

૨૪૨–૧૯

અલાદિન મહમદ બક્ષની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૬૦, મિકેનિકલ એનજીનિયર; લાહોર.

લડાઈ દરમ્યાન ડિફેન્સ ઑફ ઈંડિયા એકટના કડક અમલથી સરકારની લશ્કરમાં ભરતી કરવાની રીતથી અને વૉર ફંડ ઉઘરાવતાં જુલમ ગુજરવાથી લોકોમાં અસંતોષ વ્યાપી રહ્યો હતો. આ ઉપરાંત સખ્ત મોંઘવારીને લઈ જનગણને નિર્વાહ કરવો મુશ્કેલ થઈ પડયો હતો. આવા અસંતોષના વાતાવરણમાં સરકારે લોકમત વિરૂદ્ધ જઈ રોલેટ એકટ ઘડયો, અને અસંતોષ અતિશય વધારી મુકયો. આ વખતે મહાત્મા ગાંધીનો હડતાળ પાડવાનો સંદેશો બહાર પડયો, અને લોકોએ તરત જ તેનો અમલ કર્યો; ૬ઠી એપ્રિલે લાહોરમાં હડતાળ પડી.

૬ઠી એપ્રિલે હું હોશીયારપુર હતો; ત્યાં મળેલી સભામાં મેં રોલેટ બિલ વખોડી કાઢયું હતું. ૯મી તારીખે હું લાહોર આવ્યો. ૧૧મી તારીખે બાદશાહી મસજીદમાં થયેલી સભામાં હું હાજર હતો. પંડિત રામભજ અને બીજાઓ લોકોને શાંત રહેવા સમજાવી રહ્યા હતા.

૧૨મી તારીખે બાદશાહી મસજીદ આગળ લશ્કરને મેં જોયું હતું. મસજીદ ઉપર પણ ચાર એરોપ્લેન ઉડતા હતા; અને કિલ્લાની તોપોનાં મ્હોં લોક તરફ ફેરવી રાખવામાં આવ્યા હતા. આ બધો ઠાઠ જોઈ મને ત્યાં રોકાવું વ્યાજબી લાગ્યું નહિ; એટલે હું ચાલતો થયો. જતાં જતાં મેં ગોળીબારના અવાજ સાંભળ્યા હતા.

તેજ દિવસે સાંજના ટાઉન હૉલમાં મળેલી સભામાં હું ગયો હતો. હડતાળ ઉઘડાવા વિષે લોકનાયકો અત્રે શહેરના સરકાર પક્ષના અને પ્રજા પક્ષના પ્રતિષ્ઠિત પુરૂષો ત્યાં ભેગા થયા હતા. હડતાળ વિષે ચર્ચા ચાલી રહી હતી તે વખતે મિ. ફાઇસન પણ ત્યાં આવેલ અને જ્યારે તેને શહેરમાં લશ્કર મોકલી વચન ભંગ કરવાની વાત કહેવામાં આવી ત્યારે તેને ખૂબ ગુસ્સો ચઢયો અને ત્યાંથી તે જતો રહ્યો.

૬ઠી મેને દિવસે મને પતીયાલામાં પકડવામાં આવ્યો; અને ટાઉન હોલમાં અને બાદશાહી મસજીદમાં ભાષણ કરવા માટે જન્મભર કેદની સજા કરવામાં આવી; અને મારી માલ મિલ્કત જપ્ત કરવાનો હુકમ કરવામાં આવ્યો પણ હવે મને છોડી મુકવામાં આવ્યો છે.

કાશુર.

૨૪૩

ડૉ. બોધરાજની જુબાનીઃ કાસુર.

કાસુરમાં શિક્ષણ અને રાજકીયપ્રવૃત્તિ પ્રમાણમાં થોડાં છે. ૧૧ મી એપ્રિલ સુધી કાસુરમાં કંઈ જાણવા જેવું બન્યું ન હતું. તે દિવસે સવારના અગીયાર વાગાના સુમારે ગાંધીજીના પકડાયાની ખબર આવી. લોકોએ તરત પોતપોતાની દુકાનો બંધ કરી અને આખા શહેરમાં હડતાળ પડી. કેટલાક છોકરાઓ અને દુકાનદારો સરઘસના રૂપે શેરીઓમાં ફર્યા હતા. તેઓ સાથે શહેરનો કોઈ પણ આગેવાન માણસ ન હતો. સાંજના રોલેટ એક્ટ વિરૂદ્ધ અણગમો બતાવવા એક સભા થઈ હતી, તે દિવસે કોઈ પણ જાતની ગડબડ થઈ ન હતી.

૧૨મી એપ્રિલે સવારના શહેરના કેટલાક આગેવાનો દુકાનો ઉઘડાવવા વિષે વિચાર ચલાવી રહ્યા હતા, તેજ વખતે છોકરાઓ અને દુકાનદારો સ્ટેશને ગયા હતા. ત્યાં લોકો અને કેટલાક યુરોપિયન મુસાફરો વચ્ચે ચકમક ઝરી હતી. પણ હું પોતે ત્યારે ત્યાં હાજર ન હતો. સ્ટેશનને કેટલુંક નુકસાન કરી, લોકે તાર ઓફીસ, પોસ્ટ ઓફીસ, અને મુનસફની કોર્ટ બાળ્યા અને લુંટયા. તેઓ વિના વિચારે અત્યાચાર કરી રહ્યા હતા, અને તાસીલેથી તેઓ ઉપર ગોળી ચાલી ત્યારેજ તેઓ તેમ કરતા બંધ થયા. ગોળીબારથી કેટલાક ઘવાયા, અને કેટલાક મરણ પામ્યા, પણ થોડા કલાકમાં બધુ શાંત થઈ ગયું, અને લશ્કર તથા એરોપ્લેન આવી પહોંચ્યા, ત્યારે તો શહેરમાં ક્યાંય ગડબડ ન હતી. બીજા ત્રણ દિવસોમાં પણ કંઈ નવાજુની બની ન હતી. છતાં ૧૬મી તારીખે માર્શીયલ લોનો અમલ શરૂ થયો, અને તેની જ સાથે ત્રાસનું સામ્રાજ્ય સ્થપાયું. રાતના આઠ વાગા પછી અને સવારના પાંચ પહેલાં ઘર બ્હાર નીકળવાની સખ્ત મનાઇ કરવામાં આવી હતી. રેલ્વે સ્ટેશન પાસે એક જણ આઠ વાગા પછી જોવામાં આવ્યો હતો; તેને તરતજ ઠાર કરવામાં આવ્યો હતો. પરવાના વિના શહેર બ્હાર કોઈ જઇ શકતું નહિ, અને પરવાના પણ જૂજ આપવામાં આવતા. પ્રતિષ્ઠિત શહેરીઓના ઘર ઉપર માર્શીયલ લોને લગતી નોટિસો ચોટાડવામાં આવી હતી, અને તે કોઈ ખરાબ ન કરે તેની સંભાળ રાખવાનું કામ પણ તેઓને જ સોંપવામાં આવ્યું હતું, આથી તેઓને નોટિસ પાસે રાતદિવસ પહેરો બેસાડવો પડયો હતો; મારા ઘર ઉપર તેવી એક નોટિસ ચોટાડવામાં આવી હતી, અને તેનું રક્ષણ કરવામાં મને અતિશય ત્રાસ વેઠવો પડયો હતો. દરેક જણ પાસેથી ગાડીઘોડા, ટાંગા, સાઇકલ અને ફરવા જવાની લાકડીઓ સુદ્ધાં લઇ લેવામાં આવ્યા હતા. સજ્જનોના ઘરની જડતી યથેચ્છ લેવામાં આવી હતી. દરરોજ લશ્કર શહેરમાં ફરવા નીકળતું અને સલામ ન ભરવાના બહારના હેઠળ લોકોને કનડતું; લોકોની દુકાન લુટતું અને આસપાસના ગામડાઓમાં ધાડ પાડતું. શિક્ષિત વર્ગ ઉપર તો અમલદારોની ખાસ કડવી નજર હતી, અને તેનું અપમાન કરવામાં મણા રાખવામાં આવી ન હતી. ૧૮મી એપ્રિલે કેટલાક છોકરાઓને સ્ટેશન ઉપર ફટકાવામાં આવ્યા હતા. ૧ લી મેએ આખા શહેરના પુરૂષોને સવારના સાત

વાગાથી બપોરના બે સુધી ઉઘાડે માથે ખાધા પીધા વિના સ્ટેશન પાસે બેસાડી રાખવામાં આવ્યા હતા અને ત્યાર પછી દરેકને એક યુરોપિયન બાઈ પાસેથી વટાઇને જવા રજા મળી હતી. આ બાઇ શહેરના કોઇક વતનીને ઓળખી કાઢવા માગતી હતી, અને તેટલા માટે આ બધું કરવામાં આવ્યું હતું. એકઠા થયેલ લોકો પાસે મિ. માર્સડને હલકા શબ્દોમાં ભાષણ કર્યું હતું. ફાંસીએ ચઢાવવાના માંચડા સ્ટેશન પાસેજ ઉભા કરવામાં આવ્યા હતા. અને દરરોજ લોકોને સ્ટેશન ઉપર ફટકા મારવામાં આવતા. આમ કરવાનો હેતુ લોકોમાં ધ્રાસ્કો બેસાડવાનો હતો. આવી રીતે કાસુર શહેરની પજવણી ૧૫ જુન સુધી ચાલી. તે દિવસથી શહેરમાં માર્શીયલ લોનો અમલ બંધ થયો, પણ સ્ટેશન ઉપર ઓગસ્ટ માસ સુધી ચાલુ રહ્યો.

૨૪૫.

લાલા બહાલસિંહ મુનીબની જુબાનીઃ કાસુર.

૨૬ કે ૨૭ મી એપ્રિલે હું અને બીજા કેટલાક જણ દુકાને બેઠા હતા ત્યારે માર્શીયલ લો ઓફિસર અને બીજા અમલદારો દુકાન આગળથી વટાયા, અને ઓફિસરે અમને ઉભા થવા હુકમ કર્યો. મને ઉઠતાં જરા વાર લાગી એટલે ઓફિસરે મારૂં નામઠામ લખી લીધું અને બીજે દિવસે સવારના દશ વાગે રેલ્વે સ્ટેશને હાજર થવા ફરમાવ્યું. મારી પેઠે બીજા બે જણને સ્ટેશને જવાનો હુકમ થયો હતો. અમારે ઠેઠ ૪ વાગા સુધી ત્યાં બેસી રહેવું પડયું, અને પછી ઓફિસરે અમને સલામ ન ભરવા માટે દશ દશ ફટકા ખાવાની સજા કરી. પણ અમે ખૂબ કરગર્યા એટલે ઓફિસરે અમારી પાસે જમીન ઉપર નાક ઘસાવી અમને છોડી મુકયા. મેં સલામ કરી હતી, પરંતુ સલામ કરતાં મને સહેજ વાર લાગી હતી.

મૌલાવી અબદુલ કાદીરની જુબાનીઃ વકીલ; કાસુર.

એપ્રિલ માસના અનિષ્ટ બનાવો બન્યા તે પહેલાં પણ પ્રજા અસંતુષ્ટ હતી. લડાઇ બંધ થયા છતાં સખ્ત મોંઘવારી ચાલુ રહી. પંજાબ સરકારે લોકપ્રતિ નરમાસ રાખવાને બદલે સખ્તાઈ ચલાવી. લશ્કરમાં ભરતી કરવા માટે સરકારની સખ્તાઇ ખાસ નોંધવા જેવી છે. આવી સ્થિતિમાં લોકમત વિરૂદ્ધ જઇ સરકારે રોલેટ કાયદો ઘડયો અને અસંતોષમાં વધારો કર્યો.

કાસુર વ્યાપારી શહેર છે; તેને લઇ લાહોર અમૃતસરની અસર તેના ઉપર થયા કરે છે. શહેરમાં શિક્ષણ પ્રમાણમાં ઓછું હોવાથી રાજકીય પ્રવૃત્તિનુ નામ માત્ર અહીં નથી. કોંગ્રેસ કમિટી જેવી સંસ્થા પણ કાસુરમાં નથી.

૩૦ મી માર્ચે કે ૬ઠી એપ્રિલે કાસુરના લોકે હડતાળ પાડી ન હતી. પણ પછી લોકો લજવાયા અને મુઝાવા લાગ્યા કે રખેને હડતાળ ન પાડવા માટે લાહોર અમૃતસરના વ્યાપારીઓ તેઓનો ત્યાગ કરે.

ડૉ. કિચલુ અને ડૉ. સત્યપાલના શહેરપાર થયાના તથા મહાત્મા ગાંધીને પંજાબમાં દાખલ થવાની મનાઈ થયાના સમાચાર કાસુરમાં ૧૧મી તારીખે આવ્યા. લોકોએ

તરત જ હડતાળ પાડી, અને શહેરમાં દુકાન માત્ર બંધ થઇ ગઈ. લોકો સરઘસના આકારમાં "મહાત્મા ગાંધીકી જય" ના પોકાર કરતા શહેરમાં ફર્યા અને રોલેટ કાયદા સામે અણગમો બતાવ્યો. સાંજના એક સભા પણ ભરાઇ; પરંતુ શહેરમાં ક્યાંય ગડબડ થઇ ન હતી.

૧૨ મી એપ્રિલે પણ હડતાળ ચાલુ જ રહી. લોકોમાં આવેશ વધવા લાગ્યો. તેઓએ રોલેટ કાયદાની ઠાઠડી કાઢી. ૧૦ વાગા પહેલાં તો લોકો રેલ્વે સ્ટેશન તરફ જવા લાગ્યા. લાહોર અમૃતસરની ગાડીઓ આવવાનો સમય હતો. એટલે લોકોને સ્ટેશન ઉપરની દુકાનો બંધ કરાવી મુસાફરોને બતાવવાની ઇચ્છા થઈ કે આ વખતે કાસુરે પણ હડતાળ પાડી છે. પણ કેટલાકોએ સ્ટેશન ઉપરની બારીઓના કાચ અને કુંડાઓ ફોડી નાખ્યા. પોલીસને ચૂપ જ બેઠેલી જોઇ લોકો વધારે ઉદ્ધત બન્યા; તેઓએ તારનાં દોરડાં તોડયાં અને ટીકીટ ઑાફીસ લુટી. સ્ટેશનની થોડેક દૂર ઉભેલી બે ગાડીના કેટલાક મુસાફરોએ પણ રેલ્વે યાર્ડમાં લુટ ચલાવી. જે વખતે આ તોફાન થઈ રહ્યું હતું તે વખતે શહેરના અગ્રેસરોને કે અમલદારોને તેની કંઈજ ખબર નહતી.

સ્ટેશન ઉપર આ પ્રમાણે ચાલી રહ્યું હતું ત્યારે કેટલાક વકીલો અને વ્યાપારીઓ મારે ઘેર આવ્યા હતા; સરદાર સાહિબ ગંડાસિંહ મારે ત્યાં દોડતો દોડતો આવ્યો અને સ્ટેશને તોફાન થવાની ખબર આપી. અમે કેટલાક તરત જ સ્ટેશને જવા નીકળ્યા. અમે સ્ટેશન આગળ જઈ પહોંચ્યા ત્યારે લોકો રેલ્વે યાર્ડમાં ઉભેલી ગાડીઓ તરફ ધસતા હતા. અમારામાંના કેટલાક ત્યાં દોડી ગયા; મારાથી દોડાય એમ ન હોવાથી હું ન્હાના લાકડાના પુલ પાસે જ રહ્યો તે એવા હેતુથી કે તેને કોઈ આગ ન લગાડે પણ તેવામાં કેટલાક જણને મેં તાર ઑાફીસ તરફ જતાં જોયા. હું પણ તેઓની પાછળ ગયો; પણ રસ્તે મેં યુરોપિયનોના ઘવાયાની વાત સાંભળી એટલે હું પાછો સ્ટેશને ગયો.

તપાસ કરતાં મને આ પ્રમાણે ખબર મળી છે:

૧. લોકો સ્ટેશને દુકાનો બંધ કરાવવાના વિચારથી ગયા હતા. ૨, સ્ટેશન પ્લેટફૉર્મ ઉપર એક પણ પોલીસ સિપાઈ ન હતો, ૩, પ્લેટફૉર્મ ઉપરથી સોલજરોએ લોક ઉપર ગોળીબાર કર્યો હતો અને તેથી એક જણ ઘાયલ થયો હતો. આ ગોળીબારને લઈ સોલજરોનાં ખુન થયાં હતાં. ૪, લાકડાના ન્હાના પુલ પાસે ગયેલ લોકોના હાથમાં કંઈ ન હતું. તેઓ પાસે આગ લગાડવાનાં સાધનો ન હતાં. ૫, રેલ્વેના મુસાફરોમાં ગામડીયાઓ હતા. કાસુરના લોકમાં ભળી જઈ તેઓએ પથરા ફેંક્યા હતા અને લુટ ચલાવી હતી. ૬, લોકના તોફાની ટોળાએ પોસ્ટ ઑાફીસ અને કોર્ટને આગ લગાડી હતી અને તાસિલ ઉપર હલ્લો કર્યો હતો. તાસીલેથી ગોળી ચાલી એટલે લોકો વિખરાઈ ગયા હતા. ત્યાર પછી શહેરમાં શાંતિ હતી. લશ્કર આવી પહોંચ્યું ત્યારે તો ક્યાંય ગડબડ ન હતી. દુકાનો પણ ખુલી ગઈ હતી, અને હમેશ મુજબ શહેરમાં કામકાજ ચાલુ થઈ ગયું હતું.

૧૫મી એપ્રિલે અગ્રેસરો અમલદારોને મળ્યા હતા અને શહેરમાં શાંતિ હોવાથી માર્શીયલ લૉની જરૂર નથી એવો વિચાર દર્શાવ્યો હતો. અમલદારોએ પણ આશા ભર્યો જવાબ આપ્યો હતો. પરંતુ બીજે દિવસે માર્શીયલ લૉનો અમલ શરૂ થયો, અને લાલા ધનપતરાય શહેરપાર થયો.

મારા મત મુજબ કાસુરમાં માર્શીયલ લોની જરૂર ન હતી. લોકોનું સ્વમાન ખંડિત કરી શિક્ષા કરવા સિવાય માર્શીયલ લો ચલાવવામાં બીજો કોઈ હેતુ હોય એમ મને નથી લાગતું.

માર્શીયલ લોના અમલ દરમ્યાન પોલીસ મરજીમાં આવે તેમ લોકોને પકડતી; પણ કેસ ચલાવવા પૂર્તો પૂરાવો ન મળતાં છોડી મુકતી, તેવી જ રીતે કંઈ પણ કારણ વિના પોલીસ જેના તેના ઘરની જડતી લેતી.

૧લી મે કાસુરના રહીશોનો 'કીયામત' નો દહાડો હતો. સ્ત્રીઓ અને બાળકો સિવાય શહેરના બધા વતનીઓને સ્ટેશન ઉપર ભેગા કરવામાં આવ્યા હતા, અને ઉઘાડે માથે સખ્ત તડકામાં બપોરના બે વાગા સુધી બેસાડી રાખવામાં આવ્યા હતા. સાક્ષીઓ ગુન્હેગારને શોધી કાઢે એટલા ખાતર આખા શહેરના વતનીઓને આમ તકલીફ આપવામાં આવી હતી.

શહેરના દરેક વતનીને ગોરા માત્રને સલામ કરવી પડતી. જો કોઈ ભુલી જતો, અથવા કોઇએ ગોરાને જતો જોયો ન હોય તો પણ તેને શિક્ષા કરવામાં આવતી. તેને કોઈવાર ફટકા મારવામાં આવતા તો કોઈવાર તેની પાસે જમીન ઉપર નાક ઘસાવવામાં આવતું અને કોઈવાર વળી ચોકીએ કોટડીમાં પૂરી મુકવામાં આવતો.

લશ્કરી અમલદારે કેટલાક નિશાળે જતા છોકરાઓને ચુંટી કાઢયા હતા અને તેઓને જાહેરમાં ફટકા માર્યા હતા. તેવીજ રીતે શહેરના પૂજનીય સાધુઓ પુજ રૂખી કેશ અને બાવા શંકરદાસ મહંતને દરરોજ સ્ટેશન ઉપર હાજરી આપવી પડતી, અને ત્યાં તેઓને ઉઘાડે માથે બેસાડી રાખવામાં આવતા.

આમ અનેક રીતે કાસુરના લોકોનું માન ભંગ કરવામાં આવ્યું હતું.

મને પણ ૧૯મી એપ્રિલે પકડવામાં આવ્યો હતો. પોલીસે મને હાથકડી પહેરાવી શહેરમાં ફેરવ્યો હતો અને પછી તાસીલે લઈ ગઈ હતી. મને શા સારૂ પકડવામાં આવ્યો હતો એની મને અત્યાર સુધી ખબર પડી નથી. મને પોલીસના અનેક સાક્ષીઓ પાસે ઉભો કરવામાં આવ્યો હતો; પરંતુ કોઈએ મારી સામે આંગળી સરખી ચીંધી ન હતી. ૨૯મી એપ્રિલે મને છોડી મુકવામાં આવ્યો હતો.

૨૪૬.

મૌલવી મહીયુદીન અહમદ. બી. એ. ની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૨૯-

(કલકત્તામાં એકવાર તે " ઈગિદામ " પત્રનો અધિપતિ હતો.) કાસુર.

૧૨મી એપ્રિલે શહેરમાં તોફાન થયું ત્યારે હું ઘેરે જ રહ્યો હતો. ૧૯મી એપ્રિલે મારા બાપને પકડવામાં આવ્યો હતો.

બીજે દિવસે મારા ભાઈ મહમદઅલીને અને મને રેલ્વે સ્ટેશન ઉપર હાજર થવાનો હુકમ થયો હતો. ત્યાં અમને હલકા વર્ણના લોકો જોડે એક હારમાં ઉભા રાખવામાં આવ્યા હતા, અને પછી ત્યાં હાજર રહેલ યુરોપિયન સ્ત્રી પુરૂષોએ અમારામાંથી ગુન્હેગારોને શોધી કાઢવા અમને દરેકને વારાફરતી તપાસી જોયા હતા. ત્યારપછી સ્ટેશનના કારકુનો, કુલીઓ અને બીજાઓએ અમને તપાસ્યા, પણ કોઇએ અમને બે ભાઇઓમાંની ગુન્હેગાર

ઠેરવ્યો નહિ. પણ છેવટે ટ્રાફિક સુપરિન્ટેંડંટ એક સાંધાવાળાને લઇ આવ્યો, અને તેણે સંકોચ અને બેદીલથી એક પણ શબ્દ ઉચ્ચાર્યા વિના મારા તરફ આંગળી માત્ર કરી, એટલે મને પકડવામાં આવ્યો, અને એ રીતે ટ્રાફિક સુપરિન્ટેંડંટે અમારા બેમાંથી એકને પકડવાનો પોતાનો ઇરાદો પાર પાડયો.

મને તરતજ હાથકડી પહેરાવવામાં આવી, અને ૧૭ દિવસ સુધી ચોકીએ રાખવામાં આવ્યો. ૭મી મેએ મને જામીન ઉપર છોડવામાં આવ્યો અને ૨૫મી મેએ જામીનગીરી પાછી આપવામાં આવી અને મારા ઉપર કેસ ચલાવવાનો વિચાર પોલીસે માંડી વાળ્યો.

બાબુ ધનપતરાય પ્લીડરની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૬૫; કાસુર,

હું ઘણાં વર્ષો થયા વકીલાત કરૂં છું, કાસુરના લોકો મને હમેશાં માન આપતા આવ્યા છે. ૧૬ મી એપ્રિલે મને પકડવામાં આવ્યો અને લાહોર સેન્ટ્રલ જેલમાં ૪૬ દિવસ સુધી રાખવામાં આવ્યો. મારા ઉપર આરોપ મુકવામાં નહોતો આવ્યો.

મને શા સારૂ પકડવામાં અને દુઃખી કરવામાં આવ્યો હતો એની પણ મને ખબર નથી. મારા દુઃખનું વર્ણન મારાથી થાય એમ નથી. હું એટલું જ કહેવા ઇચ્છું છું કે આ દેશમાં ન્યાય જેવું કંઈ છે જ નહિ; અને આ જ્ઞાન મને અત્યારે મારી ઉત્તર અવસ્થામાં થયું છે.

લાલા ગોકલચંદ, બી. એ, એલ. એલ. બી, પ્લીડરની જુબાનીઃ
ઉમ્મર વર્ષ ૨૯, કાસુર.

૬ એપ્રિલે કાસુરમાં હડતાળ થઇ ન હતી. ૧૧ મીની સવારના મહાત્મા ગાંધીને પકડવામાં આવ્યાની ખબર શહેરમાં આવી એટલે લોકોએ પોતપોતાની દુકાનો બંધ કરી અને હડતાળ પાડી. સાંજના રોલેટ કાયદા સામે વિરોધ બતાવવા એક સભા થઇ હતી. સભામાં અત્યાચાર ન કરવા વિષેનો મહાત્મા ગાંધીનો સંદેશો વાંચવામાં આવ્યો હતો. હું તે વખતે હાજર હતો. સભા સુવ્યવસ્થિત હતી,

૧૧ મી તારીખે હડતાળ મોડી થવાથી લોકોએ ૧૨ મી તારીખે પણ દુકાનો બંધ રાખી હતી. હું મૌલવી અબદુલ કવાદીરને ઘેર હતો ત્યારે મને સ્ટેશને તોફાન થયાની ખબર પડી. સરદાર અમરસિંહ પ્લીડર અને હું તરત જ સ્ટેશને ગયા. અમે ત્યાં બારીના કાચ ફુટેલા જોયા; અને બત્તીખાનું પણ સળગતું જોયું. લોકો તે વખતે પ્લેટફૉર્મ ઉપર ન હતા, આગ બુજાવી અમે પાછા ઘર તરફ વળ્યા. રસ્તે લાલા ઓમદત્તની દુકાને પાણી પીવા હું રોકાયો, તે વખતે લોક એક ઘાયલ થયેલાને ખાટલામાં નાંખી લઈ જતા હતા અને વેર લેવાની વાત કરતા હતા. બે યુરોપિયનોના ખુન થયાની ખબર પણ મને ત્યાં જ પડી.

હું કાસુરનો વતની છું. ૧૯૧૪ ની સાલથી વકીલાત કરૂં છું. કાસુરના રહીશો મ્હોટે ભાગે વ્યાપારી છે, અને અભણ છે. હું માનું છું કે લોક તોફાન કરવાના ઇરાદાથી સ્ટેશને ગયા નહોતા. સવારના લાહોર, અમૃતસર અને ફિરોઝપોરની ગાડી આવવાનો સમય હતો, અને કાસુરમાં પણ હડતાળ છે એવું મુસાફરોને બતાવવાની ઇચ્છાથી સ્ટેશન પા-

સેની દુકાનો બંધ કરાવવા લોક ત્યાં ગયા હતા. ૧૩ મી તારીખે હમેશ મુજબ કામકાજ શરૂ થયું હતું, અને ૧૫ મી તારીખ સુધી શહેર સાવ શાંત હતું છતાં ૧૬ મી તારીખે માર્શીયલ લો અમલમાં મુકવામાં આવ્યો: લાલા ધનવંતરાયને પકડવામાં આવ્યો; અને પછી બીજાઓની પકડા પકડી શરૂ થઇ, અને તેની સાથે કાસુરમાં ત્રાસનું રાજ્ય સ્થપાયું.

કાસુરમાં માર્શીયલ લૅાની જરૂરજ ન હતી એવી મારી માન્યતા છે. પોલીસે કરેલા ગોળીબારના પરિણામે લોક વિખરાઇ ગયા હતા, અને પછી પાછી શહેરમાં કંઇ ગડબડ થવા પામી ન હતી. શહેરમાં પોલીસ સિપાઇઓ વધારે રાખવાથી અને જરૂર જણાતાં કેટલાક સોલજરો લાવવાથી માર્શીયલ લૅાની ગરજ સરતે. જે રીતે માર્શીયલ લૅાનો અમલ થયો તે ઉપરથી તો એમજ જણાય છે કે માર્શીયલ લૅા ચલાવવામાં ખુનનો બદલો વાળવાનો, લોકોમાં ધાસ્કો બેસાડવાનો અને અગ્રેસરોને હલકા પાડવાનો સરકારનો હેતુ હતો.

માર્શીયલ લૅાના અમલ દરમ્યાન, શહેરના ઘણા પ્રતિષ્ઠિત જનોના ઘરની જડતી લેવામાં આવી હતી; લોકો પાસેથી સાઇકલો લઇ લેવામાં આવી હતી; અને દરેક જણ પાસેથી સાડાચાર રૂપિયા વસુલ કરવામાં આવ્યા હતા. ૧ લી મેને દિવસે શહેરના બધા પુરૂષોને સવારના ૬ થી બપોરના બે ત્રણ વાગ્યા સુધી ઉઘાડે માથે ઉઘાડી જગ્યામાં બેસાડી રાખવામાં આવ્યા હતા. બ્રિટિશ સોલજરો શહેરમાં ફરતા ત્યારે દુકાનદારોને ઉભા થઇ સલામ ભરવાની ફરજ પાડતા.

પોલીસે મારા ઘરની જડતી લીધી હતી; અને મને સોલજરોના પહેરા હેઠળ મારી ઓફીસેથી લાલા ધનવંતરાયના બાગમાં લઇ જવામાં આવ્યો હતો.

૨૫૦

મહમદ અનવરની જુબાની વિદ્યાર્થી; ઉમ્મર વર્ષ ૧૧, કાસુર.

હું હાઇસ્કુલમાં પાંચમા ધોરણમાં અભ્યાસ કરૂં છું. ૧૨ મી એપ્રિલે સવારના હમેશ મુજબ હું સ્કુલમાં ગયો હતો. કેટલાક મ્હોટી ઉમ્મરના છોકરાઓનો હડતાળ પાડવાનો વિચાર થયો; એટલે સ્કુલના બધા છોકરાઓ ઘેર જતા રહ્યા. હું પણ મારે ઘેર ગયો. રસ્તે મેં લોકોને "મહાત્મા ગાંધીકી જય" ના પોકાર કરતાં સાંભળ્યા હતા, અને ફિરોઝપુરથી આવેલી ગાડીમાંથી મેં સોલજરોને ગોળીબાર કરતાં જોયા હતા.

૨૬ મી એપ્રિલે મને પકડવામાં આવ્યો; મારા હાથમાં કડી ઘાલવામાં આવી; મને ચોકીએ પૂરવામાં આવ્યો. ત્યાંથી મને યુરોપિયન સોલજરો લાહોર સેંટ્રલ જેલમાં લઇ ગયા. ત્યાં મને ૧૬, ૧૭ દિવસ સુધી રાખવામાં આવ્યો; અને પછી માર્શીયલ લૅા ટ્રાઇબ્યુનલ પાસે ઉભો કરવામાં આવ્યો; પણ મને પાછો કાસુર મોકલી આપવાનો હુકમ થયો.

કાસુરમાં કેપ્ટન ડવટને મને દશ ફટકા ખાવાની સજા કરી. પણ હું ચીસો પાડવા લાગ્યો એટલે મને છ ફટકા મારી છોડી મુકવામાં આવ્યો. સ્કુલમાં મને એક ધોરણ ઉતારી પાડવામાં આવ્યો. મને ફટકા મારવામાં આવ્યા ત્યારે મારી ઉમ્મર ૧૦ વર્ષ અને પાંચ મહિનાની હતી. મારૂં શરીર પણ નબળું હતું.

મને પકડવામાં આવ્યો તે પહેલાં મારી સ્કુલના બધા છોકરાઓને ત્રણ ચાર વાર સ્ટેશન ઉપર ભેગા કરવામાં આવ્યાં હતા. છોકરાઓમાંથી ટોળામાં કોણ કોણ હતું એ પોલીસ શોધી કાઢવા માગતી હતી. બે ત્રણ દિવસ સુધી મારા તરફ કોઇએ આંગળી ચીંધી નહતી પણ પાછું એક સોલજરે હું ટોળામાં હતો એમ જાહેર કર્યું. તે એક યુરોપિયન બાઈ પાસે મને લઈ ગયો, પણ હું ટોળામાં હતો એમ તે બાઇએ ન જણાવ્યું છતાં મને કેદ રાખવામાં આવ્યો. જેલમાં મને મળી જવા મારા બાપે બહુ પ્રયત્ન કર્યો હતો; પણ તેને રજા આપવામાં નહોતી આવી.

૨૫૧

શેખ અમીન–ઉદ–દીનની જુબાની, ઉમ્મર વર્ષ ૫૬; મ્યુનિસિપલ કમિશનર, કાસુર

૧૧ મી એપ્રિલે કાસુરમાં હડતાળ પડી હતી, અને સાંજના સભા ભરાઈ હતી, સભામાં થયેલાં ભાષણો તીખ્ખાં ન હતાં; તેમાં રોલેટ એકટ સામે વિરોધ દર્શાવવામાં આવ્યો હતો.

૧૨ મી તારીખે પણ હડતાળ ચાલુ રહી. સવારના નવ વાગાના સુમારે ૬૦૦ થી ૭૦૦ માણસ મારા કારખાના આગળ આવ્યું હતું તે વખતે મારી સાથે લાલા ગોકલચંદ અને ખાન શેર નિવાઝ હતા. અમે ત્રણેએ લોકોને મહાત્મા ગાંધીનો સંદેશો યાદ અપાવ્યો અને વિખરાઇ જવાની સલાહ આપી; એટલે લોક ત્યાંથી જતા રહ્યા.

મારૂં કારખાનું સ્ટેશનેથી ત્રણેક ફર્લાંગ દૂર છે. અર્ધો કલાક રહી સ્ટેશન ઉપર તોફાન થવાની મને ખબર પડી. હું તરત ત્યાં જઇ પહોંચ્યો. સ્ટેશન ઉપર એક યુરોપિયન સોલજર મરણ પામેલો પડયો હતો; બીજો ઘાયલ થયો હતો. શહેરમાં પણ પોસ્ટ ઓફીસને આગ લગાડવામાં આવી હતી. લોકોને ઇસ્પીતાલ તરફ જતા રોકી હું મારે ઘેર જમવા ગયો. બપોરના બે વાગતાં શહેરમાં શાંતિ પથરાઇ ગઇ હતી.

૧૩ મી, ૧૪ મી અને ૧૫ મી એપ્રિલે આખા શહેરમાં કયાંય નવા જુની થઇ ન હતી. છતાં ૧૬ મી તારીખે માર્શીયલ લૉનો અમલ શરૂ થયો, તે ઠેઠ જુન સુધી ચાલ્યો. તે દરમ્યાન, લોકોને અનેક રીતે પજવવામાં આવ્યા હતા. ૧૬ મી એપ્રિલે શહેરના વયોવૃદ્ધ વકીલ લાલા ધનપતરાયને પકડવામાં આવ્યો હતો અને તે દિવસથી મ્યુનિસિપલ બોર્ડના દરેક સભાસદને સ્ટેશન ઉપર સવારના પાંચથી સાંજના ૭ વાગ્યા સુધી હાજર રહેવાનો હુકમ થયો હતો. બ્રિટિશ સોલજરોના ખુન થવા માટે અમારા છોકરાઓના ખૂન કરવાની અમને ધમકી આપવામાં આવી હતી. માર્શીયલ લૉનો અમલદાર કાસુરના પ્રતિષ્ઠિત સજ્જનોને બોલાવી મંગાવી તેઓનું અપમાન કરતો. ઘણા માણસોને જોડેથી માર મારવામાં આવતો.

શહેરના સજ્જનો ઉપર સલામ ન ભરવાનો આરોપ મુકી તેઓને પૂરી મુકવામાં આવતા; સોલજરો શહેરમાં જઈ લોકોને માર મારતા, તેઓની દુકાનો લુંટતા, મ્હોટા માણસોને તેમ છોકરાઓને ફટકા મારવામાં આવતા; ૨૯ મી એપ્રિલે લાગટ પાંચ કલાક સુધી શહેરના આખા પુરૂષ–વર્ગને સ્ટેશન ઉપર ભેગા કરી બેસાડી રાખવામાં આવ્યા

.તા તેવી જ રીતે ૧ લી મેને દિવસે થયું હતું, તે દિવસે તો તેઓને ઉઘાડે માથે તડ ેસવું પડયું હતું. તેઓને ખાવાની મનાઇ કરવામાં આવી હતી; પાણી પીવા માટે પણ યાં સગવડ નહોતી રાખવામાં આવી, તેઓ પાસે સબ–ડિવિઝનલ ઓફીસરે ભાષણ કર્યું ;તું, રોલેટ કાયદાના વખાણ કર્યાં હતા, અને મહાત્મા ગાંધી તથા પંડિત મદન મોહન ાાલવીયજી અને રોલેટ કાયદાની સામે થનારા બીજાઓને ગાળો ભાંડી હતી, અને પછી યાં બેઠેલા યુરોપિયનો પાસેથી વટાઇને જવાનો દરેકને હુકમ થયો હતો. સ્ટેશન આગળ iાંસીએ ચઢાવવાનો માંચડો ઉભો કરવામાં આવ્યો હતો; અને કાસુરના ગુન્હેગારોને ત્યાં ;ટકાવવાની વાત ચાલતી હતી. સ્ટેશન ઉપરના માણસોને ખોટી જુબાની આપવા ખૂબ ૫જવવામાં આવ્યા હતા; ઘણા સાધુઓ પાસે કુલીનું કામ કરાવવામાં આવ્યું હતું. તેઓને ચામડાં ઉપાડવા ફરજ પાડવામાં આવી હતી. એક મુસલમાનને વાંદરા પેઠે ઉભો ાખી, માથે કાગળની ટોપી પહેરાવી, કેપ્ટન ડવટને તેની પાસે નાચ કરાવ્યો હતો; અને ે માટે કેપ્ટને તબલા પણ મંગાવ્યા હતા. માથે પાણીનો ઘડો મૂકાવી, સાંકળે બાંધી એક સાધુને આખો દિવસ તડકે ઉભો રાખવામાં આવ્યો હતો. તેના ગળામાં દોરડું ાાંખવામાં આવ્યું હતું અને સાંજના ફાંસીએ ચડાવવાની બ્હીક તેને આપવામાં આવી .તી. એક મુંગા અને બ્હેરા માણસને રાત્રે બ્હાર નીકળવા માટે ઠાર મારવામાં ાાવ્યો હતો.

લાલા રાધા કિશન છોગમલની જુબાની; શેઠ લક્ષ્મીચંદ મોહનલાલની
દુકાનનો વ્યવસ્થાપક; ઉમ્મર વર્ષ, ૩૬; કાસુર.

તેલામંડીમાં દેવીદ્વારનું એક મંદીર છે. તેની વ્યવસ્થા હિંદુ સભાની કમિટી કરે છે. હું તે કમિટીમાં છું, અને હિંદુ સભાનો ખજાનચી છું. સભાએ જગન્નાથ પુજારી ઉપર દિવાની અને ફોજદારી કેસો ચલાવ્યા હતા; અને તેના પરિણામે મંદીર હિંદુ સભાને સુપરત કરવામાં આવ્યું હતું.

મારી દુકાન માટે મેં આ મંદીર પાસેથી કેટલાક ઓરડા ભાડે લીધા છે; અને ેનું ભાડું અમે હિંદુ સભાને ભરીએ છીએ. જગન્નાથે અમારી પાસેથી ભાડુ વસુલ કરવાનો પ્રયત્ન કર્યો પણ તેમાં તે ફાવ્યો નહિ.

અમરનાથ કરીને એક જગન્નાથનો દોસ્ત છે. માર્શીયલ લૉના દિવસોમાં કેપ્ટન ડવટન પાસે અમરનાથનું ચાલતું એટલે તેણે એક દહાડો મને જગન્નાથને ભાડુ આપવા જણાવ્યું. મેં ના પાડી એટલે એણે મને કેપ્ટન પાસે ઉભો કર્યો. કેપ્ટને મને બે ત્રણ દિવસ સુધી એમને એમ રખડાવ્યો અને પછી ફટકા મારવાની ધમકી આપી મને ગભરાવ્યો; અને જગન્નાથે ભાડુ આપવાની મને ફરજ પાડી અને તે મતલબનું લખાણ પણ મારી પાસે કરાવ્યું.

એપ્રિલ માસના અંતમાં શહેરના બધા પુરૂષોને સ્ટેશન ઉપર હાજર થવાનો હુકમ થયો હતો. મારી ગેરહાજરીમાં ૧૪ યુરોપિયન અને ૧ હિંદી સોલજર મારા ઘરમાં પેઠા હતા અને ઘરની જડતી લીધી હતી.

એક દિવસે હું સ્ટેશન ઉપર ફિરોઝપુર જવાની ગાડીની રાહ જોતો ઉભો હતો, ત્યારે મેં શેઠ રામનિવાસ અગરવાલને પ્લેટફોર્મ ઉપર પેટે ચાલતો જોયો હતો. તેની પાછળ પાછળ સાહેબ ચાલતો હતો. સાહેબને સલામ ન કરવા માટે શેઠને આ શિક્ષા થઇ હતી.

૨૫૪

દુર્ગાદાસ દેવચંદની જુબાનીઃ દુકાનદાર; ઉમ્મર વર્ષ ૩૨, કાસુર.

મંડીમાં દેવીનું મંદીર છે. મંદીરના તાબાના બે કોઠા મેં ભાડે રાખ્યા છે તેનું ભાડું હું તેના વ્યવસ્થાપક હિંદુ સભાને ભરતો આવ્યો છું પરંતુ માર્શીયલ લૉના દિવસમાં પૂજારી જગન્નાથે મારી પાસે ભાડુ માગ્યું. જગન્નાથના દોસ્ત અમરનાથે મને સાહેબ પાસે ઉભો કર્યો. બે ચાર દિવસ સુધી તો સાહેબે મારો કેસ હાથમાં ન લીધો, અને મારે હેરાન થવું પડયું, મારો વારો આવ્યો ત્યારે સાહેબે મને જગન્નાથને ભાડુ ભરી દેવા હુકમ કર્યો, અને ૧૦૦ રૂપિયાનો દંડ કર્યો. મારો શો ગુન્હો છે એમ હું પુછવા જતો હતો પણ સાહેબે મને હંટર બતાવી ચૂપ રહેવા કહ્યું તોય મેં બીજી વાર સવાલ કરવાની હિંમત કરી એટલે સાહેબે મને પચ્ચાસ રૂપિયાનો દંડ દેવાનો અને ૨૦ ફટકા ખાવાનો હુકમ કર્યો. પણ સૈયદ અહમદ શાહ અને બાબુ ગણપત રામ વચ્ચે પડયા, અને મારો દંડ તરતજ ભરી દીધો. બીજા એક બે દિવસ મારે સાહેબ પાસે હાજર થવું પડયું હતું, અને છેલ્લા દિવસે મને ભાડાના રૂપિયા સાથે લઇ જવાનો હુકમ થયો હતો. માસના અંતમાં શહેરના બધા પુરૂષોને સ્ટેશન ઉપર હાજર થવાનો હુકમ થયો હતો. સાહેબના દેખતાં જ મેં જગન્નાથને ભાડાના રૂપિયા આપ્યા હતા; તે પછી સાહેબે મારી પાઘડીનો એક છેડો છુટો ઉડતો હતો તે પકડી મારી પાઘડી ચૂંથી નાંખી; અને મારા જોડાથી મને જ માર માર્યો. હું ડરનો માર્યો કંઇ જ બોલ્યો નહિ.

જગન્નાથને જ ભાડું આપવા મારી પાસે સાહેબે લખત કરાવ્યું, એટલે હિંદુ સભાએ મારા ઉપર કેસ માંડયો અને જેટલું ભાડું મેં જગન્નાથને આપ્યું છે તેટલું મારી પાસેથી વસુલ કરવાની પરવાનગી મેળવી છે.

નોંધઃ—દુર્ગાદાસની પેઠે રાધા કિશન સરહા (જુબાની–૨૨૪) અને લાલા મધીમલ (જુબાની–૨૫૫) હિંદુ સભા પાસેથી મંદીરના તાબાના કોઠા ભાડે રાખ્યા હતા. કેપ્ટન ડવટને બંનેને ફટકા મારવાની ધમકી આપી, પુજારી જગન્નાથને ભાડું આપવાની ફરજ પાડી હતી.

* * * * *

૨૫૬

મહમદ હુસેનની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૪૪; કાસુર.

કાસુરમાં ૧૬ મી એપ્રિલથી ૨૨ મી મે સુધી માર્શીયલ લૉ ચાલુ રહ્યો તે દરમ્યાન યુરોપિયન સોલજરો મારી દુકાને બુટ, લેસ, વિગેરે દુરસ્ત કરાવવા આવતા; પરંતુ અમે તેઓનું જે કંઈ કામ કરી આપતા તેના બદલામાં અમને તેઓ કંઇ પણ આપતા ન હતા. એક દિવસે મેં પૈસાની માગણી કરી એટલે મને તેઓએ ભૂંડી ગાળો આપી. લગભગ બે દિવસ સુધી મારી દુકાનના બધા કામદારો પાસે સ્ટેશન ઉપર સાવ મફત કામ કરા-

વવામાં આવ્યું હતું. કાસુરમાં મારી દુકાને જ કામદારો મળતા હતા એટલે મને બહુ પજવવામાં આવતો. એથી મેં દુકાન કાઢી નાખી અને વકીલની નોકરી કરવી શરૂ કરી.

૨૫૭

અલ્લા–ઉદ–દીન અઝીઝ–ઉદ–દીનની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૧૬; કાસુર.

હું ગયા એપ્રિલ માસમાં મ્યુનિસિપલ બોર્ડ હાઇસ્કુલમાં ભણતો હતો. ૧૭ મી એપ્રિલે મારી સ્કુલના બધા વિદ્યાર્થીઓને સ્ટેશને લઈ જવામાં આવ્યા હતા અને ત્યાં બે સાહેબ અને એક મડમ પાસે અમને રજુ કરવામાં આવ્યા હતા; પણ તેઓને જોઈતા છોકરાઓ અમારામાંથી જણાયા નહિ એટલે અમને જવાની રજા મળી. અમારી પેઠે ઇસ્લામીયા સ્કુલ અને ઈન્ડસ્ટ્રીયલ સ્કુલના વિદ્યાર્થીઓને સ્ટેશને લઇ જવામાં આવ્યા હતા.

૨૨ મી એપ્રિલે શહેરની ત્રણે સ્કુલોના વિદ્યાર્થીઓને પાછા ભેગા કરવામાં આવ્યા હતા; અને તેમાં કોઇ ગુન્હેગાર હોય એમ ન જણાવાથી બધાને છોડી મુકવામાં આવ્યા હતા.

૨૬ મી એપ્રિલે ત્રણ સ્કુલમાંથી વિસ વિસ કદાવર શરીરના છોકરાઓને લઈ જવામાં આવ્યા હતા. તેમાંથી ત્રણ વિદ્યાર્થીઓને છ છ ફટકા મારવામાં આવ્યા હતા.

૨૯ મી એપ્રિલે પણ બધી સ્કુલોના વિદ્યાર્થીઓને ભેગા કરવામાં આવ્યા હતા, પાછા ૧ લી મેએ ત્રણે સ્કુલોના છોકરાઓને બોલાવવામાં આવ્યા હતા. તે દિવસે તો શહેરના બધા પુરૂષો પણ હાજર હતા. અમને સવારના ૮–૩૦ વાગાથી બપોરના ૧૨–૩૦ વાગા સુધી સ્ટેશને રોકવામાં આવ્યા હતા. અમને દરેકને એક યુરોપિયન બાઇ પાસે વટાઇને જવાનો હુકમ થયો હતો. તે દિવસે હંસરાજ, મહમદ સારવાર, અને મહમદ અનવારને પકડવામાં આવ્યા હતા, તેઓ પાંચમા ધોરણમાં અભ્યાસ કરતા હતા.

૧૩ મી મેએ સ્કુલ ઇન્સ્પેક્ટર કરનલ રાઇટ સ્કુલમાં આવ્યો હતો. દિવાનખાનામાં બધા વિદ્યાર્થીઓને ભેગા કરવામાં આવ્યા હતા. ત્યાં આઠ છોકરાઓને ચુંટી કાઢી ફટકાવવામાં આવ્યા હતા, તેમાંથી બે જણને સ્કુલમાંથી હમેશ માટે કાઢી મુકવામાં આવ્યા હતા; અને ૮ માં ૯ માં અને ૧૦ માં ધોરણના બધા વિદ્યાર્થીઓને એક વર્ષ માટે બરતરફ કરવામાં આવ્યા હતા.

× × × ×

૨૫૯

બાબુ મસતાનચંદની જુબાનીઃ ચૌધરી દેવી દિત્તામલનો છોકરો; ઉમ્મર વર્ષ ૪૩; કાસુર

ગયા એપ્રિલ માસમાં હું કાસુર રેલ્વે સ્ટેશનનો મદદનીશ સ્ટેશન માસ્તર હતો. ૧૭ મી એપ્રિલે સ્ટેશન પાસેના રસ્તા ઉપર પાંચ છ છોકરાઓને ફટકાવવામાં આવ્યા હતા, સ્ટેશન ઉપરના બધા નોકરોને છોકરાઓને ફટકા ખાતાં જોવા હુકમ થયો હતો. ફટકા મારવાનું કામ ખલાસ થયા પછી ડિસ્ટ્રીકટ ટ્રાફીક સુપરિનટેંડંટે અમને બધાને સ્ટેશન ઉપર હલ્લો કરનારાનાં નામ આપવા જણાવ્યું, અને ફટકા મારવાની ધમકી આપી. તેજ દિવસે કે પછી બીજે દિવસે કેટલાક જણને છોકરાઓની પેઠે ફટકાવવામાં

આવ્યા હતા, આ પછી, કાસુરના અમુક અમુક જાણીતા માણસોએ પણ સ્ટેશન ઉપર હલ્લો કરવામાં ભાગ લીધો હતો એવી જુબાની આપવા સુપરિન્ટેંડંટે અમને સ્ટેશનના કામદારોને જણાવ્યું. મને તેમ કરવા વારંવાર કહેવામાં આવ્યું પરંતુ હુમલો થયો ત્યારે હું સ્ટેશન ઉપર જ ન હતો; એટલે મેં જુઠી જુબાની આપવા ના પાડી.

મને ૨૭ મી એપ્રિલે મને પકડવામાં આવ્યો અને લાહોર જેલમાં પૂરવામાં આવ્યો, ૯ મી મેએ મને પાછો કાસુર લાવવામાં આવ્યો. ૧૧ મીએ મને જામીન ઉપર છોડવામાં આવ્યો, પછી ફિરોઝપુર અને પીંડી મારી બદલી થઇ. પરંતુ ૬ ઠી ઑગસ્ટે હું ફિરોઝપુરમાં હતો ત્યારે મને નોકરી ઉપરથી બરતરફ કરવામાં આવ્યો.

રેલ્વે કુંપનીની મેં ૨૩ વર્ષ સુધી નોકરી કરી છે. મારા ઉપર કોઇ પણ જાતનો આરોપ મુકવામાં નહોતો આવ્યો; છતાં મને રજા આપવામાં આવી છે, કાસુરના પ્રસિદ્ધ પુરૂષો સામે ખોટી જુબાની આપવા ના પાડવા વાસ્તે મને કાઢી મુકવામાં આવ્યો છે એમ હું માનું છું.

૨૬૦

અરજનસિંહ સુંદરસિંહની જુબાની: ઉમ્મર વર્ષ ૪૦, ગામ, થાથી જમીલસિંહ: તાસીલ, કાસુર.

વૈશાખના આરંભમાં એક દિવસ અરૂણોદયના સમય કરતાં ત્રણ ચાર કલાક પ્હેલાં કેટલાક યુરોપિયન અને એક હિંદી સોલજર મારા ઘર આગળ આવ્યા અને મને પકડી ગયા. મારી પેઠે મહમદી મિયાં, ગોવિંદસિંહ, ગુર-બક્ષસિંહ, અને ગહનાસિંહને પણ તેઓ પકડી ગયા, અમારા દરેકના ઘર ઉપર પહેરો બેસાડવામાં આવ્યો, સોલજરોએ અમારા ઘરની જડતી લીધી; અને તેઓએ જવાહરસિંહની મિલકતને પણ નુકસાન કર્યું.

અમારા ગામના લમ્બરદારે અમારા માટે સોલજરોને સારો અભિપ્રાય આપ્યો; પણ તેથી તેઓ નારાજ થયા, અમને પછી કાસુર લઇ જવામાં આવ્યા; પણ તે પહેલાં સોલજરોએ વેરોને પણ પકડ્યો.

કાસુરમાં અમારી જુબાની લખી લેવામાં આવી, થોડોક વખત તો અમને તડકામાં ઉભા રાખવામાં આવ્યા, અમને ખાવાને પણ કંઇ આપવામાં ન આવ્યું; પણ પછી અમને સરાઇએ મોકલી આપવામાં આવ્યા, ત્યાં અમને ૧૧ દિવસ સુધી રાખવામાં આવ્યા. તે દરમ્યાન, સવારથી સાંજ સુધી અમને બધાને દરરોજ ઉઘાડે માથે તડકામાં ઉભા રાખવામાં આવતા; અને અમારામાંથી કોઇ કાસુર ગયો હતો કે નહિ એ ઓળખી કાઢવા જુદા જુદા જણોને અમને જોવાને લાવવામાં આવતા. કોઇએ અમને ગુન્હેગાર ઠરાવ્યા નહિ એટલે અમને છોડી મુકવામાં આવ્યા.

પણ આ ૧૧ દિવસમાં અમારા ખેતરનો પાક તૈયાર થઇ ગયો હતો, અને અમારી ગેરહાજરીમાં તેમાંથી કેટલોક ચોરાઈ ગયો અને કેટલોક ઢોરોએ નાશ કર્યો, અમે ગામમાં ન હતા એટલે અમારાં ઢોરોને પણ ઘણું ખમવું પડ્યું હતું.

અમારા ગામના બે બદમાશોએ અમારી સામે સોલજરોના કાન ભંભેર્યા હતા અને એથી સોલજરોએ અમને પજવ્યા હતા.

૨૬૧

મખનસિંહ હીરાસિંહની જુબાની ઉમ્મર, વર્ષ ૪૦; ગામ સંખતરા; તાસીલ, કાસુર.

વૈશાખ માસમાં એકવાર રાતના એક બે વાગે કેટલાક સોલજરોએ આવી મને જગાડયો. અને થંડી ઋતુ હોવા છતાં મને બ્હાર રસ્તા ઉપર બેસાડયો, અને મારા ઘર આગળ પહેરો મુકયો. મારી પેઠે બીજા ત્રણુ જણુને સોલજરોએ પકડયા. સવાર પડતાં સોલજરોએ મારા ઘરની જડતી લીધી, પણુ તેઓને કંઈ વાંધા પડતું હાથ આવ્યું નહિ. પછી મને ત્રણુ સોલજરો ટમટમમાં કાસુર લઇ ગયા. રસ્તે મને ખાવાપીવા કંઇ પણુ આપવામાં આવ્યું ન હતું. મળમૂત્ર ત્યાગ કરવાની રજા પણુ મને નહોતી આપવામાં આવી. કાસુરમાં મારી પાઘડી ઉતારી લેવામાં આવી અને મને તડકે બેસાડવામાં આવ્યો. રાત્રે પાસેની સરાઇમાં મને લઇ જવામાં આવ્યો ત્યાં મને બાર દિવસ રાખવામાં આવ્યો. અહીં પણુ અમને ખાવાનું નહોતું આપવામાં આવ્યું; પરંતુ અમારે પૈસે ખાવાનું લેવાની રજા મળી હતી. મારા ઉપર કોઇ પણુ જાતનો આરોપ મુકવામાં નહોતો આવ્યો.

૨૬૨

નિઆમદીન મહી ઉર્ફે નિસાની જુબાની: ઉમ્મર વર્ષ ૪૨, ગામ રાજાનાજંગ: તાસીલ, કાસુર.

એક દિવસ શેરબાઝ ખાન અને બીજા અમલદારો લશ્કરમાં ભરતી કરવાના ઇરાદાથી અમારા ગામમાં આવી ચઢયા. તેઓને જોતાં જ લોકોએ પોત પોતાની દુકાનો બંધ કરી દીધી. તેઓ ઘણાઓને પરાણે પકડી ગયા. ગામના લમ્બરદાર અને ઝાઇલદારે તે વખતે અમને ધમકી આપી અમારૂં અપમાન કર્યું હતું.

જે કોઇ પકડાયા તેઓને લાહોર લઇ જવામાં આવ્યા. હું પણુ તે વખતે લાહોર ગયો. ત્યાં લમ્બરદારોએ જોર જુલમથી કોરા કાગળ ઉપર મારો અંગુઠો લીધો. જેઓને પકડી જવામાં આવ્યા હતા તેઓએ ડિસ્ટ્રિકટ કોર્ટમાં રડારડ કરી મુકી. તેઓને રડતા જોઇ ડેપ્યુટી કમિશનરે છોડી મુકવાનો હુકમ કર્યો. પરંતુ લમ્બરદારો તેઓને પાછા પકડી સાહેબ આગળ લઇ ગયા; આ વખતે પણુ સાહેબે તેઓને જવા દીધા. તેઓ પોતાને ગામ પાછા આવ્યા. પરંતુ લમ્બરદારો તેઓને પકડવાની ધમકી વારંવાર આપ્યા કરતા.

માર્શીયલ લૉના દિવસોમાં અમે ગામડીયાઓ રાત દિવસ રેલ્વે લાઇન ઉપર પહેરો ભરતા, અને અમને કામ કરનારાઓને આપવાના ૩૦૦ રૂપિયા, લમ્બરદાર અને ઝાઇલદાર પોતે જ પચાવી બેઠા.

૨૬૩

મિયાં ગુલામ મોહી-ઉદ-દીનની જુબાની; ઉમ્મર વર્ષ ૩૮; વ્યાપારી, કાસુર.

૧૯ મી એપ્રિલની આસપાસ, માર્શીયલ લૉના દિવસમાં, કેટલાક સોલજરોએ મારી દુકાનેથી કેટલીક ખરીદી કરી અને મેં તેઓ પાસેથી બજારભાવ લીધો પરંતુ તેજ દિવસે

તેઓ સાંજના મારી દુકાને પાછા આવ્યા, અને બજાર ભાવ કરતાં તેઓ પાસેથી વધારે ભાવ લેવાનો આરોપ મારા ઉપર મુકી કરનલના નામે મને તેઓએ પકડયો અને બજારમાંથી ઘસડી જવા લાગ્યા. આ દેખાવ જોઇ રસ્તે ઉભેલાઓએ મને છોડી મુકવાની સોલજરોને આજીજી કરી, અને તેઓ પાસેથી વેંચાણના લીધેલા પૈસા પાછા નહિ આપતા તેઓએ લીધેલી વસ્તુ તેઓ પાસે રહેવા દેવાની શરતે મને છોડી મુકવા સમજાવ્યું. સોલજરો તેમ કરવા કબુલ થયા અને મને છોડી દીધો ત્યાર પછી લગભગ દરરોજ સોલજરો મારી દુકાને આવતા અને રૂપિયાના દશ કે બાર આના આપી માલ ખરીદ કરી જતા.

એપ્રિલ માસના અંતમાં એક વાર ચાર સોલજરો મારી દુકાનમાં પેઠા અને પોતાની મેળે કોઇને પુછ્યા વિના કબાટો ઉઘાડી માલ જોવા મંડી ગયા. પછી મારી પાસે તેઓએ રાજાનું નામ લેવડાવ્યું, તેના નામનો જયઘોષ કરાવ્યો અને પોતાને મનગમતી ચિજો વિના દામે "રાજાના નામે" લઇ ચાલતા થયા. મને આ વિષે ફરીયાદ કરવાની મરજી થઇ આવી; પરંતુ બીજા કેટલાક દુકાનદારોએ મારા જેવીજ ફરીયાદ કરી હતી; અને તેઓને એવી ધમકી આપવામાં આવી હતી કે જો તેઓ પજવનાર સોલજરોને ઓળખી નહિ આપે તો તેઓને ફટકા મારવામાં આવશે.

આ યાદ આપતાં મેં ફરીયાદ કરવાનો વિચાર માંડી વાળ્યો.

સોલજરો બજારમાંથી પસાર થતા ત્યારે બધા પાસે સલામ કરાવતા, અને તે માટે બધાને ઉભા થવાનો હુકમ કરતા. એક દિવસ સિકંદર નામનો એક વૃદ્ધ માણસ દુકાનમાં બેસી ચશ્મા ખરીદ કરતો હતો. તેની આંખ અને કાન નબળા છે. તેણે સોલજરોને આવતા ન જોયા, તેમ તેઓનો ઉભા થવાનો હુકમ પણ ન સાંભળ્યો એટલે સોલજરો તેની પાસે થઈ જવા લાગ્યા, અને દરેક જણ તેને ઠોંસો મારતા ગયા અને આ રીતે તેને સાત આઠ ઠોંસા વિના કારણ ખાવા પડયા, તે બાપડો જમીનદોસ્ત થઈ પડયો.

૨૬૪.

ધનપતરામ લાધા મલ, હલવાઈની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૬૦; કાસુર.

માર્શીયલ લોના દિવસોમાં રાતના આઠ વાગા પહેલા દુકાનો બંધ કરવાનો હુકમ નીકળ્યો હતો. એક દિવસ હું આઠના સુમારે દુકાન બંધ કરતો હતો તેવામાં કેટલાક સોલજરો દુકાન આગળ આવી ચઢયા, અને હજી સુધી દુકાન કેમ બંધ કરી નથી એમ મને પુછવા લાગ્યા. પણ પછી મારી પાસે તેઓએ પૈસા માગ્યા. મારા ખીસામાં તે વખતે કંઈ ન હતું, એટલે તેઓ દુકાનમાં પેઠા. મારી પૈસાની પેટી ઉઘાડી નાખી, અને ૩૦ રૂપિયા લઈ ચાલતા થયા. અને સોડા વોટર વિગેરેની કેટલીક બાટલીઓ પણ ઉપાડી ગયા. તે દિવસોમાં ફરિયાદ કરવી નકામી હતી એટલે હું ચૂપ જ રહ્યો.

૨૬૫.

કિશનમલ હિરા મલની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૪૦; દુકાનદાર, કાસુર.

૨ જી મેને દિવસે પરગામથી કાસુર હું પગે ચાલીને જતો હતો. રસ્તે ભુલુ ગામ આગળ મને બે મુસલમાન સોલજરો મળ્યા. તેઓએ મને પકડયો અને મારી પાસે જે

કંઈ હોય તે તેઓને આપી દેવા જણાવ્યું; અને મને પકડી કેદમાં બેસાડવાની અને એવી બીજી ધમકી આપી. મારા એકલાથી તેઓ બંનેને પહોંચી વળાય એમ ન હતું; એટલે તેઓ ફાવી ગયા. તેઓએ મને ખૂબ માર માર્યો અને મારી પાસેથી ૪૬ રૂપિયા લઈ ગયા; કોઇ પાસે આની વાત કરવા માટે મારૂં ખુન કરવાની તેઓએ મને ધમકી આપી હતી.

૨૬૬

ભાગેલ કેસરસિંહની જુબાની; વર્ષ ૪૦; મૌઝા બારાની મિલકતમાં ભાગીદાર; તાસીલ, કાસુર

મારે નેવું એકર જેટલી જમીન છે. માર્શોયલ લોના દિવસમાં એકવાર કેટલાક બ્રિટિશ અને હિંદી સોલજરો સવારના ૩–૪ ના સુમારે મારા ગામ ઉપર તુટી પડયા. મારા ઘરના બારણા અંદરથી બંધ હતા એટલે તેઓ દિવાલ ઉપરથી અંદર કુદી પડયા અને મને પકડી ગયા. મારી ગેરહાજરીમાં તેઓએ મારા ઘરની જડતી લીધી અને લુટ ચલાવી. તેઓએ ત્રાંબા પિતળ અને માટીના વાસણો ભાંગી નાખ્યાં; ૩૪૦ રોકડા રૂપિયા, વિસેક રૂપિયાની ખાધા ખોરાકી, ૧૦૦ રૂપિયાની કિંમતના ઘરેણા અને સ્ત્રી પુરૂષના કપડાં તેઓ ઉપાડી ગયા. તીજોરી તોડવાનો પ્રયત્ન પણ કર્યો; પરંતુ તેમાં તેઓ ન ફાવ્યા. મને તેઓ હાથકડી પહેરાવી કાસુર લઈ ગયા, અને ૧૮ દિવસ સુધી કોટડીમાં પૂરી રાખ્યો; પછી ૧૦૦૦ રૂપિઆની જામીન લઇ મને છોડી મુકયો.

તાસીલદારને મેં આ બધી વિગત જણાવી. ૧૫–૨૦ દિવસ તેણે મને ૨૪૨ રૂપિયા પાછા મોકલાવ્યા, અને કહેવડાવ્યું કે કરનલે તે રકમ સોલજરો પાસેથી લઇ લીધી હતી. મેં કંઇ ગુન્હો ન હોતો કર્યો છતાં મારા ઉપર આટલો જુલમ ગુજારવામાં આવ્યો હતો.

૨૬૭.

સરદાર સુરૈનસિંહ જવાલસિંહની જુબાની, ઉમ્મર વર્ષ ૩૫; મૌઝાખારાનો પટવર; તાસીલ, કાસુર

કાસુરથી મારૂં ગામ અઢી માઇલ દૂર છે. એક દિવસે બપોરના કેટલાક યુરોપિયન અને પંજાબી સોલજરો મારે ઘેર આવી મને તથા મારા ત્રણ છોકરાને પકડી ગયા. મારા એક છોકરા પાસે કોઇ એક સોલજરનું ઘડીયાળ છે એવો તેઓને શક આવ્યો હતો. પરંતુ તેની પાસે જે ઘડીયાળ હતું તે તેણે બજારમાંથી ખરીદ કર્યું હતું.

સોલજરોએ મારા ઘરના ત્રાંબા પિત્તળના અને માટીના વાસણો ભાંગી નાંખ્યા હતા, તેઓ દાગીના પેટી ખોલી તેમાંથી લગભગ ૭૦૦ રૂપિયાનું ઘરેણું ઉઠાવી ગયા હતા. અને ૨૨ રોકડા રૂપિયા પણ લઇ ગયા હતા.

૨૮ દિવસ સુધી અમને કોટડીમાં પૂરી રાખવામાં આવ્યા હતા. મારા સૌથી ન્હાના છોકરા ઉપર તો કેસ પણ માંડવામાં આવ્યો હતો; પરંતુ તે છુટી ગયો હતો. દાગીના અને પૈસા પાછા મેળવવા મેં અરજી કરી હતી. તાસીલદારે પૈસા પાછા આપ્યા હતા; પરંતુ ઘરેણા ન આપ્યા.

૨૬૮

સિકંદર ગેહનાની જુબાની: ગામ, પટુ કલાન; તાસીલ, કાસુર.

વૈશાખ મહિનામાં કેટલાક સોલજરો એક દિવસ મધરાત્રે મારે ગામ આવ્યા હતા તે વખતે હું મારા ખેતરમાં હતો. મારા ઘરને તેઓએ તાળું માર્યું અને બીજે દિવસે મારી સમક્ષ મારા ઘરની જડતી લીધી, અને ૧૫૦ રૂપિયા રોકડા અને ૧૪ રૂપિયાનો દાગીનો લઇ ગયા. તેઓએ માટીના અને ત્રાંબા પીત્તળના વાસણો પણ ભાંગી નાંખ્યા. મેં ફરીયાદ કરી એટલે મને ૧૦૦ રૂપિયા પાછા મળ્યા.

કાસુરમાં મને પકડવામાં આવ્યો હતો. લાહોરમાં મને માર્શીયલ લૉ કમિશન પાસે ઉભો કરવામાં આવ્યો હતો, પરંતુ કમિશને મને છોડી મુકયો હતો.

૨૬૯

બિસાખી રેલુ ચોપરાની જુબાની ગામ, પટુ કલાન; તાસીલ, કાસુર.

૨૦ મી કે ૨૧ મી એપ્રિલની મધરાતે કેટલાક બ્રિટિશ અને હિંદી સોલજરોએ અમારા ગામ ઉપર દરોડો પાડયો હતો. હું તે વખતે પરગામ મજુરી કરવા ગયો હતો. મારી ગેરહાજરીમાં સોલજરો મારા ઘરમાં પેઠા હતા, અને ઘરની જડતી લીધી હતી. ઘરમાં વાસણ વિગેરે ફોડી નાંખી કેટલુંક નુકસાન કર્યું હતું. મારા ઘરમાંથી કંઇક વાંધા પડતી વસ્તુ સોલજરોના હાથમાં નહોતી આવી; છતાં મને પકડવામાં આવ્યો હતો અને ૧૦ દિવસ પરહેજ રાખવામાં આવ્યો હતો. માર્શીયલ લૉ કમિશને મને છોડી મુકયો હતો.

૨૭૦

બુધુમલ ગુરદિત્તા મલની જુબાની ઉમ્મર વર્ષ ૩૫, દુકાનદાર; ગામ, પટુ કલાન; તાસીલ, કાસુર.

૨૦ મી કે ૨૧ મી એપ્રિલે મધરાતે કેટલાક બ્રિટિશ અને હિંદી સોલજરો પટુ કલાન ઉપર ઉતરી પડયા હતા તે વખતે હું મારી દુકાન બ્હાર સુતો હતો. સોલજરોએ આવી મને જગાડયો અને ખેમકરણ સ્ટેશન લુટનારાનાં નામ મારી પાસે માંગ્યા, પણ મને તેની ખબર ન હતી. એટલે તેઓએ મારી પાસેથી દુકાનની ચાવી ઝુંટવી લીધી અને દુકાન લુંટી મને બધું મળી એક સો રૂપિયા જેટલુ નુકસાન સોલજરોએ પહોંચાડયું હતું. મારી દુકાન લુટાઇ તે વખતે કેટલાક અંગ્રેજ અમલદારો, તાસીલદાર, અને સબ-ઇન્સ્પેકટર પણ હાજર હતા.

+ + × +

૨૭૩

તુલસીરામ હઝારીમલની જુબાની, ઉમ્મર વર્ષ ૨૮ ગામ, રાજજંગ; તાસીલ, કાસુર.

સંવત ૧૯૭૫ ના ભાદરવા મહિનામાં મારી નાતના એક છોકરાના લગ્નમાં જવાની હું તૈયારી કરી રહ્યો હતો તે વખતે પાંચ છ લમ્બરદાર મારે ઘેર આવ્યા અને મારી દુકાનેથી અમલદારો અને રસાલા માટે સીધું તોળી આપવા મને કહ્યું. તે ઘડીએ મને

વ જેવું લાગતું હતું એટલે મેં મારા બાપને દુકાને મોકલવા વિચાર કર્યો; પરંતુ લમ્બ-
ારો તો મને જ લઇ ગયા. સ્કુલ પાસે આવી પહોંચતાં મેં ત્યાં કાસુરના મેજીસ્ટ્રેટ શેર
ાઝખાન તાસીલદારો, લમ્બરદારો, ઝાઇલદારો અને બીજા અમલદારોને ઉભેલા જોયા
બો પાસે બીજા ૧૮ જણુ ઉભા હતા, તેઓને લશ્કરમાં જોડાવા માટે સહી કે અંગુઠો
ાપવા કહેવામાં આવ્યું હતું જેઓ ના કહેતા તેઓને પજવવામાં આવતા, અને ધમકી
ાપવામાં આવતી હતી. મને પણુ તેમજ થયું. મારા સિવાય બીજા બધાએ ડરના માર્યા
હી કે અંગુઠો આપ્યો; અને પછી અમને બધાને પહેરા હેઠળ રાખવામાં આવ્યા.
ાજે દિવસે સવારના અમને કાસુર લઇ જવામાં આવ્યા. રસ્તે, બીજા બે ત્રણુ જણુાને
કડવાનો પ્રયત્ન થયો હતો.

કાસુરમાં અમને બપોરના બે વાગે મદદનીસ કમિશનર પાસે લઈ જવામાં આવ્યા.
વખતે અમારા સગા વ્હાલાં પણુ કાસુર આવી પહોંચ્યા, અને અમને પકડાયલા જોઈ
ારડ કરવા લાગ્યા; પરંતુ તેઓનું કોઇએ કંઈ સાંભળ્યું જ નહિ. ચાર વાગાને સુમારે
ામને દરેકને ફુલનો હાર પહેરાવી વાજા સાથે શહેરમાં ફેરવવામાં આવ્યા, અને પછી
ામને બધાને લાહોર લઇ જવામાં આવ્યા. અમારી ચોમેર પહેરો રહેવા છતાં રાજગં-
થી પકડાયલો એક જણુ છટકી જઈ કયાંક નાસી ગયો.

લાહોરમાં રાત્રે અમને એક સરાઇમાં ઉતારો આપવામાં આવ્યો હતો, બીજે દિવસે
ામારા તથા અમારી સાથેના લમ્બરદાર અને ઝાઇલદારનાં નામં નોંધવામાં આવ્યા પછી
ામને બધાને ચનારકલીમાં થઇ રેકુટિંગ ઓફીસર પાસે લઈ જવાની ગોઠવણુ થઈ. રસ્તે
ામે કેટલાક ભાગી છુટયા, અને આસપાસની ગલીમાં દોડી ગયા; પણુ અમને પકડી
ાડવામાં આવ્યા. ડિસ્ટ્રીકટ કોર્ટનો રસ્તો પાસે આવતાં અમે પાછા નાઠા, અને જેમ તેમ
રી અમે કોર્ટમાં ભરાઇ ગયા, અને ડેપ્યુટી કમિશનર પાસે અમારી ફરિયાદ રજુ કરી
અમને પરાણે લશ્કરમાં જોડાવા લઈ જવામાં આવે છે. કમિશનર ભલો માણુસ હતો
ેટલે અમને બધાને છોડી મુકયા. પછી પણુ અમને પજવવાનો પ્રયત્ન થયો હતો પણુ
ામે અમારો રસ્તો કરી લીધો, અને અમારે ઘેર પહોંચ્યા.

૨૭૪

લાલા ગણુપતરાય ગોવિંદરામની જુબાનીઃ લક્ષ્મીચંદ મોહનલાલની પેઢીએ કારકુન; કાસુર.

એક દિવસ રેલ્વે સ્ટેશન પાસે મણિરામ મીઠાઇવાલાની દુકાને હું ઉભો હતો તે
ખતે કેપ્ટન સાહેબ ત્યાં આવી પહોંચ્યો. તેની સાથે કેટલાક ગામડીઆઓ હતા, કેપ્ટને
ાઓને મણિરામની દુકાનની સામે એક હારમાં ઉભા રાખ્યા, આ દિવસોમાં ગોરા માત્રને
ાલામ કરવાનો હુકમ થયો હતો એની મને ખબર હતી. એટલે કેપ્ટનને મેં તરતજ
ાલામ કરી; પરંતુ મેં સલામ બરોબર નહોતી કરી એમ કહી કેપ્ટને મને પણુ હારમાં
ભો રાખ્યો, અને પછી અમને સલામ ભરવાની તાલીમ આપી. આ ખલાસ થયા પછી
ાને તથા બીજા બે જણુાને બીજે દિવસે સ્ટેશન ઉપર હાજર થવાનો હુકમ થયો; અને
ામારે સલામ કરવાની તાલીમ એક અઠવાડીયા સુધી લેવી પડશે એમ અમને જણુાવવામાં

આવ્યું. પરંતુ તે દિવસે મારે લાહોર જરૂરી કામ માટેજવું હતું; છતાં મને હાજરી આપવામાંથી મુક્ત કરવામાં ન આપ્યો. બીજે દિવસે મારે બે વાર સ્ટેશન ઉપર હાજર થવું પડયું હતું; અને પછી કેપ્ટને મને છોડી મુકયો હતો.

આ રીતે વિના કારણ મને પજવવામાં આવ્યો હતો.

૨૭૫

લાલા દૌલતરામની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૫૨; કાસુર,

સુંદરદાસ કરીને મારો એક ૬૨ વર્ષનો મ્હોટો ભાઈ હતો. ચોરાયલા ઘઉં ખરીદ કરવાનો ખોટો આરોપ તેના ઉપર મુકવામાં આવ્યો હતો. માર્શીયલ લૉ ઑફીસરે તે માટે તેને એક માસ જેલમાં રહેવાની, ૫૦ રૂપિયાનો દંડ ભરવાની અને પાંચ ફટકા ખાવાની સજા કરી હતી. ઑફીસરે પહેલાં વીસ ફટકા મારવાનો હુકમ કર્યો હતો; પરંતુ ડૉકટરે મારા ભાઈને ફટકા ખાવા નાલાયક જણાવ્યો હતો; એટલે ફટકા મારવાનું સાવ છોડી ન દેતાં વિસને બદલે પાંચ ફટકા મારવાનો હુકમ થયો હતો. ૧૮ મી મે એ મારો ભાઈ છુટવાનો હતો, એટલે હું એને જેલમાં તેડવા ગયો; પરંતુ દારોગાએ મને કહ્યું કે તે મરવાની અણી ઉપર છે; તે હાલચાલ કરી શકતો નથી. હું એથી એક ટાંગો લઈ આવ્યો અને એમાં બેસાડી મારા ભાઈને ઇસ્પીતાલમાં લઇ ગયો; પરંતુ થોડાક કલાકમાં જ તે ત્યાં મરણ પામ્યો.

મારા ભાઈ પાસેથી દંડ લેવામાં આવ્યો હતો પણ તેની પહોંચ નહોતી આપવામાં આવી.

૨૭૬

જીવણ ગુલામ મહમદની જુબાની ઉમ્મર વર્ષ ૪૦, ગામ મૌઝા ખરાપરા, તાસીલ કાસુર વૈશાખ માસમાં મારી વહુ હસુ મને છોડી કાસુર ચાલી ગઇ, અને ત્યાં એક નાચનારીને ત્યાં જઈ રહી હું તેની પાછળ ગયો; અને નાચનારીને ત્યાં તેને મળ્યો; પણ તેણે મારી સાથે પાછા જવાની ના પાડી એટલે હું મારા ચાર દોસ્તદારને મારી સાથે તેડી ગયો અને તેઓની મદદથી તેને મારે ઘેર લઈ ગયો. પણ બે ચાર કલાકમાં તે પાછી નાસી ગઈ, અને કેપ્ટન ડવટને જઇ મળી, અને અમારા પાંચે ઉપર વ્યભિચાર કરવાનો આરોપ મુકયો. કેપ્ટન ડવટને અમને પાંચેને પકડી મંગાવ્યા, અને મને ૩૦ ટકા ખાવાની અને એને ૨૫ રૂપિયાનો દંડ ભરવાની સજા કરી. મારા સાથીઓને પણ તેવી સજા કરવામાં આવી. અમને વેશ્યાઓની સમક્ષ ફટકાવવામાં આવ્યા હતા. ફટકા ખાતાં હું બેભાન થઈ ગયો હતો; શુદ્ધીમાં આવ્યો ત્યારે મેં પીવા પાણી માંગ્યું હતું પરંતુ મને ન હોતું આપવામાં આવ્યું. મને સજા કરવા પહેલાં કેપ્ટને કોઈની જુબાની પણ નહોતી લીધી.

× × × ×

૨૭૭

મિયાં મુબારક અલી બરકતઅલીની જુબાનીઃ કાસુર.

માર્શીયલ લૉના દિવસોમાં એક દિવસ જીવણ મારે ત્યાં આવ્યો અને પોતાની વહુને બીજાને ત્યાંથી પોતાને ઘેર લઇ જવા મારી પાસે મદદ માગી. હું તથા બીજા છ

જણા મળીને જીવણની વહુને જીવણને ઘેર મુકી આવ્યા. એ દિવસ રહી કરનલ ડવટને મને સ્ટેશન ઉપર બોલાવ્યો અને મારી જુબાની લીધા વિના કે સાક્ષીઓ તપાસ્યા વિના મને ૨૫ રૂપિયાનો દંડ ભરવાનો અને ૧૫ ફટકા ખાવાનો હુકમ કર્યો. મને હરસ થયેલા હોવાથી ફટકા ખાવા હું નાલાયક છું એમ ડૉકટરે કહ્યું; છતાં મને ફટકા મારવામાં આવ્યા, અને ફટકા ખાતાં મેં પાણી માગ્યું પરંતુ મને આપવામાં ન આવ્યું. ગામની વેશ્યાઓ દેખતાં મને ફટકા મારવામાં આવ્યા હતા.

× × × ×

૨૭૯–૨

(૧) મુસામત મેહરન, (૨) જંડો. (૩) નીઝીર, (૪) સરદાર બેગમ, (૫) સોના જાન, (૬) ફિરોઝાન, (૭) બિહાર જાન, અને (૮) અમીર–ઉન–નીસાની જુબાની; અનુક્રમે ઉમ્મરઃ ૨૫, ૩૦, ૨૨, ૨૫, ૨૩. ૨૫, ૩૦, ? કાસુરની નાચનારીઓ.

માર્શીયલ લૉના અમલ દરમ્યાન એક દિવસ મે માસમાં કેપ્ટન ડવટને શહેરમાં ઢોલ પીટાવી કાસુરની બધી નાચનારીઓને અને ગવૈયાઓને સ્ટેશન ઉપર હાજર થવા હુકમ કર્યો હતો. કોઈ ગેરહાજર ન રહે એની તપાસ પણ કેપ્ટને બહુ ચીવટથી રાખી હતી.

સ્ટેશન ઉપર અમારા દેખતાં પાંચ જણાને ફટકા મારવામાં આવ્યા હતા, અને અમને બધાને એ દેખાવ જોવા ફરજ પાડવામાં આવી હતી. અમારામાંથી કોઇ પાછું હઠી જતું કે ન જોવું પડે એમ કરતું તો તેને ધમકી આપવામાં આવતી. એકવાર કેપ્ટન ડવટન પોતે અમારી પાસે આવ્યો અને અમને ખૂબ ધક્કા મારી ફટકાનો માર પડતો જોવાની ફરજ પાડી. ફટકા ખાધા પછી દરેકને અમારી પાસેથી વટાઇ જવાનો હુકમ કરવામાં આવ્યો હતો, અને તેઓના શરીરમાંથી લોહી ઝરતું જોવા અમને ફરમાવવામાં આવ્યું હતું. આ ઘાતકી દેખાવ જોઇ અમારામાંથી ઘણીની તબીયત બગડી ગઇ હતી, અને હજી પણ અમારામાં બેઠેલો ધ્રાસ્કો નીકળી ગયો નથી.

× × × ×

૨૭૯–૫.

વૈજનાથ હાડાની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૨૨, કાસુર.

માર્શીયલ લોના અમલ દરમ્યાન એક દિવસ કેટલાક યુરોપિયન સોલજરોએ મારી દુકાનેથી કેટલીક જણસો ખરીદ કરી, પણ તેના પૈસા ન આપ્યા, અને મેં માગ્યા ત્યારે તેઓએ મારી સામે બેયોનેટ તાકી, એટલે હું ચૂપ જ રહ્યો, અને માર્શીયલ લો ઓફીસરને ફરીયાદ કરવા ગયો. તેણે મારી ફરીયાદ સાંભળી નહિ; અને સોલજરો તો સ્ટેશનમાં ચાલ્યા ગયા, થોડીવાર રહી ઓફીસરે મારી વાત ઉપર ધ્યાન આપ્યું, પણ પછી સોલજરોને ઓળખી કાંઢવાનું મારે માટે અશક્ય થઈ પડયું. ઓફીસરના કહેવાથી ડોકટરે મારૂં શરીર તપાસ્યું, અને પછી હું તથા મારો સાક્ષી સોલજરોને ઓળખીજ ન શક્યા એટલે ઓફિસરે અમને બન્નેને પાંચ પાંચ ફટકા ખાવાનો હુકમ કર્યો, પણ મારી તબીયત નાદુરસ્ત હોઇ કેપ્ટને મને માફી આપી અને ફરી ફરીયાદ કરવા ન આવવાનું કહી મને જવા દીધો.

પાટી

૨૭૯-૬

પંડિત દેવરાજ અનંતરામની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૩૫; લાલા અજ્જુરામના કારખાનાનો વ્યવસ્થાપક, ગામ પાટી, જીલ્લો લાહોર.

૨૧મી એપ્રિલે મને હુકમ થવાથી હું ડેપ્યુટી કમિશનર અને કરનલને મળવા ગયો. કરનલે મને કેટલાક પ્રશ્નો પૂછ્યા. તેના જવાબમાં મેં જણાવ્યું કે રોલેટ કાયદાની સામે વિરોધ દર્શાવવા સભા બોલાવવામાં મેં ભાગ નહોતો લીધો; તેમ મેં ભાષણ કે લખાણ પણ નહોતાં કર્યાં: કરનલે પછી મને પોલીસને સોંપી દીધો.

૨૨મી તારીખે મને તથા બીજા આઠ જણાને અમૃતસર મોકલવામાં આવ્યા, અને ત્યાં સાંજ સુધી રામબાગમાં રાખવામાં આવ્યા; અને પછી અમને હાથકડી પહેરાવી કેદખાનામાં પૂરવામાં આવ્યા; મને અમૃતસરની જેલમાં એકાદ માસ સુધી રાખવામાં આવ્યો. તે દરમ્યાન, મને કાચોપાકો કે બળી ગયેલો જેવો તેવો ખોરાક મળતો; જેલનો દારોગો પણ અમને ધમકાવતો, ગાળો આપતો, અને મારતો પણ ખરો. એકાદવાર અમને પગમાં લોઢાના કડા પહેરાવવામાં આવ્યા હતા, અને પછી તેમાંથી એક સાંકળ પરોવી અમને બધાને સાથે બાંધવામાં આવ્યા હતા.

૨૩ મી મેએ મને કાસુર લઈ જવામાં આવ્યો અને ૨૫ મીએ છોડી મુકવામાં આવ્યો. પોલીસે મારા ઉપર કોઇ પણ જાતનો આરોપ નહોતો મૂક્યો અને મેં શું અપરાધ કર્યો હતો એ પણ મને નહોતું જણાવવામાં આવ્યું. લાગટ ૩૫ દિવસ સુધી ઢોર સાથે વર્તે તેમ પોલીસ મારી સાથે વર્તી હતી.

× × × × × ×

૨૭૯-૮.

લાલા બિશનદાસ કેસરમલની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૩૨; પાટી.

૫મી અને ૬ઠી એપ્રિલે પાટીમાં સભા મળી હતી. ૬ઠી તારીખની સભામાં મેં ભાષણ કર્યું હતું. તે દિવસે શહેરમાં હડતાળ પડી હતી. અને લોકોએ ઉપવાસ કર્યો હતો; તેમાં પોલીસની પણ સહાનુભૂતિ હતી.

ડૉ. સત્યપાલ અને ડૉ. કિચલુના શહેરપાર થયાના, અને અમૃતસરમાં રમખાણ થયાના અને ગોળીબાર થયાના ખબર પાટીમાં પડ્યા, એટલે લોકો ખૂબ ઉશ્કેરાઇ ગયા; પાટી અને કાસુર સ્ટેશન વચ્ચેના તારો કાપી નાખ્યા. શિક્ષિત વર્ગે લોકોને સમજાવવા અને થંડા પાડવા પ્રયત્ન કર્યો પણ તેમાં તેઓ ન ફાવ્યા.

ગુજરાનવાલા.

૨૮૦

લાલા મનોહરલાલ પ્લીડરની જુબાની: ઉમ્મર વર્ષ ૩૦, ગુજરાનવાલા.

હું ૭ વર્ષ થયાં વકીલાત કરૂં છું. ૧૯૧૭ની સાલમાં સેવા સમિતિ સ્થાપવામાં મેં આગળ પડતો ભાગ લીધો હતો. આ સંસ્થા રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લેતી ન હોવાથી, રોલેટ ઍક્ટ સામેની મિ. ગાંધીની ચળવળમાં જોડાઇ ન હતી.

૪ થી એપ્રિલે ડિસ્ટ્રિક્ટ કોંગ્રેસ કમિટીની સભા થઇ હતી. કમિટીએ મિ. ગાંધીની ચળવળ વ્યાજબી લેખી હતી અને તેથી ૬ ઠી એપ્રિલે હડતાળ પાડવાની, અને ઉપવાસ, પ્રાર્થના કરવાની લોકોને સલાહ આપવાનો ઠરાવ કર્યો હતો; અને તે દિવસે શહેરમાં કંઇ ગડબડ ન થાય વાસ્તે સભા ૫ મી તારીખે ભરવાનો નિશ્ચય કર્યો હતો.

૫ મી તારીખની સભામાં કંઈ પણ ખલેલ થઇ ન હતી. ભાષણો કડક કે લોકોને ઉશ્કેરે એવાં નહોતાં કરવામાં આવ્યાં. દરેક બોલનારાએ હડતાળના દિવસે શાંતિ જાળવવાની સલાહ લોકોને આપી હતી.

૬ ઠી તારીખે આખા શહેરમાં હડતાળ પડી હતી; અને ઘણા કુટુંબોમાં ઉપવાસ અને પ્રાર્થના કરવામાં આવ્યા હતા. ૭ મી થી ૧૧ મી તારીખ સુધી શહેરમાં હમેશ મુજબ પ્રવૃત્તિ ચાલુ રહી હતી.

૧૧મી તારીખે ડૉ. સત્યપાલ અને ડૉ. કિચલુ શહેરપાર થયાના અને મિ. ગાંધીના પકડાયાના સમાચાર શહેરમાં આવ્યા. બીજે દિવસે લાહોર અમૃતસરમાં બનેલા બનાવોની ખબર આવી. તેજ દિવસે સાંજના કોંગ્રેસ કમિટીની સભા મળી હતી. સભા ચાલતી હતી ત્યારે મંડીના કેટલાક વ્યાપારીઓ ફરી હડતાળ પાડવી કે નહિ એ વિષે અમારી સાથે વિચાર કરવા આવ્યા; પરંતુ અમે કોઇ પણ જાતનો ઠરાવ કરી શક્યા નહિ.

૧૩મી તારીખે વૈશાખીનો દિવસ હતો. આ પરબ બે દિવસ સુધી ચાલે છે. તેને લઈ, દિવાન મંગલસેનને ત્યાં મિજલસ હતી; એટલે તેને ત્યાં મિ. લાભસિંહ, લાલા અમરનાથ, મિ. સરબ દયાળ અને બીજાઓ ભેગા થયા હતા. અહીં પણ હડતાળની વાત નીકળી હતી, અને છેવટે અમારો બધાનો એવો વિચાર થયો હતો કે કદી લોકો ૧૪મી તારીખે હડતાળ પાડે તો તે દિવસે એક સભા કરવી.

૧૪મી તારીખે સવારનાજ મને ખબર પડી કે આખા શહેરમાં હડતાળ પડી છે. એટલે હું તરત ભગતને ઘેર ગયો. અહીં લાભસિંહ, દિવાન મંગલસેન અને બીજાઓ પણ આવી પહોંચ્યા હતા, અને અમે બધા સભામાં શું કરવું એનો વિચાર ચલાવી રહ્યા હતા. આ વખતે મિ. દિન મહમદ અને મારો બાપ, (બંને તે વખતે મ્યુનિસિપલ કમિશનરો હતા) ભગતના ઘર આગળ થઈ ડિસ્ટ્રિક્ટ મેજીસ્ટ્રેટને મળવા જતા હતા. મેજીસ્ટ્રેટને તેઓની સાથે હડતાળ વિષે વખતે વાત કરવી હશે એમ ધારી અમે બધા તેઓની સાથે ગયા. અમે મેજીસ્ટ્રેટને એટલું જ કહેવાને ઇચ્છતા હતા કે જેમ ૬ઠી તારીખની હડતાળમાં અધિકારીવર્ગ વચ્ચે નહોતો પડયો તેમ આજે પણ ન પડે. પરંતુ અ-

મારી આ નેમ પાર પડી ન હતી. અમને બધાને સાથે જતા જોઈ રસ્તે જતા લોકો કુતૂહલથી અમારી પાછળ આવવા લાગ્યા, અને ધીમે ધીમે એક મ્હોટું સાજન એકઠું થઇ ગયું; અને કેટલાક લોકો "મહાત્મા ગાંધીકી જય" અને "હિંદુ–મુસલમાનકી જય"ના પોકાર કરવા લાગ્યા. આટલા બધા લોકોને આવી રીતે સાથે લઇ મેજીસ્ટ્રેટને મળવા જવું અમને યોગ્ય ન લાગ્યું; એટલે અમે આગળ ચાલ્યા જ કર્યું, અને કલાન ચોક આગળ જઈ થોભ્યા. ત્યાં લાલા જગન્નાથે ગુરૂકુળ આગળ બદમાશોએ તોફાન કર્યાની ખબર લાભસિંહને આપી. આ સાંભળી લાભસિંહ; દિન મહમદ, અમરનાથ અને બીજા બે ત્રણ જણુ તોફાનની જગ્યાએ ગયા, અને દિવાન મંગલસેન અને બીજાઓ લોકો સાથે રહ્યા. લોકોના કાને તોફાન થયાની ખબર અમે પહોંચવા દીધી ન હતી. મંગલસેન લોકોને તેસિલવાલા ચોક લઈ ગયો અને ત્યાં તેણે તથા બીજાઓએ એક પાસે ભાષણ કર્યાં. ભાષણોનો મુખ્ય મુદ્દો હિંદુ–મુસલમાન વચ્ચે ઐક્ય વધારવાનો હતો; અને ભાષણો કરવાનો મુખ્ય હેતુ લોકોને તોફાનીઓથી દૂર રાખવાનો હતો. અહીં લોકોની મેદની ધીમે ધીમે એટલી બધી વધી પડી કે છેવટે લોકોને બીજી જગ્યાએ લઇ જવા પડયા. ત્યાં વસ્તુસ્થિતિ બદલાઈ. બે ઘાયલ થયલાઓને કોઇ ત્યાં લઈ આવ્યું. તેઓના શરીરમાંથી લોહી વ્હેતું હતું. તેઓને જોઇ લોકના રોષનો પાર રહ્યો નહિ. ખૂલ્લે મ્હોંએ લોકો અગ્રેસરોને ફિટકાર આપવા લાગ્યા; અને અતિશય ગડબડ થઈ પડી. લોકો તરત જ ત્યાંથી જતા રહ્યા, અને ઇસ્પિતાલે પહોંચ્યા. દિવાન મંગલસેન અને લાલા અમરનાથ પણુ ત્યાં ગયા, અને લોકોને ઇસ્પિતાલમાં ધસી જતાં રોકયા. લાભસિંહ અને ભગત રેલ્વે સ્ટેશને ગયા, અને લોકોને ત્યાંથી વિખેરી નાખવા પ્રયત્ન કરવા લાગ્યા, પણુ ફાવ્યા નહિ. અમે ઇસ્પિતાલે હતા ત્યારે અમને મકાનોને આગ લગાડવામાં આવ્યાની ખબર પડી. એટલે વળી લોકોને ખૂલ્લી જગ્યામાં પાછા ભેગા કરવાનો વિચાર થયો, અને પુરેમવાલા તલબ આગળ કેટલાક અગ્રેસરો લોકોને લઇ ગયા. અણુધારી રીતે આવી ગંભીર સ્થિતિ ઉભી થવાથી અગ્રેસરોની મતિ મુંઝાઈ ગઈ; છતાં તેઓએ લોકોને ઉશ્કેરવાનો જરાપણુ પ્રયત્ન કર્યો ન હતો. તેઓનું વલણુ લોકોને ઠંડા પાડવાનું જ હતું, ગુરૂકુળ આગળના રેલ્વે પુલને લગાડવામાં આવેલી આગ અગ્રેસરોએજ ઠારી હતી.

તેજ દિવસે બપોરના બે વાગાના સુમારે બે ત્રણુ એરોપ્લેન શહેર ઉપર ઉડવા લાગ્યાં; અને શહેરના જુદા જુદા ભાગોમાં એરોપ્લેનમાંથી બોંબ ફેંકવામાં આવ્યા. ૧૫મી તારીખે પણુ શહેરની આસપાસ એરોપ્લેનમાંથી બોંબ નાંખવામાં આવ્યા હતા. આ પછી લોકોની પકડાપકડી શરૂ થઈ હતી.

૧૭મી કે ૧૮મી તારીખે માર્શીયલ લૉનો અમલ શરૂ થયો. માર્શીયલ લોને લગતાં જાહેરનામાં શહેરમાં ઠેકાણે ઠેકાણે ચોટાડવામાં આવ્યાં હતાં. મારા ઘર ઉપર એક જાહેરનામું ચોટાડવામાં આવ્યું હતું, અને તેની સંભાળ રાખવાની જવાબદારી મારે શીર મુકવામાં આવી હતી.

૨૯મી તારીખે પોલીસે મારા બાપ મારફત મારી પાસેથી લેખિત જુબાની મેળવવા પ્રયત્ન કર્યો; પરંતુ મેં તેમ જુબાની આપી નહિ. બીજે દિવસે પોલીસ સુપરિન્ટેંડંટ મિ. હેરને મને ચોકીએ બોલાવ્યો. આ વખતે અહીં શહેરના બીજા જાણીતા માણુસો પણુ

બેઠા હતા. મિ. હેરને અમારી સમક્ષ ટૂંકું વિવેચન કર્યું. તેમાં તેણે હડતાળ પડાવી બંડ કરાવવાનો આરોપ અમારા ઉપર મુકયો હતો; અને શહેરના મોટા મોટાઓને પકડવાનો લેફ્ટેનંટ–ગવર્નરનો વિચાર પણ અમને તેણે જણાવ્યો હતો. તેનું વિવેચન ખલાસ થયા પછી ડેપ્યુટી પોલીસ સુપરિનટેંડંટ મને એક જુદા ખંડમાં લઈ ગયો અને મીઠા શબ્દોમાં મને ધમકી આપી મારી જુબાની તેણે લખી લીધી. આ જુબાની ૧૨મી અને ૧૩ મી તારીખે મળેલી "ખાનગી" સભાને લગતી હતી. જુબાની પૂરી ન હતી; તેમાં કયાંક કયાંક ભૂલો પણ રહી ગઈ હતી.

માર્શીયલ લોના અમલ દરમ્યાન, સેવા સમિતિનાં કાગળીયાંઓ અને ચોપડાઓ જપ્ત કરવામાં આવ્યા હતા; સમિતિ વિખેરી નાખવામાં આવી હતી; અને તેનાં નાણાં ડિસ્ટ્રિકટ વોર લિગને સોંપી દેવામાં આવ્યાં હતાં.

૨૮૧

લાલા નંદરામ લાલદરની જુબાની; ગુજરાનવાલા.

લાહોરની સરકારી સ્કુલમાં એકવાર હું શિક્ષક હતો. હું ડિસ્ટ્રિકટ કોંગ્રેસ કમિટીનો સભાસદ છું. ૪થી એપ્રિલે કમિટીની સભામાં હું ગયો હતો, તે દિવસે અમૃતસરની કોંગ્રેસ સરસ કેમ થાય એનો વિચાર કમિટીએ કર્યો હતો.

૫મી તારીખે લાલા અમરનાથની જગ્યામાં મળેલી લોકોની જંગી સભામાં હું ગયો હતો. સભાએ ૬ઠી તારીખે હડતાળ પાડવાનો ઠરાવ કર્યો હતો.

૬ઠી તારીખે આખા શહેરમાં હડતાળ પડી હતી; અને કયાંય ગડબડ થવા પામી ન હતી.

૧૩મી તારીખે વૈશાખી હતી. તે દિવસે રાત્રે દિવાન મંગલસેનને ત્યાં મિજલસ હતી. મેજલસમાં હડતાળ વિષે વાત નીકળી ન હતી. મિજલસ ખલાસ થયા પછી શું થયું એની મને ખબર નથી.

૧૪મી તારીખે શહેરમાં પાછી હડતાળ પડી હતી. સવારના એક મ્હોટી સભા ભરાઈ હતી. સભામાં મને પહેલીવાર જ ખબર પડી કે ડો. કિચલુ અને ડો. સત્યપાલ શહેરપાર થયા છે અને મિ. ગાંધીને પકડવામાં આવ્યા છે. સવારના દશ સાડા દશના સુમારે રેલ્વે સ્ટેશન, પોસ્ટ-ઓફિસ, કચેરી અને તાસીલ બળતાં મેં મારા ઘરના છાપરા ઉપરથી જોયાં હતાં.

બપોરના બે વાગે શહેર ઉપર એરોપ્લેનો ઉડવા લાગ્યાં; એટલે વળી હું પાછો છાપરે ચઢયો હતો. આડોસીપાડોસીઓ પણ મારી પાછળ છાપરે આવ્યા હતા. એરોપ્લેનને શહેર ઉપર બોંબ ફેંકતાં જોઈ અમે નીચે જતા રહ્યા; પરંતુ બારીએથી મેં ખાલસા હાઈસ્કુલના છોકરાઓને સ્કુલના ચોગાનમાં રમતા જોયા હતા. તેઓ ઉપર એક બોંબ ફેંકવામાં આવ્યો હતો; પણ કોઇને ઇજા થઇ ન હતી.

માર્શીયલ લોના અમલ દરમ્યાન રાતના આઠ વાગ્યા પછી અને સવારના ૭ પહેલાં બહાર નીકળવાની મનાઈ કરવામાં આવી હતી. આગગાડીમાં મુસાફરી કરવા પહેલાં પરવાનો લેવો પડતો, અને પરવાનો થોડાકોને જ આપવામાં આવતો. પોલીસ સોલજરોના ઓરડામાં પંખા ખેંચવા લોકોને પરાણે ઘસડી લઈ જતી.

૨૮૨

લાલા રલિયારામ ચોપરાની જુબાની, ગુરૂકુલનો ગવર્નર, ગુજરાનવાલા.

હું પહેલાં પરમેનંટ વે ઇન્સ્પેક્ટર હતો: અને હમણાં ગુરૂકુળનો ગવર્નર છું. ૬ ઠી એપ્રિલે ગુજરાનવાલામાં હડતાળ થઇ હતી; અને શહેરમાં શાંતિ હતી. ૯મી થી ૧૨મી તારીખ સુધી હું શહેરમાં ન હતો એટલે ૧૪મી તારીખે હડતાળ શા સારૂ પડી એની મને ખબર નથી. ૧૩મી તારીખે "વૈશાખી" હતી અને રવિવાર હતો એટલે હું સમાજમાં ગયો હતો, પરંતુ શહેરમાં "વૈશાખી"ને લગતી નવીનતા સિવાય કંઇ ખાસ ધ્યાન ખેંચે એવું જોવામાં નહોતું આવ્યું.

૧૪મી તારીખે સવારના ૭ થી ૭–૪૫ સુધી ગુરૂકુળના વિદ્યાર્થીઓને શિક્ષણ આપી હું મારે ઘેર જવા નીકળ્યો. મારૂં ઘર ગુરૂકુળની સામે જ છે. સ્ટેશન પાસેની એક દૂરની સિગનલ આગળ મેં એક ટ્રેન ઉભેલી જોઈ; લોકો તેના ઉપર પથરા ફેંકતા હતા. એટલે મેં તરત ગુરૂકુળના અને મારા ઘરના બચાવ માટે બન્યો તેટલો બંદોબસ્ત કર્યો, અને પછી ગુરૂકુળના પાછલા ભાગમાં જઈ હું ઉભો. આ ભાગ રેલ્વે સડક ઉપર પડે છે. થોડીવાર રહી કેટલાક તોફાનીઓ આવ્યા અને ગુરૂકુળના દરવાજા ઠોકવા લાગ્યા; કોઇકે તો દિવાલ કુદી અંદર આવવા પ્રયત્ન કર્યો. તેઓને દોરડા અને તેલ જોઇતું હતું; પરંતુ ગુરૂકુળમાંથી મેળવવામાં તેઓ નાસીપાસ થયા. એટલે તેઓએ રેલ્વે પુલ ઉપરથી લાકડાની કેટલીક ઠેંસીઓ કાઢી લીધી, અને પુલના બે છેડે ગોઠવી, પુલને આગ લગાડી. પરંતુ આ વખતે મિ. લાભસિંહ, મિ. દિન મહમદ અને બીજા બારેક જણા અહીં આવી પહોંચ્યા, અને અમે બધાએ મળી આગ હોલવી નાંખી. આથી પુલને માત્ર આગના ડાઘ જ લાગ્યા અને પુલ સળગી જતો બચી ગયો. અમે આગ બુજાવતા હતા તે વખતે પોલીસ સુપરિન્ટેંડંટ મિ. હેરન કેટલાક કોન્સ્ટેબલોને લઈ ત્યાં આવી પહોંચ્યો. મિ. લાભસિંહે આગ ઠારવામાં પોલીસની સહાય માંગી, પરંતુ જવાબમાં મિ. હેરને જણાવ્યું કે પોલીસનું કામ આગ હોલવવાનું નથી, પરંતુ જાહેર મિલકતનું રક્ષણ કરવાનું છે. મિ. હેરન ત્યારપછી અહીં પોતાના મદદનીસને મુકી ચાલી ગયો. લોકો પણ મિ. હેરનને જોઈ નાસી ગયા હતા, હું પણ પછી મારે ઘેર ગયો.

મારો છોકરો મદદનીસ ટ્રાફિક સુપરિન્ટેંડંટ છે. સાડા નવ દશના સુમારે હું તેને સ્ટેશને મળવા ગયો હતો. ત્યાં કાચી બ્રિડજને લોકોએ આગ લગાડી હતી એની મને ખબર પડી. એટલે મેં પરમેનંટ વે ઈન્સ્પેક્ટર પાસે આગ ઠારવા જવા માટે લેખિત પરવાનગી માગી, પણ તેણે મને ન આપી, એટલે હું સ્ટેશન ઉપર જ રહ્યો. ત્યાં મિ. હેરન કેટલાક કોન્સ્ટેબલોને લઇ આવ્યો, મિ. લાભસિંહ પણ અહીં હતો. સુપરિન્ટેંડટે કાચી બ્રિડજ આગળ લોકો ઉપર ગોળીબાર કર્યો હતો. એટલે લોકો તેની પૂઠે પડયા હતા, અને સ્ટેશન ઉપર પથરા ફેંકતા હતા. લોકો બહુ ઉશ્કેરાઇ ગયા હતા. તેઓને શાંત કરવાના હેતુથી લાભસિંહ અને હું સ્ટેશન બ્હાર ગયા. ત્યાં હમે જોયું તો લોકોએ પોસ્ટ ઓફિસનો લાકડાનો કઠેડો સળગાવી મુકયો હતો; પરંતુ આગ તરત હોલવી નાંખવામાં આવી હતી. લોકો આ તરફ મ્હોટી સંખ્યામાં આવવા લાગ્યા, અને બે હજાર જેટલું માણસ ધીમે

ધીમે અહીં ભેગું થઇ ગયું જોઇ, મિ. હેરને પોલીસના માણસોને હારબંધ ગોઠવી દીધા, અને તેઓ લોકો ઉપર રાઇફલ તાકીને ઉભા. લોકો પોલીસ ઉપર હલ્લો ન કરે એવા હેતુથી લાભસિંહ, ખાનચંદ, અબ્દુલ અઝીઝ, હું અને બીજાઓ પોલીસ અને લોકની વચ્ચે ઉભા. પરંતુ અહીં પોસ્ટ ઓફિસ સળગી જવાની ખબર આવી, અને પછી તાસિલ, ડાક બંગલો, અને કચેરીને આગ લાગવાની ખબર સંભળાઈ. મિ. હેરન, કેટલાક કોન્સ્ટેબલોને સ્ટેશન ઉપર ઉભા રાખી કચેરી તરફ દોડયો. તેના ગયા પછી લોકો પણ જોતજોતામાં વિખરાઇ ગયા; અને હું લાલા અમરનાથ સાથે રેલ્વે પ્લેટફોર્મ ઉપર ગયો, આ વખતે મેં એક એરોપ્લેનને શહેર ઉપર ઉડતું જોયું; પણ થોડીવારમાં તે જતું રહ્યું. સ્ટેશનનાં કેટલાંક મકાનો બળતાં હતાં તે રેલ્વેના માણસોએ હોલવી નાંખ્યાં હતાં. મેં તેમાં પણ મદદ કરી હતી. ત્રણેક વાગે હું ઘેર ગયો; અને થોડીવાર રહીને ત્રણ ચાર એરોપ્લેનો શહેર ઉપર પાછાં ઉડતાં જણાયાં. એરોપ્લેનમાંથી તોપ ફોડવામાં આવી હતી, અને શહેર ઉપર બોંબ ફેંકવામાં આવ્યા હતા.

૧૫મી તારીખે પકડાપકડીની વાત મેં સાંભળી, બપોરના બે ત્રણ વાગે હું રેલ્વે સ્ટેશન ઉપર ગયો હતો. ત્યાં હકિમ રાય, અમરનાથ, દિવાન મંગલસેન, લાભસિંહ અને મેલારામને પોલીસ પકડી લાવી; અને પછી મને પણ અહીં પકડયો. અમને બે બે જણાને સાથે હાથકડી પહેરાવી, અમને બધાને એક સાંકળે બાંધવામાં આવ્યા, અને પછી ઉઘાડા ડબામાં બેસાડી અમને લાહોર લઇ જવામાં આવ્યા. મારા ઉપર કેસ ચલાવવામાં નહોતો આવ્યો; મને ૨૧મી મેએ છોડી મુકવામાં આવ્યો હતો.

૨૮૩

હરકિસનદાસ કેસરમલની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૩૨; ગુજરાનવાલા.

ગયા એપ્રિલ માસમાં હું ગુજરાનવાલા રેલ્વે સ્ટેશન ઉપર બુકિંગ કલાર્ક હતો. ૧૪મી એપ્રિલે સવારના હું સ્ટેશને કામ ઉપર હતો, તે દિવસે ઘણા લોકો વૈશાખી યાત્રામ વઝીરાબાદ જતા હતા. સવારનાજ સ્ટેશન ઉપર, એવી વાત આવી હતી કે કોઇ ગુરૂકુળ આગળના પુલ ઉપર એક વાછરડો લટકાવ્યો છે. આથી લોકો ઉશ્કેરાઈ ગયા હત પુલને આગ લગાડી હતી, સ્ટેશનની બીજી બાજુનો પુલ પણ સળગાવી મુકવામાં આવ્ય હતો. એટલે વઝીરાબાદ જતી ગાડી સ્ટેશન ઉપર જ પડી રહી હતી.

સ્ટેશનની સામે જ પોસ્ટ ઓફિસ છે. લોકોએ તેને પણ આગ લગાડી હતી. ત વખતે પોલીસના માણસો હાજર હતા, પરંતુ તેઓએ આગ ઠારવાનો કે આગ લગા નારાઓને પકડવાનો પ્રયત્ન કર્યો ન હતો. તેને બદલે તેઓ લોકોને તેમ કરવા ચઢાવતા હત

થોડા દહાડા રહી એક સબ-ઈન્સ્પેકટર સ્ટેશને આવ્યો અને અમારાં બધાનાં ઠામ લઇ ગયો. અમારી પાસે તેણે ગુન્હેગારનાં નામ માગ્યાં, અને ન આપવા અમને પકડવાની ધમકી આપી. ધમકીથી ડરી જઇ હું પોલીસને અનુકૂળ થઈ ગયો. દિવસ રહી અમને લાહોરમાં લઇ જવામાં આવ્યા; ત્યાં કોર્ટમાં મેં પોલીસની શીખ જુબાની આપી હતી; પરંતુ તે સાવ ખોટી હતી. હયાત મહમદની સ્મરણશક્તિ

હતી, એટલે પોલીસની શીખવણી તેને યાદ નહોતી રહેતી, તેથી પોલીસ તેને લાહોર નહોતી લઇ ગઈ.

આ ગડબડ દરમ્યાન, સ્ટેશનના હિસાબમાંથી ૪૦૦ રૂપિયા ઘટયા હતા; આ બાબતમાં હું સાવ નિર્દોષ હતો છતાં મને તથા બીજાઓને નોકરીમાંથી કાઢી મુકવામાં આવ્યા. અત્યારે હવે હું ઇંટના કોંટ્રાકટરનું કામ કરૂં છું.

૨૮૪

લાલા ચુનીલાલ કલામલની જુબાનીઃ ગુજરાનવાલા.

પ્રેમસાગર સેવા સમિતિનો હું એક મંત્રી હતો. ગયા એપ્રિલ માસમાં ગુજરાનવાલામાં પોલીસે પકડાપકડી શરૂ કરી એટલે હું શહેર બ્હાર જતો રહ્યો; પણ પાછો આવ્યો ત્યારે ૨૮ મી એપ્રિલે પોલીસે મને ચોકીએ બોલાવ્યો અને મને પકડવાની ધમકી આપી. મારી પાસેથી સેવા સમિતિના કેટલાક સભાસદો વિરૂદ્ધ જુઠી જુબાની લેવા પ્રયત્ન કર્યો; પણ હું તેમ કરવા કબુલ ન થયો. એટલે પોલીસે મારા ન્હાના તથા મ્હોટા ભાઇને પકડ્યા અને એમ આડકતરી રીતે મારા ઉપર દબાણ કરવું શરૂ કર્યું. છેવટે, હું પોલીસના કહેવા પ્રમાણે કરવા બંધાયો અને રહીમ બક્ષના કેસમાં મેં ખોટી જુબાની આપી હતી.

પોલીસે આ અરસામાં સેવા સમિત્તિને ખુબ કનેડી અને સમિતિ સાવ તોડી નાખી. સમિતિનો ઉદ્દેશ તો લોકોને ઉપયોગી થઇ પડવાનો હતો; સમિતિએ સરકારને પણ સારી સહાય કરી હતી,

૨૮૫

સંત કૃષ્ણાનંદ ઉદાસી, મહંતની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૫૬, ગુજરાનવાલા.

હું ગુરૂકુળ આગળ રહું છું. ગુરૂકુળ આગળનો પુલ સળગ્યા પછી ૧૫ એક દિવસે પોલીસે મને માનસિંહ બાગમાં બોલાવ્યો અને આર્યસમાજીઓ સામે ખોટી સાક્ષી આપવા જણાવ્યું. બે દિવસ સુધી તો હું બાગમાં બોલાવવાથી ગયો; પરંતુ મારી પાસે એક જ વાત કરવામાં આવતી. એટલે પછી મને તેડું આવતાં છતાં મેં જવાનું માંડી વાળ્યું. ચારપાંચ દહાડા રહી તેડું આવતું પણ બંધ થયું.

૨૮૬

અત્તરસિંહ નિહાલસિંહની જુબાનીઃ બેંકર, ગુજરાનવાલા.

૨૦ મી એપ્રિલે હું મારી દુકાને બેઠો હતો ત્યારે અમરસિંહ મ્યુનિસિપલ કમિશનર અને પરસરામ સબ ઇન્સ્પેકટર આવ્યા અને મને પોલીસ ચોકીએ જવા હુકમ કર્યો. ચોકીએ જંગબહાદુર સબ-ઇન્સ્પેકટર મને એક ખંડમાં લઈ ગયો અને પકડવાની ધમકી આપી. મને પોલીસના કહેવા પ્રમાણે સાક્ષી આપવા કહેવા લાગ્યો. બપોરના બાર વાગતાં ત્રણસો જેટલું માણસ ચોકીએ ભેગું કરવામાં આવ્યું હતું. તેઓની સમક્ષ પોલીસ સુપરિનટેંડંટે ટુંકું ભાષણ કર્યું હતું, અને જણાવ્યું હતું કે "પોલીસના કહેવા પ્રમાણે તમે જુબાની નહિ આપો તો તમને માર્શીયલ લૉ પ્રમાણે પકડવામાં આવશે;...અને અમલદારો શહેરને પાયમાલ કરશે." આ બધું સાંભળી હું ડરી ગયો, અને પોલીસને તાબે

થઈ ગયો. પરંતુ કોર્ટમાં મેં ખરી વિગત જ રજુ કરી હતી આથી, કોર્ટે તથા પોલીસે મને બહુ થરથરાવ્યો હતો.

માર્શીયલ લૉનો અમલ ;ખલાસ થયો તેને આગલે જ દિવસ પોલીસે મને પકડયો અને ૪૦૦ રૂપિયાના દંડની અને ત્રણ માસની જેલની સજા કરાવી.

૨૮૭

કાસિમખાન નવાબખાન, પઠાણની જુબાનીઃ ગુજરાનવાલા.

મારી સાબુની દુકાન છે; પરંતુ ગયા એપ્રિલ માસમાં હું પોસ્ટ ઑફિસમાં નોકરી પણ હતો. સરકારી નોકર હોવાથી ૬ ઠી કે ૧૪મી એપ્રિલે મેં મારી દુકાન બંધ નહોતી રાખી.

૩૦ મી એપ્રિલની આસપાસ એક દિવસ પોલીસ મને ચોકીએ લઈ ગઇ. પોલીસ મારી પાસે કેટલાકની વિરૂદ્ધ ખોટી જુબાની અપાવવા ઇચ્છતી હતી. તે માટે તેણે મને ખૂબ ડરાવ્યો, અને મારની ધમકી પણ આપી. છેવટે તેના કહેવા પ્રમાણે કરવા હું કબુલ થયો. પછી મેજીસ્ટ્રેટ આગળ મારી જુબાની લખી લેવામાં આવી.

લાહોરમાં કમિશને મને પુછેલા સવાલના જવાબમાં મેં કહ્યું હતું કે મારી જુબાનીનો અમુક ભાગ ખોટો છે, પોલીસના દબાણથી મેં કેટલીક વિગત ખોટી રજુ કરી છે. આથી પોલીસે મને પકડયો હતો, અને મારા ઉપર કેસ ચલાવ્યો હતો; મને ૨૦૦ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો હતો; મારી દુકાન સાવ ચુંથાઇ ગઇ છે; અને મને નોકરીએથી કાઢી મૂકવામાં આવ્યો છે. અત્યારે હું સાવ ગરીબ થઈ ગયો છું. ઘરનાં ઘરેણાં પણ મારે ગિરવી મુકવાં પડ્યાં છે.

૨૮૮

મહમદદીન રમઝાનની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૨૮; ગુજરાનવાલા.

ગયા જેઠ માસમાં હું કબરસ્તાનમાં હતો ત્યારે બે ઇન્સ્પેકટરોએ મને ચોકીએ બોલાવી મંગાવ્યો અને પકડવાની ધમકી આપી. એક હિંદુ અને એક મુસલમાન વિરૂદ્ધ ખોટી સાક્ષી આપવા મને તેઓ સમજાવવા લાગ્યા. બંન્ને ઇન્સ્પેકટરો મુસલમાન હતા છેવટે હું તેઓના કહેવા પ્રમાણે હિંદુ સામે જુબાની આપવા કબુલ થયો. પરંતુ હિં મુસલમાન બંનેને સજા થઇ હતી,

૨૮૯

સાલિગરામ રાલિયારામની, જુબાનીઃ ગુજરાનવાલા.

મારી મિઠાઇની દુકાન છે. સિકનદરલાલ એક સિ. આઇ. ડી. ઑફિસર છે. મા દુકાને ઘણીવાર ઉધાર જણસો લેવા તે આવતો; પરંતુ હું ન આપતો એટલે મારા ઉ એને ખાર ચઢયો હતો.

૪ થી જુને મારી પાસે એણે થોડાક પૈસા માગ્યા, અને પૈસા ન આપવા : મને હેરાન કરવાની ધમકી આપી પરંતુ મેં તેની માગણી કબુલ ન રાખી એટલે ૧૭ જુને બે કોન્સ્ટેબલો મને માનસિંહ બાગમાં પકડી ગયા; મને ખુબ માર માર્યો, : મેં રેલ્વે સ્ટેશન ઉપર પથરા ફેંક્યા હતા એવો મારા ઉપર ખોટો આરોપ મુકી

કોર્ટમાં ઉભો કર્યો. કોર્ટે મને છ મહિના જેલમાં રહેવાની અને ૫૦૦ રૂપિયાનો દંડ ભરવાની સજા કરી. પાછળથી છને બદલે ત્રણ મહિનાની સજા કરવામાં આવી. દંડ ભરવા માટે મારા ભાઇને અમારૂં ઘર વેચવું પડયું હતું. આટલું બધું દુઃખ અમારે સિકનદરલાલને લઈ વેઠવું પડયું હતું.

૨૯૦

સરદાર સોહાનસિંહ જવાલાસિંહની જુબાનીઃ કમિશન એજંટ; ગુજરાનવાળા.

ગુજરાનવાલામાં મારી ઘણી દુકાનો છે. હું દર વર્ષે ૨૬૫ રૂપિયા ઇન્કમટેક્સના સરકારને ભરૂં છું. વૈશાખીયાત્રાને બીજે દિવસે હું સવારના દિલ્હી લાહોરથી આવ્યો અને ગુરૂકુળ આગળના કુવે ન્હાવા ગયો. તે વખતે પોલીસ સુપરિનટેંન્ડન્ટ કેટલાક કોન્સ્ટેબલો સાથે રેલ્વેબ્રિડજ તરફ જતો હતો. પુલ આગળ કેટલાક છોકરાઓ હતા. સુપરિનટેંડંટને આવતો જોઇ છોકરાઓ શહેરમાં નાસી ગયા. પોલીસ પુલ આગળ જ રોકાઈ, અને હું ગુરૂકુલ પાસેના કુવે ન ન્હાતાં બીજે કુવે જઈ ન્હાયો.

આ પછી, પંદરેક દહાડા રહી મને માનસિંહ બાગમાં બોલાવામાં આવ્યો. પોલીસે મારી પાસેથી પુલ આગળ તોફાન કરનારાઓનાં નામ માગ્યાં અથવા તેને બદલે લાંચ આપવા જણાવ્યું. મારી સાથે ગીયાં ગોધરીના સાધુઓને પણ ત્યાં હાજર કરવામાં આવ્યા હતા. અમને બધાને આજ કામ સારૂ લાગટ ચાર પાંચ દહાડા સુધી સવારના બોલાવવામાં આવતા અને ઠેઠ રાત્રે ઘેર જવાની રજા આપવામાં આવતી. મ્યુનિસિપલ કમીશનર અમરસિંહે પોલીસ વતી મને સમજાવવા પ્રયત્ન કર્યો હતો; છુટી જવા માટે પૈસા ખરચવાનું તેણે મને સુચવ્યું હતું, અને ઓછામાં ઓછા નવસેં જેટલા રૂપિયા ખરચવાનું કહ્યું હતું.

ત્રીજે કે ચોથે દિવસે સબ–ઇન્સ્પેકટર ફકિર ઉલ્લા મારી જુબાની લખવા બેઠો; તેણે કેટલીક ખોટી વાત લખી કાઢી, અને તેના ઉપર મારી સહી માગી, પણ મેં ન આપી.

આ પછી, ૧૫–૨૦ દિવસ રહી એક પોલીસનો સિપાઇ મારી દુકાને આવ્યો. હું અમૃતસર–લાહોર ગયો હતો, એટલે મારી દુકાનના માણસોએ મને તારથી તેડાવ્યો. મારી દુકાનની સામે કૈસરસિંહ રહેતો હતો. તેણે ચુહાનખાનામાં કંઇક તોફાન કર્યું હતું. તેની બાબતમાં સિપાઇ મને સુપરિનટેંડંટ પાસે લઈ જવા માગતો હતો. મને ન લઇ જવા માટે તેણે મારી પાસે ૧૦૦ રૂપિયાની માગણી કરી, પણ પછી તે ૨૫ રૂપિયા લઈ ચાલતો થયો.

માર્શીયલ લૉના અમલ દરમ્યાન મારી દુકાન આગળ લોકોને ફટકા મારવા એક સ્તંભ ઉભો કરવામાં આવ્યો હતો.

૨૯૧

લાધા અહમદ દીનની જુબાનીઃ ગામ, તેહર્હી, જીલ્લો, ગુજરાનવાલા,

દોઢેક વર્ષ ઉપર તાસિલદારે મારી પાસે કેટલાક નવા લશ્કરી સિપાઇઓ માગ્યા હતા અને તે ન બને તો રોકડા પૈસા આપવા જણાવ્યું. એક કુંભારને ૩૦૦ રૂપિયા આપી સિપાઈ બનાવવામાં આવ્યો હતો, આમાંથી ૧૫ રૂપિયા મારે આપવા પડયા હતા.

સાત આઠ મહિના બાદ તાસિલદારે મારા છોકરાને લશ્કરમાં મોકલવાની માગણી

કરી; મારો છોકરો ન્હાનો હતો એટલે મેં તેને બીજે ગામ મોકલી આપ્યો, અને તાસિલદારને ન આપ્યો. એટલે તાસિલદારે મને ખૂબ માર માર્યો; મારી પાસે ૩૦૦ રૂપિયા જામીનના લીધા અને મને છોકરાને શોધી કાઢી તેને સોંપવા હુકમ કર્યો. છોકરો મને ન જડયો એટલે હું ગુજરાનવાલા તાસિલે ફરિયાદ કરવા ગયો; ત્યાં મને આઠ દિવસ સુધી કેદ રાખવામાં આવ્યો; અને તે દરમ્યાન મને દરરોજ માર મારવામાં આવતો. પછી મને ૩૦૦ રૂપિયાની જામીને છોકરાને શોધવાને અને શોધી ચોકીએ હાજર કરવા છોડવામાં આવ્યો. મારો છોકરો મળ્યો કે તરત તાસિલદારે તેનું નામ નવાસિપાઈ તરીકે લખી લીધું. પરંતુ ઑફિસરે ન્હાનો હોવાથી તેને લશ્કરમાં દાખલ ન કર્યો.

૨૯૨

દિવાનચંદ ભાનસિંહની જુબાનીઃ ગામ, જંડિયાલા શેરખાન; જીલ્લો, ગુજરાનવાલા.

૧૯૧૬ની સાલથી હું થકણુ તાસિલમાં પટવારી હતો. ૧૯૧૭ ના ડિસેમ્બરમાં કરનલ ઓબ્રાયન ગુજરાનવાલાનો ડેપ્યુટી કમિશનર થયો અને ત્યારથી લશ્કરમાં ભરતી કરવાના કામમાં સખ્તાઇ વપરાવી શરૂ થઈ. જોઇએ તેવી ભરતી ન કરવા માટે સાહેબ લમ્બરદાર અને તાસિલદારને સજા કરતો.

સાધારણ રીતે ભરતી આ પ્રમાણે કરવામાં આવતી; જે તાસિલમાંથી નવા સિપાઇઓ મેળવવા હોય તે તાસિલના ૧૮ થી ૩૫ વર્ષના માણસોની ટીપ કરવામાં આવતી. ટીપ કરવાનું કામ દરેક ગામના લમ્બરદાર અને પટવારીને સોંપવામાં આવતું. ટીપ ઉપરથી નાયબ તાસિલદાર લશ્કરમાં જવા લાયક એવા જુવાનોને પસંદ કરતો અને પછી એવા દરેક ઉપર પિનલ કોડની ૧૭૪ મી કલમ અનુસાર વોરંટ કાઢવામાં આવતું. લમ્બરદાર અને ઝાઇલદારની નિમણુંક નાયબ તાસિલદાર કરતો હોવાથી તેઓ બધા તેના દબાયલા રહેતા અને તેના કહેવા પ્રમાણે સાચું ખોટું કરવાને તૈયાર રહેતા. તાસિલદારે પસંદ કરેલા જુવાનોને પકડવા પણ લમ્બરદાર અને ઝાઇલદાર જ જતા. જેઓને આ રીતે પકડી ભરતીની ઓફિસે લાવવામાં આવતા, તેઓની પાછળ તેઓના સ્ત્રી સંબંધીઓ રડતા રડતા આવતા; પણ તેઓ ઉપર કોઈ ધ્યાન ન આપતું; અને તેઓને પરાણે દૂર કાઢી મેલવામાં આવતા. રિક્રુટિંગ ઓફિસર મિ. ડાલે સ્ત્રીઓને ભગાડી મુકવા પોતાના બે કુતરાનો ઉપયોગ કર્યો હતો.

૨૯૩

ભગવાનસિંહ ઇશ્વરસિંહની જુબાનીઃ જમીનદાર, ઉમ્મર વર્ષ ૪૫;
ગુજરાનવાલા જીલ્લો.

૧૯૧૦ માં કામોટી ગામમાં ઝાઇલદારની જગાએ મારી નિમણુંક થઈ હતી. લડાઈ દરમ્યાન મારી ઝાઇલમાંથી લશ્કરમાં ભરતી કરવામાં આવતી. કરનલ ઓબ્રાયનના આવવા પછી ભરતી કરવા માટે લોકોને ખૂબ દબાવવામાં આવતા. લમ્બરદાર અને ઝાઇલદાર અને પાટીદારને સુદ્ધાં ભરતી કરવામાં કચાસ બતાવવા માટે મારવામાં આવતા. મેં મારી નજરે કેટલાકોને માર ખાતા જોયા છે.

૨૦મી એપ્રિલે ૨૦ અંગ્રેજ સોલજરો મારે ઘેર આવ્યા અને મને પોતાની સાથે લઈ ગયા. ગામ બ્હાર તેઓએ ગામના સોએક માણસ ભેગા કર્યા હતા. અમારા ગામમાં

કાઇએ તારનાં દોરડાં કાપ્યાં ન હતાં, પરંતુ ૧૧ એક માઈલ દૂર મૌઝા સદનવાલામાં કોઈક દોરડાં કાપ્યાં હતાં. સોલજરોએ મારી પાસે ગુન્હેગારનાં નામ માગ્યાં; પણ મને તેની ખબર ન હોવાથી મેં ન આપ્યાં. એટલે મને ૧૬ ફટકા મારવામાં આવ્યા અને ૨૦૦ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો.

૨૯૪.

લાલા હરનમનદાસ ગોકલચંદ ચોપરાની જુબાનીઃ ગુજરાનવાલા.

૧૪ મી એપ્રિલ પહેલાં રેલ્વેની વખારમાં મારી રૂની ૬૪ ગાંસડીઓ અને ચોખાની ૧૦૦ ગુણીઓ બ્હારગામ મોકલવા સારૂ પડી હતી. શહેરમાં હળતાળ પડવાની અને અમૃતસરમાં તોફાન થયાની વાત સાંભળી વખારમાંથી મારો માલ કાઢી લેવા હું સ્ટેશને ગયો પણ તેમ કરવા મને રજા ન મળી.

બપોરે હું પાછો વખારે ગયો અને વખારનો બચાવ કરવા ઉભેલ સબ-ઈન્સ્પેક્ટરને વિનવવા લાગ્યો; પણ તેવામાં પાસે જ ગડબડ થતી સંભળાઈ એટલે ૧૦-૧૨ સિપાહીઓને વખાર આગળ રાખી સબ-ઇન્સ્પેક્ટર ગડબડની જગાએ જતો રહ્યો. હું તરત જ વખારમાંથી મારો માલ કાઢી લેવા માંડયો. પણ ખટારો જ ઉંધો વળી ગયો, અને માલ ત્યાંથી ખસેડી ન શકાયો. કોન્સ્ટેબલોએ નિશાની કરી કેટલાક તોફાનીઓને આ તરફ બોલાવ્યા, અને તેઓના અને સિપાઇઓના બતાવવાથી તોફાનીઓએ વખારને અને પાસેના ખ્રીસ્તીઓના દેવળને આગ લગાડી. આગથી મને મ્હોટી નુકસાની વેઠવી પડી.

૨૯૫.

ઈલાહીબક્ષ અબદલ્લાની જુબાનીઃ ધુલી ગામનો સુથાર; ગુજરાનવાલા જીલ્લો.

૧૪ મી એપ્રીલે બપોરના ત્રણેક વાગે હું ઇમામદિનની વહુ ઉમરા, અને ઇસ્માઇલ ધારિયલવાલાથી ધુલી જતા હતા તેવામાં ઓચીંતો અમારા ઉપર એક બોંબ પડયો; અને અમે ત્રણે ઘાયલ થયા. ઉમરા અને ઇસ્લાઇલ તરત જ મરણ પામ્યા; મને વાંસામાં ઘા પડયા હતા. જેમ તેમ કરી હું મારે ગામ પહોંચ્યો. અમારા ઉપર બોંબ ફેંકવામાં આવ્યો ત્યારે અમારા ત્રણ સિવાય અમારી આસપાસ કોઈ જ નહતું.

૨૯૬.

કિશનસિંહ વિદ્યાર્થીની જુબાની; ખાલસા હાઇસ્કુલ; ગુજરાનવાલા.

૧૪ મી એપ્રિલ રજાનો દિવસ હતો. સરદાર નરંજનસિંહ ઘર બ્હાર જવાની વિદ્યાર્થીઓને મનાઈ કરી ગયેલ હોવાથી અમે બ્હાર નીકળ્યા નહતા,—અને ખાઈપી અમારા ઓરડામાં બેઠા હતા.

બપોરના ત્રણેક વાગે બોર્ડિંગ હાઉસ ઉપર ચાર એરોપ્લેન ઉડતાં અમે જોયાં. આ વખતે કેટલાક ન્હાના છોકરાઓ ચોગાનમાં રમતા હતા. ઓચીંતો બોર્ડિંગ હાઉસ ઉપર એક બોંબ પડયો; આથી અમારા કંદોઇને ઇજા થઇ; અને મને પણ એક આંગળીએ સહેજ વાગ્યું.

સાડાચાર વાગે, એક અઠવાડિયા સુધી સ્કુલ બંધ રાખવાનો હેડમાસ્તરનો હુકમ નીકળ્યો, અને અમને બધાને અમારે ગામ જવાનું કહેવામાં આવ્યું.

૨૭ મી એપ્રિલે હું મારા ગામમાં બજારમાં હતો ત્યારે હવાલદાર મને ચોકીએ લઇ ગયો; ત્યાં મારી જુબાની લેવામાં આવી; અને પછી મને ગુજરાનવાલા મોકલવામાં આવ્યો. ગુજરાનવાલામાં, મારી સ્કુલના વિદ્યાર્થીઓને થયેલાં તોફાનમાં સંડોવવા મને કહેવામાં આવ્યું; પરંતુ તેમ કરવા હું કબુલ ન થયો. એટલે મને એક માસ નજરકેદ રાખવામાં આવ્યો, અને પછી મારા ઉપર કેસ ચલાવવામાં આવ્યો; તેમાં હું છુટી ગયો.

૨૯૭.

ભાઇ ઇંદરસિંહ ધરમચંદની જુબાની; ગુલાબસિંહ ખાલસા હોસ્ટેલનો સુપરિનટેંડંટ, ગુજરાનવાલા.

૧૪ મી એપ્રિલે બપોરના ત્રણેક વાગે એરોપ્લેનનો અવાજ અમે સાંભળ્યો. અવાજ સાંભળી હોસ્ટેલમાં વસતાં ૧૦૦ થી ૧૨૫ વિદ્યાર્થીઓ એરોપ્લેન જોવા બ્હાર નીકળ્યા અને સ્કુલ અને હોસ્ટેલ વચ્ચેના ખુલ્લા ચોગાનમાં જઇ ઉભા. થોડીવારમાં ગોળીનો મારો ચાલતો હોય ને જેવો અવાજ થાય તેવો અવાજ અમારે કાને આવ્યો; અને ચોમેર ધુમાડો ધુમાડો થઇ રહ્યો. અમે બધા હોસ્ટેલની દેવડી હેઠળ જઈ ઉભા. ધુમાડો વિખરાઈ ગયો ત્યારે અમને જણાયું કે અમારા ઉપર બોંબ ફેંકવામાં આવ્યો હતો. બોંબ પડવાથી ચોગાનમાં પાંચ છ ફુટ જેટલા ઘેરાવાનો અને એક ફુટ ઉંડો ખાડો પડયો હતો. અને મકાનની ભીંતોમાં પણ ફાટ પડી હતી. બોંબથી હોસ્ટેલ આગળ બેસતા કોઇને ઇજા થઇ હતી.

અમારી સ્કુલમાં રાજકારભારને લગતી સભાઓ કોઈવાર પણ ભરાઇ નહતી; તેવી સભાઓ કરવાની મનાઇ છે. ૧૪ મી એપ્રિલે કોઈપણ બોર્ડર શહેરમાં ગયો નહતો; અને બોર્ડીંગ હાઉસ શહેરથી અર્ધોએક માઇલ અને સ્ટેશનથી માઇલ કરતાં વધારે દુર છે.

૨૯૮

બિહારીલાલ બુધરાજની જુબાની; ગુજરાનવાલા.

૧૪ મી એપ્રિલે દાણા બજારની બધી દુકાનો બંધ હતી. મેં પણ મારી દુકાન બંધ રાખી હતી; અમે કેટલાક દુકાનદારો સવારના દુકાન આગળ ખાટલા નાંખી બેઠા હતા. તે વખતે સ્ટેશનેથી કેટલાક અમારી આગળ આવ્યા અને અમને કહેવા લાગ્યા કે હુરદ્વારથી કેટલાક મુસાફરો આવ્યા છે અને તેઓ બહુ ભુખ્યા છે, અને ખાવાનું શોધી રહ્યા છે. એટલે મેં તેઓને ખવડાવવાનો બંદોબસ્ત કર્યો, અને તેઓ ખાઇને પાછા સવા દશ વાગે ટ્રેનમાં બેસી જતા રહ્યા. આ પછી સાંજ સુધી હું દુકાન આગળ બેસી રહ્યો હતો. બપોરના મંડી ઉપર કેટલાંક એરોપ્લેન ઉડતાં હતાં અને બોંબ ફેંકતાં હતાં. આથી કેટલાક જણ ઘાયલ થયા હતા.

૧૬ મી એપ્રીલે મને પકડવામાં આવ્યો અને બે માસ સુધી જેલમાં રાખવામાં આવ્યો; અને પછી મારા ઉપર કેસ ચલાવવામાં આવ્યો; તેમાં હું છુટી ગયો.

હું જેલમાં હતો ત્યારે એકવાર બે જણાને કમાનડિંગ ઓફિસરને સલામ કરવી ભૂલી જવા માટે ફટકા મારવામાં આવ્યા હતા.

૨૯૯

રાય સાહેબ સરદારલાલ, પ્લીડરની જુબાની; ગુજરાનવાલા.

૧૫ મી એપ્રીલે કરનલ ઓબ્રાયને શહેરના મ્યુનિસિપલ કમિશનરોને કોર્ટ હાઉસમાં ત્રણ વાગે ભેગા કર્યા અને પછી તેઓને રેલ્વે સ્ટેશન ઉપર બેસાડયા. ત્યાં લાલા મેલારામ, લાલા લાભસિંહ મંગલસેન અને બીજા અગ્રેસરોને પકડી લઇ જવામાં આવ્યા અને કરનલે તેઓ બધાને કિડા, મંકોડા અને બદમાશ કહી તેઓનું અપમાન કર્યું. પછી મ્યુનિસિપલ કમિશનરો અને પકડાયલા લોક નાયકોને લઇ સરઘસના ઠાઠમાં કરનલ શહેરમાં બીજાઓને પકડવા નીકળ્યો. પકડવાનું ખલાસ થયા પછી સરઘસ પાછું સ્ટેશને આવ્યું અને ત્યાં પોલિસના ડેપ્યુટી ઈન્સ્પેકટર જનરલે લોકોને બદમાશ કહ્યા, તેઓને ફાંસી ચઢાવવાની ધમકી આપી, અને પછી દુકાનો ઉઘાડવાનો હુકમ કર્યો.

૧૬ મી તારીખે મ્યુનિસિપલ કમિશનરો અને ઓનરરી મેજીસ્ટ્રેટો શહેરમાં દુકાન ઉઘડાવવા ગયા; પણ લોકોએ તેઓનું કહેવું માન્યું નહિ. એટલે કરનલે હુકમ કાઢયો કે તે દિવસે ત્રણ વાગા પહેલાં દુકાનો ખોલવામાં નહિ આવે તો બળજોરીથી ઉઘાડી નાંખવામાં આવશે અને અંદર જે કંઈ હશે તે જપ્ત કરવામાં આવશે. લોકો આ હુકમને તાબે થયા.

૧૭ મી કે ૧૮ મીએ ગુજરાનવાલામાં માર્શાયલ લૉનો અમલ શરૂ થયો.

૩૦૦.

લાલા શિવનાથ કિરપારામની જુબાની; ગુજરાનવાલા.

૧૪ મી એપ્રિલે ગુજરાનવાલામાં હડતાળ પડી હતી, અને કેટલાક તોફાનીઓએ સરકારી મકાનો બાળ્યાં હતાં. શહેરમાં એવી વાત ફેલાઇ હતી કે પોલિસના માણસોએ જ લોકોને આગ લગાડવા ચઢાવ્યા હતા.

તે દિવસે બપોરના ત્રણેકવાગે શહેર ઉપર એરોપ્લેન ઉડતાં જોવામાં આવ્યાં હતાં; અને તેમાંથી શહેરના જુદા જુદા ભાગમાં બોંબ નાંખવામાં આવ્યા હતા.

માર્શાયલ લૉના અમલ દરમ્યાન દરેક બ્રિટિશ ઓફિસરને સલામ કરવાનો હુકમ કાઢવામાં આવ્યો હતો; પરંતુ ઘણીવાર સોલજરોને સલામ ન ભરવા માટે લોકોને માર મારવામાં આવતો. ઉપરાંત, સોલજરો બજારમાંથી વિના દામે વસ્તુઓ લઇ જતા, અને કદી પૈસા આપતા તો પણ બજાર ભાવ કરતાં ઓછાજ આપતા. કોઇ ટાંગામાં કે ઘોડે બેસી જતો દેખાતો, તો તેને ઉતારી પાડવામાં આવતો, અને ટાંગામાં અને ઘોડે સોલજરો સહેલ કરવા જતા અને પછી તેના માલિકોને સોંપવામાં આવતા.

હડતાળ પાડવા કોઇએ લોકો ઉપર દબાણ નહોતું કર્યું.

સોહાન પાસે એકઠાં થયેલાં ટોળાં પાસે લાકડીઓ કે લાઠીઓ કે કોઇ જાતનાં હથિયાર નહતાં.

લશ્કરમાં બળજોરીથી ભરતી કરવામાં આવતી હોવાથી, અને પોલીસે લોકો ઉપર ગોળીબાર કરેલ હોવાથી, મને લાગે છે કે લોકો ઉશ્કેરાઈ જઈ આગ લગાડવા ઉતરી પડયા હતા.

૩૦૧.

સરદાર અત્તરસિંહ, ભાટીયાની જુબાની; બેરિસ્ટર; ગુજરાનવાલા.

૧૨ મી એપ્રિલે ડિસ્ટ્રીક્ટ કોન્ગ્રેસ કમિટીની સભા થઇ હતી; તેમાં જલનધર પરિષદમાં મોકલવા પ્રતિનિધિઓની ચુંટણી થઇ હતી. સભામાં કેટલાક દુકાનદારો પણ આવી પહોંચ્યા હતા, અને મહાત્મા ગાંધીને પલવલ આગળ પકડવામાં આવેલ હોવાથી હડતાળ પાડવાનો વિચાર તેઓએ કમિટી પાસે રજુ કર્યો હતો; પરંતુ કમિટીએ તે વિષે કંઇ ઠરાવ કર્યો નહતો. છતાં લોકોએ ૧૪ મી તારીખે હડતાળ પાડી હતી.

૧૪ મી તારીખે સવારના નવેક વાગે ન્યાનીએ લોકોની સભા ભરાઈ હતી. સભા ચાલતી હતી તે વખતે અમે ગોળી બહારના અવાજ સાંભળ્યા હતા, અને થોડીવાર રહી એક ઘાયલ થયેલ માણસને ખાટલા ઉપર સભામાં લાવવામાં આવ્યો હતો. આ જોઈ લોકો ઉશ્કેરાઇ ગયા અને ઇસ્પિતાલ તરફ રવાના થયા. કેટલાક છોકરાઓ અને અભણ અને હલકા વર્ગના લોકોએ રેલ્વે સ્ટેશનને આગ લગાડી હતી.

માર્શીયલ લોના અમલ દરમ્યાન એક દિવસે હું કોર્ટે જતો હતો તે વખતે તાસિલ આગળ કેટલાક સોલજરોએ મને રોકયો અને મને સલામ કરવાની ફરજ પાડી, જો કે હુકમ તો માત્ર ઓફિસરોને જ સલામ કરવાનો હતો.

૩૦૨.

લાલા હરબંશરાજ અમરનાથની જુબાની; ગુજરાનવાલા.

જુન માસમાં મારા બાપ લાલા અમરનાથ પ્લીડરને ફાંસીની સજા કરવામાં આવી અને મને તેની માલ મિલકત જપ્ત કરવાનો હુકમ નીકળ્યો. સજા થયા પછી થોડા દહાડા રહી એક રાત્રે આઠ વાગે તાસિલદાર કેટલાક પોલીસના માણસો લઇ ધરજખ ગામમાં અમારે ઘેર આવ્યો, અને અમને બધાને ઘરમાંથી ખાલી હાથે બ્હાર જવાનો હુકમ કર્યો. ઘરમાં અમે નવ જણા હતા; તેમાં છ તો સ્ત્રીઓ હતી. અમને ઘર બ્હાર કાઢી પોલીસે અમારા ઘરનો કબજો લીધો, અને ઘરને સિલ માર્યાં. અમારી બીજી મિલ્કતો પણ જપ્ત કરવામાં આવી હતી.

માર્શીયલ લોથી લોકો એટલા બધા ત્રાસી ગયા હતા કે કોઇ સગાવાલાએ અમને રાત્રે આસરો આપવાની હિમ્મત ન કરી એટલે અમારે બધાને રસ્તે રોકાવું પડયું. પણ છેવટે લાલા મેલારામ અને હકુમતરાયને ત્યાં અમને આસરો મળ્યો હતો.

છ અઠવાડિયા પછી મારા બાપની સજામાં ઘટાડો કરવામાં આવ્યો, અને જપ્તીનો હુકમ પણ રદ કરવામાં આવ્યો. જપ્તી દરમ્યાન વરસાદ પડવાથી અમારા ઘરને તથા સરસામાનને ઘણું નુકશાન પહોંચ્યું હતું.

× × × × ×

૩૦૪.

મથરાદાસ ગણુપતરાય, સોની, અને મંગલસિંહ ગૈંડાસિંહની જુબાની: ગુજરાનવાલા.

વૈશાખી યાત્રા પછી સવાએક મહિનો રહી એક દિવસ હું મારી દુકાને ગયો ત્યારે મેં ત્યાં આગળ લોકોને ભેગા થયેલા જોયા, અને ત્યાં જ મારી દુકાનના ચૌકિદાર લછ-

મનદાસને મરણુ પામેલો જોયો. લોકો એમ કહેતા હતા કે બ્રિટિશ સોલજરોએ તેને મારી નાંખ્યો હતો.

માર્શીયલ લૉના અમલ દરમ્યાન બ્રિટિશ સોલજરો અમને નામોશી લગાડવા અમારી પાસે જેવાં તેવાં કામ કરાવતા. એક દિવસે મ્યુનિસિપાલિટીનાં માણુસો ગટર સાફ કરી ગયા હતા, છતાં અમને બધાને બજારનાં ગટર સાફ કરવાની ફરજ પાડવામાં આવી હતી.

૩૦૫

સરદાર રઘબિરસિંહ ઉધમસિંહની જુબાનીઃ કાપડનો વ્યાપારી, ગુજરાનવાલા.

રેલ્વે બજારમાં મારી કામડની દુકાન છે. માર્શીયલ લોના વખતમાં બ્રિટિશ સોલજરો એક દિવસે મારી દુકાનેથી બે ખમીસો ઉપાડી ગયા હતા અને એક ફાડી નાખ્યું હતું. પણુ મને તેના પૈસા નહોતા આપવામાં આવ્યા. આવી રીતે તેઓ બીજાઓને પણુ પજવતા હતા. જેઓ તેઓને સલામ નહોતા કરતા તેઓને તેઓ મારતા.

૩૦૬

અલ્લાહુદિત્તા હસન મહમદની જુબાનીઃ ઇંટ બનાવનાર; ઉમ્મર વર્ષ ૩૫; ગુજરાનવાલા.

૧૪ મી એપ્રિલે બપોરના અઢીવાગાના સુમારે હું ગુજરાનવાલા સ્ટેશન આગળની વખાર પાસે મારા સગાઓની શોધ કરવા ગયો હતો. ત્યાં ઓચીતું મને કંઈ વાગ્યું અને હું બેભાન થઇ પડયો. સુદ્ધીમાં આવ્યો ત્યારે જણુાયું કે મને ઘા પડયો છે; એટલે જેમ તેમ કરી હું ઘસડ ઘસડ કરતો થોડેક સુધી ગયો. મેં બીજા બે જણુને રસ્તે મરણુ પામેલા જોયા હતા. મારા સગાઓ પછી મને હોસ્પિતાલે લઇ ગયા; ત્યાં મારા પગનો થોડોક ભાગ કાપી નાખવામાં આવ્યો. ૪ાા મહિને મારો ઘા રૂઝાયો હતો.

ઘાયલ થયા પછી તેર દહાડા રહી મને પકડવામાં આવ્યો હતો, અને સ્ટેશન આગળની વખાર લુટવાનો આરોપ મારા ઉપર મુકવામાં આવ્યો હતો. મને બે વર્ષની સજા કરવામાં આવી હતી; પણુ પછી મને પાંચમી ઑગસ્ટે છુટો કરવામાં આવ્યો હતો.

૩૦૭

માર્શીયલ લૉ નોટિસઃ નં. ૭

અમને એવી ખબર મળી છે કે ગુજરાનવાલા જીલ્લાના રહીશો કમિશનર સાહેબને અને નામદાર શહેનશાહના યુરોપિયન સનદી અને લશ્કરી અમલદારોને માન આપતા નથી. આથી સરકારની ઇજ્જત અને પ્રતિષ્ઠા જળવાતી નથી. એથી અમે એવો હુકમ કરીએ છીએ કે જેવી રીતે હિંદુસ્થાનના મ્હોટા અને પૈસાદાર માણુસોને માન આપવામાં આવે છે તેવી જ રીતે ગુજરાનવાલા જીલ્લાના વતનીઓએ આ માનનીય અમલદારોને મળવાનો પ્રસંગ આવે ત્યારે તેઓને માન આપવું.

[અમલદાર મળતાં] ઘોડે બેસી જનારાએ અને વાહન માત્રમાં જનારે નીચે ઉતરી

પડવું; કોઇના હાથમાં છત્રી ઉઘાડી હોય તો તેણે બંધ કરવી અને નીચે નમાવવી; દરેક જણાએ માનપૂર્વક સલામ કરવી.

(સહી) એલ. ડબલ્યુ. વાઇ. કેમ્બેલ, બ્રિગેડિયર જનરલ, ગુજરાનવાલા જીલ્લાનો કમાંડિંગ ઑફિસર.

૩૦૭-૧

દિવાનચંદ સંતરામની જુબાનીઃ ગુજરાનવાલા.

હું કૃષ્ણકુમાર સભાનો પ્રમુખ હતો. માર્શીયલ લૉના અમલ દરમ્યાન સનાતન સભાની બેઠક થઇ હતી. તેમાં મારી સભાના સભ્યોને હાજર રહેવા આમંત્રણ કર આવ્યું હતું. તે વિષે મારી સભાએ કોઈ જાતનો ઠરાવ નહોતો કર્યોઃ પરંતુ હું તથા કેટલાક સભાસદો બેઠકમાં ગયા હતા. બેઠકે કેટલાક ઠરાવો પસાર કર્યા હતા. કેટલાક રહી તાસિલદારે મારી સભાના બધા સભ્યોનાં નામ ઠામ માગ્યાં; મેં તેને પૂરાં પ આ પછી પોલીસે સભાવિષે પૂછપરછ શરૂ કરી. એટલે અમે બધા સભાસદો ગભ અને સભા બંધ કરવાનો ઠરાવ કર્યો. સભા પાસે ૭૦ રૂપિયા બચ્યા હતા તે અમે લીગમાં ભરી દીધા; અને સભા વિંટી મુકવાની ખબર અમે પોલીસને કરી.

વઝીરાબાદ.

૩૦૮

ડૉ. દૌલતસિંહની જુબાનીઃ આર્યસમાજનો માજી મંત્રી, વઝીરાબાદ,

વઝીરાબાદમાં બે પક્ષ છે; બંને વચ્ચે ખટાશ રહ્યા કરે છે; એક પક્ષ બીજા પક્ષને હેઠો પાડવા સદા મથ્યા કરે છે. એપ્રિલ માસમાં થયેલી ગડબડને લઇ આર્ય સમાજના વિરોધીઓને સમાજને ધક્કો પહોંચાડવા સારી તક મળી હતી. શહેરમાં આવી પક્ષાપક્ષીની લાગણી હોવાથી ૬ઠી એપ્રિલની હડતાળમાં મેં ભાગ લીધો ન હતો, અને હડતાળ ન પાડવાની મેં મારી પાસે આવેલા સમાજીઓને સલાહ આપી હતી; પરંતુ શહેરમાં થોડે ઘણે ભાગે દુકાન ૬ ઠી તારીખે બંધ રહી હતી.

૧૩ મી તારીખે "વૈશાખી" હતી. અમારા પ્રાંતમાં આ અગત્યનો દિવસ છે. લોકો ૧૪મી તારીખે હડતાળ પાડવાનો વિચાર કરતા હતા, અને તેને વાસ્તે સ્ટેશન આગળની મસજીદમાં સભા ભરવામાં આવી હતી. હું આ સભામાં ગયો ન હતો, અને મારે દવાખાને જેઓ આવ્યા હતા તેઓ બધાને સભામાં ન જવાની સલાહ આપી હતી.

૧૫મી તારીખે વઝીરાબાદમાં હડતાળ પડી હતી, શહેરમાં ક્યાંય ગડબડ થઈ ન હતી.

પરંતુ ૧૭ મી તારીખે સવારના મને ખબર પડી કે કેટલાક તોફાની છોકરાઓએ અને બદમાશોએ તારનાં દોરડાં કાપી નાખ્યાં છે; રેલ્વે સડક ઉપરના એક બે પુલોને આગ લગાડવા પ્રયત્ન કર્યો છે, અને રેવરંડ મિ. બેલીના બંગલાને સળગાવી મૂક્યો છે. મિ. બેલી બહુ ભલો માણુસ છે. કોઇ સાથે તેને ખાર–વેર નથી. તેના બંગલાને આગ લગાડવામાં આવ્યાની વાત જાણી મને બહુ દુઃખ થયું હતું.

તેજ દિવસે બપોરના કરનલ ઓબ્રાયન વઝીરાબાદ આવી પહોંચ્યો; અને કેટલાક લોકોને પકડયા.

૧૭મી તારીખે વઝીરાબાદમાં માર્શીયલ લૉનો અમલ શરૂ થયો. આથી લોકો ઘણુા મુંઝાયા અને ગભરાટમાં પડી ગયા.

માર્શીયલ લૉના અમલ દરમ્યાન, જેઓને પકડવામાં આવ્યા હતા તેઓના ઘર ઉપર અને જુદા જુદા લત્તાઓમાં માર્શીયલ લૉને લગતા જાહેરનામાં ચોટાડવામાં આવ્યાં હતાં. આર્યસમાજના મંદીર ઉપર પણુ તેવાં જાહેરનામાં લગાડવામાં આવ્યાં હતાં, અને તે વખતે હું સમાજનો મંત્રી હતો એટલે જાહેરનામાની સંભાળ રાખવાનું મારે શીરે આવી પડયું. આ કામ માટે મારે બે માણુસ રોકવા પડયા હતા; અને દિવસમાં હું પોતે વારંવાર જાહેરનામાંની તપાસ કરવા મંદીરે જઇ આવતો. આ જાહેરનામાંઓને કોઇ છેડ કરતું તો અધિકારીઓ બહુ ગુસ્સે થતા.

આ દિવસોમાં ઓફિસરને ધ્યાન ચૂકથી સલામ કરવી કોઇ ભૂલી જતો તો તેની પાઘડી માથેથી ઉતારી નાખવામાં આવતી; અને તેને ગળે બાંધવામાં આવતી, અને પછી તેને દંડ થતો અથવા તો ફટકા મારવામાં આવતા.

૧લી કે ૨જી મેએ પોલીસ મારી પાસેથી આર્યસમાજના રજીસ્ટરો લઇ ગઈ, અને

સાંજે મને ચોકીએ બોલાવ્યો. મારા દેખતાં ઇન્સ્પેક્ટરે રજીસ્ટરો તપાસ્યા, અને પછી મને જવાની રજા આપી.

૨૦મી તારીખે મને એક કોન્સ્ટેબલ ચોકીએ લઇ ગયો. આ અરસામાં પોલી સદર-રોજ જુદા જુદા ધંધાદારીઓને સવારના ચોકીએ બોલાવતી, અને તેઓ પાસેથી થોડું ઘણું કંઇક પડાવી સાંજના જવા દેતી. મને દશ દહાડા સુધી ચોકીએ રાખવામાં આવ્યો હતો. તે દરમ્યાન પોલીસ મારી પાસેથી હડતાળ વિષે કંઇક વિગત લખાવી લેવા મથી હતી. પરંતુ મેં તેમાં જરાપણ ભાગ લીધો નહતો એટલે તે બાબદ મને કંઇજ ખબર ન હતી.

૭ મી જુને મને તથા બીજા આબરૂદાર માણુસોને પોલીસે પકડયા અને અમને બધાને હાથકડી પહેરાવી શહેર બ્હાર લઇ ગઇ. પોલીસે એક દુધવાલાને અને એક શરબતવાલાને મારી સામે જુબાની આપવા શીખાડી મૂકયા હતા; અને મારા ઉપર એવો આરોપ મુકયો હતો કે ૧૪ મી તારીખની સભામાં હું ગયો હતો, લોકોની મોખરે ચાલતો હતો અને "મહાત્મા ગાંધીકી જય" અને હિંદુ મુસલમાનકી જય" ના પોકાર કરાવતો હતો. આ બધા આરોપો બનાવટી જ હતા. ૯મી તારીખે મારો બચાવ કરવા મને પૂરતો વખત પણ આપવામાં નહોતો આવ્યો. હું વકીલને પણ રોકી નહોતો શકયો. પણ ૧૪મી તારીખે જેઓ મારે દવાખાને આવ્યા હતા તેઓ બધાને મેં મારા સાક્ષી તરીકે રજુ કર્યા હતા. પોલીસના બે સાક્ષીઓએ કરનલ ઓબ્રાયન સમક્ષ કબુલ કર્યું હતું કે તેઓ પોલીસના દબાણુથી જુડી જુબાની આપે છે; છતાં કરનલે તેઓના કહેવા ઉપર ધ્યાન નહોતું આપ્યું; મારી જુબાની નહોતી નોંધવામાં આવી, અને મને ત્રણ માસની સખ્ત મજુરી સાથે જેલની સજા અને ૨૦ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો હતો. તપાસ દરમ્યાન કરનલે કહ્યું હતું: "સ્વામી શ્રદ્ધાનંદ ચળવળમાં ભાગ લે છે, એટલે તમે પણ ભાગ લેતાજ હશો."

૩૦૯

લાલા બેલિરામની જુબાનીઃ કોલસાનો વ્યાપારી; વઝીરાબાદ.

હું હડતાળની સામે શરૂઆતથી જ હતો, એટલે મેં હડતાળની ચળવળમાં ભાગ નહોતો લીધો અને ૧૫મી એપ્રિલે, હડતાળના દિવસે, મેં મારી દુકાન પણ બંધ નહોતી રાખી, એટલું જ નહિ પણ મેં મારા પાડોશી દુકાનદારોને દુકાન ઉઘાડી રાખવા સમજાવ્યા હતા.

શહેરમાં જેઓને હથિયાર રાખવાનો પરવાનો હતો તેઓ બધાને ડેપ્યુટી કમિશનરે ૧૫મી તારીખે બપોરના ભેગા કર્યા હતા, અને લોક કાયદાની હદ ઓળંગી વર્તે તો તેના ઉપર ગોળી ચલાવવા તેઓને રજા આપવામાં આવી હતી. અહીંથી પાછા ઘેર જતાં મને ખબર મળી કે કેટલાક છોકરાઓ રેલ્વે સ્ટેશન ઉપર પથરા વિગેરે ફેંકે છે. એટલે હું તરત ત્યાં ગયો અને લોકોને ડાક બંગલાના કમ્પાઉંડમાં ભેગા થયેલા અને બંગલાને નુકશાન પહોંચાડવા તૈયાર થતાં જોયા. એટલે મને મળેલી નવી સત્તાનો ઉપયોગ કરવા મેં વિચાર કર્યો; મેં લોકો સામે રિવોલ્વર ધરી; એટલે તેઓ ત્યાંથી જતા રહ્યા.

પણ થોડા દહાડા રહીને લોક સાથે હોવાનો આરોપ મારા ઉપર મુકવામાં આવ્યો, મને પકડવામાં આવ્યો, અને મારા ઉપર કેસ ચલાવવામાં આવ્યો, પણ માર્શીયલ લૉ કોર્ટે મને નિર્દોષ ઠરાવી છોડી મુકયો.

માર્શીયલ લૅાના અમલ દરમ્યાન ઘર દિઠ એક રૂપિયો ઉઘરાવવામાં આવ્યો હતો, અને હું જેલમાં હતો તે વખતે મારા છોકરા પાસેથી પોલીસ, લોકોએ કરેલ નુકસાનના બદલામાં ૧૬૮ રૂપિયા લઇ ગઈ હતી. આ દિવસોમાં ઓફિસરોને કોઇ સલામ કરતાં ચુકી જતું, તો તેને ફટકા મારવામાં આવતા.

૩૧૦

લાલા દિયાળચંદ, મ્યુનિસિપલ કમિશનરની જુબાની; વઝીરાબાદ.

૧૫મી એપ્રિલે વઝીરાબાદના વતનીઓએ હડતાળ પાડી હતી. આ દિવસે વૈશાખી-યાત્રાને લઇ પરગામના ઘણા લોકો અહીં આવ્યા હતા. સંભવ છે કે તેઓએ શહેરમાં તોફાન જગાડ્યું હોય. સવારના હું બહાર નીકળ્યો હતો ત્યારે રસ્તે મને બેલિરામ મળ્યો. અમે સાંભળ્યું કે કેટલાક છોકરાઓ ડાક બંગલે ભેગા થયા છે, અને સ્ટેશન ઉપર પથરા વિગેરે ફેંકે છે; એટલે અમે તરત ત્યાં ગયા, અને બેલિરામે તેઓને રિવોલ્વર બતાવી ત્યાંથી જતા રહેવા કહ્યું; લોક તરત વિખરાઈ ગયું.

૧૬મી એપ્રિલે કરનલ ઓબ્રાયન વઝીરાબાદ આવ્યો, અને ડાક બંગલામાં મ્યુનિસિપલ કમિશનરોને ભેગા કર્યા. તેણે હિંદુ કમિશનરો અને મુસલમાન કમિશનરોને પોતા પાસે વાત કરવા જુદા જુદા બોલાવ્યા અને તેઓને તોફાન કરાવનાર મૂળ પુરૂષનું નામ આપવા જણાવ્યું. કેટલાક જણે આર્યસમાજના પ્રમુખ પ્રીતમદાસનું નામ આપ્યું.

થોડીવાર રેહી કરનલે અમોરચંદને તેની ઘેરેથી બોલાવી મંગાવ્યો. તે પણ એક મ્યુનિસિપલ કમિશનર હતો; પણ માંદો હતો એટલે નહોતો આવ્યો. તેના તથા મહમદ હુસેનના હાથમાં એક હાથકડી ઘાલવામાં આવી અને પછી કરનલે શહેરમાં સરઘસ કાઢયું. મોખરે, અમોરચંદ અને મહમદ હુસેન ચાલતા હતા, તેઓની ચોમેર પોલીસ સિપાઇઓ હતા. તેઓની પાછળ કરનલ ઓબ્રાયન મોટરમાં હતો. મોટર પાછળ અમે બધા મ્યુનિસિપલ કમિશનરો ચાલતા હતા. રસ્તે જતાં જતાં ઘણાઓને પકડવામાં આવ્યા હતા.

બે ત્રણ દહાડા રહી શહેરમાં માર્શીયલ લૅા ચલાવવામાં આવ્યો. રેલ્વે જંકશન હોવાથી વઝીરાબાદ માર્શીયલ લૅાના અમલનું મ્હોટું લશ્કરી મથક થઈ પડયું. લશ્કરી છાવણીને જોઇતી વસ્તુઓ પુરી પાડવા “ કમફર્ટબલ ફંડ ” સ્થાપવામાં આવ્યું હતું, અને ઘર દિઠ એક રૂપિયો ઉઘરાવવામાં આવ્યો હતો. આ ઉપરાંત, છાવણીમાં ઘણી ચરવાઇઓ પણ લોકો પાસેથી લઇ જવામાં આવી હતી. છાવણીને દરરોજ માખણ પુરૂં પાડવાની જવાબદારી પણ અમારા ઉપર નાખવામાં આવી હતી. આ દિવસોમાં બીજો એક હુકમ રસ્તે જતાં દરેક ઓફિસરને ઉભા થઈ સલામ કરવાનો હતો. જો કોઇ સલામ ભરવી ભુલી જતો તો તેને પકડવામાં આવતો, અને ફટકા મારવામાં આવતા.

કરનલ ઓબ્રાયન જ્યારે જ્યારે વઝીરાબાદ આવતો ત્યારે મને બોલાવી મંગાવતો અને મારી પાસે ૧૨મી એપ્રિલે થયેલી ખાનગી સભાની વિગત માંગતો. પણ તે દિવસે તેવી કોઇ સભા જ થઇ ન હતી; અને ૧૪મી એપ્રિલ સુધી હડતાળ પાડવાનો કોઇને ખ્યાલ પણ ન હતો. છતાં પોલીસે કેટલાક હલવાઇઓને ઉભા કીધા, અને તેઓ પાસેથી એવી જુબાની લખાવી લીધી કે ૧૨મી એપ્રિલે મારે ઘેર ખાનગી સભા થઈ હતી; તેમાં જરાપણ સત્યાંશ ન હતો. મને દરરોજ ચોકિએ બોલાવવામાં આવતો અને જ્યારે હલવા-

જેઓની હકીકત મેં કબુલ જ ન રાખી, અને જેઓને પકડવામાં આવ્યા હતા તેઓની સામે જુબાની આપવા હું કબુલ ન થયો ત્યારે મને જુન માસમાં પકડવામાં આવ્યો અને ગુજરાનવાલા લઇ જવામાં આવ્યો; અને મારા ઉપર કેસ ચલાવવામાં આવ્યો. કેસ વઝીરાબાદમાં ચાલ્યો હતો; તેમાં, હું છુટી ગયો હતો.

૩૬૧

સરદાર પરસોતમ જમિયતસિંહની જુબાનીઃ કોન્ટ્રાક્ટર; વઝીરાબાદ.

૧૪ મી એપ્રિલે હડતાળ પાડવાનો વિચાર કરવા લોકો મસજીદમાં ભેગા થયા હતા. સભા શરૂ થયા પછી કેટલાક લોક મારા બાપ જમિયતસિંહને દબાણ કરી સભામાં લઇ ગયા હતા. સભામાં તેણે હડતાળ ન પાડવાની સલાહ આપી હતી; છતાં સભાએ હડતાળ પાડવાનો ઠરાવ કર્યો હતો.

૧૫ મી એપ્રિલે કરનલ ઓબ્રાયને હથિયાર રાખવાનો પરવાનો ધરાવનારાઓને ભેગા કર્યા હતા, અને કદી લોક સરકારી મિલકતને નુકસાન પહોંચાડવા પ્રયત્ન કરે તો જરૂર પડતાં હથિયાર વાપરવાની તેઓને છુટ આપી હતી.

ડાક બંગલા આગળ ભેગું થયલું ટોળું મારા બાપે જાતે જઇ વિખેરી નાંખ્યું હતું. ત્યાર પછી, તે જમિન ખરીદ કરવા જમુ ગયો હતો.

૧૬ મી એપ્રિલે કરનલ ઓબ્રાયને શહેરના કેટલાક આબરૂદાર માણસોને પકડયા, શહેરમાં તેઓને ફેરવ્યા. ડેપ્યુટી કમિશનર મારી દુકાન આગળ આવ્યો ત્યારે મને ખબર પડી કે મારા બાપને પકડવાનું વોરંટ નીકળ્યું છે. પોલીસે મારા ઘરમાં અને બેઠકમાં તેની તપાસ કરી, અને ઘરમાં સ્ત્રીઓને ધમકાવી; અને જમિયતસિંહની માગણી કરી. પણ જમિયતસિંહ ઘરમાંથી તેઓના હાથમાં ન આવ્યો એટલે તેઓ મને મારા બાપની શોધ કરવા કેટલેક ઠેકાણે લઈ ગયા. તેના જમુ જવાની ખબર મેં પોલીસને આપી હતી, પોલીસે તે માની ન હતી.

૨૧ મી તારીખે કરનલે મારા બાપની બધી મિલકત જપ્ત કરવાનો હુકમ કર્યો. પોલીસે તરત જ મિલકતનો કબજો લીધો; અને ૪ સ્ત્રી અને ૬ બાળકોને ઘરમાંથી કાઢી મુકયાં. સ્ત્રીઓના અંગ ઉપર પરદેનિશિન સ્ત્રીઓ ઘરમાં જે કપડાં પહેરે છે તે જ હતાં; અને છોકરાઓમાંથી કેટલાક તો સાવ નાગા હતા.

મારા બાપને તેના ઉપર વોરંટ નિકળ્યાની ખબર પડી એટલે ૨૬ મી એપ્રિલે તે ગુજરાનવાલા જઇ પોલીસને તાબે થઈ ગયો. છતાં ૪ થી મે સુધી જપ્તીનો હુકમ પાછો ખેંચી લેવામાં નહોતો આવ્યો.

અમે લાખોપતિ છીએ; અને મારા બાપે હજારો રૂપિયા ધર્માર્થે વાપર્યા છે. અમે ૧૮૭૫ રૂપિયા ઇન્કમટેકસના સરકારને ભરીએ છીએ; તે ઉપરાંત મ્હેસુલ પણ ભરીએ છીએ. લડાઇ દરમ્યાન મારા બાપે લડાઇને લગતા ફંડોમાં ઘણા પૈસા ભર્યા હતા અને મ્હોટી રકમના વોર બોંડ ખરીદ કર્યાં હતાં; છતાં અમારા દુશ્મનોના ભમાવ્યાથી અધિકારીઓએ મારા બાપને અને અમને હેરાન કર્યા હતા.

મારા બાપ ઉપરનો કેસ લાહોરમાં માર્શીયલ લૉ કમિશન આગળ નીકળવાનો હતો;

પરંતુ મારા બાપ ઉપરના આરોપ સિદ્ધ કરી શકાય એમ ન જણાયાથી, કેસ વઝીરાબાદમાં કરનલ ઓબ્રાયન આગળ ચલાવવામાં આવ્યો હતો. કરનલે મારા બાપને દોઢવર્ષની સખ્ત મજુરી સાથે જેલની સજા કરી હતી અને ૧૦૦૦ રૂપિયાનો દંડ ભરવા હુકમ કર્યો હતો. મારા બાપની ઇચ્છા દંડ ભરવાની ન હતી; પરંતુ તેને બદલે છ મહિનાની વધારે સજા ભોગવવાની હતી. છતાં તેની ઇચ્છા વિરૂદ્ધ તેની પાસેથી હજાર રૂપિયાનો દંડ વસુલ કરવામાં આવ્યો હતો.

૧૭ મી સપ્ટેમ્બરે ૬૦ વર્ષની ઉપરની ઉમ્મરના માર્શીયલ લોના અમલમાં ગુન્હેગાર ઠરેલાને છોડી મુકવામાં આવ્યા હતા. મારા બાપની ઉમ્મર ૬૨ વર્ષની છે; છતાં તે હજી જેલમાં જ છે.

અમારી પાસેથી મ્હેસુલ ખાતાના અમલદારે રૂ. ૧૨૯૫–૧૪–૬ પૈ 'ઇંડેમનીટી' ના વસુલ કર્યા હતા.

માર્શીયલ લોના દિવસોમાં ઓફિસરો દરરોજ સાંજના શહેરમાં આવે ત્યારે તેઓને લોકોએ એક હારમાં ઉભા રહી નીચા નમી સલામ કરવી એવો એક હુકમ કાઢવામાં આવ્યો હતો. ઓફિસરો માટે દરેક ઘરમાંથી માખણ લઇ જવામાં આવતું, અને તેના પૈસા આપવામાં નહોતા આવતા. નિશાળે જતાં છોકરાઓને દરરોજ દિવસમાં ત્રણવાર ડાક બંગલે હાજરી પૂરાવવા જવું પડતું. આ દિવસો સખ્ત ગરમીના હતા, અને ધુમ તડકે બપોરના છોકરાઓને પગે ચાલી જવું પડતું, એટલે તેઓને ભારે કષ્ટ સહન કરવું પડયું હતું.

૩૧૨

સરદાર કેસરસિંહ બુટાસિંહ. કોલસાના વ્યાપારીની જુબાનીઃ વઝીરાબાદ.

૬ ઠી એપ્રિલે પુત્રી પાઠશાલાનો વ્યવસ્થાપક લાલા નંદલાલ અને આર્યસમાજનો પ્રમુખ પ્રીતમદાસ ઉઘાડે માથે અને ઉઘાડે પગે શહેરમાં લોકોને હડતાળ પાડવાનું અને ઉપવાસ રાખવાનું કહેતાં ફર્યા હતા. પરંતુ તેઓના બોલવા ઉપર કોઇએ ધ્યાન આપ્યું નહતું.

૧૩ મી એપ્રિલે વૈશાખીયાત્રા હતી, એટલે ગુજરાત, ગુજરાનવાલા અને બીજે સ્થળેથી ઘણા લોકો અહીં આવ્યા હતા. યાત્રાળુઓ સવારથી સાંજ સુધી શહેરમાં ફર્યા હતા અને રસ્તે રસ્તે એક દોહરો ગાતા હતા કે વઝીરાબાદના વતનીઓએ હડતાળ પાડી નથી એટલે તેઓની દીકરી કોઈ લેશે નહિ. આની અસર લોકો ઉપર થઇ અને બીજે દિવસે સવારના મસજીદમાં એક સભા ભરાઈ. સભામાં બધા ઉઘાડે માથે બેઠા હતા; સિખ લોકોને પણ પાઘડી ઉતારવી પડી હતી. સભામાં ભાષણો થયાં હતાં; પરંતુ હડતાળ વિષે કંઈ ઠરાવ કરવામાં આવ્યો ન હતો. એટલે વળી પરદેશીઓ ઉપર જણાવેલા સબબનો દોહરો ગાવા લાગ્યા. પરિણામે કોઈના કહ્યા વિના ૧૫ મી તારીખે શહેરમાં હડતાળ પડી.

૧૫ મી તારીખે તાસિલદારે શહેરના રાયલોકને તાસિલની ઓફિસમાં બોલાવ્યા હતા; હું પણ ત્યાં ગયો હતો. રસ્તે જતાં મેં લોકોનું ટોળું જોયું હતું. તેમાં જુબિલી સ્કુલના કેટલાક વિદ્યાર્થીઓ પણ હતા. બીજા એક ટોળામાં મિશનસ્કુલના વિદ્યાર્થીઓ હતા.

તાસિલદારે અમને ડેપ્યુટી કમિશનરનો હુકમ કહી સંભળાવ્યો હતો કે જેઓ ગામમાં તોફાન કરશે તેઓને ગોળીથી વિંધી નાખવામાં આવશે. તાસિલદારના કહેવાથી અમે

પોસ્ટ ઓફિસ આગળ ભેગા થયેલ લોક પાસે ગયા, અને તેઓને ડેપ્યુટી કમિશ્નરનો હુકમ સંભળાવ્યો અને સરકારી મકાન આગળ ન જવાનું સમજાવ્યું. અમારી વાત સાંભળી કેટલાક લોક વિખરાઈ જવા લાગ્યા; પરંતુ પરગામથી આવેલા યાત્રાળુઓનાં મનમાં અમારી વાત ઉતરી નહિ. એક છોકરો આ વખતે તારના થાંભલે તાર કાપવા ચઢયો; લોકો તેને ચઢાવવા લાગ્યા; અને પોલીસના સિપાઇઓ પણ ખુલ્લી રીતે તોફાન કરવા લોકને ઉશ્કેરતા હતા. મને તો લાગે છે કે જે કંઇ તોફાન થયાં હતાં તેમાં ખસુસ પોલીસનો હાથ હતો.

૧૬ મી એપ્રિલે ડેપ્યુટી કમિશનર કરનલ ઓબ્રાયન વઝીરાબાદ આવ્યો, અને શહેરમાં આબરૂદાર માણસોને પકડયા. મને પણ પકડવામાં આવ્યો અને ૨૨ મી તારીખે મને ગુજરાનવાલા જેલમાં પૂરવામાં આવ્યો.

૧ લી જુને અમને અગીયાર જણાને લાહોર લઈ જવામાં આવ્યા; પરંતુ અમારો કેસ લાહોરમાં ન નીકળ્યો: અને અમને પાછા ગુજરાનવાલા લઈ જવામાં આવ્યા. અમારા ઉપર કેસ ચલાવવામાં આવ્યો ત્યાં સુધી અમને અમારા ઉપર મુકવામાં આવેલો આરોપ કહેવામાં નહોતો આવ્યો.

૮ મી જુને મને વઝીરાબાદ લઈ આવવામાં આવ્યો, અને બીજે દિવસે કરનલ ઓબ્રાયન આગળ મારો કેસ ચાલ્યો; કરનલે મને ૧૮ માસની સખ્ત જેલની સજા કરી અને ૧૦૦૦ રૂપિયાનો દંડ કર્યો. જેલમાં મને દોરડાં બનાવવાનું કામ સોંપવામાં આવ્યું હતું, પણ દારોગાએ અમારી પાસેથી દશ રૂપિયા લઇ મને તે કામમાંથી મુક્ત કર્યો હતો.

૧૫૨

૩૦ મી જુને મને લાહોર જેલમાં મોકલવામાં આવ્યો, અને ૧૭ મી સપ્ટેમ્બરે મારી વૃદ્ધાવસ્થાને લઈને મને છોડી મુકવામાં આવ્યો.

જેલમાંથી છુટી હું ઘેર ગયો ત્યારે મને ખબર પડી કે દંડના હજાર રૂપિયા મારી મિલકતમાંથી વસુલ કરી લેવામાં આવ્યા હતા. ઉપરાંત, માર્શીયલો દરમ્યાન, લશ્કર માટે મારે ત્યાંથી દરરોજ માખણ લઇ જવામાં આવતું, અને એક વા બીજા કારણ ન્હાની ન્હાની રકમો લેવામાં આવી હતી.

પણ સારા માણસ સામે પોલીસ મારી પાસે ખોટી જુબાની અપાવવા ઇચ્છતી હતી; પરંતુ તેમ કરવા હું કબુલ ન થયો એટલે મારે આટલી હાડમારી વેઠવી પડી હતી.

૩૧૩

વઝીરચંદ ગુરૂદાસ શર્માની જુબાનીઃ બેંકર, વઝીરાબાદ.

ગયા જાન્યુઆરી માસમાં મ્યુનિસિપલ ચુંટણી થઈ હતી. આથી, લોકોમાં અંદર અંદર ઘણી ખટાશ પેદા થઈ હતી, અને ઉપ-પ્રમુખની ચુંટણીને લઇ તે વધી હતી. છતાં વઝીરાબાદના ભોળા કમિશનરો રોલેટ એકટની ચળવળ દરમ્યાન પોતાના દુશ્મનોના હાથમાં રમવા લાગ્યા. તેઓએ રોલેટ એકટ વખોડી કાઢવા સભાઓ કરી અને લોકોને હડતાળ પાડવા વિનવતા. વઝીરાબાદમાં હડતાળ પડી તે વખતે વૈશાખી યાત્રા ચાલુ હતી. પરગામથી ઘણા લોકો અહીં આવ્યા હતા. આ સમય, “ દરબાર સાહેબ ” ઉપર લશ્કરે મશીન ગન

ચલાવી હતી એવી અફવા શહેરમાં ફેલાઇ હતી. આથી લોકો ઉશ્કેરાયા હતા; અને યાત્રાળુઓનાં ટોળાં જ્યાં ત્યાં ફરતાં હતાં, અને તેઓમાંથી કેટલાકોએ તાર કાપ્યા હતા અને મકાનો બાળ્યાં હતાં. પોલીસ આ વખતે ચુપ જ રહી હતી; મને તો એમ લાગે છે કે જે કંઈ તોફાન અહીં થયાં હતાં તે પોલીસે કરાવ્યાં હતાં.

હડતાળને બીજે દિવસે કરનલ ઓબ્રાયન કેટલુંક લશ્કર લઈ વઝીરાબાદ આવ્યો અને પછી શહેરના સારા સારા માણસોને પકડયા, અને તેઓનું સરઘસ શહેરમાં ફેરવ્યું.

બે દહાડા રહી કરનલ ઓબ્રાયને ડાક બંગલામાં દરબાર ભરી અને લોકો પાસે આ પ્રમાણે ભાષણ કર્યું: "ઓ મૂર્ખ અને ગાંડા માણસો, સાંભળો. તમે માન્યું કે બ્રિટિશ રાજનો અંત આવ્યો. હવે તમારી ગાંડાઈ દૂર થશે. અમે તમારી ગાંડાઈ માટે દવા લાવ્યા છીએ. આજે તમને જાહેર કરવામાં આવે છે કે ગમે તે માણસની મિલકત જપ્ત કરવાની, તેનું ઘર જમીનદોસ્ત કરવાની, અને સરકારને રૂચે તો તેના ઘરને સળગાવી મુકવાની પણ સત્તા સરકાર ધરાવે છે. એ પ્રમાણે, હવે હું પહેલાં જમિયતસિંહ બગાની બધી મિલકત જપ્ત કરવાનો હુકમ કાઢું છું." આ પછી બીજે જ દિવસથી માર્શીયલ લૉ ચલાવવામાં આવ્યો.

માર્શીયલ લૉના અમલ દરમ્યાન, સવારના પાંચ પહેલાં અને રાત્રે આઠ વાગ્યા પછી ઘર બ્હાર નીકળવાની સખ્ત મનાઇ કરવામાં આવી હતી. બીજું, દરેક હિંદીએ દરેક યુરોપિયનને સલામ કરવી એવો હુકમ કરવામાં આવ્યો હતો. સલામ કેવી રીતે ભરવી એ પણ જાહેર કરવામાં આવ્યું હતું. આ હુકમ લોકો માને છે કે નહિ તે જોવા કમાન્ડિંગ ઓફિસર દરરોજ સવારમાંજ શહેરમાં ફરવા નીકળતો. જો કોઇ સલામ ભરવી ચૂકી જતો તો તેની પાઘડીથી જ તેને ઓફિસરના ઘોડાના જીન સાથે બાંધવામાં આવતો; ઓફિસર શહેરમાં ફરતો ત્યાં સુધી તેની પાછળ આ રીતે બંધાઇ તેને દોડવું પડતું અને પછી ફટકા ખાવા પડતા. વધુમાં વધુ ફટકા ૩૦ મારવામાં આવતા.

માર્શીયલ લૉને લઇ શહેરમાં આવેલ સોલજરો માટે ઘેરઘેરથી માખણ લઈ જવામાં આવતું, અને જ્યારે શહેરમાં શીતળાનો રોગ ફાટી નીકળ્યો ત્યારે જ માખણ ભેગું કરવું બંધ થયું, પણ તેને બદલે ઘર દિઠ એક રૂપિયો ઉઘરાવવામાં આવ્યો હતો. આ રીતે શહેરમાંથી સાતહજાર રૂપિયા ભેગા કરવામાં આવ્યા હતા; પરંતુ આમાંથી ઘણાએ રૂપિયા અપાઇ ગયા હતા; આ ઉપરાંત વઝીરાબાદના વતનીઓ પાસેથી ૬૭૦૦૦ રૂપિયા નુકસાનીના લેવાનો ઠરાવ સરકારે બ્હાર પાડયો હતો. જેની પાસેથી નુકસાનીની રકમ ઉઘરાવવામાં આવી હતી તેઓને તેની પહોંચ પણ આપવામાં નહોતી આવી, અને કોઇ પહોંચ માગતું તો કાગળના ચીથરા ઉપર બેચાર અક્ષર લખી આપવામાં આવતા.

પોલીસે ગુન્હેગાર શોધી કાઢવા આ ક્રમ અખત્યાર કર્યો હતો:— ઢોલ વગડાવી શહેરના બધા રહીશોને પોલીસ ચોકીએ ભેગા કરતી. પોલીસને ગુન્હેગારની બાતમી આપનારા છોકરાઓ અને બદમાશો હતા. પોલીસ જેઓની ઉપર કેસ માંડવા ઇચ્છતી તેઓ બધાને આ છોકરાઓ અને બદમાશો આગળ લઈ જતી. શું કહેવું એ આ લોકોને શીખાડી રાખવામાં આવ્યું હતું. આ રીતે બાપડા ઘણાઓને જાળમાં લેવામાં આવ્યા હતા. આજ

ઓકસાઓ કમિશન આગળ સાક્ષી થઇ ઉભા હતા, અને તેઓ એકલાની જુબાની ઉપર જ લોકોને સજા કરવામાં આવી હતી.

આ ઉપરાંત, ચૌધરી અલિ મહમદ અને બીજા ત્રણ જણા આ વખતમાં બહુ જબરા થઈ પડયા હતા; અને તેઓએ આખા શહેરમાં એવી વાત ફેલાવી દીધી હતી કે જેઓ પોલીસના હાથમાં જઈ પડતાં બચી જવા ઇચ્છતા હોય તેઓએ અમારી મારફત પોલીસને મળવું. લોકો તો એટલા બધા ગભરાઇ ગયા હતા કે તેઓએ આ વાત સાચી માની લીધી; તેને લઇ અલિમહમદ અને બીજાઓ ઘણા પૈસા એકઠા કરી શકયા.

૩૧૪

ગોપાલસિંહ શિબાસિંહની જુબાનીઃ કમિશન એજંટ, વઝીરાબાદ.

એપ્રિલ માસમાં ભરાયલી જુમા મસજીદની સભામાં હું ગયો નહતો, તેમ દાણા બજારમાં રૅાલેટ એક્ટ વિરૂદ્ધ ભાષણ ન્હોતું કર્યું કે લોકોના ટોળા સાથે હું શહેરમાં નહોતો ફર્યો; છતાં પોલીસે મારા ઉપર આ આરોપ મુક્યા હતા, મારા ઉપર કેસ ચલાવ્યો હતો અને મને ત્રણ માસની સખ્ત મજુરી સાથે જેલની સજા અને ૨૦૦ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો હતો. પોલીસ મારી પાસે એમ કહેવડાવવા માગતી હતી કે ૧૨મી એપ્રિલે હડતાળ પાડવાનો વિચાર કરવા ખાનગી સભા થઇ હતી. પણ આવી સભા કયાંય થઈ ન હતી, એટલે મેં નિર્દોષ માણસોને ફસાવવા ના પાડી. આથી, પોલીસે મારા ઉપર ખોટો કેસ ઉભો કર્યો.

માર્શીયલ લૅાના અમલ દરમ્યાન, ઘેરઘેરથી સોલજરો માટે માખણ ભેગું કરવામાં આવતું. થોડા દહાડા રહી આને બદલે ઘર દિઠ એક રૂપિયો ઉઘરાવવામાં આવ્યો હતો વઝીરાબાદ પાસેથી ૬૭ હજાર રૂપિયા નુકસાનીના સરકારે વસુલ કર્યા હતા.

× × × ×

૩૧૫

આર્યસમાજના પ્રમુખ પ્રીતમદાસની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૬૯ વઝીરાબાદ.

૬ઠી એપ્રિલે લાલા નંદલાલ ચોપરા અને મેં ઉપવાસ કર્યો હતો, અને બપોરના અમે બે જણા લોકોને દુકાન બંધ કરવાનું કહેવા શહેરમાં ફર્યા હતા; પરંતુ અમારૂં કોઇએ સાંભળ્યું ન હતું.

વૈશાખી યાત્રાને લઈ, ૧૪મી તારીખે પરગામથી વઝીરાબાદમાં ઘણું માણસ આવ્યું હતું. તેઓના આગ્રહથી જુમા મસજીદમાં એક સભા થઇ હતી. આ સભામાં લોકે મારી પાસે ભાષણ કરાવ્યું હતું. બીજે દિવસે બપોરના બે વાગે બીજી સભા કરવાનું નક્કી કરી સભા બરખાસ્ત થઈ હતી.

જુમામસજીદ રેલ્વે સ્ટેશન આગળ છે; એટલે કેટલાકોને થયું કે ૧૫ મી તારીખની સભા ત્યાં ન ભરાય તો સારૂં એટલે સભા દાણા બજારમાં ભરવાનો વિચાર રાખવામાં આવ્યો; અને રસ્તે રસ્તે ઘંટ વગાડી લોકોને આની ખબર કરવામાં આવી. આ સભામાં પણ મને બોલવું પડયું હતું.

૧૬ મી તારીખે મને પકડવામાં આવ્યો હતો અને ૨ જી જુન સુધી ગુજરાનવાલા

જેલમાં રાખવામાં આવ્યો હતો ત્યાંથી એક દિવસ માટે મને લાહોર લઇ જઈ પાછો વઝીરાબાદ લાવવામાં આવ્યો હતો. અહીં મારા ઉપર કેસ ચાલ્યો. આરોપિત જનોના સાથીઓને પજવવામાં આવતા હતા એટલે મેં મારા બચાવ માટે સાક્ષી કે વકીલ બોલાવ્યા નહતા. મને બે વર્ષ સુધી જેલમાં રહેવાની સજા કરવામાં આવી હતી, અને એક હજાર રૂપિયાનો દંડ ભરવાનો હુકમ થયો હતો.

૩૧૭.

દિવાનચંદ ઠાકરદાસની જુબાની; ઉમ્મર વર્ષ ૨૬; વઝીરાબાદ.

માર્શીયલ લૉની શરૂઆતમાં એક દિવસ હું મારી દુકાને બેઠો હતો તે વખતે લશ્કરી અમલદારો મોટરમાં મારી દુકાન આગળથી વટાયા. મેં તેઓને સલામ કરી હતી; પરંતુ તેઓનું મારા તરફ ધ્યાન નહતું. મોટર થોડેક જઇ ઉભી રહી; અમલદારોએ મને બોલાવી મંગાવ્યો, અને મોટરની પગથી ઉપર બેસાડી મને પોતાની સાથે લઈ ગયા. રસ્તે બીજા એકને મારી પેઠે પકડવામાં આવ્યો હતો; અમને દરેકને પાંચ પાંચ ફટકા મારવામાં આવ્યા હતા.

૩૧૮.

લાલા દિવાનચંદ ઇશરદાસ, દારૂવાળાની જુબાની: વઝીરાબાદ.

૫ મી મેએ ગુજરાનવાલાથી ટાંગામાં બેસી હું વઝીરાબાદ આવતો હતો. ટાંગા આગળ માર્શીયલ લૉ ઓફિસરની મોટરકાર આવી પહોંચી; અને ઉભી રહી. મેં જેવો ઓફિસરને જોયો કે તરત હું ટાંગામાંથી ઉતરી પડયો અને ઓફિસરને સલામ કરી; પરંતુ મેં સલામ નહોતી કરી એમ ઓફિસરે જણાવ્યું, અને મને ડાક બંગલે લઈ ગયો અને પાંચ ફટકા ખાવાનો હુકમ કર્યો; પરતુ હું બહુ કરગર્યો એટલે મને ૧૦૦ રૂપિયાનો દંડ કરી છોડી મુકયો.

૩૧૯.

રહીમબક્ષ લાધાની જુબાની: ખાટકી; વઝીરાબાદ.

૨૪ મી એપ્રિલે મદદનીસ માર્શીયલ લૉ ઓફિસર અમારી બજારે સલામ લેવા આવ્યો હતો. મેં તેને એકવાર બહુ માનપૂર્વક સલામ કરી હતી પણ મારી પાસે તે આવ્યો ત્યારે મેં બીજીવાર સલામ ન કરી; એટલે તે મને ધમકાવવા લાગ્યો. મેં તેની તરત માફી માગી; પણ તેણે મને તેના જોડાને ચુંબન લેવા ફરમાવ્યું. મેં તેમ કર્યું એટલે મને માફી આપી.

૩૨૦.

હકિમરાયની જુબાની; વઝીરાબાદ.

૫ મી જુને શેખ અહમદ હુસેન મારે ત્યાં આવ્યો અને આર્ય સમાજ સાથે સંબંધ ધરાવનારા બધાને ડેપ્યુટી કમિશનર પકડવા ઇચ્છે છે એવી વાત મારી આગળ કરી, અને થાણેદાર ગુલામ મહમદ મારી શોધમાં છે એમ પણ જણાવ્યું. આમ કહી તે બીજે દિવસે થાણેદાર માટે મારી પાસેથી ૧૦૦ રૂપિયા લઇ ગયો. પણ ઇન્સ્પેકટર વતી તે મારી આગળ પાછો આવ્યો, અને પકડાતા બચી જવા માટે ત્રણસો ચારસો

રૂપિયા ખરચવા મને તેણે કહ્યું. મારી પાસે આટલા રૂપિયા તો નહતા, એટલે મેં ચીઠી લખી આપી, અને તેના કહેવાથી માર્શીયલ લૉ ચાલુ રહ્યો ત્યાં સુધી હું પરગામ જઈ વસ્યો. ત્યાંથી આવ્યા પછી મેં ચીઠીના બસો રૂપિયા ચુકવી આપ્યા છે; પણ હજી ૧૦૦ રૂપિઆ બાકી છે. શૈખ અહમદે આ રીતે ઘણા પાસેથી પૈસા કઢાવ્યા હતા; તેની વાત સાવ જુઠી હતી; તેણે તો લોકોને છેતર્યા હતા.

× × × × ×

૩૨૧-૧.

શૈખ મહમદ હુસેનની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૩૫; વઝીરાબાદ.

વઝીરાબાદમાં માર્શીયલ લૉ અમલમાં આવ્યો તે પહેલાં હું વઝીરાબાદ મ્યુનિસિપાલિટીનો એક કમિશનર હતો. મે માસમાં કરનલ ઓબ્રાયનના કહેવાથી મારૂં નામ કમિશનર તરીકે કાઢી નાખવામાં આવ્યું હતું, અને મારી જગાએ બીજાની નિમણૂંક કરવામાં આવી હતી.

૬ઠી એપ્રિલે વઝીરાબાદમાં હડતાળ પડી નહતી. વૈશાખીયાત્રા વખતે પરગામના ઘણા લોકો વઝીરાબાદ આવ્યા હતા; અને હડતાળની વાત ગામમાં બહુ ચર્ચાઈ હતી. પરિણામે, વઝીરાબાદના લોકોને હડતાળ ન પાડવા સારૂ શરમ લાગવા લાગી. એટલે ૧૪ મી તારીખે લોકોની સભા જુમા મસજીદમાં થઇ, અને ત્યાં બીજે દિવસે હડતાળ પાડવાનો ઠરાવ થયો. હું આ સભામાં જઈ શકયો નહતો.

૧૫ મી તારીખે આખા શહેરમાં હડતાળ હતી. સવારના તાસિલદારે કમિશનરોને અને શહેરના બીજા મ્હોટા માણસોને તોફાન ન થાય એ વિષે તેઓનું ધ્યાન ખેંચવા બોલાવ્યા હતા. તેજ દિવસે બપોરના મિ. બેલીનું ઘર સળગાવી મુકવામાં આવ્યાની, અને પોતાને ગામ જવા ગાડી ન મળવાથી ગુસ્સે થયેલા લોકોએ તારનાં દોરડાં કાપ્યાની અને સિગનલ તોડી નાખ્યાની ખબર મને પડી. બપોરના હડતાળ બંધ રાખવાનો વિચાર કરવા બજારમાં લોકોની સભા ભરાઇ હતી. ૧૬ મી તારીખે બધી દુકાનો ઉઘડી ગઇ હતી.

૧૬ મી તારીખે બપોરના ડેપ્યુટી કમિશનરે શહેરના હિંદુ અને મુસલમાન કમિશનરોને ડાક બંગલે બોલાવ્યા હતા અને હિંદુઓને અને મુસલમાનોને જુદા જુદા બોલાવી તેઓ સાથે ઉભી થયેલી વસ્તુસ્થિતિ વિષે વાતચીત કરી હતી. અરૂરચંદ કમિશનર માંદગીને લઇ ડાક બંગલે આવ્યો નહતો; પરંતુ કરનલ ઓબ્રાયને તેને પરાણે બોલાવી મંગાવ્યો હતો. કરનલે પછી અમને બધાને શહેરમાં જે થયું તે માટે ઠપકો આપવો શરૂ કર્યો અને અમને બધાને સજા કરવા ધમકી આપી. મને તથા અરૂરચંદને તો ત્યાંને ત્યાં પકડવામાં આવ્યા અને અમને હાથ કડી પહેરાવવામાં આવી. ત્યારબાદ, કરનલે શહેરમાં અમારૂં સરઘસ કાઢયું. અમારી આસપાસ સોલજરો ચાલતા હતા, અને આગળ પાછળ મશીનગનો હતી. શહેરમાં સરઘસ ફરતું હતું તે વખતે બીજા આઠ જણાને પકડવામાં આવ્યા હતા. અમને બધા પકડાયલાઓને ગુજરાનવાલા જેલમાં પૂરવામાં આવ્યા હતા; અને ત્યાંથી લાહોર લઇ જવામાં આવ્યા હતા. પરંતુ અમારો કેસ

છેવટે વઝીરાબાદમાં ચાલ્યો હતો. કેસ જેમ બને તેમ જલદી પુરો કરી નાખવાની તજવીજ કરવામાં આવી હતી. અમારા બધા સાથીઓની જુબાની પણ નહોતી લેવામાં આવી, અને અમારા વકીલોને અમારો બચાવ કરવાની તક આપવામાં નહોતી આવી. પાંચ જણાનો કેસ સાથે ચલાવવામાં આવ્યો હતો. અમને ચારને બે વર્ષની જેલની સજા કરવામાં આવી હતી; બાકીનાઓને ૭ મહીનાની જેલ મળી હતી.

મારા ઉપર કેસ સાવ ખોટો ઉભો કરવામાં આવ્યો હતો.

નિઝામાબાદ.

૩૨૨.

મિરઝા મુબારકઅલિ ફતેહઅલિની જુબાનીઃ નિઝામાબાદ.

હું એગ્રીકલચરલ બેંકનો પ્રમુખ છું, અને હથિયાર રાખવાનો પરવાનો ધરાવું છું. હું હમેશાં ઑફિસરોના કહેવા પ્રમાણે વર્તતો આવ્યો છું. લડાઇ દરમ્યાન મેં માણસની અને પૈસાની સરકારને મદદ કરી હતી. પરંતુ વઝીરાબાદનો ઝાઇલદાર સુલતાન અહમદ મારા ઉપર દ્વેષ રાખતો હતો એટલે માર્શૉયલ લૉના દિવસમાં તેણે કરનલ ઓબ્રાયન આગળ એવી વાત કરી કે નિઝામાબાદનો હું લોકનાયક છું અને મેં લોકોને હડતાળ પાડવા પ્રેર્યા હતા. આ સાંભળી કરનલે મને પકડવાનો હુકમ કર્યો, અને મને પોણાબે મહિના સુધી કોટડીમાં પૂરી રાખ્યો. તે દરમ્યાન, મારી વિરૂદ્ધ પુરાવો એકઠો કરવા ખૂબ પ્રયત્ન કરવામાં આવ્યો; પણ નજ મળ્યો એટલે ઝાઇલદાર કેટલાક કૉન્સ્ટેબલોને લઇ નિઝામાબાદ ગયો અને લોકોને સતાવી ચાર ખોટા સાક્ષીઓ ઉભા કર્યા. આ ચારમાંથી પણ બે જણાએ તો કોર્ટમાં સાચું બોલી દીધું, એટલે તેઓને પણ ત્રણ ત્રણ માસની જેલ મળી, અને બાકીના બેના કહેવાથી મને ૬ મહિનાની જેલની અને ૫૦૦ રૂપિયાનો દંડ ભરવાની સજા થઈ. હું જેલમાં હતો તે દરમ્યાન ઝાઇલદારે મારા દિકરાને અને ભત્રીજાને બહુ પજવ્યા હતા અને તેની પાસેથી ૨૦૦ રૂપિયા પડાવ્યા હતા.

× × × × ×

૩૨૪.

અલ્લા દિન કરમ ઇલ્લાહીની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૨૨; લુહાર, નિઝામાબાદ.

સિકંદર લાલના છુરી ચાકા વગેરે બનાવવાના કારખાનામાં હું કામ કરૂં છું. હડતાળ પછી ચાર પાંચ દહાડા રહી પોલીસ મને દૈરા મોઘલાને લઈ ગઇ, અને લુંટાયલી જણસોની માગણી મારી પાસે કરી. પરંતુ મેં લુંટમાં ભાગ નહોતો લીધો, એટલે લુટાયલી કોઇ પણ વસ્તુ મારી પાસે નહતી. છતાં, બે કૉન્સ્ટેબલોએ મને જોડાથી માર માર્યો; અને પછી મને જમીન ઉપર પછાડીને એક કૉન્સ્ટેબલે પગથી મારૂં ગળું દાબી રાખ્યું અને બંને જણાએ મને ખૂબ માર્યો. તે દિવસે તેઓએ મને સવારથી સાંજ સુધી ચોકીએજ બેસાડી રાખ્યો હતો; અને આખા દિવસમાં મને કાંઇ પણ ખાવાનું આપ્યું નહતું. બીજે દિવસે પણ મારા આવા જ હાલ થયા હતા. પછી મને વઝીરાબાદ લઈ જવામાં આવ્યો. ત્યાં, થાણે મને અગીયારક દિવસ રાખવામાં આવ્યો, તે દરમ્યાન મને કોઇવાર ખાવાનું આપવામાં આવતું ! કોઇવાર મારે ભૂખે દિવસ કાઢવો પડતો. મને વારંવાર મારવામાં પણ આવતો. આ પછી સબ-ઇન્સ્પેક્ટરે મારી પાસેથી પોતાને મનમાનતી જુબાની લખાવી લીધી, અને પછી મને તે ગોખાવી. આ પછી મને ઘેર જવાની રજા મળી.

દશ બાર દહાડા રહીને મને લાહોર લઈ જવામાં આવ્યો; અને અમરનાથ અને બીજા ૮-૯ જણા સામે સાક્ષી આપવા કોર્ટમાં ઉભો કરવામાં આવ્યો. આ વખતે તો મને જેમ શિખાડવામાં આવ્યું હતું તેમ જ હું વર્ત્યો હતો; પણ બીજીવાર જ્યારે મને

સાક્ષી તરીકે ઉભો કરવામાં આવ્યો ત્યારે મને શીખાડવામાં આવેલી કેટલીક વિગત હું ભુલી ગયો, એટલે મારે પોલીસનો ઠપકો સાંભળવો પડયો. ૯ મી જુને મને મિરઝા મુબારક અલિ અને તેના કુટુંબીઓના કેસમાં પણ પોલીસના સાક્ષી તરીકે બોલાવવામાં આવ્યો હતો. આ વખતે જુઠી જુબાની આપી તેઓને ફસાવવા માટે મન કબુલ ન થયું. મેં હિંમત કરી કોર્ટ આગળ ખરી વાત રજુ કરી; અને પોલીસે મને પીડયો હતો એ વાત મેં જ્યારે ઉચ્ચારી ત્યારે તો સોગન ખાઇ ખોટી સાક્ષી પુરવાનો આરોપ મુકી કોર્ટે મને ૩ મહિનાની જેલની સજા કરી.

ઘણું કરી ૧૮ મી એપ્રિલથી નિઝામાબાદના ૧૦ થી ૧૧ વર્ષથી મ્હોટી ઉમ્મરના બધા માણસોને દરરોજ થાણે ભેગા કરવામાં આવતા.

૩૨૫

ફકિર મહમદ ઘોંડાની જુબાનીઃ મિસ્ત્રી; નિઝામાબાદ.

હું ગુજરાનવાલામાં એક કારખાનામાં મિસ્ત્રીનું કામ કરૂં છું. વૈશાખી યાત્રા વખતે હું વઝીરાબાદ ગયો હતો; ત્યાંથી ચાર પાંચ દહાડા રહી હું ગુજરાનવાલા ગયો અને મારા કામે લાગી ગયો. સવાએક મહિનો રહી એક કોન્સ્ટેબલ મને ચોકીએ લઇ ગયો અને ત્યાંથી મને વઝીરાબાદ મોકલવામાં આવ્યો. વઝીરાબાદમાં પોલીસે મને પણ ચાર દહાડા સુધી કંઇ પણ ખાવાનું નહોતું આપ્યું; પોલીસ મને ગાળો આપતી; મને માર મારતી. મુબારક અલિની સામે ખોટી જુબાની આપવા મને બહુ દબાવવામાં આવ્યો હતો, છેવટે લાચાર બની પોલીસના કહેવા પ્રમાણે જુબાની આપવા હું બંધાયો હતો. પરંતુ કોર્ટમાં મેં ખરેખરી વાત કરી હતી; અને પોલીસના દબાણથી જ મેં જુઠી જુબાની લખી આપી હતી એમ પણ મેં કોર્ટને જણાવ્યું હતું. આ ઉપરથી કોર્ટે મારા બચાવમાં સાક્ષીઓ માગ્યા; મેં કેટલાકનાં નામો આપ્યાં; પરંતુ કોર્ટે મને ૩ મહિનાની જેલની સજા કરી. સજા પૂરી ભોગવ્યા પછી હું ૯ મી સપ્ટેમ્બરે છુટો થયો.

૩૨૬

મિરઝા બિહાર બેગની જુબાની. ઉમ્મર વર્ષ ૭૫; નિઝામાબાદ.

મેં ૪૩ વર્ષ સરકારી નોકરી કરી છે; અને ૧૧ વર્ષ થયાં હું પેનશન ભોગવું છું. નિઝામાબાદમાં મારી ઘણી મિલકત છે. ૧૫ મી એપ્રિલે સવારના આઠ વાગે હું વઝીરાબાદ ગયો, અને નિઝામાબાદમાં થયેલ તોફાનની વિગત મેં તાસીલદારને પૂરી પાડી. તાસીલની ઓફિસે હું બપોરના એક વાગા સુધી હતો. વૈશાખી યાત્રાએ નીકળેલ કેટલાક પરગામના લોકો નિઝામાબાદ આવી ચઢયા હતા અને રેલ્વે સડકને કેટલુંક નુકસાન પહોંચાડયું હતું અને તારનાં દોરડાં પણ કાપી નાખ્યાં હતાં. ચાર પાંચ દહાડા રહી પોલીસે તપાસ શરૂ કરી. સબ ઇન્સ્પેકટર પ્રતાપસિંહે કેટલાક લોકોને ભેગા કર્યા અને તેઓ પાસે ગુન્હો કબુલ કરાવવા તેઓને માર માર્યો. આ ઉપરાંત, નિઝામાબાદના બધા માણસોને દરરોજ સવારના ભેગા કરવામાં આવતા, અને પછી પોલીસ તેઓ સામે સખ્ખાઇ વાતવાતી અને તેઓને દબાવતી. સુલતાન અહમદ ઝાઇલદારે આ તોફાનના દિવસોમાં ધમકી આપીને છુટા કરવાની લાલચ બતાવીને અને તેવી બીજી રીતે લોકો પાસેથી પૈસો મેળવ્યા

મ્હેનત કરી હતી. એટલે જેઓ તેને પૈસા આપતા, તેઓ ગુન્હેગાર હોવા છતાં છુટી જતા; અને જેઓ પૈસા આપે એવી સ્થિતિમાં ન હતા, તેઓ નિર્દોષ છતાં સજા પામતા. મને પણ ચોકીએ એક દહાડો બેસાડવામાં આવ્યો હતો; પરંતુ તાસિલદાર અને નાયબ તાસિલદારની સાક્ષીથી હું છુટો થયો હતો.

૩૨૭

વજીદ અલિ અકબર અલિની જુબાની; નિઝામાબાદ.

૧૮ મી એપ્રિલે અમારા ગામ આગળ એક ટ્રેન આવીને ઉભી. તેમાં બ્રિટિશ સોલજરો હતા. સોલજરોએ એક મશીનગન સડક પાસે ગોઠવી હતી અને તેનું મ્હોં અમારા ગામ તરફ રાખ્યું હતું. કેટલાક સોલજરોએ ગામને ઘેરો ઘાલ્યો હતો; અને કેટલાક ગામમાંથી લોટ, ગોળ અને ઘી લુંટી ગયા હતા. બે સોલજરોએ તો ગામના નોકર મહમદ રમઝાનને લુગડે બાંધી ઘસડયો હતો. ટ્રેન ઉપડવાની સીટી થતાં તેને પડતો મેલી સોલજરો ટ્રેન તરફ દોડી ગયા હતા; પણ રમઝાનને બે ઠેકાણે ગોળીઓ વાગી હતી એટલે સોલજરોના જવા પછી ચાર પાંચ મિનિટમાં તે મરણ પામ્યો.

એક બે દહાડા રહી, ઝાઈલદાર, લમ્બદાર અને કેટલાક કોન્સ્ટેબલો અમારે ગામ આવ્યા, અને ગામના બધા રહીશોને ભેગા કર્યા; તેમાંથી કેટલાકોને ચૂંટી કાઢી માર મારવામાં આવ્યો. ૬ ઠી કે ૮ મી મે સુધી દરરોજ સવારના નિઝામાબાદના રહીશોને થાણે હાજર થવું પડતું ત્યાં તેઓને આખો દિવસ બેસાડી રાખવામાં આવતા. પોલીસે ગામડાઓમાંથી કેટલાકને પોતાના સાક્ષી તરીકે ઉભા કર્યા; અને પછી મને તથા બીજા કેટલાકોને પકડયા. ૯ મી જુને મને તથા મારા છોકરા અસલામ બેગને અને બીજા પાંચ છ જણને ડેપ્યુટી કમિશનર કરનલ ઓબ્રાયન આગળ ઉભા કરવામાં આવ્યા. કમિશનરે અમને જમીન ઉપર નાક ઘસવાની શિક્ષા કરી અને પછી છોડી મુકયા. અમારા ગામ પાસેથી નુકસાનીના ૬૫૦૦ રૂપિયા લેવામાં આવ્યા હતા.

× × × × ×

૩૨૯

કરિમબક્ષ ઇદ મહમદ, કોંટ્રાકટરની જુબાની; ઉમ્મર વર્ષ ૪૫; નિઝામાબાદ.

૧૮ મી એપ્રિલે બ્રિટિશ સોલજરોથી ભરેલી એક આગગાડી અમારા ગામ આગળ આવી ઉભી. ગાડીમાંથી ઉતરી સોલજરો ગામમાં આવ્યા અને દુકાનો લુંટી ઘી, ગોળ, લોટ ઉપાડી ગયા. આ પછી ૧૫–૧૬ દહાડા સુધી દરરોજ ગામના બધા માણસોને સદર થાણે સવારના સાત વાગાથી હાજર રહેવાનો હુકમ કરવામાં આવ્યો હતો. આખો દિવસ અમારે તડકામાં ભૂખે બેસી રહેવું પડતું આથી કરી, અમારા કામધંધાને પણ નુકસાન પહોંચ્યું હતું.

૩૩૦

હાજી અલ્લાહદિન કરમબક્ષની જુબાની; ચામડાંનો વેપારી;
ઉમ્મર વર્ષ ૪૫, નિઝામાબાદ.

૧૮ મી એપ્રિલે કેટલાક સોલજરો અમારા ગામમાં આવ્યા અને મારા કારખાનાને ઘેરો ઘાલ્યો. મહમદ રમઝાન આ વખતે બકરા ચરાવતો હતો તે ભૂલમાં મિલીટરી લાઈ-

નમાં ચાલી ગયો. એક બ્રિટિશ સોલજરે તરત જ તેને ઠાર માર્યો; અને પછી તેની પાઘડીથી તેના શબને ગામના તળાવ આગળ ઘસડી લાવ્યો અને ત્યાં તેને ફેંકી ચાલતો થયો. તે મારી ભત્રિજીનો વર થતો હતો. એની ઉમ્મર ૨૫ વર્ષની હતી. ૧૫–૧૬ દહાડા સુધી મારે દરરોજ સવારથી સાંજ સુધી થાણે હાજરી આપવી પડતી; અને ત્યાં અમારે ભૂખે તડકામાં વખત કાઢવો પડતો. એક દિવસ પોલીસે મારા કારખાનાના ચાર પાંચ છોકરાઓને સખ્ત માર માર્યો; એટલે તેઓ ડરના માર્યા નાસી ગયા. આથી મારૂં કારખાનું અટકી પડયું અને મારે જબરી નુકસાની વેઠવી પડી. આ ઉપરાંત, હું નિર્દોષ છતાં મારે ૩૦૯ રૂપિયાનો દંડ ભરવો પડયો હતો.

૩૩૧.

અબ્દુલ્લા મહમદ બક્ષની જુબાની; ઉમ્મર વર્ષ ૬૦; દેરા મુગલાન; નિઝામાબાદ.

એક દિવસે બે કોન્સ્ટેબલોએ અલ્લાદિન અને મહમદ હુસેનને ખૂબ માર માર્યો હતો. તેઓને જમીન ઉપર પટકી નાંખી એક કોન્સ્ટેબલે પગથી તેનું ગળું દાબી રાખ્યું અને બીજાએ તેના કુલા ઉઘાડા કરી જોડાથી માર માર્યો. તેઓ પાસે લુંટાયલી મિલકત હતી એમ કોન્સ્ટેબલોનું કહેવું હતું.

૧૮ મી એપ્રિલે બે ત્રણ બ્રિટિશ સોલજરોએ એક ૨૦ વર્ષના છોકરાને ગોળીથી વિંધી નાખ્યો હતો. આ છોકરો બ્હીકના સોલજરોને જોઈ નાસતો હતો. સોલજરોએ તેને મારી નાંખી, તેની પાસે જે કંઈ ખાવાનું હતું તે લઇ લીધું અને તેના ખીસામાં દશ રૂપિયાની નોટ હતી તે પણ કાઢી લીધી. અને પછી તે છોકરાને તેનીજ પાઘડીથી બાંધી સોલજરો તેને ઘસડી ગયા અને ઝાડીમાં પડતો મેલી જતા રહ્યા. આ પછી તરતજ ૧૦–૧૫ સોલજરોએ મને પકડયો; અને મિરઝાના ઘર આગળ લઇ ગયા. મિરઝાનું ઘર અંદરથી બંધ હતું પણ અંદરથી કોઇ ઉઘાડે તે પહેલાં સોલજરોએ કમાડ તોડી નાખ્યું; અને એને લઈ અંદરથી એક બાઈ બારણું ઉઘાડવા આવી હતી તે જમીન ઉપર અફડાઈ પડી. સોલજરો ઝનાનામાં પણ પેઠા હતા, અને ઘરમાં એક કલાક સુધી રહ્યા હતા. આ પછી તેઓ મિરઝા અલીને લઇ ગયા હતા.

× × × × ×

૩૩૩.

અલતફઅલી, મોઘલની જુબાનીઃ નિઝામાબાદ.

હું નિઝામાબાદનો લમ્બરદાર છું. અમારા ગામમાં હડતાળ નહોતી પડી તેમ રોલેટ બિલની સામે વિરોધ બતાવવા સભા પણ થઈ નહતી. માત્ર ૧૦ મી એપ્રિલે વઝીરાબાદથી કેટલાક લોક આવ્યા હતા, તેને લીધે થોડાક કલાક કેટલીક દુકાનો બંધ રહી હતી.

૧૮ મી એપ્રિલે અમારા ગામ આગળ એક ટ્રેન આવી ઉભી; તેમાં બ્રિટિશ સોલજરો હતા. સોલજરો ગામમાં ચોમેર ફરી વળ્યા, અને મારે ઘેરે આવી મને લઇ ગયા. રસ્તે તેઓએ ઘી, લોટ અને બટેટા લુંટયા. મને મેજીસ્ટ્રેટ આગળ ઉભો કરવામાં આવ્યો હતો. ગામના બધા માણસોને સવારના ૭ થી રાતના ૮ સુધી થાણે હાજર રહેવું પડતું. આખો દિવસ તેઓને ભૂખે અને તડકે કાઢવો પડતો.

334.

અલ્લાહ દિત્તા ઈમામ દીનની જુબાની; લુહાર; ઉમ્મર વર્ષ ૩૫; નિઝામાબાદ.

હું અભણ છું; હું છાપાઓ વાંચતો નથી; તેથી રાજકારભારની વાતોથી હું સાવ અજાણ છું. લડાઈના વખતમાં લોકો પાસે પરાણે ઉઘરાણું કરવામાં આવતું હતું. ગરીબીને લઈ અમારા ગામના લોકોને ઉઘરાણામાં કે વૉર લોનમાં પૈસા આપવાનું બહુ ભારે પડયું હતું છતાં, જેઓ પાસે પૈસા નહતા તેઓને ૨૫ ટકા વ્યાજ આપીને પણ પૈસા ઉધાર લઈ સરકારી પાંચ ટકાની લોન લેવાની ફરજ પાડવામાં આવી હતી. જેઓ લોનમાં ભરવા ના પાડતા, તેઓને તાસીલે પકડી જવામાં આવતા, અને જ્યાં સુધી તેઓ અમુક રકમ ભરવા કબુલ ન થતાં ત્યાં સુધી તેઓને લમ્બરદાર અને બીજા અમલદારો નહોતા છોડતા. એક જણ ઉપર તો વૉર-ફંડમાં પૈસા ન ભરવા માટે ખોટો કેસ પણ ચલાવવામાં આવ્યો હતો.

એક દિવસે રાત્રે ઝાઇલદાર અને લમ્બરદાર વિસેક માણસ લઈને અમારા ગામમાં આવ્યા હતા, અને બળજોરી કરી લોકોને લશ્કરમાં ભરતી કરવા પકડી ગયા હતા.

અકાલગઢ.

૩૩૫.

દિવાન બંસીલાલ ચોપરાની જુબાની: અકાલગઢ.

૬ ઠી તથા ૧૪ મી એપ્રિલે અકાલગઢમાં હડતાળ પડી હતી. બંને દિવસ શહેરમાં શાંતિ જળવાઇ રહી હતી. ૬ ઠી તારીખે રોલેટ એક્ટ સામે વિરોધ દર્શાવવા એક સભા પણ થઈ હતી.

૨૨ મી એપ્રિલે ડેપ્યુટી કમિશનરે ન્હેર ઉપરના બંગલે ગામના કેટલાક માણસોને ભેગા કર્યા. ૬ ઠી તારીખે સભા કરવા સારૂ તેણે ગામને ૨૦૦૦ રૂપિયાનો દંડ કર્યો; અને તે રકમમાંથી ન્હેરથી તે શહેર સુધી તેની મોટરકાર સહેલાઇથી આવજાવ કરી શકે એવો પાકો રસ્તો બાંધી આપવાનો હુકમ કર્યો. તેજ દિવસે મારી પાસેથી હથિયારો લઈ લેવામાં આવ્યા.

અમે શહેરના અગ્રેસરો પુરાલયમાં દંડ ઉઘરાવી તેની વ્યવસ્થા કરવાનો વિચાર કરતા હતા તે વખતે પોલિસે પકડાપકડી શરૂ કરી; અને મારો ભાઈ દિવાન ગોપાલ લાલ પણ તે દિવસે પકડાયો; મને પણ પકડવામાં આવશે એવી વાત મારે કાને આવી. આથી હું અકળાયો અને બાબુ કેદારનાથની સલાહથી હજારો રૂપિયા ખરચીને પણ છુટા રહેવાનો પ્રયત્ન મેં શરૂ કર્યો. બાબુ કેદારનાથે બે હજાર રૂપિયાથી વિરોધીઓને ચુપ કરવાનું માથે લીધું.

ગામના ચૌધરીઓ મને વારંવાર સતાવતા અને ડરાવતા, મારા બનેવી પ્રાણનાથને પણ ચોકીએ પૂરવામાં આવ્યો હતો.

૧૧ મી મેએ શહેરના બધા લોકોને થાણે ભેગા કરવામાં આવ્યા. ત્યાં થાણેદાર, ચૌધરીઓ અને બીજા હોદ્દેદારો અમને બધાને બ્હીવડાવવા લાગ્યા અને કહેવા લાગ્યા કે 'જેઓ પોલિસ કહે તેમ જુબાની નહિ આપે, અને જેઓ આરોપિતના પક્ષમાં સાક્ષી પૂરશે કે તેઓને કોઇ રીતે સહાય કરશે તેઓ બધા પ્રત્યે બહુ સખ્તાઇ બતાવવામાં આવશે.' આ પછી, તુરતાતુરત સાક્ષીઓને લાહોર લઈ જવામાં આવ્યા. મને પણ ત્યાં લઈ જવામાં આવ્યો; અને માર્શીયલ લૉ કમિશન આગળ મેં જે જુબાની આપી તે માટે મને બહુ થથરાવવામાં આવ્યો હતો. આ બધાથી હું એટલો બધો આભો બની ગયો કે હું સખ્ત બિમાર પડયો, અને માર્શીયલ લૉનો અમલ ખલાસ થયો ત્યાં સુધી મારે લાહોર રહેવું પડયું; અને તબિયત સુધારવા ઘણા પૈસા ખરચવા પડયા.

મારા ભાઇ ગોપાલ લાલને બે અઢી મહીના સુધી નજરકેદ રાખવામાં આવ્યો હતો.

૩૩૬.

ચૌધરી ફાઝલ દાદની જુબાની; અકાલગઢ.

ઇશરદાસ આરોપિતના પક્ષમાં મેં જુબાની આપી, તે વાસ્તે પોલિસ મારા ઉપર નારાજ થઇ; અને મારા ઉપર ખોટો કેસ ઉભો કર્યો, તેમાં મને ૫૦૦ રૂપિયાનો દંડ થયો.

૨૬ મી એપ્રિલે ડેપ્યુટી કમિશનર કરનલ ઓબ્રાયને મને લમ્બરદારની જગ્યાએથી

કાઢી મુકયો. એટલે મેં પણ તેજ દિવસે મ્યુનિસિપાલિટીના ઉપ–પ્રમુખની જગ્યાએથી રાજીનામું આપ્યું.

એપ્રિલ મહિનામાં ડેપ્યુટી કમિશનરે અકાલગઢના રહીશો પાસેથી ન્હેરથી તે શહેર સુધીનો રસ્તો આખો કરાવવા ૧૦૦૦ રૂપિયાની રકમ કઢાવી; આમાંથી માત્ર ૭૦૦ કે ૮૦૦ રૂપિયા કોન્ટ્રાકટરને આપવામાં આવ્યા હતા. આ રકમ ઝાઇલદાર ગુલામ કલાદિર પાસે હતી. તેણે બાકીની રકમનું શું કર્યું એની મને ખબર નથી. આ રસ્તો સમો કરવા જેઓ મજુર વર્ગના નહતા તેઓ.ને પણ મ્હેસુલ ખાતાના અમલદારે અને ઝાઇલદારે ફરજ પાડી હતી, અને જે કામ તેઓએ કર્યું, તેને માટે તેઓને કંઈ વેતન આપવામાં નહોતું આવ્યું. મને પણ બે દિવસ અને રાત આ પ્રમાણે કામ કરવાની ફરજ પાડવામાં આવી હતી.

અકાલગઢમાં ઘોડેસ્વાર અને પાયદળ લશ્કર પણ લાવવામાં આવ્યું હતું. શહેરના બધા લોકોને ડાક બંગલે ભેગા કરવામાં આવ્યા હતા; અને રેલ્વે સડક આગળથી મશીનગનો અને બીજી મ્હોટી તોપો ફેરવવામાં આવી હતી. આરોપિતના પક્ષમાં સાક્ષી ન આપવાનું અને પોલિસ કહે તેમ જુબાની આપવાનું ઉઘાડી રીતે લોકોને કહેવામાં આવતું. મેં પોલિસની આ સૂચના માની નહતી, એટલે મારા ઉપર કેસ ચલાવવામાં આવ્યો હતો, અને મને સજા કરવામાં આવી હતી.

× × × × ×

૩૩૮.

લાલા તારાચંદ પાસીની જુબાની; ઉમ્મર વર્ષ ૪૭; બેંકર, અકાલગઢ.

૧૯ મી મેએ મને તથા મારા ન્હાના છોકરાને પોલિસ પકડી ગઈ. મારા ભાઈ ગણેશદાસને પણ પકડવામાં આવ્યો હતો. અમને ચોકીએ પૂરવામાં આવ્યા હતા.

૨૨ મી તારીખે મારો વયોવૃદ્ધ કાકો ચોકીએ આવ્યો. તેને પણ કોટડીમાં બેસાડવાની ધમકી આપી, અને તેની પાસે ૪૦૦૦ રૂપિયાની માગણી કરી; છેવટે ૨૦૦૦ રૂપિયે વાત પતી.

મને ચોવિસ દિવસ સુધી ચોકીએ પૂરી રાખવામાં આવ્યો હતો; અને પછી ડેપ્યુટી કમિશનરે મને છોડી મુકયો હતો. તેજ અરસામાં માર્શીયલ લૉનો અમલ બંધ થયો હતો.

ઝાઇલદારો મારા દેવાદાર હતા; એટલે તેઓ મારી સાથે દુશ્મનાઇ રાખતા હતા; અને તેથી જ મને આ રીતે પજવવામાં આવ્યો હતો.

* * * * *

૩૪૦;૩૪૦–૧.

ગોપાલ લાલ ચોપરાની જુબાની; અકાલગઢ.

૬ ઠી એપ્રિલે અકાલગઢમાં હડતાળ પડી હતી. તેજ દિવસે રોલેટ એકટ સામે અણગમો જાહેર કરવા સભા ભરાઇ હતી. આ સભાનો પ્રમુખ મને કરવામાં આવ્યો હતો.

૧૪ મી તારીખે શહેરમાં શું બન્યું તેની મને ખબર નથી; તે દિવસે હું વઝીરાબાદ હતો; પણ ત્યાંથી પાછો આવ્યો ત્યારે મને ખબર પડી કે લોકોએ તારનાં દોરડાં કાપી

નાખ્યાં હતાં; અને " મહાત્મા ગાંધીકી જય " ના પોકાર કરતા કરતા સરઘસના રૂપે ગામમાં ફર્યા હતા.

૨૩ મી એપ્રિલે ડેપ્યુટી કમિશનર ન્હેરના બંગલે આવ્યો હતો, અને શહેર ઉપર ન્હેર અને અકાલગઢ વચ્ચેનો રસ્તો સમો કરી આપવાનો ભાર નાખ્યો હતો. આ વાસ્તે લોકો પાસેથી લગભગ બે હજાર રૂપિયા ઉઘરાવવામાં આવ્યા હતા. તેજ દિવસે મને તથા દિવાન બદરીનાથને પકડવામાં આવ્યા; અને અમને ગામમાં ફેરવવામાં આવ્યા. બીજે દિવસે અમને જેલમાં લઇ જવામાં આવ્યા; ત્યાં અમને બે મહિના સુધી રાખવામાં આવ્યા પછી માર્શીયલ લૉનો અમલ બંધ થવાથી અમને જામીન ઉપર છોડવામાં આવ્યા. અને સ્થાયી કોર્ટમાં અમારા ઉપર કેસ ચલાવવામાં આવ્યો. અમારી વિરૂદ્ધ પૂરતો પુરાવો ન હોવાથી, કોર્ટે અમને છોડી મુકયા હતા.

મ્હેસુલ ખાતાના અમલદારે ઝાઇલદાર અને ચૌધરીઓ મારફત મારી પાસે લાંચ માગી હતી; પણ તેની ના પાડવા વાસ્તે મને પકડવામાં આવ્યો હતો. હું જેલમાં હતો તે દરમ્યાન તેઓએ મારા સગાઓ પાસેથી મને છુટો કરવા ૫૦૦૦ રૂપિયાની અને મારા બનેવીને છુટો કરવા ૧૦૦૦ રૂપિયાની લાંચ લીધી હતી.

અમારા ગામ પાસેથી એક હજાર રૂપિયા દંડના વસુલ કરવામાં આવ્યા હતા.

× × × × ×

૩૪૨.

રામલાલ બેલીરામ, વિદ્યાર્થીની જુબાની; ઉમ્મર વર્ષ ૧૫; અકાલગઢ.

માર્શીયલ લૉના અમલ દરમ્યાન, ૨૩ મી એપ્રિલે એક પોલિસ હવાલદાર મારે ઘેર આવી મને પકડી ચોકીએ લઇ ગયો અને ત્યાં મને કેદ રાખવામાં આવ્યો. પછી મને લાહોર જેલમાં લઇ જવામાં આવ્યો. ત્યાં મને ૧૪ દહાડા રાખવામાં આવ્યો. ૧૩ મી મેએ મારા ઉપર કેસ ચાલ્યો; પરંતુ કોર્ટે મને છોડી મુકયો.

૧૫ મી મેએ ડાક બંગલે સ્કુલના શિક્ષકોને બોલાવવામાં આવ્યા હતા; અને તેઓ બધાને ગોળીથી વિંધી નાખવાની લશ્કરી સિપાઇઓએ ધમકી આપી હતી, અને આખા શહેરને તોપથી ઉડાવવાની શકિત તેઓમાં છે એમ અમને જણાવ્યું હતું.

૩૪૩–૩૪૪–૩૪૫.

નાનકચંદ દિત્તા મલ, હલવાઇની જુબાની; ઉમ્મર વર્ષ ૪૦, અકાલગઢ.

માર્શીયલ લૉના અમલ દરમ્યાન, પોલિસે ગોપાલ લાલ અને બીજાઓની સામે ખોટી સાક્ષી આપવા મને જણાવ્યું, પણ તેમ કરવા મેં મરજી ન બતાવી એટલે મને અર્ધો કલાક સુધી તડકે ઉભો રાખ્યો, અને મારા ઉપર ગાળો વર્ષાવી. છેવટે હું થાકયો, અને પોલિસના કહેવા પ્રમાણે જુબાની આપવા બંધાયો, પરંતુ કોર્ટમાં તો મેં ખરેખરી વાત કરી હતી. મારી પેઠે, બીજાઓને પણ પોલિસે જુઠી જુબાની આપવા ફરજ પાડી હતી.

જેઠ મહિનાની એકમ કે બીજને દિવસે લોકોને ડાક બંગલે ફરજીયાત ભેગા કરવામાં આવ્યા હતા, અને જેઓ ત્યાં નહોતા ગયા તેઓને મારવામાં આવ્યા હતા. શહેર આગળ તોપો ગોઠવવામાં આવી હતી; અને હુકમને તાબે ન થવા માટે અમને ગોળીથી

મારી નાખવાની અને શહેરને તોપથી ઉડાડી મુકવાની ધમકી આપવામાં આવી હતી. લશ્કરી અમલદારોને મફત દુધ આપવાની મને ફરજ પાડવામાં આવી હતી.

૩૪૬–૩૪૭.

ગણેશદાસ હરભગવાન પાસીની જુબાની; અકાલગઢ.

અકાલગઢમાં મારી દાણાની દુકાન છે. ૬ ઠી એપ્રિલે અમારા શહેરમાં હડતાળ પડી હતી. અને સાંજના તળાવ આગળ સભા ભરાઈ હતી; પરંતુ હું તેમાં ગયો નહતો. તે સભાનો પ્રમુખ દિવાન ગોપાલદાસ થયો હતો. ૧૪ મી તારીખે પણ શહેરની કેટલીક દુકાનો બંધ રહી હતી.

૧૫ મી એપ્રિલે વૈશાખી મેળામાંથી પાછા ફરતાં કેટલાક લોકોને અકાલગઢથી એકાદ માઇલ ઉપર તારનાં દોરડા કાપી નાંખ્યાં હતાં. એટલે ૨૨ મી તારીખે કરનલ ઓબ્રાયન અકાલગઢ આવ્યો, અને શહેરને બે હજાર રૂપિયાનો દંડ કર્યો; અને તે રકમમાંથા ન્હેરથી તે શહેર સુધી પાકી સડક તૈયાર કરવાનો હુકમ કર્યો. તેજ દિવસે પોલિસે દિવાન ગોપાલદાસ અને બદરીનાથને પકડયા; અને ૨૪ મી તારીખે મારા ભાઈ બુલાખીરામને પકડયો. તે વખતે હું જમુ ગયો હતો; પરંતુ પોલિસ મને પકડવા મારે ઘેર ગયા હતા, અને મારી સુવાવડી સ્ત્રીને ખુબ ધમકાવી હતી. ૨૧ મી મેએ હું અકાલગઢ આવ્યો ત્યારે મને ખબર પડી કે મારા બંને ભાઇઓને પકડવામાં આવ્યા છે. મને પણ ૨૨ મીએ પકડવામાં આવ્યો; અને ચોકીએ કોટડીમાં પુરવામાં આવ્યો. મ્હેસુલ ખાતાંના અમલદારે તથા ગુલામ કવાદિર અને સરદાર ખાને મારા વયોવૃદ્ધ કાકાને બોલાવી મંગાવ્યો, અને અમને છોડી મુકવા માટે ૪૦૦૦ રૂપિયાની માગણી કરી; પરંતુ છેવટે તેઓ ૨૦૦૦ રૂપિયા લેવા કબુલ થયા. મારા કાકાએ જેમ તેમ કરી એ રકમ તેઓને આપી. છતાં મને ૨૦ મી જુને કોર્ટ આગળ ઉભો કરવામાં આવ્યો: બીજે દિવસે મને જામીન ઉપર છોડવામાં આવ્યો અને પછી મેજીસ્ટ્રેટે મને સાવ છુટો કર્યો.

મારી ગેરહાજરીમાં પોલિસે મારી મિલકત જપ્ત કરી હતી; પરંતુ જપ્તી માટે કોઇએ લેખિત હુકમ કાઢયો જણાતો નથી. છુટો થયા પછી મહા મુસ્કેલીએ ઠેઠ સપ્ટેમ્બર માસમાં મારી મિલકતનો કબજો મને મળ્યો. મારા કાકા પાસેથી ૨૦૦૦ રૂપિયા પોલિસે ફરજીયાત લીધા હતા તે વિષે મેં લેફ્ટેનંટ ગવર્નરને અરજી કરી પણ મને તેનો કંઇ જવાબ જ ન મળ્યો.

× × × × ×

૩૫૨

બલવંત ઝંડાસિંહની જુબાની: અકાલગઢ.

રોલેટ એકટની સામે અણગમો દર્શાવવા અને મહાત્મા ગાંધીને છોડાવવાના ઇરાદાથી અકાલગઢના વતનીઓએ પોતાની મેળે ૧૪મી એપ્રિલે હડતાળ પાડી હતી. તે દિવસે લોકો સરઘસના આકારમાં આખા શહેરમાં ફર્યા હતા; પરંતુ કયાંય ધીંગામસ્તી કે તોફાન થયાં ન હતાં. ૧૫મી તારીખે કેટલાક અજાણ્યા માણસોએ તારનાં દોરડાં કાપ્યાં; એટલે ૨૨મી એપ્રિલે ડેપ્યુટી કમિશનરે નહેર ઉપરના ડાક બંગલે શહેરના મ્હોટા લોકોને બોલાવ્યા. તેજ દિવસે સાંજના રેવન્યુ ઓફિસરે દિવાન ગોપાલલાલ અને દિવાન બદ્રિનાથને

પકડયા, અને બંનેને હાથકડી પહેરાવી શહેરમાં ફેરવ્યા. બીજે દિવસે વિશેષ લશ્કર શહેરમાં આવ્યું, અને બીજા કેટલાકોને પકડવામાં આવ્યા. કેટલાક છોકરાઓને પણ કોટડીમાં બેસાડવામાં આવ્યા.

૨૫મી એપ્રિલે મને કોટવાલીએ લઈ જવામાં આવ્યો. પોલિસ મારી પાસેથી કેટલાક જણની વિરૂદ્ધ ખોટી સાક્ષી અપાવવા ઇચ્છતી હતી; પણ હું તેમ કરવા તૈયાર ન હતો, એટલે મને માર મારવામાં આવ્યો હતો અને ગોળીથી વિંધી નાંખવાની ધમકી પણ આપવામાં આવી હતી. આથી હું ડરી ગયો અને પોલિસના કહેવા પ્રમાણે વર્તવા કબુલ થયો. તે દિવસે રાત્રે મને કોટવાલીએ જ રાખવામાં આવ્યો. બીજે દિવસે મને અહમદનગર લઇ જવામાં આવ્યો. ત્યાં મેજીસ્ટ્રેટ આગળ મારી જુબાની (પોલિસે શીખાડેલી) લખી લેવામાં આવી. પરંતુ અહમદનગર પહોંચ્યા તે દરમ્યાન, મને વારે વારે ગોળીથી વીંધી નાખવાની ધમકી આપવામાં આવી હતી. ૨૮મી એપ્રિલે મારી પાસેથી ૨૦૦ રૂપિયાનો મુચલકો લઇ મને છોડવામાં આવ્યો હતો.

થોડા દહાડા રહી મને પાછો હાફીઝાબાદ લઇ જવામાં આવ્યો. ત્યાં પણ મારી જુબાની નોંધવામાં આવી. ૧૧મી મેએ મને તથા બીજાઓને લાહોર જુબાની આપવા લઈ જવામાં આવ્યા. પરંતુ તે પહેલાં રેવન્યુ ઓફિસરે અમને બધાને સાફ કહી દીધું હતું કે જો કોઈ આરોપિતની તરફેણમાં કે પોલિસની વિરૂદ્ધ જુબાની આપશે તો તેને પણ આરોપિત તરીકે કોર્ટ આગળ ઉભો કરવામાં આવશે. પરંતુ કોર્ટમાં કમિશનના કહેવાથી સોગંદ ઉપર મેં સાચેસાચી વાત કહી હતી; એટલે સબ–ઈન્સ્પેક્ટર અને બીજા પોલિસના માણસો મારા ઉપર બહુ ખીજવાયા, અને ખોટી જુબાની આપવા માટે મારા ઉપર મુકદ્દમો ચલાવવાનો પ્રયત્ન કર્યો, પણ નિષ્ફળ નીવડયા. પણ તેઓ તો મારી પુઠે પડ્યા અને ૧૪મી મેએ મને પાછો પકડયો અને ડેપ્યુટી કમિશનર આગળ ઉભો કર્યો. ડેપ્યુટી કમિશનરે મને તથા હવેલીરામને આખા શહેરમાં ફેરવવાનો હુકમ કર્યો કે જેથી લોકો જાણે કે જેઓ સરકાર સામે જુબાની આપે છે તેઓના કેવા હાલ થાય છે.

૨૨મી મેએ મને રામનગર લઇ જવામાં આવ્યો; અને મિ. વેસે મારી વાત સાંભળ્યા વિના મને ૨૦૦ રૂપિયાનો દંડ ભરવાની અને ૧૨ ફટકા ખાવાની સજા કરી. દંડ તરત જ વસુલ કરવામાં આવ્યો, અને ફટકા મને ૨૪મી તારીખે વઝીરાબાદમાં મારવામાં આવ્યા.

૩૫૩

દિવાન શ્રીરામ સંતરામ ચોપરાની જુબાની: અકાલગઢ.

અકાલગઢમાં હું એક મ્યુનિસિપલ કમિશનર છું. ૬ઠી એપ્રિલે રોલેટ એકટ સામે વિરોધ દર્શાવવા શહેરમાં હડતાળ પડી હતી, અને સાંજે સભા ભરાઈ હતી. સભામાં હું ગયો ન હતો.

૧૪મી એપ્રિલે અકાલગઢમાં બીજી હડતાળ થઇ હતી. કેટલાક લોકોએ સરઘસ કાઢયું હતું, પરંતુ ક્યાંય તોફાન થયું ન હતું. તેજ દિવસે સાંજના પાંચેક વાગે વઝીરાબાદથી વૈશાખી યાત્રામાં ગયેલા કેટલાક લોકો પાછા ફર્યા અને ત્યાં બનેલા બનાવોની વાત લોકો પાસે કહી.

પોલિસ મારી પાસે બદ્રીનાથ, બિશનદાસ અને બીજા ચાર જણની સામે ખોટી સાક્ષી અપાવવા ઇચ્છતી હતી; એટલે લાલા કિદારનાથના કારખાનામાં સરકાર વિરૂદ્ધ હું બોલ્યો હતો એવી વાત પોલિસે કરવા માંડી. આથી હું ડરી ગયો અને પોલિસના કહેવા પ્રમાણે વર્તવા કબુલ થયો.

૧૬મી એપ્રિલે મને થાણે બોલાવવામાં આવ્યો હતો. ત્યાં ગોપાલ લાલ અને બીજા પાંચ જણાઓને ફસાવવાની વાત ચાલી રહી હતી. મને ઠેઠ રાત્રે નવ વાગે ઘેર જવાની રજા મળી હતી.

૨૧મી એપ્રિલે ડેપ્યુટી કમિશનરે ડાક બંગલે શહેરના મ્હોટા મ્હોટા માણસોને ભેગા કર્યા હતા. તેણે નહેરથી તે શહેર સુધીનો રસ્તો સમો કરી આપવાનો હુકમ અકાલગઢના રહીશોને કર્યો, અને તે માટે તેજ દિવસે જોઇતું ઉઘરાણું કરવામાં આવ્યું. ઉપરાંત, જેઓ પાસે હથિયાર હતાં અને જેની ઉપર પોલિસની કડવી નજર હતી તેઓ પાસેથી તે લઇ લેવામાં આવ્યાં. મારી પાસેથી પણ બંદુક લઇ લેવામાં આવી. આ પછી દિવાન ગોપાળ-લાલ અને બદ્રીનાથ અને બીજાઓને પકડવામાં આવ્યા.

૧૧મી મેએ અમને બધા સાક્ષીઓને લાહોર લઇ જવામાં આવ્યા, ટ્રેનમાં બેસતી વેળા રેવન્યુ ઓફિસરે અમને બધાને ચોખ્ખું સંભળાવી દીધું હતું કે જેઓ આરોપિતને કોઇ પણ રીતે મદદ કરશે અથવા તો પોલિસે શીખાડેલી વાતમાં વધારો ઘટાડો કરશે તો તેઓના બુરા હાલ થશે.

૧૬મી તારીખે હું અકાલગઢ પાછો આવ્યો. બીજે દિવસે ડાક બંગલે લોકોને ભેગા કરવામાં આવ્યા હતા. ત્યાં તોપો ફોડવામાં આવી હતી, અને લોકોને સંભળાવવામાં આવ્યું હતું કે જેઓ સરકાર સામે થશે તેઓને ગોળીથી વિંધી નાખવામાં આવશે.

૩૫૪

દિવાન નરંજનદાસ રામનારાયણ, બેંકરની જુબાની: અકાલગઢ.

૬ઠી એપ્રિલે, અકાલગઢના રહીશોએ પોતાની ઇચ્છાથી હડતાળ પાડી હતી. તેજ દિવસે દિવાન ગોપાલ લાલના પ્રમુખપણા હેઠળ રોલેટ એકટ સામે અણગમો બતાવવા સભા થઇ હતી.

મહાત્મા ગાંધીના પકડાવાથી ૧૪મી તારીખે પાછી હડતાળ થઇ હતી. બપોરે કેટલાક હિંદુ મુસલમાન જુવાનીયાઓ અને છોકરાઓ શહેરમાં 'રોલેટ બિલઃ હાય હાય' ના પોકાર કરતાં સ્ટેશને ગયા હતા.

અકાલગઢથી એક માઇલ ઉપર કોઇકે તારનાં દોરડાં કાપી નાખ્યાં હતાં તેની ખબર શહેરમાં ૧૫મી તારીખે પડી હતી.

૨૨મી તારીખે ડેપ્યુટી કમિશનરે ડાક બંગલે શહેરના મ્હોટા માણસોને ભેગા કરી તેઓ પાસે કેટલુંક વિવેચન કર્યું અને ડાક બંગલા આગળથી શહેર સુધીનો રસ્તો મોટર-કાર આવ જાવ કરે એવો સારો કરવાનો હુકમ કર્યો તે માટે તેજ દિવસે ૧૫૦૦ રૂપિયા ઉઘરાવવામાં આવ્યા અને પછી કેટલાક લોકોને પકડવામાં આવ્યા.

૧૧મી મેને દિવસે સવારે શહેરના બધા લોકોને થાણે ભેગા કરવામાં આવ્યા. ત્યાં રેવન્યુ ઓફિસરે લોકોને ચેતવ્યા કે જેઓ આરોપિતના બચાવમાં સાક્ષી આપશે અને જેઓ પોલિસના સાક્ષીઓને સાક્ષી આપવા ના કહેશે તેઓને પકડવામાં આવશે અને તેઓ ઉપર કામ ચલાવવામાં આવશે. સ્ટેશન ઉપર થાણેદારે સાક્ષીઓને માર માર્યો હતો, ગાળો આપી હતી અને અનેક રીતે કનેડયા હતા.

૧૬મી મેએ ડાક બંગલે બધા લોકોને એકઠા કરવામાં આવ્યા હતા, અને ત્યાં લોકોને ડરાવી નાખવાના હેતુથી મશીનગનો ફોડવામાં આવી હતી.

૧૭મી તારીખે મને થાણે બોલાવવામાં આવ્યો હતો અને આરોપિતની તરફેણમાં જુબાની આપવા માટે મને કોટડીમાં પૂરવામાં આવ્યો હતો.

૨૩મી તારીખે મયારામ પૈસી પાસેથી ૨૦૦૦ રૂપિયા પરાણે લેવામાં આવ્યા હતા. અને માર્શીયલ લોના દિવસમાં લોકો પાસેથી ૨૦ થી ૨૫ હજાર જેટલા રૂપિયા કઢાવવામાં આવ્યા હતા.

સાંગલા.

૩૫૭–૫૮

બાલ મુકુન્દ ગણુપતરાયની જુબાની: લોખંડનો વ્યાપારી; ઉમ્મર વર્ષ ૪૨; સાંગલા.

૧૯મી એપ્રિલે એક સિપાઈ મને થાણેદાર આગળ લઈ ગયો. થાણેદારે મને ખૂબ ગાળો અને ધમકી આપી, અને પછી મને સરાઇએ પોલિસ ઈન્સ્પેક્ટર આગળ લઈ જવામાં આવ્યો. ત્યાં મને ખોટી જુબાની આપવાનું કહેવામાં આવ્યું; પણ તેમ કરવા મેં ચોખ્ખી ના પાડી, એટલે મને કોટડીમાં પૂરવામાં આવ્યો. ૨૧મી મેએ મને મેજીસ્ટ્રેટ આગળ ઉભો કરવામાં આવ્યો. મારી સામે કંઇ પુરાવો ન હોવાથી, મેજીસ્ટ્રેટે મને છોડી મુકયો. મારી સાથે બીજાઓ પણ છુટા થયા હતા.

માર્શીયલ લોના દિવસમાં નિશાળે જતા દરેક વિદ્યાર્થીને ચાર વાર હાજરી પુરાવા જવું પડતું. આ દિવસોમાં તાપ સખ્ત પડતો હતો. મારો ભત્રીજો ઇશરદાસ આથી માંદો પડયો. તેને કોલેરા થયો અને અંતે મરી ગયો. મારો બીજો ભત્રીજો પણ આજ કારણથી માંદો પડયો હતો, પણ સદ્‌ભાગ્યે તે સાજો થયો. છોકરાઓ હાજરી પુરાવા જતા ત્યારે તેઓને ધુમ તડકે ઉભા રાખવામાં આવતા.

૩૫૯

રખ્ખારામ ધન્નાસિંહની જુબાની: કમિશન એજંટ; ઉમ્મર વર્ષ ૫૦; સાંગલા.

૧૮મી મેએ પોલિસ સબ–ઇન્સ્પેક્ટરે મને ખોટી સાક્ષી આપવા જણાવ્યું; પરંતુ તેમ કરવા હું કબુલ ન થયો. એટલે બીજે દિવસે મને પકડવામાં આવ્યો અને નજરકેદ રાખવામાં આવ્યો. ૨૨મી તારીખે બીજા ૯૭ જણની સાથે મને પણ છુટો કરવામાં આવ્યો.

૧૨મી મેએ લાલા જીવનલાલને પકડવામાં આવ્યો, ત્યારે હું રડવા લાગ્યો. આથી મિ. બોઝવર્થ સ્મિથે મને સોટીથી ૭ ફટકા ખેંચી કાઢયા.

× × × × × ×

૩૬૧

સરદાર સંતસિંહની જુબાની: જમીનદાર અને કાપડનો વ્યાપારી; ઉમ્મર વર્ષ ૪૫; કોટલાનો રહીશ.

૧૧ મી જુને મારો ૧૮ વર્ષનો છોકરો હરીસિંહ સાંગલા ગયો હતો. તે દિવસે માર્શીયલ લોનો અમલ ખતમ થઈ ગયો હતો. તે કોટલા પાછો ફરતો હતો તે વખતે સાંજના નહેર ઉપરના પુલ આગળ લોકોની ઠઠ જામી હતી, અને કમાંડીંગ ઓફિસર નહેરમાં ન્હાતો હતો. પુલ ઉપરથી પસાર થતાં હરીસિંહે ઓફિસરને જોયો ન હતો. પરંતુ ઓફિસર એની પાછળ પડયો. હરીસિંહની ઘોડી ઘણા લોકોને જોઈ ચમકી, અને ઘરભણી નાઠી. કમાંડીંગ ઓફિસર એકાદ માઈલ સુધી છોકરા પાછળ ગયો અને પછી પાછો ફર્યો. મારો તેની સાથે મેળાપ થયો અને મેં તેને સલામ ભરી. મને પુછતાં મેં જણાવ્યું કે ઘોડી ઉપર દોડી ગયેલો છોકરો મારો હતો. એટલે ઓફિસરે મારી ઘોડી લઇ લીધી, અને

મને પગે ચાલી સાંગલા જવા અને છોકરાને લઇ આવવા હુકમ કર્યો. આ દિવસે મારા ભાઇની છોકરી અને છોકરો મરી ગયાં હતાં, અને તેઓનાં શબ ઘરમાં જ પડયાં હતાં; પરંતુ તેના ઉપર ઓફિસરે ધ્યાનજ ન આપ્યું. લાચારીથી હું ઘેર ગયો અને મારા છોકરાને લાવી સાહેબ આગળ રજુ કર્યો. છોકરાને બીજે દિવસે પાંચ ફટકા મારવામાં આવ્યા હતા; અને પછી મારી ઘોડી મને પાછી સોંપવામાં આવી હતી.

* * * * *

૩૬૩

લાલા મોહનલાલ માયાદાસની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૩૫; કમિશન એજંટ; સાંગલા.

માર્શીયલ લોના અમલ દરમ્યાન, ૨૯ મી મેને દિવસે કમાંડીંગ ઓફિસરનો એક પટાવાળો મારી દુકાને આવ્યો, અને સાહેબનો પંખો ખેંચવા માટે એક માણસની માગણી કરી. મેં તરત એક નોકરને મોકલ્યો; પણ સાહેબને તેથી સંતોષ ન થયો. તેણે મને બોલાવી મંગાવ્યો, અને મને પંખો ખેંચવાની ફરજ પાડી. આ ઉપરાંત, સાહેબે મને ગાળો આપી અને માર પણ માર્યો. સાહેબે મારી પ્રતિષ્ઠાનો ખ્યાલ પણ નહોતો કર્યો.

૩૬૪.

હરકિશનલાલની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૨૨; હિંદી પાઠશાળાનો અધ્યક્ષ; સાંગલા.

માર્શીયલ લોના દિવસોમાં અમારી પાઠશાળાના વિદ્યાર્થીઓને દરરોજ ચાર વાર–સવારના ૬ વાગે અને ૧૦ વાગે, બપોરે ૨ વાગે અને સાંજે ૬ વાગે–હાજરી પુરાવવા જવું પડતું. શાળાના વિદ્યાર્થીઓની વય ૫ વર્ષથી ૧૪ વર્ષ સુધીની હતી. આ દિવસોમાં સખ્ત તાપ પડતો; એટલે વિદ્યાર્થીઓને હાજરી પુરાવવા જવામાં ભારે હાડમારી વેઠવી પડી હતી.

હાજરી પુરાવવા સમયે બધા વિદ્યાર્થીઓને એક સાથે આ પ્રમાણે બોલવાની ફરજ પાડવામાં આવતીઃ 'સાહેબ, અમે કોઇ ગુન્હો કર્યો નથી, અને અમે કરશું પણ નહિ. ઇશ્વર અમારી પાસે તેમ ન કરાવે !'

* * * * *

૩૬૬.

બસંતરામ દુનિચંદની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૨૩; ફળ વેચનાર; સાંગલા.

૧૬ મી મેએ થાણેદાર અબ્દુલ ગાનીએ મને જુબાની આપવા સરાઇએ બોલાવ્યો. મને આખો દિવસ ત્યાં બેસાડી રાખ્યો, અને બીજા ૨૫ જણ સાથે મને ૨૨ મી તારીખ સુધી નજરકેદ રાખ્યો. મારી જુબાની લેવામાં આવી ન હતી.

અમે નજરકેદ હતા તે દરમ્યાન, અમે પૈસા આપતા ત્યારે જ અમને શૌચ કર્મ કરવા પોલિસ જવા આપતી. આ કામ માટે અમે દરરોજ પોલિસને ૨ રૂપિયા આપતા.

૨૩ મી મેએ મને પાછો પોલિસે બોલાવ્યો હતો. હું ઘરબ્હાર નીકળતો હતો ત્યારે મને અબદુલ ગાની મળ્યો. તેણે મને ફરી પાછું જુબાની આપવા જણાવ્યું; પણ મેં તો ના જ પાડી એટલે મને બજાર વચ્ચે જ ખૂબ માર માર્યો, અને બજારમાંથી પોલિસ ચોકીએ ઘસડી લઈ ગયો.

ચોકીએ મને તથા બીજા ૭ જણને પોલિસે જુદા ઉભા રાખ્યા; અને પછી બે જણા અમારી પાસે આવ્યા; તેમાંથી એકે અમારામાંથી ચારને અને બીજાએ બાકીના ત્રણની ઓળખાણ આપી. ત્યારબાદ અમને મેજીસ્ટ્રેટ આગળ લઈ જવામાં આવ્યા. મેજીસ્ટ્રેટે મને ત્રણ રૂપિયાનો દંડ કર્યો. હું ઘણો ગરીબ છું. દંડ ભરવાની રકમ પણ મારે ઉછીની લેવી પડી હતી.

*　　*　　*　　*　　*

૩૬૯

સોહનામલ રામદાસની જુબાનીઃ સાંગલા.

હું આઇસ શરબત વેચું છું. માર્શીયલ લૉના અમલ દરમ્યાન સખત ગરમી પડતી હતી એટલે આઇસની અછત થઇ પડી હતી, અને આઠ આને શેર આઇસ વેચાતું હતું. એક દિવસે રેલ્વે સ્ટેશન ઉપર હું દોઢમણ આઈસનું મારૂં પારસલ લેવા ગયો હતો, પરંતુ ત્યાં લશ્કરી માણસોએ પારસલ મારી પાસેથી પડાવી લીધું. આ પછી હું બહુ સાવચેતી રાખતો; પરંતુ ફરી પાછો એક દિવસ લશ્કરી માણસોના હાથમાં સપડાઇ ગયો, અને આ વખતે પણ દોઢેક મણ આઈસ મેં ગુમાવ્યું. આ ઉપરાંત, લશ્કરને સસ્તે ભાવે આઇસ વેચવાની મને ફરજ પાડવામાં આવી હતી. મેં એકંદર ૭ મણ આઇસ લશ્કરને પૂરૂં પાડયું હતું; પરંતુ હજી સુધી મને તેના પૈસા આપવામાં આવ્યા નથી. હું પોતે ગરીબ માણસ છું; એટલે આ રીતે નુકસાની જવાથી, મારી પાસે જે કંઇ બચ્યું હતું તે પણ તણાઇ ગયું છે.

*　　*　　*　　*　　*

૩૭૧

સરદારસિંહ ભાગમલની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૨૫; દુકાનદાર; સાંગલા.

ખોટી સાક્ષી પૂરવા ઘણીવાર અબદુલ ગાની સબ–ઇન્સ્પેક્ટરે મને દબાવ્યો; પરંતુ હું ન નમ્યો. એટલે તેણે ૧૪ મી મેએ મને પકડી નજરકેદ કર્યો. આઠ દહાડા પછી બીજા ૯૭ જણા સાથે, મને છોડી મુકવામાં આવ્યો. મારી જુબાની નહોતી લેવામાં આવી.

હું નજરકેદ હતો તે દરમ્યાન, મને વારંવાર કનેડવામાં આવતો. અને મને ખોટી જુબાની આપવા કહેવામાં આવતું. મ્યુનિસિપાલિટીના સભાસદો પણ અમારી કોટડી આગળ આવતા, અને અમારે છુટવું હોય તો અમારે પોલિસના કહેવા પ્રમાણે જુબાની આપવી જોઇએ એમ અમને કહેતા.

૩૭૨

લચ્છમનદાસ હલવાઈ, લાલચંદ અને જીવનમલની જુબાનીઃ સાંગલા.

અમારી હલવાઇની દુકાન સ્ટેશન સામે છે. સ્ટેશન આગળની સરાઇ પણ અમારા હાથમાં જ છે. માર્શીયલ લૉના વખતમાં, લશ્કરી અમલદારોએ સરાઇને પોતાનું મથક કર્યું હતું; એટલે કોઇ પણ મુસાફર સરાઇમાં રહી નહોતો શકતો. અમે ૭૫ રૂપિયા સરાઇનું ભાડું ભરીએ છીએ તથા નોકરોને મહિને ૩૦ રૂપિયાનો પગાર આપીએ છીએ. સરા-

ઈની કેટલીક ચરપાઇ અમલદારો વાપરતા, અને કેટલીક એમને એમ પડી રહી હતી. આથી અમને માસિક ૧૫૦ રૂપિયાની ખોટ વેઠવી પડી હતી, અને અમલદારો બે મહીના સુધી સરાઇમાં રહ્યા એટલે આ હિસાબે અમારે ૩૦૦ રૂપિયા ગુમાવવા પડયા.

અમારી દુકાનેથી જ અમલદારો સીધું લેતા, એટલે અમારે રાત દિવસ દુકાને જ રહેવું પડતું. અમે અમારાથી બને તેટલી સરસ જોગવાઇ તેઓ માટે કરતા; છતાં અમને ઘણીવાર ધમકાવવામાં આવતા.

એક દિવસે, ઘણું કરી ૧૪ મી મેએ રાત્રે, એક સિખ સિપાઈ, ડેપ્યુટી સાહેબ અને પોલિસ ઇન્સ્પેકટર માટે દુધ લેવા આવ્યો. મેં તરત જ દિવો સળગાવ્યો અને હું દુકાનમાં ગયો; પણ તેવામાં કમાંડીંગ ઓફિસર અને કરનલ ત્યાં આવી ચઢયા, અને અમને (લાલચંદ અને જીવનલાલને) દિવો કરવા માટે પકડયા. અમે દિવો કરવાનું કારણ ઓફિસરને સમજાવવા લાગ્યા; પરંતુ અમારા કહેવા ઉપર તેઓએ ધ્યાન જ ન આપ્યું. લચ્છમનદાસ પણ આ વખતે અહીં આવી લાગ્યો; એટલે તેને પણ પકડવામાં આવ્યો, અમને ત્રણેને ચોકીએ નજરકેદ રાખવામાં આવ્યા.

ત્રણેક દહાડા રહી અમને દરેકને પચ્ચાસ રૂપિયાના જામીન ઉપર છોડવામાં આવ્યા, પણ પાંચ દિવસ રહી પાછા ચોકીએ બોલાવવામાં આવ્યા, અને અમને દરેકને ૫૦ રૂપિ-યાનો દંડ ભરવાનો અને પાંચ ફટકા ખાવાની સજા કરવામાં આવી. લચ્છમનદાસનું શરીર નબળું હતું એટલે તેને ફટકા મારવામાં ન આવ્યા, પરંતુ તેનો દંડ ૫૦ ને બદલે ૧૦૦ રૂપિયાનો કરવામાં આવ્યો.

અમે અમલદારોને ૨૦૦ રૂપિયાનું સીધું પુરૂં પાડયું હતું, પરંતુ તેમાંથી માત્ર ૯૨ રૂપિયા અમને આપવાનું ઠર્યું હતું; અને તે રકમ પણ હજી અમારા હાથમાં આવી નથી.

૩૭૩

લાલા શામદાસ ગણુપતરાયની જુબાની; ઉમ્મર વર્ષ ૨૫; કાપડનો વ્યાપારી; સાંગલા.

માર્શલ લૉના અમલ દરમ્યાન મને એકવાર સખ્ત તાપમાં બીજાઓની સાથે ઉભો રાખવામાં આવ્યો હતો; અને છ દહાડા રહી મને નજરકેદ કરવામાં આવ્યો હતો. સખ્ત તાપ હોવા છતાં, કેદમાં મને પીવાને પાણી નહોતું આપવામાં આવ્યું. એથી હું માંદો પડયો, પણ મારા ઉપર કોઇએ ધ્યાન જ ન આપ્યું. નવ દહાડા રહી મને છુટો કરવામાં આવ્યો. મારી જુબાની લેવામાં નહોતી આવી. મને શા સારૂ પકડવામાં આવ્યો હતો, એની મને આજ દિન સુધી ખબર પડી નથી.

૩૭૪

નીહાલચંદ, તેલીની જુબાની: ઉમર વર્ષ ૫૭; સાંગલા.

માર્શલ લૉના સમયમાં એક દિવસ એક કોન્સ્ટેબલ મારા ભત્રીજાને પકડવા આવ્યો હતો; પરંતુ તે દિવસે તે સાંગલામાં ન હતો; એટલે કોન્સ્ટેબલ મને પકડી ગયો. અને મારા ભત્રીજાને ચોકીએ હાજર કરવા હુકમ કર્યો. ચોકીએ મને દરરોજ બીજાઓની જોડે આખો દિવસ તડકામાં ઉભો રાખવામાં આવતો. મારી વૃદ્ધાવસ્થાને લઈ તેમ સખ્ત

તાપને લઇ હું ત્રણવાર બેભાન થઇ ગયો હતો. ચારપાંચ દહાડા રહી મને છોડી મુકવામાં આવ્યો હતો.

૩૭૫

જાન મહમદ પટોલોની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૫૨; વ્યાપારી; સાંગલા.

માર્શીયલ લૉના દિવસોમાં બીજાઓની પેઠે મારે પણ લાગટ ઘણા દિવસ સુધી કમાન્ડીંગ ઓફિસર આગળ હાજર થવું પડયું હતું. આખો દિવસ અમને ધુમ તડકે ઉભા રાખવામાં આવતા; અને તે દરમ્યાન અમને ખાવા કે પીવા પાણી પણ નહોતું મળતું. આથી હું માંદો પડયો હતો. દશ દહાડા રહી મને છોડવામાં આવ્યો હતો.

આ ઉપરાત, મારી દુકાને કાૅન્સ્ટેબલો વારંવાર આવતા, અને પોતાને જોઈતી જણસો વિના દામે લઈ જતા. તે દિવસોમાં પોલિસ ગમે તે દુકાનેથી ગમે તે વસ્તુ લઇ જતી, અને કોઇ પાસે ફરિયાદ થાય એમ પણ ન હતું. આથી મારે નુકસાન વેઠવું પડયું હતું.

૩૭૬

સોહનલાલ રામચંદ્ર ભાટીયા, એક વ્યાપારી પેઢીના સંચાલક અને આર્યસમાજના મંત્રી, (ઉંમર વર્ષ ૩૧); તથા **ભગવાનદાસ** નારણદાસ, દુકાનદાર, (ઉંમર વર્ષ ૫૨); તથા **હરિરામ** ગુરદિત્તામલ, દુકાનદાર, (ઉંમર વર્ષ ૪૦)ની જુબાનીઃ સાંગલા.

૩૦ મી માર્ચે કે ૬ ઠી એપ્રિલે સાંગલામાં હડતાળ પડી ન હતી; પરંતુ બીજા શહેરોમાં હડતાળ પડયાની ખબર આવી એટલે સાંગલાના રહીશોએ પોતાની મેળે ૧૨ મી એપ્રિલે હડતાળ પાડી અને રોલેટ એકટ સામે અણગમો બતાવવા એક સભા કરી.

૧૮ મી એપ્રિલે રાય શ્રીરામ, પોલિસ ઇન્સ્પેકટર અને બીજા બેએક અમલદાર સાંગલે આવ્યા હતા; પરંતુ સાંગલામાં કંઈ વાંધાપડતું બન્યું ન હતું એટલે કોઇને પકડ્યા વિના તેઓ પાછા ગયા હતા.

બીજે જ દિવસે ડેપ્યુટી કમિશનર આવ્યો અને તેને પણ ખાતરી થઇ કે સાંગલામાં તો કંઈજ થયું નથી એટલે તે પણ કોઇને પકડ્યા વિના પાછો ગયો.

પરંતુ ૨૨ મી તારીખે કેટલાક બ્રિટિશ અને ગુરખા સોલજરો સાથે કમાન્ડીંગ ઓફીસર સાંગલા આવ્યો અને તરત જ અમને ત્રણેને તથા બીજા સાત જણાને પકડ્યા. પણ અમારી વિરૂદ્ધ જાય એવો પુરાવો ન મળવાથી અમને સાંજે છોડી મુક્યા.

ચાર દહાડા રહી, કમાન્ડીંગ ઓફિસરે ફરી પાછી પકડાપકડી શરૂ કરી, અને હરીરામ, જ્ઞાનચંદ, શકરદીન, અને વઝીરસિંહને પકડયા. એક આખી રાત અને આખો દિવસ તેઓને બ્રિટિશ સોલજરોની નજર હેઠળ પૂરવામાં આવ્યા. સોલજરોએ ચારેને કનેડયા હતા, અને આખી રાત ચારેને ઉભા જ રહેવાની ફરજ પાડી હતી.

બીજે દિવસે કેટલાક પોલિસના અમલદારોની ભલામણથી વઝીરસિંહને છુટો કરવામાં આવ્યો, અને તેને બદલે પોલિસના અમલદારોના કહેવાથી આર્યસમાજના મંત્રી

સોહનલાલ અને પ્રમુખ ઠાકોરદાસને પકડવામાં આવ્યા. આ પાંચે જણને મિ. બોઝવર્થ સ્મિથને સોંપવામાં આવ્યા. મિ. સ્મિથે તેઓને છોડી મુકવા અને તેઓ વિષે તપાસ ચલાવવા હુકમ કર્યો. પરંતુ સબ–ઇન્સ્પેકટર કરતારસિંહે પાંચેને ૨૭ મીની રાત્રે સરાઇમાં રાખ્યા, ૨૮ મીનો આખો દિવસ પોલિસ ચોકીએ પુરી રાખ્યા, અને ૨૯ મીએ દરેક માટે ૧૦૦૦ રૂપિયાની જામીનગીરી અને દરેક પાસેથી ૨૦૦ રૂપિયાનો મુચલકો લીધો અને પછી છોડયા.

૫ મી મેએ તપાસ શરૂ થઈ, અને ૧૦ મી તારીખે ૮૩ જણાને સરાઇએ હાજર થવાનો હુકમ થયો. અમને ત્રણને પણ તેજ હુકમ મળ્યો હતો.

૧૧ મી મેએ મારની ધમકી આપીને, માર મારીને, તડકે ઉભા રાખીને પોલિસ ૨૯ જણાને ફરીયાદી માંડવા માટે સાક્ષી તરીકે મેળવવામાં ફાવી. આમાં ૧૪ રે‍ને નોકરો અ‍ દશ દશ વર્ષના છોકરાઓ પણ હતા. પ્રેમસિંહ બઝાઝ પણ એક સાક્ષી હતો. આ પ્રેમસિંહને આગળ એકવાર બળાત્કારથી હરણ કરવામાટે સાડાત્રણ વર્ષની જેલ મળી હતી.

૧૩ મી અને ૧૪ મી તારીખે દશ વર્ષની અંદરના છોકરાઓ સિવાય બધા શહેરીઓને ભેગા કરવામાં આવ્યા હતા અને તડકામાં ઉભા રાખવામાં આવ્યા હતા. પોલિસે પોતાના સાક્ષીઓની મદદથી ૬૪ જણાને પકડયા. તે ઉપરાંત, ૪૬ જણાને પોલિસે સાક્ષી થવા બહુ દબાવ્યા, છતાં તેઓ ન માન્યા; એટલે તેઓને પણ પકડવામાં આવ્યા. આ રીતે ૧૨૦ જણાને પકડી કોટડીમાં પુરવામાં આવ્યા હતા. તેમાં કેટલાક જણની ઉમ્મર ૭૦ કરતાં પણ વધારે હતી.

૨૨ મી મેએ ૧૪ જણાને ડેપ્યુટી કમિશનર આગળ ઉભા કરવામાં આવ્યા હતા, પરંતુ પુરતો પુરાવો નહિ મળવાથી તેઓને છોડી મુકવામાં આવ્યા હતા. આ ઉપરાંત, બીજા ૯૮ જણાને બીજે દિવસે એમને એમ છુટા કરવામાં આવ્યા હતા. બાકીના આઠ જણાને ગુન્હેગાર તરીકે ચોકીએ રાખવામાં આવ્યા હતા. આ આઠમાં અમે ત્રણ જણા હતા.

પોલિસે ઉભા કરેલા ૨૯ સાક્ષીઓમાંથી ૧૨ જણા કોર્ટમાં હાજર થયા હતા; અને તેમાંથી પાંચ જણાએ કોર્ટ આગળ કહી દીધું હતું કે અમે કંઇ જાણતા નથી, અને પોલિસે અમારા ઉપર વર્તાવેલા જુલમને લઇને જ અમે પોલિસના સાક્ષી તરીકે આવ્યા છીએ. અમારા બચાવમાં અમને કંઇ પણ પુછવામાં આવ્યું ન હતું; કોર્ટમાં અમારા સાક્ષીઓ હાજર હતા છતાં તેઓની જુબાની લેવામાં નહોતી આવી, અને અમારી વિરૂદ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં, અમને ૧ લી જુને દરેકને ૬ મહિનાની જેલ મળી હતી, અને અમને બેને સો સો રૂપિયાનો દંડ અને ભગવાનદાસને ૨૦૦ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો હતો. લેફટેનંટ–ગવર્નરના હુકમથી અમને ૨૦ મી સપ્ટેમ્બરે છુટા કરવામાં આવ્યા હતા.

૩૭૭

સરદાર જવાલાસિંહ; ખેડુત (ઉંમર વર્ષ ૭૫); સુંદરસિંહ, ખેડુત (ઉંમર વર્ષ ૬૫); સરદાર મંગલસિંહ, ખેડુત; બિશનસિંહ, ખેડુત; (ઉંમર વર્ષ ૪૦) ની જુબાનીઃ બત્તર (ચક નં. ૨૩) ના રહીશ.

અમારા ગામમાં હડતાળ પડી ન હતી. પરંતુ નોમન રેલ્વે સ્ટેશનને કેટલાક લોકોએ આગ લગાડી હતી એ અમે સાંભળ્યું હતું. આ બનાવ બન્યા પછી ૮–૯ દહાડા પછી એક કોનસ્ટેબલ અમારે ગામ આવ્યો. અને એના કહેવાથી અમે કેટલાક ગામડીયાઓ તેની સાથે સ્ટેશને ગયા. ત્યાં અમે સ્ટેશનના બારી બારણાં સળગી ગયેલાં અને બારીના કાચો ફુટેલા જોયા. અમારી પેઠે બીજા ગામના લોકો પણ ત્યાં ભેગા થયા હતા. કરતારસિંહ ઇન્સ્પેકટર, અબદુલ ગાની સબ–ઇન્સ્પેક્ટર અને બીજા અમલદારો પણ આ વખતે સ્ટેશને હાજર હતા. કરતારસિંહે અમે બધા ભેગા મળેલામાંથી આગ લગાડનારને શોધી કહાડવા રેલ્વે કામદારને હુકમ કર્યો; પરંતુ તેઓને કોઇ જોવામાં ન આવ્યો. બીજે દિવસે બંટાસિંહને પકડવામાં આવ્યો. તેણે બે જણાનાં નામ આપ્યાં; તેમાંથી એક જણ હાજર હતો તેને તરત જ પકડવામાં આવ્યો. આ પછી બે દહાડા રહી ડેપ્યુટી કમિશનરે અમને બધાને ઘેર જવા રજા આપી. અમને ચાર દહાડા સુધી સ્ટેશને રોકવામાં આવ્યા હતા.

દશ દહાડા રહી ફરી પાછા ગામના બધા માણસોને સ્ટેશને એકઠા કરવામાં આવ્યા. આ વખતે ઝાઇલદાર અલિ અહમદે ગુન્હેગાર શોધી કાઢવાનું કામ શરૂ કર્યું. તેણે ધમકી આપી અને માર મારી ખોટા સાક્ષીઓ ઉભા કર્યા. તેઓએ ડરના માર્યા કેટલાકનાં નામ આપ્યાં. આ વખતે અમને આઠ દિવસ કરતાં પણ વધારે વખત સ્ટેશને રહેવું પડયું હતું.

આ બધું વીત્યા બાદ ડેપ્યુટી કમિશનરે, અલિ અહમદે પકડેલા ૧૫ જણ સિવાય અમને બધાને છોડી મુકયા હતા.

અલિ અહમદ સિખ લોકોને નામોશી પહોંચાડવા અને હેઠા પાડવા માગતો હતો એટલે તેણે ઉપર પ્રમાણે માર્ગ ગ્રહણ કર્યો હતો. બાકી, અમે બધા ગામડીયાઓ સાવ નિર્દોષ હતા; અમે વોર લોનમાં નાણાં ભર્યાં છે; તેમ લશ્કર માટે માણસો પણ પુરાં પાડયાં છે.

૩૭૮

મિરાંબક્ષ બુધ્ધુની જુબાનીઃ સાંગલા.

સાંગલામાં મારી ફટાકડાની દુકાન છે. માર્શીયલ લૅાના દિવસોમાં, એક વાર કમા-ન્ડીંગ ઓફિસરે જશન કર્યું હતું અને નાચ પણ કરાવ્યો હતો. તે વખતે મેં ઓફિસરને ૨૦ રૂપિયાના ફટાકડા પુરા પાડયા હતા; પરંતુ હજી સુધી મને તેમાંથી એક પૈ પણ મળી નથી. મેં સેક્રેટરી આગળ મારો આંકડો રજુ કર્યો હતો; પરંતુ મને ધમકાવી કાઢી મુક-વામાં આવ્યો હતો.

× × × × ×

૩૮૦

ડૉ. કરમસિંહ નંદા, એલ. એચ. એમ. ની જુબાનીઃ ઉમર વર્ષ ૪૯ સાંગલા.

માર્શલ લૉનો અમલ શરૂ થયો ત્યારે અમને બધાને દરરોજ સરદાર અમરસિંહની કોર્ટમાં આખો દિવસ હાજર રહેવું પડતું, એટલે અમારે ધંધોરોજગાર બંધ કરવો પડયો હતો. મેં પણ મારૂં દવાખાનું બંધ કર્યું હતું.

થોડા અઠવાડિયા રહી ડેપ્યુટી કમિશનર આવ્યો, અને ગુન્હેગારોને શોધી કાઢવાનું કામ શરૂ થયું. અમને બધાને મધ્યાન્હકાળે તડકે ઉભા રાખવામાં આવ્યા હતા, અને તે વખતે અમને પીવાને પાણી પણ નહોતું આપવામાં આવ્યું. અમારામાંથી ઘણાઓ સખ્ત તાપને લઇ બેશુદ્ધ થઇ પડયા હતા. હું પણ બેભાન થઇ ગયો હતો.

એક જણે મને બતાવીને જણાવ્યું કે હું ૧૨ મી એપ્રિલે ટોળામાં હતો, પરંતુ તે દિવસે તો હું ગુજરાંવાલાના એક મુકદ્દમામાં જુબાની આપવા ગયો હતો.

૩ જી મેને દિવસે અમને ૧૮૦ જણને ચોકીએ પૂરવામાં આવ્યા હતા. અમે આખી રાત ભૂખ્યા અને તરસ્યા રહ્યા હતા. અહીં અમને નવ દહાડા રાખવામાં આવ્યા હતા. તે દરમ્યાન એક દિવસ ડેપ્યુટી કમિશનર ચોકીએ આવ્યો હતો. અમને જણાવ્યું હતું કે અમારા ઉપર ૫૦૦૦ રૂપિયાનો દંડ નાખવામાં આવશે. નવમે દિવસે અમને છુટા કરવામાં આવ્યા હતા.

અમને આ રીતે જાણીબુજીને કનેડવામાં આવ્યા હતા. અમારી સામેનો પુરાવો બનાવટી જ હતો. પરહેજગીરી દરમ્યાન અમને ખાવાપીવાની સગવડ પણ નહોતી કરી આપવામાં આવી. ગરમી પણ સખ્ત હતી, એટલે અમારામાંથી ઘણાઓ માંદા પડયા. હું પણ બે મહિના સુધી માંદો રહ્યો. આથી કરી મારી કમાણી બંધ થઇ ગઇ અને મારે હાડમારી વેઠવી પડી.

૩૮૧

લાલા કુંદનલાલ શંકરદાસ, આઢીઆની જુબાનીઃ ઉમર વર્ષ ૨૬; સાંગલા.

હું સાંગલામાં આડતનો ધંધો કરૂં છું. ૧૧ મી એપ્રિલે સાંજના હું સિયાલકોટથી સાંગલા પાછો ફર્યો હતો. તે વખતે મંડીમાં બીજે દિવસે હડતાળ કરવા વિષે સભા ભરાઈ હતી.

૧૨ મી એપ્રિલે શહેરમાં હડતાળ થઇ હતી. હિંદુ–મુસલમાનો નહેર ઉપર ગયા હતા અને મહાત્મા ગાંધી છુટે અને રોલેટ એક્ટ રદ થાય એવા હેતુથી તેઓએ પ્રાર્થના કરી હતી. બપોરે કેટલાક લોક સ્ટેશને ગયા હતા. સાંજના રોલેટ એક્ટ વખોડી કાઢવા એક સભા થઇ હતી.

૧૮ મી એપ્રિલે લાલા શ્રીરામ સાંગલા આવેલા, પરંતુ સાંગલામાં કંઈ નવું જુનું થયું નહતું એટલે તેમણે કંઈ પગલાં ન ભર્યાં.

૧૯ મી તારીખે ડેપ્યુટી કમિશનર સાંગલા આવ્યો; તેણે જોયું કે શહેરમાં કંઇ ઉથલપાથલ થઇ નથી એટલે તેણે સમજ્યા વિના હડતાળ પાડવા વિષે આગેસરોને ઠપકો આપ્યો અને પાછો તે જતો રહ્યો.

પરંતુ ૨૨ મી એપ્રિલે કમાન્ડીંગ ઓફિસરે ૧૧ જણાને પકડયા; પણ તેઓને સાંજના છોડી મુકવામાં આવ્યા.

૨૬ મી તારીખે કેટલુંક ગોરૂં લશ્કર આવ્યું, અને સ્ટેશન ઉપર ત્રણ જણને પકડવામાં આવ્યા. બીજે દિવસે લાલા સોહનલાલ અને ઠાકોરદાસને પકડવામાં આવ્યા. આ પાંચે જણાને પ્રથમ તો જેલમાં પુરવામાં આવ્યા; પણ પછી તેઓ દરેકને એક હજાર રૂપિયાની જામીનગીરી લઇ છોડવામાં આવ્યા. તેજ દિવસે સાંજના ચાર વાગે બ્રિટિશ સોલજરો શહેરમાં દાખલ થયા, અને તેઓએ એક દરજીને પકડયો અને લાલા ભગવાનદાસ અને રામદાસની દુકાનેથી બે ચાદરો ઉઠાવી ગયા, અને એક ન્હાનકડી દુકાનેથી તેઓ એક પંખો, બે ગ્લાસ અને એક બુટની જોડ ઉપાડી ગયા. આની પહેલાં ઓફિસરો દેખતાં પણ તેઓ ઘણી દુકાનોમાંથી ચીજો લઇ ગયા હતા.

૩૮૨

કરતારસિંહ લમ્બરદાર, (ઉમ્મર વર્ષ ૩૫); તથા ગંડાસિંહ (ઉમ્મર વર્ષ ૪૬); તથા ઠક્કરસિંહ, (ઉમ્મર વર્ષ ૪૦); તથા ફોઝદારસિંહ (ઉમ્મર વર્ષ ૩૮); તથા વજમદાર સિંહ, (ઉમ્મર વર્ષ ૩૮)ની જુબાનીઃ ગામ, બત્તર, ચક નં. ૧૧૯

૭મી કે ૮મી મેએ કેટલુંક બ્રિટિશ લશ્કર અમારા ગામમાં આવ્યું હતું. એક ખ્રીસ્તી પાદરીએ કરતારસિંહ લમ્બરદાર પાસે, ગંડાસિંહ, ઠક્કરસિંહ, ફોઝદારસિંહ અને રજીનદારસિંહની માગણી કરી. પરંતુ ગંડાસિંહ સિવાય બીજા કોઈ ત્યાં હાજર નહતા એટલે લમ્બરદારે બીજાઓને શોધી લાવવા માણસો મોકલ્યા.

તેઓની રાહ જોવાતી હતી તેવામાં ચક ૧૧૮ નો સંતસિંહ લમ્બરદાર તેજ ચાર માણસોને લેવા આવી પહોંચ્યો. એ ઉતાવળો થતો હતો એટલે પાદરીએ અને સારજને કંઇક અંગ્રેજીમાં વાત કરી લીધી, અને પછી કરતારસિંહ અને ગંડાસિંહને પકડવામાં આવ્યા. અને બંનેને સાંગલા સ્ટેશને લઇ જવામાં આવ્યા. થોડીવાર રહીને સંતસિંહ લમ્બરદાર, ઠક્કરસિંહ અને રજીનદારસિંહને પકડી લાવ્યો, અને પછી અમને બધાને એક જ ઠેકાણે રાખવામાં આવ્યા. આ પછી, મ્યુનિસિપલ સેક્રેટરી આવ્યો, અને તેના ગયા બાદ બ્રિટિશ સોલજરોએ અમારા હાથ અમારી પાછળ દોરડાથી બાંધ્યા. તેમ કરતાં, સોલજરોએ ગંડાસિંહના હાથમાંથી સોનાની વીંટી કાઢી લીધી. અમારાં કપડાં ઉતારી લેવામાં આવ્યાં હતાં: અને વર્ષાદ પડતો હતો અને વાવાઝોડું થયું હતું એટલે અમને ઠંડી બહુ લાગતી હતી. સોલજરોએ અમારા ઉપર ગરમ ચા રેડી હતી, બિસ્કીટના કકડા અને હાડકાં ફેંક્યાં હતાં, અને અમારી ઠઠા મશ્કરી કરી હતી. જે લોકો અમને મળવા આવતા કે અમારે સારૂ ખાવાનું લાવતા, તેઓને પણ ડરાવવામાં આવતા, અને અમારી પાસે આવવા રજા નહોતી આપવામાં આવતી. અમને પાંચ દહાડા સુધી પુરી રાખવામાં આવ્યા હતા. અમને શા સારૂ પકડવામાં આવ્યા હતા એ અમને કહેવામાં નહોતું આવ્યું.

૩૮૩

દિનાનાથ હકુમતરાયની જુબાની; કાપડનો વ્યાપારી; સાંગલા.

માર્શીયલ લૉના દિવસોમાં મને પકડવામાં આવ્યો હતો; એક પોર્ટરે જણાવ્યું કે હું તોફાન કરવામાં શામિલ હતો, એટલે મને નવ દહાડા સુધી થાણે બેસાડી મુકવામાં આવ્યો.

મારા ઘેરથી મારા માટે ખાવાનું આવતું, પરંતુ જ્યાં સુધી રખેવાળને કંઈ પૈસા આપવામાં નહોતા આવતા ત્યાં સુધી તે મને ખોરાક લેવા નહોતો દેતો.

બ્રિટિશ સોલજરો અમને અનેક રીતે પજવતા. મારી દુકાનેથી કેટલાક સોલજરોએ ૩૦ થી ૩૫ રૂપિયાનો માલ ખરીદ કર્યો હતો; પરંતુ તેના પૈસા મને આપ્યા ન હતા. પૈસા લીધા વિના કાપડ આપવાની મેં ના પાડી એટલે તેઓ મારા ભાઈને ડાક બંગલે લઈ ગયા અને ત્યાં તેને સખ્ત માર માર્યો. આથી અમે ડરી ગયા અને તેઓ જે માગતા તે અમે આપતા.

૩૮૪

ફિરોઝદીન નબીબક્ષની જુબાનીઃ સાંગલા.

મારૂં સોડાવોટર બનાવવાનું કારખાનું છે. માર્શીયલ લૉના અમલ દરમ્યાન, મ્યુનિસિપલ કમિટીનો સેક્રેટરી સોડાવોટર બનાવવાનું યંત્ર મારી પાસેથી ઝુંટવી ગયો અને ડાકબંગલે તે ગોઠવ્યું અને ત્યાં ચલાવવા મને ફરજ પાડી. બે મહીના સુધી મેં યંત્ર ત્યાં ચલાવ્યું. કમાન્ડીંગ ઓફિસર અને ગોરા સોલજરો સોડા પીતા; પરંતુ મને તેના પુરા પૈસા નહોતા આપવામાં આવતા. મને તેના પૈસા ચૂકવી આપવા મ્યુનિસિપલ ઓફિસને હુકમ થયો હતો; પરંતુ મને ૭૫ રૂપિયા જ આપવામાં આવ્યા હતા. હજી ૬૬ રૂપિયાનું મારૂં લેણું છે. મ્યુનિસિપલ સેક્રેટરીએ પણ ૯૦ ડઝન સોડા અને લેમનની શીશી લીધી હતી; તેના દામ પણ મને હજી નથી મળ્યા. હું પૈસા માગવા જાઉં છું તો મને તે ગાળો આપે છે. આથી કરી મને ઘણી નુકસાની વેઠવી પડી છે.

૩૮૫

ઇમામદીન કયુની જુબાનીઃ સાંગલા.

ગંડાનાલા આગળ મારૂં શાકનું ખેતર છે. માર્શીયલ લૉના દિવસોમાં ચુહારખાનાથી આવેલા કેટલાક પોલિસના માણસો અને સોલજરોએ મારો શાકનો બધો પાક કચડી નાખ્યો હતો, અને ઝાડવાં મૂળથી ઉખેડી નાખ્યાં હતાં. એક દિવસે મેં આ વિષે ફરીયાદ કરી એટલે તેઓએ મને માર્યો અને કમાર્ડીંગ ઑફિસર આગળ લઈ જવાની ધમકી આપી. એટલે હું ડરી ગયો અને ત્યાંથી નાસી ગયો.

× × × × ×

હાફિઝાબાદ.

સરદાર દિવાનસિંહ, "લીડર" પત્રના સબ–એડિટરની જુબાનીઃ લાહોર.

હું નીચે જણાવેલી બીના જાણું છું:

હાફિઝાબાદમાં, શહેરના છ પ્રતિષ્ઠિત જનોને પકડવામાં આવ્યા હતા; તેઓને હાથકડી પહેરાવવામાં આવી હતી. તેઓનો ગુન્હો તેઓને કહેવામાં નહોતો આવ્યો, તેમ તેઓને બીજી કોઈ જાતની ખબર પણુ નહોતી કરવામાં આવી. દેઢ માસ રહીને તેઓ સામે આરોપ ઘડી કાઢવામાં આવ્યા હતા.

મુકદ્દમો ચલાવવા સારૂ પોલિસે ખોટા સાક્ષીઓ ઉભા કરવા માંડ્યા. લોકોને સાક્ષી બનવા પીડવામાં આવતા; ગાળો આપવામાં આવતી; તેઓની સામે સખ્તાઇ વાપરવામાં આવતી. શહેરના મ્હોટા માણુસોને પણુ પોલિસ અનેક રીતે કનેડ્તી અને નામોશી લગાડતી.

પોલિસની આ રીતિ સામે વાઇસરોયને અને લેફ્ટેનંટ ગવર્નરને તાર કરવામાં આવ્યા; પરંતુ તે ઉપર ધ્યાન જ આપવામાં ન આવ્યું, અને જ્યારે કરનલ ઓબ્રાયનને ખબર પડી કે આવા તારો કરવામાં આવે છે ત્યારે તેણે તાર તપાસવા શરૂ કર્યા અને તારો મોકલવાની ના પાડવા માંડી.

મુકદ્દમા ચલાવવામાં પણુ બહુ જ ઉતાવળ કરવામાં આવી હતી. એક જ દિવસમાં હાફિઝાબાદના બધા મુકદ્દમાનો ફેંસલો સમરી કોર્ટે કરી નાખ્યો હતો. ચુકાદો અપાવા પૂર્વે પણુ આરોપિતોને પોતાના ગુન્હા વિષે ભાગ્યે જ ખબર પડતી; તેઓના સાક્ષીઓને પણુ તપાસવામાં નહોતા આવતા. હાફિઝાબાદના મ્હોટા જમીનદારો, રાયલોકો, નાણુાવટીઓ અને વકીલો અને બીજા જાણીતા માણુસો ઉપર મુકદ્દમા માંડવામાં આવ્યા હતા; તેઓને હાથકડી પહેરાવી બજારમાં ફેરવવામાં આવ્યા હતા, અને તેઓને જાણીજોઇને હલકા પાડવામાં આવ્યા હતા.

૩૮૯

સરદાર મેવાસિંહની જુબાનીઃ હાફિઝાબાદ.

હું સરકારી જંગલખાતામાં વડો કારકુન હતો, અને ૧૯૦૫ ની સાલથી બેઠો પગાર ખાઉં છું. ત્યારથી હું હમેશ હાફિઝાબાદમાં વસું છું.

મિ. હેમિલટન જ્યાં સુધી ગુજરાંવાલા જીલ્લાનો ડેપ્યુટી કમિશનર હતો ત્યાં સુધી લશ્કરમાં ભરતી કરવા કોઇ પણુ જાતનું દબાણુ લોકો ઉપર નહોતું કરવામાં આવતું. જે કોઈ લશ્કરમાં જોડાતા, તે પોતાની ઇચ્છાથી જ; પરંતુ મિ. ઓબ્રાયનના આવવા પછી રંગરૂટ મેળવવાની રીતિમાં ફેર પડયો. લોકોને પરાણે લશ્કરમાં જોડાવા પકડી જવામાં આવતા, અને જો કોઇ લશ્કરમાં દાખલ થવા ના પાડતું તો તેના ઉપર પીનલકોડની ૧૦૭ મી કલમ પ્રમાણે કામ ચલાવવામાં આવતું. રંગરૂટના સંબંધીઓ તેની પાછળ રૂદન કરતાં હાફિઝાબાદ આવતા, પરંતુ તેઓને મારી હાંકી કાઢવામાં આવતા, અને કોઈનું

કોઈ સાંભળતું જ નહિ. ધનાઢ્યો રંગરૂટ ખરીદ કરતા અને સરકારને તેની ભેટ કરતા. જો તેઓ રંગરૂટ આપી નહોતા શકતા, તો તેઓ પાસેથી ૩૦૦ રૂપિયા લેવામાં આવતા. પંજાબમાં રમખાણુ થયાં, તેમાં સરકારની રંગરૂટ મેળવવાની. જુલમી રીતિ પણ કારણરૂપ હતી.

૨૧ મી એપ્રિલે મને વોરંટ વિના પકડવામાં આવ્યો, અને બીજે દિવસે વોરંટ રીતસર તૈયાર કરવામાં આવ્યાં. એ દિવસ સુધી મને ગંદી કોટડીમાં પુરવામાં આવ્યો. તેમાં ભાગ્યેજ ચાર જણુ રહે તેટલી જગ્યા હતી; છતાં તેમાં ૨૩ જણુને ભરવામાં આવ્યા હતા. અહીં અમને અગવડ પણ ઘણી હતી. અમને જરૂર પડે ત્યારે મળમૂત્ર ત્યાગ કરવાની પણ રજા નહોતી મળતી, અને કેટલીક વાર તો કોટડીમાં જ અમારે તે ક્રિયા કરવી પડતી.

૨૩ મી તારીખે અમને ૨૩ જણુને ગુજરાંવાલા જીલ્લા જેલમાં લઈ જવામાં આવ્યા. અમને બધાને એક સાંકળે બાંધવામાં આવ્યા હતા અને અમને દરેકને હાથકડી પહેરાવવામાં આવી હતી; અમારી આસપાસ સખ્ત પહેરો મુકવામાં આવ્યો હતો. રસ્તે અમને પાણી પીવા નહોતું મળતું કે મળમૂત્ર ત્યાગ કરવાની રજા નહોતી મળતી. ૨૩ મી મેએ અમને પાછા હાફિઝાબાદ લઈ આવવામાં આવ્યા. રસ્તે, પોલિસ અમારી સાથે બહુ ક્રૂરતાથી વર્તી હતી. ગુજરાંવાલા જેલમાં સાતઆઠ જણુને પોતાનો ખોરાક લેવા રજા મળી હતી. ગુજરાંવાલા જેલમાંથી જ્યારે અમને હાથકડી પહેરાવી બહાર કાઢવામાં આવ્યા ત્યારે જેલરે અમને ખવડાવી લઇ જવા પોલિસ ઇન્સ્પેકટરને કહ્યું. આ વખતે રસોઇ તૈયાર હતી; પરંતુ ઇન્સ્પેકટરે ના પાડી એટલે અમારે આખો દહાડો ઉપવાસ કરવો પડયો. અમને ૨૯ મી મેએ લાહોર લઈ જવામાં આવ્યા. ત્યાં ૪ થી જુને અમારા સાક્ષીઓનાં નામ માગવામાં આવ્યાં. અમે બહુએ આજીજી કરી, પરંતુ અમારો ગુન્હો અમને જણાવવામાં ન આવ્યો; તેમ પોલિસના સાક્ષીઓનાં નામ પણ કહેવામાં ન આવ્યાં. ૭ મી જુને અમારો કેસ ચાલવાનો હતો; એટલે અમારો બચાવ તૈયાર કરવા માટે અમારી પાસે બહુ થોડો જ વખત રહ્યો હતો. અમે અમારા સંબંધીઓને ખબર આપી ન શકયા, અને વકીલો પણ રોકી ન શકયા. મારો એક સાક્ષી સિમલા હતો; તેને તો બોલાવવામાં જ ન આવ્યો. પોલિસના સાક્ષીઓ તો કેવળ પોલિસથી ડરીને જ જુબાની આપવા આવ્યા હતા. મારા સાક્ષીઓ બધા જાણીતા માણસો હતા. તેઓએ સાક્ષીમાં જણાવ્યું હતું કે મને આંખમાં કંઇક દુઃખ હોવાથી હું પથારીવશ હતો, અને મારાથી બ્હાર નીકળાય એમ નહતું. મારી વય ૬૦ કરતાં વધારે છે. મેં રાજકારભારને લગતી સભાઓમાં ભાગ લીધો નથી. કરનલ ઓબ્રાયન સાથે સલાહ કરી મિ. વેસે મને ૫૦૦ રૂપિયાનો દંડ કર્યો. મેં ક્ષમા માગી છે, પરંતુ હજી સુધી મને કંઈ જવાબ મળ્યો નથી.

આ બધું થયું એ પોલિસને લઇ થયું છે. પોલિસના હાથમાં કેટલાક બદમાશો આવી ગયા, અને તેઓએ પોલિસને મદદ કરી; એટલે જે કંઇ બનાવો બન્યા તે એકજ દિવસે અને એકજ જગ્યાએ બન્યા. તોફાન બે દહાડા ચાલ્યું. પહેલે દહાડે લોકોને રોકવા પોલિસે

પ્રયત્ન જ ન કર્યો, બલ્કે લોકોને તેમ કરવા શીખવ્યા. બીજે દિવસે બંદુકના ખોટા બાર કરવાથી અને બ્હારથી પોલિસની કે લશ્કરની મદદ મેળવ્યા વિનાજ તોફાનો સમાવી શકાયાં હતાં. પહેલે દિવસે પોલિસે પોતાની ફરજ અદા કરી હોત, તો આ બધું થવા ન પામત, અને હાફિઝાબાદમાં થોડાક જ રૂપિયાનું નુકસાન થયું હોત. શહેરીઓ પાસેથી ૭ હજાર રૂપિયા દંડના ઉઘરાવવામાં આવ્યા છે. આ ઉપરાંત જે વધારાની પોલિસ શહેરમાં બેસાડવામાં આવી છે, તેનો ખર્ચ પણ લોકો ઉપર નાંખવામાં આવ્યો છે, અને નામદાર શહેનશાહની ગરીબડી રૈયતને આ ભારે દુઃખનું કારણ છે.

૩૯૦

લાલા રૂપચંદ ચોપરાની જુબાનીઃ હાફિઝાબાદ.

મેં ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં અભ્યાસ કર્યો છે, અને ઇંગ્લાંડ અને યુરોપમાં હું ૧૩ વર્ષ વસ્યો છું. લડાઈની શરૂઆતમાં ઇંડિયન એમ્બ્યુલનસ કોરમાં હું જોડાયો હતો. ૧૯૧૫ માં હું અહીં પાછો આવ્યો. હાફિઝાબાદ તાસીલમાં મારા બાપની અને સગાઓની ઘણી જમીન અને મિલકત છે.

જ્યાં સુધી મિ. હેમિલટન ડેપ્યુટી કમિશનર હતો, ત્યાં સુધી ગુજરાનવાલા જીલ્લામાંથી પ્રમાણમાં થોડાક જણ લશ્કરમાં જોડાયા હતા. તેણે રંગરૂટ મેળવવા જુલ્મી રીતિ અખત્યાર કરી ન હતી. પરંતુ તેની જગ્યાએ કરનલ ઓબ્રાયન આવ્યો અને તેણે રંગરૂટ મેળવવા માટે અને વોર લોન ભરાવવા માટે એટલી બધી જુલ્મી રીતિ લીધી કે અંતે તેની વાત વર્તમાનપત્રોમાં ચર્ચાવા લાગી.

એપ્રિલની શરૂઆતમાં હું ગામડામાં હતો. ૧૭મી તારીખે હું હાફિઝાબાદ આવ્યો ત્યારે શહેરમાં શાંતિ હતી. માત્ર બે ત્રણ જણને પકડવામાં આવ્યા હતા.

૧૯મી એપ્રિલથી હાફિઝાબાદમાં માર્શીયલ લૉનો અમલ શરૂ થયો, અને ૨૧ મી તારીખે કેટલાક જાણીતા માણસોને પકડવામાં આવ્યા. પરંતુ ૩૦મી એપ્રિલ સુધી લોકોને અકળામણ થાય એવું થોડુંક જ થયું હતું. પણ પછી કરનલ ઓબ્રાયન હાફિઝાબાદ આવ્યો, અને તેની જ સાથે ચોમેર ત્રાસ વ્યાપી રહ્યો. તેણે અમલદારોની ફેરબદલી કરી, અને લેફ્ટેનંટ ટટિમના કહેવા પ્રમાણે ઘણાને પકડયા.

૧લી મેની સવારે કરનલ ઓબ્રાયને શહેરના ઉમરે પહોંચેલા બધા માણસોને ઢોલ પીટાવી ભેગા કર્યા અને જેઓ હાજર ન થાય તેઓને ગોળીથી વીંધી નાખવાની ધમકી આપી. તે દિવસે પણ વકીલો અને ચૌધરીઓ અને બીજા મ્હોટા માણસોને પકડવામાં આવ્યા.

નવા પોલિસ ઇન્સ્પેક્ટર અને સબ-ઇન્સ્પેક્ટરે સાક્ષીઓ મેળવવાનું કામ તરત જ શરૂ કરી દીધું. તે માટે તેઓએ ગ્રહણ કરેલ માર્ગ વર્ણવ્યો જાય એમ નથી. તેઓ લોકોને ખુલ્લી જગ્યાએ બોલાવતા, આખો દહાડો બેસાડી રાખતા, સાંજના ઘેર જવા આપતા અને આખા માર્શીયલ લૉના અમલ દરમ્યાન આમ થવું ચાલું હતું.

મિલિટરી ઓફિસર કેટલાક સવાર સાથે દરરોજ બે વાર શહેરમાં ફરવા નીકળતો.

તેને તથા બીજા સનદી અને લશ્કરી અમલદારોને ઉભા થઇ સલામ કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો. નિશાળે જતા છોકરાઓને દિવસમાં બેવાર મિલિટરી ઓફિસર આગળ હાજરી પુરાવવા જવું પડતું. કેટલાક બ્રિટિશ સોલજરો પૈસા આપ્યા વિના સાબુ, રૂમાલ અને સીગરેટ અને એવી બીજી વસ્તુઓ ઉપાડી જતા.

માર્શીયલ લૉના અમલ દરમ્યાન લાંચરૂશવતનું કામ એટલું બધું વધી પડયું હતું કે તેની અસર હજી પણ ચાલુજ છે. વધારાની પોલિસના કેટલાક માણસોએ લોકો પાસેથી જબરદસ્તીથી પૈસા કઢાવ્યા હતા. તેની ખબર મિ. એંડ્રુઝ અને મેં અક્ટોબરની ૨૦મી તારીખે ઇન્સ્પેક્ટરને કરી હતી. તેને પરિણામે બે કોન્સ્ટેબલોને કાઢી મુકવામાં આવ્યા હતા અને એક હવાલદારને તેની પાયરીથી હેઠે ઉતારવામાં આવ્યો હતો.

× × × × ×

૩૯૨

સરદાર મંગલસિંહ શંકરસિંહ, દુકાનદારની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૪૫; હાફિઝાબાદ.

'મહંત સૌમિરસિંહ મંદીરની અર્ધોઅર્ધ આવક ઉડાવી દે છે, પરંતુ એનો ઉપયોગ મંદીર માટે જ થવો જોઇએ' એવા સબબની એક પત્રિકા મારા દિકરા ગ્યાનસિંહે કાઢી હતી. આથી મહંતને ખટો લાગ્યો હતો; એટલે તેણે પોલિસ ઇન્સ્પેક્ટર રણધીરસિંહને ગ્યાનસિંહને પકડવાનું કહ્યું. રણધીરસિંહ મહંતનો શિષ્ય છે. તેણે મારા દિકરાને પકડયો, અને તેને છોડી દેવા મારી પાસે ૨૦૦ રૂપિયા માગ્યા; પરંતુ હું ગરીબ હોવાથી તેટલી મ્હોટી રકમ આપી શકું એમ ન હતું, એટલે ઇન્સ્પેકટરે તેને છોડયો નહિ; પરંતુ ગ્યાનસિંહે તોફાનમાં ભાગ લીધો ન હતો; છતાં તેની સામે ખોટા સાક્ષીઓ ઉભા કરવામાં આવ્યા. સાક્ષી અહમદદીન અમારો દુશ્મન છે. તેણે ઘણી વાર ગુન્હા કર્યા છે; અને સાક્ષી સુંદરસિંહે તો દરેક જણની સામે જુબાની આપી છે. તેણે મારી પાસે ૫૦ રૂપિયા માગ્યા, પણ તેટલી રકમ આપવા મારી શક્તિ ન હતી, એટલે તેણે મારા છોકરા વિરૂદ્ધ જુબાની આપી.

* * * * *

૩૯૪.

દેવીદયાળ લાલચંદની જુબાનીઃ હાફિઝાબાદ.

૧૯ મી કે ૨૦ મી એપ્રિલે હું ભાઇ મહાનસિંહની દુકાને બેઠો હતો ત્યારે દફેદાર આવી મને પોલિસ ઇન્સ્પેકટર આગળ લઇ ગયો. ત્યાં મને હવેલીરામ, મેલારામ અને બીજા ત્રણ જણની સામે સાક્ષી આપવા કહેવામાં આવ્યું; મેં તેમ કરવા આનાકાની કરી એટલે મને ઇન્સ્પેકટરે ડેપ્યુટી કમિશનરનો હુકમ સંભળાવ્યો કે 'જેઓ જુબાની આપવા ના પાડે તેઓને પણ પકડવા.' આ સાંભળી હું તરત પોલિસ કહે તેમ કરવા કબુલ થયો.

૩૦ મી એપ્રિલે ડાક બંગલે સોએક જણને બોલાવવામાં આવ્યા હતા; અને તે-

માંથી મિ. ટાટેમના કહેવાથી પાંચ છ જણને પકડવામાં આવ્યા હતા હતા. બીજે દિવસે સવારના શહેરના ૧૦ વર્ષ કરતાં મ્હોટી ઉમ્મરના દરેક માણસને ભેગા થવાનો હુકમ નીકળ્યો હતો. આસરે ચારેક હજાર જણ ભેગા થયા હતા. ત્યાં પણ મિ. ટાટેમ હાજર હતો; અને તેના બતાવવાથી કેટલાકને પકડવામાં આવ્યા હતા; અને ૪૦ થી ૫૦ જણને પોલિસના સાક્ષી તરીકે તૈયાર કરવામાં આવ્યા હતા. અમને બધા સાક્ષીઓને પાછા બપોરે બોલાવવામાં આવ્યા હતા, અને રાત્રે ઠેઠ નવ વાગે ઘેર જવા રજા મળી હતી. બીજે દિવસે ગુન્હેગારોને શોધી કાઢવાનું કામ મને સોંપવામાં આવ્યું હતું. ડરથી મેં બે જણને પકડાવ્યા હતા; છતાં પોલિસ મારા ઉપર ગુસ્સે થઇ હતી. આ પછી મને પોલિસના એક અમલદાર પાસે લઇ જવામાં આવ્યો; ત્યાં મને બે જણનાં નામ આપવાનું કહેવામાં આવ્યું; અને સાથે એમ પણ કહેવામાં આવ્યું કે તેઓના નામની છેડે 'દયાળ' શબ્દ આવે છે. આ ઉપરાંત મને પણ પકડવાની ધમકી આપવામાં આવી હતી. અમલદારે મારી પાસે ત્રણ હજાર રૂપિયાની લાંચ માગી હતી; પરંતુ મારી આર્થિક સ્થિતિ સારી ન હોવાથી હું આટલી રકમ આપી શકું એમ નહતું. પણ અમલદારે મને તેટલી રકમ મેળવવાનો માર્ગ બતાવ્યો અને મારા જે માગનારાઓને મેં રૂપિયા ભર્યા હતા તેઓ પાસેથીજ તે રકમ મેળવવાનું મને કહેવામાં આવ્યું. આ રીતે હું એક હજાર રૂપિયા મેળવી શક્યો, અને અમલદારે ઘણી રીકઝીક પછી આ રકમ મારી પાસેથી લીધી. પણ તે પહેલાં મને અનેક રીતે ડરાવવા તેણે પ્રયત્ન કર્યો હતો. મને ફાંસીએ ચઢાવવાની અને કાળાપાણી મોકલવાની પણ ધમકી આપવામાં આવી હતી.

આ પછી જુબાની આપવા મને લાહોર લઇ જવામાં આવ્યો. પોલિસ મને વારંવાર દબાવતી, અને બરોબર જુબાની આપવા કહ્યા કરતી. છતાં કોર્ટમાં તો નિડર બની મેં એમ જણાવ્યું હતું કે આરોપિતો બિન-ગુન્હેગાર છે.

૩૯૫

રામચંદ બુટામલની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૩૫; હાફિઝાબાદ.

હડતાળને દિવસે જ્યારે કેટલીક દુકાનો ઉઘડવા લાગી ત્યારે મેં પણ બેરીફળ વેચવાં શરૂ કર્યાં. થોડીવાર રહી હિંદુ મુસલમાન છોકરાઓનું એક ટોળું દુકાને આવ્યું. છોકરાઓએ કેટલાંક ફળ લુંટયાં; બાકીનાં વેરી નાખ્યાં. થોડો વખત ગયા પછી રણધીર પોલિસ ઇન્સ્પેકટર મારી પાસે આવ્યો, અને લુંટારાનાં નામ માગ્યાં; પણ હું કોઇને નામથી ઓળખતો ન હતો એટલે મેં તેઓને ચહેરેથી ઓળખી કાઢવા જણાવ્યું. થોડા દહાડા રહી મને ડેપ્યુટી સાહેબ હુસેન ખાને બોલાવ્યો, અને જ્યારે મેં કહ્યું કે હિંદુ મુસલમાનના છોકરાઓએ તોફાન કર્યું હતું ત્યારે તે ગુસ્સે થયો, મને તમાચા માર્યા અને ધમકી આપી કહ્યું કે મારે કદી પણ મુસલમાનનું નામ જ ન લેવું. તે મારી પાસે એમ 'કહેવડાવવા માગતો હતો કે અરૂરચંદ, ભગવાનસિંહ અને બીજા મ્હોટા હિંદુઓની શીખવણીથી મારી દુકાન લુંટાઈ હતી. પરંતુ આમ કહેવા મેં ના પાડી. મને અનેક રીતે સમજાવવામાં આવ્યો; પણ હું કબુલ ન જ થયો ત્યારે મને હાથકડી પહેરાવવામાં આવી અને માર મારવામાં આવ્યો. અંતે ડેપ્યુટી સાહેબ મારાથી કંટાળ્યો અને મને જતો કર્યો.

આ પછી બે ત્રણ દિવસ માટે હું લાહોર ગયો હતો. ત્યાંથી આવ્યા બાદ મને મહમદખાન ઈન્સ્પેક્ટરે પોતાને બંગલે ચાર દહાડા સુધી બેસાડી રાખ્યો. અહીં પણ મારા ઉપર બહુ દબાણ કરવામાં આવ્યું. અંતે સંતરામનું નામ મેં આપ્યું. આ સંતરામ સાથે મારો મીઠો સંબંધ નહતો. આ પછી મને છોડી મુકવામાં આવ્યો; પણ દશ બાર દહાડા રહી મને પાછો બોલાવવામાં આવ્યો, બીજા નામો આપવા મને બહુ પજવવામાં આવ્યો. અંતે લાલાખાનને એક સો રૂપિયાની લાંચ આપીને હું પોલિસના હાથમાંથી છુટયો.

૨૯૬

બિહારીલાલ કપુરની જુબાની: ઉમ્મર વર્ષ ૩૪; દુકાનદાર; હાફિઝાબાદ.

માર્શલ લૉના અમલ દરમ્યાન મને તથા મારા મ્હોટા ભાઈ લાલા લાભરામ કપુરને પકડવામાં આવ્યા હતા. અમે સાવ નિર્દોષ હતા; છતાં પોલિસ ઇન્સ્પેક્ટરને મારા ભાઇ સાથે અદાવત હતી, એટલે તેણે આ પ્રસંગનો વેર વાળવા લાભ લીધો. અદાવત થવાનું કારણ એ હતું કે પોલિસ ઇન્સ્પેક્ટરે મારા ભાઈ પાસે મકાનની માગણી કરી હતી· પરંતુ મારા ભાઈ પાસે ફાઝલ જગ્યા નહતી એટલે તેણે આપવા ના પાડી હતી.

૨૫ મી એપ્રિલે એક બ્રિટિશ સોલજર મારી દુકાનેથી દવા લઈ ગયો. દવાના મેં ૨૪ આના માગ્યા; પરંતુ તેણે ૧૮ આના આપવા માંડ્યા. મેં તે ન લીધા એટલે તે દવા લઈ ચાલી ગયો. આની મેં પોલિસ ઇન્સ્પેક્ટરને ખબર કરી. ઇન્સ્પેક્ટરે ઓફિસર આગળ વાત મોકલી પણ તેનું કંઈ પરિણામ આવ્યું નહિ. આ અરસામાં એક કોન્સ્ટેબલે ઇન્સ્પેક્ટરને ખબર આપી કે હું લાભરામનો ભાઇ થાઉં છું એટલે તેણે મને પણ પકડવાનો વિચાર કર્યો.

૨૭ મી એપ્રિલે મને પકડવામાં આવ્યો. મારી સામે ૧૦ અને ૧૨ વર્ષના બે છોકરાઓને સાક્ષી તરીકે પોલિસે ઉભા કર્યા. મારા ઉપર મુકદ્દમો લાહોરમાં ચલાવવામાં આવ્યો હતો. મારી સાથે વજનદાર જુબાની ન પડવાથી મને કોર્ટે છોડી મુકયો હતો. પરંતુ મારે એક મહિનો અને નવ દહાડા નજરકેદ રહેવું પડ્યું હતું. હજી સુધી મને દવાના પૈસા મળ્યા નથી.

૨૯૭

સરદાર હિરાસિંહ નારાયણસિંહની જુબાની: ઉમ્મર વર્ષ ૫૩; હાફિઝાબાદ.

હરનમસિંહ મારો દત્તક લીધેલો દીકરો છે. ગુરૂદ્વારના સંત આગળ તે વારંવાર જતો. આ સંત લોકો પાસેથી ઘણા પૈસા કઢાવતો. તેની પાસે ઘણી સ્ત્રીઓ પણ જતી. મેં હરનમસિંહને સંતને ત્યાં જતો બંધ કર્યો હતો. પોલિસ ઇન્સ્પેક્ટર રણજીરસિંહ અને તેનો એક બદમાશ દોસ્ત ભગવાનસિંહ સંતની બાબતમાં અમારી સાથે વારંવાર તકરાર કરતા.

આનસિંહ અને હરનમસિંહે ગુરૂદ્વારના નાણાના હિસાબ બાબત એક પત્રિકા કાઢી હતી. મંદિરની આવક આઠસો રૂપિયાની છે, અને તેમાંથી ચારસો રૂપિયાનો ખર્ચ થાય છે; અને બાકીના ચારસો રૂપિયા પણ મંદિર માટે જ વપરાવા જોઇએ એવી આ બંનેની

માગણી હતી. આ ઉપર મ્હોટો ઝગડો ઉભો થયો; તેવામાં માર્શીયલ લૉનો અમલ શરૂ થયો, અને તેથી ઇન્સ્પેકટરને અમારા ઉપર વેર લેવાનો સારો પ્રસંગ મળ્યો. તેણે મારા છોકરાને કંઈ પણ કારણ વિના ૧૬ મી એપ્રિલે નિશાળેથી પકડયો. મેં ઇન્સ્પેકટરની અને ભગવાનસિંહની મારા છોકરાને છોડી મૂકવા માટે ખૂબ વિનવણી કરી; એટલે તેઓએ મારી પાસે એક હજાર રૂપિયા માગ્યા; પરંતુ રકજક પછી તેઓ પાંચસો રૂપિયા લેવા કબુલ થયા. મેં ૨૦૦ રૂપિયા તો તરત જ ઘરેણાં વેચીને આપ્યા અને બાકીના રૂપિયા છોકરો છુટે પછી આપવા કહ્યું. પણ તેઓએ મારા છોકરાને છોડયો નહિ. તેના ઉપર મુકદ્દમો ચલાવવામાં આવ્યો, અને બનાવટી સાક્ષીના આધારે તેને જન્મભર જેલમાં રહેવાની સજા કરવામાં આવી.

૩૯૮

દેશરાજની મા હુકમદેવીની જુબાનીઃ હાફિઝાબાદ.

મારો દિકરો દેશરાજ ગાંધીયાણું કરતો હતો. તે હાલ તુરંગમાં છે. હું એક ગરીબ વિધવા છું. માર્શીયલ લૉના દિવસમાં દેશરાજે પોલિસના સાક્ષી બનવાની ના પાડી તેથી તેને પકડવામાં આવ્યો; એક રાત્રે ઇન્સ્પેકટરે એક પોલિસ કૉન્સ્ટેબલને મારી પાસે મોકલ્યો હતો. ઈન્સ્પેકટરે છોકરાને છોડી મુકવા મારી પાસે બે હજાર રૂપિયાની માગણી કરી. હું મુંઝાઈઃ આટલી મ્હોટી રકમ આપવા મારી તાકાત નહતી; એટલે પોલિસે મારા દીકરા ઉપર મુકદ્દમો ચલાવ્યો અને તેને જન્મભર જેલમાં રહેવાની સજા થઈ. આ સજામાં ઘટાડો કરવામાં આવ્યો હતો. તે હવે એક વર્ષ માટે જેલમાં છે.

× × × × ×

૪૦૦

રોશનલાલ આનંદ, વિદ્યાર્થીની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૧૭; હાફિઝાબાદ.

મારો બાપ બાબુ શિવરામ સાહિબ હાફિઝાબાદમાં ૧૬ વર્ષ થયાં વસે છે. લડાઈ દરમ્યાન તે રીક્રુટીંગ કમિટીનો મંત્રી હતો, અને મારો કાકો બાબુ ગુરદાસ રામતેજ કમિટીનો ઉપ-પ્રમુખ હતો. તેઓ બંનેએ લોન ભરાવવામાં સરકારને સારી સહાયતા આપી હતી.

હાફિઝાબાદમાં ૬ ઠી એપ્રિલે હડતાળ પડી હતી; અને ૧૩ મી અને ૧૪ મી તારીખ વૈશાખી યાત્રાના દિવસો હતા. ૧૫ મી તારીખે મારો બાપ કોર્ટમાં ગયો હતો તે તથા બાબુ ગુરદાસ, સરદાર ગુરબચનસિંહ અને પંડિત કરમચંદ કોર્ટમાં હતા તે વખતે પોલિસ ટોપ નામના એક માણસને તાસીલે પકડી લાવ્યો; એટલે લોકો તાસીલને ઘેરાઈ વળ્યા, અને પથરા ફેંકવા લાગ્યા. લોકો સામે પોલિસ ઇન્સ્પેકટર રણધીરસિંહે ગોળી ચલાવી. આ વખતે ઉપર જણાવેલા ચારે જણા કોર્ટના કઠેરે જઈ ઉભા હતા.

રણધીરસિંહની જ્યારે બદલી થઈ, ત્યારે તેની જગ્યાએ મહમદખાન આવ્યો. આને મારા બાપ અને કાકાની સાથે અદાવત હતી. એટલે તેણે બંનેને પકડવાનો વિચાર કર્યો. તેની સાથે પંડિત કરમચંદ પણ ભળ્યો હતો. ઇન્સ્પેક્ટરે બંને જણાને દરરોજ સવારના પોલિસ ચોકીએ બોલાવવા માંડયા અને આખો દહાડો બેસાડી રાખી મોડી રાતે દશવાગે

ઘેર જવા રજા આપતો. આમ કેટલાક દિવસ સુધી ચાલ્યું, અને પછી બંનેને બે ચોધરીની સામે જુબાની આપવા કહેવામાં આવ્યું. તેઓ તેમ કરવા કબુલ ન થયા એટલે તેઓને પકડવામાં આવ્યા. સરદાર ગુરબચનસિંહ ઉપર પણ કરમચંદને ઝેર હતું, એટલે તેને પણ પકડવામાં આવ્યો અને દોઢ મહીના સુધી તેને તુરંગમાં રાખવામાં આવ્યો.

પંડિત કરમચંદ ઉપરાંત, પોલિસે બીજા સાક્ષીઓ પણ ઉભા કર્યા હતા. કરનલ ઓબ્રાયને તાસાલના ચપરાસીઓને ફટકા મારવાનો ડર આપી સાક્ષી તરીકે તૈયાર કર્યા હતા.

મારા બાપ અને કાકા ઉપરનો મુકદ્દમો ગુજરાંવાળામાં ૪ થી જુને નીકળ્યો હતો. તેઓએ મિ. હેમિલ્ટન વિગેરે કેટલાક સાક્ષીઓનાં નામ આપ્યાં હતાં. પરંતુ તેઓ દૂર દેશમાં હોવાથી મિ. વેસે તેઓને બોલાવવાની ના પાડી. તેણે સાત કલાકમાં ૧૮ મુકદ્દમાનો ફેંસલો કર્યો હતો. તેટલા વખતમાં ત્રણસો જેટલા સાક્ષીઓ તપાસવાના હતા. તેઓ બન્નેને ૫૦૦ રૂપિયાનો દંડ અને બે વર્ષની સખ્ત મજુરી સાથે જેલની સજા કરવામાં આવી હતી. લેફટેનન્ટ ગવર્નરે સજામાં ઘટાડો કરી એને બદલે એક વર્ષની સજા કરી હતી.

૪૦૧.

લાલા રૂલડારામ મોતીરામની જુબાની. ઉમ્મર વર્ષ ૪૦; હાફિઝાબાદ.

છેલ્લાં વિશ વર્ષ થયાં હું લાલા ગુરદાસરામ વકીલનો કારકુન છું. લાલા ગુરદાસ રામ એક બાહોશ વકીલ છે, અને ઘણા ખરા મુકદ્દમામાં એક વા બીજા પક્ષના વકીલ તરીકે તે હમેશાં હોય છે. તેની સામેના પક્ષમાં તેનો ભાઇ લાલા શિવરામ ઘણું કરીને હોય છે. આ બંને ભાઇઓ બીજા વકીલોની આંખે આવ્યા હતા, અને પંડિત કરમચંદ વકીલ તો તેઓને પોતાનો દુશ્મન સમજતો. તેઓ પાસે પાસે રહેતા હોવાથી તેઓના ઘરની સ્ત્રીઓ વચ્ચે પણ અદાવત થઇ હતી.

૬ ઠી એપ્રિલે હાફિઝાબાદમાં હડતાળ થઈ હતી; પરંતુ બંને વકીલ ભાઇઓએ તેમાં ભાગ લીધો ન હતો; તેમ તેઓ સભામાં પણ ગયા નહતા. લડાઇ દરમ્યાન લાલા ગરૂદાસ રામ રીક્રુટીંગ કમિટીનો ઉપપ્રમુખ હતો, અને લાલા શિવરામ તેજ કમિટીનો મંત્રી હતો. બંને જણાએ લોનમાં રૂપિયા રોકયા હતા, અને બીજાઓ પાસે પણ મ્હોટી રકમ લોનમાં ભરાવી હતી.

મહમદખાન પોલિસ ઇન્સ્પેકટર નીમાયો તે પહેલાં પંડિત કરમચંદ સિવાય બીજો કોઇ આ બન્ને ભાઇઓને કનડતો નહિ. પંડિત અને પોલિસ ઇન્સ્પેકટર એકજ ગામના હોવાથી બંને વચ્ચે સારો સંબંધ હતો, એટલે પંડિતે બંને ભાઈ ઉપર વેર લેવાનો વિચાર કર્યો. તેની શીખવણીથી મહમદખાને બંને ભાઇઓને તથા ગુરબચનસિંહ વકીલને દરરોજ ચોકીએ બોલાવવા માંડયા, અને સવારના છથી રાતના ૧૧ સુધી તેઓને તે જમીન ઉપર બેસાડી રાખતો. મહમદખાને તેઓ ત્રણેને લાલા લાભમલ અને લાલા અરૂરચંદની સામે સાક્ષી આપવા કહ્યું, પરંતુ ત્રણેએ તેમ કરવા ના પાડી, એટલે ત્રણેને પકડી તુરંગમાં પુરવામાં આવ્યા. થોડા દહાડા રહી પંડિત કરમચંદ મારી તથા લાલા શિવરામ-

ના કારકુન બ્રિજલાલની પાછળ પડયો. તેણે પોલિસને એમ સૂચવ્યું કે અમારી બેની જુબાની બંને વકીલ ભાઇઓની સામે બહુ ઉપયોગી થઇ પડશે, એટલે પોલિસે અમારી પાસે જુબાની અપાવવા પ્રયત્ન કરવો શરૂ કર્યો. અમને બંનેને દરરોજ બાવીસ દહાડા સુધી ચોકીએ બોલાવવામાં આવ્યા હતા, અને ત્યાં સવારના ૬ થી રાતના ૧૧ સુધી અમને બેસાડી રાખવામાં આવતા. 'જેઓ જુબાની આપવા ના પાડશે તેઓને માર્શીયલ લૉ પ્રમાણે બે વર્ષની સખ્ત મજુરી સાથેની જેલની તથા બે હજાર રૂપિયાના દંડની અને ૨૪ ફટકાની સજા કરવામાં આવશે.' અને 'જેઓ જુબાની આપવા ના પાડે તેઓને કમાડીંગ ઓફિસર આગળ લઇ જવામાં આવશે. જે તેઓને ફટકા મારી પાધરા કરશે.' આવા આવા શબ્દો સંભળાવી અમને જુબાની આપવા ડરાવવામાં આવતા. લાલા ગોપાલદાસે સાક્ષી થવાની ના પાડી એટલે તેને કોટડીમાં પુરવામાં આવ્યો, અને અમે જો સાક્ષી નહિ થઈએ તો અમને પણ પૂરી મુકવામાં આવશે એવી ધમકી આપવામાં આવી. અંતે અમે થાકયા, અને છુટવા માટે પંડિત કરમચંદને વિનવવા લાગ્યા; પરંતુ તેણે અમારી પાસે એક હજાર રૂપિયાની માગણી કરી; ઘણી વિનવણી પછી તે અઢીસો રૂપિયા લઇ અમને છુટા કરવા તે કબુલ થયો અને આ રીતે અમે બચી ગયા.

× × × × ×

૪૦૪

લાભમલની જુબાનીઃ મંડી, હાફિઝાબાદ.

હું ચૌધરી ગણપતરાયનો દીકરો થાઉં છું. વૉર લોન ભરાવવામાં મેં સરકારને મદદ કરી હતી; તેમજ લશ્કરમાં ભરતી કરાવવાના કામમાં સારો ભાગ લીધો હતો. આ ઉપરાંત શહેરના ગરીબો માટે હું મારાથી બનતું કરૂં છું.

હાફિઝાબાદમાં ૬ઠી અને ૧૪મી એપ્રિલે હડતાળ પડી હતી. ૧૪મી તારીખે સવારે દશેક વાગે ન્હાની વયના સોએક છોકરાઓ રેલ્વે સ્ટેશન તરફ ગયા હતા. ત્યાંથી તેઓ તાસીલે ગયા અને તાસીલ ઉપર પથ્થરા ફેંકયા. આથી કોઈ માણસને ઈજા થઇ ન હતી, પરંતુ કેટલીક બારીના કાચ ફુટી ગયા હતા. થોડીવારમાં પોલિસ ઈન્સ્પેકટર રણધીરસિંહે બંદુકના અવાજ કર્યા એટલે છોકરાઓ નાસી ગયા.

માર્શીયલ લૉના અમલ દરમ્યાન, રણધીરસિંહે મને પકડાયલા માણસોની વિરૂદ્ધ, ગોળીથી વીંધી નાખવાનો ડર બતાવી જુબાની આપવા ફરજ પાડી હતી. અને થોડા વખત પછી ગુલામ હુસેને મારી પાસે દશ હજાર રૂપિયાની માગણી કરી, અને તેટલી રકમ હું ન આપું તો હડતાળ પડાવવાનો આરોપ મારા ઉપર મુકી મને પકડવાની ધમકી આપી, પરંતુ મેં તો હડતાળ પડાવવામાં ભાગ જ નહોતો લીધો; એટલે મેં તેની માગણી સ્વીકારી નહિ. તેણે બીજે દિવસે મારી સામે સાક્ષીઓ ઉભા કરવા માંડયા; અને પછી મારા ઘરની જડતી લેવડાવી; અને છેવટે મને એક મહીનો અને સાત દહાડા સુધી જેલમાં રાખી મુકયો. આ પછી ડેપ્યુટી કમિશનરે મને છોડી મુકયો પરંતુ મ્યુનિસિપલ કમિટીમાંથી મને ખસેડી મેલવામાં આવ્યો.

૪૦૫

લાલા બેલીરામ ભાગમલ કપુરની જુબાનીઃ દુકાનદાર; હાફિઝાબાદ.

૨૧મી એપ્રિલે મને વોરંટ વિના પકડવામાં આવ્યો, અને બે દહાડા સુધી હાફિઝાબાદમાં બીજા ત્રેવિસેક જણા સાથે એક ન્હાનકડી કોટડીમાં પૂરવામાં આવ્યો. આ કોટડીની લંબાઈ ૧૫ ફુટ અને પહોળાઈ ૧૨ ફુટ હતી. અમને બધાને મળમૂત્રનો ત્યાગ પણ આજ કોટડીમાં કરવો પડતો. ૨૩મી એપ્રિલથી ૫મી જુન સુધી અમને ગુજરાનવાલામાં પૂરી રાખવામાં આવ્યા હતા. ત્યાં ઘણાએ પોલિસના સાક્ષીઓ અમને ઓળખવા આવતા; પરંતુ કોઇએ મારી સામે આંગળી બતાવી ન હતી. ૨૯મી મેને દિવસે મને લાહોર લઇ જવામાં આવ્યો; પરંતુ મારી સામે પુરતો પૂરાવો ન હોવાથી મને પાછો ગુજરાનવાલા મોકલવામાં આવ્યો. ૭મી જુને મારા ઉપર હાફિઝાબાદમાં મુકદ્દમો ચાલવાનો હતો. મેં મુદત માગી પણ મને ન મળી. મારા બચાવમાં કેટલાક સાક્ષીઓ બોલાવવાની પણ મને ના પાડવામાં આવી. મને એક હજાર રૂપિયાનો દંડ કરવામાં આવ્યો હતો, પરંતુ હું તદ્દન નિર્દોષ હતો; આર્યસમાજના ઉત્સવમાં ભંગાણ પાડવાની વાત તદ્દન બનાવટી જ છે. મારી સામે જેઓ સાક્ષી થયા હતા તેઓ બધાએ ડરના માર્યા તેમ કર્યું હતું અને તેઓ બધાને સાક્ષીમાં શું કહેવું એ પોલિસે શીખાડી રાખ્યું હતું.

× × × × ×

૪૦૭

લાલા સુંદરદાસ બેલીરામની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૩૨; વ્યાપારી; હાફિઝાબાદ.

હાફિઝાબાદમાં ૬ઠી એપ્રિલે રોલેટ એકટની સામે અણગમો બતાવવા અને તે રદ કરવા સરકારને વિનંતિ કરવા સભા ભરાઈ હતી. આ સભામાં મેં મહાત્મા ગાંધીનો સંદેશો વાંચી સંભળાવ્યો હતો. સભામાં કોઇએ રાજ્યદ્રોહી ભાષણો કર્યાં ન હતાં.

૧૯મી તારીખની આસપાસ બાબુરામ સહાઈ, સરદાર માયાસિંહ, લાલા બેલીરામ અને બીજા ચારને પકડવામાં આવ્યા, અને પછી બીજા ઘણાએ જણને કેદ કરવામાં આવ્યા. પોલિસે ઘણાઓને સાક્ષી બનાવ્યા, અને સાક્ષીઓ ગુન્હેગારોને શોધવાનું કામ કરતા. ગમે તે માણસ ગમે તેને બતાવતો તેને પોલિસ પકડતી.

૨૯મી એપ્રિલે ૮૬ જણાને બંગલાની બ્હાર ભેગા કરવામાં આવ્યા હતા. લેફ્ટેનંટ ટાટેમના કહેવાથી તેમાંથી પાંચ જણને પકડવામાં આવ્યા હતા. ટાટેમે તાસીલદાર લાલા મથરાદાસને પણ ગુન્હેગાર તરીકે પકડ્યો હતો, પણ તે વખતે કરનલ ઓબ્રાયન હાજર હતો; તેના કહેવાથી ટાટેમને ખબર પડી કે એ તો તાસીલદાર છે; એટલે તેણે તરત કહ્યું કે ગુન્હેગાર પણ એના જેવો જ હતો.

૩૦મી એપ્રિલે શહેરના બધા પાઘડી પહેરનારાઓને તાસીલે ભેગા કરવામાં આવ્યા હતા. ત્યાં પણ ડેપ્યુટી કમિશનર અને ટાટેમ હાજર હતા. અહીં ૧૨ જણને પકડવામાં આવ્યા હતા.

તેજ દિવસે બપોરે અઢી વાગે પોલિસ ચોકીનો મુનશી મને ચોકીએ લઇ ગયો. ચોકીએ લાલા અમરચંદ ચૌધરી પણ બેઠો હતો. અહીંથી અમને બંનેને ડેપ્યુટી કમિ-

શ્નરને બંગલે લઇ જવામાં આવ્યા અને ત્યાં ડેપ્યુટી પોલિસ સુપરિન્ટેંડંટ આગળ ઉભા કરવામાં આવ્યા, અને તેણે અમને ડેપ્યુટી કમિશનરના હુકમથી પકડયા. અર્ધોએક કલાક રહી અમને હાથકડી પહેરાવવામાં આવી, અને પછી અમને પાછા ચોકીએ મોકલવામાં આવ્યા. ચોકીએ અમને એક ન્હાનકડી કોટડીમાં પૂરવામાં આવ્યા. આ કોટડીમાં જ અમારે શૌચકર્મ કરવું પડતું.

૨૭ મેને દિવસે અમને ૨૪ જણને ગુજરાંવાલા જેલમાં લઈ જવામાં આવ્યા, અને દશ પંદર દહાડા પછી મને તથા બીજા બે જણને હાફિઝાબાદ મોકલવામાં આવ્યા, અને ત્યાં સરકારી બંગલામાં રાખવામાં આવ્યા. હાથકડી તો આખો વખત અમને પહેરાવી રાખવામાં આવતી, અને રાત્રે ઘોડાને બાંધવાની લોખંડની સાંકળ અમને પહેરાવવામાં આવતી. વખતે અમને કોઇને મળવાની રજા આપવામાં નહોતી આવતી.

પોલિસ ઇન્સ્પેક્ટરે મારી જુબાની લખવા ટાણે મને ધમકી ખૂબ આપી હતી; અને ડરાવ્યો પણ હતો; પરંતુ મેં તો સાચું જ કહેવાનો નિશ્ચય કર્યો હતો. મારી જુબાની લેવાયા બાદ ચાર પાંચ દહાડા રહી મને ગુજરાંવાલા જેલમાં મોકલવામાં આવ્યો, અને ત્યાંથી લાહોર લઇ જવામાં આવ્યો. લાહોરથી પાછો ગુજરાંવાલા મને ખસેડવામાં આવ્યો, અને ૭મી જુને મારો મુકદ્દમો એસિસ્ટંટ કમિશનર મિ. વેસ આગળ હાફિઝાબાદમાં નીકળ્યો. ૮મી જુને ચુકાદો આપવામાં આવ્યો, અને મને છૂટો કરવામાં આવ્યો.

× × × × × ×

૪૧૩.

લાલા રામ સહાઇ ગંગારામની જુબાનીઃ એંગ્લો સંસ્કૃત હાઈસ્કુલનો હેડમાસ્તર; હાફિઝાબાદ.

૬ ઠી એપ્રિલે હાફિઝાબાદમાં હડતાળ પડી હતી. તે દિવસે આર્યસમાજના વાર્ષિક ઉત્સવના કામમાં હું રોકાયલો હતો. બપોરના બજારમાં દુકાન માત્ર બંધ હતી; માત્ર એકજ દુકાન ઉઘાડી હતી. તેજ દિવસે એક સભા ભરાઈ હતી; તેમાં હું ગયો હતો અને બોલવાની ઇચ્છા પણ ધરાવતો હતો; પરંતુ મને કોઇએ બોલવા કહ્યું નહિ એટલે હું ચૂપજ રહ્યો. સભામાં કોઇ પણ બોલનારાએ અત્યાચારનો બોધ નહોતો કર્યો.

આ પછી અમૃતસર, લાહોર અને ગુજરાંવાલામાં બનેલા બનાવોની ખબર હાફિઝાબાદમાં આવી, અને એથી લોકોનું લોહી બહુ ઉકળી આવ્યું. ૧૪ મી અને ૧૫ મી એપ્રિલે હાફિઝાબાદમાં પાછી હડતાળ થઈ હતી. ૧૫ મી તારીખે તાસિલ ઉપર હુમલો કરવામાં આવ્યો હતો. તે દિવસે હું તાસીલદારને મળ્યો હતો અને તેણે મને લોકોને ગોળીબાર કરી વીખેરી નાખવાનો હુકમ બતાવ્યો હતો. ૧૫ મીથી ૨૧ મી તારીખ સુધી શહેરમાં શાંતિ હતી, પરંતુ ૨૧ મી તારીખથી પકડાપકડી શરૂ થઇ. બીજાઓની સાથે મને પણ તે દિવસે પકડવામાં આવ્યો. અમને બધાને બદમો મારતી કોટડીમાં પૂરવામાં આવ્યા અને ૨૩ મી તારીખે ગુજરાંવાલા જેલમાં લઈ જવામાં આવ્યા.

મારી ગેરહાજરી દરમ્યાન પોલિસે મારા ઘરની જડતી લીધી હતી; પરંતુ કંઇ વાંધા પડતી વસ્તુ તેઓના હાથમાં આવી ન હતી. પોલિસ મારે ત્યાંથી મહાત્મા ગાંધીનું

અને લોકમાન્ય તિલકનું જીવનચરિત્ર અને "ઇન્ડિયા ફોર ઇન્ડિયન્સ" નામની અંગ્રેજી ચોપડી લઈ ગઈ હતી. આ ત્રણમાંથી એક ચોપડી મને પાછી આપવામાં આવી નથી.

૧૫ દહાડા રહી મને પાછો હાફિઝાબાદની જેલમાં લઈ જવામાં આવ્યો. ત્યાં પોલિસ પક્ષમાં જુબાની આપવા મારા ઉપર દબાણ કરવામાં આવ્યું હતું. પોલિસ ઇન્સ્પેકટરે મારા ઉપર અત્યાચાર કર્યો ન હતો; પરંતુ બીજી દરેક રીતે મારા ઉપર તેણે દબાણ કર્યું હતું. પહેલાં તો તેણે હું શિક્ષિતજન છું એ યાદ અપાવી મને ફોસલાવવા પ્રયત્ન કર્યો અને પછી મને ફાંસીએ ચઢાવવાની, મારી મિલકત જપ્ત કરવાની, મને કાળા પાણી મોકલવાની ધમકી આપી. પ્રથમ તો દ્રોહી થવાની મેં ના પાડી, પણ પછી મેં મારા બાપ અને ગુરૂ સાથે મસલત કરી અને છેવટે સાચેસાચી વાત કહેવા હું તૈયાર થયો. આ પછી ઇન્સ્પેકટરે મારી જુબાની લખવી શરૂ કરી. જુબાનીમાં હું એમ જણાવવા ઇચ્છતો હતો કે ૬ ઠ્ઠી તારીખની સભામાં હું બોલવા રાજી હતો; પરંતુ તે વાત જુબાનીમાં દાખલ કરવાની ઇન્સ્પેકટરે ના કહી અને હું તેમ કરવા કબૂલ થયો. આ ઉપરાંત એણે મને એમ પણ કહી રાખ્યું હતું કે કદી મને એમ પુછવામાં આવે કે અગ્રેસરોએ અત્યાચાર કરવામાં ભાગ લીધો હતો કે નહિ તો મારે એટલુંજ કહેવું કે હું તે કેમ જાણું; તે અત્યાચાર થયો તે વખતે હું હાજર નહતો. હું તે વખતે ચોક્કસ માનતો હતો અને હજી પણ માનું છું કે પકડાયલા અગ્રેસરો, સરદાર ગુરૂદયાળસિંહ, લાલા રામ સહાઈ અને બીજાઓએ અત્યાચારમાં ભાગ લીધો નહતો, પરંતુ આસપાસના સંજોગને અધીન થઇ મેં આ વીગત જુબાનીમાં નહોતી જણાવી. જુબાની લખાવી લીધા પછી મને છોડી મૂકવામાં આવશે અને મને સાક્ષી તરીકે જ ઉભો કરવામાં આવશે એમ મને કહેવામાં આવ્યું હતું. હું તો સાચું કહેવા તૈયાર હતો, અને મેં સાચી જ વાત કરી હતી. માત્ર મેં એટલી જ વાત છુપાવી હતી કે અગ્રેસરોને હાથ અત્યાચાર કરવામાં નહતો. આ વિષે કોર્ટમાં પણ મને પ્રશ્ન કરવામાં નહોતો આવ્યો.

૨૧ મી મેએ અમને પાછા હાફિઝાબાદ લઇ જવામાં આવ્યા. આ વખતે જેલમાં જગ્યા ન હોવાથી અમને એક મ્હોટા ખંડમાં રાખવામાં આવ્યા હતા. અમને રાતદિવસ હાથકડી પહેરાવી રાખવામાં આવતી, અને મળમૂત્ર ત્યાગ કરવા જવા વેળા પણ અમને બે બે જણને સાથે જ જવું પડતું. તે વખતે પણ અમારા હાથમાંથી બેડી કાઢવામાં નહોતી આવતી.

૨૩ મી મેએ મને કરનલ ઓબ્રાયન આગળ ઉભો કરવામાં આવ્યો હતો અને મારી પાસે એક હજાર રૂપિયાની જામીનગીરી લઇ મને છોડવામાં આવ્યો હતો. ચાર દહાડા રહી ડેપ્યુટી કમિશનરે મને પાછો બોલાવી મગાવ્યો. તેણે મને જણાવ્યું કે 'હવે તમારા ઉપર કોઈ પણ જાતનું બંધન નથી.' પણ પછી કહ્યું: **તોબા કરો** એટલે મેં પશ્ચાત્તાપ કર્યો; જો કે હું તદ્દન નિર્દોષ હતો. ત્યાર પછી તેણે મને પ્રાયશ્ચિત્ત કરવાનું કહ્યું: અર્થાત્ મારે પોલીસના સાક્ષી થવું એમ એણે સૂચવ્યું.

મેં કબુલાત આપી હતી તે પ્રમાણે હું પોલિસનો સાક્ષી થયો હતો. આ પછી એક દિવસ ડેપ્યુટી સુપરિન્ટેન્ડન્ટે મને કહ્યું હતું કે જો હું સાક્ષી ન બન્યો હોત તો મને ફરી પકડવામાં આવત. આ વખતે માર્શલ લોનો અમલ ચાલુજ હતો.

હું ફરી પણ ભાર દઇ જણાવવા ઇચ્છું છું કે સ્ટેશન ઉપર કે તાસિલે થયેલા અત્યાચારમાં અગ્રેસરોએ ભાગ નહોતો લીધો એવી મારી દૃઢ માન્યતા છે.

રામનગર.

હંસરાજ ગોપાલદાસની જુબાની; રામનગર.

રોલેટ એક્ટ સામે વિરોધ દર્શાવવા રામનગરમાં ૬ઠી એપ્રિલે હડતાળ પડી હતી. લોકોએ તે દિવસે પોતાની મરજીથી જ દુકાનો બંધ રાખી હતી. મેં પણ હડતાળમાં ભાગ લીધો હતો. ૧૫મી તારીખે મારે વઝીરાબાદમાં એક મુકદ્દમામાં હાજર રહેવાનું હતું એટલે જયદયાળ નાનકચંદ સાથે હું સવારના ત્યાં જઈ પહોંચ્યો. તેજ દિવસે સાંજના કામ પૂરૂં થતાં અમે પાછા ફર્યા, અને ટ્રેનમાં અકાલગઢ પહોંચ્યા. ત્યાંથી રામનગર જવા અમને એક પણ વાહન ન મળ્યું એટલે અમે ૬ માઇલ જેટલું અંતર પગે ચાલી ગયા. અમે રામનગર રાતના સાત વાગે પહોંચ્યા. ૨૨મી તારીખ સુધી પુતળું બાળવામાં આવ્યાની વાત કોઇએ સાંભળી ન હતી.

૨૩મી તારીખે બપોરના શહેરના બધા માણસોને ઇસ્પીતાલ આગળ ભેગા કરવામાં આવ્યા હતા. રેવન્યુ ઓફિસર, પોલિસ સબ–ઈન્સ્પેક્ટર અને ગુલામ કવાદિર ઝાઇલદાર ત્યાં આવ્યા હતા. તેઓએ ચાર સજ્જન અને ચાર બીજા માણસોને પકડયા હતા.

ફરી પાછા તા. ૮મી મેએ પોલિસ સબ–ઈન્સ્પેક્ટર અને ગુલામ કવાદિર રામનગર આવ્યા. તેજ દિવસે રાત્રે અબદુલ્લા લમ્બરદાર મારી પાસે આવ્યો અને મને પકડવાની ધમકી આપી ૨૦૦ રૂપિયા માગ્યા. પરંતુ મને રૂપિયા આપવા કંઇ કારણ જણાયું નહિ એટલે મેં તેમ કરવા ના પાડી. બીજે દિવસે સવારના અબદુલ્લાનો ભાઇ અને એક બદમાશ લાકડીઓ લઈ મારા ઘર આગળ આવી બેઠા, અને જેવો હું ઘર બ્હાર નીકળ્યો કે તેઓએ મને પકડયો અને બજારમાં ઘસડયો. રસ્તે અબદુલ્લા મળ્યો અને ફરી ૨૦૦ રૂપિયાની માગણી કરી. પરંતુ આ વખતે પણ મેં ના જ કહી એટલે મને પોલિસ ચોકીએ લઇ જવામાં આવ્યો. ત્યાં પણ અબદુલ્લા આવી ચઢયો અને મને કહેવા લાગ્યો કે ૨૦૦ રૂપિયા હું તેને આપું તો તે મને છોડે અને પોલિસનો સાક્ષી બનાવે. પરંતુ સાથે એણે એમ પણ કહ્યું કે રેવન્યુ ઓફિસર કહે તે પ્રમાણે મારે જુબાની આપવી પડશે એટલે તે પ્રમાણે વર્તવા મેં ના પાડી.

થોડીવાર રહીને પોલિસના સાક્ષીઓ ભગવાનદાસ બારકતઅલિ શાહ અને કપુરચંદ ચોકીએ આવી પહોંચ્યા. ૧૫મી એપ્રિલે સાંજના પાંચ વાગે નદી તીરે સભા થઇ હતી અને એમાં હું હાજર હતો એવી જુબાની ભગવાનદાસે પોલીસ આગળ રજુ કરી. આ સિવાય બીજા ત્રણ સાક્ષીઓએ પણ એવાજ પ્રકારની વાત કરી હતી. ૯મી મેએ મને તથા બીજા વીસએક જણને હાથકડી પહેરાવી અકાલગઢ ચોકીએ કોટડીમાં પૂરવામાં આવ્યા. અહીં બીજાઓને પણ પકડી લાવવામાં આવ્યા હતા.

૨૨મી મેએ રામનગરમાં બારાદરીએ મને તથા બીજા આરોપિતોને ડેપ્યુટી કમિશનર આગળ ઉભા કરવામાં આવ્યા. જયદયાળ અને મેં સભામાં ભાગ લીધો ન હતો કારણકે સભા તો પાંચ વાગે થઈ હતી જ્યારે અમે રાત્રે સાત વાગે રામનગર પહોંચ્યા હતા. છતાં પોલિસે બે ટાંગાવાળાઓને ધમકી આપી અને સમજાવીને સાક્ષી તરીકે રજુ કર્યા હતા.

તેઓએ કમિશનર આગળ એમ કહ્યું હતું કે ૧૫મી એપ્રિલે અમે તેઓના ટાંગામાં બેસી અકાલગઢથી રામનગર સાંજના પાંચ વાગે પહોંચ્યા હતા. ૨૩મી તારીખે ડેપ્યુટી કમિશનરે મને બે વર્ષની મજુરી સાથે જેલની અને બસો રૂપિયાનો દંડ ભરવાની તથા ત્રણ મહીના સુધી મને એકલો પૂરી રાખવાની સજા કરી હતી.

× × × × ×

૪૧૯.

સુંદરદાસ દેવી દયાળ, બેંકરની જુબાનીઃ ઉમર વર્ષ ૨૬; રામનગર.

રોલેટ એક્ટ સામે નાપસંદગી બતાવવા રામનગરમાં ૬ ઠી એપ્રિલે હડતાળ પડી હતી. આ અરસામાં હું માંદો હતો એટલે મારી દુકાન તો બે દિવસ પહેલાંથી જ બંધ હતી.

૧૫ મી એપ્રિલે અમારા ગામમાં પાછી હડતાળ પડી નહતી; પરંતુ કેટલાક છોકરાઓ " મહાત્મા ગાંધીકી જય " અને " હિંદુ મુસલમાનકી જય " ના પોકાર કરતા કરતા બજારમાં ફર્યા હતા. તે દિવસે સભા પણ થઈ નહતી.

૨૩ મી એપ્રિલે રેવન્યુ ઓફિસરનાં હુકમ પ્રમાણે રામનગરના રહીશો ઈસ્પીતાલે બપોરના ભેગા થયા હતા. ત્યાંથી લાલા બાલમુકંદ, લાલા ગોવિંદ સાહી, લાલા કરમચંદ અને દોલતરામને ઓફિસર અકાલગઢ લઇ ગયો; અને ૯ મી મેએ બીજા નિર્દોષ માણસોને પકડવામાં આવ્યા.

૧૬ મી મેએ રેવન્યુ ઓફિસર રામનગર પાછો આવ્યો. લાલા સોહનલાલ અને બીજાઓએ તેની સાથે નદી કાંઠે કેટલીક વાતચીત કરી; અને પકડાયલાઓ સાથે ન્યાયપૂર્વક વર્તવાની અરજ કરી એટલે રેવન્યુ ઓફિસરે મને પૂછ્યું: ' તમે તાર કર્યો હતો કે ?' પરંતુ મેં કંઈ કોઇને તાર કર્યો નહતો.

૧૭ મી મેને દિવસે મને ડેપ્યુટી કમિશનર આગળ ઉભો કરવામાં આવ્યો; અને ૧૮ મી તારીખે મને તથા બીજા ત્રણને પકડવામાં આવ્યા; અને ૧૧ મી જુને અમને ડેપ્યુટી કમિશનર આગળ લઈ જવામાં આવ્યા. તેણે અમને ચારેને જમીન ઉપર નાક ઘસવાનો હુકમ કર્યો, અને ખેદ કરવા કહ્યું. અમે તેમ કર્યું એટલે તેણે અમને છોડી મૂક્યા.

૪૨૦

લાલા ગોવિંદસાહી રામચંદ, વ્યાપારી અને શરાફની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૪૮; રામનગર.

૬ ઠી એપ્રિલે રામનગરમાં હડતાળ થઈ હતી; પરંતુ ૧૫ મી એપ્રિલે અમારા ગામમાં હડતાળ પડી ન હતી અને કોઇએ ઠાઠડી કાઢી ન હતી કે પૂતળું બાળ્યું ન હતું. ૯ મી મેએ કેટલાક જણને પકડવામાં આવ્યા. મારા ન્હાના ભાઇને અને કાકાના છોકરાને પણ પકડવામાં આવ્યા હતા; એટલે હું ડેપ્યુટી કમિશનરને મળવા ગુજરાંવાલા ગયો. આની રેવન્યુ ઓફિસરને ખબર પડી કે તે તરત ૧૬ મી મેએ રામનગર આવ્યો, અને કોણ કોણ ગુજરાંવાલા ગયું હતું તેની પૂછપરછ કરી. હું અને સોહનલાલ ત્યાં ગયા હતા;

એટલે તેણે અમને બંનેને બીજે દિવસે હાજર રહેવા કહ્યું. ૧૭ મી મેને દિવસે ડેપ્યુટી કમિશનર રામનગર આવ્યો, અને તેણે રેવન્યુ ઓફિસરને અમને પકડવાની રજા આપી. ૧૮ મી તારીખે મને તથા સોહનલાલ અને બીજા બે જણને પકડવામાં આવ્યા. ૨૪ મી એ અમને જામીન ઉપર છોડવામાં આવ્યા; ૯ મી જુને અમારા ઉપરનો મુકદ્દમો નીકળ્યો. ૧૧ મી જુને ડેપ્યુટી કમિશનરે અમને ચારેને જમીન ઉપર નાક ઘસવાનો અને ખેદ કરવાનો હુકમ કર્યો; અમે તેમ કર્યું એટલે તેણે અમને છોડી મૂકયા.

× × × × ×

૪૨૨

કરમચંદ જીવનસિંહની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૬૦; રામનગર.

મેં ટપાલ, રેલ્વે અને બીજાં સરકારી ખાતાંઓમાં ૧૮૭૭ થી ૧૯૦૦ ની સાલ સુધી નોકરી કરી છે; મારા ઉપરીઓ મારા કામથી સંતોષ પામ્યા હતા. ત્યાર પછી દશ વર્ષ સુધી મેં કોંટ્રાકટરનું કામ કર્યું અને હવે મેં સંસાર છોડી દીધો છે અને ઈશ્વર ભજનમાં હું મારૂં જીવન વ્યતીત કરૂં છું. વર્ષમાં માત્ર ત્રણ મહીના જ હું રામનગરમાં રહું છું; બાકીના નવ મહીના હરદ્વારમાં ધાર્મિક ગ્રંથોનો અભ્યાસ કરવામાં અને સાધૂ સંતના સંગમાં ગાળું છું. ૧૯૧૯ ના જાન્યુઆરીમાં રામનગરમાં મને એક સાધૂનો મેળાપ થયો; આ સાધૂ પાસેથી હું સંસ્કૃત શીખ્યો હતો, એટલે મારૂં રહેવાનું રામનગરમાં થયું.

૬ઠી એપ્રિલે રામનગરમાં હડતાળ પડી હતી; તેમાં હિંદુ મુસલમાનોએ ભાગ લીધો હતો. ૧૫મી તારીખે હડતાળ પડી ન હતી; તેથી ઠાઠડી કાઢવામાં નહોતી આવી કે પૂતળું પણ બાળવામાં નહોતું આવ્યું. છતાં તે દિવસે સાંજના કેટલાક છોકરાઓ "હાય, હાય, રોલેટ બિલ" ના પોકાર કરતા કરતા બજારમાં ફરવા નીકળ્યા હતા. ૧૭મી એપ્રિલે પોલિસ સબ–ઇન્સ્પેકટરે પોતાની ખાનગી નોંધપોથીમાં એટલી એક જ નોંધ કરી હતી કે રામનગરમાં હડતાળ પડી હતી.

૨૩મી એપ્રિલે રેવન્યુ ઓફિસર રામનગર આવ્યો, અને રામનગરના રહીશોને ઇસ્પીતાલ આગળ ભેગા કર્યા. તેણે ગુલામ કાદીર ઝાઇલદાર અને બીજાઓ સાથે કેટલીક મસલત કરી, અને પછી મને, દૌલતરામ, બાલ મુકુંદ અને ગોવિંદસાહીને અકાલગઢમાં તપાસ ચાલશે એવું બ્હાનું બતાવી ત્યાં મોકલી આપ્યા. ૨૪મી એપ્રિલે અમને હાથકડી પહેરાવી ગુજરાંવાલા લઇ જવામાં આવ્યા; અને પછી ડેપ્યુટી કમિશનરના હુકમથી અમને કેદખાનામાં મોકલવામાં આવ્યા. ત્યાં અમને ૧૬મી મે સુધી રાખવામાં આવ્યા. ૧૭ મીએ અમને રામનગર લઇ જવામાં આવ્યા; ૧૯મીએ થાણેદારે અમારી પાસેથી અમારા સાક્ષીઓનાં નામ લીધાં, અને ૨૨મીએ અમને બારાદરીએ હાજર રહેવાનો હુકમ થયો.

૪૨૩

લાલા લખમીદાસ રામચંદની જુબાનીઃ બેંકર, રામનગર.

રોલેટ એક્ટ સામે અણગમો બતાવવા રામનગરમાં ૬ઠી એપ્રિલે હડતાળ પડી હતી. ૧૫મી એપ્રિલે હડતાળ પડી ન હતી; ઠાઠડી કાઢવામાં આવી ન હતી, અને પૂતળું પણ

બાળવામાં આવ્યું ન હતું; અને સરકારી મકાનોને નુકસાન પહોંચાડવામાં નહોતું આવ્યું.

૨૩મી એપ્રિલે રેવેન્યુ ઓફિસર રામનગર આવ્યો અને લાલા ગોવિંદ સાહી અને બીજા ત્રણ જણને પકડ્યા. બીજા દિવસે ગામમાં એવી વાત ચાલી હતી કે આ ચારે જણને ગુજરાંવાલા મોકલી આપવામાં આવ્યા છે.

૮ મી મેએ અકાલગઢથી એક સબ-ઇન્સ્પેક્ટર આવ્યો; અને ૯મી તારીખે પકડા પકડી શરૂ થઇ. મારા ન્હાના ભાઇને અને કાકાના છોકરાને પણ પકડવામાં આવ્યા હતા. આથી મારા મ્હોટા ભાઇએ અને લાલા સોહનલાલે ડેપ્યુટી કમિશનરને તાર કર્યો. અને બંને જણ ગુજરાંવાલા ડેપ્યુટી કમિશનરને ખરી હકીકત સમજાવવા ગયા.

૧૬મી મે એ રેવન્યુ ઓફિસર રામનગર આવ્યો, અને લાલા ગોવિંદ સાહી અને લાલા સોહનલાલે ડેપ્યુટી કમિશનરને તાર કર્યા હતા એટલે તેઓ બંનેને એક દહાડો પોતાની સાથે જ રાખ્યા. બીજે દિવસે ડેપ્યુટી કમિશનર રામનગર આવ્યો અને પછી તેની પરવાનગીથી ૧૮મી તારીખે સોહનલાલ, નાથમલ, અને સુંદરદાસને પકડવામાં આવ્યા. ૨૪ મી મેએ નાથમલ અને ગોવિંદસાહીને જામીન ઉપર છોડવામાં આવ્યા; અને ૧૧ મી જુને ડેપ્યુટી કમિશનરે તેઓ પાસે જમીન ઉપર નાક ઘસાવી છોડી મૂક્યા.

૪૨૪

લાલા ગોવિંદ સાહી હટ ભગવાન, ભાટીયાની જુબાનીઃ રામનગર.

મારા વડવાઓએ રામનગર શહેર વસાવ્યું છે; અને ત્યારથી અમે લમ્બરદારી ભોગવતા આવ્યા છીએ. હું પોતે ૧૯ વર્ષ થયાં લમ્બરદારનું કામ કરૂં છું. હું મ્યુનિસિપલ કમિશનર પણ હતો; મેં નવ વર્ષ સુધી મ્યુનિસિપલ કમિટીના મંત્રી તરીકે વિના વેતને કામ કર્યું છે. હું ગુજરાંવાલા ડિસ્ટ્રીક્ટ બોર્ડનો ત્રણ વર્ષ સુધી સભ્ય હતો.

રામનગરમાં ઠાઠડી કાઢવામાં નહોતી આવી. તેથી રાજાનું પૂતળું પણ બાળવામાં નહોતું આવ્યું. એ વાત તો રેવન્યુ ઓફિસર અને બીજાઓએ જોડી કાઢી છે. ૧૪ મી એપ્રિલે રેવન્યુ ઓફિસરે શહેરના બધા માણસોને ભેગા કર્યા હતા. તેણે લોકોને ઠપકો આપ્યો હતો અને પોતાને ગમે તેને ગોળીથી વીંધી નાખવાની સત્તા છે એ વાત લોકોને દમામથી સંભળાવી હતી. મેં તથા બાલમુકંદે બધા દેખતાં કહ્યું કે રામનગરમાં કંઇ તોફાન થયાં નથી; આથી રેવન્યુ ઓફિસર અમારા ઉપર ચીડાયો, અને અમને બેને તથા કરમચંદ અને દોલતરામને તપાસ ચલાવવાનું ખોટું બ્હાનું બતાવી અકાલગઢ મોકલી આપવામાં આવ્યા, ત્યાં અમને કોટડીમાં પૂરવામાં આવ્યા. બીજે દિવસે અમને હાથકડી પહેરાવી ગુજરાંવાલા લઇ જવામાં આવ્યા. અમારી વાત સાંભળ્યા વિના અમને ત્યાં જેલમાં પૂરવામાં આવ્યા, અને મારા ઉપર એવો આરોપ મૂકવામાં આવ્યો કે મારી દુકાનેથી રાજાની ઠાઠડી કાઢવામાં આવી હતી.

૧૬મી મેએ અમને ચાર જણને અકાલગઢ પાછા લઇ જવામાં આવ્યા. ત્યાં અમને ૨૧મી સુધી રાખવામાં આવ્યા અને ૨૮ જણાની જુબાની નોંધવામાં આવી, પછી ૨૨મી

એ અમને રામનગર લઈ આવવામાં આવ્યા. અહીં અમારા ઉપર કેસ ચાલ્યો, અને અમને ખબર પડી કે અમારા ઉપર મૂકવામાં આવેલા આરોપમાં ફેરફાર કરવામાં આવ્યો છે. મારી દુકાનેથી ઠાઠડી નીકળી હતી એ વાત છોડી દેવામાં આવી; તેને બદલે એક સ્કુલ માસ્તર પોતાના ખીસ્સામાં રાજાનું પુતળું નદીએ લઇ ગયો અને ત્યાં તેણે બાળ્યું એવી વાત ઘડવામાં આવી. આમ કરવાનું કારણ એ હતું કે ઠાઠડી બાળવાની જગ્યા નક્કી થઈ ન શકી. જેઓએ અમારા બચાવમાં જુબાની આપી હતી તેઓને પકડવાની ધમકી આપી ડરાવવામાં આવ્યા હતા. અમારો કેસ લાહોરમાં નહોતો નીકળ્યો, કારણ કે ત્યાં સાક્ષીઓને હાથમાં રાખવાનું કામ પોલિસ માટે વધારે કઠણ હતું.

૪૨૫

લાલા રામચંદ ગણુપતશાહની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૫૫; મ્યુનિસિપલ કમિશનર, જમીનદાર, અને ઇન્કમટેક્સ ભરનાર, રામનગર.

૮ મી મેએ થાણુદારના બોલાવવાથી હું ચોકીએ ગયો હતો. ત્યાં શહેરના ઘણા પ્રતિષ્ઠિત પુરૂષો અને કેટલાક લમ્બરદાર હાજર હતા. પોલિસે ફાઝલદાદ, અબ્દુલ્લા અને કુલજશરાય પાસે એવી હકીકત લખાવી લીધી હતી કે રાજાની ઠાઠડી ગોવિંદસાહી લમ્બરદારની દુકાનેથી કાઢવામાં આવી હતી અને પહેલાં ટાઉનહોલ આગળ લઇ જવામાં આવી હતી. અમને પણ એવાજ પ્રકારની હકીકત લખી આપવામાં કહેવામાં આવ્યું; અમારામાંથી કેટલાકે તેમ કર્યું. પરંતુ લાધા અને મેં અને બીજાઓએ તેમ કરવા ના પાડી.

૨૭ મી મેએ ડેપ્યુટી કમિશનર રામનગર આવ્યો; અને પછી અમને ખબર પડી કે રાજાની ઠાઠડી કાઢવાની વાત પડતી મુકવામાં આવી છે અને તેને બદલે કપડાની એક ન્હાની ઢીંગલી બાળવાની વાત કરવામાં આવી છે. મને પોતાને ખબર છે કે રામનગરમાં રાજાની ઠાઠડી કાઢવામાં નહોતી આવી, તેમ ઢીંગલી પણ બાળવામાં નહોતી આવી.

૪૨૬

લાલા સવાનમલ ગંડામલની જુબાની. બેંકર અને જમીનદાર; ઉમર વર્ષ ૪૬; રામનગર.

લાલા બાલ મુકંદ, ગોવિંદ સાહી અને બીજાઓને પકડયા પછી કેટલાક દહાડા રહીને પોલિસ સબ–ઇન્સ્પેકટરે રામનગરના પ્રસિદ્ધ પુરૂષોને ચોકીએ ભેગા કર્યા અને અમને બધાને આ પ્રમાણે જુબાની લખી આપવા કહેવામાં આવ્યું કે ૧૫ મી એપ્રિલે ગોવિંદ સાહીની દુકાનેથી રાજાનું પૂતળું બનાવી તેની ઠાઠડી કાઢવામાં આવી હતી અને નદી કીનારે ચાર પાંચ મણ લાકડાથી બાળવામાં આવી હતી. પરંતુ મેં તથા બીજા કેટલાકે તેવા પ્રકારની તદ્દન જુદી જુબાની આપવા ના પાડી. એટલે પછી જેઓ આવી જુબાની આપવા તૈયાર હતા તેઓને બીજાઓથી જુદા પાડવામાં આવ્યા. અને પછી અમે જુઠું બોલવાની ના પાડી એટલે અમને ધમકી આપવામાં આવી.

દશ બાર દહાડા રહીને રેવન્યુ ઓફિસર મલિક સાહિબખાન મને તથા બીજા કેટ-

લાકને સાથે લઇ નદીએ ગયો; અને પછી ઠાઠડીની વાત દાબી દેવામાં આવી; અને તેને બદલે એમ કહેવામાં આવ્યું કે એક ઢીંગલી બાળવામાં આવી હતી.

*   *   *   *   *

૪૩૨.

સૈયદ હકિમ શાહની જુબાનીઃ ફારેગ થયેલ સ્ટેશન માસ્તર; રામનગર.

મેં રેલ્વે ખાતામાં ૩૭ વર્ષ નોકરી કરી છે. ગઈ સાલ હું ફારેગ થયો તે વખતે મને રેલ્વે બોર્ડે ૧૬૦૦ રૂપિયાની બોનસ આપી હતી.

રામનગરમાં ૬ ઠી એપ્રિલે હડતાળ પડી હતી; પરંતુ તે દિવસે સભા ભરવામાં નહોતી આવી; તેમ સરઘસ પણ નહોતું નીકળ્યું, અને તોફાન પણ થયું ન હતું. આ પછી બીજીવાર હડતાળ પડી ન હતી. કેટલાક દિવસ રહી ચાર જણને પકડવામાં આવ્યા; અને એક અઠવાડીયું રહી અમને એવી ખબર પડી કે જેઓને પકડવામાં આવ્યા છે તેઓ ઉપર શહેનશાહનું પૂતળું બાળવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. તે વખતે એમ કહેવામાં આવ્યું હતું કે લાલા ગોવિંદરામની દુકાનેથી ઠાઠડી નીકળી હતી, અને પોલિસ ચોકી આગળ થઈ નદીએ લઇ જવામાં આવી હતી. આ પછી આ બનાવટી વાતને ટેકો આપતી કેટલીક વિગત ચોકીએ નોંધવામાં આવી હતી, પરંતુ નદીએ કયાંય બાળવાની નિશાની જણાઈ નહિ એટલે વાત ફેરવવામાં આવી. જે દિવસે આ બનાવ બન્યો કહેવાય છે તે દિવસે હું રામનગરમાં હતો અને કહેવામાં આવ્યું છે તેવું કંઇ બન્યુંજ ન હતું. તેજ દિવસે સાંજના એક સાથી સાથે હું નદી કીનારે ગયો હતો. ત્યાં મેં ઠાઠડી કે ઢીંગલી બળતી જોઈ ન હતી. માત્ર ત્યાં કેટલાક છોકરાઓ "રોલેટ બિલઃ હાય હાય" ના પોકાર કરતા હતા. અમે નદીએથી પાછા ફર્યા તેજ વખતે છોકરાઓ પણ પાછા વળતા હતા.

૨૧ મી મેએ રેવન્યુ ઓફિસરે મને પોલિસ પક્ષમાં જુબાની આપવા જણાવ્યું. પણ મેં હિંમતપૂર્વક ના પાડી; એટલે તેણે મારા ઉપર ગાળો વર્ષાવી.

રામનગરમાં પક્ષો પડેલા છે, અંદર અંદર કંકાસ ચાલે છે અને તેથી એક પક્ષે બીજા પક્ષના માણસોને ફસાવવા રાજાનું પૂતળું બાળવાની વાત જોડી કાઢી હતી. ઓફિસરની મદદથી તેઓ તેમ કરવામાં ફાવ્યા હતા.

૪૪૦.

હિરાસિંહ જવાહર, દુકાનદારની જુબાનીઃ ઉમ્મર વર્ષ ૭૩; રામનગર.

ગરમીની ઋતુમાં ઘણીવાર સાંજના હું નદી કાંઠે ફરવા જતો, અને ત્યાં પ્રાર્થના પણ કરતો. ૧૫ મી એપ્રિલે હું ફરવા ગયો તે વખતે નદીએ કેટલાક છોકરાઓ પ્રાર્થના કરતા હતા. હું હાથ પગ ધોઇ પ્રાર્થના કરવા બેઠો. થોડીવાર રહી છોકરાઓ જવા લાગ્યા. હું પણ તેઓની પાછળ ગયો. છોકરાઓ "મહાત્મા ગાંધીકી જય" અને "રોલેટ બિલઃ હાય હાય" ના પોકાર કરતા હતા. છોકરાઓએ રાજાનું પૂતળું બાળ્યું ન હતું. તેમ ગામમાં ઠાઠડી પણ કાઢવામાં નહોતી આવી.

થોડા દહાડા પછી મને પોલિસ ચોકીએ બોલાવવામાં આવ્યો હતો; અને ગુલામ કાદીર ઝાઇલદાર મને સમજાવવા લાગ્યો કે મારે પોલિસ પક્ષમાં જુબાની આપવી જોઇએ અને કહેવું જોઇએ કે રાજાનું પૂતળું બાળવામાં આવ્યું છે. પરંતુ એવું કંઈ મેં જોયું ન હતું એટલે તેમ કરવા મેં ના પાડી હતી.

* * * * *

૪૪૩.

લાલા ભગવાનદાસ માયાદાસની જુબાનીઃ રામનગર.

રોલેટ એકટ સામે વિરોધ દર્શાવવા રામનગરમાં ૬ ઠી એપ્રિલે હડતાળ પડી હતી. તે દિવસે મેં મારી મરજીથી દુકાન બંધ રાખી હતી.

૧૫ મી એપ્રિલે કેટલાક છોકરાઓ અને જુવાનીઆઓ નદીએ ગયા હતા. અહીં શહેનશાહ દીર્ઘાયુ થાય એવી પ્રાર્થના દૌલતરામે કરી હતી, અને સાથે એવી પણ યાચના કરી હતી કે નામદાર શહેનશાહ રોલેટ એકટ રદ કરે. હું આ વખતે છોકરાઓ સાથે હતો. પ્રાર્થના થયા પછી અમે પાછા ગયા હતા.

નદી કીનારે પૂતળું બાળવામાં નહોતું આવ્યું. પાછા વળતાં છોકરાઓ "હાય હાય રોલેટ બિલ" ના પોકાર કરતા હતા. દૌલતરામ, હિરાસિંહ અને હું બીજે રસ્તે થઇ ગામમાં દાખલ થયા હતા.

૨૪ મી એપ્રિલે સાંજના રેવન્યુ ઓફિસરે ઇસ્પીતાલ આગળ લોકોને ભેગા કર્યા હતા. અહીંથી તે બાલ મુકુંદ, ગોવિંદસાહી, દૌલતરામ અને કરમચંદને મસલત કરવાનું બ્હાનું આપી અકાલગઢ લઇ ગયો. તેણે બાલ મુકુંદ અને તેના સંબંધીઓ પાસેથી બંદુકો લઇ લીધી હતી.

૯ મી મેએ સવારના પોલિસનો સાક્ષી અલિ મહમદ મારી દુકાને આવ્યો અને મને ચોકીએ ઈન્સ્પેકટર આગળ લઇ ગયો. ચોકીએ ૧૫ થી ૧૬ માણસ પકડી લાવવામાં આવ્યા હતા. સબ ઈન્સ્પેકટર મને બાજુએ લઈ ગયો અને રાજાનું પૂતળું બાળવામાં આવ્યું હતું એ વિષે મારે જુબાની આપવી પડશે એમ મને જણાવ્યું. મારાથી તેમ નહિ બને એમ મેં કહ્યું, એટલે તેણે મને રેવન્યુ ઓફિસરનો હુકમ સંભળાવ્યો કે જો હું જુબાની આપવા કબૂલ ન થાઉં તો મને કેદમાં મોકલવો. આ પછી સૈયદ બરકત શાહ અને કપુરચંદને બોલાવવામાં આવ્યા, અને તેની સાથે સબ-ઈન્સ્પેકટરે કેટલીક ખાનગી મસલત કરી. જેઓને પકડવામાં આવ્યા હતા તેઓને અકાલગઢ લઈ જવામાં આવ્યા, અને ત્યાં પૂરવામાં આવ્યા. મને પણ સાથે લઇ જવામાં આવ્યો; અને અકાલગઢમાં મેં સાક્ષી થવા ના કહી એટલે મને આખી રાત હાથકડી પહેરાવી રાખવામાં આવી, અને ખાવા કે પીવા કંઇ આપવામાં ન આવ્યું. બીજી સવારે મને ડરાવવામાં આવ્યો, મને ગાળો આપવામાં આવી. અંતે ડરથી અને ભૂખ તરસથી થાકી પોલિસના કહેવા પ્રમાણે જુબાની આપવા હું બંધાયો અને રેવન્યુ ઓફિસરને ૨૦૦ રૂપિયા પણ આપ્યા. આ પછી મને રામનગર જવા રજા મળી. પણ પોલિસનો ડોળો મારા ઉપર સતત રહેતો.

આ પછી કોઇકે એ સબ-ઈન્સ્પેક્ટરને કાને એવી વાત પહોંચાડી કે હું મારો અનુભવ ગામમાં કહેતો ફરૂં છું અને કબૂલ થયાં છતાં જુબાની નથી આપવાનો. એટલે ૧૨ મી મેએ સબ-ઈન્સ્પેકટરે મને અકાલગઢ બોલાવી મગાવ્યો અને ત્યાં મારૂં અપમાન કર્યું.

૧૭ મી એપ્રિલે ડેપ્યુટી કમિશનર રામનગર આવ્યો હતો; અને અહીં થોડો વખત ગાળી પાછો અકાલગઢ ગયો હતો. આ પછી રેવન્યુ ઓફિસર કપુરચંદ, સૈયદ બરકત શાહ અને મારી જુબાની લીધી. હું સાચું લખાવવા જતો તો મને ધમકાવવામાં આવતો, અને સબ-ઇન્સ્પેક્ટર સાથે થયેલી વાત લખાવવા મને કહેવામાં આવતું. મેં સબ-ઈન્સ્પેક્ટર આગળ જુબાની લખાવી નહતી; પરંતુ તેણે પોતાને રૂચ્યું તે લખી લીધું હતું. રેવન્યુ ઓફિસરે પણ તેમ જ કર્યું; અને તેના ઉપર તેણે મારો અંગુઠો લીધો. મને પોલિસ ચોકીની બ્હાર જવાની પણ મનાઇ કરવામાં આવી હતી.

૧૭ મીથી ૨૧ મી મે સુધી મને અકાલગઢ પોલિસની નજર હેઠળ રાખવામાં આવ્યો. પોલિસ મને પજવતી; ઘણીવાર ખાવા પીવા ન આપતી. ૨૧ મી તારીખે મને પોલિસ સાથે રામનગર મોકલવામાં આવ્યો.

૨૨ મી તારીખે મને ડેપ્યુટી કમિશનર આગળ ઉભો રાખવામાં આવ્યો. રેવન્યુ ઓફિસરે મારી જુબાની ડેપ્યુટી કમિશનરને વાંચી સંભળાવી, અને ડરનો માર્યો હું નથી બોલી શકતો એથી તેણે જણાવ્યું. ડેપ્યુટી કમિશનરે પણ મને કંઈ પૂછ્યું નહિ, અને મલિક સાહેબખાનના કહેવા પ્રમાણે બધી હકીકત લખી. તે લખતો હતો તે દરમ્યાન મારી પાસે વારે વારે 'હા' ભણાવવામાં આવી હતી. આ પછી મને ચાલૂ પોલિસની નજર હેઠળ રાખવામાં આવ્યો હતો.

પરંતુ, રાજાનું પૂતળું બનાવવામાં નહોતું આવ્યું કે બાળવામાં નહોતું આવ્યું. લાલા બાલમુકંદના દુશ્મનોએ મલિક સાહિબખાનને ઉશ્કેરી મુક્યો હતો અને આ બનાવટી કેસ ઉભો કર્યો હતો. અહીં મેં જે કંઈ કહ્યું છે તે સાચું છે; મેં ખરેખરી હકીકત જણાવી છે. અને આ હકીકત જણાવવા માટે મને કોઇએ સમજાવ્યો નથી.

+ + + + +

ચુહારખાના.

૪૪૫–૪૪૬.

ધ્યાનસિંહ રતનસિંહ, જમીનદારની જુબાની: ઉમર વર્ષ ૬૦; ગામ નૌખાર.

ચુહારખાના રેલ્વે સ્ટેશન અમારા ગામના ખેતરોમાં છે. સ્ટેશને આગ લાગવાની ખબર પડતાં અમે ત્યાં દોડી ગયા હતા. અમે ત્યાં પહોંચ્યા તે પહેલાં તો આગ બુજાઈ ગઈ હતી.

રાત્રે બે સિપાઈ અને બે ચોકીદાર અમારા ગામમાં આવ્યા અને મંડીનો બચાવ કરવા કેટલાક માણસો માગ્યા એટલે અમે ૪૦ જણ થાણેદાર આગળ ગયા. જેઓ મદદ કરવા ગયા હતા તેઓનાં નામ લખી લેવા મેં થાણદારને કહ્યું; પણ તેણે તેમ ન કર્યું. તેણે ૧૩–૧૪ જણને રોકયા અને બાકીનાને જવા દીધા. મારા છોકરા મહાસિંહને રોકવામાં આવ્યો હતો. થાણદારે મહાસિંહ અને બીજા બે જણને પેટમેનના કારખાનાની સંભાળ રાખવા બેસાડયા. પરંતુ તેજ રાત્રે થાણદારે મહાસિંહને અને ૧૮ કારખાનાના મજુરોને પકડયા. પણ ન્યાયાધીશે આ અઢારે જણને જવા દીધા; માત્ર મારા દીકરાને બેસાડી રાખ્યો. તેના ઉપર પછી કેસ ચલાવવામાં આવ્યો અને પ્રથમ તો તેને જન્મભર દેશનિકાલની સજા થઈ પણ હવે તે દશ વર્ષની જેલ ભોગવી રહ્યો છે.

લશ્કરી માણસો અમારા ખેતરોને નુકસાન પહોંચાડતા; અને મારી પાસેથી ચાર બકરા ઉપાડી ગયા હતા. થાણદાર અમને અમારી ગાય દોહવા ન આપતો.

લડાઈ દરમ્યાન લોકોને લશ્કરમાં જોડાવા ફરજ પાડવામાં આવતી. મેં પોતે ત્રણ-ચાર સિપાઈઓ મેળવવા જોઈતા પૈસા એકઠા કર્યા હતા. તાસિલદારે મારા છોકરાને લશ્કરમાં મોકલવાની માગણી કરી હતી; પરંતુ મેં ના પાડી હતી. આ કારણસર તેણે અમારા ઉપર જુલમ કર્યો હતો. મેં પોતે લશ્કરમાં નોકરી કરી છે; અત્યારે હું ફારેગ થયો છું અને મને પેન્શન મળે છે.

૪૪૭.

હરનમસિંહ, શાહુકારની જુબાની: મંડી, ચુહારખાના.

૧૫ મી એપ્રિલે રેલ્વે સ્ટેશન આગળની નહેર પાસેની રેલ્વે સડકને કેટલાક લોકોએ નુકસાન પહોંચાડયું હતું. આ કામ આસપાસના ગામના ૪૦ થી ૫૦ જણાએ અને મંડીના કેટલાક જણાએ મળીને કરેલું. તેજ દિવસે બપોરના ટ્રેન લૂટવામાં આવી હતી. ઇન્જીનના સંચા તોડી નાખવામાં આવ્યા હતા, સ્ટેશનને આગ લગાડવામાં આવી હતી, અને સરકારી મિલકત લૂટવામાં આવી હતી. આ કામ પણ જેઓએ રેલ્વે સડક તોડી હતી તેઓએ જ કર્યું હતું. પોલિસે ૨૦૦ જણને પકડયા હતા; તેઓને કેદમાં મોકલવામાં આવ્યા હતા, અને દંડ કરવામાં આવ્યો હતો. આમ નિર્દોષ માણસો ફસી ગયા હતા, અને ખરેખરા ગુન્હેગાર છટકી ગયા હતા.

હું બનપોકનો શાહુકાર છું અને ૫૨ રૂપિયા ઇન્કમ ટેક્સના ભરૂં છું. આ ઉપરાંત

૪૦૦ રૂપિયા મ્હેસુલના પણ ભરૂં છું. મેં ૮૦૦ રૂપિયાના વોર બૉંડ ૧૯૧૬ ની સાલમાં ખરીદ કર્યાં હતાં. મારો ભાઈ ખુશાલસિંહ વોર લીગનો સભ્ય હતો. ખુશાલસિંહને ઉપર જણાવેલા તોફાનમાં ભાગ લેવા માટે પકડી મિ. બોઝવર્થ સ્મિથ આગળ ઉભો કરવામાં આવ્યો હતો. એ તદ્દન નિર્દોષ હતો. અદાવતને લઈ કેટલાક જણે તેની વિરૂદ્ધ સાક્ષી પુરી હતી. કોઈ પણ જાતની તપાસ કરવામાં આવી નહતી; અને છેવટ સુધી પોલિસે તેમજ કોર્ટે તેની જુબાની સાંભળી ન હતી. લાહોરથી મેં મારા ભાઇનો બચાવ કરવા એક હજાર રૂપિયા આપી મિ. માર્ટીનને બોલાવ્યો હતો; પરંતુ તેણે વકીલાત કરવાની રજા નહોતી માગી; એટલું જ નહિ પણ બચાવ પક્ષના સાક્ષીઓ કોર્ટમાં હાજર હોવા છતાં તેઓને બોલાવવામાં કે સંભાળવામાં નહોતા આવ્યા. મારા ભાઇનો મુકદ્દમાનો ફેંસલો પાંચ મિનિટમાં કરી નાખવામાં આવ્યો હતો. ખુશાલસિંહ સાડા ત્રણ મહીનાની જેલ ભોગવી હમણાં છુટયો છે. પરંતુ તેને કરવામાં આવેલો ૫૦૦ રૂપિયાનો દંડ અમને પાછો આપવામાં નથી આવ્યો.

માર્શીયલ લૉના દિવસોમાં બ્રિટિશ અને દેશી પોલિસ અને લશ્કરી માણસો અનેક રીતે લોકો ઉપર જુલમ કરતા. જેવી તેવી દુકાનેથી પૈસા આપ્યા વિના તેઓ કાપડ, દુધ, ખાંડ, બત્તીઓ વિગેરે વસ્તુઓ ઉપાડી જતા. મ્યુનિસિપાલ કમિશનરોએ મંડીના લોકો પાસેથી બેથી અઢી હજાર જેટલા રૂપિયા લશ્કરનો ખર્ચ કાઢવા ઉઘરાવ્યા હતા. પરંતુ આ રકમનો હિસાબ તેઓએ કોઇને આપ્યો નથી.

મિ. બોઝવર્થ સ્મિથ ચુહારખાનામાં એક બંગલામાં રહેતો; અહીં એણે પોતાનું મુખ્ય મથક રાખ્યું હતું. તે વારંવાર શહેરના પ્રતિષ્ઠિત પુરૂષોને બોલાવી મગાવતો અને તેઓને ગાળો આપતો, તેઓનું અપમાન કરતો.

મારી દુકાનેથી ૧૦ ચરપાઇ, ૨ હરિકેન લેમ્પ અને પાંચ કોથળા લઇ જવામાં આવ્યા છે, પરંતુ મને હજી સુધી પાછા આપવામાં આવ્યા નથી.

મુકદ્દમો ચાલતો ત્યારે મિ. બોઝવર્થ સ્મિથ અથવા તો પોલિસ ઇન્સ્પેકટર આરો-પિતને આ પ્રમાણે કહેતો: " તું મારી માંગે છે કે ? " જવાબમાં આરોપિત કહેતો: " સાહેબ, હું નિર્દોષ છું, મને માફ કરો. " આરોપિતનું આ વાકય લખી લેવામાં આવતું, અને આ વાકયથી તેણે ગુન્હો કબુલ કર્યો એમ લેખાતું. બચાવ પક્ષના સાક્ષીઓ સાંભળ-વામાં નહોતા આવતા; મુકદ્દમો તૈયાર કરવા વખત પણ નહોતો આપવામાં આવતો. પહેલે દિવસે સોએક જણને સજા કરવામાં આવી હતી, અને તે બે ત્રણ કલાકમાં.

૪૪૮

માયાસિંહ સોહનસિંહની જુબાની: ચુહારખાના.

મારો દિકરો ઉજાગરસિંહ એક દિવસ દવા લેવા ગયો હતો ત્યારે તેને તથા બીજા-ઓને પકડવામાં આવ્યા હતા. ઉજાગરસિંહે આ સામે વાંધો ઉઠાવ્યો એટલે મિ. બોઝ-વર્થ સ્મિથે તેને ઝાડ સાથે બાંધવાનો અને ૨૫ ફટકા મારવાનો હુકમ કર્યો. આ પછી તેને દશ દહાડા સુધી કોટડીમાં રાખવામાં આવ્યો હતો. નહેર ઉપરના મુસાફરખાનામાં

એક પછી એક આરોપિઓને ઓળખવામાં આવ્યા હતા; પરંતુ કોઇએ ઉજાગરસિંહને ઓળખ્યો હતો નહિ, એટલે તેને છોડી મુકવામાં આવ્યો હતો. મને પણ પકડી ૭ દહાડા સુધી કોટડીમાં પૂરવામાં આવ્યો હતો.

આ પછી જેઠ મહીનામાં મારા બીજા છોકરા તારાસિંહને પકડવામાં આવ્યો હતો. તેને સજા કરવામાં આવી હતી.

૪૪૯

સચ્ચાસિંહ ઉત્તમસિંહની જુબાની: ઉમર વર્ષ ૨૬; ચુહારખાના.

માર્શીયલ લૉના દિવસોમાં લશ્કરી માણુસો અમને ગામડીયાઓને બહુ પજવતા; અમારી વસ્તુઓ તેઓ ઉપાડી જતા. મારી પાસેથી મને ડરાવી પોલિસ એક બીછાનું લઇ ગઇ હતી; હજી સુધી મને તે પાછું આપવામાં આવ્યું નથી. પોલિસ લોકોને વારંવાર ડરાવતા અને કહેતા કે તેઓને જોઇતી વસ્તુઓ લોકો નહિ આપે તો તેઓને પકડવામાં આવશે. લશ્કરી માણુસોના ખર્ચ માટે પણ લોકો પાસેથી પૈસા કઢાવવામાં આવ્યા હતા. મારી પાસે ઓડવાયર સ્મારક ફંડમાં પાંચ રૂપિયા ભરાવવામાં આવ્યા હતા.

લડાઈ દરમ્યાન લશ્કરમાં ભરતી કરવા સારૂ સરદાર અમરસિંહ બે ત્રણ દિવસના અંતરે અમારે ગામ આવતો, લોકોને ચોકીએ ભેગા કરતો, અને ગાળો આપતો, લશ્કરમાં માણુસ મોકલવા માગણી કરતો, અને લોકો પોતાની મુશ્કેલી રજુ કરતા તો તેઓને સજા કરવાની અને જમીન જપ્ત કરવાની ધમકી આપતો.

૪૫૦

લાલા ટોડરમલ હિરાનંદની જુબાની: કોંટ્રાકટર, મંડી; ચુહારખાના.

હું ચુહારખાનામાં છેલ્લાં ૭ વર્ષ થયાં રહું છું. ૧૧મી એપ્રિલે રાતના આઠ વાગે મસજીદમાં હિંદુ–મુસલમાનની એક સભા થઈ હતી, તેમાં મેં તથા બીજાઓએ ભાષણુ કર્યા હતાં, અને રોલેટ એક્ટ રદ કરવામાં આવે એવી પ્રાર્થના કરી હતી. ૧૨મી તારીખે મંડીમાં બધી દુકાનો બંધ હતી; અને આગલા દિવસની પેઠે સાંજે એક સભા થઈ હતી. સરકાર સામે કોઇએ ભાષણુ કર્યા ન હતાં.

૧૫મી એપ્રિલે ૨૦ એક જણુા આગગાડીની સડક તરફ જતા હતા. મેં તથા કરતારસિંહ, જીવનસિંહ અને મૌલાબક્ષ, (મ્યુનિસિપલ કમિશનરો) એ તેઓને પાછા વાળ્યા હતા. આ ત્રણે કમિશનરો શેખુપુરા ગયા અને મેં પોલિસને ખબર કરી; પરંતુ લોકોએ રેલ્વે કામદારો પાસેથી હથિયારો લઇ પાટા ઉખેડી નાખ્યા હતા. મારા ખબર કરવાથી પોલિસ સડક આગળ જઈ પહોંચી, અને લોકોને વીખેરી નાખ્યા. તેજ દિવસે બપોરે એક વાગે એક આર્મર્ડ ટ્રેન આવી; તેમાં કેટલાક લશ્કરી સિપાઇઓ હતા. આ પછી સાંજના પાંચેક વાગે લાહોરથી કેટલાક મુસાફરો આવ્યા. ગાડી આગળ જાય એમ ન હોવાથી તેઓને ચુહારખાના ઉતરવું પડયું હતું. તેઓ આખી રાત સ્ટેશનની હદમાં પડી રહ્યા હતા. તેઓ આવ્યા તે પહેલાં કેટલાક લોકોએ સ્ટેશન પણ સળગાવી દીધું હતું.

રાત્રે એકાદ વાગે બીજી એક આર્મર્ડ ટ્રેન આવી અને તેમાંથી ચુહારખાના સ્ટેશન

આગળ ત્રણ ચાર વાર ઓચિંતી ગોળી ચલાવવામાં આવી. આથી એકાદ જણ માર્યો ગયો, અને કેટલાક ઘાયલ થયા. બીજે દિવસે સવારના ૯ વાગે ટ્રેન સાંગલા તરફ ઉપડી. કમાન્ડીંગ ઓફિસરની પરવાનગીથી હું તથા કેટલાક બીજા આ ગાડીમાં બેઠા હતા. ચુહારખાના ગામ આગળ ગાડી આવી પહોંચી; પણ અહીં સડકને નુકસાન કરવામાં આવ્યું હતું; એટલે સમારકામ શરૂ થયું. બપોરે ત્રણ વાગે અમારી પાછળ બીજી એક આર્મર્ડ ટ્રેન આવી; અને તેમાંથી ચુહારખાના ગામડા ઉપર મશીનગન ચલાવવામાં આવી: અને ચાર પાંચ બ્રિટિશ સોલજરો રાઇફલ લઈ ગામડામાં ગયા. આથી કરી કેટલાક લોક હણાયા, કેટલાક ઘાયલ થયા. આ પછી હું મારે ગામ ગયો.

૨૮ મી એપ્રિલે મને પકડવામાં આવ્યો, અને લાહોર જેલમાં પૂરવામાં આવ્યો. ૨૩મી મેએ મને માર્શીયલ લૉ કમિશને છોડી મૂકયો.

ગુન્હેગારોને ઓળખવાનું કામ ચાલતું હતું ત્યારે મિ. બોઝવર્થ સ્મિથ આ પ્રમાણે બોલ્યો હતો: “મને તો મ્હોટા માણસોજ જોઇએ છે. તેઓ ‘ગાંડી મખ્ખી’ છે, મને સાધારણ માણસ નથી જોઇતા.” ૨૭ મેએ મેજીસ્ટ્રેટ આગળ સરદાર કરતારસિંહ લમ્બરદારે મને ગુન્હેગાર તરીકે જણાવ્યો; એટલે મેં તરત જ તેને પ્રશ્ન કર્યો કે તેણે મને શા સારૂ ગુન્હેગાર બનાવ્યો. પરંતુ તેણે મને કારણ ન આપ્યું, કારણ કે સિ. આઇ. ડી. તરફથી એને મનાઈ કરવામાં આવી હતી. એ તો માત્ર તેઓના કહેવા પ્રમાણે કરતો હતો.

૪૫૧

કનશીરામ શલારામની જુબાની: મંડી, ચુહારખાના.

મારો ન્હાનો ભાઇ ગ્યાનચંદ અને હું સાથે ધંધો કરીએ છીએ. અમારી કાપડની દુકાન ગ્યાનચંદ સંભાળે છે અને હું કારખાના ઉપર ધ્યાન આપું છું. અમારૂં કારખાનું રેલ્વે લાઇન આગળ છે. ૧૫ મી તારીખે કેટલાક લોકોએ રેલ્વે લાઈનના પાટા ઉખેડી નાખ્યા હતા. મેં તથા મારા ભાગીદારે લોકોને તોફાન કરતાં રોકવા પ્રયત્ન કર્યો હતો.

દશ બાર દહાડા રહી પોલિસ ઈન્સ્પેકટરે મારા ભાઇને ચોકીએ બોલાવી મંગાવ્યો અને ત્યાં તેને પકડયો. તેના ઉપર કેસ ચાલ્યો ત્યારે અમે એના બચાવવામાં પૂરાવો રજુ કરવા ઇચ્છતા હતા; પરંતુ ડેપ્યુટી કમિશ્નરે અમને તેમ કરવા રજા ન આપી, તેમ કોઇની જુબાની પણ નોંધવામાં નહોતી આવી.

લડાઈ દરમ્યાન નાયબ તાસીલદાર અમને લશ્કરમાં જોડાવા કહ્યા કરતો હતો. પણ અમે બધા મંડીવાળાઓએ ૧૦–૧૨ રંગરૂટ મેળવવા પુરતા પૈસા આપ્યા હતા. મારે તે બાબતસર ૫૦ રૂપિયા આપવા પડયા હતા.

વોર લોન ભરાવવામાં પણ પોલિસ અમને દબાવતી હતી; અને અમારા વિભાગના વડા ઓફિસરે અમને ખુલ્લું કહી દીધું હતું કે જેઓ વોર લોનમાં નાણા રોકવા નથી ઇચ્છતા તેઓએ મંડીમાંથી ચાલ્યા જવું. આથી કરી અમારે તેઓના કહેવા પ્રમાણે વોર લોનમાં નાણાં ભરવાં પડયાં હતાં, અને અમારી પાસેથી પરાણે રૂપિયા ૧૦૦ ઓડવાયર ફંડ માટે લેવામાં આવ્યા હતા.

ચુહારખાના મંડીના વતનીઓ પાસેથી પાંચ હજાર રૂપિઆ દંડ તરીકે લેવામાં આવ્યા હતા.

૪૫૨

હવેલીરામ ગણુપતરાયની જુબાની: મંડી, ચુહારખાના.

લડાઈ ચાલતી હતી ત્યારે અમને મંડીવાળાઓને લમ્બરદાર અને તાસીલદાર વારંવાર લશ્કરમાં જોડાવા કહ્યા કરતા, અને તે બાબતસર અમને કનેડવામાં પણ આવતા. છેવટે કંટાળી અમે આઠ દુકાનદારોએ એક રંગરૂટ મેળવવા બસો રૂપિયા કાઢયા. આ પછી પણ રંગરૂટ મેળવવાનું કામ ચાલ્યું ત્યાં સુધી તાસીલદાર મને પજવ્યા કરતો.

૧૨ મી એપ્રિલે ચુહારખાના મંડીમાં હડતાળ હતી, અને ત્યાંના રહીશોએ એક સભા પણ ભરી હતી.

ચુહારખાના સ્ટેશનને આગ લાગ્યા પછી કેટલાક સોલજરો ત્યાં આવી પહોંચ્યા. તેઓ સાથે મશીનગન પણ લાવ્યા હતા. એક મશીનગન ચુહારખાના ગામની સામે ગોઠવવામાં આવી હતી, અને ચલાવવામાં પણ આવી હતી. આથી ઘણા જણ માર્યા ગયા હતા. આ ઉપરાંત યુરોપિયન સોલજરોની એક ટુકડી મંડીમાં ફરી હતી. લોકો આથી ડરી ગયા હતા. સોલજરો દુકાનોમાંથી ઘણી વસ્તુઓ ઉઠાવી ગયા હતા.

આ પછી એક દિવસ અમને બધા મંડીવાળાને નહેર ઉપરના બંગલે ભેગા કરવામાં આવ્યા હતા, અને ગેરહાજર રહેવા માટે મિલકત જપ્ત કરવાની અને સજા થશે એવી ખબર અમને કરવામાં આવી હતી. બંગલે બપોરના ૧૨ વાગ્યાથી અમને બધાને પૂરા બે કલાક સુધી તડકે ઉભા રહેવું પડયું હતું; અને સવારથી અમે ત્યાં હતા એટલે અમને ખાવા પીવા પણ કંઇ મળ્યું ન હતું. લમ્બરદારના કહેવાથી પોર્ટરોએ અમારામાંથી કેટલાકને વીણી કાઢયા તેઓને ત્યાંજ પકડવામાં આવ્યા, અને ચોકીએ લઇ જવામાં આવ્યા. તેઓને કંઇ ખાવા પીવા આપવામાં નહોતું આવ્યું, અને તેઓને કોઈ કંઇ આપવા જતું તો તેને માર મારવામાં આવતો, તેના ઉપર ગાળો વર્ષાવવામાં આવતી. બીજે દિવસે તેઓને લાહોર લઇ જવામાં આવ્યા હતા અને ત્યાં તેઓને સજા કરવામાં આવી હતી.

મારી પાસેથી ઓડવાયર ફંડ માટે મ્યુનિસિપલ કમિશનરોએ દશ રૂપિયા પરાણે લીધા હતા.

૪૫૩

હવેલીરામ લખપત, દુકાનદારની જુબાની: ઉમ્મર વર્ષ ૫૪; મંડી, ચુહારખાના.

ચુહારખાના સ્ટેશનને આગ લાગવાની મને ખબર પડી કે હું ઘેર જતો રહ્યો અને ફકિરચંદને પણ ઘેર જ રહેવા મેં કહ્યું. તેજ દિવસે રાત્રે મશીનગનના અવાજ સાંભળ્યા હતા. આ પછી ફકિરચંદ પોતાને ગામ ગયો હતો.

દશ બાર દહાડા રહી કરતારસિંહે ફકિરચંદની પૂછપરછ કરી, અને તેને ગામથી તેડી લાવવા મને હુકમ કર્યો. તે ચુહારખાના આવ્યો એટલે તેની હકિકત સાંભળ્યા વિના મિ. પેનીએ તેને એક વર્ષ જેલ ભોગવવાની સજા કરી.

લડાઇના દિવસોમાં તાસીલદારે કરતારસિંહ, અને મૌલાબક્ષે ફકિરચંદને લશ્કરમાં મોકલવા મારી પાસે માગણી કરી હતી. પરંતુ તેની ઉમર ૧૮ વર્ષની હોવાથી, અને અમે દુકાનદાર હોવાથી મેં તેમ કરવા ના પાડી એટલે તેઓ અમને કનેડવા લાગ્યા. અંતે મેં તથા બીજા અગીયાર જણે સાથે મળીને ૩૦૦ રૂપિયા ભેગા કર્યા અને એક રંગરૂટ મેળવી તેઓને આપ્યો. મને એોડવાયર ફંડમાં દશ રૂપિયા ભરવાની ફરજ પાડી હતી.

માર્શીયલ લૉના અમલ દરમ્યાન મારી દુકાન દશ પંદર દહાડા બંધ રાખવામાં આવી હતી. મંડીની ઘણી દુકાનોની જડતી લેવામાં આવી હતી. બ્રિટિશ સોલજરો મંડીમાં ફરતા અને લોકો ઉપર જુલમ કરતા, તેઓ દુકાનોમાં પેસી જતા, અને મન માનતી જણસો લઇ જતા. મારી દુકાનેથી તેઓએ કેટલીક વસ્તુઓ ખરીદ કરી હતી, પરંતુ તેની કિંમત મને નહોતી આપી.

ફકિરચંદ અને બીજાઓને કોટડીમાં પૂરવામાં આવ્યા હતા તે વખતે અમે તેઓ માટે ખાવાનું લઇ જતા. પોલિસ તરફથી તેઓને કંઇજ નહોતું મળતું, અને અમે પોલિસને કંઇક આપતા ત્યારેજ પોલિસ અમને અમારા સંબંધીઓને ખાવાનું આપવા રજા આપતા.

૪૫૪

સરદાર શાનસિંહ લાલસિંહ, ખેડુતની જુબાનીઃ ઉમર વર્ષ ૩૫; ચુહારખાના.

૧૬મી એપ્રિલે મધરાતે હું ઓચીંતો જાગી ઉઠયો, અને થોડીવાર રહી મેં ગોળીબાર થતો સાંભળ્યો. ગોળીબારના અવાજથી લોકો ગભરાઈ ગયા અને પોતાના બચ્ચાંઓને લઇ અહીં તહીં સંતાવા લાગ્યા, અને ગોળી ન પહોંચે એવી જગ્યાએ ભરાઇ જવા લાગ્યા.

આ પછી પોલિસ સબ ઇન્સ્પેકટર કેટલાક બ્રિટિશ અને હિંદી સોલજરો સાથે ગામમાં ફરવા નીકળ્યો. આ વખતે પણ બ્રિટિશ સોલજરો ગોળી ચલાવતા હતા. સબ ઇન્સ્પેકટરે કેટલાકોને પકડયા; મને પણ પકડવામાં આવ્યો હતો.

મને પકડયા પછી મારા હાથ પાછળથી બાંધવામાં આવ્યા, અને પછી બીજાઓની સાથે મને સરાઇએ રાખવામાં આવ્યો. અહીં મારે ૧૫-૧૬ દિવસ રહેવું પડયું હતું. મારા હાથ બાંધેલા હોવાથી હું ખાઈ નહોતો શકતો, તેમ પાઘડી પણ બાંધી નહોતો શકતો. રાત્રે પણ મારા હાથ બાંધી જ રાખવામાં આવ્યા હતા. મારી સાથે જે બીજાઓ હતા તેઓ મને ખવડાવતા અને મારે માથે પાઘડી બાંધતા. મારા મ્હોટા ભાઇને પણ મારી સાથેજ કેદ કરવામાં આવ્યો હતો. તેની પાસે એક અરબી ઘોડો હતો; સબ-ઇન્સ્પેકટરને તે જોઇતો હતો; પણ મારા ભાઇએ આપવા ના પાડી એટલે સબ-ઇન્સ્પેકટરે ખાનસિંહને હેરાન-કરવા વિચાર કર્યો, અને એના ઉપર જાતજાતના આરોપ મૂકવાની ધમકી આપી. પ્રથમ તો છુપી રીતે તેણે એક રેલ્વે બાબુની કેટલીક વસ્તુઓ ખાનસિંહના ઘરમાં મૂકાવી, અને પછી જડતી લેવડાવી. તેજ વસ્તુઓ તેના ઘરમાંથી લઈ જવામાં આવી. તેણે મારી પાસે ૫૦૦ રૂપિયા માગ્યા, અને તે આપી મને બચી જવા કહ્યું. મેં ન આપ્યા, એટલે મારા

ઉપર કેસ ચલાવ્યો; પરંતુ તે દરમ્યાન મારી સ્ત્રીએ ૫૦૦ રૂપિયા કોઇકની પાસેથી ઉધાર લીધા અને સબ-ઇન્સ્પેક્ટરને મોકલાવ્યા. સબ-ઇન્સ્પેક્ટરે મને છોડી મૂકવાનું વચન આપ્યું; અને મારી સામે ઉભા કરેલા ખોટા સાક્ષીઓને તેણે બોલાવ્યા જ નહિ. પરંતુ તેણે એક જ સાક્ષી રજુ કર્યો. આથી કરી મારી વિરૂદ્ધ પૂરતો પુરાવો ન પડયો અને હું છુટી ગયો.

મને આ પ્રમાણે હેરાન થવું પડયું એટલું જ નહિ પરંતુ મારા પાકને પણ ઘણું નુકસાન પહોંચ્યું અને મારે લગભગ બે હજાર રૂપિયાની નુકસાની વેઠવી પડી. છતાં મારે મ્હેસુલ તો ભરવું રહ્યું અને તે માટે મારે શાહુકાર પાસેથી ઉછીના પૈસા લેવા પડયા.

\+ + + + +

૪૫૬

જીવયા અલ્લાહુદ્દીન લુહારની જુબાનીઃ ઉમર વર્ષ ૬૦; ચુહારખાના.

મારો સવા ત્રણ 'કિલ્લા' જેટલો ચણાનો પાક લશ્કરે પોતાના ઘોડાને માટે વાપરી નાખ્યો હતો, પરંતુ તેની કિંમત મને નહોતી આપી. હું તેઓને તેમ કરતા રોકવા જતો તો તેઓ મને ડરાવતા અને અમે તેઓને લીલું ઘાસ લઇ જવા અટકાવતા તો અમને સાહેબ આગળ લઇ જઇ સજા કરાવવાની ધમકી આપતા. આથી કરી મારે મ્હોટી નુકસાની સહન કરવી પડી હતી.

\+ + + + + +

૪૫૮

ગણપતમલ જેસામલની જુબાનીઃ દુકાનદાર, ઉમર વર્ષ ૬૦; ચુહારખાના.

૧૫મી એપ્રિલે અમને ગામમાં ખબર પડી કે રેલ્વે લાઇનને નુકસાન પહોંચ્યું છે અને સ્ટેશન બળી ગયું છે. તેજ દિવસે રાત્રે ૧૧ વાગ્યાના સુમારે લશ્કર સ્ટેશને આવી પહોંચ્યું. તેઓ સાથે મશીન ગનો લાવ્યા હતા. મધરાતે તેઓએ મશીન ગન ચલાવી હતી. અમને તેનો અવાજ ગામમાં આવતો હતોઃ અને મ્હોટો ભડકો દેખાતો હતો. અમને લોકોને એમ થયું કે વખતે અમારૂં આખું ગામ સળગાવી દેવામાં આવશે; એટલે અમે ઘરબાર છોડી નાસી જવા લાગ્યા.

૧૬મી એપ્રિલે બપોરના બાર વાગે એક આર્મર્ડ ટ્રેન ચુહારખાના ગામ આગળ લાવવામાં આવી હતી. તેમાં આવેલા બ્રિટિશ સોલ્જરો અને બીજા સિપાઇઓ ગામમાં દાખલ થયા. લોકો ડરના માર્યા ઘરબ્હાર નીકળી પડયા. બ્રિટિશ સોલજરોએ તેઓ ઉપર મશીન ગન ચલાવી. લોકો અહીં તહીં ભાગવા લાગ્યા.

૧૭મી તારીખે પણ તેમ જ થયું હતું. તોપ ફોડવાનું બંધ કર્યા પછી સોલજરો લોકોની પુંઠે પડયા હતા, અને કેટલાક જણને પકડયા હતા. જેઓ ઘરમાં ભરાઇ બેઠા હતા તેઓનાં બારણાં બેયોનેટથી તોડી નાખવામાં આવ્યાં હતાં; અને સોલજરો તેઓના ઘરમાં પેસી ગયા હતા; તેઓનો સરસામાન બ્હાર ફેંકી દીધો હતો. ગામની સ્ત્રીઓ સાથે અશ્લિષ્ટ રીતે વર્ત્યા હતા, અને તેઓને મારની ધમકી આપી પોતાના માણસો લઇ આવવા કહ્યું હતું. લશ્કર ખેતરોમાંથી આવજાવ કરતું એટલે પાક પણ નાશ પામ્યો હતો.

૧૮મી કે ૧૯ મીએ લંગડા સાહેબ, મિ. બોઝવર્થ સ્મિથ અમારા ગામમાં કેટલાક ઓફિસરો સાથે આવ્યો અને લોકોને બીજે દિવસે ભેગા થવા હુકમ કર્યો. લોકો ડરીને ભેગા થયા. લંગડા સાહેબે પટવારી પાસે વસ્તીપત્રક મંગાવ્યું. તેમાંથી જેઓ દરબારમાં હાજર ન હતા તેઓનાં નામ લાલા શ્રીરામ વાંચી ગયો. એટલે તેઓની સ્ત્રીઓને ત્યાં બોલાવી મગાવવામાં આવી, અને તેઓનાં ઘરબાર બાળી નાંખવાની અને જમીન જપ્ત કરવાની ધમકી આપી, તેઓને તેઓના ધણીઓને હાજર કરવા હુકમ કરવામાં આવ્યો. આવો હુકમ કર્યા પછી સ્ત્રીઓને ઘેર જવાની રજા આપવામાં આવી; પરંતુ ગેરહાજર રહેલાના બાપ અને ભાઇ જેઓ દરબારમાં હાજર હતા તેઓને પકડવામાં આવ્યા. દરબારમાં બેઠેલા બધાને એવો હુકમ કરવામાં આવ્યો હતો કે તેઓએ ગામમાં જ રહેવું અને ખેતરે ઘઉંનો પાક ઉતારવા જવું નહિ. અને હુકમનો અમલ બરોબર થાય છે કે નહિ તે જોવા પટવારીને નીમવામાં આવ્યો. આથી કરી ઢોર ખેતરોમાં રખડવા લાગ્યાં, અને પાક ખરાબ થઇ ગયો. અને લશ્કરે પણ કેટલોક પાક બગાડયો. પરિણામે પાકનો ચોથો ભાગ જ અમારા હાથમાં આવ્યો.

૨૮મી એપ્રિલે લંગડા સાહેબે લોકોને પાછા ભેગા કર્યા હતા અને કેટલાકોને પકડયા હતા.

૧૪મી અને ૧૫મી મેએ પકડાયલાઓમાંથી દશ દશ બાર બાર જણને એક સાથે બે બે વર્ષના જેલની અને બસો રૂપિયાના દંડની સજા કરવામાં આવી હતી. કોઇની સાક્ષી લેવામાં નહોતી આવી. બધા આરોપિતોને માફી માગવાનું કહેવામાં આવતું અને લોકો તેના જવાબમાં કહેતાઃ “ સાહેબ, અમે નિર્દોષ છીએ, અમે કંઇ કર્યું હોય તો તે માટે અમને માફ કરો. ” કોઈ કંઇ કહેવા ઇચ્છતું તો તેને બોલતો રોકવામાં આવતો, અને ‘ તું તો માંખી જેવો છે, અને માંખી તો તદ્દન તુચ્છ વસ્તુ છે ’ એમ સંભળાવવામાં આવતું.

માર્શીયલ લૉ દરમ્યાન સોલજરો અમને બહુ પજવતા. અમારી પાસે ખાવાની કંઈ વસ્તુ તેઓ જોતા તો ઉપાડી જતા. મરઘી, ઇંડા, દુધ, બકરા, આ બધું તેઓ અમારી પાસેથી પરાણે લઇ જતા. પોલિસના માણુસો લોકો પાસેથી બીછાનાં લઈ જતા. આજ સુધી તે પાછાં આપવામાં આવ્યાં નથી. પોલિસ મારી પાસેથી ભેંસનું દુધ લઇ જતી, અને મારાં છોકરાં દુધ વિના રવડતાં. મારી પાસેથી એક બીછાનું લઇ જવામાં આવ્યું છે, પણ મને હજી પાછું મળ્યું નથી. મારે મંડીના હિસાબે ૨૫ રૂપિયા અને ગામના હિસાબે ૧૦ રૂપિયા લશ્કરના ભથ્થાના ખર્ચ માટે આપવા પડયા હતા.

મારા એકના એક છોકરાને રંગરૂટ તરીકે પકડી જવામાં આવ્યો હતો. તેને છોડાવવા મારે કેટલાક ખર્ચમાં ઉતરવું પડયું હતું. પ્રથમ તો તેને એક હજારની જામીનગીરી ઉપર છોડવામાં આવ્યો, અને પછી મેં એક રંગરૂટ પૂરો પાડયો એટલે જામીનગીરી પણ મને પાછી આપવામાં આવી. રંગરૂટ મેળવવા માટે અમલદારો લોકોને બહુ સતાવતા.

મંડીમાં મારી દુકાન છે; એટલે મંડીવતી રંગરૂટો મેળવવાના ખર્ચમાં મારે હિસ્સો આપવો પડયો હતો. ચુહારખાના ગામ અને મંડી ઉપર નાખવામાં આવેલા દંડમાં પણ

મારે ૧૨૦ રૂપિયા આપવા પડયા હતા. આ ઉપરાંત વૅાર લૉન અને વૅાર લીગમાં મારે રૂપિયા ભરવા પડયા હતા.

*　　*　　*　　*　　*

૪૬૦

મંગલસિંહ બાલસિંહની જુબાનીઃ ગામ મુરીડકી, ચુહારખાના પાસે.

જહાંગીરસિંહ અને સચ્ચાસિંહ મારા દીકરા છે. તેમાંથી પહેલાંને જન્મટીપ-દેશનિકાલની અને બીજાને એક વર્ષ કેદની સજા થઇ હતી. પણ તેમાં ઘટાડો કરવામાં આવ્યો છે. જહાંગીરસિંહને પાંચ વર્ષ અને સચ્ચાસિંહને ૭ મહીના જેલ ભોગવવાની છે. મને અને મારા ત્રીજા છોકરાને ૨૦મી એપ્રિલથી ૧૮મી મે સુધી કોટડીમાં પૂરી રાખવામાં આવ્યા હતા. અમારી જુબાની લખવામાં નહોતી આવી તેમ અમારી ઉપર આરોપ પણ મૂકવામાં નહોતો આવ્યો.

લડાઈ દરમ્યાન અમારે રંગરૂટ પૂરા પાડવા પડયા હતા. અને જહાંગીરસિંહને ચાર રંગરૂટ મેળવવા માટે ૮૦૦ રૂપિયા ખર્ચવા પડયા હતા. રંગરૂટ મેળવીને આપવા માટે મારા ભાઇને શૈખુપુરામાં કોટડીમાં બેસાડવામાં આવ્યો હતો.

અમારા ગામને ૧૫૦૦ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો હતો. તેમાં મારે અને મારા ભાઇને સાથે મળી ૨૩૦ રૂપિયા આપવા પડયા હતા.

*　　*　　*　　*　　*

૪૬૨

વિશાખસિંહ બુરસિંહની જુબાનીઃ મંડી, ચુહારખાના.

૧૧મી એપ્રિલે મંડીએ એક સભા રોલેટ એકટ સામે અણગમો બતાવવા મળી હતી. ૧૨મી તારીખે હડતાળ પડી હતી, અને બીજી એક સભા થઈ હતી. ૧૪મી તારીખે હું લાયલપુર કામસર ગયો હતો. ત્યાંથી ૧૬મી તારીખે હું સાંગલા પહોંચ્યો અને પછી પગે ચાલી ચુહારખાના જવા નીકળ્યો. ઘરહોહામવાલા ગામ પાસે હું આવી પહોંચ્યો ત્યારે ત્યાંના લોકોએ મને કહ્યું કે ચાલતી ગાડીમાંથી અંગ્રેજ સોલજરો નજરે પડતા લોકો ઉપર ગોળી ચલાવે છે. એટલે તેઓની સૂચનાથી ગાડી ચાલી ગઇ ત્યાં સુધી હું ઘઉંના ખેતરમાં સંતાઈ રહ્યો. ગામ પાસેથી ગાડી પસાર થઇ ત્યારે સોલજરોએ ગોળી છોડી હતી. આ પછી હું રસ્તે રસ્તે ચુહારખાના પહોંચ્યો. રસ્તે આવતા એક બે ગામમાં સો-લજરો ગોળી ચલાવતા હતા એટલે હું નહેર આગળ લપાઈ ગયો હતો. આ બધો દેખાવ જોઇ હું બહુ ગભરાયો હતો.

ચુહારખાના મંડીમાં શાંતિ હતી. સૂર્યાસ્ત પછી ઘરબ્હાર નીકળવાની મનાઇ કરવામાં આવી હતી. દુકાનોમાંથી પોલિસના માણસો અને સોલજરો પૈસા આપ્યા વિના પોતાને મનમાનતી વસ્તુઓ ઉપાડી જતા, અને કોઇ પૈસા માંગતું તો તેને ગાળો આપવામાં આવતી. આથી લોકોએ એકાદ બે દિવસ દુકાન બંધ રાખી; પરંતુ તેઓને ઉઘાડવા ફરજ પાડવામાં આવી. મારી દુકાનેથી પણ સોલજરો ચાના ચાર ડબા અને દોઢેક શેર

બદામ ઉપાડી ગયા હતા. આવી રીતે નુકસાન થતું હોવાથી મેં મારી દુકાન ૧૫-૧૬ દિવસ બંધ રાખી. મને લગભગ અઢીસો રૂપિયાનું નુકસાન વેઠવું પડયું હતું.

ચુહારખાના મંડીને ૨૦ રંગરૂટ મેળવી આપવાનો હુકમ થયો હતો. રંગરૂટ મેળવવા પૈસા ખર્ચવા પડે છે, એટલે બધા દુકાનદારોને ખર્ચમાં ફાળો આપવો પડયો હતો. મેં તેમાં ૨૫ રૂપિયા ભર્યા હતા. રંગરૂટ મેળવવા માટે ઘણા જણ ઉપર ૧૦૭ મી કલમ પ્રમાણે કામ ચલાવવામાં આવતું.

માર્શીયલ લૉના દિવસોમાં પોલિસને લાંચ આપવામાં આવતી તો પકડાયલા માણસને છોડી મૂકવામાં આવતો; અને તેને બદલે બીજાને પકડવામાં આવતો. કેટલીકવાર પોલિસ પકડાયલાને છોડી મૂકતી અને તેને બદલે તે નામવાળાને પકડતી. આ ઉપરાંત અમલદારોના ખર્ચ માટે લોકો પાસેથી પૈસા કઢાવવામાં આવ્યા હતા.

પોલિસ મારા ભાઇ હુરનમસિંહને પકડવા ઇચ્છતી હતી, પણ તે પોલિસના હાથમાં તરત ન આવ્યો એટલે તેણે મારા બીજા ભાઇ દેવસિંહને પકડયો. હુરનમસિંહ પકડાયા પછી દેવસિંહને છોડવામાં આવ્યો હતો.

૪૬૩

તારાસિંહ જવંદસિંહ જાટની જુબાની; ચુહારખાના.

ચુહારખાના સ્ટેશન સળગી ગયા પછી બીજે દિવસે અમારા ગામ ઉપર મશીન ગન ચલાવવામાં આવી હતી. એથી એક જણ મરી ગયો અને બે જણ ઘાયલ થયા. મશીનગન ગામ સામે બે દિવસ સુધી રાખી મૂકવામાં આવી હતી. દેશી અને યુરોપિયન સોલજરો ગામમાં ગમે તેમ ફરતા, અને જેના તેના ઘરમાં પેસી જતા. પોલિસ ગામમાં ફરતી અને મન ગમતી જણસ લઇ જતી.

લડાઇ દરમ્યાન તાસીલદાર અમારે ગામ ઘણીવાર રંગરૂટ મેળવવા આવતો. સૂર્યોદય પહેલાં તે ગામને ઘેરો ઘાલતો અને જે કોઇ ઘર બ્હાર નીકળતું તેને તે પકડી જતો. દર વખત તે બે ત્રણ દહાડા ગામમાં રહેતો, અને તે દરમ્યાન લોકોને કંઈ કામ કરવા ન આપતો. આથી લોકો બહુ ડરી ગયા હતા અને જમીને તરત તેઓ બ્હાર નીકળી જતા અને ગામ બ્હાર જ્યાં ત્યાં છુપાઈ રહેતા. એક દિવસ લમ્બરદાર મારા બે ગણોતિયાને પકડી ગયો પરંતુ તેઓ નાસી છુટયા, અને બંનેએ નહેરમાં ઝંપલાવ્યું. એક જણ સામે પાર નીકળ્યો, પણ બીજો ડુબતો બચ્યો. લમ્બરદારના હાથમાં આ બંને પાછા સપડાયા. લોકો પાસે ફરજીયાત વોર લોનમાં પૈસા ભરાવવામાં આવતા. એક જણની તાકાત એકજ રૂપિયો ભરવાની હતી, પરંતુ તેની પાસેથી પાંચ રૂપિયા લેવામાં આવ્યા હતા.

મારી ઉમ્મર હાલ ૮૦ વર્ષની છે. જે ત્રાસ આ દિવસોમાં મારા અનુભવવામાં આવ્યો તેવો મેં મારા આખા જીવનમાં બ્રિટિશ રાજ્યમાં કદી અનુભવ્યો ન હતો.

૪૬૪

શામન રૈશન, વણકરની જુબાનીઃ ઉમર વર્ષ ૬૦; ચુહારખાના.

ત્રણ "કિલા" જેટલો મારો પાક નહેર પાસેના બંગલા આગળ હતો. ત્યાંના સિપાઇઓ આ પાક પોતાના ઘોડા માટે ઉપાડી ગયા હતા, અને મારાં ગાડાં પણ લઇ ગયા હતા. તેઓ મને ઘણીવાર હેરાન કરતા અને વારંવાર માર મારતા.

\+ \+ \+ \+ \+

૪૬૬

ભાઇ અસાસિંહ, ગ્રંથીની જુબાનીઃ ઉમર વર્ષ ૬૫; ચુહારખાના.

વૈશાખ સુદ ૪ ને દિવસે હું ઇસ્પીતાલે જતો હતો તે વખતે રેલ્વે લાઇન તરફથી ગોળીનો મારો શરૂ થયો, અને હું ઘવાયો. મને ડાબા હાથની કોણીમાં, જમણા હાથમાં, અને જમણા પગમાં ગોળીઓ વાગી. ડાબા હાથનું તો હાડકું ભાગી ગયું. આ ઉપરાંત મારી ચાદરમાં ૧૬ કાણાં પડયાં. ગોળી વાગવાથી મારાથી ચલાતું નહિ અને મારો ડાબો હાથ નિરૂપયોગી થઈ પડયો. હું ઘવાયો ત્યારે બેભાન હાલતમાં ત્યાં પડયો હતો; અને તેજ દશામાં મને બે જણા ધર્મશાળામાં લઈ ગયા હતા. આ પછી હું ભાદરવા માસમાં લાહોર ગયો અને ત્યાં દોઢ મહીના સુધી ઇસ્પીતાલમાં રહ્યો. હજી સુધી મારી કોણીનો ઘા રૂઝાયો નથી.

૪૬૭.

લાધામલ દેવી દિત્તાની જુબાની; ઉમર વર્ષ ૫૫; ચુહારખાના.

હું આંખે આંધળો છું. માર્શીયલ લૉના અમલ દરમ્યાન એપ્રિલ માસમાં એક દિવસ બે પોલિસના માણસો મારી પાસે આવ્યા અને મારા બંને દીકરાની માંગણી કરી. તેઓ તે વખતે ઘેર ન હતા; એટલે પોલિસ મને મંડીની ચોકીએ લઈ ગઇ, અને ત્યાં બે દિવસ સુધી રોકી રાખ્યો. અહીં પોલિસે મારી સતવણી કરી હતી. મારા બંને છોકરાઓ તેના હાથમાં આવ્યા એટલે મને છોડી મૂકવામાં આવ્યો; છોકરાઓને સજા કરવામાં આવી છે.

મારો બે "કિલ્લા" જેટલો ચણાનો પાક ઘોડા માટે પોલિસ લઈ ગઇ હતી. મારી પાસેથી બે ચરપાઈ પણ લઇ જવામાં આવી હતી. હજીસુધી મને તે પાછી આપવામાં આવી નથી.

ગામને કરવામાં આવેલા દંડમાં મારે ૨૦ રૂપિયા ભરવા પડયા હતા.

૪૬૮.

દુલાસિંહ બાલસિંહની જુબાનીઃ ગામ બહાલિક.

૧૫ મી એપ્રિલે બહાલિક સ્ટેશને હું મારી સાળીના છોકરાને લેવા ગયો હતો પરંતુ તારનો વ્યવહાર બરોબર ચાલતો ન હોવાથી ટ્રેન કયારે આવશે એની ખબર સ્ટેશને આવી ન હતી. એટલે પગે ચાલી હું જામેક ગયો, અને સૂર્યાસ્ત વખતે ચુહારખાના પહોંચ્યો. મંડીની દુકાનો બંધ હતી અને લોકો શાંત હતા; પણ રેલ્વે સ્ટેશન સળગી ગયું હતું. જામેકથી બીજે દિવસ હું મારે ગામ જવા નીકળ્યો. રસ્તે એક બ્રિટિશ સોલજરે અને પોલિસ ઇન્સ્પેકટરે મને રોકયો અને પાસે પડેલું શબ હિંદુનું છે કે મુસલમાનનું એની ખાતરી કરવા કહ્યું. શબ મુસલમાનનું હતું. અહીં શેખુપુરાનો મદદનીશ કમિશનર આવી પહોંચ્યો. તેણે મને પકડવાનો હુકમ કર્યો. મારા હાથ પગ બાંધવામાં આવ્યા, અને તે પણ મારીજ ચાદરથી; અને પછી મશીનગનની ગાડીમાં બેસાડવામાં આવ્યો. બપોર થતાં કેટલાક બ્રિટિશ અને હિંદી સોલજરો ચુહારખાના ગામમાં દાખલ થયા. ગામડીયાઓ ડરના માર્યા નાસી જતા હતા; પણ સોલજરોએ તેઓ ઉપર મશીનગન ચલાવી હતી. ત્રણ જણને ઘાયલ થઈ પડતા મેં જોયા હતા. મારી સાથે ગાડીમાં મૌલાબક્ષ અને કરતાર સિંહ પણ હતા. આ ઉપરાંત બીજા જેઓ પકડાતા તેઓને પણ મારી સાથે બેસાડવામાં આવતા. મદદનિશ કમિશનરના હુકમથી અમને બધાને લાહોર લઇ જવામાં આવ્યા, અને

ત્યાં સ્ટેશન ઉપર કોટડીમાં પૂરવામાં આવ્યા. અમને ખાવાપીવા કંઈ આપવામાં નહોતું આવ્યું, અને અમે પાણી માગતા, ત્યારે અમને યાદ આપવામાં આવતું કે અમને બીજે દિવસે તો મશીનગનથી ઠાર કરવામાં આવનાર છે. બીજે દિવસે સાંજના અમને ડેપ્યુટી કમિશનર આગળ લઈ જવામાં આવ્યા, અને મને ગુન્હો કબૂલ કરી દઈ પોલિસના સાક્ષી બનવા કહેવામાં આવ્યું; પરંતુ હું તો કંઇ જાણતો ન હતો એટલે મેં ના પાડી. અમને પછી ૧૪–૧૫ દિવસ સુધી લાહોરની જેલમાં રાખવામાં આવ્યા. અને ત્યારબાદ ચુલિયાં-વાલા લઈ જવામાં આવ્યા. ત્યાં બીજાઓને પણ પકડી લાવવામાં આવ્યા હતા. બંગલે ડેપ્યુટી કમિશનર અને મદદનીશ કમિશનર પણ હાજર હતા. અહીં અમારા બધામાંથી ગુન્હેગારોને શોધી કાઢવાનું કામ પોર્ટર, સોલજર અને લમ્બરદારને સોંપવામાં આવ્યું હતું. આ રીતે અમારામાંથી ૧૮ જણને વીણી કાઢવામાં આવ્યા હતા, પરંતુ ડેપ્યુટી કમિશનરે તેઓને જવા દીધા હતા. આ પછી દોઢેક અડવાડીયું રહી નવ દશ દહાડા માટે અમને લાહોર લઇ જવામાં આવ્યા. મારા ઉપર મુકદ્દમો ચુહારખાનામાં ચલાવવામાં આવ્યો, અને મને છ માસની જેલની અને ત્રણસો રૂપિયા દંડની સજા થઈ. ચાર માસ પછી મને જેલમાંથી છોડી મૂકવામાં આવ્યો.

અમારા ગામે ૧૭ રંગરૂટ મેળવ્યા હતા; પરંતુ તે માટે અમારે ત્રણ હજાર રૂપિયા વાપરવા પડયા હતા. રંગરૂટ મેળવવા માટે તાસીલદાર અમને બહુ કનડતો. અમને આખો દિવસ કંઈ ખાવા પીવાનું આપ્યા વિના બેસાડી રાખતો, અને અમને લશ્કરમાં જવા અથવા બીજાને મોકલવાનું કહ્યા કરતો. ચપરાસી પાસે અમને જોડાનો માર ખવરાવતો, અને ગામના અમીર માણસોને આવી રીતે હલકા પાડતો.

અમારા ગામમાંથી ઓડવાયર સ્મારક ફંડમાં અમૂક રકમ ફરજીયાત લેવાનું કર્યું હતું. મારે તેમાં પાંચ રૂપિયા આપવા પડયા હતા.

× × × × ×

૪૭૪

મોહનલાલ મુલામલ, દુકાનદારની જુબાનીઃ ઉમર વર્ષ ૩૨; ચુહારખાના.

માર્શીયલ લૉના દિવસમાં બ્રિટિશ સોલજરો અમારા ગામમાં આવ્યા હતા. તેઓ-માંથી કેટલાક જણ મારી દુકાનમાં પેઠા હતા અને ચાહ, બદામ, સીગરેટ અને દિવાસળી બધું મળી ૨૫ રૂપિયાની જણસ ઉપાડી ગયા હતા. ડરના માર્યા અમે મુંગા રહ્યા હતા.

મિ. બોઝવર્થ સ્મિથ અમારે ગામ આવ્યો હતો ત્યારે અમારી દુકાનેથી ૪૫ રૂપિ-યાની કિંમતનો માલ લઇ જવામાં આવ્યો હતો; પરંતુ આજ સૂધી અમને એના પૈસા મળ્યા નથી.

લડાઈ ચાલતી હતી ત્યારે રંગરૂટ મેળવવા માટે મારી પાસેથી ૨૫ રૂપિયા લેવામાં આવ્યા હતા. મને વોર લોનમાં અને વોર લીગમાં નાણા રોકવાની ફરજ પડી હતી. આ ઉપરાંત ઓડવાયર સ્મારક ફંડમાં તાસીલદારે મારી પાસે ૨૫ રૂપિયા ભરાવ્યા હતા.

× × × × ×

૪૮૦

લાલા ફકિરચંદ જંગલીમલની પેઢીના આડતીયાની જુબાનીઃ મંડી, ચુહારખાના.

હું લાલા ફકિરચંદ જંગલીમલની પેઢીનો આડતીઓ છું. નીચે જણાવેલી રકમ

મારી પાસેથી લેવામાં આવી હતી. મેં તે રકમ સરકારને ખાતે માંડી છેઃ—એપ્રિલ માસમાં મેં માર્શીયલ લૉ દરમ્યાન લશ્કરના ખર્ચ માટે રૂપિયા પચ્ચાસ આપ્યા તથા "તાવાન"ના ૧૧૪ રૂપિયા ભર્યા તથા ઓડવાયર સ્મારકમાં ૨૦ રૂપિયા આપ્યા, અને ૧૯૧૭ ની સાલમાં રંગરૂટ મેળવવા ૨૫ રૂપિયા આપ્યા.

આ બધી રકમ અમારી પાસેથી ફરજીયાત લેવામાં આવી હતી. અમે અમારી ઇચ્છાથી આ રકમ આપી નહતી.

૪૮૧

આસગરઅલી અલ્લાહદીનની જુબાની; ગામ અબ્બલાપુર, ચક નં. ૨૮૨.

હું એક ગરીબ જમીનદાર છું. પટવારી થઇ મારૂં ગુજરાન ચલાવવાની મને હોંસ હતી; એટલે પટવારી સ્કુલમાં દાખલ થવા હું ગુજરાંનવાલા ૧૪ મી એપ્રિલે પહોંચ્યો. પરંતુ ત્યાં તે દિવસે તોફાન થયું હતું એટલે સ્કુલ બંધ રહી હતી. સ્કુલ ૧૫ મી તારીખે પણ ન ઉઘડી એટલે હું મારે ગામ પાછો જવા નીકળ્યો. એમનાબાદથી મને વાહન ન મળ્યું એટલે પગે રવાના થયો. મારી સાથે મારો કાકો હતો તે આંખે આંધળો છે. રસ્તે વીસામો લેતા લેતા ૧૭ મી તારીખે અમે ચુહારખાના આગળ આવી પહોંચ્યા. ત્યાં દશ બ્રિટિશ સોલજરો અને બે દેશી અમલદારોએ અમારા ઉપર ગોળી ચલાવી. મારો કાકો સંતાઈ જવાથી બચી ગયો; પણ મને પગમાં ગોળી વાગી અને હું બેભાન થઈ જમીન પર પડયો. સોલજરો મને મરેલો જાણી ત્યાં મૂકી દઈ ચાલી ગયા. આ પછી એક જાટ મને પાસેના ગામમાં લઇ ગયો. હજી સુધી હું સાજો થયો નથી; મારામાં કામ કરવાની તાકાત પણ નથી રહી. મારા ગરીબ માબાપે મને મહા મુશ્કેલીએ ભણાવ્યો; પણ અત્યારે મારી બધી આશા ભાગી પડી છે.

૪૮૨

ઉજાગરસિંહ માયાસિંહ, સુથારની જુબાનીઃ ઉમર વર્ષ ૨૩–૨૪; ચુહારખાના.

હું વૈશાખ મહિનામાં એક દિવસ આંખની દવા લેવા બંડહોડ ગયો હતો. ત્યાં લંગડા સાહેબે મને દશ ફટકા મારવા હુકમ કર્યો. મને ઝાડ સાથે બાથ ભીડાવી, મારા હાથ પગ દોરડાથી બંધાવ્યા, અને પછી મને પાંચ ફટકા મારવામાં આવ્યા, પણ ફટકા હળવે હાથે મારવામાં આવ્યા હતા, એટલે તે ન ગણવા સાહેબે હુકમ કર્યો. આ રીતે મને એક ઝીણી સોટીથી ૨૪ ફટકા મારવામાં આવ્યા હતા. ફટકાથી ચામડી ઉતરી ગઈ હતી, અને ચીરા પડયા હતા; આ પછી મને પકડવામાં આવ્યો અને મને પૂછવામાં આવ્યું એટલે મેં મારા સગાનું નામ આપ્યું એટલે તેને પણ પકડવામાં આવ્યો. તેણે મને પોતાના ઘરમાં આશરો આપ્યો હતો એટલા વાસ્તે તેને ત્રણ મહિનાની જેલની સજા કરવામાં આવી. મને એક અઠવાડીયા સુધી કોટડીમાં પૂરી રાખવામાં આવ્યો, અને પછી મને હાથકડી પહેરાવી, સાહેબ પાસે ઉભો કરવા બંગલે લઇ જવામાં આવ્યો; પણ સાહેબ ત્યાં ન હતો એટલે મને ચુહારખાના મંડીએ લઈ જવામાં આવ્યો. ત્રણ દહાડા પછી ગુન્હેગારોને પારખી કાઢવાનું શરૂ થયું. કોઇએ મારા તરફ આંગળી બતાવી નહિ એટલે મને છોડી દેવામાં આવ્યો.

શેખુપુરા.

૪૮૩-૪૮૪

ગોસાંઇ માયારામ બી. એ., એલ. એલ. બી., પ્લીડરની જુબાની; શેખુપુરા.

શેખુપુરામાં ૬ ઠ્ઠી એપ્રિલે તમામ દુકાનો બંધ રહી હતી. લોકોએ હડતાળ પોતાની ઇચ્છાથી પાળી હતી. અમારા વિભાગના વડા અમલદારને આની ખબર પડી એટલે તેણે દુકાનો ઉઘડાવવાનો પ્રયત્ન કર્યો. પોલિસ સબ ઇન્સ્પેક્ટર અલી મહંમદ ખાટકી પાસે માંસ લેવા ગયો; પરંતુ ખાટકીએ દુકાન ઉઘાડી માંસ વેચ્યું નહિ. આ વખતે હું ત્યાં હાજર હતો અને ખાટકીને સમજાવવા લાગ્યો; પરંતુ ખાટકીએ દાદ ન આપી. સબ-ઇન્સ્પેક્ટરે લાલા શ્રીરામને આની ખબર કરી. તેણે મને બોલાવી મંગાવ્યો અને હું સભામાં જવાનો છું કે નહિ એ વિષે પૂછ્યું. અને હું જવાનો છું એમ એણે જાણ્યું ત્યારે તે મને ડરાવવા લાગ્યો; છતાં હું તો મારા વિચારમાં મક્કમજ રહ્યો, એટલે તે મને વિનવવા લાગ્યો કે મારે સભામાં ન જવું. આથી હું નરમ પડયો અને તેના કહેવા પ્રમાણે કરવા કબૂલ થયો; પરંતુ પછી તેણે બીજા વકીલોને બોલાવી મંગાવ્યા, અને મારૂં નામ દઈ તેઓને કહ્યું કે હું સભામાં નથી જવાનો એટલે તેઓએ પણ ન જવું. આ વાત જાણી મને માઠું લાગ્યું અને એમ થયું કે શ્રીરામે બીજાઓને સમજાવી લેવા મારા નામનો ગેરઉપયોગ કર્યો છે. એટલે મેં તરત તેને લખી મોકલાવ્યું કે હું સભામાં જવાનો છું, અને તેને આ રીતે મારા નામનો ઉપયોગ કરવાનો કશો હક ન હતો. તેની સાથે મેં એને ખાતરી આપી હતી કે સભામાં કંઇ પણ અઘટતું નહિ થાય. આને લઇ મારે તેની નાખુશી વહોરવી પડી હતી.

તેજ દિવસે એક જંગી સભા ભરાઇ હતી. હડતાળ અને સભા રોલેટ એક્ટની સામે વિરોધ દર્શાવવા થયાં હતાં. સભામાં એક જ ઠરાવ કરવામાં આવ્યો હતો. નામદાર શહેનશાહને રોલેટ એક્ટ નામંજુર કરવાની અરજ ગુજારવામાં આવી હતી. સભા વિના વિઘ્ને પૂરી થઈ હતી.

આ પછી ૧૪ મી એપ્રિલ સુધી શેખુપુરામાં કંઇ નવા જુની થઇ ન હતી. ૧૪ મી તારીખે બીજી હડતાળ પડી હતી. લાહોરમાં બનેલા બનાવોને લઇ આ હડતાળ પડી હતી.

૧૪ મી તારીખની રાત્રે કોઇએ તાર કાપી નાખ્યા હતા. ૧૧ મી અને ૧૨ મી તારીખે હું ગુજરાંવાલા કામસર ગયો હતો; અને ૧૩ મી અને ૧૪ મી તારીખે હું સીયાલકોટ હતો. ૧૫ મી તારીખે હું શેખુપુરા પાછો આવ્યો. ૧૪ મી તારીખ પછી અમારા શહેરમાં કંઇ ગરબડ થઇ નહતી. અને ચાર દહાડા સુધી મેં તથા બીજા વકીલોએ સ્થાનિક અમલદારોને જોઇતી મદદ કરી હતી; પરંતુ ૧૯ મી એપ્રિલે સવારના ડેપ્યુટી કમિશનર કરનલ ઓબ્રાયન, પોલિસ સુપરિન્ટેડંટ મિ. હેરન, શ્રીરામ અને બીજા અમલદારો અને હથિયારથી સજ્જ થયેલા યુરોપિયન સોલજરો શેખુપુરામાં આવી

ચઢયા, અને વકીલોને અને બીજાઓને પકડવામાં આવ્યા. અમને બધા પકડાયલાઓને બજારમાં અને શેરીઓમાં ફેરવવામાં આવ્યા, અને બજારમાં એક ગંદી જગ્યાએ બેસવાની ફરજ પાડવામાં આવી. અમને સવારના જ પકડવામાં આવ્યા હતા, એટલે અમે પૂરાં કપડાં પણ નહોતાં પહેર્યાં. અમારામાંથી કેટલાક તો રાત્રે સુતી વેળા પહેરેલાં કપડાંમાં જ હતા; અને મૌલવી અલિમદીન પ્લીડરે તો માત્ર ધોતીયું અને ખમીસ જ પહેર્યાં હતાં. અમે અમારાં કપડાં મંગાવી આપવા કહ્યું, પરંતુ તેની અમને ચોખ્ખી ના પાડવામાં આવી, અને અમારા ઉપર ડોળા ઘુરકાવવામાં આવ્યા. અમને પછી સ્ટેશને લઇ જવામાં આવ્યા; અને ત્યાંથી અમારામાંથી નવ જણને લાહોર લઈ જવામાં આવ્યા, બીજાઓને શેખુરપુરામાં જ કેદ રાખવામાં આવ્યા.

સરદાર બુટાસિંહ, મૌલવી અલિમદીન, જમીયતસિંહ અને મને ડબામાં બેસવા બેઠક હતી છતાં જમીન ઉપર બેસાડવામાં આવ્યા. સરદાર બુટાસિંહે તે દિવસે સવારના જુલાબ લીધો હતો; તેને પીશાબ કરવો હતો; પરંતુ રખેવાળે રજા ન આપી; અને અમે આજીજી કરવા લાગ્યા એટલે સોલજરોએ અમને સંભળાવ્યું: 'શું તે પી નહિ જઇ શકે?' લાહોર પહોંચ્યા ત્યારે તેને પીશાબ કરવા રજા આપવામાં આવી હતી.

લાહોર સ્ટેશને પણ અમને ગંદી વાસ મારતી કોટડીમાં પૂરવામાં આવ્યા હતા. અમારી પાઘડી, ટોપી અને ચશ્મા સુદ્ધાં ઉતારી લેવામાં આવ્યાં, અને પાઘડી ઉતારી લેવાથી અમારામાંથી શિખોને બહુ જ દુઃખ થયું હતું. અમને હાથકડી પણ પહેરાવવામાં આવી હતી.

લાહોર સ્ટેશને અમને કંઈ ખાવાનું આપવામાં નહોતું આવ્યું. બપોરે અમને જેલમાં લઈ જવામાં આવ્યા. અહીં અમે જે દુઃખ વેઠયું તે વર્ણવ્યું જાય એમ નથી. જે ખોરાક અમને આપવામાં આવતો તે તો ઢોરને જ લાયક હતો; માણસથી ખવાય તેવો નહતો. અમને સવારના અર્ધો કલાક અને સાંજના અર્ધો કલાક કોટડીમાંથી બ્હાર કાઢવામાં આવતા; અને એ પણ અમારા રખેવાળની મુનસફી ઉપર હતું. કેટલીકવાર તો તે અમને બ્હાર પણ નહોતો કાઢતો.

આવી રીતે અમારા ઉપર મુકદ્દમો ચલાવ્યા વિના અમને ૪૦ દિવસ સુધી કોટડીમાં પૂરી રાખવામાં આવ્યા હતા. અમારો ગુન્હો અમને કદી કહેવામાં નહોતો આવ્યો. સરદાર ગબ્બરસિંહને પણ એક દિવસ પૂરી રાખવામાં આવ્યો હતો. તેના બે છોકરાને પકડવાના હતા, પરંતુ અમે પકડાયા ત્યારે તેઓ હાથમાં નહોતા આવ્યા, એટલે તેઓને બદલે તેના બાપને પકડવામાં આવ્યો હતો.

શેખુપુરામાં બે જ તાર કાપવામાં આવ્યા હતા; અને બીજે જ દિવસે દુરસ્ત કરી લેવામાં આવ્યા હતા. આ ઉપરાંત એક કાચ ફુટયો હતો. આથી સરકારને પાંચ રૂપિયા કરતાં વધારે નુકશાન થયું નહતું. છતાં પ્રથમ તો નવહજાર રૂપિયાનો દંડ અમારા શહેર પાસેથી લેવાનો વિચાર થયો હતો; પણ પછી સો રૂપિયા લેવામાં આવ્યા હતા. અને આમાંથી સાઠ રૂપિયા તો કમભાગી ચાર વકીલો જેઓને કંઈ પણ વાંક વિના ૪૦ દિવસ જેલમાં રાખવામાં આવ્યા હતા તેઓ પાસેથી વસુલ કરવામાં આવ્યા હતા.

૪૮૫.

લાલા ઉશ્નકરાય, બી.એ., એલ. એલ. બી., વકીલની જુબાની: ઉમર વર્ષ ૩૬; શેખુપુરા.

હું નવ વર્ષ થયાં વકીલાત કરૂં છું, અને વંશપરંપરાથી બે ગામનો લમ્બરદાર છું. લડાઇ દરમ્યાન મેં સરકારને ચાલુ મદદ કરી છે; અને ગયા એપ્રિલ માસ પહેલાં મેં કોઈવાર રાજકારભારને લગતી પ્રવૃત્તિમાં ભાગ લીધો નહતો.

૬ ઠી એપ્રિલે રોલેટ એક્ટ સામે નાપસંદગી બતાવવા હડતાળ અને સભા થયાં હતાં. લોકોએ પોતાની મરજીથી હડતાળ પાડી હતી. સભા પણ થોડોક વખત જ ચાલી હતી. તે દિવસે કંઈ ગડબડ થઈ ન હતી.

૧૪ મી એપ્રિલે શેખુપુરામાં બીજી હડતાળ પડી હતી; અને તે તારીખે રાત્રે કોઇએ તાર કાપી નાખ્યા હતા. શહેરમાં વ્યવસ્થા જાળવવાના કામમાં શ્રીરામે મારી મદદ માગી હતી અને મેં આપી હતી. ૧૮ મી તારીખ સુધી શહેરમાં કંઇ નવા જુની થઈ ન હતી.

પરંતુ ૧૯ મી તારીખે સવારે કરનલ ઓબ્રાયન અને બીજા અમલદારો કેટલાક હથિયારબંધ સોલજરો લઈ શેખુપુરા આવ્યા, અને વકીલોને પકડયા, મને મારા ઘેરથી પકડવામાં આવ્યો; અને કપડાં પહેરવાની કે મારૂં ઘર બંધ કરવાની રજા નહોતી આપવામાં આવી. તેઓ ગોસાંઈ માયારામની રાહ જોતા હતા તે દરમ્યાન મને ગંદી જગ્યા ઉપર બેસવા ફરજ પાડવામાં આવી હતી. હું થાકેલો ન હતો એટલે મને બેસવાની ઇચ્છા નહતી; પરંતુ મને હલકો પાડવા મને પરાણે બેસાડવામાં આવ્યો હતો. પકડા પકડી પૂરી થઈ એટલે અમને નવ જણને લાહોર લઈ જવામાં આવ્યા, અને ત્યાં સ્ટેશન ઉપર કોટડીમાં પૂરવામાં આવ્યા. આ કોટડી માણસને રહેવા માટે તદ્દન નાલાયક હતી; આનો ઉપયોગ અગાઉ પીશાબખાના તરીકે થયો હતો અને તેમાંથી અતિશય ગંધ નીકળી હતી. કોટડીમાં પૂરવા પહેલાં અમને પાઘડી અને જોડા ઉતારી નાંખવા કહેવામાં આવ્યું. ગોહરસિંહે, સિખ હોવાથી પાઘડી ઉતારવા સામે વાંધો લીધો, અને ઉમરને લઇ ચશ્મા વિના તે દેખી શકતો ન હોવાથી ચશ્મા રાખવા તેની મરજી હતી; પરંતુ તેની માગણી ઉપર ધ્યાન જ આપવામાં ન આવ્યું. સ્ટેશનેથી અમને જેલમાં લઈ જવામાં આવ્યા, ત્યાં અમને હાથકડી પહેરાવવામાં આવી; પરંતુ મેં જેલમાં જોયું કે સજા પામેલા કેદીઓને પણ હાથકડી પહેરાવવામાં નહોતી આવી. ચાલીસ દિવસ સુધી અમારા ઉપર મુકદ્દમો ચલાવ્યા વિના અમને કોટડીમાં પૂરી રાખવામાં આવ્યા અને ત્યાર પછી અમને હાથકડી પહેરાવી શેખુપુરા લઈ જવામાં આવ્યા, અને મેજીસ્ટ્રેટ સમક્ષ છોડવામાં આવ્યા. આમ કરવાની કશી જરૂર નહતી.

૩૦ મી મેએ મારી ગેરહાજરીમાં મારા કારકુન પાસેથી શહેરને કરવામાં આવેલા દંડમાંના ૨૬ રૂપિયા વસુલ કરવામાં આવ્યા હતા. મારી વિગત સાંભળ્યા વિના મારી વંશપરંપરાની લમ્બરદારી પણ લઈ લેવામાં આવી છે.

૪૮૬

સરદાર બુટાસિંહ, બી. એ., એલ. એલ. બી., પ્લીડરની જુબાની; શેખુપુરા.

મારી ઉમર ત્રીસ વર્ષની છે. મેં વોર લોનમાં નાણાં રોકયાં છે. અમારા જીલ્લાની વોર લીગનો હું સભ્ય હતો. લડાઇ દરમ્યાન રંગરૂટ મેળવવાના કામમાં મેં સરકારને મદદ કરી હતી.

શેખુપુરામાં ૬ ઠ્ઠી અને ૧૪ મી એપ્રિલે હડતાળ પડી હતી. હું આથી અલગ જ રહ્યો હતો. ૧૪ મી તારીખે રાત્રે કોઇક તોફાનીએ તાર કાપ્યા હતા. આ સિવાય શહેરમાં બીજું કંઇ તોફાન થયું નહતું. કયાંય લોકોનાં ટોળાં જોવામાં નહોતાં આવ્યાં; કયાંય દમામ કરવામાં નહોતો આવ્યો; અને લોકોએ કંઇ અસાધારણ કામ કર્યું ન હતું.

૧૯ મી એપ્રિલે સવારના દવા ખાઇ હું પથારીમાં પડયો હતો. મને તથા બીજા વકીલોને તેજ દિવસે પકડવામાં આવ્યા. અમને બધાને ૨૫ સોલજરોને સોંપવામાં આવ્યા; તેઓ પાસે ગોળાથી ભરેલી બેયોનેટ સાથેની બંદુકો હતી. આ પછી અમને શહેરમાં ફેરવવામાં આવ્યા, અને અમારા ગામના માણસો દેખતાં અમને ગંદી જગ્યાએ બેસવા ફરજ પાડવામાં આવી. એકાદ કલાક સુધી અમને હલકા પાડવાનું કામ ચાલુ રહ્યું; અને પછી અમને આર્મર્ડ ટ્રેનમાં બેસાડી લાહોર લઈ જવામાં આવ્યા. રસ્તે મને ગાળો આપવામાં આવી હતી, અને મારી નાદુરસ્ત તબીયતને લઇ બીજાઓની જોડે હું ચાલી શકતો નહતો એટલે મને લાકડીએથી માર મારવામાં પણ આવ્યો હતો. લાહોર જતાં મને પીશાબ કરવાની રજા આપવામાં નહોતી આવી, અને તે દિવસે ઠેઠ સાંજના અમને ખાવાનું આપવામાં આવ્યું હતું.

લાહોર સ્ટેશનેથી અમને જેલમાં લઇ જવામાં આવ્યા. અને ત્યાં અમને હાથકડી પહેરાવવામાં આવી. અમને ખાલી કોટડીમાં પૂરવામાં આવ્યા. ૪૦ દિવસ સુધી અમને આ રીતે રાખવામાં આવ્યા; અને તે દરમ્યાન અમે અતિશય અગવડ અને દુઃખ સહન કર્યાં. ૨૯ મી મેએ અમને શેખુપુરા લઇ જવામાં આવ્યા અને ત્યાં છોડી મૂકવામાં આવ્યા.

*   *   *   *   *

૪૮૮

સરદાર ગોહરસિંહની જુબાની: ઉમર વર્ષ ૬૨; ફારેગ થયેલ પોલિસ ઇન્સ્પેકટર; શેખુપુરા.

હું ફારેગ થયેલ પોલિસ ઈન્સ્પેકટર છું. મેં ૩૮૩/૪ વર્ષ સરકારની નોકરી કરી છે. આ દરમ્યાન મેં પંજાબના ઘણા જીલ્લામાં જૂદા જૂદા હોદ્દા ભોગવ્યા છે.

હું ૨૩ મી માર્ચે હરદ્વાર ગયો હતો, અને ત્યાંથી ૧૧ મી એપ્રિલે પાછો આવ્યો. આ અરસામાં શું બન્યું એ હું જાણતો નથી.

૧૯ મી એપ્રિલે કરનલ ઓબ્રાયન કેટલાક સિપાઇઓ સાથે મારે ઘેર આવ્યો અને મારા ત્રણ છોકરાનો પત્તો પૂછ્યો. તેઓ ઘેર નહતા; એટલે મને તરત પકડવામાં આવ્યો અને બીજાઓની સાથે લાહોર જેલમાં મોકલવામાં આવ્યો. રસ્તે અમારા ઉપર ઘણી

હાડમારી વીતી હતી; અમારે ઘણું અપમાન સહન કરવાં પડ્યાં હતાં. પહેલે જ દિવસે મને લાહોરમાં છોડી મૂકવામાં આવ્યો.

બીજે દિવસે હું શેખુપુરા પહોંચ્યો, અને ઘેર ગયો; પણ તેને તાળું વાસવામાં આવ્યું હતું. મારા કુટુંબીઓને અને ઢોરોને ઘરમાંથી હાંકી મૂકવામાં આવ્યાં હતાં.

શેખુપુરા હું પાછો આવ્યો તે પહેલાં મારી સામે એક હુકમ કાઢવામાં આવ્યો હતો કે મારે પાક ઉતારવો નહિ; અને આ હુકમ ન માનવા માટે જેલની અથવા ગોળીથી વીંધી નાખવાની સજા ઠરાવવામાં આવી હતી. આ ઉપરાંત, મારા છોકરાઓની મિલકત જપ્ત કરવામાં આવી હતી, અને તેઓ ન પકડાય ત્યાં સુધી મારી મિલકત પણ જપ્ત રાખવાનો હુકમ નીકળ્યો હતો.

મારા છોકરાઓ તો પોતાની મેળે પોલિસને તાબે થયા હતા, છતાં મારૂં ઘર, મારા તબેલા અને મારી બીજી જગ્યાઓ આઠ દિવસ સુધી બંધ રાખવામાં આવ્યાં હતાં, અને મારા ઘર ઉપર અને ખેતરની આસપાસ સખ્ત પહેરો બેસાડવામાં આવ્યો હતો એટલે અમે તેટલો વખત ઘરબાર વિનાના થઈ પડ્યા હતા. અમને અમારા પાકની સંભાળ લેવા રજા નહોતી મળી એટલે અમારા પાકને ઘણું નુકસાન પહોંચ્યું હતું, અને અમારા ગણોતીયાઓને પણ આથી નુકસાની વેઠવી પડી હતી. તેઓ પાસેથી નહેરને લગતો કર પણ પૂરેપૂરો વસુલ કરવામાં આવ્યો હતો.

૧૭ મી મેએ મને પાછો પકડવામાં આવ્યો અને ૩૦ મીએ છુટો કરવામાં આવ્યો. પરંતુ તે દરમ્યાન મારા સ્નેહી સંબંધીઓને વકીલો વિરૂદ્ધ જુઠી જુબાની આપવાની ફરજ પાડવામાં આવી હતી; અને મને હાથકડી પહેરાવી સખ્ત તાપમાં શેખુપુરાના અને બીજા રહીશો દેખતાં ચોકી આગળ ફેરવવામાં આવ્યો હતો. મિ. સ્મિથે પણ મારે માટે ઘણા ગાળના ખરાબ શબ્દો ઉચ્ચાર્યા હતા.

મારા ગામનો હું ઘણા વર્ષો થયાં લમ્બરદાર છું; પણ મને કશી ખબર આપ્યા વિના મારી લમ્બરદારી લઈ લેવામાં આવી છે; અને બે વર્ષ સુધી મારો બેઠો પગાર પણ બંધ કરવામાં આવ્યો છે. મારી ગેરહાજરી દરમ્યાન મારા સગાઓ પાસેથી મારા ભાગે આવેલા દંડનો હિસ્સો વસુલ કરવામાં આવ્યો હતો.

× × × × ×

૪૯૦

સરદાર અમરસિંહ ગૌહરસિંહની જુબાનીઃ શેખુપુરા.

હું શેખુપુરાનો રહીશ છું અને ચુનાનો વ્યાપાર કરૂં છું. અમારૂં કુટુંબ ઘણા વર્ષ થયાં સરકારને મદદ કરતું આવ્યું છે. મારો બાપ પોલિસ ઈન્સ્પેકટર હતો અને હાલ મારા બે ભાઈઓ તેજ હોદ્દો ભોગવે છે. જ્યારથી લાલા શ્રીરામ અમારા વિભાગનો વડો નીમાયો ત્યારથી અમારી દુર્દશા શરૂ થઈ.

લડાઈ દરમ્યાન રાયસાહેબે મારી પાસે રંગરૂટ મેળવવા મદદ માગી, પરંતુ આ

પોતાનું કામ ઘણું રહેતું એટલે રાયસાહેબને સંતોષ વળે એટલી મદદ મારાથી ન થઇ શકી. ગયે વર્ષે તેણે મારા બાપને ગામેગામ ફરી રંગરૂટ મેળવવા પ્રયત્ન કરવા કહ્યું; પરંતુ નાદુરસ્ત તબીયતને લઈ તેણે ના કહી. આ વાત રાયસાહેબને ખટકયા કરતી હતી એટલે માર્શીયલ લૉનો અમલ શરૂ થયો કે તેણે અમારા ઉપર વેર વાળવાની તક શોધી, અને અમારા કટ્ટા દુશ્મન જીવનદાસ સાથે મળી અમને કનેડવાના માર્ગ શોધ્યા. મારા બાપે કંઈ પણ ગુન્હો કર્યો નહતો છતાં ૧૯ મી એપ્રિલે તેને પકડી લાહોર જેલમાં પૂરવામાં આવ્યો. શેખુપુરામાં અમારા ઉપર જે વીત્યું તેનું બ્યાન આપવું કઠણ છે. અમારાં ઘરબારને તાળાં દેવામાં આવ્યાં, અને અમારા ઘરની સ્ત્રીઓ અને બાળકોને ઘરબ્હાર કાઢી મૂકવામાં આવ્યાં. ખેતરમાં તૈયાર થયેલો પાક જપ્ત કરવામાં આવ્યો. ત્યાં એક રખેવાળ બેસાડવામાં આવ્યો અને અમને પાક ઉતારવાની મનાઈ કરવામાં આવી. આથી કરી અમને ભારે નુકસાન સહન કરવું પડયું. અમારાં ઘર સળગાવી મૂકવાની ધમકી અમને વારંવાર આપવામાં આવતી. શેખુપુરામાં અમારા સિવાય બીજા કોઈના ઘરની જડતી લેવામાં નહોતી આવી કે કોઇના ઘરને તાળાં નહોતાં દેવામાં આવ્યા. આ ઉપરાંત અમારાં લાકડાં અને અમારી ભઠ્ઠીમાં પાકેલી ઈંટો જપ્ત કરવામાં આવ્યાં છે અને તે કોઇએ ખરીદવાં નહિ એવા પ્રકારનો હુકમ ઢોલ પીટી આખા શહેરને સંભળાવવામાં આવ્યો હતો.

૨૦ મી એપ્રિલે મને તથા મારા બે બીજા ભાઇઓને લાહોરની મુખ્ય જેલમાં બેસાડવામાં આવ્યા, અને ત્યાં અમને ૨૩ મી મે સુધી રાખવામાં આવ્યા. અમારે લીધે અને અમને દુઃખ દેવા મારા બનેવીને, મારા એક દોસ્તને અને મારા બે નોકરોને પણ કેદ કરવામાં આવ્યા હતા. મને ૨૪ મી મેએ શેખુપુરા પાછો લઈ આવવામાં આવ્યો અને બીજે દિવસે મને હાથકડી પહેરાવી ગામના બધા રહીશો આગળ ઉભો કરવામાં આવ્યો; અને ૨૬ મી તારીખે મને મેજીસ્ટ્રેટ આગળ લઈ જવામાં આવ્યો. મારો કંઈ વાંક સાબીત ન થયો એટલે મને છોડી મૂકવામાં આવ્યો.

આટલાથી સંતોષ ન પામતાં રાય સાહેબે મારા બાપ ઉપર ખોટો આરોપ મુકી તેને ફરી પાછો કેદ કર્યો. ૨૮ મી તારીખે મિ. બોઝવર્થ સ્મિથે મારા નિર્દોષ બાપને જાહેરમાં ઠપકો આપ્યો અને હલકો પાડયો. તેને હાથકડી પહેરાવી શેખુપુરા પોલિસ ચોકીએ ઉઘાડે પગે ચલાવી લઈ જવામાં આવ્યો હતો.

૪૯૧

ગ્યાનચંદ લખાસિંહની જુબાનીઃ ઉમર વર્ષ ૨૮; કંદોઈ; શેખુપુરા.

સરદાર ગોહરસિંહના ઘરની બાજુમાં જ મારૂં ઘર છે. મારા ઘરની જડતી લેવામાં આવી હતી અને સરદાર ફિરોઝદીને એક બે વાર મને ફરિયાદ પક્ષમાં સાક્ષી થવા કહ્યું હતું, અને ન થવા માટે મને સજા કરાવવાનો ડર આપ્યો હતો. ૧૪ મીએ મને એક પોલિસનો માણસ થાણેદાર આગળ લઇ ગયો અને થાણેદાર મને બારાદરીએ લઈ ગયો. ફિરોઝદીન ત્યાં હતો; તેણે મને કહ્યું કે જો હું પાંચસો રૂપિયા નહિ આપું તો તાર તોડવાનો આરોપ મારા ઉપર મૂકી મને મેજીસ્ટ્રેટ આગળ લઇ જવામાં આવશે. આ પછી

મને એક આખી રાત ઉઘાડે માથે અને ઉઘાડે શરીરે ચોકીએ ઉભો રાખવામાં આવ્યો હતો, અને હું બેસવા જતો તો મને મારવામાં આવતો; પરંતુ હું ગરીબ માણુસ હોવાથી આટલી મ્હોટી રકમ મારાથી અપાય એમ ન હતું એટલે મને કાચી કેદમાં બાર દિવસ સુધી રાખવામાં આવ્યો. આ દરમ્યાન રાય સાહેબ મને પોલિસનો સાક્ષી થવા કહ્યા કરતો. પરંતુ મેં ના જ પાડી એટલે મને મિ. સ્મિથ આગળ લઇ જવામાં આવ્યો. મિ. સ્મિથે મને ચાર વર્ષની જેલની સજા કરી· પરંતુ મેં અરજી કરી એટલે આ સજા રદ કરવામાં આવી; અને મિ. પેનીએ તાર કાપવા માટે અને હડતાળ પાડવા સારૂ મને ૧૦૦ રૂપિયાનો દંડ કર્યો અને ૭ માસની જેલની સજા કરી; પરંતુ મેં તાર કાપ્યા ન હતા તેમ હડતાળ પળાવી પણુ ન હતી. હું ગોહરસિંહનો સગો થતો હોવાથી જ મને આમ હેરાન કરવામાં આવ્યો હતો.

૪૯૨

મુસ્તાકીમ કાસીમ વણુકરની જુબાની: ઉમર વર્ષ ૧૯; શેખુપુરા.

ગયા એપ્રિલ મહિનામાં બીજાઓની જોડે મને પણુ પકડવામાં આવ્યો હતો. ગોહરસિંહ અને એના છોકરાઓએ તાર કાપ્યા હતા એવી જુબાની આપવા મને થાણેદાર કહ્યા કરતો અને મારા ઉપર મુકદ્દમો ચલાવવાની ધમકી આપ્યા કરતો. રાય શ્રીરામે તો મારા કપાળ સામે પીસતોલ ટાંકી મને જુબાની આપવાની ફરજ પાડવાનો પ્રયત્ન કર્યો હતો. ફિરોઝદીન, કરતારસિંહ અને બીજાઓ પણુ મને પોલિસનો સાક્ષી થવા કહ્યા કરતા હતા, પરંતુ હું કબુલ ન જ થયો, ત્યારે તેઓએ મારા ઉપર કેસ ચલાવ્યો; મને પહેલાં તો ૪ વર્ષની જેલની અને ૧૦૦ રૂપિયાનો દંડ ભરવાની સજા કરવામાં આવી; પણુ મેં દયા માગી એટલે જેલની સજા ૭ મહિનાની કરવામાં આવી. આટલી સજા પણુ મારો ગુન્હો ન હતો છતાં વેઠવી પડી હતી.

૪૯૩

દરબારસિંહ સુંદરસિંહની જુબાની: ઉમર વર્ષ ૨૮; શેખુપુરા.

ઇન્સ્પેકટર કરતારસિંહ અને સબઇન્સ્પેકટર ફિરોઝદીને ૧૪ મી મેએ બધા દુકાનદારોને ભેગા કર્યા હતા. 'ગોહરસિંહ અને બીજાઓએ તાર કાપ્યા અને હડતાળ પડાવી' એવી જુબાની આપવા મને કહેવામાં આવ્યું. અને હું તેમ કરૂં તે વાસ્તે મને સજા કરાવવાની ધમકી પણુ આપવામાં આવી, અને ફિરોઝદીને તો મારી પાસે મને છૂટો કરવા પાંચસો રૂપિયાની લાંચ પણુ માગી. પરંતુ મેં લાંચ પણુ ન આપી, અને ખોટી જુબાની આપવા કબુલાત પણુ ન આપી. એટલે મારા ઉપર કેસ ચલાવવામાં આવ્યો અને મને દોઢ વર્ષની સજા થઇ. મેં અરજી કરી એટલે મારી સજા ૭ મહિનાની કરવામાં આવી. મેં કોઇ પણુ જાતનો ગુન્હો કર્યો ન હતો.

૪૯૪

લાલા મંગલસિંહ કેસરમલની જુબાની; ઉમર વર્ષ ૨૮; દુકાનદાર.

હું ૩૧ મી માર્ચે શેખુપરા આવ્યો અને બીજે દિવસે મેં ગામડી દારૂ વેચવા પરવાનો મેળવ્યો. ૬ ઠ્ઠી અને ૧૪ મી એપ્રિલે શેખુપુરામાં લોકોએ પોતાની મરજીથી

હડતાળ પાડી હતી: પરંતુ વખતે મારો પરવાનો લઇ લેવામાં આવે એવા ડરથી મેં બંને દિવસ મારી દુકાન ખુલ્લી રાખી હતી. ૧૯ મી તારીખે કેટલુંક લશ્કર શેખુપુરા આવ્યું. તેમાંથી બે સોલજરો અને બે કોન્સ્ટેબલ અને અલિ મહમદ સબ-ઇન્સ્પેકટર મારી દુકાનેથી દારૂના દશ શીશા પૈસા આપ્યા વિના લઈ ગયા.

બીજે દિવસે અલિ મહમદે મને પોલિસ પક્ષમાં સાક્ષી થવા કહ્યું. મેં ના પાડી એટલે મને પકડવાની ધમકી આપી; બાબુ જીવનદાસે પણ મને જુબાની આપવા સમજાવ્યો. આ પછી મારા હાથમાં કડી ઘાલવામાં આવી અને મને કેદ કરવામાં આવ્યો. મારી પેઠે બીજા દશેક જણને પણ કેદ કરવામાં આવ્યા હતા. ચાર પાંચ દિવસ રહી શ્રીરામ અમને ડરાવવા લાગ્યો. અને ચુહારખાનામાં જેમ તેણે ઘણાઓને મારી નાખ્યા હતા તેમ અમને પણ ગોળાથી વીંધી નાખવાની ધમકી આપી. આ પછી ૩૫ દિવસ રહી શ્રીરામ પાછો મારી પાસે આવ્યો. આ વખતે તેણે મારા કપાળ ઉપર પીસતોલ ધરી અને પછી જુબાની ન આપવા વિષે મારો જવાબ માગ્યો. મને તેણે તમાચા પણ માર્યા. હું ડરી ગયો અને તેના કહેવા પ્રમાણે જુબાની આપવા બંધાયો.

આ પછી બે ત્રણ દિવસ સુધી પોલિસે મને શીખાડવાનું કામ કર્યું, પરંતુ ગોખાવવામાં આવેલી વિગત હું ભૂલી જતો હતો એટલે મને મારવામાં આવતો. છેવટે ફરિયાદી વકીલ જે કંઇ પ્રશ્ન પૂછે તેના જવાબમાં "હા" ભણવાનું મને કહેવામાં આવ્યું હતું.

શ્રીરામ મારી પાસે ચાર વકીલો વિરૂદ્ધ પણ સાક્ષી અપાવવા ઇચ્છતો હતો. મેં તેમ કરવાની ના પાડી એટલે તેણે મને ફટકાર્યો; અને મારો પરવાનો ખેંચી લેવાનું કહી મને જવા દીધો. કેટલોક વખત રહી મારો પરવાનો રદ કરવામાં આવ્યો હતો.

\+ × × + * +

૪૯૭

હરિસિંહ જવાહરલાલની જુબાની; ઉમર વર્ષ ૫૬; દુકાનદાર; શેખુપુરા.

૧૯ મી એપ્રિલે થાણેદાર, જીવનદાસ, અને બીજા એક બે અમલદારો મારી દુકાનેથી ૧૨ સોડાવોટરની શીશીઓ લઇ ગયા, પણ તેના પૈસા તેઓએ મને ન આપ્યા; મેં માગ્યા ત્યારે મને કહેવામાં આવ્યું કે 'તને કંઇ આપવામાં નહિ આવે; હાલ માર્શીયલ લૉનું રાજ ચાલે છે. આ પછી રાયસાહેબ શ્રીરામ અને બીજાઓ મારી દુકાને આવ્યા અને મને ગાળો આપવા લાગ્યા, તથા મને મારા દીકરાની દુકાને લઈ ગયા. ત્યાં મારી પાસે પાંચ રૂપિયા માગવામાં આવ્યા; પણ તે ઘડીએ તેટલા રૂપિયા મારા ખીસ્સામાં નહતા; એટલે પાંચને બદલે દશ રૂપિયા આપવાનો હુકમ થયો. આ સિવાય મારી પાસે બીજી મ્હોટી રકમ પણ કાઢવામાં આવી હતી.

આ પછી સરદાર ગૌહરસિંહના ઘરની જડતી લેવાના કામમાં મને મદદ કરવાનું કહેવામાં આવ્યું; અને મને એમ પણ કહેવામાં આવ્યું કે જડતી બે કલાકમાં નહિ લઇ લેવાય તો તેનું ઘર સળગાવી મૂકવામાં આવશે એટલે હું મદદ આપવા કબૂલ થયો. જડતીનું કામ બહુ બેદરકારીથી કરવામાં આવ્યું હતું. ઘણીએ વસ્તુઓ ચુંથી નાખવામાં અને ફોડી

નાખવામાં આવી હતી. આ સિવાય જ્યાં સુધી ગૌહરસિંહના ત્રણ છોકરાઓ પોલિસને શરણ ન થાય ત્યાં સુધી તેની બધી મિલકત ઉપર જપ્તી બેસાડવાનો હુકમ બજાવવામાં આવ્યો હતો. છોકરાઓ બીજે જ દિવસ તાબે થયા, પરંતુ સાત દિવસ સુધી જપ્તી ઉઠાવવામાં આવી ન હતી.

૨૦ મી એપ્રિલે લાલા શ્રીરામે હડતાળ અને તોફાન કોણે કરાવ્યાં હતાં એની તપાસ શરૂ કરી, અને તે માટે બધા લોકને ભેગા કર્યા અને જણાવ્યું: ' મેં તમારા શહેરના આબરૂદાર વકીલોને અને સરદાર ગૌરહરસિંહ અને તેના દીકરાઓને પકડયા છે. હવે તમે તેઓની સામે પોલિસ પક્ષ તરફથી જુબાની નહિ આપો તો તમારા પણ તેવા જ હાલ થશે અને તમને હેઠા પાડવામાં આવશે;' અને આ શબ્દો તેણે હાથમાં પીસતોલ પકડી ઉચ્ચાર્યા હતા.

આ દિવસોમાં જીવનદાસ મરજીમાં આવે તેમ કરી શકતો, જેને જોઇએ તેને પકડાવી શકતો. ઘણાઓને પકડવામાં આવ્યા હતા, અને તેઓ ઉપર આરોપ મૂકયા વિના, કેસ ચલાવ્યા વિના કે કોઈ પણ જાતની તપાસ કર્યા વિના છોડી મૂકવામાં આવ્યા હતા.

મને સરદાર ગૌહરસિંહના છોકરાઓ અને બીજાઓની વિરૂધ્ધ જુબાની આપવા કહેવામાં આવ્યું. હું તેઓ વિષે કંઇ જાણતો ન હતો, અને નિર્દોષોને ખોટી રીતે ફસાવવા હું રાજી ન હતો એટલે મેં જુબાની આપવા ના પાડી. આથી મને મારા ૧૦–૧૧ વર્ષના છોકરાને પકડી તેના ઉપર કેસ ચલાવવાની ધમકી આપવામાં આવી, પરંતુ હું તો મક્કમ જ રહ્યો; છેવટે મને અનેક રીતે પજવી જવા દીધો.

* * × * *

૪૯૯

ફત્તેહમહમદની જુબાની: શેખુપુરા.

માર્શીયલ લૉના દિવસોમાં સરદાર ગૌહરસિંહના છોકરાઓની વિરૂધ્ધ જુઠી જુબાની આપવા મને સબ–ઇન્સ્પેકટર અને બીજાઓ કહ્યા કરતા; પરંતુ હું ના પાડયા કરતો. એટલે તેઓ મને ગાળો આપવા લાગ્યા; પરંતુ છેવટ સુધી હું મક્કમ રહ્યો અને ખોટી સાક્ષી પૂરી મેં મારો દીન ગુમાવ્યો નહિ.

૫૦૦

લેહનાસિંહ સવનમલ, સુથારની જુબાની; ઉમર વર્ષ ૩૨; શેખુપુરા.

સરદાર ગૌહરસિંહ અને બીજાઓને પકડવામાં આવ્યા પછી એક મહિનો રહીને ફિરોઝદીન, કરતારસિંહ અને જીવનદાસે મને બારાદરીએ બોલાવ્યો અને મને કહેવામાં આવ્યું કે મેં તાર કાપવા મારાં હથિયાર ગુન્હેગારોને આપ્યાં હતાં. આ વાત તદ્દન ખોટી હતી. પરંતુ હું જુબાની ન આપું તો મારા ઉપર મુકદ્દમો ચલાવવામાં આવશે એવી ધમકી મને આપવામાં આવી. હું આથી ડરી ગયો અને મેં પોલિસની શીખવણી પ્રમાણે જુબાની આપી, પરંતુ કોર્ટમાં મેં જે વીગત રજુ કરી હતી તે તદ્દન ખોટી હતી. મેં કોઇને તાર કાપતાં જોયા નહતા, અને મારાં હથિયાર પણ મેં તે કામસર કોઇને વાપરવા આપ્યાં નહતાં. નિર્દોષ માણસો સાથે ખોટી સાક્ષી આપવા સારૂ મને ખેદ થાય છે; પરંતુ પોલિસના ડરથી મારે તેમ કરવું પડયું હતું.

\+ + × + +

૫૦૩–૫૦૪

સરદાર પ્રીતમસિંહ, વકીલની જુબાનીઃ શેખુપુરા.

૬ ઠ્ઠી એપ્રિલે શેખુપુરામાં એક જાહેર સભા ભરાઈ હતી. આ સભામાં હાજરી ન આપવાનું રાયસાહેબ શ્રીરામે વકીલોને સૂચવ્યું હતું; પરંતુ અમે તેમ કરવા કબૂલ થયા ન હતા. અમારામાંથી માયારામે પહેલાં શ્રીરામની સૂચના માન્ય કરી હતી, પણ પછી તેણે પણ પોતાનો વિચાર ફેરવ્યો હતો. સભામાં પૂરી વ્યવસ્થા જાળવવામાં આવી હતી.

શેખુપુરામાં જબરૂં તોફાન થયું નહતું. ૧૪ મી એપ્રિલે બે ઠેકાણે તાર કાપવામાં આવ્યા હતા અને એક રેલ્વે સિગનલને થોડુંક નુકસાન કરવામાં આવ્યું હતું. ૧૪ મી એપ્રિલે માર્શીયલ લૉનો અમલ શરૂ થયો હતો.

માર્શીયલ લૉનો ઢંઢેરો રાયસાહેબે પોતે લોકોને વાંચી સંભળાવ્યો હતો. વાંચી લીધા પછી તેણે લોકોને કહ્યું હતું કે 'હવે જો તમે બીજીવાર હડતાળ પાડશો તો તમને ગોળીથી વીંધી નાખવાની સત્તા મને મળી છે.' અને પછી તેણે ઘણા વયોવૃધ્ધ આબરૂદાર માણસોની દાઢીમાં પોતાની લાકડીની અણી ભોંકી હતી.

એક અઠવાડીયા કરતાં વધારે વખત સુધી પ્રાથમિક નિશાળના છોકરાઓને, પાંચ પાંચ વર્ષની ઉમરના છોકરાઓ સુધ્ધાંને, દિવસમાં બે વાર મેજીસ્ટ્રેટને ત્યાં હાજરી પૂરાવવા જવું પડતું હતું.

એપ્રિલ માસના અંતમાં બ્રિટિશ અને હિંદી સોલજરોનો એક ઠઠારો મશીનગન અને મોટરકારમાં ગોઠવેલી તોપો સાથે સરકારની સત્તા દાખવવા કાઢવામાં આવ્યો હતો. આ પછી એક ઉંચા ઢગ ઉપર લોઢાના કેટલાક કકડા ગોઠવવામાં આવ્યા હતા, અને તેના ઉપર તોપો ચલાવવામાં આવી હતી. પછી ગોળીથી વીંધાયલા લોઢાના કકડા તમાશો જોવા ઉભેલા લોકોને બતાવવામાં આવ્યા હતા, અને તેઓને કહેવામાં આવ્યું હતું કે જો તેઓ ફરી સરકાર સામે થશે તો તેઓ ઉપર આ તોપો ચલાવવામાં આવશે. આ પહેલાં જ લેફ્ટેનંટ ગવર્નરનો ઢંઢેરો વાંચી સંભળાવામાં આવ્યો હતો જેમાં લોકોને સરકાર સાથે સહકાર કરી વ્યવસ્થા ફરી સ્થાપવાના કામમાં મદદ કરવાની સલાહ આપવામાં આવી હતી.

૭ મી મે એ મિ. બોઝવર્થ સ્મિથ શેખુપુરા આવ્યો. તેણે ગામના બધા માણસોને તડકે ભેગા કર્યા. જે વકીલોને પકડવામાં નહોતા આવ્યા તેઓને પણ બોલાવવામાં આવ્યા હતા.

વકીલોને બીજા લોકોથી જુદા પાડી બે હારમાં ગોઠવવામાં આવ્યા. પહેલી હારમાં જેઓએ ૬ ઠ્ઠી એપ્રિલની સભામાં હાજરી નહોતી આપી તેઓને ઉભા રાખવામાં આવ્યા અને પાછલી હારમાં જેઓ સભામાં ગયા હતા પરંતુ જેઓએ તેમાં આગળ પડતો ભાગ નહોતો લીધો તેઓને રાખવામાં આવ્યા. આ પછી મિ. બોઝવર્થ સ્મિથે હિંદી વકીલો વિષે ભાષણ કર્યું. તેણે ભાષણમાં આ પણ કહ્યું કે 'હિંદના વકીલો હલકા વર્ણના માણસો છે. તેઓ સરકાર સામે ચળવળ કર્યા કરે છે અને નિર્દોષ જમીનદારને પોતાનાં હથિયાર બનાવે

છે.' તેણે મને પૂછ્યું: 'તારો બાપ શું કામ કરતો ? તું ક્યાં ભણ્યો હતો ?' જવાબમાં મેં કહ્યું: 'મારો બાપ નિશાળમાં શિક્ષક હતો; અને મેં લાહોરમાં ફોરમેન ક્રીશ્ચન કૉલેજમાં અભ્યાસ કર્યો છે.' આ સાંભળી એને નવાઇ લાગી અને હું ચળવળમાં ભાગ કેમ લઉં છું એ તેને સમજાયું નહિ. તેણે બીજા વકીલો આગળ મને "ઝીણો કીડો" પણ કહ્યો હતો.

વકીલો ઉપરનું ભાષણ ખલાસ કર્યા પછી મિ. બોઝવર્થ સ્મિથે ફારેગ થયેલા પોલિસ ઇન્સ્પેકટર સરદાર ગૌહરસિંહને ઉઘાડે પગે અને હાથકડી પહેરાવી તડકે પરેડ કરાવી, અને લોકોને જણાવ્યું કે 'ગૌહરસિંહ સરકારનો બેવફા માણસ છે અને તેના ત્રણ છોકરાઓને ગુન્હો કરવા માટે કેદખાનામાં મોકલવામાં આવ્યા છે. સરકાર તેનો એઠો પગાર બંધ કરશે અને તેને બર્મા મોકલી આપશે.'

આ પછી તેણે લોકોને સલાહ આપી: "તેઓ બધા સુવરલોક છે, 'ગાંડી મખ્ખી' છે." પછી તે જમીન ઉપર થુકયો અને કહ્યું: "काला लोग, गंदे लोग, सब एक रंगका તેઓ એક રંગના એટલી હદ સુધી છે કે તેઓએ પોતાની દુકાનો બંધ કરી સરકાર સામે બંડ જગાડયું." તેણે એમ પણ કહ્યું કે "લોકોએ વકીલોની સલાહ ન માનવી, વકીલો લોકોને ઠગે છે; પરંતુ સલાહ જોઈતી હોય તો તેઓએ લમ્બરદાર, ઝાઈલદાર, તાસીલદાર અને ડેપ્યુટી પાસે જવું."

૨૮મી મેએ મિ. બોઝવર્થ સ્મિથે શહેરના બધા લોકોને ઢોલ પીટાવી પોતે રહેતો હતો ત્યાં ભેગા કર્યા અને પછી જેઓ ત્યાં હાજર થયા હતા તેઓ બધાને બગીચામાં ઝાડુ કાઢવાની ફરજ પાડી હતી. શહેરના મ્હોટા મ્હોટા માણસોને પણ તેમ કરવું પડયું હતું.

* * * * *

૫૦૭

લાલા ઠાકરદાસ રામદયાળની જુબાની: ઉમર વર્ષ ૬૮; શેખુપુરા.

૧૯મી એપ્રિલે સવારના લોકોને પકડવા સારૂ કેટલુંક લશ્કર અમારા ગામમાં આવ્યું અને ગામને ઘેરો ઘાલી ઉભું. કેટલાક સોલજરોને ગામમાં મોકલવામાં આવ્યા. લોકો તેઓને જોઇ ઘરમાં ભરાઇ બેઠા. તેજ દિવસે સાંજના લોકો સમક્ષ માર્શીયલ લૉને લગતો ઢંઢેરો વાંચવામાં આવ્યો હતો; અને ઢંઢેરો વંચાઇ રહ્યા પછી અમલદારે આબરૂદાર માણસોનું અપમાન કર્યું હતું. મ્હોટી ઉંમરના માણસોની ડાઢીમાં પોતાની લાકડી ભોંકી હતી. ૧૦ વર્ષની ઉપરની ઉંમરના બધા લોકોને બારાદરી બાગમાં હાજર રહેવાનો હુકમ થયો હતો. જેઓ ત્યાં ગયા હતા તેઓને ત્યાં દરરોજ સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી રોકાઇ રહેવું પડતું હતું. આથી તેઓની દુકાનો બંધ રહેતી, અને પાક એમને એમ પડયો રહ્યો. 'લોકોએ પોતાની મેળે એક દહાડો હડતાળ પાડી પણ અમલદારોએ ૧૪ દહાડા સુધી રખાવી' એમ લોકોને રાય શ્રીરામ સંભળાવતો. નિશાળે જતા છોકરાઓને પણ દિવસમાં બે વાર હાજરી આપવા બારાદરી જવું પડતું.

એક દિવસ તોપ ફુટતી જોવા અને સરકાર કેટલી બળશાળી છે તે જાણવા લોકોને ભેગા કરવામાં આવ્યા હતા. તોપથી લોઢાના પત્રામાં વીંધ પાડી લોકોને બતાવવામાં

આવ્યા હતા, અને જેવા હાલ પત્રાના થયા તેવા હાલ તેઓના થશે એમ કહેવામાં આવ્યું હતું.

એકવાર બારાદરી બાગમાં લોકોને બોલાવવામાં આવ્યા હતા, અને ત્યાં તેઓ બધા પાસે કામ કરાવવામાં આવ્યું હતું. ઈંટ, પાંદડાં અને કચરો વિગેરે જે કંઇ બાગમાં પડયું હતું તે ઉપાડી બાગ સાફ કરવાનું કામ બધા લોકોને સોંપવામાં આવ્યું હતું. આ વખતે મિ. સ્મિથ બાગમાં હાજર હતો.

૨૬ મી કે ૨૭ મેએ શહેરના બધા માણસોને ફરી ભેગા કરવામાં આવ્યા હતા, અને બે ત્રણ કલાક સુધી ઉભા રાખવામાં આવ્યા હતા. મિ. સ્મિથે તેઓને ગાળો આપી હતી અને ધમકી આપી હતી. તેણે લોકોને **सुवर लोग** કહ્યા, **गंदी मक्खी** કહ્યા, અને કહ્યું કે **तुम सब लोग एक रंगका है,** અને પછી તિરસ્કાર કરતો તે જમીન ઉપર થુકયો. તેને લોકો માટે એક **तोबाघर** ઉભું કરવું હતું અને તે સારૂ મારી કનેથી એક હજાર રૂપિયા લેવા ધાર્યું હતું.

* * * * *

૫૦૯

લખમીદાસની જુબાનીઃ શેખુપુરા.

જેઠ માસમાં બાવા જીવનદાસ અને લાલા શ્રીરામે એકવીસ જણ પાસેથી ૧૧૯ રૂપિયા ઉઘરાવ્યા હતા. અમારામાંથી એક જણે ૧૫ રૂપિયા, આઠ જણે ૧૦ રૂપિયા અને બાકીનાઓએ બાકીની રકમ ભરી હતી. આ ઉઘરાણીની પહોંચ અમને આપવામાં આવી ન હતી, તેમ તે માટેનો સરકારી હુકમ પણ અમને બતાવવામાં નહોતો આવ્યો.

૫૧૦

હરમલ ગણેશદાસની જુબાનીઃ ઉમર વર્ષ ૪૫; ફળ વેચનાર; શેખુપુરા.

૧૯મી એપ્રિલે લશ્કર શેખુપુરા આવ્યું ત્યારે હું મારા ખેતરોમાં હતો. મેં તરત એક જણને મારા ભાઈ પાસે મોકલ્યો. તેણે ખબર મોકલાવી કે સોલજરોના આવવાથી ગામમાં ત્રાસ વર્તી રહ્યો છે, અને સોલજરો દુકાનથી બધું શાક અને બધાં ફળ ઉપાડી ગયા છે.

પોલિસ સ્ટેશન આગળ પણ મારૂં એક ખેતર છે. તેમાં મેં કાંદા અને બીજી વસ્તુઓ વાવ્યાં હતાં. અમલદારોના હુકમથી મારૂં આ ખેતર ખોદી નાખવામાં આવ્યું હતું, અને મને લગભગ બસો રૂપિયા જેટલું નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. મારી દુકાન લુંટાવાથી મને એક સો રૂપિયાની નુકસાની ગઇ હતી. મિ. બોઝવર્થ સ્મિથે પણ મારી પાસેથી એક શેર ખરબુઝ પૈસા આપ્યા વિના લીધું હતું.

× × × × ×

૫૧૩–૫૧૪.

સરદાર વસાવસિંહ જવાલાસિંહની જુબાનીઃ ઉમર વર્ષ ૨૮; જમીનદાર અને પાટીદાર. શેખુપુરા.

સરદાર ગોહરસિંહની સાથે મને પણ કંઈ કારણ વિના પકડવામાં આવ્યો હતો અને કાચી કેદમાં ૪૧ દિવસ સુધી રાખવામાં આવ્યો હતો, અને મારા ચાર ભાઇઓને બારા-

દરીએ રોકવામાં આવ્યા હતા. આથી અમારા પાકને બહુ નુકસાન પહોંચ્યું હતું. અમારો એક જ ગુન્હો હતો. અમે ગૌહરસિંહ સાથે સારો સંબંધ રાખતા હતા, અને તેની સાથે મળી ખેતી કરતા હતા.

લશ્કરમાં ભરતી કરવાનું કામ ચાલતું હતું ત્યારે અમને બહુ સતાવવામાં આવ્યા હતા. તાસીલદાર અને અમારા વિભાગોનો વડો મને તથા મારા ભાઈઓને લશ્કરમાં લઈ જવાની વારેવારે ધમકી આપ્યા કરતા હતા. તેઓ અમારી પાસે અને મારા મામા પાસે રંગરૂટ માગતા હતા. અમારા હાથમાં એક રંગરૂટ આવ્યો તે મારા મામાએ તેઓને આપ્યો, અને રંગરૂટને અમે ૪૦ રૂપિયા આપ્યા; પણ અમારે તો તેને ૨૦૦ રૂપિયા આપવાના હતા. બાકીના રૂપિયા અમારી પાસે ન હતા. એટલે રંગરૂટે કરનલને ફરિયાદ કરી અને કરનલે બીજા સાઠ રૂપિયા આપવાનો હુકમ કર્યો. એ રકમ અમે બીજા પાસેથી મેળવીને રંગરૂટના બાપને આપી. બાકીના સો રૂપિયા અમને માફ કરવામાં આવ્યા.

લાયલપુર.

૫૧૬

સરદાર સંતસિંહ, બી. એ., એલ. એલ. બી., હાઈકોર્ટ વકીલની

જુબાની: લાયલપુર.

લાયલપુરમાં મેં ૧૯૧૯ ના જાન્યુઆરી માસમાં જીલ્લા કોન્ગ્રેસ કમિટી ઉભી કરી. લાલા બોધરાજ એ કમિટીનો પ્રમુખ અને હું એનો મંત્રી હતો. કમિટીએ પહેલી જાહેર સભા રોલેટ બિલો વખોડી કાઢવા બોલાવી હતી.

મહાત્મા ગાંધીનો સંદેશો પ્રગટ થયા પછી કમિટીએ ૫ મી અને ૬ ઠ્ઠી એપ્રિલે જાહેર સભા કરવાનો ઠરાવ કર્યો અને સભા બાગમાં ભરવાની પરવાનગી ડેપ્યુટી કમિશનર પાસેથી મેળવી. રજા આપવા સાથે ડેપ્યુટી કમિશનરે અમને લખી મોકલાવ્યું હતું કે સરઘસ કાઢવા દેવામાં નહિ આવે, સભામાં ગેરકાયદેસર અને લોકોને ઉશ્કેરે એવાં ભાષણો થવાં ન જોઇએ, અને કોઇ પણ દુકાનદારને એની મરજી વિરુધ્ધ હડતાળ પાડવા દબાવવામાં આવવો ન જોઇએ; અને જો કંઇ તોફાન થશે તો તે માટે કોંગ્રેસ કમિટી જવાબદાર રહેશે. કમિટીએ આ બધી સૂચનાઓ કબુલ રાખી હતી અને એવું ઠરાવ્યું હતું કે દરેક જણે લખેલાં ભાષણો સભામાં વાંચવાં અને તે ભાષણો વંચાય તે પહેલાં ત્રણ નીમવામાં આવેલા વકીલોએ તપાસી જવાં. આવી રીતે ૫ મી અને ૬ ઠ્ઠી તારીખે લાયલપુરમાં સભા કરવામાં આવી હતી. પહેલે દિવસે પાંચેક હજાર માણસો સભામાં આવ્યા હતા અને બીજે દિવસે તો શહેરના લગભગ બધા માણસોએ હાજરી આપી હતી. બંને સભાઓ નિર્વિઘ્ને પૂરી થઇ હતી. ૬ ઠ્ઠી એપ્રિલે શહેરની તમામ દુકાનો બંધ રહી હતી, અને એકાદ બે જણે ઉઘાડી રાખી હતી તેઓને કોઇએ કનેડયા નહતા. આવી સરસ હડતાળ થશે એમ અમલદારોએ ધાર્યું ન હતું; ડેપ્યુટી કમિશનરના પ્રતિનિધિઓને દુકાન ઉઘાડી રાખવાનું કહ્યું હતું. તેઓએ પણ હડતાળને દિવસે દુકાનો બંધ રાખી હતી; આથી કમિશનર ઉશ્કેરાઈ ગયો હતો અને એમ કહેવાય છે કે આ લોકોને તેણે બજાર વચ્ચે ટાણા માર્યા હતા. આ પછી તા. ૭ મી થી ૧૦ મી સુધી શહેરમાં હમેશ મુજબ પ્રવૃત્તિ ચાલુ રહી હતી.

૧૧મી એપ્રિલે મહાત્મા ગાંધીના પકડાયાના સમાચાર આવ્યા; અને બીજે દિવસે ડૉ. સત્યપાલ અને ડૉ. કિચલુ શહેર પાર થયા એવી ખબર આવી. આ ઉપરાંત જાલીયાંવાલા બાગની કતલ અને લાહોરમાં થયેલા ગોળીબારની વાત જાણી લાયલપુરના રહીશોનું લોહી ઉકળી આવ્યું. અમારામાંથી એક બે જણને ફરી હડતાળ પાડવા લોકોને કહેવાનો વિચાર થયો. પણ વિશેષ વિચારતાં એ વાત પડતી મૂકવામાં આવી.

૧૩મી એપ્રિલે વૈશાખી યાત્રાનો દિવસ હતો; એટલે હિંદુઓ નહેર ઉપર ગયા હોવાથી તેઓની દુકાન બંધ રહી હતી. આ જોઇ મુસલમાનોએ પણ દુકાન ઉઘાડી નહિ; અને હિંદુઓ નહેરેથી પાછા ફર્યા અને મુસલમાનોની દુકાન બંધ જોઇ એટલે તેઓએ પણ તે દિવસ દુકાન ખોલી નહિ. આ રીતે ૧૩મી તારીખે હડતાળ પડી,

શહેરમાં આમ નવી સ્થિતિ ઉભી થયેલી જોઈ અમે કેટલાકોએ શહેરના લાગવગવાળા માણસોની સભા મસલત કરવા સારૂ બોલાવી. તેમાં ૨૮ જણા આવ્યા હતા. ત્રણેક કલાક સુધી હડતાળ વિષે દલીલો કર્યા પછી અમે એવા નિશ્ચય ઉપર આવ્યા કે એક જાહેરસભા કરવી અને તેમાં લાહોર અને અમૃતસરમાં સરકારે અખત્યાર કરેલી સખ્તાઇ સામે વાંધો ઉઠાવવો અને થઇ ગયેલા બનાવો વિષે તપાસ ચલાવવાની માગણી કરવી. પરંતુ આ વખતે ડેપ્યુટી કમિશનરે સભા કરવા અમને રજા ન આપી. અમે એમ ધારતા હતા કે આવી જાતની સભા થવાથી લોકોનાં મન સંતોષાશે અને હડતાળનો અંત આવશે.

૧૩મી એપ્રિલે સાંજના કેટલાક હલકા લોક દારૂ પી છાકટા બન્યા હતા. તેઓએ કેટલાક છોકરા ભેગા કરી શેરીઓમાં ફરવું શરૂ કર્યું. એક ઠેકાણે તેઓએ એક દુધવાળાને ગામડીઆઓ પાસેથી દુધ લેતો જોયો, એટલે તેને તેમ કરવા ના પાડી. આ પછી દુધવાળા અને છોકરાઓ વચ્ચે ટપાટપી થઇ, અને દુધ ઢોળાઇ ગયું. પાસેજ એક પોલિસ ફોજ ઉભી હતી, પરંતુ આ બનાવ એટલો નજીવો લેખાયો કે કોઈએ તેના ઉપર ધ્યાન ન આપ્યું. મને આની ખબર પડતાં હું ત્યાં જઈ ચઢયો અને છોકરાઓને વીખેરી નાખ્યા. બીજે દિવસે ડૉ. દેવે દારૂના પીઠા બંધ રાખવાની સૂચના કમિશનરને કરી; કમિશનરે તે માન્ય રાખી, અને પરિણામે ૧૪મી તારીખે હડતાળ ચાલુ રહેવા છતાં કંઈ ગડબડ થવા પામી ન હતી.

૧૪મી એપ્રિલે સવારના હડતાળનો અંત આણવાના વિચારથી હું બજારમાં ગયો. ત્યાં મને ખબર મળી કે લાલા શિવનારાયણની દુકાને કેટલાક જણ હડતાળનો જ વિચાર કરવા ભેગા થયા છે; હું પણ ત્યાં ગયો; કેટલીક દલીલો થયા બાદ અમે બધાએ એકમતે દુકાનો ઉઘડાવવાનો ઠરાવ કર્યો, અને અમે ચાલીસ પચ્ચાસ દુકાનો ખોલાવી પણ ખરી; પરંતુ તેવામાં કેરણ સ્કુલની છોકરીઓ વિષે કંઈક ખબર લોકોના જાણવામાં આવી અને એથી ઉશ્કેરણી વધવા લાગી. લોકો રસ્તે ઉભા રહી એ વાત ચર્ચવા લાગ્યા; એટલે મેં તેઓને સિખ ધર્મશાળામાં જવા કહ્યું. ત્યાં કેટલાક પોલિસ અમલદારો પણ આવ્યા હતા. તેઓમાંથી એકે મને એક અંગ્રેજી છાપો આપ્યો અને મહાત્મા ગાંધીના છુટવાની ખબર લોકોને સંભળાવવા કહ્યું. મેં તેમ કર્યું અને હડતાળનું એક કારણ દૂર થવાથી દુકાનો ઉઘાડવાની મેં સલાહ આપી. પણ ડૉ. દીનાનાથ વચ્ચે બોલી ઉઠયો કે હું તો ખોટી ખબર વાંચું છું. આથી લોકોએ મને સીસકારી કાઢયો. મારી પેઠે હકીમ–નુર–દીને પણ દુકાન ખોલવાની વાત કરી એટલે તેને પણ બેસાડી દેવામાં આવ્યો. આ પછી સરદાર પરમાનસિંહે લોકોને પોતાના પ્રતિનિધિ નીમવા અને તેઓ જેમ કહે તેમ કરવા સૂચના કરી. એ સૂચના અમલમાં મૂકવા સારૂ લાલા શિવનારાયણના બાગમાં લોકોની સભા બોલાવવાનું ઠર્યું; પણ લાલા શિવનારાયણે કમિશનરના કહેવાથી કે પછી બીજા કારણથી પાછળથી પોતાનો બાગ વાપરવા આપવા ના પાડી. એટલે સાંજના ૪–૩૦ વાગે અમે ઇદગાહમાં સભા કરી. આ સભામાં પણ લોકોએ એકંદર પોતા ઉપર કાબુ જાળવ્યો હતો, અને મૌલવી ગુલામ બારીએ લોકોને દુઃખ દે એવું ભાષણ કર્યું હતું છતાં તેને કોઇએ ઇજા કરી ન હતી. આ સભામાં કેરણ સ્કુલની છોકરીઓની વાત ચર્ચવા કેટલાક ઇચ્છતા હતા, પરંતુ કોઇની પાસે પાયાદાર વાત ન હતી એટલે મારી સૂચનાથી પ્રમુખે કોઇને એ વાત

ઉચ્ચારવા ન દીધી. આ પછી સભાએ ૨૦ જણને પોતાના પ્રતિનિધિ નીમ્યા, અને તેજ દિવસે તેઓની એક સભા સાંજના મારી ઓફિસે મળી; પરંતુ અમે તે વખતે કંઈ ઠરાવ ઉપર ન આવ્યા અને ૧૫મી તારીખે સવારના પાછા ભેગા થયા. ડૉ. કિશનસિંહના કેટલાક વાંધા પતાવ્યા પછી અમે બધાએ એવો ઠરાવ કર્યો કે કેરણુ સ્કુલની છોકરીઓને લગતી ખરી બીના અમારામાંથી બે જણે કેરણુ ગામ જઈ સુપરિન્ટેંડંટ પાસેથી અને બને તો છોકરીઓ પાસેથી જાણી લેવી. બીજો ઠરાવ લોકોને દુકાન ઉઘાડવાની સલાહ આપવાનો કર્યો, અને ત્રીજો ઠરાવ શાસક અને શાસિત વચ્ચેનો સંબંધ પૂર્વવત્ સારો થાય એવી પ્રાર્થના કરવા લોકોએ દર મંગળવારે બે કલાક સુધી મસજીદમાં, ધર્મશાળામ અને મંદીરમાં મળવું. આ વખતે અમે દુકાનો ખોલાવવામાં ફાવ્યા હતા.

૧૬મી અને ૧૭મી એપ્રિલે કેટલાક તોફાનીઓએ હડતાળ પડાવવા પ્રયત્ન કર્યો હતો પરંતુ તેમાં તેઓ નિષ્ફળ નીવડયા હતા, પણ ૧૭ મીની રાત્રે સરકારી ભુસામાં આગ લાગી, અને વિના કારણ અમલદારો ગભરાયા. તે દિવસે ક્યાંય લોકોનાં ટોળાં જોવામ આવ્યાં ન હતાં. આ આગ બહુ દુ:ખદાયક નીવડી.

૧૮મી એપ્રિલે સાંજના ડૉ. કિશનસિંહે મને ડેપ્યુટી કમિશનરનો કાગળ બતાવ્યો કમિશનરે લોકોના વિસ પ્રતિનિધિઓ પાસે શહેરમાં તોફાન કરાવનારાઓનાં નામ માગ્ય હતાં. આ માગણી તદ્દન અણુછાજતી હતી; કારણ કે અમે વિસ જણા તો હડતાળ વિષે ફેંસલો કરવા નીમાયા હતા. છતાં હમે વિસે જણ ભેગા થયા અને કમિશનરને લખી મોકલાવ્યું કે શહેરમાં શાંતિ છે, અને તોફાન કોણ કરાવે છે એ અમે જાણતા નથી, અને ભુસામાં કોણે આગ લગાડી એની અમને ખબર નથી.

આ પછીના ત્રણ દિવસમાં કંઈ નવાજુની થઈ ન હતી, પરંતુ લોકો લાહોર, અમૃતસર અને ગુજરાનવાલામાં ચાલતા જુલમની વાતો કરતા હતા, અને ત્યાંના વતનીઓ માટે દુ:ખી થતા હતા.

૨૨મી એપ્રિલે લાયલપુરમાં પકડાપકડી શરૂ થઇ. સવારના છના સુમારે મને પકડવામાં આવ્યો. તે વખતે મેં પૂરાં કપડાં પણ પહેર્યાં ન હતાં. અને સુપરિન્ટેંડંટે મને તે માટે રજા પણ ન આપી. છતાં તેનો હુકમ મેં ન માન્યો; અને ઝટ ઝટ કપડાં પહેરી મારી માને અને સ્રીને મળી આવ્યો; આ પછી મને ઘરમાંથી લઈ જવામાં આવ્યો લાલા બોધરાજ અને લાલા ભગતરામને પણ પકડવામાં આવ્યા હતા; અમને ત્રણેને કલોક ટાવર આગળ આઠ વાગ્યા સુધી બેસાડી રાખવામાં આવ્યા. અમારી આસપાસ લશ્કરી અને પોલિસના માણસો પહેરા ઉપર હતા. અમને અહીંથી જેલમાં લઈ જવામ આવ્યા, અને ત્યાં અમને કહેવામાં આવ્યું કે પીનલ કોડની ૧૪૩મી કલમમાં જણાવેલ ગુન્હા માટે અમને પકડવામાં આવ્યા છે. આ જાણી અમને જામીન ઉપર છોડવાની અમે માગણી કરી; પરંતુ તે સ્વીકારવામાં ન આવી. કેદખાનામાં અમે અમારા બીછાનાં માગ્યાં અને તે અમને આપવામાં આવ્યાં; પરંતુ અમને અમારે ઘેરથી ખાવાનું મંગાવવાની રજા ન મળી.

૨જી મેએ અમને હાથકડી પહેરાવી લાયલપુર જેલથી કોર્ટ લઈ જવામાં આવ્યા. હાથકડી પહેરાવવા સામે મેં કાયદેસર વાંધો ઉઠાવ્યો એટલે સબ–ઇન્સ્પેક્ટર કોર્ટ ઈન્સ્પેક્ટરની સલાહ લેવા ગયો અને કોર્ટ ઈન્સ્પેક્ટર ડેપ્યુટી કમિશનરને પૂછવા ગયો. અંતે ડેપ્યુટી કમિશનરના હુકમથી અમને હાથકડી પહેરાવવામાં આવી. જેલથી કોર્ટ સુધીના રસ્તે પોલિસ કોન્સ્ટેબલો ગોઠવી દેવામાં આવ્યા હતા, અને અમને રસ્તે મળતાં લોકોને સલામ કરવાની મનાઈ કરવામાં આવી હતી. અમારી માગણીથી ડિસ્ટ્રીક્ટ મેજીસ્ટ્રેટે અમને જેલમાં મળવા આવવા હા પાડી, અને તે દિવસે પોલિસ પોતાના પૂરાવા સાથે તૈયાર ન હતી એટલે અમને પાછા જેલમાં લઈ જવામાં આવ્યા. અમારો કેસ ૧૫ દહાડા ઠેલાયો. જેલમાં એક દિવસ ડેપ્યુટી કમિશનર અમારી આગળ આવ્યો હતો, અને અમારી સાથે બે કલાક સુધી વાતો કરી હતી. અમારો વાંક શું થયો હતો એ અમે એને વારંવાર પૂછતા હતા; પરંતુ એ એકજ વાત બોલ્યા કરતો હતો કે 'પમી અને ૬ઠ્ઠી એપ્રિલની સભાઓને લઈ જે કંઈ થયું તે માટે તમે જવાબદાર છો.'

૩ જી મેએ પોલિસ ઈન્સ્પેક્ટરે મારી જુબાની લખી લીધી; પણ તેમ કરતાં તેને સાત કલાક લાગ્યા. ૨ જી જુને અમને કોર્ટમાં લઈ જવામાં આવ્યા અને ડિફેન્સ ઓફ ઇન્ડિયા એકટની ૨૫ મી કલમની રૂએ અમારા ઉપર આરોપ મૂકવામાં આવ્યા. અમે અમારી સામે જુબાની આપનારાના નામ ઠામ કાયદેસર જાણવા માગ્યા. અને તેઓ શું જુબાની આપવાના છે એ પણ અમારે જાણી લેવું હતું; પરંતુ અમને એ બાબત ના પાડવામાં આવી અને એની જરૂરીયાત વિષે અમે દલીલ કરી એટલે અમને કહેવામાં આવ્યું કે "લાયલપુરમાં તમારા જેટલા શત્રુઓ હોય તેનાં નામ લખી કાઢવાં, અને તેઓને લગતી તમારાથી બને તેટલી હકીકત મેળવી લેવી. તેઓમાંથી કોઇ તમારી સામે જુબાની આપવા આવે તો તમારે તેઓની ઉલટ તપાસ કરવી અને તમે તેઓ વિષે જે કંઈ જાણતા હો તેનો ઉપયોગ કરવો." આ રીતે અમારી વ્યાજબી માગણી ઉડાવી દેવામાં આવી હતી, એટલું જ નહિ પણ અમને અમારા સાક્ષીઓનાં નામ આગળથી આપવાનો હુકમ થયો હતો; પરંતુ મેજીસ્ટ્રેટે માત્ર ૨૪ કલાક પહેલાં ફરિયાદી પક્ષના સાક્ષીઓનાં નામ અમને આપવા કહ્યું હતું, પણ વખત આવતાં તેણે તેમ કર્યું ન હતું. ૬ ઠ્ઠી જુને અમારો કેસ શરૂ થયો; ૩૬ પોલિસના સાક્ષીઓ અને ૧૫૦ માંથી ૬૦ અમારા સાક્ષીઓ તપાસવામાં આવ્યા. અમારો કેસ ચાલતો હતો તે દરમ્યાન માર્શીયલ લોનો અમલ સંકેલી લેવામાં આવ્યો; એટલે અમારો કેસ અસલ ઢબે ચલાવવો રહ્યો. અમે અમારો કેસ બીજી કોર્ટમાં લઇ જવા હાઇકોર્ટને અરજી કરી, પરંતુ હાઇકોર્ટે અમારી અરજી મંજુર ન કરી. અમારા ઉપર કેસ ચલાવવામાં ઘણી ત્રુટીઓ હતી, તે દૂર કરાવવામાં અમે મેજીસ્ટ્રેટ સામે બહુ દલીલ કરી; પરંતુ અમારી દલીલ ઉપર ધ્યાન જ આપવામાં ન આવ્યું અને ખોટી સહી કરનારને કે ખૂનીને જે હક હોય છે તે પણ અમને આપવામાં ન આવ્યા. છેવટે અમને થયું કે મેજીસ્ટ્રેટ સાથે દલીલ કરવી વ્યર્થ છે એટલે અમને ચાર વર્ષની જેલની સજા કરી.

સજા થયા પછી અમને લાહોર જેલમાં લઇ જવામાં આવ્યા. લાહોર સ્ટેશનથી જેલ સુધી બે માઇલ અમારે પગે ચાલી જવું પડ્યું હતું. અમને હાથકડી પહેરાવવામાં

આવી હતી. જેલમાં અમને ઘાસમાં સૂવું પડયું હતું અને અમારી સાથે મહા ગુન્હા કરનારાઓને પૂરવામાં આવ્યા હતા. ખોરાક પણ ન ખાઇ શકાય એવો અમને આપવામાં આવતો. અમને કરવામાં આવેલી સજા સામે અમે અપીલ કરી; અપીલમાં અમે જીત્યા. અમારા ઉપર ચલાવવામાં આવેલો કેસ ગેરકાયદેસર ઠર્યો. એટલે અમને ૨૩ મી જુલાઇએ છોડી મૂકવામાં આવ્યા; પરંતુ તરત જ પાછા પકડવામાં આવ્યા. આ વખતે અમને જામીનગીરી ઉપર છુટા રાખવામાં આવ્યા હતા. ૨૯ મી જુલાઇએ અમે મેજીસ્ટ્રેટ આગળ હાજર થયા. મેજીસ્ટ્રેટે અમને જણાવ્યું કે અમારો આખો કેસ સ્થાનિક સરકાર તપાસે છે અમે તેને હવે એમ લાગ્યું છે કે અમે નિર્દોષ છીએ એટલે હવે અમારા ઉપર કેસ ચલાવવાની રજા સરકાર નહિ આપે. આ પછી અમે વકીલાત શરૂ કરી. થોડા દહાડા રહી મેજીસ્ટ્રેટે અમને ચેતવ્યા કે અમારા ઉપર હજી કેસ ચાલવાનો છે એટલે વકીલાત શરૂ કરી અમારે ગેરવર્તણુંક કરવી ન જોઇએ. જો કે મેજીસ્ટ્રેટે વકીલાત ન કરવાનો અમને હુકમ નહોતો કર્યો તોય અમને થયું કે હાલ તુરત ન કરવામાં લાભ છે.

૧ લી અકટોબરે અમને જામીનગીરી ઉપર ન છોડાય એવા વોરંટથી પકડવામાં આવ્યા, અને એક રાત સુધી અમને ચોકીએ દુર્ગંધવાળી કોટડીમાં ગંદી સાદડી ઉપર સુવાડવામાં આવ્યા. બીજે દિવસે અમને જેલમાં લઇ જવામાં આવ્યા. આ વખતે પણ અમને હાથકડી પહેરાવી કોર્ટમાં લઈ જવામાં આવ્યા હતા; તે સામે અમે ઘણો વાંધો લીધો એટલે મેજીસ્ટ્રેટે હાથકડી પહેરાવવી કે ન પહેરાવવી એનો ફેંસલો કરવાનું પોલિસ સુપરિન્ટેડંટને સોંપ્યું, અને સુપરિન્ટેડંટે હાથકડી કાઢી નાખી.

અમે રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લેતા હોવાથી અમને પકડવામાં આવ્યા હતા, અને મને એમ લાગે છે કે સર ઓડવાયરની મરજીથી જ અમને બધાને કેદ કરવામાં આવ્યા હતા.

સરકારે લોકમતનો અનાદર કરી રોલેટ એકટ પસાર કર્યો એટલે લોકોને બહુ દુ:ખ થયું અને જનસમૂહ પણ અગ્રેસરોના શબ્દ માનવા લાગ્યો કે રોલેટ એકટ ન જોઇએ. આ ઉપરાંત આખી લડાઇ દરમ્યાન સર ઓડવાયરનો અમલ બહુ સખ્ત હતો. અમારા જીલ્લામાં જબરજસ્તીથી વોર લોન ભરાવવામાં આવી હતી. ખીતાબના ભૂખ્યા માન ખાટવા લોકોને દબાવી વોર લોન માટે નાણું કઢાવતા. દરેક ચોરસ...જમીન ઉપર વસનારાઓ પાસેથી ૩૩ રૂપિયા લેવામાં આવ્યા હતા. આમાંથી કોઇને માફી નહોતી મળી. દીવાળ્યાને પણ પૈસા આપવા પડતા. બે ખીતાબના ભૂખ્યાઓએ તો એવી સૂચના કરી હતી દરેક ચોરસ...કટકાના માલીક સરકારને ૩૩ રૂપિયા આપવા. અધિકારીઓએ આ સૂચના કબુલ રાખી, પરંતુ પંજાબ સરકારે બક્ષીસને બદલે લોન તરીકે નાણા લેવાનું ઠરાવ્યું અને તેનું વ્યાજ નાણા ભરનારને ન આપતાં ગામ સુધરાઈમાં વપરાય એવું નક્કી કર્યું. ઉત્તમસિંહ આવી રીતે નાણા આપવા નારાજ હતો; એટલે એના ઉપર કેસ ચલાવવાનું ઠર્યું. તેણે પૈસા ભર્યા એટલે તેની સામેનો કેસ ખેંચી લેવામાં આવ્યો.

ઇમ્પિરીયર વોર રીલીફ ફંડમાં પણ ન છુટકે લોકોએ નાણાં ભર્યાં હતાં. દરેક ચોરસ...જમીન ઉપર ૧૦ રૂપિયા ઉઘરાવવામાં આવ્યા હતા.

લમ્બરદારોને રંગરૂટ પૂરા પાડવા પડતા, અને તેમાં તેઓ નિષ્ફળ જતા તો તેઓની લમ્બરદારી લઇ લેવામાં આવતી. ઘણા લમ્બરદારોને આ કારણસર કાઢી મૂકવામાં આવ્યા છે. આથી રંગરૂટની કિંમત ૫૦૦ રૂપિયા જેટલી થઇ હતી. પોલિસ લોકોને બોલતાં બંધ કરતી, અને મેજીસ્ટ્રેટ લોકોને જામીનગીરી ઉપર છોડવા ના પાડતો. જ્યાં સુધી તેઓ રંગરૂટ આપવા કબુલ થતા નહિ ત્યાં સુધી તેઓને કોટડીમાં પૂરી રાખવામાં આવતા. ફોજદારી ગુન્હેગારો રંગરૂટ થવા હા પાડતા તો તેઓ ઉપરનો કેસ પણ ખેંચી લેવામાં આવતો.

આવા બધા કારણસર લોકો દુઃખી થઈ રહ્યા હતા; અને એથી જ તેઓએ ખુશીથી હડતાળ પાડી હતી.

લાયલપુરમાં તોફાન થયું નહતું. સરકારી ભુસામાં આગ અકસ્માતથી લાગી હતી. આ વાત ૫ મી જુલાઈએ ડિસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટે આપેલા ચુકાદા ઉપરથી સિધ્ધ થઈ છે, છતાં લાયલપુર જીલ્લામાં માર્શીયલ લોનો અમલ ૪૮ દિવસ સુધી ચલાવવામાં આવ્યો હતો; તે દરમ્યાન કોઈની આઝીદી કે મિલકત સહિસલામત ન હતાં. પોલિસ ગમે તેને પકડી ચોકીએ બેસાડતી; અને લોકો પાસેથી મનમાન્યા પૈસા કઢાવતી. કોઈની પદવી કે આબરૂનો ખ્યાલ ન કરતી. ઘણાઓને અમારી સામે જુબાની ન આપવા સારૂ જેલમાં પૂરવામાં આવ્યા હતા. અમને પણ પોલિસના સાક્ષી કરવા અનેક પ્રકારની ધમકીઓ આપવામાં આવી હતી. માર્શીયલ લો દરમ્યાન અંગ્રેજોએ પણ ખોટી જુબાનીઓ ઘડી કાઢવામાં ભાગ લીધો હતો.

૫૧૭.

લાલા બોધરાજની જુબાનીઃ વકીલ, લાયલપુર.

હું ૨૨ વર્ષ થયા લાયલપુરમાં વકીલાત કરૂં છું; હું જીલ્લા કોંગ્રેસ કમિટીનો પ્રમુખ છું અને લાયલપુરમાં પંજાબ નેશનલ બેંકનો ડાયરેકટર છું.

કોંગ્રેસ કમિટીએ ૫ મી અને ૬ ઠ્ઠી એપ્રિલે રોલેટ એકટ સામે વિરોધ દર્શાવવા અને મહાત્મા ગાંધીનો સંદેશો લોકોને સમજાવવા જાહેર સભા બોલાવી હતી. ૫ મી તારીખની સભા ડિસ્ટ્રિકટ મેજીસ્ટ્રેટની રજાથી શાહીબાગમાં મળી હતી. સભાનો પ્રમુખ હું હતો; તેમાં જે ભાષણો કરવામાં આવ્યાં હતાં તે બધાં હું અગાઉથી વાંચી ગયો હતો. ભાષણોમાં ગેરકાયદેસર જેવું કંઇ ન હતું. ૬ ઠ્ઠી તારીખે મહાત્મા ગાંધીની સૂચનાનુસાર હડતાળ પાડી હતી. શહેરની તમામ દુકાનો બંધ હતી; લોકોએ પોતાની મેળે જ તેમ કર્યું હતું.

૧૦ મી તારીખે મહાત્મા ગાંધીના પકડાયાની ખબર આવી કે લોકોએ હડતાળ પાડી. આ હડતાળ ૧૫ મી તારીખ સુધી ચાલી, પરંતુ આ દિવસોમાં લાયલપુરમાં કે લાયલપુર જીલ્લાના બીજા કોઇ ભાગમાં ક્યાંય તોફાન કે ગડબડ થયાં નહતાં. માત્ર એક ઠેકાણે કેટલાક તોફાનીઓએ એક “ઇન્સ્યુલેટર” ભાંગી નાંખ્યું હતું. આ માટે કેટલાક છોકરાઓને સજા કરવામાં આવી હતી; પરંતુ લોકો માને છે કે આ છોકરાઓ નિર્દોષ હતા.

૧૭ મી એપ્રિલે સરકારી ભુસામાં આગ લાગી; તે કેવળ અકસ્માત જ હતો એમ ભુસાને લગતા ચાલેલા મુકદ્દમામાં સિધ્ધ થયું છે. આ ઉપરાંત લાયલપુરથી ૪૦ માઇલ દૂર તોબા ટેકસિંહ આગળ કેટલાક બદમાશોએ રેલ્વે લાઇનને નુકસાન કર્યું હતું; પરંતુ આને લાયલપુરમાં ચાલેલી ચળવળ સાથે કશો સંબંધ ન હતો એમ મેજીસ્ટ્રેટે કબુલ કર્યું છે.

આમ છતાં ૨૨ મી એપ્રિલે અમને ત્રણ વકીલોને અને બીજા નવ આબરૂદાર શહેરીઓને પકડવામાં આવ્યા, ૨૪ મી તારીખે લાયલપુરમાં માર્શીયલ લૉનો અમલ શરૂ થયો. અમને પકડતી વખતે પોલિસ અને લશ્કરે શહેરને ઘેરી લીધું હતું. તેઓ પાસે મશીનગનો અને ઉઘાડી બેયોનેટ સાથે બંદુકો પણ હતી. અમને દરેકને પકડી ટાવર પાસે લઈ જવામાં આવ્યા હતા, અને ત્યાંથી પૂર લશ્કરી ઠાઠ સાથે જેલમાં લઇ જવામાં આવ્યા હતા. જેલમાં અમને ખબર પડી કે અમને પીનલકોડની ૧૪૩ મી કલમમાં જણાવેલા ગુન્હા સારૂ પકડવામાં આવ્યા છે, એટલે અમને જામીનગીરી ઉપર છોડવાની અમે માગણી કરી; પરંતુ એ સ્વીકારવામાં આવી નહિ; કારણકે અમારા ઉપર બીજા વધારે ગંભીર આરોપો મૂકાવાના હતા. અમને ૧૬ મી જુન સુધી જેલમાં રાખવામાં આવ્યા, પછી મને ચાર વર્ષની જેલની સજા અને ૧૦૦ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો. ૨૪ મી જુને અમને લાહોરની મુખ્ય જેલમાં લઈ જવામાં આવ્યા. તે વખતે અમને હાથકડી અને બેડી પહેરાવવામાં આવી હતી અને પગમાં વજનદાર લોઢાનાં કડલાં ઘાલવામાં આવ્યાં હતાં. આથી મારા પગમાંથી લોહી ઝરતું હતું. આવી હાલતમાં સ્ટેશનથી જેલ બે માઇલ ચલાવી મને લઇ જવામાં આવ્યો હતો.

અમને પકડવામાં આવ્યા ત્યારથી તે અમારા ઉપરનો મુકદ્દમો ખલાસ થયો ત્યાં સુધીમાં અમને જેલમાંથી શહેરમાં અને શહેરથી જેલમાં લઈ જવા વખતે લોઢાની હાથકડી પહેરાવવામાં આવતી. અમે જેલના ધારા પ્રમાણે અમારે ઘેરથી ખાવાનું મંગાવવાની માગણી કરી તે કબુલ રાખવામાં આવી નહિ, એટલું જ નહિ પણ અમને એમ પણ સંભળાવવામાં આવ્યું કે મહાત્મા ગાંધીના કહેવાથી અમે ઉપવાસ કરી શકીએ છીએ તો પછી અમારે જેલમાં મળતા ખોરાકથી ચલાવવું જોઇએ.

મુકદ્દમો ચાલતો હતો તે દરમ્યાન સવારના ૧૦ વાગ્યાથી સાંજના ૭ વાગ્યા સુધી અમારે ઉભા રહેવું પડતું, પરંતુ તેટલા વખતમાં અમને એક જ દિવસ મેજીસ્ટ્રેટે નાસ્તો કરવાની રજા આપી હતી. મેજીસ્ટ્રેટે અમને અમારી સામે નોંધવામાં આવેલી વીગતો મુકદ્દમો શરૂ થયો તે પહેલાં અને પછી પણ વાંચવા દીધી ન હતી. અમને લાગુ પાડવામાં આવેલી કલમ પ્રમાણે અમને જામીન ઉપર છોડવા જોઈતા હતા; પરંતુ મેજીસ્ટ્રેટે તેમ કરવા ના પાડી હતી. અમારી સામેના સાક્ષીઓનાં નામ અમને આપવામાં નહોતાં આવ્યાં; પરંતુ અમારા સાક્ષીઓનાં નામ તેણે લીધાં હતાં. આથી કરી અમારા કેટલાક સાક્ષીઓએ સાચી વાત છુપાવી હતી.

૯ મી જુને માર્શીયલ લૉનો અમલ બંધ થયો એટલે અમારો કેસ પણ અસલી રીતે ચલાવવામાં આવ્યો. અમે હાઈકોર્ટ પાસે અમારો કેસ બીજી કોર્ટમાં ચલાવવા મા-

ગણુી કરી; પરંતુ તે નામંજુર થઇ. આ પછી ઉપર જણાવ્યા પ્રમાણે મને સજા થઇ. મેં અપીલ કરી અને અપીલમાં મારા ઉપર ચલાવવામાં આવેલો મુકદ્દમો ગેરકાયદેસર ઠર્યો.

કોંગ્રેસ કમિટીનો પ્રમુખ અને આર્યસમાજનો સભ્ય હોવાથી મને આ રીતે પજવવામાં આવ્યો હતો. આ બંને સંસ્થા ઉપર અધિકારીઓનો કડવો ડોળો છે.

૫૧૮

હકીમ નૂર-ઉદ્-દીનની જુબાની: ઉમર વર્ષ ૫૦; સરકારી દાક્તર; લાયલપુર.

૧૨ મી એપ્રિલે રાત્રે હું મારે ગામથી લાયલપુર આવ્યો. ૧૩ મી તારીખે મહાત્મા ગાંધીને પંજાબ આવતાં રોકવામાં આવ્યા માટે લોકોએ હડતાળ પાડી. તેજ દિવસે બપોરના સરદાર અનંતરામે હડતાળ બંધ કરાવવા વિષે વિચાર ચલાવવા કેટલાક પ્રતિષ્ઠિત માણસોને ભેગા કર્યા. તેઓએ એક જાહેર સભા કરી લોકોને સંતોષ આપવાનું ઠરાવ્યું; પરંતુ મેજીસ્ટ્રેટે સભા ભરવાની રજા ન આપી. બીજે દિવસે સંતસિંહ, હું અને બીજાઓ લાલા શિવ નારાયણને ત્યાં ભેગા થયા, અને પછી અમે બધાએ શહેરમાં ફરી દુકાનો ખોલાવવાનો પ્રયત્ન કર્યો. અમારા કહેવાથી દુકાનદારો દુકાન ઉઘાડવા લાગ્યા, પરંતુ તેવામાં કોઇએ કેરણ સ્કુલની સિખ છોકરીઓ સાથે અમૃતસર સ્ટેશને ચલાવવામાં આવેલા ખરાબ વર્તાવની વાત ચલાવી. આથી લોકો ગરમ થઈ ગયા, અને રસ્તે ઉભા રહી ચર્ચા કરવા મંડી પડ્યા. એટલે અમે તેઓને "ધર્મશાળા"માં લઇ ગયા, અને ત્યાં સાંજના સભા કરવાનું ઠરાવવામાં આવ્યું. સાંજના ઈદગાહમાં સભા થઇ. સભાનો પ્રમુખ હું હતો. ગુલામ બારી સાહેબે લોકોને દુઃખ લાગે એવાં વેણ ઉચ્ચાર્યાં; પરંતુ લોકો મુંગા રહ્યા. આ પછી હડતાળનો ફેંસલો કરવા ૨૦ જણાની એક કમિટી નીમવામાં આવી. આ સભામાં કેટલાક જણ સિખ છોકરીઓની વાત ચર્ચવા ઇચ્છતા હતા, પરંતુ મેં તેઓને તેમ કરતાં રોકયા; કારણ કે કોઈની પાસે ભરોસાદાર ખબર ન હતી. આ પછી ૨૦ જણાની કમિટી બે વાર મળી. તેણે ત્રણ ઠરાવ કર્યા. હડતાળ બંધ કરવી; દર મંગળવારે રાજા-પ્રજા વચ્ચેની ખટાશ દૂર થાય એવી પ્રાર્થના કરવી; અને સિખ છોકરીઓ સાથે કરવામાં આવેલી ગેરવર્તણુક બાબત તપાસ કરવા બે જણને કેરણ મોકલવા. આ પછી હડતાળનો અંત આવ્યો.

પણ ૨૨ મી તારીખે સવારના પહોરમાં મને તથા બીજા ૧૨ જણને પકડવામાં આવ્યા. મને બીનપાયાદાર પુરાવાના આધારે દોઢ વર્ષની સજા કરવામાં આવી.

મને પકડ્યા પછી પોલિસ સુપરિન્ટેન્ડંટ મિ. સ્મિથ અને પોલિસ ઇન્સ્પેકટરે મને ખોટી જુબાની આપી જેલમાં જતાં બચી જવા કહ્યું. આ પછી ડેપ્યુટી કમિશનર વતી બે જણા મારી પાસે આવ્યા. તેઓએ કહ્યું: "તમારે અનંતરામ અને સરદાર ગુલાબ-સિંહ સામે જુબાની આપવી, અને તેમ કરશો તો તમે બચી જશો. ગઇ કાલે જ નવ જણાને ફાંસીની સજા થઇ છે, અને તેઓની મિલકત જપ્ત કરવામાં આવી છે. તમને એક જ છોકરો છે. તેની ઉપર દયા ખાઓ." આના જવાબમાં મેં કહ્યું: "જો કે મારી દુન્યવી આઝાદી છીનવી લેવામાં આવી છે, મારો ધર્મ હજી મારી પાસે છે. સત્યનો માર્ગ હું ન છોડું વાસ્તે ઈશ્વર મને બળ આપો. હું મરણથી કે જપ્તીથી ડરતો નથી. ઈશ્વર જ મારા ઉપર અને મારા દીકરા ઉપર દયા કરશે. મારો આ સંદેશો ડેપ્યુટી કમિશનરને

આપજો અને કહેજો કે જો મને સાક્ષી કરવામાં આવશે તો હું સાચી જ હકીકત રજુ કરીશ. અને નહિ તો મને ખેંચ ન કરો." આ પછી તેઓ મારી પાસેથી જતા રહ્યા.

* * * * *

૫૨૦

રામદાસ છોકરા, એલ. એલ. બી. (લંડન), બેરિસ્ટરની જુબાનીઃ લાયલપુર.

વર્ષની શરૂઆતમાં લાયલપુરમાં એક જીલ્લા કૉંગ્રેસ કમિટી સ્થાપવામાં આવી. હડતાળ, પ્રાર્થના અને ઉપવાસ વિષેના મહાત્મા ગાંધીના સંદેશાનો વિચાર કરવા આ કમિટી મળી હતી. ડેપ્યુટી કમિશનરની પરવાનગી મેળવી ૫ મી અને ૬ ઠ્ઠી એપ્રિલે જાહેર સભા કરવાનું અને ૬ ઠી તારીખે હડતાળ પાડવા લોકોને કહેવાનું ઠરાવવામાં આવ્યું હતું. બંને સભામાં મહાત્મા ગાંધીનો સંદેશો લોકોને સમજાવવામાં આવ્યો હતો. રોલેટ એકટ અને દિલ્હીમાં થયેલા તોફાન વિષે ઠરાવો કરવામાં આવ્યા હતા. ૬ ઠ્ઠી તારીખે બધી દુકાનો બંધ રહી હતી. આ સિવાય બીજી કોઈ પ્રવૃત્તિ સાથે કોંગ્રેસ કમિટીને કશો સંબંધ ન હતો.

૫ મી તારીખની સભામાં મેં સત્યાગ્રહ વિષે એક લેખ વાંચ્યો હતો. આ લેખમાં મહાત્મા ગાંધીના સત્યાગ્રહ ઉપરના લેખમાંથી ઉતારા કરવામાં આવ્યા હતા, છતાં આ ગુન્હો લેખાયો હતો અને ૨૬ મી એપ્રિલે કમાન્ડિંગ ઓફિસરે મને માર્શીયલ લૉનો અમલ ખલાસ ન થાય ત્યાં સુધી લાયલપુર મ્યુનિસિપાલિટીની હદમાં રહેવા હુકમ કર્યો. આ દરમ્યાન મારે બે વાર લાયલપુર બ્હાર જવાનું થયું; બંને વાર થોડોક વખત બ્હાર રહેવા મને રજા મળી હતી; પરંતુ રજા મેળવવામાં મારે ઘણી હાડમારી અને નામોશી વેઠવી પડી હતી. પ્રથમ તો મારે ડિસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ પાસેથી ભલામણ લેવી પડી. આ ભલામણ કમાન્ડિંગ ઓફિસરને મેં બતાવી અને ઓફિસરે પોલિસ સુપરિન્ટેંડંટ પાસે પરવાનો લેવા મને મોકલ્યો.

લાયલપુરની હદમાં રહેવાના હુકમ કરતાં બીજો એક વધારે કડક હુકમ મને કરવામાં આવ્યો હતો. કચેરી બજારમાં આવેલી મારી ઓફીસ ઉપર માર્શીયલ લૉને લગતી જાહેર ખબર મૂકવામાં આવી હતી. ઓફીસથી મારૂં ઘર ઓછામાં ઓછું અર્ધો માઇલ દૂર છે. આટલે દૂરથી જાહેર ખબરની સંભાળ રાખવાનું કામ કઠણ હતું, એટલે મેં કમાન્ડરને એક નમ્ર અરજ કરી, પરંતુ તે કબુલ રાખવામાં ન આવી. મેં એવી અરજ કરી કે ઓફીસથી મારૂં ઘર દૂર હોવાથી મારી ગેરહાજરીમાં જાહેરખબર ઓફીસે ન ચોટાડતાં મને હાથોહાથ આપવી, કારણ કે જાહેર ખબર મૂકાયાની ખબર મને પડે તે પહેલાં કોઈ તે ફાડી પણ નાખે એવી બ્હીક રહેતી. આ ઉપરાંત જાહેર ખબરો એક પાટીયા ઉપર ચોડવા મેં રજા માગી. મારો એવો ખ્યાલ હતો કે આખો દિવસ જાહેર ખબરનું પાટીયું બ્હાર રાખવું અને રાત્રે અંદર મુકી દેવું. આમ કરવાથી જાહેર ખબરની સંભાળ રાત્રે રાખવી ન પડે. કમાન્ડરને મારી માગણી વ્યાજબી લાગી, પરંતુ ડેપ્યુટી કમિશનરને પૂછી મને જવાબ આપવા કહ્યું. બીજે દિવસે મને જવાબ મળ્યો કે દરરોજ સાંજના પોલિસ સુપરિન્ટેન્ડંટની આફીસેથી મારે જાણી લેવું કે માર્શીયલ લૉને લગતી કોઈ જાહેર ખબર ચોટાડવાની છે કે નહિ, પરંતુ બીજી અરજનો જવાબ મને ન મળ્યો.

આ પછી હું ડેપ્યુટી કમિશનરને મળ્યો અને મને શા સારૂ આમ પજવવામાં આવે છે એ વિષે ચોખ્ખે ચોખ્ખું પૂછ્યું. તેણે કહ્યું: 'તમારા માટે હું સારૂ સાંભળતો નથી.' મેં કહ્યું: "હું તેજ જાણવા અહીં આવ્યો છું, મારી સામે તમે શું ખાસ સાંભળ્યું છે એ મને મહેરબાની કરી જણાવશો ?" એટલે તેણે પોલિસની નોંધ જોઇ જવા મને વચન આપ્યું. આ પછી બે વાર હું તેની પાસે ગયો અને બંને વખત મને એક જ જવાબ મળ્યો કે તેને નોંધ જોવા વખત મળ્યો નથી. આજ સુધી અધિકારીઓના આવા વિલક્ષણ કાર્ય માટેનાં કારણ મારા જાણવામાં આવ્યાં નથી.

૫૨૧.

લાલા ચિંતરામ થપર, દુકાનદારની જુબાનીઃ લાયલપુર.

લાયલપુરમાં ૧૮–૧૯ વર્ષ થયાં મારી દુકાન છે. દુકાન તરફથી દર વર્ષે હું ૧૦૪ રૂપિયા ઈન્કમટેક્સના ભરૂં છું. હું જીલ્લા કોંગ્રેસ કમિટીનો સભાસદ છું.

કોંગ્રેસ કમિટીએ ૫મી અને ૬ઠ્ઠી એપ્રિલે જાહેરસભા ભરી હતી. ૬ઠ્ઠી એ લાયલપુરમાં તમામ દુકાનો બંધ રહી હતી. મહાત્મા ગાંધીના પકડાયાના અને ડૉ. કિચલુ અને ડૉ. સત્યપાલ શહેરપાર થયાના સમાચાર આવતાં લોકોએ ૧૩મી તારીખે બીજી હડતાળ પાડી હતી. આ પછી અગ્રેસરોના પ્રયત્નથી ૧૫મી તારીખે દુકાનો ઉઘડી.

૧૭મી તારીખે સરકારી ભુસામાં અકસ્માતથી આગ લાગી, તેથી લોકો અને અમલદારો પોતપોતાના કારણુસર ગભરાયા.

૨૨મી એપ્રિલે સવારે હજી તો લોકો જાગ્યા ન હતા ત્યારે શહેરની ચોમેર મશીનગનો ગોઠવી દેવામાં આવી, અને બ્રિટિશ સોલજરોએ શહેરને ઘેરો ઘાલ્યો, તથા ૧૨ એક જણને પકડવામાં આવ્યા. હું પણ પકડાયો હતો. અમારામાંથી બે ત્રણ જણ સિવાય બાકીના બધાને જેલમાં ખાલી કોટડીમાં પૂરવામાં આવ્યા હતા. અમને અમારાં બીછાનાં આપવામાં આવ્યાં હતાં, પરંતુ ખોરાક ઘેરથી મંગાવવાની રજા નહોતી મળી. ૨જી મેએ અમને બેબેને હાથકડી પહેરાવી કોર્ટમાં લઈ જવામાં આવ્યા. અમે આ સામે વાંધો લીધો, પરંતુ આ રીતે જ અમને જેલથી કોર્ટમાં અને કોર્ટથી જેલમાં લઇ જવામાં આવ્યા. કોર્ટમાં પણ અમારી હાથકડી કાઢવામાં નહોતી આવી; અને અમને ઉભા રાખવામાં આવ્યા હતા. મને ગુન્હો કબુલ કરી ફરિયાદી પક્ષનો સાક્ષી કરવા પ્રયત્ન થયો હતો તે વિષે ખુદ ડેપ્યુટી કમિશનરના હાથનો કાગળ મને મારા એક દોસ્તની મારફત પહોંચાડવામાં આવ્યો હતો. મને કાળા પાણી મોકલવાની અને ફાંસીએ ચઢાવવાની ધમકી પણ આપવામાં આવી હતી. મારાથી ચૂપ રહેવાયું નહિ; મેં મારા દોસ્તને કહ્યું: "ઘણાના ભોગે તું મને બચાવવા માગે છે. પરંતુ બીજા નિર્દોષ માણસોને ફાંસીના લાકડે ચઢાવી મારા પોતાના પ્રાણ બચાવવા મને મારો ધર્મ ના પાડે છે." આ પછી પોલિસ સુપરિન્ટેન્ડંટ અને ઇન્સ્પેક્ટરે મને દાબી જોયો; પરંતુ હું તો મક્કમ જ રહ્યો. એટલે ૨જી જુને મારા ઉપર કેસ ચલાવવામાં આવ્યો, અને મેજીસ્ટ્રેટે મને દોઢ વર્ષની સજા કરી. મારો કેસ ઘણી રીતે ગેરકાયદેસર ચલાવવામાં આવ્યો હતો, આરોપિતને કાયદાપૂર્વક મળવી જોઇતી સગવડો પણ મને આપવામાં આવી ન હતી. મને તથા બીજાઓને શિક્ષા થયા પછી અમને લાહોરની મુખ્ય જેલમાં લઈ જવામાં આવ્યા. સવારના ૧૧ વાગે સખ્ત તાપમાં અમને સ્ટેશનથી

કોર્ટ સુધી હાથે કડી અને પગે બેડી પહેરી ચાલી જવું પડયું હતું. બેડીને લઈ અમારા પગમાં ઘા પડયા હતા. લાહોરમાં એક દહાડો રહ્યા પછી બેડીઓ કાઢવામાં આવી હતી. જેલમાં અમને ઘણી હાડમારી સહન કરવી પડી હતી.

લોકો અનેક કારણુસર દુઃખી થઇ રહ્યા હતા એટલે તેઓએ પોતાની મેળે હડતાળ પાડી હતી. લડાઇ દરમ્યાન રંગરૂટ મેળવવા માટે ઘણી સખ્તાઈ લોકો ઉપર ચલાવવામાં આવી હતી, અને વોર લોન ઉઘરાવવામાં પણ બહુ કડક ઇલાજો લેવાયા હતા. ઈન્કમટેક્સ ઉઘરાવવાની પદ્ધતિ પણ લોકોને ખુંચતી હતી. આવી સ્થિતિમાં સરકારે રોલેટ એક્ટ ઘડયો; એટલે લોકોએ તેની સામેની ચળવળમાં હોંશથી ભાગ લીધો.

× × × × ×

૫૨૪

અમીચંદ રામચંદની જુબાનીઃ લાયલપુર.

લાહોરની અમારી પેઢીની શાખાનું કામકાજ તપાસવા હું ૫મી એપ્રિલે કલકત્તાથી લાહોર જઈ પહોંચ્યો. ત્યાં હડતાળ વિગેરે હતું, એટલે હું મારી ગર્ભવતી સ્ત્રીને મારે ગામ લાયલપુર ૧૪મી તારીખે લઇ ગયો. ૨૨મી તારીખે સવારના પહોરમાં ડેપ્યુટી કમિશનર અને બે અમલદારો પીસલ લઈ મારે ઘેર આવ્યા; મારી ચોપડીઓ તપાસી અને મને પકડી ગયા. મને તથા બીજા પકડાયલાઓને હથિયારબંધ સોલજરો અને કોનસ્ટેબલના પહેરા હેઠળ જેલમાં મોકલવામાં આવ્યા. અમને જેલમાં ૨૭ મે સુધી રાખવામાં આવ્યા. અહીં અમને ઘરનો ખોરાક ખાવાની રજા આપવામાં નહોતી આવી, અને આગળ ઉપર અમારે જેલનો ખોરાક ખાવો પડશે એટલે અમારે એની ટેવ પાડવી જોઇએ એમ અમને કહેવામાં આવ્યું હતું.

મે મહિનામાં અમને ત્રણવાર હાથકડી પહેરાવી કોર્ટમાં લઇ જવામાં આવ્યા હતા. ચોથીવાર અમને ૫મી જુને લઇ જવામાં આવ્યા, અને તે દિવસે મને ત્રણ માસની સજા કરવામાં આવી. મારા સાક્ષીઓને મુદ્દલ તપાસવામાંજ નહોતા આવ્યા.

આ પછી ૬ઠ્ઠી જુને મને બીજા એક આરોપ માટે કોર્ટમાં લઇ જવામાં આવ્યો હતો. ૧૮મી જુને કોર્ટે મને બીજા બે વર્ષની સજા કરી હતી.

પકડાયા પછી મારે ઘણું દુઃખ સહન કરવું પડયું હતું. મને પીશાબમાં રોગ લાગુ પડયો; હજી સુધી તે મટયો નથી. મારી સ્ત્રીને ઘણી માનસિક વેદના વેઠવી પડી; પરિણામે તેના પેટમાં છોકરૂં મરી ગયું અને પેટ ઉપર વાઢકાપ કરાવવો પડયો. તે પણ હજી સાજી થઇ નથી.

કોર્ટમાં એક દિવસ મારી ૮૦ વર્ષની મા મને જોવા આવી હતી. મને જોઇ તે રડવા લાગી એટલે પાસે ઉભેલા પોલિસ ઇન્સ્પેક્ટર લાલા ઠાકરદાસે તેને તમાચો ખેંચી કાઢયો.

૧૮મી સપ્ટેમ્બરે હું છુટયો; પણ તરત મારા ઉપર બીજો આરોપ મૂકવામાં આવ્યો. થોડો વખત રહી આ નવો આરોપ ખેંચી લેવામાં આવ્યો.

મને પાછળથી ખબર પડી કે હું બંગાળાથી આવેલો હોવાથી મારા ઉપર પોલિસ વ્હેમાઇ અને તેને લાગ્યું કે હું વખતે મારી સાથે બોંબ અને તેવા બીજા હથિયાર લાવ્યો હઇશ. આ કારણથી ઓફિસરો મને પકડવા મારે ઘેર હાથમાં પીસતોલ લઇ આવ્યા હતા.

૫૨૫.

વિષ્ણુદાસ નથુમલ, સોનીની જુબાનીઃ લાયલપુર.

૬ઠ્ઠી એપ્રિલે લાયલપુરમાં હડતાળ પડી હતી. હું અભણ માણસ હોવાથી મેં તેનું કારણ બીજાઓ પાસેથી જાણી લીધું હતું. તે દિવસે મેં પણ મારી દુકાન બંધ રાખી હતી.

“ વૈશાખી યાત્રા ” ને દિવસે લાયલપુરમાં બીજી હડતાળ પડી હતી. તે દિવસે એક દુધવાળો મને દુધ અને સાકર માટે એક રૂપિયો આપી કહેતો ગયો હતો કે મારે ‘ લાસી ’ બનાવી લોકોને પાવી. મેં તેમ કર્યું હતું; અને પોલિસ સિપાઇઓને પણ ‘લાસી’ પાઈ હતી. પોલિસ સુપરિન્ટેન્ડંટે મને તેમ કરતાં જોયો હતો છતાં રોક્યો ન હતો, એટલું જ નહિ પરંતુ તેમ કરવું ચાલુ રાખવા મને ઉત્તેજન આપ્યું હતું. બીજાઓએ પણ એક બે રૂપિયા આ સારૂ મને આપ્યા હતા.

હડતાળનો અંત આણવા સારૂ “ ધર્મશાળા ” માં એક સભા થઇ હતી, અને બીજી સભા ઈદગાહમાં ભરાઈ હતી. ૧૫મી તારીખે શહેરની બધી દુકાનો ખુલ્લી ગઈ હતી.

૨૨મી એપ્રિલે સવારે મને પકડવામાં આવ્યો અને જેલમાં પૂરવામાં આવ્યો. મારા ઉપર અમીર કંદોઈનું દુધ ઢોળી નાખવાનો અને બુલાખીની દુકાન આગળ તોફાન કરાવવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. તે માટે મને ત્રણ માસ સુધી જેલમાં રહી મજુરી કરવાની સજા અને આઠસો રૂપિયાનો દંડ કરવામાં આવ્યો હતો. પરંતુ હું તદ્દન નિર્દોષ હતો. આ પછી લાયલપુરના અગ્રેસરો સાથે મને નિષ્કારણ બીજા નવ માસની સજા કરવામાં આવી હતી. જેલમાં મારે બહુ કષ્ટ વેઠવું પડયું હતું.

૫૨૬.

સોહનલાલ રામકિશન, કોન્ટ્રાકટરની જુબાનીઃ જંગશાખાનો ચક નં. ૨૮; લાયલપુર જીલ્લો.

અડાહમાં મારા હાથમાં એક કન્ટ્રાકટ હતો એટલે હું ત્યાં રહેતો હતો. ૨૩ મી એપ્રિલે સવારના સાડાચાર વાગ્યાના સુમારે ડેપ્યુટી કમિશનર અને પોલિસ સુપરિન્ટેન્ડંટ કેટલુંક અંગ્રેજ અને હિંદી લશ્કર લઈ મારા ઘર આગળ આવ્યા અને મને પકડી લઇ કામ્યાલા ગામ ગયા. ત્યાં ગામના બધા માણસોને બ્હાર કાઢી મૂકવામાં આવ્યા, તેઓમાંથી દશ જણાને પકડવામાં આવ્યા. અહીંથી અમને નોરવાલાલ લઈ જવામાં આવ્યા, ત્યાં બીજા ગામોમાંથી લોકોને પકડી લાવવામાં આવ્યા. પછી અમને બધાને લાયલપુર રવાના કરવામાં આવ્યા. ત્યાં મને ૧૫ દિવસ સુધી પોલિસ ચોકીએ રાખવામાં આવ્યો. મને દરરોજ પોલિસ સુપરિન્ટેડંટ આગળ ઉભો કરવામાં આવતો અને ડૉ. દીનાનાથના છોકરાઓ અને બીજાઓ સામે જુબાની આપવા કહેવામાં આવ્યું. પરંતુ મેં ખોટી જુબાની આપવા ના પાડી, એટલે મને જેલમાં પૂરવામાં આવ્યો. ૨૨મી મેએ મને ડેપ્યુટી કમિશનરે છોડી મૂકયો.

ત્રણ ચાર મહિના રહી મારા મામા હુકીમરાયનું, મારા ભાઇનું અને મારૂં ઘર સરકારે જપ્ત કર્યું. અમે ડેપ્યુટી કમિશનરને અરજ કરી, પણ તે ઉપર ધ્યાન દેવામાં ન આવ્યું. અમે લશ્કરના માણસોને પજવીએ છીએ એવો આરોપ અમારા ઉપર મૂકવામાં આવ્યો. મઝાબી સિખો હું રહું છું ત્યાં રહે છે. તેઓનો વડો હેરિસન માર્શીયલ લૉના અમલ

દરમ્યાન અમારા વિભાગનો ઉપરી હતો અને સુંદરસિંહ તેનો કારકુન હતો. તેણે અમારી વિરૂદ્ધ કમાન્ડિંગ ઓફિસર પાસે લખાણ કરાવ્યું; એ ઉપરથી ડેપ્યુટી કમિશનરે આવી સખ્ત હુકમ અમારા ઉપર બજાવ્યો.

તે ગામમાં અમારાં કેટલાંક મકાનો છે. અમે ત્યાં છેલ્લાં બે વર્ષ થયાં રહીએ છીએ. જપ્તીના હુકમથી અમે બહુ વિટંબણામાં આવી પડ્યા છીએ.

૫૨૭

ગોપાલદાસ દેવી દિત્તામલની જુબાની: લાયલપુર.

લાયલપુરની તાર ઓફિસમાં ૨૦ મહિના થયાં હું નોકરી કરૂં છું. ૨૩ મી અને ૨૫ મી મેએ હું કમાન્ડિંગ ઓફિસરને તાર આપવા ગયો હતો. પહેલે દિવસે મેં એને સલામ નહોતી ભરી એમ કહી મારૂં નામઠામ તેણે લખી લીધું. બીજે દિવસે જોડા પહેરી હું બેઠો હતો એ ખંડમાં દાખલ થવા જતો હતો એમ એને લાગ્યું. પરંતુ મેં સલામ કરી હતી, અને જોડા પહેરી હું અંદર જવાનો જ ન હતો. સાહેબ ખંડમાં છે કે નહિ એ જાણી લેવા મેં માત્ર ડોકીયું કરી જોયું હતું, છતાં ૨૭ મી તારીખે મને તેણે પાંચ ફટકા ખાવાની સજા કરી હતી. જેલમાં મને તદ્દન નાગો કરી ફટકા મારવામાં આવ્યા હતા.

૫૨૮

હરિચંદ કિશનચંદ ઘડીઆળીની જુબાની: ઉમર વર્ષ ૩૫; લાયલપુર.

૨૧ મી મેએ અમિરચંદ કોન્સ્ટેબલે મારી પાસે લાંચ માગી, પણ મેં ન આપી એટલે તે મને પકડી ચોકીએ લઈ ગયો. મહમદ હુસેન નામના માણસને મારા ન્હાના ભાઇ સાથે અદાવત હતી. માર્શીયલ લૉને લઈ અમારા ઉપર વેર લેવાની તેણે તક લીધી. ૧૩ મી એપ્રિલે રાતના શહેરમાં ભટકયાનો આરોપ મારા ઉપર મૂકવામાં આવ્યો, પરંતુ તે વખતે હું લાલા શંકરદાસ, સરકારી એડવોકેટના ઘેર હતો. એડવોકેટે તથા પ્રોફેસર જગતસિંહે મારા બચાવમાં જુબાની આપી હતી. પરંતુ કોર્ટે તેના ઉપર ધ્યાન ન આપ્યું અને મને સજા કરી. અઢી મહિના જેલ ભોગવી હું છુટો થયો છું.

૫૨૯

નાથાઈખાનની જુબાની: લાયલપુર.

હું સરદાર સંતસિહ વકીલનો કારકુન છું. ૭ વર્ષ થયાં હું એની નોકરી કરૂં છું. ૨૦ મી મેએ મને ચોકીએ બોલાવવામાં આવ્યો અને પોલિસ ઇન્સ્પેકટરે મારી પાસે સંતસિંહના ભાઈ અને ભત્રીજા સામે જુબાની અપાવવા તજવીજ કરી, પરંતુ નિર્દોષ માણસો સામે ખોટી જુબાની આપવા મેં ના કહી. ઇન્સ્પેકટરે અને પોલિસ સુપરિન્ટેડંટે મને દબાવવા બહુ મહેનત કરી, વકીલો વિરૂદ્ધ જુબાની આપવાના બદલામાં મને સરકાર પાસેથી વફાદારી ખત અપાવવાનું પણ કહ્યું, અને મને ડરાવવામાં પણ આવ્યો. હું ન જા નમ્યો એટલે મને તેઓએ કોટડીમાં પુરાવ્યો; મારા ઉપર ખોટા આરોપ ઘડી કાઢવામાં આવ્યા, સાક્ષીઓ ઉભા કરવામાં આવ્યા, અને મને ૭ મહિનાની જેલની સજા થઇ; પરંતુ લેફ્ટેનંટ ગવર્નરે મને સાડાત્રણ મહિના પછી છોડી મૂકયો.

૫૩૦

અમરસિંહ ગંગાસિંહ, દરજીની જુબાનીઃ ઉંમર વર્ષ ૨૮; લાયલપુર.

માર્શીયલ લૉનો અમલ શરૂ થયો તે પહેલાં બે ત્રણ મહીના ઉપર નથુરામ સારજને મને એક કપડું શીવવા આપ્યું હતું, પરંતુ હું માંદો પડયો અને કપડું સીવી ન શકયો, એટલે તે મારા ઉપર ગુસ્સે થયો, અને ત્યાર પછી મારા ઉપર વેર લેવાની તક શોધતો રહ્યો.

"વૈશાખી યાત્રા" વખતે હું બંગલા સાલિવાલામાં રહેતો હતો. ૨૪ મી એપ્રિલે નથુરામના કહેવાથી કિરપારામ મને પકડી ગયો, પરંતુ બીજે દિવસે ઇન્સ્પેકટર મહમદ સૈયદે મને છોડી મૂકયો. પણ નથુરામે મને આઠેક દિવસ કોટડીમાં પૂરી રાખ્યો. મારી સામે તેણે સાક્ષીઓ તૈયાર કર્યા અને મારા ઉપર કેસ ચલાવવાનું નક્કી કર્યું. મને કોર્ટમાં લઈ જવાને આગલે દિવસે ઇન્સ્પેકટરે મને કહ્યુંઃ '**या तख्त लो। या तख्ता मिलेगाः**' આનો અર્થ હું ન સમજ્યો એટલે મને કહેવામાં આવ્યું કે જો હું પોલિસનો સાક્ષી બનીશ તો છુટો રહીશ; પરંતુ સાક્ષી નહિ થાઉં તો મને સજા થશે. બે વાર મને કોર્ટમાં લઇ જવામાં આવ્યો અને બેવાર કેસ મુલતવી રહ્યો. છેવટે ૫ મી જુને કેસ નીકળ્યો. મને ૨ વર્ષ અને ૭ મહીનાની જેલ મળી, અને ૫૦ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો. મેં અપીલ કરી એટલે મારી સજા ૭ મહિનાની કરવામાં આવી.

મેં ગુન્હો કર્યો નહતો; પણ પોલિસ મારી સાથે અદાવત રાખતી હતી. મેં નિર્દોષ માણસો વિરૂદ્ધ સાક્ષી આપવા ના પાડી એટલે મને સજા કરવામાં આવી હતી.

૫૩૧

ગ્યાનસિંહ હરસિંહની જુબાનીઃ ફળ વેચનાર, ઉંમર વર્ષ ૨૨. લાયલપુર.

નથુરામ અને કિરપારામ મારી દુકાનેથી ફળ ખરીદ કરતા. અમારી વચ્ચે સંબંધ સારો નહોતો રહેતો. કિરપારામ લોકોને ઘણીવાર કનેડતો. એકવાર તો તેને પાયરીએથી ઉતારવામાં આવ્યો હતો; તેણે એક જણને માર મારી તેની પાસેથી પૈસા છીનવી લીધા હતા. માર્શીયલ લૉના અમલમાં મારા ઉપર વેર વાળવાની તેને તક મળી. તેણે મને પકડયો. મેં કંઇ ગુન્હો કર્યો નહતો, હું નિર્દોષ હતો. છતાં મારા ઉપર તેઓ બંનેએ જુની અદાવતને લઈ કેસ ચલાવ્યો અને મને બે વર્ષ અને સાત મહીનાની જેલની સજા થઈ.

અમારી સામે પોલિસે જે સાક્ષીઓ ઉભા કર્યા હતા તેઓ બદમાશો હતા અને તેઓ પોલિસના કાવત્રાંમાં જોડાયા હતા.

૫૩૨

રામદત્ત મલહોત્રની જુબાનીઃ ઉંમર વર્ષ ૧૬; કારકુન, લાયલપુર.

મેટ્રિકયુલેશનની પરીક્ષા આપી. હું રણબીરની દુકાને કામ કરતો હતો. ૨૫ મી એપ્રિલે એક સબ-ઇન્સ્પેકટર મને કોટવાલીએ લઇ ગયો. ત્યાં મારા મ્હોટા ભાઇ રામચંદને પણ પકડી લાવવામાં આવ્યો હતો. ઇન્સ્પેકટર મને એક બાજુએ લઇ જઇ ચકલામાં થયેલા તોફાન વિષે પુછવા લાગ્યો. પરંતુ મને તેની કંઇ ખબર નહતી; છતાં મને

ધમકાવવામાં આવ્યો; મને લાલચ આપવામાં આવી અને કહેવામાં આવ્યું: ' જો તું કંઇ નહિ કહે તો યુનિવર્સિટી ઉપર અમે તાર કરશું અને તને નાપાસ કરાવીશું, તને કેદ કરશું; તારી આખી જીંદગી ચુંથાઇ જશે. પણ અમને જે જોઇએ છે તે તું કહીશ તો તને ઇનામ અપાવશું અને પરીક્ષામાં પાસ થાય એવી તજવીજ કરશું. આ પછી બીજે દિવસે મને જમરા આગળ તાર કપાયા એ વિષે પૂછ્યું. તેની પણ મને ખબર ન હતી. આ વખતે મને તેઓએ મારા ભાઇને છોડી મૂકવાની લાલચ આપી, એટલે હું તેઓની મરજી મુજબ જુબાની આપવા કબુલ થયો. તેઓએ મારા ભાઇને છોડી મૂક્યો અને મને તથા બીજા એક છોકરાને શીખાડવાનું શરૂ કર્યું. પછી મને કોર્ટ ઇન્સ્પેક્ટર આગળ લઈ જવામાં આવ્યો, પરંતુ મેં તેની આગળ ખોટી વિગત રજુ કરવાની ના પાડી. આ ઉપરથી મારા ઉપર કેસ ચાલ્યો અને મને બે વર્ષની જેલ મળી. ચાર પાંચ દહાડા પછી મને લાહોર જેલમાં લઈ જવામાં આવ્યો. લાહોર જેલમાં મને દરરોજ ૧૨ શેર દાણો દળવા આપવામાં આવતો. એક દિવસ ૨ શેર દાણો દળવો રહી ગયો તે માટે મારા કાન ખેંચવામાં આવ્યા અને મને જોડાથી મારવામાં આવ્યો. ૨૨ દહાડા સુધી સવારના સાતથી સાંજના ૭ સુધી મેં દળવાનું કામ કર્યું. આ પછી મને ખુરસીઓમાં નેતર ભરવાનું સોંપવામાં આવ્યું. ૧૭ મી સપ્ટેમ્બરે મને છોડી મૂકવામાં આવ્યો.

૫૩૩

રામરખા બિહારીલાલની જુબાનીઃ લાયલપુર.

હું અમૃતસરનો રહીશ છું, પરંતુ ૬ ઠી એપ્રિલે હું લાયલપુર હતો. તે દિવસે ત્યાં હડતાળ પડી હતી. હું પાછો ૮ મી તારીખે અમૃતસર ગયો હતો. ૧૪ મી તારીખે લાયલપુરનો વડો કોન્સ્ટેબલ નાથાલાલ વોરંટ લઈ મને પકડવા અમૃતસર આવ્યો અને મને છોડાવવાની લાલચ આપી. મારી પાસેથી તેણે ૨૨૦ રૂપિયા લાંચના લીધા. ૧૬ મી તારીખે મને લાયરપુર લઇ જવામાં આવ્યો. ચોકીએ મને વારંવાર વકીલો વિરૂદ્ધ જુબાની આપવા કહેવામાં આવ્યું, પરંતુ તેમ કરવા મેં ચોખ્ખી ના પાડી એટલે મને કોટડીમાં પુરવામાં આવ્યો. પોલિસ મારી સાથે અદાવત રાખતી આવી છે. પોલિસની સામે મેં બે વાર જુબાની આપી છેઃ તેથી પોલિસ મારા ઉપર ખીજવાઇ છે. આ કારણસર જ મને માર્શીયલ લૉના અમલમાં પકડવામાં આવ્યો, અને મારા ઉપર કેસ ચાલ્યો. મને ૧ વર્ષ ૭ માસની જેલની સજા કરવામાં આવી. જેલમાં મારી પાસે ઘણી સખ્ત મજુરી કરાવવામાં આવી હતી. ચોકીએ હું હતો ત્યારે મારો માણસ મારા માટે ખાવાનું લઇ આવતો, પણ દરવખતે કિરપારામ કોન્સ્ટેબલ તેની પાસેથી બે રૂપિઆ લેતો.

× × × × ×

૫૩૫

દયાળસિંહ હરદત્તસિંહ દરજીની જુબાનીઃ ઉમર વર્ષ ૨૪; લાયલપુર.

એક દિવસ મારો જુનો ગ્રાહક મનાસિંહ મને ફેસલાવી ચોકીએ લઈ ગયો. ત્યાં મને કોંગ્રેસ કમિટીના સભાસદો સામે જુબાની આપવા કહેવામાં આવ્યું. કમિટીએ મને તથા બીજાઓને ખીઓલ ગામમાં કેરણ સ્કુલની છોકરીઓની વાત ફેલાવવા મોકલ્યા

હતા. એમ પોલિસ મારી પાસે કહેવડાવવા ઇચ્છતી હતી, પણ મેં તેમ કરવા ના પાડી. એટલે પોલિસે લાલા દીનાનાથ સામે જુબાની આપવા કહ્યું. તેની પણ મેં ના કહી, એટલે મને ૧૨ દિવસ સુધી કોટડીમાં પૂરવામાં આવ્યો. તે દરમ્યાન વખતો વખત મારા હાથ ખાટલાના પાયા હેઠળ મૂકવામાં આવતા અને ખાટલે બે ત્રણ જણા બેસતા. આથી હું રડી ઉઠતો એટલે વળી મને સખ્ત માર મારવામાં આવતો. આ પછી મારા ઉપર કેસ ચલાવવામાં આવ્યો અને મને ૬ મહીનાની જેલ મળી અને ૫૦૦ રૂપિયાનો દંડ થયો.

૫૩૬

લછમનદાસ શંકરદાસ સોનીની જુબાનીઃ લાયલપુર.

લાયલપુરમાં એપ્રિલ માસમાં હડતાળ પડી હતી. મેં મારી દુકાન બંધ રાખી હતી; પરંતુ કોઇને તેમ કરવા કહ્યું નહતું, તેમ કોઇને તોફાન કરવા ઉશ્કેર્યા નહતા. ૨૫ મી એપ્રિલે નથુરામ અને અમીરચંદ કોન્સ્ટેબલો મને થાણે લઈ ગયા. ત્યાં મને પોલિસ ઇન્સ્પેકટરે પુછ્યુંઃ ' સોગંદ ખાઇ કહે કે રેયલ બજારમાં દુકાનો કોણે બંધ કરાવી હતી ?' પરંતુ મને તેની કંઈ ખબર ન હતી, છતાં ઈન્સ્પેકટર મારી પાસેથી એમ લખાવી લેવા ઇચ્છતો હતો કે ડૉ. દીનાનાથે અને સોની વિષ્ણુનાથે દુકાનો બંધ કરાવી હતી, પરંતુ મેં તેવું કંઇ લખી આપવા ના પાડી, એટલે મને પોતાને બચાવી લેવા સમજાવવામાં આવ્યો. મારા સ્નેહી સંબંધીઓ પણ પોલિસ કહે તેમ લખી આપવા કહેવા લાગ્યા; છતાં હું મક્કમ જ રહ્યો. મને ૧૯ દિવસ સુધી થાણે બેસાડી રાખવામાં આવ્યો અને પછી કોટડીમાં પૂરવામાં આવ્યો. ત્યાર પછી મારા ઉપર ત્રણ આરોપ મૂકવામાં આવ્યા. રોલેટ એકટને લગતા સરઘસમાં ભાગ લેવાનો, શરબતવાળાની દુકાન લૂંટવાનો અને તેના નોકરને મારવાનો, પથામા દુકાનદારની દુકાન લૂંટવાનો, તેનું દુધ ખરાબ કરવાનો અને તેને મારવાનો. ૫ મી જુને આ ત્રણ કારણસર મને ૨૦ વર્ષની સખ્ત મજુરી સાથે જેલની સજા થઈ. મેં દયા માગી, એટલે સજા ૬ મહિનાની કરવામાં આવી. ૬ માસ જેલમાં રહી હું ૪ થી ડિસેમ્બરે છુટયો. કેસ ચાલતો હતો ત્યારે મારી જુબાની લેવામાં આવી ન હતી, તેમ મારા સાક્ષીઓ તપાસવામાં નહોતા આવ્યા.

૫૩૭

સાહિબસિંહ સુંદરસિંહ, લોટવાળાની જુબાનીઃ ઉમર વર્ષ ૧૯; લાયલપુર.

૨૬ મી મેએ નથુરામ કોન્સ્ટેબલ મારી દુકાનની સામે બેઠો હતો. હું દુકાને ગયો એટલે તે મારી પાસે આવ્યો અને થાણેદાર લોટના ભાવ જાણવા મને બોલાવે છે એમ કહી ચોકીએ લઈ ગયો. ત્યાં મને ચાર પાંચ દિવસ બેસાડી રાખવામાં આવ્યો. પછી મને કેટલાક અજાણ્યા માણસો સામે જુબાની આપવાનું કહેવામાં આવ્યું, પરંતુ મેં તેમ કરવા ના પાડી. મારો બાપ અને સરદાર ગુલાબસિંહ ચોકીએ આવ્યા. ગુલાબસિંહ પોલિસના કહેવા પ્રમાણે વર્તવા મને કહેવા લાગ્યો, પરંતુ ખોટી સાક્ષી પૂરવા મેં ના જ કહી, એટલે મારા ઉપર કેસ ચલાવવામાં અને ૫ મી જુને મને ૬ માસની જેલની સજા કરવામાં આવી.

નથુરામ કોન્સ્ટેબલ એક દિવસ અમારી દુકાનેથી લોટની એક ગુણી ઉધાર લેવા

આવ્યો, પરંતુ મારા બાપે ઉધાર ન વેચી એટલે તેને માઠું લાગ્યું. આ કારણસર મને પકડયો હતો.

\+ + × + +

૫૪૨

પંડિત ભુરૂમલની જુબાનીઃ લાયલપુર.

લાયલપુરને માર્શીયલ લૉ લાગુ પાડવામાં આવ્યા પછી બે ત્રણ દિવસ રહી સરદાર બિશનસિંહને મળવા ગયો હતો. તે ચક નં. ૨૧૩ માં રહેતો હતો. રાત્રે ` વળતાં મોડું થયું હતું એટલે રસ્તે એક ઝરા ઉપરના પુલ ઉપર હું સંધ્યા કરવા ં હું ધ્યાન ધરી રહ્યો હતો. તે વખતે મને કોઇએ ઉભા થઈ જવાની બુમ પાડી અને ર પહેરી લેવા હુકમ કર્યો. મેં સંધ્યા પૂરી કરી લેવાની રજા માગી પણ આપવામ આવી અને મને બ્રિટિશ સોલજરોની છાવણીમાં લઇ જવામાં આવ્યો. ત્યાંથી સ મને પોતાની સાથે થાણે લઈ ગયો અને ત્યાં મને કોટડીમાં પુરવા તેણે હુકમ કર્યો. ' દિવસે ત્રણ વાગ્યા સુધી મને કંઇ ખાવાનું મળ્યું ન હતું. મને જે કોટડીમાં રાખ આવ્યો હતો તે બહુ ગંદી હતી. પીશાબખાનું પણ દુર્ગંધીવાળું હતું. ત્રણ વાગે ઘેરથી ખાવાનું આવ્યું પરંતુ આવી ગંદી જગ્યાએ ખાવાનું મને મન થયું નહિ. ે સને મેં ખૂબ વિનવ્યો એટલે તેણે મને કોટડીમાંથી બ્હાર આવી પાણી પીવાની આપી. પછી મેં ન છુટકે થોડુંક ખાધું. બીજે દિવસે મને એક સાહેબ આગળ જવામાં આવ્યો તેણે મને ૧૦ રૂપિયાનો દંડ કર્યો. પછી મારો ગુન્હો કહ્યો. પુલ મેં સાહેબને સલામ કરી ન હતી એ મારો ગુન્હો હતો.

૫૪૩

અમરનાથ રાલારામની જુબાનીઃ ઉમર વર્ષ ૨૫, ફળ વેચનાર; લાયલપુર.

૨૫ મી એપ્રિલે નથુરામ કોન્સ્ટેબલ મને થાણે લઈ ગયો. ત્યાં બીજા લોકોને લાવવામાં આવ્યા હતા. અમને બધાને ૧૨ દિવસ સુધી થાણે રાખવામાં અ પછી જામીયા ચક લઈ જવામાં આવ્યા. પોલિસ ત્યાંના ચૌધરીને તેડી આવ્યા. કહ્યું કે અમારામાંથી જેણે તાર કાપ્યા હોય તેને શોધી કાઢો. પણ તેને કોઇ ધ્ય ન આવ્યું એટલે પોલિસે તેને જ પકડવાની ધમકી આપી. આથી તેણે કહ્યું: ' આ માણસો તાર કાપવા ગયા હતા. ' આ પછી પોલિસ અમને લોકો જુવે તે માટે ગ લઈ ગયા, અને ત્યાંથી તાર તુટવાની જગ્યાએ લઈ ગયા. ત્યારબાદ ગામના લે બતાવી અમને લાયલપુર લઇ જવામાં આવ્યા. થાણે અમને આખી રાત ખ ઉપર બેસાડી રાખવામાં આવ્યા. અમને અમારા હાથ ઉંચા રાખવાનો અને પગ રાખવાનો હુકમ થયો હતો. આમાં કંઈ ફેર પડતો તો નથુરામ અને કિરપ અમને ફટકાવતા. બીજે દિવસે મારી માને તેડાવવામાં આવી. મને પોલિસના સાક્ષી સમજાવવા મારી માને કહેવામાં આવ્યું. તેણે તેમ કર્યું. પણ મેં તેનું કહેવું કબુલ નહિ. ૧૪–૧૫ દિવસ સુધી અમને વારંવાર ધમકી આપવામાં આવતી અને સાક્ષી કહેવામાં આવતું. મને બહુ દબાવવામાં આવ્યો એટલે પોલિસના કહેવા પ્રમાણે

મેં હા પાડી. આ ઉપરથી મને કોર્ટ ઈન્સ્પેક્ટર આગળ લઈ જવામાં આવ્યો, પણ ત્યાં મેં ખોટી સાક્ષી નોંધાવવા ના કહી એટલે મારા ઉપર કેસ ચલાવવામાં આવ્યો. મને દોઢ વર્ષની સજા થઈ. આ ઉપરાંત નોટિસો ચોડવાનો આરોપ મૂકી પોલિસે મારા ઉપર બીજો કેસ ઉભો કર્યો; પરંતુ તેનો ફેંસલો થાય તે પહેલાં તો માર્શીયલ લૉ ખેંચી લેવાયો અને પોલિસે પણ કેસ માંડી વાળ્યો.

મારી માને મોકલવા મેં ૧૩ રૂપિયા કિરપારામને આપ્યા હતા પણ તેણે તેમાંથી કંઈ જ મારી માને આપ્યું ન હતું.

÷ + + + +

૫૪૫

હુકમસિંહ ગેંડામલ; (૨) હરનમસિંહ શેરસિંહ; (૩) સોભારામ દેવીદાસ અને (૪) બિહારીલાલ ટેકચંદની જુબાનીઃ લાયલપુર.

૧૦ મી જુને સવારના પોલિસે અમને ચારેને પકડયા; પરંતુ ૯ મી અને ૧૦ મી જુનની મધ્ય રાત્રે માર્શીયલ લૉ ખેંચી લેવાયો હતો એટલે પોલિસે અમારી દરેકની પાસેથી ૫૦૦ રૂપિયાના જામીન લઈ અમને છોડી મૂકયા. લાયલપુરમાં માર્શીયલ લૉ પ્રમાણે જેઓને પકડવામાં આવ્યા હતા તેઓ વિરૂદ્ધ પોલિસ અમારી પાસે જુબાની અપાવવા ઇચ્છતી હતી, પરંતુ અમે તેમ કરવા ના પાડી હતી.

આ પછી સપ્ટેમ્બર મહિનાની ૧૬ મી તારીખે પોલિસે અમારા ઉપર વોરંટ કઢાડયું હતું. આ વખતે પણ અમને જામીન ઉપર છુટા રાખવામાં આવ્યા હતા. ૧૪ મી એપ્રિલે અમે નહેર અને રેલ્વે ખાતાના કારકુનોને કામે જતાં રોકયા હતા એવો આરોપ અમારા ઉપર મૂકવામાં આવ્યો હતો, પરંતુ ૧૫ મી અકટોબરે અમારા ઉપરનો કેસ પડતો મુકવામાં આવ્યો હતો.

+ ÷ + + +

૫૪૮

ગંગાસિંહ ઈશરસિંહ અને સંતસિંહ જવાહીરસિંહ–(ગામઃ ખીયાલકલન, ચક નં. ૫૭) તથા શામસિંહ નાથાસિંહ–(ગામઃ મુંડાપિંડ, ચક નં. ૪૯) ની જુબાનીઃ લાયલપુર જીલ્લો.

છતરસિંહ જમીનદાર ઘણો વખત થયા અમારા ગામ ઉપર ક્રોધે ભરાયો હતો. તે તથા તેનો દોસ્ત પાલસિંહ વારંવાર અમારે ગામ આવી દારૂ પીતા. અમને આ રૂચતું નહિ, એટલે તેઓ અમારા ઉપર વેર લેવાની તક શોધતા હતા. માર્શીયલ લૉના અમલમાં તેઓએ અમારા ગામ ઉપર એવો આરોપ મૂકયો હતો કે અમારા ગામમાં સરકાર સામે કાવત્રુ રચવામાં આવ્યું છે અને સરકાર વિરૂદ્ધ સભા થઈ છે, પરંતુ આ આરોપમાં જરાએ વજુદ નહતું.

૨૩ મી એપ્રિલે સવારના બ્રિટિશ સોલજરોએ અમારા ગામને ઘેરો ઘાલ્યો. તેઓ સાથે મશીનગન પણ લાવ્યા હતા. ગામના લોકો ઝાઇલદાર પાસે અદબ વાળી હાજર થયા. તેણે ૧૩ માણસોને બતાવ્યા એટલે તેઓને પકડી લઇ જવામાં આવ્યા. પોલિસે બીજા ૧૦–૧૨ જણને પકડયા. સબ–ઇન્સ્પેકટરે ધમકી આપી કેટલાક સાક્ષીઓ ઉભા કર્યા. તેઓને પણ બહુ પીડવામાં આવ્યા હતા. કેસમાં ૧૧ જણને ૬ મહિનાની જેલની સજા અને ૫૦૦ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો. ૫ જણને અઢી વર્ષની જેલની સજા અને ૧૫૦ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો. અમારા ગામના લોકો તદ્દન નિર્દોષ હતા, છતાં ઝાઇલદારની ખટ્રખટને લઇ નિર્દોષ માણસોને સજા થઈ હતી.

\+ + + + +

અમૃતસર.

૫૫૦

ડૉ. સૈફુદ્દીન કીચલુ, બી. એ., પી. એચ. ડી., બૅરિસ્ટરની જુબાની: અમૃતસર.

મેં અલિગઢ કૉલેજમાં અભ્યાસ કર્યો છે, અને કેમ્બ્રીજ યુનિવર્સિટીની બી. એ. ની ડીગ્રી મેળવી છે. હું એક બૅરિસ્ટર અને પી. એચ. ડી. છું. ઇંગ્લાંડમાં પાંચ વર્ષ વસ્યો છું, અને તે દરમ્યાન મેં ત્યાં રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લીધો હતો. અહીં આવ્યા પછી મેં રાવલપીંડીમાં વકીલાત કરવી શરૂ કરી. ૧૯૧૫ ની સાલથી હું અમૃતસરમાં રહું છું અને ત્યાંજ વકીલાત કરૂં છું. ૧૯૧૬ ની સાલથી હું કોંગ્રેસ અને મુસલીમ લીગની બેઠકોમાં ભાગ લેતો આવ્યો છું.

અમૃતસરનો તેમજ આખા પંજાબનો અધિકારી વર્ગ ખીતાબના ભૂખ્યાઓ અને જીહુકમ કરનારાઓની વાત સાંભળતો આવ્યો છે એટલે લોકોની ખરી લાગણીથી તે હમેશાં અજ્ઞાન રહ્યો છે. પંજાબ સરકાર પણ લોકોની મનોકામના વિરૂદ્ધ વલણ રાખતી આવી છે. પ્રતિજ્ઞાના નામે સરકારે અતિશય સખ્તાઈ દાખવી છે. લડાઈ દરમ્યાન સર ઓડવાયર અને તેની સરકારે લશ્કરમાં ભરતી કરવામાં અને વૉર લોન ભરાવવામાં લોકોને ખૂબ દબાવ્યા હતા.

૧૯૧૮ ના ઓગસ્ટ માસમાં લાલા દુનીચંદના પ્રમુખપણા હેઠળ અમૃતસરમાં પંજાબ પ્રાંતની પરિષદ્ ભરાઈ હતી. લાલા દુનીચંદે સર ઓડવાયરના અમલ ઉપર સખ્ત ટીકા કરી હતી. પરિષદ્ ભરાવાથી લોકોમાં ચેતન આવ્યું અને તેઓને પોતાનું દુઃખ બ્હાર બતાવવાનો માર્ગ જડયો. પરિષદ્ ફત્તેહમંદ નીવડવાથી અમે કેટલાકોએ કોંગ્રેસને આમંત્રણ આપવા વિચાર કર્યો અને ૧૯૧૯ ની સાલની બેઠક અમૃતસરમાં ભરવાનું દિલ્હીમાં ઠર્યું. અમે કોંગ્રેસ માટે તૈયારી કરવા લાગ્યા; પણ તેટલામાં રોલેટ ઍકટ ઘડાયો અને સત્યાગ્રહની લડત શરૂ થઈ. મેં તથા ડૉ. સત્યપાલે આ ચળવળમાં આગળ પડતો ભાગ લીધો. અમૃતસરમાં જંગી સભાઓ થવા લાગી.

૩૦ મી માર્ચે અમૃતસરના લોકોએ હડતાળ પાડી હતી. તે દિવસે ૩૦ હજાર માણસની જંગી સભા જલીયાંવાલા બાગમાં થઇ હતી. ૨૯ મી તારીખની રાત્રે ડૉ. સત્યપાલને સભાઓમાં ભાષણ કરવા મનાઇ કરવામાં આવી, પરંતુ લોકો ઉશ્કેરાઈ ન જાય તેથી અમે આ હુકમની ખબર ૩૦ મી તારીખની સભામાં કરી નહિ. આ સભામાં પંડિત કોટુમલ, સ્વામી અનુભવાનંદ અને મિ. દિનાનાથે ભાષણ કર્યાં હતાં. ૪ થી એપ્રિલે તેઓને તથા મને સભામાં હાજરી આપવાની અને ભાષણ કરવાની મનાઇ કરવામાં આવી. આ હુકમ મને મળ્યો તે પહેલાં ડેપ્યુટી કમિશનર સાથે મારી મુલાકાત થઇ હતી. તેને મેં અમારી ચળવળનો ઉદ્દેશ સમજાવ્યો હતો. મારી અને બીજાઓની વચ્ચે મતભેદ હોવાથી તેઓ મારી વિરૂદ્ધ અધિકારીઓના કાન ફૂંકે એવો સંભવ હોવાથી મેં કમિશનરનું તે ઉપર ધ્યાન ખેંચ્યું હતું. મારી વિરૂદ્ધ જે કંઇ વાત તેની આગળ જાય તેનો ખુલાસો મારી પાસેથી માગવા તેણે મને વચન આપ્યું હતું.

૬ ઠ્ઠી એપ્રિલે મિ. ગાંધીની સૂચનાનુસાર અમૃતસરમાં બીજી હડતાળ પડી હતી. લોકનાયકોએ હડતાળ પડાવવા કંઇ પણ પગલાં ભર્યાં ન હતાં. આખો દિવસ શાંતિથી પસાર થયો હતો. પોલિસ લોકોની આડે આવ્યા ન હતા.

૯ મી એપ્રિલે રામનવમીનો ઉત્સવ હતો. મુસલમાનોએ તેમાં ખરા અંતઃકરણથી ભાગ લીધો હતો. સરઘસમાં વાજાંઓ વારે વારે રાજગીત ગાતાં હતાં. જે મકાનમાં ડેપ્યુટી કમિશનર બેઠો હતો ત્યાં ખાસ રાજગીત ગાવામાં આવ્યું હતું. તે દિવસ પણ શાંતિથી પસાર થયો હતો.

૧૦ મી એપ્રિલે સવારના ૧૦–૧૧ વાગે ડેપ્યુટી કમિશનરે મને પોતાને ઘેર બોલાવ્યો અને પંજાબ સરકારનો મને શહેરપાર કરવાનો હુકમ બતાવ્યો. આ પછી તરતજ મને તથા ડૉ. સત્યપાલને ધર્મશાલા મોકલવામાં આવ્યા. ત્યાં અમે સાંજના પહોંચ્યા. અમારા ખર્ચની અને અમને જોઈતી વસ્તુઓની વ્યવસ્થા સરકારે કરી ન હતી. ધર્મશાલામાં અમને ડાક બંગલામાં રાખવામાં આવ્યા. અમારી પાસે કપડાં વિગેરે કંઇજ ન હતું એટલે અમે ત્યાંના એક વકીલ દોસ્ત પાસેથી ઉછીનાં લીધાં. મને અને ડૅા. સત્યપાલને વાતચીત કરવાની પણ મનાઈ કરવામાં આવી હતી. બે ત્રણ દિવસ રહી અમને છુટા કરવામાં આવ્યા. મને અંપર ધર્મશાલામાં અને ડૅા. સત્યપાલને લોઅર ધર્મશાલામાં રાખવામાં આવ્યા. ૫ મી કે ૬ ઠી મેએ અમને પીનલકોડની ૧૨૪ મી એ કલમ પ્રમાણે પકડવામાં આવ્યા અને લાહોર મોકલવામાં આવ્યા. ત્યાંની જેલની એક ખાલી ગંદી કોટડીમાં મને રાખવામાં આવ્યો. થોડા દિવસ પછી મને મારૂં બીછાનું, વાસણ અને કપડાં વાપરવા રજા મળી. મને આવી રીતે એકલો પંજાબ સરકારના હુકમથી રાખવામાં આવ્યો હતો.

શરૂઆતમાં જેલનો સુપરિન્ટેડંટ એક અંગ્રેજ હતો. તે મારી સાથે ઘણી કડકાઈથી વર્તતો હતો. દોઢેક મહીના પછી તેની જગ્યાએ મિ. લાલ આવ્યો, તે અમારી સાથે સભ્યતાથી વર્તતો હતો. તેણે મને કોટડીમાંથી કાઢી લાહોર અને ગુજરાનવાલાના નેતાઓ સાથે મ્હોટા ખંડમાં રાખ્યો હતો. જેલમાં મને મારા વકીલ સાથે એકાંતમાં વાત કરવાની રજા આપવામાં આવી ન હતી, એટલે મારા વકીલને મારે જે બધું કહેવું હતું તે કહી ન શકયો; અને કેસ ચાલતો હતો તે વખતે પણ તેમજ થયું હતું.

અમારા ઉપર મુકદ્દમો ચાલ્યો, પણ તે કેવળ ફારસજ હતો. ન્યાયાધીશ આરોપિતોની વિરૂદ્ધ ખ્યાલ રાખી કેસ ચલાવતો હતો. ફરિયાદી પક્ષના સાક્ષીઓ આરોપિતની તરફેણમાં જાય એવું કહેતા તો તેઓ ઉપર ધાંધલ મચાવવામાં આવતી. અમારા વકીલોને પણ વારે વારે સંભળાવવામાં આવતું કે તેઓને મહેરબાનીની રૂએ બચાવ કરવા દેવામાં આવે છે. ફરિયાદી પક્ષના સાક્ષીઓને પૂરા તપાસવાની તક પણ અમારા વકીલોને આપવામાં નહોતી આવી. અમારા સાક્ષીઓ સાથે પોલિસ અને જડજ પણ ખરાબ રીતે વર્તતા.

મને સજા થયા પછી લાહોરની મુખ્ય જેલના યુરોપિયન વિભાગમાં રાખવામાં આવ્યો હતો. મને જાજમ અને દરીના કારખાના ઉપર દેખરેખ રાખવાનું કામ સોંપવામાં આવ્યું હતું.

હંટર કમિટી લાહોરમાં આવી એટલે લાલા દુનીચંદ, ડૉ. બશીર, દિવાન મંગલસેન અને મને મોંટગોમેરી જેલમાં લઈ જવામાં આવ્યા. લોર્ડ હંટરે મને જુબાની આપવા બોલાવ્યો; એટલે મને લાહોર લઇ જવામાં આવ્યો. સરકારી સાક્ષીઓની ઉલટ તપાસ કરવાની મેં પરવાનગી માગી પણ મને તે આપવામાં ન આવી, એટલે મેં કમિટી આગળ જુબાની આપવા ના પાડી. પંજાબ સરકારે કેટલાક વાંધા ઉઠાવેલા હોવાથી હંટર કમિટીએ મારી માગણી સ્વીકારી ન હતી.

શાહી ઢંઢેરો પ્રગટ થયા પછી મને ૨૬ મી ડિસેમ્બરે છોડવામાં આવ્યો.

કાવત્રું ઉભું કરવાનો મારા ઉપર મૂકવામાં આવેલો આરોપ તદ્દન બીનપાયાદાર હતો. અમૃતસરમાં કે પંજાબમાં કયાંય કાવત્રું હતું જ નહિ. રોલેટ એક્ટ સામેની ચળવળ કાયદેસર હતી; પરંતુ સરકારેજ લોકોને ગુસ્સે કર્યા હતા.

૫૫૧

ડૉ. સત્યપાલ, બી. એ., એમ. બી. ની જુબાનીઃ અમૃતસર.

પંજાબમાં રાજકીય ચેતન જોવા ઇચ્છનારાઓએ લાહોરમાં પંજાબ પ્રાંતિક પરિષદ્ ભરી, અને સુધારા વિષે વિચાર કરવા પરિષદ્‌ની એક ખાસ બેઠક અમૃતસરમાં કરી. સાથે સાથે અમૃતસરે આખા પંજાબની અનુમતિથી કોંગ્રેસને આમંત્રણ આપ્યું. આથી પંજાબમાં જીવ આવવા લાગ્યો અને લોકો હોંશીલા થવા લાગ્યા. કોંગ્રેસની બેઠકમાં પંજાબીઓ ભાગ લે અને કોંગ્રેસની ચળવળ સમજે એવા વિચારથી અમૃતસરમાં વખતો વખત સભાઓ ભરાવી શરૂ થઈ.

પરંતુ આ સમયે પંજાબનો સુબો લોકોની મહત્વાકાંક્ષાનો જબરો વિરોધી હતો. પોતાને ન રૂચે એવા વિચારો, એવી પ્રવૃત્તિઓ તે બળજોરીથી દાબી દેતો, અને તેમ કરવા ગમે તેવા ઇલાજો લેવામાં તે અચકાતો નહિ. પંજાબના શિક્ષિતવર્ગ સાથે તેને બનતું નહિ, અને પંજાબીઓ તથા ખાસ કરી શિક્ષિતવર્ગ ઉપર જાહેરમાં પ્રહાર કરતાં તેને સંકોચ થતો નહિ. ખાનગી વાતચીતમાં અને મેળાવડાઓમાં પણ તે પ્રહાર કરવાનું કામ ચાલુ રાખતો. સુધારા સામે થઇ તેણે પંજાબીઓને દુભવ્યા હતા.

આ સિવાય આ અરસામાં અમૃતસરમાં રેલ્વે પ્લેટફાર્મ ટીકીટ વિષે એક લોકાકર્ષણુ બનાવ બન્યો હતો. આમાં મેં આગળ પડતો ભાગ લીધો હતો, અને હિંદીઓને પ્લેટફાર્મ ટીકીટ ન આપવાનો ધારો રદ કરાવ્યો હતો. મારૂં આ કામ રાજદ્રોહી લેખાયું.

લોકો અનેક રીતે મુંઝાઈ રહ્યા હતા; મોંઘવારી સખ્ત હોવાથી જરૂરી વસ્તુઓ મેળવવી પણ મુશ્કેલ થઈ પડી હતી. આ બાબતમાં ભરવામાં આવેલી સભાઓ પણ અધિકારીઓને વાંધા પડતી જણાઈ.

આ ઉપરાંત સરકારે ઇન્કમટેક્સ વધાર્યો અને સુપર–ટેક્સ નાખ્યો. વોર લોન પણ જબરદસ્તીથી ઉઘરાવવામાં આવી, અને લડાઇ દરમ્યાન ડિફેન્સ ઓફ ઇન્ડિયા એક્ટની રૂએ ઘણાઓને શહેરપાર કરવામાં આવ્યા, ઘણાઓને શહેરમાંજ પૂરવામાં આવ્યા, છાપાઓ ઉપર સખ્તાઈ વાપરવામાં આવી અને ચોપડીઓ જપ્ત કરવામાં આવી. ઘણાઓને ફાંસીએ ચઢાવવામાં આવ્યા, ઘણાઓને કાળાપાણી મોકલવામાં આવ્યા. આ બધાથી લોકો અક-

ભાઇ રહ્યા હતાં તેવામાં રોલેટ એકટ ઘડયો અને પ્રજામત સામે થયો. મહાત્મા ગાંધીની સૂચનાનુસાર રોલેટ એકટ સામે વિરોધ દર્શાવવા ૩૦ મી માર્ચે અમૃતસરમાં લોકોએ હડતાળ પાડી. તેને આગલે દિવસે એક સભા કરવામાં આવી હતી તેમાં મહાત્મા ગાંધીનો સંદેશો લોકોને સમજાવવામાં આવ્યો હતો.

૨૯ મી તારીખની રાત્રે ૧૧ વાગે મને જાહેર સભામાં ભાગ લેવાની અને વર્તમાનપત્રોમાં લખાણ કરવાની મનાઈ કરવામાં આવી. પોલિસને મારા આવજાવની ખબર કરવાનો હુકમ થયો. આ વાતથી લોકો ઉશ્કેરાઇ જશે એમ ધારી મેં તેની ખબર કોઇને કરી નહિ. ૩૦ મીનો દિવસ પૂર્ણ શાંતિથી પસાર થયો. મારા સિવાય ડૉ. કિચલુ અને જેઓએ ૩૦ મીની સભામાં ભાગ લીધો હતો તેઓ ઉપર પણ મનાઈ હુકમ બજાવવામાં આવ્યો હતો, એટલે ૬ ઠી એપ્રિલે પણ લોકોએ પોતાની મરજીથી હડતાળ પાડી. આ હડતાળ તોડી પાડવા સરકારે મહેનત કરી, પણ પરિણામ નિષ્ફળતામાંજ આવ્યું. આ બનાવ પછી સર ઓડવાયરે લોકોને ખુંચે એવું ભાષણ કર્યું. છતાં લોકોએ ધીરજ રાખી.

૯ મી એપ્રિલે રામનવમી હતી. આ સાલ મુસલમાનોએ હિંદુઓ સાથે સરઘસમાં ભાગ લીધો હતો. બન્ને કોમ વચ્ચે એખલાસ હોવાથી પોલિસની મદદ વ્યવસ્થાપકોને લેવી પડી ન હતી, છતાં કેટલાક ટુંકી નજરના અધિકારીઓએ આમાં કાવત્રુ જોયું. સરઘસનાં વાજાં ઠેકઠેકાણે અને ખાસ કરી જ્યાં અંગ્રેજો બેઠા હતા ત્યાં રાજગીત ગાતાં હતાં. સરઘસમાં એકાદ લાખ માણુસ હશે, પરંતુ લોકો કાબુમાં હતા. તોફાન કરવાનું કોઇને મનમાં પણ ન હતું.

૧૦ મી એપ્રિલે સવારના ૧૦ વાગે ડેપ્યુટી કમિશનરે મને પોતાને બંગલે બોલાવ્યો, અને મને શહેરપાર કરવાનો હુકમ બતાવ્યો. અહીં ડૉ. કિચલુ પણ આવેલા. અમને પછી ધર્મશાલા લઇ જવામાં આવ્યા. અમારી પાસે કપડાંલતાં ન હતાં, તેમ પૈસા પણ ન હતા એટલે અમે ધર્મશાળામાં અમારા એક વકીલ દોસ્ત પાસેથી અમને જોઈતું ઉછીનું લીધું, અને તેમ અમે પોસિસ સુપરિન્ટેન્ડંટની પરવાનગીથી જ કર્યું હતું, છતાં એ દોસ્તને પાછળથી બહુ સહન કરવું પડયું હતું.

ધર્મશાલામાં અમને ફરવા હરવાની છુટ હતી, પરંતુ જેઓ અમારા સમાગમમાં આવતા તેઓ ઉપર પોલિસની કડવી નજર થતી, એટલે મેં મળવાનું જ છોડી દીધું. મને ડૉ. કિચલુ સાથે પણ વાતચીત કરવા નહોતી મળતી. મારા કાગળો પણ તપાસવામાં આવતા.

આ પછી ૬ ઠી મેએ મને તથા ડૉ. કિચલુને પરહેજ કરવામાં આવ્યા, અને લાહોર જેલમાં પૂરવામાં આવ્યા.

જેલમાં મને એક ખાલી કોટડીમાં રાખવામાં આવ્યો હતો. આ કોટડીમાં મહા મુશ્કેલીએ હું રહી શકયો હતો. જેલનો સુપરિન્ટેન્ડંટ પણ અમારી સાથે ઘણી ખરાબ રીતે વર્તતો હતો.

૩ જી જુને અમારા ઉપરના આરોપ અમને સંભળાવવામાં આવ્યા. મારા ઉપર આગ લગાડવાનો, લુંટ કરવાનો, બંડ કરવાનો, ખૂન કરવાનો અને એવા બીજા ભયંકર

આરોપો મૂકવામાં આવ્યા હતા. જડજનું વલણ શરૂઆતથીજ અમારી વિરૂદ્ધ હતું. પોલિસના ત્રાસથી લોકો સાચું બોલતાં અચકાતા હતા. એટલે સાક્ષીઓ પાસે પોલિસ પોતાને રૂચે એવું બોલાવી શકી હતી. અમારા વકીલોનું અપમાન કરવામાં આવતું. અમારા સાક્ષીઓને ડરાવવામાં આવતા, ધમકાવવામાં આવતા, હલકા પાડવામાં આવતા. આવી દશા હોવાથી અમે માની જ લીધું હતું કે અમને સજા થશે.

૫ મી જુલાઇએ અમને સજા કરવામાં આવી. તે દિવસે રસ્તે ચાંપતો બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો; અમને બધાને પોલિસ અને લશ્કરી દેખરેખ હેઠળ જેલથી કોર્ટમાં લઇ જવામાં આવ્યા હતા. સજા થયા પછી મને અપીલ કરવાનું કહેવામાં આવ્યું. હું નિર્દોષ છું એમ હું માનતો હોવા છતાં મેં અપીલ કરવાની ઇચ્છાજ ન કરી કારણ કે તેમાંથી કંઇ ફળ નીપજે એવી શ્રદ્ધા મને રહીજ ન હતી.

હંટર કમિટી આગળ મને જુબાની આપવા બોલાવવામાં આવ્યો હતો; પરંતુ કોંગ્રેસ સબ-કમિટી સાથેના હંટર કમિટીના વર્તનનો ખ્યાલ કરી, અને મને સરકારી સાક્ષીઓની ઉલટ તપાસ કરવાની રજા ન મળવાથી મેં જુબાની આપવા મારી ઇચ્છા હંટર કમિટીને જણાવી હતી, પરંતુ કમિટીએ મારી હકીકત સાંભળવા ના પાડી હતી.

રોલેટ એકટ સામેની ચળવળ જોઇ અધિકારી વર્ગે એમ માની લીધું કે પંજાબમાં તો બ્રિટિશ રાજ વિરૂદ્ધ કાવત્રું રચવામાં આવ્યું છે, પરંતુ આ માન્યતામાં કંઇ વજુદજ નથી. પંજાબમાં જે કંઈ ચળવળ થઈ તે બધી જાહેર રીતે અને કાયદાની હદમાં રહી કરવામાં આવી હતી. આ ઉપરાંત કોઇ પંજાબીએ અફઘાનના અમીરને હિંદ ઉપર હલ્લો કરવા કહેણ મોકલ્યું ન હતું.

મને પકડવામાં આવ્યા પછી મારા બાપને લગભગ પાંચ અઠવાડિયા સુધી જેલમાં રાખવામાં આવ્યો હતો. તે વયોવૃદ્ધ છે, તેના દાંત પણ પડી ગયા છે; છતાં જેલનો કડક ખોરાક ખાવા તેને ફરજ પાડવામાં આવી હતી. મારા ઘરની જડતી લેવામાં આવી હતી, અને મારે લીધે મારા સ્નેહીસંબંધીઓને હેરાન કરવામાં આવ્યા હતા, મારા કુટુંબને પણ અનેક રીતે પજવણી કરવામાં આવી હતી. મારા બાપે કંઇ ગુન્હોજ કર્યો ન હતો છતાં તે મારો બાપ હોવાથી તેને સતાવવામાં આવ્યો હતો.

લાહોર.

૫૫૨

લાલા હરકિશનલાલ, બી. એ. (કેન્ટબ.) બાર–એટ–લૉની જુબાનીઃ લાહોર.

પંજાબનો કારભાર ૨૫ કરતાં વધારે વર્ષ થયા સાંકડા મનના અમલદારોના હાથમાં રહ્યો છે. રૈયત અને અમલદાર વચ્ચેનો સંબંધ સાફ ન હતો, એક બીજાનાં મન ઉંચાં રહ્યા કરતાં, એકને બીજા માટે વહેમ રહ્યા કરતો. પંજાબના લોક હિંદના બીજા લોક કરતાં વધારે મુંગા લેખાયા છે. અને કદી પંજાબીઓ પોતાનું દુઃખ રડવા લાગતા તો તે અધિકારી વર્ગને પસંદ પડતું નહિ. જેઓ પ્રજાહિતની ચળવળમાં ભાગ લેતા તેઓ ઉપર આ વર્ગની કડવી નજર રહેતી.

સર લ્યુઈ ડેન પંજાબનો લેફ્ટેનંટ ગવર્નર થયો ત્યારે હું પંજાબની ધારાસભામાં હતો. આથી હું એના પરિચયમાં આવ્યો હતો. તે મને ઘણીવાર કહેતો કે 'અમલદારો લોકનાયક માટે ઉંધા વિચારો ધરાવતા હોવાથી મને ઘણી મુશ્કેલી પડે છે.' હું "સૌથી મ્હોટો અને સાચો સ્વદેશી દેશમાં" હોવાથી કેટલાક યુરોપિયન અમલદારો મારા ઉપર નારાજ થયા હતા.

૧૯૧૩ ની સાલ પહેલાં મારી ઘણી પ્રવૃત્તિઓ હતી, અને તે બધી પ્રજાના હિતમાં હતી. હું એક આર્ટસ કૉલેજનો, એક જાહેર લાઇબ્રેરીનો અને 'ટ્રિબ્યુન' પત્રનો ટ્રસ્ટી હતો. હું પીપલ્સ બેંકનો ડાયરેકટર હતો. આ બેંકની આખા દેશમાં ૭૨ શાખા હતી, અને તેનો સંચાલક હું હતો. આ સિવાય અમૃતસર બેંક પણ મારા હાથમાં હતી. આથી કરી દેશની હુંડીના કામકાજ ઉપર મારો કાબુ ઘણો હતો. સૌથી પહેલી દેશી વીમાની કમ્પની મેં ખોલી હતી, અને યુરોપિયન પદ્ધતિએ દેશમાં શરાફી અને વીમાનો ધંધો મેં ચલાવ્યો છે. પંજાબમાં કોંગ્રેસની ત્રણ બેઠક થઇ તેમાં મેં ઘણો આગળ પડતો ભાગ લીધો હતો.

સર ઓડવાયર લેફ્ટેનંટ ગવર્નર થયો ત્યારે મેં તેની મુલાકાત લેવા ત્રણ વાર માગણી કરી, પણ ત્રણે વાર મને ના પાડવામાં આવી. પીપલ્સ બેંકના લીકવીડેટરે પણ સર ઓડવાયર સાથે મારી મુલાકાત કરાવવા પ્રયત્ન કર્યો, પણ તેમાં તે નિષ્ફળ ગયો. ૧૯૧૩ માં કરન્સી કમિટી આગળ જુબાની આપવા મને મોકલવાનું ઠર્યું હતું; પણ તેણે મારી પસંદગી રદ કરી, મારી વ્યાપારી પ્રવૃત્તિઓ સામે અને ખાસ કરી મારી પીપલ્સ બેંક સામે ઉભી થયેલ ચળવળને તેણે ઉત્તેજન આપ્યું હતું. તેને લઇ, મારી બેંકને જરૂર પડતાં કયાંયથી મદદ ન મળી, અને ૧૯૧૩ ના સપ્ટેમ્બરમાં કામકાજ બંધ કરવું પડયું. બેંકમાં નાણા મુકનારાઓને ૨૦ થી ૨૫ ટકા જેટલાં વ્યાજ સાથે પૂરાં નાણાં મળી જવા છતાં બેંકને ફરી ચલાવવામાં મારી આડે સરકારે ઘણી મુશ્કેલીઓ ઉભી કરી હતી.

સર ઓડવાયરને મારા તરફ શરૂઆતથી અણગમો હતો. અને કોંગ્રેસ ડેપ્યુટેશનમાં મારી નિમણુંક થવાથી અને જલંદર પરિષદ્નો પ્રમુખ નીમાવાથી તેનો અણગમો વિશેષ વધ્યો હતો. તેનો અમાનુષી અને અન્યાયી અમલ મારા હાથે વિલાયતમાં ઉઘાડો પડે એ તેને નહોતું રૂચતું. લડાઈ દરમ્યાન લશ્કરમાં ભરતી કરવાના કામમાં અને વોર લોનમાં નાણા ભરવામાં તેણે અન્યાયી રીતિ ગ્રહણ કરી હતી.

ધણો વખત થયાં હું પ્રજાકીય ચળવળમાં ભાગ લેતો ન હોવાથી રોલેટ બિલો સામેની અને સુધારાની ચળવળમાં મેં ભાગ નહોતો લીધો; છતાં મને શહેરપાર કરવામાં આવ્યો. મારા ઉપર મુકદ્દમો માંડવામાં આવ્યો. કેવળ ખોટી અને કલ્પિત જુબાનીના આધારે જન્મકેદ્દ્દશનિકાલની અને મારી મિલ્કત જપ્ત કરવાની મને સજા કરવામાં આવી.

૩ જી એપ્રિલે ડેપ્યુટી કમિશનરે કેટલાક લોકોને મળવા બોલાવ્યા હતા પરંતુ હું નહોતો ગયો. પણ ૧૧ મી તારીખે આગલે દિવસે ગોળીબાર થયાની મને ખબર પડી, એટલે હું ડેપ્યુટી કમિશનર પાસે તે બાબત વાત કરવા ગયો. આ પછી ત્રણ દિવસ મેં હડતાળનો અંત આણવાના વિચારમાં અને તે વિષે ઉપાયો યોજવાના કામમાં ગાળ્યા હતા. ૧૪ મી તારીખે મને શહેરપાર કરવામાં આવ્યો હતો.

૧૫ મી એપ્રિલે મેં વાઇસરોયને મારી સ્થિતિ વિષે એક તાર કર્યો. મારો કેસ ચાલતો હતો તે વખતે મારા વકીલ ઓ. પંડિત ન્હેરૂએ મારાવતી મારા કેસ વિષે એક તાર હિંદી પ્રધાનને કર્યો હતો. તાર પાછળ મને લગભગ દશ હજાર રૂપિયાનો ખર્ચ થયો. બારેક હજાર રૂપિયા મારો બચાવ કરવામાં વપરાયા, અને અપીલ કરવામાં પણ સારી રકમ ખરચાઇ. આ બધાનો હિસાબ હજી તૈયાર થયો નથી. આ ઉપરાંત વ્યાપારને અંગે મને ત્રણેક લાખ રૂપિયાનું નુકસાન પહોંચ્યું. તે સિવાય મારા સ્નેહી સંબંધીઓને અતિશય માનસિક વ્યથા વેઠવી પડી હતી.

૫૫૩

લાલા દુનીચંદ, બાર–એટ–લૅાની જુબાનીઃ મ્યુનિસિપલ કમિશનર; લાહોર.

સર ઓડવાયર પંજાબનો લેફ્ટેનંટ ગવર્નર નીમાયો તે પહેલાં પંજાબનો શિક્ષિત-વર્ગ દેશની રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લેતો હતો. સર માઇકલ આવ્યો તે અગાઉ પણ પંજાબનું રાજતંત્ર હમેશાં સારી રીતે ચાલતું ન હતું, પરંતુ તેના આવ્યા પછી તો તંત્ર તદ્દન બગડી ગયું. તેણે સખ્તાઇ ચલાવવી શરૂ કરી. શિખેલા વર્ગ ઉપર તેને ખીજ હતી. લોકો રાજકારભારમાં ભાગ લેવા ઇચ્છતા તે તેને રૂચતું નહિ. હમેશાં તેની લાગણીઓ દેશી વિરૂદ્ધ રહી લશ્કરમાં ભરતી કરવા માટે તેણે અને તેના મદદગારોએ લોકો ઉપર જુલમ ગુજાર્યો હતો. લશ્કરમાં લોકોને તેઓની મરજી વિરૂદ્ધ પકડી જવામાં આવતા. પંજાબમાં રાજકીય વિષય ચર્ચવા જાહેર સભાઓ ભરાય તે તેને ગમતું નહિ. ઘણાએ વર્તમાનપત્રો તેણે બંધ કરાવ્યાં હતાં.

હું ઇન્ડિયન એસોસિયેશનનો મંત્રી હોવાથી મને ઘણીવાર જાહેર સભાઓ બોલાવવી પડી હતી. સભા વિષે નોટિસ નીકળ્યા પછી પંજાબ સરકારનો મૂખ્ય સેક્રેટરી અથવા તો લાહોરનો કમિશનર મને મળવા બોલાવતો, અને સભા ભરવાના કામમાં તે એટલાં બધાં વિઘ્નો મુકતો કે મારી જગ્યાએ બીજા કોઈ હોય તો તેઓ સભા ભરવાનો વિચાર જ માંડી વાળત. પ્રાંત બ્હારથી સભામાં કોને બોલાવવા અને કોને ન બોલાવવા એ વિષે પણ મને સૂચનાઓ આપવામાં આવતી.

છેલ્લી પ્રાંતિક પરિષદ્ લાહોરમાં ભરાઈ હતી. ધારાસભાના કેટલાક સભાસદોએ પરિ-ષદ્માં હાજરી આપી હતી. આ વાસ્તે સરકારના મૂખ્ય સેક્રેટરીએ તેઓને ઠપકો આપ્યો

હતો. પરિણામે બ્રાડલૉ હૉલમાં થતી જાહેર સભાઓમાં ભાગ લેવાની તેઓની હિંમત જ ઉડી ગઇ.

૬ ઠી એપ્રિલે લાહોરમાં હડતાળ થઇ હતી. બ્રાડલૉ હૉલમાં એક સભા ભરાઈ હતી. ૪ થી તારીખે હડતાળ વિષે લાહોરના લોકનાયકો અને ડેપ્યુટી કમિશનર મિ. ફ્રાઇસન વચ્ચે એવું નક્કી થયું હતું કે ૬ ઠી તારીખે કોઇએ કોઇને દુકાન ઉઘાડવા કે બંધ કરવા કહેવું નહિ. આ વાત મોઢેની ન હતી. તે વિષે લખાણુ કરવામાં આવ્યું હતું. હડતાળ અને સભા નિર્વિઘ્ને પુરાં થયાં હતા. ૬ ઠી એપ્રિલે પોલિસની મરજી અનુસાર રસ્તે ભેગા થયેલા લોકોને વિખેરી નાખવામાં મેં મદદ કરી હતી. ૬ ઠી થી ૧૦ મી તારીખ સુધી શહેરમાં હડતાળ નહતી.

૯ મી તારીખે રામનવમી હતી. તે દિવસે હિંદુઓ સાથે મુસલમાનો પણુ સરઘસમાં જોડાયા હતા, પરંતુ બે કોમ વચ્ચેનો આ ઐકયભાવ સરકાર સામે યોજવામાં નહોતો આવ્યો.

૧૦ મી તારીખે બપોરના મિ. ગાંધીના પકડાયાની ખબર લાહોરમાં પડી કે લોકોએ ટપોટપ પોતાની દુકાન કોઇના કહ્યા વિના બંધ કરી. તેજ દિવસે સાંજના મૅાલ રસ્તા ઉપર પોલિસે લોકોના એક ન્હાના ટોળા ઉપર ગોળીબાર કર્યો. આની મને ખબર પડી એટલે મેં પોલિસ અમલદારોને મદદ કરવા મારી ઇચ્છા બતાવી, પણુ તે તુચ્છકારી કાઢવામાં આવી. સિવિલ સરજન કરનલ ડેવિડસને પણુ ઘાયલ થયેલાની સંભાળ લેવા ના પાડી.

લાહોરી દરવાજા આગળ પણુ લોકો ઉપર ગોળી છોડવામાં આવી હતી. હું ઈસ્પીતાલમાં ઘાયલ થયેલાઓને જોવા ગયો હતો; તેઓ ઉપર ત્યાં પૂરતું ધ્યાન આપવામાં નહોતું આવ્યું.

૧૧ મી તારીખે સવારના મિ. ફ્રાઇસને લાહોરના મૂખ્ય માણુસોને બોલાવ્યા. અમે બધાએ લોકોને શાંત પાડવાની સલાહ આપી, અને તે માટે ઘાયલ થયલા અને મરેલાઓનાં શબ તેઓના સગાઓને સોંપવા અમે કહ્યું; પરંતુ આનો અમને સંતોષકારક જવાબ મળ્યો નહિ.

તેજ દિવસે બપોરના મિ. ફ્રાઇસનના કહેવાથી બાદશાહી મસજીદમાં ભરાયલી સભામાં લોકોને હડતાળ ઉઘાડી નાખવા સમજાવવા હું ગયો હતો. મારી સાથે લાલા હરકિશનલાલ પણુ હતા. લોકોએ અમારી સલાહ માની નહિ.

બીજે દિવસે પાછી સભા મસજીદમાં થઇ, પરંતુ લોકોએ દુકાનો ઉઘાડવાની મરજી બતાવી નહિ; એટલે હડતાળનો અંત લાવવા વિચાર ચલાવવા સભામાં અમે એક કમિટી નીમી. મિ. શાફિને ઘેર હડતાળનો વિચાર કરવા અમે ભેગા થયા, અને અમારી સૂચનાઓ લઈ અમે મિ. શાફીને મૂખ્ય સેક્રેટરીને મળવા મોકલ્યો. તે દરમ્યાન બાદશાહી મસજીદમાં નીમાયલી કમિટી મારે ત્યાં વિચાર કરતી હતી. મિ. શાફીએ અમને અહીં ખબર આપી કે સર ઓડવાયર અમારી કોઈ પણુ સૂચના કબુલ નહિ રાખે. છતાં અમે દુકાનો ઉઘાડવાનો અમારો પ્રયત્ન જારી રાખ્યો.

૧૨ મી તારીખે ફરી એકવાર લાહોરના અગ્રેસરો ટાઉન હૉલમાં મળ્યા, અને ખુલ્લી રીતે હડતાળનો વિષય ચરચ્યો. દુકાનદારોનો એકંદર મત એવો હતો કે જો સરકાર શહેરમાં દાખલ કરવામાં આવેલ સોલજરો ખસેડે તો દુકાનદારો દુકાન ઉઘાડે. પરંતુ આ સૂચના સરકાર કબુલ કરે એમ નહતું. એટલે સભા વીખરાઇ ગઈ. આ પછી અમે બીનશરતે દુકાનો ખોલવા લોકોને સલાહ આપી, પરંતુ લોકોએ તે ઉપર ધ્યાન ન આપ્યું. આ ઉપરથી મેં તથા મિ. ગોકલચંદે ડેપ્યુટી કમિશનર મારફત સર ઓડવાયરને નરમી વાપરવા કહેવડાવ્યું; પરંતુ બીજે દિવસે સવારના મિ. ફાઈસને મને બોલાવ્યો અને શહેરપાર કર્યો.

આ પછી મારા ઉપર કેસ ચાલ્યો; પ્રથમ તો મને જન્મપર્યંત જેલ ભોગવવાની અને મારી મિલ્કત જપ્ત કરવાની સજા થઇ; પરંતુ પછી સજા ત્રણ વર્ષની કરવામાં આવી. શાહી ઢંઢેરા પછી મને છોડી મૂકવામાં આવ્યો હતો.

૫૫૪

પંડિત રામભજ દત્ત ચૌધરી, બી, એ., ની જુબાનીઃ હાઈકોર્ટ વકીલ; લાહોર.

પંજાબમાં અશાંતિનાં બીજ ઘણા વર્ષો થયાં રોપાયાં છે. ૧૯૦૭ ની સાલમાં પંજાબ સરકારે લોકમત વિરૂદ્ધ જઇ જમીનની હાથ બદલી વિષે અને જેલમ અને ચીનાબ સંસ્થાનોને લગતા કાયદા ઘડયા. નહેરના પાણીના વપરાશ માટે લેવાતા કરમાં બસોથી ત્રણસો ટકા જેટલો વધારો કરવામાં આવ્યો, એટલે લોકોએ નહેરનું પાણી ન વાપરવાનો ઠરાવ કર્યો. આ પછી રાવલપીંડીના જાણીતા વકીલો લાલા હંસરાજ, ગુરદાસરામ અને અમોલકરામને પકડવામાં આવ્યા અને તેઓ ઉપર કેસ ચલાવવામાં આવ્યો. છેવટે લાલા લજપતરાયને અને અજીતસિંહને પંજાબપાર કરવામાં આવ્યા, અને સભાઓ ભરાતી અટકાવવા ફરમાન કાઢવામાં આવ્યું.

લડાઈ દરમ્યાન ડિફેન્સ ઓફ ઇન્ડિયા એકટે બ્રિટિશ ન્યાય વિષે લોકોની વૃત્તિ શિથિલ કરી. લોકો ધારતા હતા કે લડાઇ પછી લોકોને દાબી દેનારા બધા ધારાઓ અને ફરમાનો રદ થશે; પરંતુ તેને બદલે વડી સરકારે રોલેટ એકટ ઘડયો. રોલેટ એકટ જેવો કાયદો સર ઓડવાયર જેવા સુબાના હાથમાં આવવાથી લોકોની શી વલે થાય એ અમને સમજવું સહેલું હોવાથી અમે પંજાબીઓએ તેની સામે ચળવળ ઉભી કરી.

રોલેટ બિલો સામે વિરોધ દર્શાવવા લાહોરમાં ૪ થી ફેબ્રુઆરીએ અને ૯ મી માર્ચે જાહેર સભા બોલાવવામાં આવી હતી. મિ. મનોહરલાલ જેવા નરમ માણસે પહેલી સભાનું પ્રમુખ સ્થાન લીધું હતું. બીજી સભામાં “ સાદર નિરાદર ” કરવાની તરફેણમાં ઠરાવ કરવામાં આવ્યો હતો.

લોકમત વિરૂદ્ધ જઇ ૧૮ મી માર્ચે સરકારે રોલેટ એકટ ઘડયો એટલે મહાત્મા ગાંધીએ લોકોને પોતાની લાગણી બતાવવા ૬ ઠી એપ્રિલે હડતાળ પાડવાની સૂચના કરી. તેમની પહેલી સૂચના પ્રમાણે ૩૦ મી માર્ચે સભા ભરવાનો વિચાર અમે રાખ્યો હતો; પરંતુ તે પડતો મેલવામાં આવ્યો હતો. તેની ખબર અમે ડેપ્યુટી કમિશનરને વાતચીત કરતાં કરી હતી.

લાહોરના અગ્રેસરોએ હડતાળ વિષે લોકોને કોઇ પણ જાતની સલાહ આપી ન હતી. ૪ થી એપ્રિલે તેઓ અને મિ. ફ્રાઇસન વચ્ચે મસલત ચાલી હતી. પરિણામે એવું ઠર્યું હતું કે ૬ ઠી તારીખે દુકાન ખોલવા કે બંધ કરવા કોઇએ કોઇને કહેવું નહિ. આ પ્રમાણે મિ. ફ્રાઇસને હુકમ પણ પ્રગટ કર્યો હતો.

હડતાળને દિવસ સવારના લોકો નદીએ ન્હાવા ગયા હતા, અને " હાય હાય રોલેટ બિલ " ની પોક મૂકતા અને છાતી કુટતા પાછા શહેરમાં આવ્યા હતા. લોકોનું એક ટોળું અનારકલીથી આગળ જતું હતું; પણ પોલિસ ટોળાને ત્યાંજ રોકવા માગતા હતા એટલે લાલા દુનીચંદ અને નરંગ લોકોને બ્રાડલો હૉલ તરફ લઇ ગયા.

સભામાં ઘણા માણસોએ હાજરી આપેલી હોવાથી હૉલમાં બેસવાની જગ્યા નહોતી, તેથી બીજી જગ્યાઓએ બીજી સભાઓ કરવી પડી હતી. સભામાં મેસર્સ બોરિંગ, એસકવીથ અને બીવર આવ્યા હતા. તેઓનું કોઇએ અપમાન કર્યું ન હતું. સભા શાંતિથી પૂરી થઇ હતી.

૭ મી, ૮ મી કે ૯ મીએ કંઇ તોફાન થયું નહતું.

૯ મી એપ્રિલે રામનવમી હતી. દર સાલ મુજબ રામલીલાનું સરઘસ કાઢવામાં આવ્યું હતું. હિંદુ મુસલમાનોએ સરઘસમાં ઉમંગથી ભાગ લીધો હતો. સરઘસની વ્યવસ્થાથી અધિકારીઓને સંતોષ થયો હતો.

૧૦ મી તારીખે લાહોરી દરવાજા આગળ બસોથી ત્રણુસો માણુસ ભેગું થયું હતું. મને તેની ખબર પડતાં હું ત્યાં જઇ પહોંચ્યો. થોડીવારમાં મિ. બ્રોડવે પણ પોલિસની ટુકડી સાથે ત્યાં આવી લાગ્યો. મેં લોકોને વીખેરી નાખવા પ્રયત્ન કર્યો; પરંતુ લોકોનું ટોળું વધતું ચાલ્યું, અને જોતજોતામાં ત્યાં એક હજાર જેટલું માણુસ ભેગું થઇ ગયું. મિ. બ્રોડવે ગોળીબાર કરવાના વિચારથી ત્યાં આવ્યો હતો, પરંતુ મેં તેને રોકયો અને લોકોને સમજાવવા પ્રયત્ન કર્યો. લોકોને મેં બેસાડી દીધા, અને પાસેના ઘરના કઠેરામાંથી હું લોકોને સમજાવવા ઇચ્છતો હતો, પરંતુ ઘરધણીએ મને તેમ કરવા દીધું નહિ; એટલે હું નીચે આવ્યો, અને નીચેથી જ લોકોને ચાલી જવાનું કહેવા લાગ્યો, પરંતુ તેટલામાં મિ. બ્રોડવેએ ઉંચ્ચે ગોરીબાર કર્યો, એટલે હું તેની પાસે દોડી ગયો અને ગોળી ન ચલાવવા વિનતિ કરી. પરંતુ આ વખતે દૂરથી મિ. ફ્રાઇસન આવતો દેખાયો. એને જોઇ મિ. બ્રોડવેએ મને કહ્યું કે મિ. ફ્રાઇસન આવશે કે તરત ગોળીબાર કરવામાં આવશે. પરંતુ મેં એની પાસેથી લોકોને સમજાવવા જેટલો વખત માગ્યો. તેણે મને બે જ મિનિટ આપી. હું લોકોના ટોળામાં ઘોડા ઉપર હતો. ભાગ્યે જ બે મિનિટ ખલાસ થઇ હશે તેવામાં લોકો ઉપર ગોળી ચાલી, અને ઘણાઓને મુંઢે વાગી.

૧૧ મી તારીખે ડેપ્યુટી કમિશનરના કહેવાથી હું તથા બીજા ત્રણ જણા બાદશાહી મસજીદમાં થયેલી સભામાં ગયા હતા. અને લોકોને મોલ ઉપર કે અનારકલીમાં ન જવા સમજાવ્યા હતા. મરણ પામેલા અને ઘાયલ થયેલાનો સવાલ પણ પડતો મેલવા લોકો તૈયાર થયા હતા. આ રીતે લોકો કમિશનરની ઇચ્છાને અનુકૂળ થયા હતા.

૧૨ મી તારીખે દુનીચંદ અને હું બાદશાહી મસજીદમાં પાછા ગયા હતા. અમે લોકોને દુકાનો ખોલવા ઘણું સમજાવ્યું; પરંતુ અમારી વાત ઉપર તેઓએ ધ્યાન જ ન

આપ્યું એટલે હડતાળનો વિચાર કરવા અમે એક કમિટી નીમી. આ કમિટીને સરકારે બંડ કરનારી કમિટી તરીકે લેખી. આ સભા ચાલતી હતી ત્યારે પોલિસ અને લશ્કરે મસજીદને ઘેરી લીધી હતી. મસજીદ ઉપર એક એરોપ્લેન ઉડતું હતું, અને કીલ્લાની દિવાલ ઉપર એક તોપ મસજીદ સામે ગોઠવવામાં આવી હતી. આ બધાથી લોકો ગભરાયા, પરંતુ મેં તેઓને શાંત પાડવા પ્રયત્ન કર્યો. મિ. ફાઈસનને શહેરમાં સોલજરો લઈ જવાનું વચન આપ્યું હતું, એટલે મને લાગ્યું કે હું તેને કહી સોલજરોને પાછા મોકલાવી આપીશ.

૧૩ મી તારીખે ટાઉન હોલમાં અગ્રેસરોની સભા થઈ, તેમાં મિ. ફાઇસન પણ આવેલા હતા. મેં તેને વચન યાદ દેવડાવ્યું. તેણે વચન ભંગ કરી આગલે દિવસે શહેરમાં લશ્કર મોકલ્યું હતું અને લોકો ઉપર ગોળી ચલાવી હતી. એકવાર તો વચન જ નહોતું આપ્યું એમ તેણે વાત કરી પણ પછી તે મુંગો જ રહ્યો.

તેજ દિવસે તાર ઓફિસે માર્શીયલ લૉ ચલાવવાની વાત નીકળી. જે ધોરણ પ્રમાણે સરકાર તેમ કરવા માગતી હતી તે પ્રમાણે કરવું ખોટું હતું એમ મેં જણાવ્યું. આનો અર્થ હું સરકાર સામે થાઉં છું એવો કરવામાં આવ્યો.

૧૪ મી તારીખે મને શહેરપાર કરવામાં આવ્યો. પછી મારા ઉપર કેસ ચાલ્યો, મને દેશનીકાલની સજા કરવામાં આવી અને મારી મિલ્કત જપ્ત કરવાનો હુકમ થયો; પરંતુ હવે મને છોડી મૂકવામાં આવ્યો છે. અમે બધા નિર્દોષ હોવા છતાં અમને સજા કરવામાં આવી હતી. તેમ કરી સરકાર લોકોમાં દાબ બેસાડવા ઇચ્છતી હતી. પંજાબમાં જે કંઈ ચેતન આવ્યું હતું, તે દાબી દેવા ધારતી હતી.

કમિશન અને પંડિત રામભજદત્ત વચ્ચે થયેલ પ્રશ્નોત્તરનો સાર.

૧ ૪ થી એપ્રિલે ડેપ્યુટી કમિશનરે શહેરના અગ્રેસરોની સભા કરી હતી, પરંતુ મિ. બ્રોડવે કહે છે તેમ હડતાળની વ્યવસ્થા કરનારાઓને તે સભામાં નોતરવામાં નહોતા આવ્યા.

૨ ૧૩ મી તારીખે બીજી હડતાળ થવાની મિ. બ્રોડવેની વાત બરોબર નથી. તે દિવસે હડતાળ કરાવવા કોઇએ ધાર્યું ન હતું.

૩ ગાંધીજીને પકડવામાં આવ્યા તે માટે ૧૦ મી તારીખે લાહોરના રહીશોએ હડતાળ પાડી હતી.

૪ ૧૦ મી તારીખે સાંજના હું મોલ આગળ ગયો ત્યારે ત્યાંથી લોકો વીખરાઇ ગયા હતા. લોકોને ત્યાંથી હડસેલી કાઢવાની મિ. બ્રોડવેની વાત ખોટી છે. મોલ આગળ હું ટાંગામાં બેઠો અને દોઢેક માઇલ સીધો તેમાં ગયો હતો. રસ્તે પાંચ છ જગ્યાએ મેં ચાર પાંચ જણને સાથે વાત કરતા જોયા હતા. લાહોરી દરવાજા આગળ બસો ત્રણસો માણસ ઉભા હતા. હું ટાંગામાંથી તરત ઉતરી ગયો અને એક વિકટોરીયામાં ઊભો રહી લોકોને સમજાવવા લાગ્યો. ત્રણ ચાર મિનિટ રહી મિ. બ્રોડવે અને મિ. કલાર્ક અહીં આવ્યા. ગોળી ચલાવવાની વાત મિ. બ્રોડવેએ મારી પાસે કરી; પરંતુ મેં એને ઉતાવળા ન થવા કહ્યું. મિ. બ્રોડવેને જોઇ લોકોએ ઇંટ કે કાદવ ફેંક્યો ન હતો. જ્યાં સુધી હું લોકો સાથે હતો ત્યાં સુધી કોઇએ કંઈ ફેંક્યું ન હતું.

લોકોને હું સમજાવતો હતો અને લોકો તે સાંભળતા હતા. પહેલો ગોળીબાર થય પછી મિ. ફોર્ઇસન આવ્યો. લોકોને સમજાવવા મિ. ફોર્ઇસને મને વખત જ ન આપ્યો મારા કહેવાથી લોકો પાછા ફરતા હતા; છતાં મિ. ફોર્ઇસને તેઓની પુંઠ ઉપર ગોળ ચલાવી હતી.

૫ 'દંડફોજ' વિષે મને ખબર ન હતી. મારા ઉપર કેસ ચાલતો હતો તે દરમ્યા મેં તે વિષે સાંભળ્યું હતું. મને જે ખબર મળી છે તે ઉપરથી તો મને લાગે છે તે કેટલાક મૂર્ખ છોકરાઓની રમત હતી.

૬ પોલિસે શહેરનો કબજો ૧૧ મી તારીખે છોડયો ન હતો. શહેરના ઘણાખરા મૂખ્ દરવાજા આગળ ચોકીઓ છે અને ખુદ શહેરમાં એક ચોકી તીબ્બી મહોલ્લામાં છે બધી ચોકીએ પોલિસ હતી, કોઇએ પોલિસના કામમાં ખલલ કરી ન હતી મિ. બ્રોડવેની વાત તદ્દન ખોટી છે કે શહેરમાં બંડ જાગ્યું હતું અને શહેરમાં થોડા કોને દાખલ થવું સહીસલામત ન હતું; શહેરમાં ગોળી ચલાવવી પડે એવી સ્થિતિ શહેરમાં હતી જ નહિ. શહેર ખિન્ન દેખાતું હતું છતાં વફાદાર રહ્યું હતું ગમે તેટલા થોડા માણસ પણ શહેરમાં એક નાકેથી બીજે નાકે આવજાવ કર શકે એમ હતું. અમે અગ્રેસરો અમલદારોને મદદ કરવા કચાશ નહોતા રાખત અને મિ. ફોર્ઇસન અને મિ. બ્રોડવે અમારી સાથે મળતા રહેતા, પરંતુ સર ઓ ડવાયરને પૂછ્યા વિના તેઓ કંઇ પણ કરવા અશક્ત હતા. સર ઓડવાય અમારી એકે વાત સાંભળી ન હતી.

૭ બાદશાહી મસજીદમાં લોકો લાઠી લઇ નહોતા ગયા. છુટી છવાઇ કોઇના હાથમ સાધારણ લાકડી હશે. મિ. બ્રોડવેએ લોકોને મસજીદમાંથી વીખરાઇ જવા કહ્યું ન ન હતું, બલ્કે એક પણ પોલિસનો માણસ મસજીદમાં ગયો ન હતો.

૮ હડતાળ સરકાર વિરૂદ્ધ લેખાવી ન જોઇએ. ૧૦ મી તારીખની હડતાળ તેવી ન હતી ગોળીબાર થવાથી લોકો ઉશ્કેરાઇ ગયા હતા એટલે હડતાળ ચાલૂ રહી હતી ઘણાએ.એ તો એવો ઠરાવ કર્યો હતો કે સર માઇકલ જાય પછી જ દુકાનો ખોલવી

૯ રોલેટ એકટનો ખોટો અર્થ લોકોને કહેવામાં આવ્યો હતો એ સરકારની દલી ખોટી છે. મેં એ ઉપર બરોબર વિચાર કર્યો છે અને પુરતી તપાસ કરી છે લાહોરમાં કોઇ પણ સભામાં રોલેટ એકટમાં ન હોય એવું તેમાં છે એમ કોઇએ લોકોને જણાવ્યું ન હતું. રોલેટ એકટ વિષે જે કંઇ અફવાઓ પંજાબમાં ચાલી તે ૧૩ મી એપ્રિલ પછી ચાલી છે, અને તેનું કારણ માર્શયલ લૉના જાતજાતન અવનવા હુકમો છે. રોલેટ એકટના ખોટા અર્થ અમે અમારા ભાષણમાં કર્યા હોત તો તેની જાણ લોકોને ૧૩ મી એપ્રિલ પહેલાં થવી જોઇતી હતી. પરંતુ તેમ થયુ હોય એમ જણાયું નથી.

૧૦ લાહોરમાં થોડાક લોકો પાસેજ રાઇફલ છે. આ લોકો કદી પોતાના લાચા ભાઇઓને રાઇફલથી વીંધી નાખશે પરંતુ સરકારના સોલજરો સામે તો આમાંથ કોઇ પણ રાઇફલ નહિ તાકે. શહેરમાં કોઇએ કયાંય બોંબ પણ બનાવ્યા ન હતા એટલે કરનલ જોનસનને પોતાના માણસો કપાઈ જાય એવો ડર લાગ્યો હતો તદ્દન બિનપાયાદાર હતો.

એમ કહેવાય છે કે ૧૨ મી એપ્રિલ પહેલાં છએક મહીના ઉપર લાહોરમાં એક બોંબ પડયો હતો તેથી કેટલાક લશ્કરી માણસોને ઇજા થઈ હતી, પરંતુ આ વિષે લાહોરના કોઇ વતનીને પકડવામાં નહોતો આવ્યો. છતાં આ એક દાખલા ઉપરથી એમ માની લેવું કે શહેરમાં બંબગોળા ભર્યા છે એ તો અયોગ્ય કહેવાય.

૧૧ મેં કોઇ દિવસ લોકો તરફથી કોઇને પહેરા ઉપર ઉભેલા જોયા ન હતા. શહેરમાં નરમ ગરમ પક્ષના અગ્રેસરો છે એવો ભેદ અધિકારીઓએ અમને બધાને સજા કરાવવાના હેતુથી કર્યો છે. પંજાબના બધા અગ્રેસરો કોંગ્રેસ મતના છે. કોંગ્રેસનો નરમ મત છે. સરકારે અમને હેરાન કરવા સારૂ રામશરણદાસ જેવા માણસ કે જેઓ રાજકાજની વાતમાં ભાગ જ નથી લેતા તેઓને નરમ વિચારના ઠરાવ્યા, અને બાકીનાને ગરમ વિચારના લેખ્યા.

૧૨ ૧૧ મી એપ્રિલે બાદશાહી મસજીદમાં લોકોની જંગી સભા ભરાઈ હતી. ત્યાં મને અનેક પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. તેનો જવાબ હું એકલો આપી શકું એમ ન હતું એટલે અમે વિચાર કરી ૫૦ જણાની એક કમિટી નીમી અને 'પિપલ્સ કમિટી' એવું નામ તેને આપ્યું. હું તેનો સેક્રેટરી નીમાયો. કમિટી નિમવાનો અમારો હેતુ સભાઓ ભરાતી બંધ કરાવવાનો હતો. તેજ દિવસે કમિટી બે વાર મળી હતી. તે પહેલાં અમે કેટલાક મિ. શફીને ત્યાં ભેગા થયા હતા. કેટલીક ચર્ચા થયા પછી અમે ચાર સૂચનાઓ પંજાબ સરકારના ચિફ સેક્રેટરીને મોકલાવી હતી, પરંતુ મિ. થોમસને અમારી વાત જ સાંભળી નહિ. એ તો પોતાના વિચારને વળગી રહ્યો.

કમિટીની સભાઓ ખાનગી નહતી. કમિટી જે કંઈ ઠરાવ કરતી તે લોકોને જણાવવામાં આવતા. અમારી કમિટીની સભાઓમાં મિ. શફી, મિ. રાયબહાદૂર રામશરણદાસ અને તેઓના જેવા બીજા સરકાર પક્ષના જાણીતા માણસો પણ આવતા.

અમે મ્હોલ્લાના ચૌધરીઓને દુકાન ઉઘડાવવા માટે સમજાવવામાં ફાવ્યા હતા, પરંતુ લોકોએ સર ઓડવાયરના જવા પછી જ દુકાન ખોલવાનો વિચાર કર્યો હતો, એટલે ચૌધરીઓનું પણ તેઓએ માન્યું નહિ.

૧૩ ૧૧ મી એપ્રિલે શાહી મસજીદમાંથી પાછા ફરતાં હું તાર ઓફિસે મિ. બ્રોડવેને મળ્યો હતો. મેં એને જણાવ્યું હતું કે 'લોકો અનારકલીમાં કે મૉલ ઉપર નહિ જાય; પણ સાથે સરકાર પણ શહેરમાં લશ્કરી કે પોલિસ પહેરો નહિ ગોઠવે અને ગોળી નહિ ચલાવે એમ મેં લોકોને કહ્યું છે.' ખાનબહાદુર મિયાં સુરજદીન અને દિવાન કિશન કિશોરના દેખતાં મિ. બ્રોડવેએ મને કહ્યું હતું કે સરકાર આ વચન પાળશે. બંને જણાએ મારા કેસમાં મારી વાતને ટેકો આપ્યો હતો.

૫૫૫

લાલા ગોવર્ધનદાસની જુબાનીઃ લાહોર.

કેનેડાની સન લાઇફ એસ્યુરન્સ કંપનીનો પંજાબમાં, સંયુક્ત પ્રાંતમાં, સિંધમાં અને બલુચીસ્તાનમાં હું આડતીયો છું. હું ઇંડિયન એસોસિયેશનનો, પંજાબ પ્રાંતિક કાંગ્રેસ કમિટીનો, અને ઓલ ઇંડિયા કાંગ્રેસ કમિટીનો સભાસદ છું.

૯ મી માર્ચે અને ૬ ઠી એપ્રિલે મેં રોલેટ એક્ટ સામે ભાષણ કર્યાં હતાં. ૭ મીથી ૧૨ મી એપ્રિલ સુધી હું લાહોરમાં નહતો, એટલે તે દિવસોમાં શું બનાવો બન્યા તે હું જાણુતો નથી. ૧૩ મી તારીખે હું લાહોર આવ્યો, અને કહેવાતી 'બંડખોરોની કમિટી' માં મારી નીમણુંક થઈ.

પંજાબ સરકારે સખ્તાઇનો રસ્તો ગ્રહણ કર્યો હતો. લોકોને બોલતા બંધ કરવામાં આવ્યા હતા; વર્તમાનપત્રોને જકડી લેવામાં આવ્યાં હતાં, અને લોકોને પોતાનું દુઃખ જણાવવાના બધા માર્ગો રૂંધાઈ ગયા હતા. આ સ્થિતિ જોઈ મને થયું કે મારે આની ખબર આખા દેશને કરવી જોઇએ, એથી હું પંજાબ બહાર નીકળ્યો, અને વર્તમાન પત્રોમાં પંજાબની દશાની ખબર પ્રગટ કરવા લાગ્યો. પંજાબ સરકારને મારી આ પ્રવૃત્તિ પસંદ પડી નહિ. પ્રથમ તો તેણે લાહોર કોન્સ્પીરસી કેસમાં મને પણ સંડોવવાનો વિચાર કર્યો. પણ તે કંઇક કારણુસર પડતો મેલ્યો. આ પછી 'ઇન્ડિપેન્ડંટ' પત્રમાં પ્રગટ થયેલા એક લેખ માટે મારા ઉપર પિનલકોડની ૧૨૪ મી એ અને ૧૫૩ મી એ કલમ પ્રમાણે અને ડિફેન્સ ઓફ ઇન્ડિયા એકટની ૨૫ મી કલમ પ્રમાણે કામ ચલાવવાનો સરકારે ઠરાવ કર્યો. ૧૧ મી જુને મારો કેસ માર્શીયલ લો ટ્રીઇબ્યુનલ આગળ નીકળ્યો; પરંતુ કાયદાની બારીકી નીકળવાથી કેસ પાછો ખેંચી લેવામાં આવ્યો. ૨૩ મી જુને મને અમુક હદમાં રાખવાનો હુકમ નીકળ્યો, અને ૫ મી જુલાઇએ "બોમ્બે ક્રોનિકલ" પત્રમાં પ્રગટ કરવામાં આવેલા એક લેખ માટે મારા ઉપર કેસ માંડવામાં આવ્યો. કેસમાં મેં મારો બચાવ જ ન કર્યો. મને આ કેસમાં સજા કરવામાં આવી હતી.

મને ૧૨ મી મેએ પકડવામાં આવ્યો અને ૧૬ મી તારીખે લાહોર લઈ જવામાં આવ્યો. ત્યાં મારે પોલિસ સુપરિન્ટેન્ડંટ મિ. બોરિંગ સાથે નીચે પ્રમાણે વાતચિત થઈ હતી.

મિ. બોરિંગ: તમે અંતે આવ્યા ખરા.

મિ. ગોવર્ધન: હા, સાહેબ.

મિ. બોરિંગ: તમે આખા દેશમાં ફરી પંજાબ સરકારને બદનામ કરો છો.

મિ. ગોવર્ધન: મેં તો માત્ર સર માઇકલના કુકર્મોની કથા લોકોને કહી છે. તે સિવાય મેં બીજું કશું કર્યું નથી.

મિ. બોરિગ: અરે બેવફા માણુસ !

મિ. ગોવર્ધન: હું તો તમારા જેટલો વફાદાર છું.

મિ. બોરિંગ: તમારા દોસ્ત ગાંધી જેવા તમે વફાદાર હશો.

મિ. ગોવર્ધન: મહેરબાની કરી ગાંધીજી માટે આમ વાત ન કરશો.

આમ વાતચીત ચાલતી હતી તેવામાં મલ્લીક ઉમર હયતખાન આવ્યો, તેને મિ. બોરિંગે કહ્યું: 'આ માણુસે હિંદુસ્તાનમાં ફરી આખી સરકારને બદનામ કરી છે.' એટલે મલ્લીક સાહેબ બોલી ઉઠયો: "અગર મુસલમાનકા રાજ હોતા તો યે શક્ષ તોપસે ઉડા દીયા જાતા." આ સાંભળી મારાથી મુંગું રહેવાયું નહિ. મેં જણાવ્યું: "પણ મલ્લીક સાહેબ, સારે નસીબે તેમ નથી. અત્રે બ્રિટિશ રાજમાં વસીએ છીએ, તમે કંઇ ગવર્નર નથી." આ સાંભળી તે ચૂપ થઇ ગયો અને ચાલી ગયો.

પણ તેટલામાં સી. આઇ. ડી. ખાતાનો મિ. કૉકસ આવી પહોંચ્યો, તેણે મારી સામે જોઈ કહ્યું: ' તમે જ ૧૯૦૭ માં ગુન્હેગાર ઠર્યા હતા ના. '

મિ. ગોવર્ધનઃ હા, સાહેબ; પરંતુ મેં કંઇ ચોરીનો કે તેવો બીજો કોઇ ઘોર ગુન્હો કર્યો ન હતો. એ તો રાજકીય ગુન્હો હતો તેથી હું કાંઈ તો શરમાતો નથી.

મિ. કૉકસઃ તમને ખબર છે કે તે વખતે હું પોલિસ સુપરિન્ટેડંટ હતો ?

મિ. ગોવર્ધનઃ મને તેની ખબર નથી. હું મિ. રૂન્ડેલને જાણું છું. તેની સામે મેં " પંજાબી " માં અને " ટ્રીબ્યુન " માં લખાણ કર્યાં હતાં.

મિ. કૉકસઃ આ વખતે તમને ૬ મહીનાનીજ સજા નહિ થાય, પણ દશ વર્ષની થશે.

મિ. ગોવર્ધનઃ મને તેની ચિંતા નથી. મારૂં શરીર તમારૂં છે, પરંતુ મારો આત્મા મારો છે.

આ પછી થોડીક વાતચીત થયા પછી મિ. બોરિંગે મને અનારકલી ચોકીએ મોકલી આપ્યો અને ત્યાં મને કોટડીમાં પૂરવામાં આવ્યો.

૫૫૬

દિવાન બહાદુર રાજા નરેન્દ્રનાથ, એમ. એ., ની જુબાનીઃ નિવૃત્ત થયેલા ડેપ્યુટી કમિશનરઃ લાહોર.

૧૧ મી એપ્રિલે સવારના ૧૦-૩૦ વાગે સર ઓડવાયરે કેટલાક જણાને પોતાને બંગલે બોલાવ્યા હતા; મને પણ તેડાવવામાં આવ્યો હતો. આગલે દિવસે થયેલા તોફાનની વાતચિત થયા પછી મિ. શારીએ એવો વિચાર રજુ કર્યો કે લોકનાયકની સહાય લેવામાં આવે તો હડતાળનો અંત જલદી આવે. તે બાબત સર ઓડવાયરે તેઓને મળવું જોઈએ. આ સૂચનાને ટેકો આપ્યો હતો, પરંતુ ચૌધરી શહાબ-ઉદ-દીને તેની વિરૂદ્ધ મત આપ્યો. સર માઇકલને ચૌધરીનો મત પસંદ પડયો. તેને લોકનાયકોની મદદ માગવી રૂચી નહિ.

બીજે દિવસે મિ. શારીને ઘેર નવાબ ફતેહ અલીખાન, રાયબહાદુર અમરનાથ, લાલા દુનિચંદ, પંડિત રામભજદત્ત, હું અને બીજાઓ ભેગા થયા હતા. અમે બધાએ કેટલીક ચર્ચા કર્યા પછી મિ. થોમસન આગળ રજુ કરવાની સૂચનાઓ ઘડી કાઢી, તે સૂચનાઓ લઈ મિ. શારી હું અને બીજાઓ મિ. થોમસન આગળ ગયા. તેની સાથે અમે ઘણી વાતો કરી, અમારી સૂચનાઓ કબુલ રાખવા અમે એને વિનવ્યો; પરંતુ સર ઓડવાયારે તે કબુલ રાખી નહિ. અમે એવી માગણી કરી હતી કે મરેલાના શબ અને ઘાયલ થયલા માણસો તેઓના સગાઓને સોંપી દેવા, શહેરમાંથી લશ્કર ખેંચી લેવું, પકડાયલાઓને ઘટતી જામીન લઈ છોડવા.

૧૩ મી તારીખે ટાઉન હોલમાં અગ્રેસરોની સભા થઇ હતી. આ સભામાં મિ. ફાઇસન પણ હાજર હતો. આ વખતે લોકોએ એક જ માગણી કરી કે સરકાર શહેરમાંથી લશ્કર પાછું બોલાવી લે, પરંતુ આ માગણી પણ કબુલ રાખવામાં ન આવી.

૧૪ મી તારીખે લાલા હરકિશનલાલ, લાલા દુનિચંદ અને પંડિત રામભજદત્તને શહેરપાર કરવામાં આવ્યા.

૧૫ મી અને ૧૬ મી વચ્ચેની રાત્રે માર્શીયલ લૉનો અમલ શરૂ થયો. મારી એવી માન્યતા છે કે મરણ પામેલાનાં શબ અને ઘાયલ થયેલા માણસોને તેઓના સગાને સોંપવામાં આવ્યા હતા. જેઓને પકડવામાં આવ્યા હતા તેઓને ઘટતા જામીન લઈ છોડવામાં આવ્યા હોત તો લોકો શાંત થાત. લાલા હરકિશનલાલ અને બીજાઓને શહેરપાર કરવામાં આવ્યા ન હોત તો તેઓ હડતાળ બંધ કરાવવામાં ફાવત.

૫૫૭

મિ. સનતાનમ, બેરિસ્ટરની જુબાનીઃ લાહોર.

૧૯૧૧ ની સાલથી હું લાહોરમાં વકીલાત કરૂં છું. ૧૯૧૯ ના માર્ચ અને એપ્રિલ મહીનામાં હું લાહોર હતો.

પંજાબની ચીફ કોર્ટને હાઇકોર્ટ કરવામાં આવી એટલે જડજોએ એક મિજલસ કરી. સર ઓડવાયર, ધારા સભાના સભાસદો, વકીલ બેરિસ્ટરો અને શહેરના અને પંજાબના મ્હોટા માણસો મિજલસમાં મળ્યા હતા. કેટલાક વકીલો સાથે વાતચિત કરતાં સર માઈકલે કહ્યું હતું કે "સભામાં કે સભા ખલાસ થયા પછી કે સભાને લઈ મોડેથી લાહોરમાં કંઇ તોફાન થશે તો જેઓએ એ સભા બોલાવી છે તેઓને હું તોફાન માટે જવાબદાર લેખીશ અને તેઓની સત્વર ખબર લઇશ." આ પછી ડૉ. કિચલુ અને ડૉ. સત્યપાલની, અને ૩૦ મી માર્ચે અમૃતસરમાં થયેલી હડતાળની વાત નીકળતાં તેણે કહ્યું હતું કે "અમૃતસરના બદમાશોની ખબર હું પહેલાં લઈશ."

૬ ઠી એપ્રિલે લાહોરમાં તમામ દુકાનો બંધ રહી હતી, લાહોરમાં કદી મેં ન જોયલી એવી જંગી સભા બ્રાડલૉ હૉલમાં ભરાઈ હતી. લાહોરમાં તેમ પંજાબના બીજા ભાગમાં ક્યાંય તોફાન કે ગરબડ થયા ન હતા.

૧૦ મી એપ્રિલે સાંજના સૂર્યાસ્ત વખતે હું મોલ તરફ જતો હતો તે વખતે મિ. ગાંધીના પકડાયાની ખબર મને પડી. આ પછી તરતજ મેં ગુમાગુમ થતી સાંભળી, એટલે તે શા સારૂ થાય છે એ જાણવા હું મોલ ઉપર ગયો. ત્યાં મેં પોસ્ટ ઓફિસ તરફથી છોકરાઓનું ટોળું આવતું જોયું. આ ટોળામાં ન્હાના ન્હાના છોકરાઓ પણ હતા, તેમાં કોઇ ૨૨ વર્ષ કરતાં મ્હોટી ઉમરનું હોય એમ મને ન જણાયું. તેઓમાંથી એક જણના હાથમાં કાળો વાવટો હતો. તેઓ 'મહાત્મા ગાંધીકી જય' અને 'રોલેટ એકટ હાય હાય' ના પોકાર કરતા હતા. તેઓની સંખ્યા ચારસેથી વધારે ન હતી. તેઓ રસ્તે જનારા કોઇને હેરાન કરતા ન હતા. યુરોપિયનોની ગાડીને તેઓ માર્ગ આપતા હતા, કેટલીક યુરોપિયન સ્ત્રીઓ પણ પગે મોલ ઉપર ચાલતી હતી, છતાં છોકરાઓએ કોઇને હરકત કરી ન હતી. આ પછી હાઇકોર્ટના કમ્પાઉંડમાંથી પોલિસની એક ટુકડી નીકળી, ટોળાની પાસે થઇ આગળ નીકળી ગઇ અને ઓડવાયર કલબ આગળ પોલિસે ટોળા ઉપર ગોળીબાર કર્યો. આથી કેટલાક ઘાયલ થયા. ડૉ. પ્રેમનાથ અને હેલ્થ ઓફિસર ડૉ.

અરોરાએ ઘાયલ થયલાઓને મદદ કરવા જણાવ્યું; પરંતુ ડેપ્યુટી પોલિસ સુપરિન્ટેન્ડટે ના પાડી, એટલુંજ નહિ પણ ઘાયલ થયેલાઓને ઇસ્પીતાલમાં લઈ જવાને બદલે ચોકીએ લઈ ગયો, ઇસ્પીતાલ તો ચોકી કરતાં પાસે હતી. આ વખતે મને અમૃતસરમાં બનેલા બનાવોની ખબર ન હતી. જેઓ ઉપર ગોળી ચલાવવામાં આવી તેઓને પણ ડૉ. સત્યપાલ કે ડૉ. કિચલુ વિષે અથવા અમૃતસરમાં થયેલી ગરબડ વિષે ખબર ન હતી.

૧૫ મી તારીખે માર્શીયલ લૉનો અમલ શરૂ થયો. આથી ઘણાઓને નવાઇ લાગી. લાહોરમાં કોઇએ સરકારની કે યુરોપિયનની મિલ્કતને અને જાનને ઈજા કરી નહતી. અમને બધાને માર્શીયલ લૉ એટલે શું એની ખબર તો રફતે રફતે પડી. સાધારણ રીતે અમે ધારતા હતા કે હડતાળનો અંત લાવવા સારૂ સરકારે આ ઈલાજ લીધો છે, પરંતુ અમારી એ ધારણા થોડાક વખતમાં જ ખોટી ઠરી. શહેરમાં એકદમ પકડાપકડી શરૂ થઇ. શા સારૂ પકડવામાં આવે છે એ મ્હોડેથી પણ કોઇને કહેવામાં આવતું નહિ. જ્યારે મનોહરલાલ જેવા નરમ માણસને અને કાલીનાથ રાય જેવા ઠરેલ અધિપતિને પકડવામાં આવ્યા ત્યારે તો અમને એમજ થયું કે ન્યાયને સ્થાને ત્રાસની સ્થાપના થઈ છે.

મને પોતાને માર્શીયલ લૉનું ખરૂં સ્વરૂપ ત્રણ ચાર દિવસ રહી જણાયું. મુલચંદની દુકાન આગળ મેં ત્રણ વિદ્યાર્થીઓને સાઇકલ ઉપરથી ઉતરી વાતચિત કરતા જોયા. તેવામાં એક ઘોડેસ્વાર અંગ્રેજ પોલિસનો માણસ ત્યાં આવી ચઢયો, અને છોકરાઓને છુટા પડવાનો હુકમ કર્યો. છોકરાઓ ચમકી ગયા, એકાદ બે સેંકડ સુધી શું થયું તે તેઓ સમજી ન શક્યા એટલે પોલિસે કંઈ પણ કહ્યા વિના છોકરાઓને નેતરથી ફટકાવ્યા અને બે ત્રણ ઠોંસા લગાવ્યા. છોકરાઓ તરત જૂદી જૂદી દિશામાં દોડી ગયા. આ ઉપરથી રસ્તે ચાલતાં હું હમેશાં સાવચેતી રાખતો, અને યુરોપિયનોથી દૂર રહેવા પ્રયત્ન કરતો.

માર્શીયલ લૉના દિવસોમાં પદવીવાળા કે વગર પદવીવાળા હિંદી માત્રને નામોશી લગાડવામાં આવી હતી, પરંતુ સેંકડો માણસોને કેદ કરી માર્શીયલ લૉ ટ્રીબ્યુનલ આગળ ઉભા કરવામાં આવતા. એ દેખાવ જોઇ જે દુઃખ થતું તેની આગળ નામોશીથી થતું દુઃખ કંઈ જ નહતું. કેદીઓને કાયદાની મદદ જ ન હતી એમ કહેવામાં જરાય અત્યુક્તિ નથી. જેઓ પોતાનો બચાવ કરવા વકીલ રોકી ન શકે તેઓ માટે સરકારે દયા ખાઇ (!) દરેક ટ્રીઈબ્યુનલ માટે એક વકીલ નીમ્યો હતો, પરંતુ આ કેવળ ઢોંગ જ હતો. સરકારી વકીલને એક સાથે ૧૦ થી ૧૫ જણાનો બચાવ કરવાનું આવતું. તેમ કરવા માટે આરોપિતોને મળવાનો અને તેઓનો બચાવ તૈયાર કરવા વાસ્તે તેઓને પૂરતો વખત પણ નહોતો મળતો. આ વકીલોમાંથી કેટલાકોએ તો મારી પાસે કબુલ કર્યું છે કે આરોપિતો ઉપર સરકાર સામે લડાઇ જગાડવાનો, ખૂન કરવાનો, બંડ કરવાનો અને એવા બીજા ગંભીર આરોપો મુકવામાં આવ્યા હતા; છતાં તેઓનો બચાવ કરવા પહેલાં તેઓ સાથે વાત કરવા ભાગ્યેજ પાંચ મિનિટ મળતી. કેસ ચલાવવાની સાધારણ પદ્ધતિ એવી હતી કે એક સાથે તીસ તીસ ચાલીસ ચાલીસ આરોપિતોને ટ્રીઈબ્યુનલ આગળ રજુ કરવામાં આવતા. જ્યારે ટ્રીબ્યુનલ પાસે લઇ જવામાં આવતા ત્યારે પણ તેઓને શા ગુન્હા સારૂ પકડવામાં આવ્યા છે એની તેઓને ખબર નહોતી પડતી. ટ્રીબ્યુનલ આગળ તેઓ ઉપર મૂકવામાં આવેલા આરોપો આરોપિતોને વાંચી સંભળાવવામાં આવતા. તેઓ પોતાના બ-

ચાવમાં કોણુ કોણુ સાક્ષીઓને બોલાવવા ઇચ્છે છે તે ત્યાંને ત્યાં જ પૂછવામાં આવતું. તેઓને એમ પણુ કહેવામાં આવતું કે સરકાર બનશે ત્યાં સુધી બધા સાક્ષીઓને બોલાવી મગાવશે, પરંતુ દરેકેદરેક સાક્ષીને હાજર કરવા સરકાર બંધાતી નથી. ઘણુાઓને ફરિયાદી પક્ષની જુબાનીનો સાર વાંચી સંભળાવવામાં ન આવતો, અને કદાચ તેમ થતું તો તેની નોંધ લેવા પરવાનગી ન મળતી. દરેક આરોપિતને પૂછવામાં આવતું કે સરકારનો વકીલ છે કે નહિ; અને ન હોય તો તેને એમ કહેવામાં આવતું કે સરકારનો વકીલ તેનો બચાવ કરશે. આ પછી તેઓને પાછા જેલમાં લઇ જવામાં આવતા. જે દિવસે કેસ ચાલવાનો હોય તે દિવસેજ તેઓ સરકારી વકીલને મળી શકતા. તે પણુ સવારના નવ વાગ્યા પછી આરોપનું વાંચન થયા પછી કેસ ત્રણુ ચાર દિવસ રહી શરૂ થતો. ત્યારે કેટલીકવાર સરકારી વકીલને જેલમાં કેદીઓને સવારના ૭ થી ૮–૩૦ સુધી મળવાની રજા મળતી ત્યારપછી કેદીઓને કોર્ટમાં લઇ જવામાં આવતા. પરંતુ સરકારી વકીલોને દરરોજ સવારના દશથી કોર્ટમાં રહેવું પડતું. તેઓને દરરોજ અનેક કેદીઓનો બચાવ કરવો પડતો; એટલે જે દિવસે જેનો કેસ નીકળવાનો હોય તેની જ સાથે વકીલ મસલત કરી શકતો. આ પણુ ધ્યાનમાં રાખવા જેવી બાબત છે કે ૨૦ થી ૩૦ જણુા ઉપર ભારે ગંભીર આરોપ મૂકાયલા હોવા છતાં તેઓના મુકદ્દમાની સુનાવણી સાધારણુ રીતે એક જ દિવસમાં પૂરી થઈ જતી.

જેઓ પોતાને ખર્ચે વકીલો રોકી ન શકતા તેઓની આવી દશા હતી; પરંતુ શક્તિ-વાળાઓની દશા પણુ આથી કંઇ વધારે સારી ન હતી. તેઓને પ્રતિષ્ઠિત વકીલો ન મળતા. કયા દિવસે કયા આરોપિતને ટ્રીઇબ્યુનલ આગળ ઉભો કરવામાં આવશે એની પ્રથમ તો કોઇને ખબર ન પડતી. આવી સ્થિતિમાં મ્હોટા મ્હોટા વકીલો મુકદ્દમો હાથ ધરતાં અચ-કાતા, કારણુકે સુનાવણીનો દિવસ તેઓને અનુકૂળ હશે કે નહિ તે આગળથી જાણી ન શકાતું. બીજી મુશ્કેલી એ હતી કે વકીલોના મ્હોટા ભાગે રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લીધો હતો, તેથી તેઓ ઉપર સરકારની કડવી નજર થઇ હતી એટલે તેઓને લાગતું કે વખતે પકડાવાનો વારો પણુ આવે, તેવો વખત, કહેવાતા બંડખોરોનો બચાવ કરી જલદીથી લાવવા તેઓ ઇચ્છતા ન હતા. સૌથી અગત્યની વાત તો એ હતી કે જેઓ મુકદ્દમામાં બચાવ પક્ષમાં ઉભો છે, તેઓને પણુ સરકાર રાજદ્રોહી અને બંડખોર લેખે છે. આમ કરવાથી માણુસ સહેજે વિટંબણુામાં આવી પડે છે એવી માન્યતા તે વખતે જન્મી હતી. મિ. શાસ્ત્રીએ ભરેલાં પગલાંથી આ માન્યતા વધારે પ્રબળ થઈ. શેઠ રામપ્રસાદનો બચાવ કરવા તેના સગાઓએ મિ. શાસ્ત્રીને રોકયા હતા. થોડા દિવસ રહી મિ. શાસ્ત્રીએ રામપ્રસાદનો બચાવ કરવા ના કહી. મને ખાતરીદાર માણુસ પાસેથી એવી બાતમી મળી હતી કે સરકારના એક મ્હોટા અમલદારે મિ. શાસ્ત્રીને એવો ઇશારો કર્યો હતો કે મિ. શાસ્ત્રી આરોપિતનો બચાવ કરવા ઉભા રહે એ સરકારને પસંદ નથી. અને આ કારણુથી તેણે મુકદ્દમામાં હાજર રહેવા ના પાડી હતી. આ દાખલાની અસર નિર્બળ બની ગયેલ વકીલ મંડળ ઉપર શું થાય એ દેખીતું છે.

મારો અંગત અનુભવ છે કે સરકારને બચાવ પક્ષમાં કોઇ વકીલ ઉભો રહે એ ગમતું નહિ. દિવસોમાં બળવાળી બનેલી પોલિસને પણુ ન રૂચતું. બે માસ સુધી તો મારા ઉપર સી. આઈ. ડી. ની નજર નહોતી પડી. પરંતુ ૧૪મી મેને દિવસે લાલા હરકિશનલાલ

અને બીજાઓએ મને પોતાના વકીલ તરીકે રોકવા અને મુકદ્દમો બીજી કોર્ટમાં ચલાવવાની અરજી કરવા અને બ્હારથી બીજા વકીલો બોલાવવાની રજા મેળવવા સીમલે ગયો. આ મારી બંને માગણી સ્વીકારવામાં આવી ન હતી, પરંતુ મારૂં કામ સી. આઇ. ડી. ની આંખમાં આવ્યું. હું સીમલાથી પાછો આવ્યો ત્યારે મને ખબર પડી કે મારી ગેર-હાજરીમાં સી. આઈ. ડી.ના માણસો નિયમસર મારા ઘર ઉપર જ નજર રાખતા. કોઈ કોઈ વાર મારા કુટુંબીઓને ગભરાવી નાખતા. આ પ્રસંગ પછી તે ખાતાના માણસો મારી પાછળ પાછળ ભમે છે અને મારી પ્રવૃત્તિઓ ઉપર ધ્યાન રાખે છે. હમણા થોડો વખત થયાં જ તેઓનું ધ્યાન મારા ઉપરથી કંઇક ઓછું થયું છે.

ઉપર મેં જે જણાવ્યું તે ઉપરથી જણાઈ આવે છે કે આરોપિતો ખરેખર બચાવ વિનાના રહેતા અને તે રીતે તાબડતોબ શિક્ષા કરાવવાનો સરકારનો હેતુ વિનાવિરોધે ફળિ-ભૂત થયો હતો. માર્શીયલ લૉના પ્રદેશમાં બ્હારથી વકીલોને આવવાની મનાઈ કરવામાં આવી હતી તેનું કારણ એ હતું કે પંજાબમાં થતા અત્યાચારોની ખબર બીજાઓને ન પડે, અને અહીં વર્તી રહેલા રાક્ષસી અન્યાય સામે દેશમાં ભારે આંદોલન ન જન્મે. આ ઉપરાંત ચારે માર્શીયલ લૉ ટ્રીબ્યુનલને સમરી જનરલ કોર્ટ માર્શીયલની સત્તા આપી દેવામાં આવી હતી, પરંતુ આવી કોર્ટો તો રણભૂમિ ઉપર જ સ્થાપવામાં આવે છે.

બચાવ પક્ષના વકીલો તરફ અવિવેક દાખવવામાં આવતો. તેઓને વારે વારે યાદ આપવામાં આવતું કે મહેરબાનીની રાહે વકીલાત કરી શકે છે. સરળમાં સરળ માગણી પણ તુચ્છકારી કાઢવામાં આવતી, અને કેટલીક વાર તો વકીલોનું અપમાન પણ કરવામાં આવતું. બચાવપક્ષને મુકદ્દમાની નોંધ રાખવાની પરવાનગી ન હતી. વકીલને માત્ર ટુંકી યાદી રાખવાની છૂટ હતી. કોર્ટ તરફથી જે રીતે નોંધ લેવામાં આવતી તે અતિશય વાંધા પડતી હતી. ફરિયાદી પક્ષના સાક્ષીઓની જુબાની અક્ષરશઃ લખી લેવામાં આવતી, પરંતુ ઉલટ પાલટ તપાસમાં તેઓ જે કંઇ કહેતા તે લખી લેવામાં ન આવતું. ખાસ કરીને જે વાત આરોપિતના તરફેણમાં જાય એવી વાત તો છોડી દેવામાં આવતી. બચાવ પક્ષના વકીલો આ માટે કંઇ કહેતા તો કમિશનરો તેઓને સંભળાવતા કે સમરી કોર્ટ નોંધ રાખવાને બંધાયલી નથી. તેઓને ઉપયોગી થઇ પડે તેટલી જ નોંધ કરવામાં આવશે. પરિણામે દફતરનાં પાનાંઓ ફરિયાદી પક્ષની જુબાનીથી ભરેલાં છે. તેની હેઠળ ઉલટપાલટ તપાસમાં પૂછવામાં આવેલા કેટલાંક બીનઉપયોગી સવાલના જવાબ નોંધ-વામાં આવ્યા છે. દાખલા તરીકે, સબ ઇન્સ્પેક્ટર મરતબઅલી શાહ લાહોરના નેતાઓના કેસમાં ફરિયાદી પક્ષનો એક સાક્ષી હતો. લગભગ અર્ધો એક કલાક સુધી તેની ઉલટ-પાલટ તપાસ કરવામાં આવી હતી. જો તેની નોંધ રાખવામાં આવી હોત તો જણાત કે તેની પેઠે બીજો કોઈ સાક્ષી પાછો પડયો નથી. પરંતુ દફતરમાં તો બેજ લીટીની નોંધ જણાય છે. આ માણસની જુબાની ઉપર કમિશનરોએ ફેંસલો કરવામાં આધાર રાખ્યો હતો.

ઉલટપાલટ તપાસ કરવા યોગ્ય તક પણ આપવામાં ન આવતી. વકીલોને કેટલીકવાર અમુક સંખ્યામાં જ પ્રશ્નો પૂછવાનું કહેવામાં આવતું, અથવા તો પ્રશ્નો પૂછવા માટે અમુક વખત નક્કી કરવામાં આવતો. ફરિયાદી પક્ષના સાક્ષીઓનો સારો

બચાવ કરી લેવામાં આવતો. મુદ્દાસર પ્રશ્નો પણ જો સાક્ષીને મુંઝાવી નાખે એવા હોય તો તેના જવાબ ન આપવા કમિશનરો સાક્ષીને કહેતા. તેઓને વકીલ તરફ તોછડા થવા ઉત્તેજન આપવામાં આવતું. ઘણીવાર સાક્ષી સપડાઇ જતા અને જવાબ આપવામાં આનાકાની કરતો ત્યારે કમિશનરો તેને કહેતાઃ 'તમને યાદ ન હોય તો તેમ કહી દો.' આ સૂચના પ્રમાણે સાક્ષીઓ વર્તતા. પછી ઘણીએ વાર જવાબમાં તે આજ કહેતો કે 'મને યાદ નથી.' યુરોપિયન સાક્ષીઓને બચાવી લેવાની રીતિ હાસ્યજનક હતી. તેઓને ખોટા પાડે એવો કોઇ પ્રશ્ન પૂછાતો તો તે રાજદ્રોહી લેખાતો. ઘણીવાર સાક્ષી અમૂક વિભાગ રજુ કરતો, તેને લગતી વિશેષ વાત પૂછવામાં આવતી તો તે તરત જ કહી દેતો કે 'મને યાદ નથી.' આ જવાબ મળ્યા પછી વકીલ તેને વિગત યાદ અપાવે એવા પ્રશ્ન પૂછી ન શકતો. કદી તે તેમ કરતો તો કમિશનરો બોલી ઉઠતા. "કેમ તમે સાંભળ્યો નથી ? તે કહે છે કે મને યાદ નથી." ઉપર જણાવેલી વિગત મારા અનુભવમાં આવી છે. આવો અનુભવ મને ઓનરેબલ જસ્ટીસ લેસ્લે જોનસની ટ્રીબ્યુનલ પાસે લાહોરના નેતાઓના કેસમાં થયો હતો.

મુકદ્દમો પૂરો થવા વખતે થોડીક દલીલ કરવા દેવામાં આવતી. ઘણીવાર અમુક વખતમાં જ દલીલ પૂરી કરવાનું કહેવામાં આવતું. ગુજરાનવાલાના નેતાઓના મુકદ્દમામાં મેં કાયદાસર વાંધા ઉઠાવ્યા હતા, પરંતુ તે ધ્યાનમાં લેવામાં નહોતા આવ્યા. અત્યારે જે મુદ્દાઓની ચર્ચા પ્રિવી કાઉન્સિલ આગળ ચાલી રહી છે તેમાંથી લગભગ બધા મુદ્દાઓ મેં રજુ કર્યા હતા. કમિશનરે પ્રથમ તો મને સાંભળવાની ના પાડી, પણ પછી જ્યારે મેં આર્મી એક્ટની કલમો ટાંકી બતાવી ત્યારે મને દલીલ કરવાની નાખુશીથી રજા મળી, છતાં મને અર્ધા કલાકની અંદર મારી દલીલો કહી દેવાનો હુકમ કરવામાં આવ્યો. મેં આ સામે વાંધો ઉઠાવ્યો, પણ તેથી કંઈ વળ્યું નહિ. હું દલીલ કરતો હતો ત્યારે વચ્ચે સરકારી એડવોકેટ એક વાર બોલી ઉઠયો અને મારી કેટલીક વાત સામે વાંધો લીધો. જવાબમાં કમિશનરે આ પ્રમાણે કહ્યું: "મિ. હર્બર્ટ, તમે વાંધો લેવો શા સારૂ વ્યાજબી ધારો છો ? એથી તો એ વધારે વખત લગાડશે. તેને જે કહેવું હોય તે કહી લેવા દોને, એટલે આપણે તેથી છુટીએ." અર્ધો કલાક પૂરો થયા પછી મને બીજી પાંચ મિનિટ વધારે આપવામાં આવી. મારે તેટલા વખતમાં મારૂં બોલવું પૂરૂં કરવું પડયું. મારી દલીલ સામે સામા પક્ષનો જવાબ માગ્યા વિના કોર્ટે તરત ચૂકાદો આપ્યો.

આવા સંજોગોમાં જે તપાસ ચાલતી તે કેવળ ફારસ રૂપજ હતી. ખરો ન્યાય જણાતો નહિ. મને બે ટ્રીબ્યુનલનો અનુભવ મળ્યો છે. બંનેથી મને અતિશય દુઃખ થયું છે. આ બંને ટ્રીબ્યુનલના વડાઓ હાઈ કોર્ટના જડજ હતા, તેઓ આગળ મેં હાઇ કોર્ટમાં વકીલાત કરી હતી. હાઈ કોર્ટમાં તેઓ ન્યાયની રીતભાત તો જાળવતા. માર્શીયલ લૉનો મને એવો અનુભવ થયો છે કે જે જડજો હાઈ કોર્ટમાં ન્યાયની રીતભાત જાળવતા અને આરોપિતને અને તેના વકીલને બચાવ રજુ કરવા વ્યાજબી તક આપતા તે જડજોએ પણ માર્શીયલ લૉના અમલમાં યોગ્યતા–અયોગ્યતાનો વિચાર કોરે મૂકી દીધો હતો, અને જડજ થવા પોતાને નાલાયક ઠરાવ્યા હતા.

૫૫૮

લાલા નાનકચંદ, બેરિસ્ટરની જુબાનીઃ લાહોર.

હું ૨૫ વર્ષ થયાં વકીલાત કરૂં છું. પંજાબ પ્રાંતિક કોંગ્રેસ કમિટીનો હું એક ઉપ-પ્રમુખ છું. ફેબ્રુઆરીથી જુન માસ સુધી હું લાહોરમાં જ હતો.

રોલેટ એકટ સામે વિરોધ દર્શાવવા લાહોરમાં ૪ થી ફેબ્રુઆરી અને ૯ મી માર્ચે સભા ભરાઇ હતી. ત્યાર પછી ત્રીજી સભા ૩૦ મી માર્ચે બોલાવવાનું ઠર્યું હતું, પરંતુ મહાત્મા ગાંધીએ ૬ ઠી એપ્રિલ શોકનો દિવસ ઠરાવ્યો એટલે આ સભા પડતી મેલવામાં આવી હતી.

૪ થી એપ્રિલે મિ. ફાઇસન અને મિ. બ્રોડવેએ શહેરના ૨૦ અગ્રેસરોને બોલાવ્યા હતા, તેમાં હું પણ હતો. ૬ ઠી તારીખની સભા વિષે તથા હડતાળ વિષે અમારી વચ્ચે વાતચીત થઇ હતી, અને અમે એવા નિશ્ચય ઉપર આવ્યા હતા, કે ૬ ઠી તારીખે કોઇએ લોકોને દુકાન ઉઘાડવા કે બંધ કરવા કહેવું નહિ. સભા ભરવા વિષે પણ મિ. ફાઇસને વાંધો જણાવ્યો ન હતો; માત્ર તેણે એટલું સૂચવ્યું હતું કે સભાને લીધે તોફાન થવું ન જોઇએ.

પરંતુ તેજ દિવસે પોલિસે એક મહીના સુધી સરઘસ કાઢવાની મનાઈ કરી, એટલે મેં તથા ડો. નરંગએ ૬ ઠીની સભા ન થાય એમ ઇચ્છયું, અને સભા બોલાવનારા તરીકે અમારા નામ કાઢી નાખવા સભાના મંત્રીને લખી મોકલ્યું. સભા ન કરવાની સૂચના પણ લખી મોકલી પરંતુ તે દિવસે સભા થઈ, હું તેમાં ગયો ન હતો. શહેરમાં હડતાળ હોવા છતાં ગડબડ થવા પામી ન હતી.

૭ મીથી ૧૦ મી એપ્રિલના બપોર સુધી કંઇ નવાજુની થઈ ન હતી. શહેરમાં રાબેતા મુજબ કામકાજ ચાલુ હતું, પરંતુ ૧૦ મી તારીખે મહાત્મા ગાંધીના પકડાયાની ખબર આવી અને લોકોએ કોઈના કહેવાની વાટ જોયા વિના ટપોટપ દુકાનો બંધ કરી. તેજ દિવસે સાંજના મોલ આગળ લોકો ઉપર ગોળી ચલાવવામાં આવી. આથી કેટલા ઘાયલ થયા અને મરણ પામ્યા એની મને ખબર નથી.

માર્શીયલ લૉ દાખલ કરવામાં આવ્યા પછી હડતાળ તા૦ ૧૬ મી કે ૧૭ મીએ બંધ થઇ.

માર્શીયલ લૉના અમલમાં માર્શીયલ લૉને લગતી જાહેરખબરો મારા ઘર ઉપર ચોટાડવામાં આવી હતી, અને તેની સંભાળ રાખવાની જવાબદારી મારા ઉપર નાખવામાં આવી હતી. આ જાહેરખબરોને કંઈ ઇજા પહોંચતી તો ઘરધણીને સજા કરવામાં આવતી આની સંભાળ રાખવી એ મ્હોટી ચિંતા હતી, અને તેને લઈ મારે અતિશય દુઃખ સહન કરવું પડયું હતું. જેઓનાં ઘર ઉપર આવી જાહેરખબરો મૂકવામાં આવી હતી તેઓમાંથી કેટલાકોને પકડવામાં આવ્યા હતા, અને તેઓ ઉપર મુકદ્દમો ચલાવવામાં આવ્યો હતો, અને બીજાઓને પકડાવાનો ડર ચાલુ રહેતો.

મારા મત મુજબ લાહોરમાં માર્શલ લૉની કશી જરૂર ન હતી. વાત હાથ બહાર ગઇ ન હતી; લોકનાયકોએ પોતાથી બનતી મદદ અધિકારીઓને આપી હતી. ડહાપણથી અને કળથી કામ લેવામાં આવ્યું હોત, અને લોકનાયકની સલાહ માનવામાં આવી હોત, તો હડતાળનો અંત જલદીથી આવત.

પંજાબમાં અશાંતિના કારણો ઘણાં હતાં: પંજાબનું રાજતંત્ર લોક વિરૂદ્ધ હતું. અમલદારો લોકોની ટીકા સાંખી નહોતા શકતા. વર્તમાનપત્રોની નામની સ્વતંત્રતા પણ છીનવી લેવામાં આવી હતી. લડાઇ દરમ્યાન રંગરૂટ મેળવવા માટે અને વોર લોન ભરાવવા માટે ભારે સખ્તાઇ વાપરવામાં આવી હતી. લડાઈને લઇ થયેલી મોંઘવારી લોકોને સાલતી હતી. આવી સ્થિતિમાં સરકારે લોકમત ન ગણકારતાં રોલેટ ઍકટ ઘડયો; અધિકારીઓએ તેની સામેની ચળવળ અને અસંતોષ કેવળ બળથી દાબી દેવા પ્રયત્ન કર્યો. ઘણાઓની એવી માન્યતા છે કે સુધારાની યોજના ઘડાતી જોઇ અમલદાર વર્ગે લોકોને સખ્ત ફટકો મારવાનો નિશ્ચય કર્યો હતો. તક મળતાં તે નિશ્ચયનો તેઓએ અમલ કર્યો; પરંતુ તેવી તક તેઓએજ અન્યાયી અને સખ્ત પગલાં ભરી મેળવી હતી.

× × × × ×

૫૬૦

મિ. ઓબ્બાર્ડ, બેરિસ્ટર–એટ–લૉ. સી. પી. પ્રાંતના નિવૃત્ત થયેલા જુડીશીયલ કમિશનરની જુબાની લાહોર.

૧૦મી એપ્રિલે હું મૉલરોડ ઉપર આવેલી મારી ઑફિસમાં હતો. અનારકલી તરફથી અવાજ આવતો સાંભળી હું ઑફિસ બ્હાર જોવા નીકળ્યો. મેં લોકોનું એક ટોળું મારી ઑફિસ તરફ આવતું જોયું. આ વખતે હું મિ. ડેવિસન સાથે વાત કરતો ઉભો હતો; પરંતુ મનમાં વિચાર કરી રહ્યો હતો કે મારે હોટેલે જવું કે ઑફિસે રહેવું. તેવામાં બે બાઈઓ રિવોલ્વર સાથે ગભરાયેલે ચ્હેરે મારા તરફ આવતી જણાઈ. મેં તેઓને શાંત પાડવા પ્રયત્ન કર્યો, અને હોટેલે જવાનો વિચાર માંડી વાળ્યો. આ પછી લોકોનું ટોળું આગળ આવવા લાગ્યું. તેઓમાંથી કેટલાક લોરેન્સ સ્ટેચ્યુની આસપાસના બાગમાં સહેજ સહેલ કરવા લાગ્યા. તેઓમાંથી બે જણે હાથમાં એક કાળું કપડું ઉંચે ધરી રાખ્યું હતું. બાગમાં સહેલ કરવા ગયેલા તરત પાછા ફર્યા અને પછી ટોળું મારી આગળ આવી લાગ્યું. લોક એકંદર શાંત હતું, ધાંધાટ કરતું ન હતું. તેઓની પાછળ થોડે થોડે અંતરે કેટલાક લોક ચાલતા હતા, પરંતુ તેઓ લોક સાથે હતા કે છુટા એ મને ખબર નથી. આ પછી પોલિસની ટુકડી આવી. તેણે લોકોને પાછા વાળવા પ્રયત્ન કર્યો ન હતો. ટોળું અને ટુકડી મારી ઑફિસથી આગળ નીકળી ગયાં, અને દેખાતાં બંધ થયાં, પણ ટુકડીએ ગોળી ચલાવી એનો અવાજ મેં સાંભળ્યો હતો. મારા ધારવા પ્રમાણે ટોળામાં ચારસો એક માણસ હતું.

૫૬૧.

લાલાસિંહ સબોટાની જુબાનીઃ લાહોર.

માર્શીયલ લૉનો અમલ શરૂ થયો તે વખતે હું મેડિકલ કોલેજમાં ચોથા વર્ષના વર્ગમાં અભ્યાસ કરતો હતો.

૧૦મી અપ્રિલે અમારા કેટલાક સહાધ્યાયીઓ લોરેન્સ બાગ આગળ ગોળીથી હણાયા હતા. તેઓ પ્રતિ અમારી લાગણી બતાવવા અમે કૅાલેજના પ્રિન્સિપાલ પાસે એક દિવસની રજા માગી. અમે એને સમજાવ્યું કે સત્યાગ્રહની ચળવળ સાથે અમને સંબંધ નથી; પરંતુ પ્રિન્સિપાલે અમને રજા ન આપી. એટલે અમે એના વર્ગમાં હાજરી ભરી; પરંતુ બીજા વર્ગના વિદ્યાર્થીઓ વર્ગમાં ગયા ન હતા એટલે અમે પણ બપોરના ન ગયા; છતાં ઇસ્પિતાલમાં અમારે કરવાનું કામ અમે કર્યું હતું.

બીજે દિવસે પ્રિન્સિપાલે પહેલા ચાર વર્ષના વર્ગો બંધ કર્યા. અમે તેની માફી માગી, પરંતુ તેણે અમને બધાને કૅાલેજમાંથી કાઢી મૂકવાની, અમારી પાછળ સી. આઈ. ડી. ના માણુસો લગાડવાની અને માર્શીયલ લૅાના પંજામાં સપડાવાની ધમકી આપી. આથી છોકરાઓ થરથરી ગયા, અને પોતાનો બચાવ કરવા ખોટી વાતો જોડી કાઢવા લાગ્યા, કેટલાકો ગેરહાજર રહેવાનું શીખવાડનારાનાં ખોટાં નામ પ્રિન્સિપાલને આપી આવ્યા. પ્રિન્સિપાલે તેઓને વિદ્યાર્થીઓના નેતા લેખ્યા. તેઓને રાજદ્રોહ કરવા માટે સજા કરવામાં આવી. મને પણ આ રીતે સજા થઈ હતી.

માર્શીયલ લૅાના અમલમાં વિદ્યાર્થીઓને દરરોજ ચાર વાર હાજરી આપવા જવું પડતું; અને તેને લીધે દરરોજના ૨૦ માઇલની મજલ કરવી પડતી. આથી અમને ખાવાને અને અભ્યાસ કરવાને પણ પૂરો વખત મળતો ન હતો; પરંતુ અમારી અરજી સાંભળી પ્રિન્સિપાલે હાજરી લેવાની જગ્યા પાસે રખાવી હતી.

કૅાલેજમાંથી દશ છોકરાને કાઢી મૂકવામાં આવ્યા હતા અને નવ છોકરાઓનો એક વર્ષ સુધી અભ્યાસ બંધ કરવામાં આવ્યો હતો. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓમાં મેડિકલ કૅાલેજના વિદ્યાર્થીઓને સૌથી વધારે ખમવું પડ્યું હતું.

અમને વિલાયત જતાં પણ અટકાવવામાં આવ્યા હતા. અમને પાસપોર્ટ આપવાની મનાઈ કરવામાં આવી હતી, તે અરસામાં એવી વાત ચાલતી હતી કે જેઓ વિલાયત નીકળી ગયા છે તેઓને લગતી ખબર ત્યાંની યુનિવર્સિટી ઉપર અહીંથી મોકલવામાં આવી છે.

માર્શીયલ લૅાના અમલ દરમ્યાન, અને તે પછી પણ કેટલાક મહીના સુધી પોલિસ અમારા ઉપર કડક નજર રાખતી.

કાસુર.

૫૬૩

મૌલવી ગુલામ મુહાયદદીન ખાન, પ્લીડરની જુબાનીઃ કાસુર.

૧૨ મી એપ્રિલે અમે ૨૫ જણા મૌલવી અબદુલ કાદીરને ઘેર બેઠા હતા ત્યારે રેલ્વે સ્ટેશનને લોકોએ નુકસાન કર્યાની અમને ખબર પડી. આ વખતે દશ વાગવા આવ્યા હતા. અમારામાંથી કેટલાક જણ સ્ટેશને ગયા, ત્યાં અમે આગ બુઝાવી નાખવામાં મદદ કરી. દૂરની સિગનલ આગળ ફિરોઝપુરથી આવેલી એક ગાડી ઉભી હતી, ત્યાં લોકોની મ્હોટી ઠઠ જામી હતી. હું તથા કાદીર તરત જ તે તરફ જવા લાગ્યા. રસ્તે અમે પહેલાં પુલ આગળ એક છોકરાને ધાસલેટ તેલનો ડબો લઈ ઉભેલો જોયો. તેણે અમને જોઇ તેલ ઢોળી નાખ્યું. કાદીરની ઉમર મ્હોટી હોવાથી તેનાથી દોડાય એમ ન નહતું એટલે તે પુલની સંભાળ રાખવા ઉભો અને હું છોકરાને લઇ ટ્રેન આગળ દોડી ગયો. ત્યાં બીજી એક ટ્રેન પાટીથી આવી ઉભી હતી. મેં લોકોને ધમકાવી અને સમજાવી ત્યાંથી વિખેરી નાખ્યા. આ વખતે એક ઘવાયલો સોલજર ફિરોજપુરની ગાડીમાં દોડતો દોડતો આવી બેસી ગયો અને તરત જ ગાડી ઉપડી ગઇ, પણ તેટલામાં મેં યુરોપિયનોને મુંઝવણમાં જોયા. એક સ્ત્રીએ, તેના પતિએ તથા તેઓના ત્રણ છોકરાઓએ અને એક રેલ્વે નોકરે પાસેના ઝુપડામાં આસરો લીધો હતો. તેઓની પાછળ ત્રીસેક જણ પડયા હતા. એકના હાથમાં હથોડો હતો, બીજાઓના હાથમાં લાકડીઓ હતી. હું તરતજ તેઓની મદદે પહોંચ્યો, અને ઝુપડાના બારણા વચ્ચે જઇ ઉભો; એટલે મારા ઉપર હુમલો કર્યા વિના યુરોપિયનોને લોક મારી શકે એમ ન હતું. આથી લોક ત્યાંથી જતું રહ્યું, અને આ રીતે આ યુરોપિયન કુટુંબ બચી ગયું.

આ પછી ડેપ્યુટી પોલિસ સુપરિન્ટેન્ડંટને બંગલે અમને ખબર પડી કે બે યુરોપિયનોનાં ખૂન થયાં છે તેજ દિવસે બપોરના ત્રણ વાગે લશ્કર આવી પહોંચ્યું અને તરતજ તેના ઉપરીએ કાસુર વિભાગના વડા પાસે ૨૦૦ જણાને જામીન તરીકે માગ્યા.

૧૩ મી અને ૧૪ મી તારીખે કાસુરમાં કંઇ ગડબડ થઇ નહતી; છતાં ૧૬ મી તારીખે માર્શીયલ લૉનો અમલ શરૂ કરવામાં આવ્યો, અને તરતજ શહેરના વયોવૃદ્ધ વકીલ લાલા ધનપતરાયને પકડવામાં આવ્યો. ૧૮ મી તારીખે બે સ્કુલના વિદ્યાર્થીઓને ફટકા મારવામાં આવ્યા હતા.

૧૯ મી એપ્રિલે સાંજના પાંચ વાગે મને પકડવામાં આવ્યો અને ૨૭ મી સુધી થાણે કોટડીમાં પૂરવામાં આવ્યો. મારી સાથે કોટડીમાં ૨૩ એક જણ હતા. આ દરમ્યાન મને હાથકડી પહેરાવી વારંવાર સ્ટેશને લઈ જવામાં આવતો. અમને પગે ચાલી જવું પડતું; અને કોઇ ઉતાવળે ચાલી ન શકતું તો તેને બેયોનેટ મારવાની ધમકી આપવામાં આવતી. એક દિવસે મને આ રીતે સ્ટેશને લઇ જવામાં આવતો હતો ત્યારે મિસિસ શેરબર્ન સ્ટેશન બ્હાર ઉભી હતી. મને પકડાયલો જોઈ તેને નવાઈ લાગી. આ બાઇને, તેના ધણીને અને છોકરાઓને મેં બચાવ્યા હતા; પરંતુ તેના ધણીએ જુબાનીમાં એમ જણાવ્યું

હતું કે મેં તેઓના પ્રાણ બચાવ્યા હતા, પણ તેજ બતાવે છે કે લોકો ઉપર મારો કાબુ હતો અને હું જ લોકોને દોરતો હતો.

૨૭ મી તારીખે મને લાહોર જેલમાં લઈ જવામાં આવ્યો; ત્યાં મારી તબીયત બહુ લથડી.

મારી ગેરહાજરીમાં મારા ઘરની જડતી લેવામાં આવી હતી, મને લાહોર લઇ જવામાં આવ્યો ત્યારે મારી સ્ત્રી અને છોકરાઓને લાહોર જવા રજા આપવામાં નહોતી આવી. મને શા સારૂ પકડવામાં આવ્યો હતો એની મને ખબર નથી. ૧૦ મી મેએ મારા ઉપર મુકદ્દમો ચલાવ્યા વિના મને છોડી મૂકવામાં આવ્યો હતો.

મારા મત પ્રમાણે કાસુરમાં માર્શીયલ લૉની જરૂર નહતી. મારી પેઠે ૬૨ જણાને પકડવામાં આવ્યા હતા પણ તેઓ ઉપર કેસ ચલાવ્યા વિના છોડવામાં આવ્યા હતા. દરેક દેશીને સોલજર માત્રને સલામ કરવી પડતી, કોઇ ભૂલી જતું તો તેને સજા થતી. એક જણને બરોબર સલામ ન કરવા માટે ત્રણ દિવસ સુધી કોટડીમાં પૂરી રાખવામાં આવ્યો હતો. નિશાળના છોકરાઓને પણ કંઈ વાંક વિના ફટકાવવામાં આવતા. સરકારે માર્શીયલ લો દાખલ કરી લોકોની અવગણના કરી હતી.

૫૬૪

લાલા લાભસિંહ, એમ. એ., એલ. એલ. બી. (કેન્ટબ), બેરિસ્ટર–એટ–લૉની જુબાનીઃ મ્યુનિસિપલ કમિશનર, ગુજરાનવાલા.

ગુજરાનવાલાનો ડેપ્યુટી કમિશનર થતાં વેતજ કરનલ ઓબ્રાયન લશ્કરમાં ભરતી કરવાના કામમાં અને વેર લોન અને બીજા ફાળાઓ ઉઘરાવવામાં પોતાનો બધો વખત ગાળવા લાગ્યો, અને મનમાનતું લોકો પાસે કરાવવાની પોતાની શક્તિ વિષે વારંવાર બડાઇ હાંકતો. આ બંને કામ માટે તેણે અખત્યાર કરેલી રીતિ લોકોને બહુ ત્રાસદાયક હતી. ભરતી કરવા માટે તેણે અને તેના હાથ નીચેના અમલદારોએ લોકોને સતાવવામાં મણા રાખી ન હતી. રંગરૂટના એજંટો અને ન્હાના ન્હાના અમલદારો ગામ ગામને ઓચીંતો ઘેરો ઘાલતા અને લોકોને પકડી જતા. લોકો કોઇવાર ડરના માર્યા ખેતરોમાં અને શેરડીના પાકમાં સંતાઈ જતા તો તેઓ ઉપર કૂતરા છોડવામાં આવતા, અને સાનસી નામના ક્રૂર અને જંગલી લોકોને પકડવા મોકલવામાં આવતા. ગામના તહસીલદારો અને નાયબ તહસીલદારો વચ્ચે વધારેમાં વધારે રંગરૂટ આપવા માટે હરિફાઈ ચાલતી, અને વધારે રંગરૂટ મેળવવા માટે ઘણીવાર કાયદો પણ કોરે મૂકવામાં આવતો. જેઓ ઉપર ફોજદારી મુકદ્દમો માંડવામાં આવ્યો હોય એવા માણસો લશ્કરમાં જોડાવા કબુલ થતા અથવા રંગરૂટ આપવા બંધાતા તો તેઓ ઉપરનો કેસ પણ માંડી વાળવામાં આવતો. આ ઉપરાંત લોકોને લશ્કરમાં પરાણે ઘસડવા સારૂ ક્રિમિનલ પ્રોસીજર કોડની ૧૦૭ મી અને ૧૧૦ મી કલમનો અને પીનલ કોડનો તથા ડિફેન્સ ઓફ ઇન્ડિયા એકટનો ઉપયોગ કરવામાં આવતો. સિવિલ કોર્ટોમાં પણ વાદી, પ્રતિવાદીઓ અને સાક્ષીઓ તરફથી વસુલ કરવામાં આવતા ફાળાની ટીપ રાખવામાં આવતી. આથી કરી લોકો કોર્ટમાં જતાં બંધ થવા લાગ્યા. આવી

રીતે કાયદો કોરે મૂકાવાથી અમલદારો અને તેને વળગી રહેનારાઓને પોતાના જૂના વેર વાળવાનો પ્રસંગ મળ્યો હતો.

રંગરૂટ મેળવવાની પદ્ધતિથી લોકો ઉપર એટલો બધો અત્યાચાર કરવામાં આવ્યો હતો કે ઘણાઓ તો તેથી એમ માનવા લાગ્યા હતા કે મરજીયાત લશ્કરમાં જોડાવાની પદ્ધતિ કરતાં ફરજીયાત જોડાવાનો કાયદો ઘડાયો હોત તો લોકો ઉપર ઓછો ત્રાસ વર્તત.

રોલેટ એક્ટ સામે અણગમો બતાવવા ૫ મી એપ્રિલે જાહેર સભા ભરવાનું નક્કી કરવામાં આવ્યું હતું, અને તે સબબની એક નોટીસ વીશ જણાની સહી સાથે કાઢવામાં આવી હતી. ૫ મી તારીખે બપોરના ડેપ્યુટી કમિશનરે ૨૦ માંથી ચાર જણાને બોલાવી ચોખ્ખું સંભળાવી દીધું કે રોલેટ એકટ સામે ચળવળ કરવાની કશી જરૂર નથી, અને તે વિષે પંજાબ સરકારનો કાગળ પણ બતાવ્યો. તેમાં એમ જણાવવામાં આવ્યું હતું કે કદી ગેરકાયદેસર કામ કર્યાંય થશે તો તે માટે સભા બોલાવનાર જવાબદાર લેખાશે.

તેજ દિવસે સાંજના સભા શાંતિથી પૂરી થઈ. ભાષણો પણ નરમજ કરવામાં આવ્યાં હતાં. સભામાં મહાત્મા ગાંધીનો સંદેશો પણ સમજાવવામાં આવ્યો હતો.

ટાઉન હૉલમાં મેજીસ્ટ્રેટો અને મ્યુનિસિપલ કમિશનરોની એક સભા થઇ હતી, અને તેમાં એવું નક્કી કરવામાં આવ્યું હતું કે પોલિસ અને મેજીસ્ટ્રેટો લોકોને દુકાન ખોલવાનું ન કહે, અને બીજાઓ દુકાન બંધ કરવાનું ન કહે; પરંતુ કેટલાક અમલદારોએ આ કરાર તોડયો હતો.

૬ ઠી એપ્રિલે હડતાળ પડી હતી; પણ કયાંય ગડબડ થઈ ન હતી.

૧૧ મી તારીખે મહાત્મા ગાંધીના પકડાયાની ખબર આવી, અને લોકો ઉશ્કેરાઇ ગયા. તેઓ બીજી હડતાળ પાડવાનો વિચાર કરવા લાગ્યા, પરંતુ શહેરના અગ્રેસરોએ તેઓને ઉત્તેજન આપ્યું નહિ.

૧૨ મી તારીખે જીલ્લા કોંગ્રેસ કમિટીની સભા જલંદર પરિષદમાં મોકલવાના પ્રતિનિધિઓની ચૂંટણી કરવા મળી હતી. સભા ખલાસ થવા વખતે કેટલાક દુકાનદારો ત્યાં આવી પહોંચ્યા અને હડતાળ પાડવાની વાતો કરવા લાગ્યા.

૧૩ મી તારીખે જણાયું કે લોકો બીજે દિવસે હડતાળ પાડશે એટલે બીજી હડતાળ શાંતિથી પૂરી થાય અને લોકો રોકાયલા રહે એવા ઈરાદાથી અમે સભા ભરવાનો વિચાર કર્યો. સરદાર નરેનસિંહને પ્રમુખ થવા આમંત્રણ મોકલ્યું, અને ખાલસા કોલેજના મંત્રીને ભાષણ કરવાનું કહેવડાવ્યું. ૧૪ મી તારીખે મારે અગ્રેસરો અને અમલદારો વચ્ચે મસલત થઇ હતી. ઘટતો બંદોબસ્ત જાળવવાની તજવીજ થઇ હતી.

૧૪ મી એપ્રિલે આખા શહેરમાં હડતાળ પડી હતી; છતાં સવારના ભાગમાં બધે શાંતિ હતી. કેટલાક મ્યુનિસિપલ કમિશનરો પોલિસ ચોકીએ તેડું આવવાથી જતા હતા તે વખતે રસ્તે તેઓને જોઈ લોકો "મહાત્મા ગાંધીકી જય" "હિંદુ મુસલમાનકી જય" ના પોકાર કરવા લાગ્યા.

પછી લોકોએ સાંભળ્યું કે રેલ્વે લાઇનના એક પુલ ઉપર મરેલું વાછરડું ટાંગવામાં આવ્યું છે, અને બીજી એક જગ્યાએ મારી નાખેલું ડુક્કર ફેંકવામાં આવ્યું છે. આ જાણી

લોકોમાં ખડભડાટ થયો; પરંતુ કેટલાક હિંદુ મુસલમાનો આ બંને મુડદાં ખસેડવા તૈયાર થયા અને લોકો પછી ઠંડા પડયા. આ બાબતમાં ઘણાઓનું એવું માનવું હતું કે તેમાં પોલિસનો હાથ હતો. સિ. આઈ. ડી. એ આ તોફાન કરનારને શોધવા પ્રયત્ન કર્યો પણ પોલિસ કહેતી નથી કે આ કામ કોણે કર્યું ? ગમે તેમ હો, પરંતુ ગુજરાનવાલામાં જે તોફાન થયું તેનું આ એક કારણ હતું.

રેલ્વે સ્ટેશન આગળ ગડબડ છે એવી ખબર મળતાં દીનમહમદ અને હું ત્યાં ગયા. લોકો શહેરમાંથી બ્હાર ન નીકળી પડે અને તેઓ શાંત રહે એવા ઈરાદાથી બીજા મ્યુનિસિપલ કમિશનરો લોકોને ખુલ્લી જગ્યામાં લઈ ગયા.

"વૈશાખી યાત્રા" નો પ્રસંગ હોઇ સ્ટેશન ઉપર વઝીરાબાદ જવા ઇચ્છનારાઓની ભારે ઠઠ જામી હતી. ગાડી એકદમ ચીકાર ભરાઇ ગઈ હતી, અને ટીકીટ આપવાનું બંધ કરવામાં આવ્યું હતું. ટ્રેન થોડેગ ગયા પછી દૂરની સિગનલ આગળ ઉભી રહી, એટલે લોકો ટ્રેનમાંથી ઉતરવા લાગ્યા અને સ્ટેશન ઉપર ગરદી વધી. આ વખતે લોકોને કાને અમૃતસરમાં થયેલી કતલની વાત આવી અને ગુરૂકુળ બ્રિજ ઉપર વાછરડું લટકાવવામાં આવ્યું છે એ જણાયું. આથી લોકો ઉશ્કેરાઈ ગયા અને ગુરૂકુળ બ્રિજ સળગાવી મૂકવા તેઓએ ત્યાં આગળ પડેલી લાકડાની ચીપો એકઠી કરી, તેનો ઢગ કરી તેમાં એંજીનમાં-થી કોલસો લઈ આગ લગાડી. દીનમહમદ. ગુરૂકુળનો વ્યવસ્થાપક, મેં અને તેના માણસોએ સાથે મળી આગ તરત હોલવી નાખી. આ વાત યાદ રાખવાની જરૂર છે કે "વૈશાખી યાત્રા" વખતે લોકો સ્વચ્છંદ બને છે અને ધીંગામસ્તી પણ કરે છે. આ પ્રમાણે અહીં તોફાન ચાલી રહ્યું હતું તેવામાં ઉશ્કેરાયલા લોકોને ખબર પડી કે રેલ્વે લાઇન ઉપ-રના લાહોરની દિશામાં આવેલા કાચા બ્રિજ ઉપર પણ મરેલું વાછરડું લટકાવવામાં આવ્યું છે. એટલે તેઓ તે તરફ ધસ્યા ત્યાં જતાં જતાં તાર તોડી નાખ્યા તે વખતે પોલિસ સુપરિન્ટેન્ડંટ હાજર હતો. તેણે લોકો ઉપર ગોળી ચલાવી. ગોળીબારથી ઘણા ઘાયલ થયા. ઘવાયલાઓને જોઈ લોકો વધારે ચીડાયા, તેઓ મ્હોટી સડક ઉપર થઇ સ્ટેશન તરફ પાછા વળ્યા. તેઓએ સ્ટેશન ઉપર કેટલાંક બારી બારણાંના કાચ ફોડી નાખ્યા. તેવામાં કોઇએ પોસ્ટ ઓફિસનું મકાન સળગાવી દીધું. આ મકાન સ્ટેશનની સામે છે; આગ લોકોએ લગાડી કે પોલિસના ભાડુતી માણસોએ લગાડી એ કહેવું મુશ્કેલ છે. બે કલાક સુધી પો-લિસ અને લોકો સામસામા ઉભા રહ્યા. તે સમયે કેટલાક અગ્રેસરોએ પોલિસને મદદ કરી હતી; તેઓએ લોકોને શાંત પાડયા હતા; અને લોકો વીખરાઇ જતા હતા, પણ પોલિસે ગોળી ચલાવી. આથી લોકો ઘણા ખીજવાયા, કેટલાકો રેલ્વે લાઈન ઓળંગી સામે પાર નીકળી ગયા, ત્યાં તેઓએ ઠેકઠેકાણે આગ લગાડી મૂકી. નવાઈ જેવું તો એ છે કે આ તરફ બધા મકાનો પોલિસથી સુરક્ષીત હતાં; છતાં તેમાં આગ લાગી હતી. આ વખતે થોડાક માણસ હતા.

આ તોફાનો સવારના ૮ થી બપોરના ૧-૩૦ વાગ્યા સુધીમાં થયાં હતાં. તોફાન કરનાર લોકોનું એક જ ટોળું હતું, અને તે ટોળામાં "વૈશાખી યાત્રા"ને લીધે મોજ મારવા નીકળેલા લોકો હતા. ક્યાંય છુપા કાવત્રાં જેવું કશુંએ ન હતું. શહેરમાં પણ જે બાપણો

કરવામાં આવ્યાં હતાં તે બધાં લોકોને શાંત પાડનારાં હતાં. એ ભાષણોથીજ હિંદુ મુસલમાન વચ્ચે હુલ્લડ થતું અટકયું હતું.

તેજ દિવસે બપોરના બે વાગે કરનલ ઓબ્રાયન લાહોરથી આવ્યો, તે સિવિલ સ્ટેશનમાં ઘણી જગ્યાએ ફર્યો પણ કયાંય તોફાનીઓ તેની નજરે ન પડયા.

ત્રણેક વાગે ગુજરાનવાલા શહેર ઉપર એરોપ્લેન ઉડવા લાગ્યાં, અને તેમાંથી શહેરમાં લોકો ઉપર ગમે ત્યાં બોંબ ફેંકવામાં આવ્યા, અને મશીન ગન ચલાવવામાં આવી. એક પણ બોંબ સિવિલ સ્ટેશનમાં નાખવામાં નહોતો આવ્યો બોંબ પડવાથી લોકો મ્હોટી સંખ્યામાં ઘાયલ થયા હતા, શહેરમાં શાંતિ હોવા છતાં બોંબ ફેંકવામાં આવ્યા હતા.

૧૫ મી તારીખે પણ એરોપ્લેન આવ્યાં હતાં અને ગુજરાનવાલાની આસપાસના ગામડાઓમાં બોંબ ફેંકવામાં આવ્યા હતા. આથી જાનમાલને ઇજા પહોંચી હતી.

૧૪ મી તારીખે સાંજના કરનલ ઓબ્રાયને મેજીસ્ટ્રેટ અને મ્યુનિસિપલ કમિશનરોને ભેગા કર્યા હતા. સૌથી પહેલા જનારાઓમાં દીનમહમદ અને હું હતા. કરનલ બ્હાર આવ્યો ત્યારે તેણે દીનમહમદને કહ્યું: "હું નહોતો જાણતો કે તમે આવા જડ જેવા હશો," મને પૂછયું: "કેટલા માણસો માર્યા ગયા છે?" મેં જણાવ્યું: "૫૦–૬૦ જણ મર્યા હશે." કરનલે કહ્યું: "હું ઇચ્છું છું કે અમે આથી પણ વધારે જણને હણીએ. દીલગીરીની વાત છે કે મિ. હેરને સવારના ત્યાથી વધારેને માર્યા નહિ."

પછી શહેરના મ્હોટા મ્હોટા માણસોને પકડવાનું કામ ભારે ઠઠેરા સાથે હાથ ધરવામાં આવ્યું. કરનલ ઓબ્રાયન હથિયારબદ્ધ પોલિસ અને બ્રિટિશ સોલજરોને તથા કેટલાક અમલદારોને લઈ પકડવા નીકળ્યો હતો. સાથે મશીનગન પણ રાખવામાં આવી હતી. પકડવાનું કામ સિવિલ સ્ટેશનમાંથી શરૂ કરવામાં આવ્યું. એક પછી એક જે હાલતમાં માણસ નજરે પડતો તેજ હાલતમાં તેને પકડી લેવામાં આવતો. દાખલા તરીકે–દિવાન મંગલસેનને માત્ર ધોતીયું અને ખમીસ જ પહેર્યાં હતાં; તેને ચશ્મા પહેરવા હતા પણ તે માટે રજા આપવામાં ન આવી. જેમ જેમ માણસ પકડાતા જતા તેમ તેમ તેઓને એક બીજાની જોડે સાંકળથી બાંધવામાં આવતા. ઓફિસરો તેઓ ઉપર બિભત્સ અને દુઃખદ શબ્દો વર્ષાવતા, અનેક રીતે ધમકી આપતા. આવી રીતે લગભગ ૨૩ જણને પકડવામાં આવ્યા. તેઓ બધાને ખુલ્લા કોલસાના ડબ્બામાં બેસાડી લાહોર લઈ જવામાં આવ્યા. ડબ્બો ઇન્જીનને લગાડવામાં આવ્યો હતો, અને ઈન્જીનનું મ્હોં પણ ઉંધી દિશામાં હતું એટલે તેમાંથી નીકળતી વરાળ, ધૂમાડો અને મેસ અમારા ઉપર પડતાં. મેસથી અમારાં મ્હોડાં અને કપડાં તદ્દન કાળાં થઇ ગયાં હતાં. અમને બધાને સાથે બાંધેલા હોવાથી એક પછી એક ડબ્બામાંથી ઉતરવું અશકય હતું, એટલે અમને બધાને એક સાથે ડબ્બામાંથી હેઠે હડસેલી મૂકવામાં આવ્યા હતા.

લાહોરમાં અમને પંદર દિવસ સુધી મુખ્ય જેલમાં કોટડીમાં પૂરવામાં આવ્યા. પછી અમને પાછા ગુજરાનવાલા લઈ આવવામાં આવ્યા. જેલથી ગુજરાનવાલા પહોંચતાં અમને ૧૫ કલાક લાગ્યા. જેલથી સ્ટેશને અમને મધ્યાનકાળે ચલાવી લઇ જવામાં આવ્યા હતા.

રસ્તે નળમાંથી પાણી પીવા વખતે પણ અમારી હાથકડી કાઢવામાં આવતી નહિ. મહા મુશ્કેલીએ અમે ખોબેથી પાણી પીતા. પંદર દિવસ પછી અમને ફરી લાહોર લઇ જવામાં આવ્યા. આખી રાત સ્ટેશન ઉપર દુર્ગંધવાળી કોટડીમાં અમને રાખવામાં આવ્યા હતા. બીજે દિવસે અમને માર્શીયલ લૉ કામશન આગળ ઉભા કરવામાં આવ્યા, ત્યાંથી જેલમાં લઇ જવામાં આવ્યા.

માર્શીયલ લૉ કોર્ટમાં જે સુનાવણી થતી તે કેવળ ફારસરૂપ જ હતી. પૂરતા પૂરાવા વિના કેવળ શક ઉપરથી નિર્દોષ માણસોને સજા કરવામાં આવતી. આ કોર્ટોનું લોકોમાં ધ્રાસ્કો બેસાડવાનું એક જ કામ હતું. આરોપિતને કાયદાસર મળવી જોઈતી સગવડો પણ આપવામાં આવતી નહિ. સુનાવણી ઠરાવેલા દિવસ કરતાં ઓચિંતી વહેલી કરવામાં આવતી. આરોપિતોને બચાવ માટે લાહોરના જાણીતા વકીલો મળતા નહિ. નવા વકીલો તરફ કોર્ટ તિરસ્કારથી વર્તતી. ઘણીવાર તેઓને કોર્ટમાંથી કાઢી મૂકવાની ધમકી આપવામાં આવતી. વારે વારે તેઓને યાદ દેવડાવવામાં આવતું કે તેઓ હકથી નહિ પરંતુ મહેરબાનીને લઇ વકીલાત કરી શકે છે. જુબાની પણ વાંકા પડતી રીતે નોંધવામાં આવતી. બચાવપક્ષના સાક્ષીઓને છીટકારી કાઢવામાં આવતા. ફરિયાદી પક્ષના સાક્ષીઓ જેવી જોઇએ તેવી હકીકત રજુ ન કરતા તો તેઓને જૂઠા ઠરાવી કોર્ટ કાઢી મૂકતી. બચાવ પક્ષના વકીલને તેની ઉલટપાલટ તપાસ કરવા તક આપવામાં ન આવતી. કેટલાક બચાવ પક્ષના સાક્ષીઓને તરત જ પકડવામાં આવતા, તેઓ ઉપર મુકદ્દમો માંડી સજા કરવામાં આવતી. આથી કરી સાચી વાત કરવા થોડાક જ તૈયાર થતા.

અમને સજા થયા પછી જેલની કોટડીઓમાં પૂરવામાં આવ્યા હતા. શરૂઆતમાં અમને જે ખોરાક આપવામાં આવતો, તે માણસ માટે જરા પણ લાયક ન હતો. વખત જતાં અમારા તરફ સખ્તાઈ ઓછી વપરાવા લાગી. અમારામાંથી કેટલાકોને યુરોપિયન વિભાગમાં રાખવામાં આવ્યા, અને થોડાકોને કંઈક સારો ખોરાક પણ મળવા લાગ્યો; પરંતુ માર્શીયલ લૉના ૧૪૦૦ થી ૧૫૦૦ કેદીઓને કેવળ પશુ પેઠેજ જેલમાં જીવવું પડયું હતું.

૫૬૫

દીવાન મંગલસેનની જુબાનીઃ ગુજરાનવાલા.

ગુજરાનવાલામાં રાજકાજનો વિચાર કરનારી એક જ સંસ્થા છે, અને તે જીલ્લા કોંગ્રેસ કમિટી છે. આ કમિટીનો પ્રમુખ દીનમહમદ વકીલ છે, અને મંત્રી લાલા લાભસિંહ બૅરિસ્ટર છે. કમિટીની નિર્દોષ પ્રવૃત્તિઓ પણ અમલદારોને વાંધાભરી લાગતી.

લડાઈનાં છેલ્લાં બે વર્ષમાં કરનલ ઓબ્રાયને ગુજરાનવાલા જીલ્લામાંથી રંગરૂટ મેળવવા અને વોર લોન વિગેરે માટે ઉઘરાણું કરવા વાસ્તે અતિશય સખ્ત નીતિ અખત્યાર કરી હતી. આથી લોકો એટલા બધા ત્રાસીત થઇ ગયા હતા કે આના કરતાં ફરજીયાત લશ્કરમાં જોડાવાનું હોત તો લોકોને ઓછો ત્રાસ વેઠવો પડત.

રોલેટ એકટ સામે વિરોધ દર્શાવવા ૫ મી એપ્રિલે સભા ભરવાની જાહેરખબર ૨૦ જણની સહી સાથે બ્હાર પાડવામાં આવી હતી. ડેપ્યુટી કમિશનરને આની ખબર થતાં તેણે

કેટલાક સહી કરનારાઓને તેડાવ્યા. સભામાં કંઈ પણ ગેરકાયદેસર ન થવું જોઈએ એ વિષે ધ્યાન રાખવા ચેતવણી આપી. સભા નિર્વિઘ્ને પૂરી થઇ હતી.

બીજે દિવસે લોકો હડતાળ પાડવાના હતા, એટલે ૫ મી તારીખેજ રાત્રે ટાઉન હોલમાં મેજીસ્ટ્રેટો અને મ્યુનિસિપલ કમિશનરોની સભા મળી હતી. તેમાં એવું નક્કી કરવામાં આવ્યું હતું કે ૬ ઠી તારીખે કોઇએ દુકાન ઉઘડાવવા કે બંધ કરાવવા પ્રયત્ન કરવો નહિ; પરંતુ આ કરાર કેટલાક અમલદારોએ તોડયો હતો.

૧૦ મી કે ૧૧ મી એપ્રિલે મહાત્મા ગાંધીના પકડાયાની ખબર આવી, અને લોકો બીજી હડતાળ પાડવા અધીરા બન્યા; પરંતુ અગ્રેસરોને બીજી હડતાળ પાડવી વ્યાજબી લાગી નહિ. ૧૨મી તારીખે ડિસ્ટ્રીક્ટ કમિટીની સભા થઇ હતી. સભા ખલાસ થયા પછી કેટલાક વ્યાપારીઓ હડતાળની વાત કરવા કમિટીના સભાસદો પાસે આવ્યા, અને હડતાળ માટે તીવ્ર ઈચ્છા બતાવી. આ વખતે પણ તેઓની ઈચ્છાને ઉત્તેજન આપવામાં નહોતું આવ્યું, છતાં એટલું જણાઇ આવ્યું કે અગ્રેસરો હડતાળમાં સામેલ થાઓ વા ન થાઓ તોય લોકો તો હડતાળ પાડશે.

૧૩ મી તારીખે મારા ઘેર અવસર હોઇ અમે કેટલાક જણ બેઠા હતા તે વખતે બીજે દિવસે લોકો હડતાળ પાડે તો સભા કરી તેઓને રોકી રાખવા વિચાર થયો અને તે માટે ઘટતો બંદોબસ્ત પણ કર્યો.

૧૪ મી તારીખે શહેરમાં દુકાનો બંધ રહી હતી. સવારના પહોરમાં તેડુ આવવાથી કેટલાક મ્યુનિસિપલ કમિશનરો ચોકીએ ગયા હતા. તેઓ ત્યાં જતા હતા તે વખતે રસ્તે લોકો "મહાત્મા ગાંધીકી જય," "હિંદુ મુસલમાનકી જય" ના પોકાર કરતા હતા. ચોકીએ જતાં તેઓને ખબર પડી કે કાચીબ્રિજ ઉપર કોઇએ મરેલું વાછરડું લટકાવ્યું છે, અને શહેરમાં એક મસજીદમાં કોઇએ ડુક્કર નાખ્યું છે. આથી લોકો ખીજવાય એવો સંભવ હતો; પરંતુ હિંદુ મુસલમાનોએ પોતેજ વાછરડા અને ડુક્કરના મડદાં ખસેડવા ઇચ્છા બતાવી, તેથી લોકોમાં ઉશ્કેરણી થતી અટકી; પરંતુ તે દિવસે ગુજરાનવાલામાં જે તોફાન થયું તેનું આ એક કારણ હતું.

ચોકીએથી પાછા ફરતાં કમિશનરોને માલમ પડયું કે સ્ટેશન ઉપર કંઇ ગડબડ છે એટલે લાલા લાભસિંહ, મિ. દીન મહમદ, ભગત, અને લાલા મોહનલાલ ત્યાં દોડી ગયા, બીજા લોકોને લાલા અમરનાથની ઑફિસની સામેના ચોગાનમાં લઇ ગયા. ત્યાં તેઓને શાંત રાખવા ખાતર ભાષણો આપવામાં આવ્યાં.

૧૪ મી એપ્રિલ "વૈશાખી યાત્રા" નો દિવસ હોવાથી સંખ્યાબંધ લોકો તે દિવસે વઝીરાબાદ જવા નીકળ્યા હતા. આ લોકો મ્હોટે ભાગે ઉતરતા વર્ગના હોય છે અને "યાત્રાને" ને દિવસે તેઓ મસ્ત બને છે. વઝીરાબાદ જવાની ટ્રેન આવવા વખતે સ્ટેશન ઉપર ભારે ઠઠ જામી હતી. ટ્રેન ચીકાર આવવાથી ઘણાઓ રહી ગયા હતા. ટ્રેન ચાલવા લાગી ત્યારે પણ ઘણાઓ ડબાને વળગી પગથી ઉપર ઊભાં રહ્યા હતા. ટ્રેનનો ગાર્ડ સ્ટેશન ઉપર રહી જવાથી ટ્રેન થોડેક જઇ ઊભી રહી. એટલે કેટલાક લોકો નીચે ઉતરવા લાગ્યા. આ વખતે તેઓને મરેલા વાછરડાને પુલ ઉપર લટકાવવામાં આવ્યાની ખબર પડી. તેઓ ઉશ્કેરાઈ ગયા, અને ગુરૂકુળ બ્રિજને આગ લગાડી; પરંતુ તેટલામાં લાભસિંહ અને

દીનમહમદ ત્યાં જઈ પહોંચ્યા, તેઓએ આગ હોલવી નાખી, અને ટ્રેન વઝીરાબાદ જવા ઉપડી; પરંતુ કેટલાક લોક કાચી બ્રિજ આગળ જઇ પહોંચ્યા હતા. અહીં પોલિસે તેઓ ઉપર ગોળી ચલાવી હતી. આથી લોકો બહુ ખીજવાયા, અને ગુસ્સામાં તેઓ પાછા સ્ટેશન તરફ ધસ્યા, અને પોસ્ટ ઓફિસને સળગાવી મૂકી. અહીં પણ લાભસિંહ અને દીન મહમદે લોકોને શાંત કરવા પ્રયત્ન કર્યો હતો. તેઓના સમજાવ્યાથી લોકો વીખરાઈ જતા હતા; પરંતુ પોલિસે ગોળી છોડી. આથી લોકો બહુ ચીડાયા. તેઓમાંથી કેટલાક રેલ્વે સડક ઓળંગી સીવીલ સ્ટેશનમાં પેઠા. ત્યાં કોર્ટનાં કેટલાંક મકાન, એક ખ્રિસ્તી દેવળ અને બીજા કેટલાંક મકાનોને આગ લગાડી. નવાઈ જેવું છે કે અહીં આ બધાં મકાનો પોલિસથી સુરક્ષિત હતાં, છતાં તેને આગ લગાડી હતી. આ બધાં તોફાનો ૨–૩૦ વાગ્યા પહેલાં ખલાસ થઇ ગયાં હતાં. તોફાન કરવામાં શહેરીઓએ ભાગ લીધો ન હતો. તોફાન કરનારા “યાત્રા” માં જનારાઓ અને બદમાશો હતા.

તેજ દિવસે ગુજરાનવાલા ઉપર બપોરના એરોપ્લેન ઉડવા લાગ્યાં; શહેરમાં કયાંય ગડબડ ન હતી, યુરોપિયનના જાન પણ જોખમમાં ન હતા, છતાં શહેરમાં બોંબ ફેંકવામાં આવ્યા, અને એરોપ્લેનમાંથી મશીનગન ચલાવવામાં આવી. એરોપ્લેન નીચાં ઉડતાં હતાં એટલે તેના સંચાલકોએ ધાર્યું હોત તો જોઇ શકત કે જ્યાં તેઓ બોંબ ફેંકે છે ત્યાં તોફાનીઓનું ટોળું છે કે નહિ; પરંતુ આવી રીતે બોંબ દ્વેષથી અને નિર્દયતાથી ફેંકવામાં આવ્યા હતા. તેઓનો હેતુ તેમ કરી લોકોમાં ત્રાસ બેસાડવાનો હતો. ૧૫ મી તારીખે પણ એરોપ્લેન આવ્યાં હતાં. આ વખતે ગુજરાનવાલાની આસપાસના ગામડાઓ ઉપર બોંબ ફેંકવામાં આવ્યા હતા. આ બંને દિવસે સાવચેતીપૂર્વક એક પણ બોંબ સિવિલ સ્ટેશનમાં નાખવામાં નહોતો આવ્યો.

૧૫ મી તારીખે કરનલ ઓબ્રાયને મ્હોટાઓને પકડવાનું કામ હાથ ધર્યું. તેણે એવો ઠરાવ કર્યો હોય એમ જણાય છે કે જેઓએ ૫ મી તારીખની સભા બોલાવવાની જાહેરખબર ઉપર સહી કરી હોય તેઓને અને જેઓ ૧૪ મી તારીખે ઘર બ્હાર નીકળ્યા હતા તેઓને પકડવાનું કામ બહુ ઠઠેરા સાથે કરવામાં આવ્યું હતું. કરનલ સાથે પોલિસ, બ્રિટિશ સોલજરો, અને અમલદારો હતા. બધાના હાથમાં કંઈને કંઈ હથિયાર હતાં. સાથે મશીનગન પણ રાખવામાં આવી હતી, તેઓ ઉપર એક એરોપ્લેન પણ ઉડતું રહ્યું હતું. મને કરનલ પકડવા આવ્યો ત્યારે મેં ધોતીયું અને કુડતુંજ પહેર્યાં હતાં. કરનલે મને બીજાં કપડાં પણ પહેરવા ન આપ્યાં, અને ચશ્મા પણ લેવા ન દીધાં. મને કેદ પકડતો જોઇ મારા ૯ અને ૭ વર્ષના બે છોકરા રડવા લાગ્યા, એટલે કરનલે તેઓને ગોળીથી વીંધી નાખવાની ધમકી આપી. આ ઉપરથી મારો ત્રીજો આઠ વર્ષનો છોકરો કરનલ પાસે જઇ ગોળી ખાવા તૈયાર થઇ ઉભો રહ્યો. હિંદુ મુસલમાનની હાંસી કરવા ખાતર એક હિંદુ અને મુસલમાનને સાથે સાથે હાથકડી પહેરાવવામાં આવી હતી. અમને પકડાયલાઓને પહેલાં સ્ટેશને લઈ જવામાં આવ્યા, ત્યાંથી ઉતાવળી ચાલે અમને બધાને શહેરમાં ફેરવવામાં આવ્યા, અને પછી લાહોર લઈ જવામાં આવ્યા. લાહોર જેલમાં દાખલ થવા વખતે અમારા આખા શરીરની જડતી લેવામાં આવી હતી; અમારા જોડા પણ તપાસવામાં આવ્યા હતા. અહીં અમને ૧૫ દિવસ ઘણી હાડમારી વચ્ચે રહેવું પડયું હતું. ૨ ૭

મેએ અમને ગુજરાનવાલા લઈ આવવામાં આવ્યા. લાહોરથી ગુજરાનવાલા જતાં ટ્રેનમાં બે કલાક સાધારણ રીતે લાગે છે; પરંતુ અમે ૧૫ કલાકે ગુજરાનવાલા પહોંચ્યા. ત્યાંથી પાછા અમને ૧૯ મી તારીખે લાહોર લઇ જવામાં આવ્યા. આ વખતે લાહોર જેલમાં અમારા તરફ કંઇક ઓછી સખ્તાઇ વપરાઈ હતી.

સુનાવણીની તારીખ પહેલાં ૧૨ મી જુન ઠરાવવામાં આવી હતી, પરંતુ ઓચીંતો તેમાં બે વાર ફેર કરવામાં આવ્યો. છેવટે ૨૯ મી મેએ સુનાવણી થઇ. આથી અમે આ-રોપિતો મુંઝાઈ ગયા; કારણકે અમારા બચાવ માટે અમને વકીલો મેળવવાનું મુશ્કેલ થઇ પડયું. સુનાવણીમાં પણ આરોપિતને કાયદેસર મળતી જોઇતી સગવડો આપવામાં આવી ન હતી. કમિશનનો વડો પણ નિષ્પક્ષપાત રીતે વર્તવાને બદલે એકતરફી વિચાર બાંધી અને આરોપિત માટે દ્વેષ રાખી ન્યાય આપવા બેઠો હતો. અમારી વિરૂદ્ધ સાક્ષીઓ ઉભા કરવામાં પોલિસે દબાણ કરવામાં કચાસ રાખી ન હતી. ફરિયાદી પક્ષના સાક્ષીઓની ઉલટ પાલટ તપાસ કરવાની તક ઓછીજ આપવામાં આવતી. બચાવ પક્ષના સાક્ષીને અને વકીલ સુદ્ધાંને વારે વારે ટોણા મારવામાં આવતા. ન્યાય કરવાનો કેવળ દેખાવ જ કરવામાં આવ્યો હતો. મને પહેલાં જન્મપર્યંત દેશનિકાલની સજા કરવામાં આવી હતી; પછી ઘટાડી બે વર્ષની કરવામાં આવી. જેલમાં કોઈવાર અમને ખાલી કોટડીમાં પૂરવામાં આવતા, તો કોઈવાર યુરોપિયન વિભાગમાં રાખવામાં આવતા. એકવાર અમને ત્રણ ચાર જણને મો-ન્ટેગોમેરી જેલમાં લઈ જવામાં આવ્યા હતા. લાહોરની જેલમાં ખોરાકમાં વખતો વખત જરા જરા સુધારો થતો પરંતુ એકંદર ખોરાક ન ખવાય એવો મળતો. શરૂઆતમાં તો અમને બધાને મગ દળવા પડતા, પણ પછી મને કવીનાઇનના કારખાનાની સંભાળ રાખ-વાનું સોંપવામાં આવ્યું હતું. ડિસેમ્બર મહીનામાં નવા લેફ્ટેનંટ ગવર્નરે જેલમાં આવી અમારી ખબર પૂછી હતી.

મારી આટલી જીંદગીમાં મેં કોઈપણ વાર રાજકાજને લગતી ચળવળમાં ભાગ લીધો નથી. હું હમેશાં સરકારને વફાદાર રહ્યો છું. મારી મુખ્ય પ્રવૃત્તિ સનાતન ધર્મનો પ્રચાર કરવાની, કેળવણીનો ફેલાવો કરવાની અને સમાજને લગતાં કામ કરવાની છે. લડાઇ દર-મ્યાન અને લડાઇ ખલાસ થયા પછી પણ હું યથાશક્તિ સરકારને સહાય આપતો રહ્યો છું. મેં વોરફંડમાં અને બીજા ફાળાઓમાં એકાદ લાખ રૂપિયો ભર્યો છે. લડાઈ ચાલતી હતી ત્યારે લશ્કર માટે દરજીઓ તૈયાર કરાવવા બે હજારના ખર્ચે મેં એક વર્ગ ઉઘાડયો હતો. મેં કેટલાક રંગરૂટો પણ મેળવ્યા હતા. મારા જમાઇને અને પાસેના સગાઓને પણ લડાઇમાં મોકલ્યા છે. લૉર્ડ હાર્ડિંજ અને લૉર્ડ ચેમ્સફર્ડ તરફથી તારીફખત મને મળ્યા છે. કરનલ ઓબ્રાયન સિવાય બીજા બધા દેશી અને અંગ્રેજ અમલદારો સાથે મારો સંબંધ સારો રહેતો આવ્યો છે. નામદાર શહેનશાહ અહીં આવ્યા તેના સ્મરણ માટે મેં ૬૩ હજાર રૂપિયા ખર્ચી એક હાઇસ્કુલ સ્થાપી છે, તે સ્કુલ આજદિન સુધી ચાલે છે. આવી અનેક રીતે મારી અમિશ્રિત વફાદારી સાબીત થયેલી હોવા છતાં સુનાવણી થયા પહેલાં બે મહીના સુધી મને ખાલી કોટડીઓમાં પૂરવામાં આવ્યો, મને હાથકડી પહેરાવવામાં આવી, અને તે હાલતમાં પોલિસ અને લશ્કરી પહેરા હેઠળ આખા શહેરમાં ફેરવવામાં આવ્યો. મારા ઓચિંતા પકડાયાથી મારો વ્યાપાર પડી ભાગ્યો. મુકદમો ચલાવવામાં હજા-

રેનો ખર્ચ મારે કરવો પડયો. મને બંડખોર ઠરાવવામાં આવ્યો. જન્મપર્યંત દેશનીકાલની સજા કરવામાં આવી, મારી મિલ્કત જપ્ત કરવાનો હુકમ થયો, તેને લીધે મારાં બાઇડી છોકરાંને દરિદ્રીની દશામાં ઘર બ્હાર કાઢી મૂકવામાં આવ્યાં. આવો જુલમ સર ઓડવાયરની અનુમતિથી વર્તાવવામાં આવ્યો હતો. તેને થોમસન ડાયર અને જોનસન જેવા અમલદારોની મદદ હતી. તેઓનો હેતુ પંજાબ પ્રાંતની પ્રજાની રાજકાજને લગતી વૃત્તિ તદ્દન મારી નાખવાનો હતો.

૫૬૬

લાલા અમરનાથ, બી. એ., એલ. એલ. બી., પ્લીડરની જુબાનીઃ ગુજરાનવાલા.

હું ૧૯ વર્ષ થયાં વકીલાત કરૂં છું. હું ગુજરાનવાલાની જીલ્લા કોંગ્રેસ કમિટીનો સભાસદ, આર્ય સમાજનો પ્રમુખ, ખત્રી સભા અને હિંદુ સભાનો મંત્રી છું.

માર્ચ મહિનાના અંત સુધી ગુજરાનવાલામાં કોઇ જાતની ચળવળ ન હતી. ૪ થી એપ્રિલે હડતાળ અને ઉપવાસની વાત શહેરમાં ચાલવા લાગી. કોંગ્રેસ કમિટીના અમે કેટલાક સભાસદોએ વિચાર કરી ૫ મી તારીખે રોલેટ એકટ વિરૂદ્ધ અમારી લાગણી બતાવવા સભા ભરવાનો નિશ્ચય કર્યો. સભા થવા પહેલાં લાલા લાભસિંહ, મિ. દયાળ, લાલા મેલારામ અને મને કરનલ ઓબ્રાયને બોલાવી ચેતવણી આપી હતી કે સભાને લીધે કંઈ તોફાન થશે તો તેના જવાબદાર અમે લેખાશું. સભા નિર્વિઘ્ને પૂરી થઈ હતી.

૬ ઠી એપ્રિલે ગુજરાનવાલાના વતનીઓએ શાંતિપૂર્વક હડતાળ પાડી હતી. આથી કરનલ ઓબ્રાયનને માઠું લાગ્યું હતું અને લોકોએ તેનો અનાદર કર્યો એમ તેને થયું હતું. પરિણામે તે બહુ ચીડાયો, તેથી લોકો ઉપર વેર લેવાનો તેણે નિશ્ચય કર્યો. ૭ મી તારીખ પછી રાજકાજની વાત બંધ હતી.

૧૨ મી તારીખે જલંદરમાં ભરાનારી પરિષદ્માં પ્રતિનિધિ મોકલવા સારૂ કોંગ્રેસ કમિટી મળી હતી. કમિટીની સભા ખલાસ થતાં કેટલાક દુકાનદારો મહાત્મા ગાંધી પકડાયાથી બીજી હડતાળ પાડવાની વાત કરવા અમારી પાસે આવ્યા; પરંતુ કમિટીને તે વિચાર પસંદ પડયો નહિ. છતાં હડતાળ વિષે લોકોની લાગણી તીવ્ર હતી, અને એમ જણાયું કે તેઓ તો ૧૪ મી તારીખે હડતાળ કરશે જ એટલે અમે તેઓ માટે એક જાહેર સભા કરવાનું ઠરાવ્યું.

૧૪ મી તારીખે સવારના જાલીયાંવાલા બાગની કતલની માઠી ખબર ટ્રેનમાં આવતાં મુસાફરોએ ગુજરાનવાલામાં પહોંચાડી. આ વખતે "વૈશાખી યાત્રા" માં વઝીરાબાદ જવા લોકોની જબરી ઠઠ સ્ટેશને જામી હતી. તેઓમાંથી ઘણાઓ મદીરા પી મસ્ત બન્યા હતા. આ હાલતમાં અમૃતસરમાં ચાલેલી કતલની વાત સાંભળી તેઓ બહુ ઉશ્કેરાઇ ગયા.

૧૪ મી તારીખે કેટલાક મ્યુનિસિપલ કમિશનરો અને કોંગ્રેસ કમિટીના સભાસદો શહેરમાં ફરવા નીકળ્યા હતા. રસ્તે તેઓને ખબર પડી કે કાચા પુલ ઉપર કોઇએ મરેલું વાછરડું લટકાવ્યું છે. આથી અમને ચિંતા થવા લાગી કે રખેને આને લઈ હિંદુ મુસલમાનો વઢી પડે. થોડીવાર પછી અમે સાંભળ્યું કે વૈશાખી યાત્રાળુઓએ રેલ્વે પુલને

આગ લગાડી છે અને ટ્રેનને આગળ જતાં રોકી છે. એટલે અમે સ્ટેશને ગયા, અને લોકોને સમજાવવા લાગ્યા. અમારું સાંભળી લોકોનો મ્હોટો ભાગ વીખરાઇ ગયો. આ વખતે અહીં કેટલાક ઘાયલ થયલાઓને લાવવામાં આવ્યા. મિ. હેરને કાચા પુલ પાસે લોકો ઉપર ગોળી ચલાવી ઠઠ વિખેરી નાંખી હતી. આમાંથી કેટલાક મિ. હેરનની પાછળ પાછળ સ્ટેશન આગળ આવ્યા હતા, અને ત્યાં તેઓની સંખ્યામાં વધારો થવા લાગ્યો. આ ટોળાએ પછી ઘણી જગ્યાએ તોફાન કર્યાં હતાં.

મકાનો સળગતાં હતાં છતાં પોલિસે આગ બુઝાવવા પ્રયત્ન કર્યો જ નહતો. બપોરે ત્રણેક વાગે ગુજરાનવાલા ઉપર એરોપ્લેન ઉડવા લાગ્યાં. એરોપ્લેનમાંથી ચાર બોંબ ફેંકવામાં આવ્યા હતા, અને ચારે શહેરમાં પડયા હતા. તેમાંથી બે ફાટયા હતા તેથી ઘણાઓને ઈજા થઈ હતી. એક બોંબ ગોર્જખ ગામમાં અને બે બોંબ ધુલા ગામમાં નાખવામાં આવ્યા હતા. ધુલામાં એક બોંબ આબાદ રહ્યો હતો, તેનું વજન ૨૦ પાઉંડ હતું. બોંબ લાગવાથી ઘણાઓ ઘાયલ થયા હતા અને કેટલાક મરણ પામ્યા હતા. ઘાયલ થયેલાઓને જોવા હું ઈસ્પીતાલમાં ગયો હતો; ત્યાં બે ઓરડા લોહીથી તદ્દન પલળી ગયા હતા. એરોપ્લેનમાંથી મશીનગન પણ ચલાવવામાં આવી હતી.

૧૫ મી એપ્રિલે કયાંય ગડબડ થઈ નહતી, છતાં એક એરોપ્લેન ગોરજખ ગામ ઉપર આવ્યું હતું. હું આ ગામમાં રહું છું. અને તે ગુજરાનવાલાથી એકાદ માઈલ દૂર છે. તે દિવસે બે બોંબ મારા ગામ ઉપર ફેંકવામાં આવ્યા હતા. એક બોંબે એક મકાન જમીન દોસ્ત કર્યું, અને બીજો બોંબ ખાલસા સ્કુલના વિદ્યાર્થીઓના રહેવાના મકાન ઉપર નાખવામાં આવ્યો હતો. આથી કેટલુંક નુકસાન થયું હતું. એમ કહેવાય છે કે એરોપ્લેનમાંથી મારા ઘર ઉપર બોંબ નાખવાનો વિચાર કરવામાં આવ્યો હતો. પરંતુ તે બરમાં ન આવ્યો. મારા પકડાયા પછી પણ મારા બાળબચ્ચાંઓને અને કુટુંબીઓને ડરાવવા મારા ઘર ઉપર એરોપ્લેન ઉડતાં.

૧૫ મી તારીખે સાંજના મને તથા બીજાઓને પકડવામાં આવ્યા, અને લશ્કરી પહેરા હેઠળ અમને શહેરમાં ફેરવવામાં આવ્યા. પછી કોલસા લઈ જવાના ડબામાં બેસાડી લાહોર લઇ જવામાં આવ્યા. આ પહેલાં અમારા શરીર ઉપર પાણી છાંટવામાં આવ્યું હતું. અને ઇન્જીનનું મ્હોં ઉંધું હોવાથી અમારા મ્હોં ઉપર અને શરીર ઉપર મેસના થર જામ્યા હતા. આમ જાણી જોઇને કરવામાં આવ્યું હતું. તેનો હેતુ અમારા મ્હોં કાળા કરવાનો હતો. લાહોર જેલમાં અમે ૧૫ દિવસ રહ્યા; પણ તે દરમ્યાન જે ખોરાક અમને મળતો તે પશુઓ પણ ન ખાય એવો હતો. આ પછી એકવાર અમને ગુજરાનવાલા લાવવામાં આવ્યા હતા. ૧૭ મી જુને મને ફાંસીની સજા કરવામાં આવી હતી, અને મારી મિલ્કત જપ્ત કરવાનો હુકમ થયો હતો. આથી પોલિસે મારા ઘરબારનો કબજો લીધો હતો. મારા છોકરાઓને અને મારા એક દીકરાની વહુને ઘરમાંથી કાઢી મૂકવામાં આવ્યાં હતાં. તેઓને સાથે કંઇ પણ લઈ જવા નહોતું મળ્યું. સગાવ્હાલાઓ પણ તેઓને આસરો આપતાં બ્હીતા હતા. પોલિસે તેઓને પણ ડરાવ્યા હતા.

૨૬ ડિસેમ્બરે શાહી ઢંઢેરાની રૂએ મને છોડી મૂકવામાં આવ્યો છે.

૫૬૭

મેલારામ, બી. એ. એલ. એલ. બી. પ્લીડરની જુબાનીઃ ગુજરાનવાલા.

રોલેટ એકટ સામે વિરોધ દર્શાવવા ૫ મી એપ્રિલે સાંજના લાલા અમરનાથની ઑફિસની સામેના ચોગાનમાં એક જાહેર સભા ભરવાનું ઠરાવવામાં આવ્યું હતું. ૫ મી તારીખે સવારના કરનલ ઓબ્રાયને લાલા લાભસિંહ, સરબદયાળ, લાલા અમરનાથ, અને મને બોલાવ્યા હતા. તે વખતે પોલિસ સુપરિન્ટેન્ડંટ મિ. હેરન પણ હાજર હતો. કરનલ ઓબ્રાયન અને મારી વચ્ચે નીચે પ્રમાણે વાતચીત થઈ હતીઃ...

પ્રશ્નઃ તમે બધા આવતી કાલે ઉપવાસ કરવાના છો એમ મેં સાંભળ્યું છે. ખરૂં છે કે ઉપવાસથી કેટલીકવાર ફાયદો થાય છે; પરંતુ તેમ કરવું એ મૂર્ખાઇ નથી ? તમે ઉપવાસ કરો એ સામે મને વાંધો નથી, પરંતુ મારે મારી ફરજ બજાવવાની છે. આવતી કાલે હડતાળ પાડવા લોકોને સમજાવવામાં આવશે કે દબાવવામાં આવશે તો તે જાહેર શાંતિમાં ખલેલ કરવાના પ્રયત્ન તરીકે લેખાશે. નિર્દોષ અને અજ્ઞાન માણસોને આમાં ઘસડવા એ સારૂં નહિ. હું તો તે માટે તમને જવાબદાર લેખીશ.

ઉત્તરઃ સાહેબ, હું પોતે ઉપવાસની ઉપયોગિતામાં માનતો નથી. ઉપવાસ કરવા મારો વિચાર પણ નથી, પણ જો શહેરમાં બધા ઉપવાસ રાખશે તો વખતે હું પણ તેમ કરૂં. હું મારે માટે ખાતરી આપું છું કે શહેરમાં મારી લાગવગ જરાય નથી, અને હું પોતે કોઇને હડતાળ કરવાનું કહેવાનો પણ નથી; પરંતુ હું એટલું જાણું છું કે આજે સાંજે એક જાહેર સભા થવાની છે. તે વિષે હું ખાતરી આપું છું કે સભાનું કામ યોગ્ય રીતે જ ચલાવવામાં આવશે. તમે તથા મિ. હેરન સભામાં આવો એમ હું ઇચ્છું છું.

પ્રશ્નઃ સભા શા સારૂ થવાની છે ?

ઉત્તરઃ રોલેટ એકટ સામે વિરોધ દર્શાવવા.

પ્રશ્નઃ તમારી પાસે રોલેટ એકટની નકલ છે ?

ઉત્તરઃ નહિ.

પ્રશ્નઃ ત્યારે ભલા માણુસ જે એકટની તમને ખબર નથી તેની સામે વિરોધ કરવામાં શું લાભ ?

ઉત્તરઃ માફ કરજો, સાહેબ; મેં એકટ વાંચ્યો છે. આજે સવારના જ વાંચતો હતો, પરંતુ મારી પાસે એકટ અત્યારે અહીં નથી.

(એટલે કરનલ ઓબ્રાયને તપાસ કરાવી કે ઓફિસમાં એકટની નકલ છે કે નહિ ? ઓફિસમાંથી નકલ ન નીકળી.)

પ્રશ્નઃ તે કાયદો શા સારૂ છે ?

ઉત્તરઃ ખૂનામરકી અને બંડ થતાં અટકાવવા માટે.

પ્રશ્નઃ ત્યારે, આની સામે તમારે શું કહેવાનું હોય ? તમે તે નથી ઇચ્છતા ?

ઉત્તરઃ હું તેની વિરૂદ્ધ નથી. તેમ થવું જ જોઇએ, પરંતુ કાયદામાં જે રીતિ બતાવવામાં આવી છે તેને લઈ નિર્દોષ માણુસો ફસી પડે એમ છે, તે ન્યાય કરવાની મારી વૃત્તિ વિરૂદ્ધ છે. તમે મેજીસ્ટ્રેટ અમુક વસ્તુ માની લઇ માણુસોને ગુન્હેગાર ઠરાવો છો; પરંતુ અમે વકીલો જાણીએ છીએ કે કેટલાક ગુન્હેગાર માણુસો છુટી જાય છે

અને અત્યારના ધોરણ પ્રમાણે પણ નિર્દોષો ગુન્હેગાર ઠરે છે. આ નવા કાયદાથી અન્યાય વધારે પ્રમાણમાં થાય એમ જણાય છે.

પ્રશ્ન: હવે તેની સામે થવામાં મૂર્ખાઇ છે એમ તમને નથી લાગતું?

ઉત્તર: એ તો મન મનનું કારણ છે. પણ સાહેબ, હું તમને ખાતરી આપું છું કે તમારા નામને ઝાંખપ લાગે એવું કશું હું થવા નહિ દઉં. ફરી હું તમને ખાતરી આપું છું કે તમે ઇચ્છો છો એવી રીતે જ સભા ભરવામાં આવશે. લોકોને ફરજ પાડવાની કે દબાણ કરવાની સલાહ આપવામાં નહિ આવે, છતાં તમારો એવો જ હુકમ હોય કે સભા ન ભરવી, તો અમને તેમ જણાવશો.

પ્રશ્ન: મારી તમને કહેવાની ફરજ હતી તે મેં બજાવી છે. તમને હવે ઠીક લાગે તેમ કરો.

આ પ્રમાણે વાત થયા પછી અમે જતા રહ્યા. સભા જંગી થઇ હતી. સરકાર વિરૂદ્ધ લાગણી ઉશ્કેરાય એવાં ભાષણો કરવામાં આવ્યાં ન હતાં. સભામાં ચાર ઠરાવ કરવામાં આવ્યા હતા. સભા નિર્વિઘ્ન પૂરી થઈ હતી.

૬ ઠી એપ્રિલે શહેરમાં હડતાળ પડી હતી. તે વિષે વિશેષ વીગત મને ખબર નથી, કારણ કે તે દિવસે હું બ્હાર નીકળ્યો ન હતો.

૧૫ મી એપ્રિલે બપોરના હું મારા ઘર બ્હાર મિસ્ત્રી ગુલામ રસુલ સાથે વાત કરતો ઉભો હતો. તે વખતે પોલિસની ફોજ ત્યાં આગળ આવી પહોંચી, અને પોલિસ સુપરિન્ટેન્ડંટે મને કેદ કર્યો. આ પછી દિવાન મંગળસેન, લાલા લાભસિંહ અને બીજાઓને પકડવામાં આવ્યા. અમને બધાને સ્ટેશને લઇ જવામાં આવ્યા. ત્યાંથી અમારૂં સરઘસ કાઢવામાં આવ્યું અમારી મોખરે એક હિંદુ અને એક મુસલમાન કમિશનર ચાલતા હતા, અને લોકોને બાજુએ કરતા હતા. અમારી બંને બાજુ એક એક મશીનગન ગોઠવવામાં આવી હતી. માથે એક એરોપ્લેન ઉડતું હતું. સાથે પોલિસની આખી ફોજ અને કેટલાક ગોરા સોલજરો હતા. આ પ્રમાણે અમને શહેરમાં ફેરવી, બીજાઓને પકડી, અમને ૨૨ જણાને લાહોર લઇ જવામાં આવ્યા. આ વખતે પણ અમારી ઉપર એરોપ્લેન હતું, સાથે પોલિસ અને સોલજરો હતા, અને રેલ્વે ઇન્જીનમાં મશીનગન રાખવામાં આવી હતી. અમે રાત્રે લાહોર જેલમાં પહોંચ્યા. અમારા ઉપર મુકદ્દમો ચાલ્યો તે પહેલાં એકવાર અમને ગુજરાનવાલા લઇ આવવામાં આવ્યા હતા. જેલમાં અગવડનો પાર ન હતો. પહેલાં ત્રણ દિવસ ભાગ્યેજ થોડીક મિનિટ મને કોટડીમાંથી બ્હાર કાઢવામાં આવ્યો હતો. ખાવાનું પણ મ્હોંમાંથી પાછું વળે એવું આપવામાં આવતું. જે કોટડીમાં મને રાખવામાં આવ્યો હતો તેમાં તો સુમાર વિનાના મચ્છરો હતા. દિવસ જતાં અમને જરા જરા સગવડ કરી આપવામાં આવતી.

અમારા ઉપરનો કેસ ઠરાવેલી તારીખ કરતાં ઓચિંતો પહેલો હાથ ધરવામાં આવ્યો હતો. અમારો બચાવ કરવા વકીલો મેળવવામાં પણ અમને બહુ મુશ્કેલી નડી અમારા સગાવ્હાલાંઓને ગુજરાનવાલાથી લાહોર આવવા પહેલાં લશ્કરી અમલદાર પાસેથી પરવાનો મેળવવો પડતો, તે દિવસોમાં પરવાનો થોડાકોને જ મળતો. આવી દશા જોઇ મને મનમાં થતું હતું કે હું નિર્દોષ હોવા છતાં મને સજા થશે; પરંતુ મારી અજાયબી વચ્ચે માર્શીયલ લો કમિશને મને છોડી મુકયો.

સાંગલા.

૫૬૯

સરદાર ભાનસિંહ સુખસિંહ, દુકાનદારની જુબાની, સાંગલા હિલ.

અરજનસિંહ નામનો મારો સવાપાંચ વર્ષનો છોકરો હિંદી પાઠશાળામાં અભ્યાસ કરતો હતો. માર્શીયલ લૉના અમલમાં નિશાળ માત્રના વિદ્યાર્થીઓને દરરોજ ચારવાર હાજરી પૂરાવવા ટાઉન હોલે જવું પડતું. આ દિવસોમાં ગરમી સખ્ત પડતી હતી. અરજનસિંહે પાંચ દિવસ નિયમસર હાજરી ભરી; તેનાથી તાપ સહન થતો ન હોવાથી મેં તેને હાજરીમાંથી મુક્ત કરાવવા પ્રયત્ન કર્યો; પરંતુ હું તેમાં ન ફાવ્યો. છોકરાની ગેરહાજરી માટે તેના માબાપને સજા કરવાનું ઠરાવવામાં આવ્યું હતું, એટલે લાચારીથી હું તેને મોકલતો. પાંચમે દિવસે બપોરના હાજરી પુરાવી તે પાછો આવ્યો ત્યારે તે બહુ અસ્વસ્થ લાગતો હતો. તે ઓફિસરોને અને સોલજરોને જોઈ ડરી ગયો હતો. ઘેર આવી તેણે પાણી પીધું, અને અર્ધોએક કલાક રહી ઉલટી કરી. રાત્રે દશ વાગે મરણ પામ્યો.

મારો આ એકનો એક છોકરો હતો; બલ્કે અમારા ત્રણ ભાઇઓ વચ્ચે એ એક જ છોકરો હતો.

૫૭૦

હરિશ્ચન્દ્ર વર્મા, દયાનંદ કોલેજના વિદ્યાર્થીની જુબાનીઃ સાંગલા.

ડિગ્રી માટેની પરીક્ષા આપી મારે ગામ જવા ૩૧ મી મેએ હું નીકળ્યો. સાંગલા સ્ટેશનથી મારૂં ગામ ૩–૪ માઇલ દૂર છે. સાંગલા હું ચાર વાગે પહોંચ્યો; ત્યાં ત્રણેક કલાક મેં મારા બનેવીને ત્યાં ગાળ્યા, અને પછી દાસમલ અને વઢવામલ સાથે હું બહલોલપુર જવા રવાના થયો. આ પહેલાં સ્ટેશન ઉપર મેં કુલીને પૂછી જોયું હતું કે સાંગલામાં સાહેબ લોક છે કે નહિ ? તેણે મને ખોટી બાતમી આપી હતી એમ અનુભવ ઉપરથી જણાયું.

રસ્તે જતાં બે ગોરાઓ અને કેટલાક પઠાણ લશ્કરી સિપાઇઓ અમારી સામે આવતા જણાયા. મારા જમણા હાથમાં ધોતીયામાં વિંટેલી એકાદ બે ચોપડીઓ હતી. સાહેબને જોતાંજ મેં સલામ ભરી, અને અમે આગળ ચાલવા લાગ્યા; પરંતુ તેવામાં એક પઠાણે મને ઉભો રહેવાની બૂમ પાડી પણ તે મને બોલાવે છે એમ મને ન થયું. મેં ચાલવું ચાલુ રાખ્યું, એટલે તે મને ઠાંસો બતાવતો મારી આગળ એકદમ આવી પહોંચ્યો, બંને સાહેબો પણ પાસે આવ્યા. મેં તેઓને સલામ નહોતી કરી એમ મને કહેવામાં આવ્યું. તેઓએ મારી વાત જ સાંભળી નહિ. એક સાહેબે મને હાથે પગે અને પુંઠે કેનના પાંચ છ ફટકા ખેંચી કાઢયા, અને બીજાએ ગુસ્સામાં આવી મારા ઉપર ચામડાનો હંટર ફેંકયો. હંટર મારા પગને વીંટળાઈ ગયો એટલે તેણે પાછો ખેંચી લીધો. આ સાહેબ કમાન્ડિંગ ઓફિસર હતો એમ મને પાછળથી ખબર પડી. મારા બંને સાથીઓ મને થયેલા અનુભવના સાક્ષી છે.

હાફિઝાબાદ.

૫૭૧

લાલા ગુરદાસરામ આનંદ, પ્લીડરની જુબાનીઃ હાફિઝાબાદ.

૬ ઠી એપ્રિલે હાફિઝાબાદમાં હડતાળ અને જાહેર સભા થયાં હતાં. ૧૪ મી એપ્રિલે હું તથા મારો ભાઇ લાલા શીવરામ તાસીલખાને હતા ત્યારે કેટલાક લોક મકાન ઉપર પથરા ફેંકવા લાગ્યા, પણ પોલિસ ઇન્સ્પેકટરે પીસ્તોલ ફોડી એટલે લોકો ત્યાંથી નાસી ગયા. બીજે દિવસે કેટલાકોને પકડવામાં આવ્યા.

૧૬ મી તારીખે હાફિઝાબાદમાં માર્શીયલ લો દાખલ કરવામાં આવ્યો. ૨૨ મી તારીખે કરનલ ઓબ્રાયને દરબાર ભર્યો અને એક સખ્ત ભાષણ કર્યું. તેણે એક જણના વાંક માટે આખું શહેર જમીનદોસ્ત કરવાની ધમકી આપી હતી.

૩૦ મી તારીખે શહેરના બે મ્હોટા શાહુકારને કરનલે પકડયા. મને તથા મારા ભાઇને તેઓની સામે ખોટી જુબાની આપવા વારંવાર કહેવામાં આવ્યું; પરંતુ અમે ના પાડી એટલે અમને ૪ થી મેએ પકડવામાં આવ્યા, અને લશ્કરી પહેરા હેઠળ ગુજરાનવાલા જેલમાં લઈ જવામાં આવ્યા.

૧૪ મી મેએ મને લાહોર એક મુકદ્દમામાં પ્રતિવાદીના પક્ષમાં સાક્ષી આપવા લઇ જવામાં આવ્યો હતો. મને આખો વખત હાથ કડી પહેરાવી રાખવામાં આવી હતી, તે દિવસે પોલિસે મને ખાવાનું પણ આપ્યું ન હતું, એટલે મારે ભૂખ્યા રહેવું પડયું હતું.

૨૨ મી કે ૨૩ મી મેએ મને તથા મારા ભાઇને હાથકડી પહેરાવી હાફિઝાબાદ લાવવામાં આવ્યા. ત્યાં અમને ઓળખવા બે વેશ્યાઓને અને બે નીચ જાતના માણસોને લાવવામાં આવ્યા. હાફિઝાબાદ થાણે અમને કોટડી બ્હાર સુવાડવામાં આવ્યા હતા, અને અમને બધા બ્હાર સુનારાઓને એક સાંકળથી બાંધવામાં આવ્યા હતા.

૭ મી જુને મારો કેસ હાફિઝાબાદમાં નીકળ્યો. મારો બચાવ બરોબર રજૂ કરવા મને પૂરતો વખત આપવામાં આવ્યો ન હતો. મારા બચાવમાં કેટલાક સાક્ષીઓને પણ બોલાવવામાં નહોતા આવ્યા; અને બે દિવસ રહી માર્શીયલ લો ખેંચી લેવામાં આવવાનો હતો, પણ ઘણાના મુકદ્દમા સાંભળવાના હતા એટલે મેજીસ્ટ્રેટે ઉતાવળે ઉતાવળે કેસ પૂરા કરી લેતો. મારો કેસ ૪૫ મિનિટમાં ખલાસ થયો હતો. મને સજા થયા પછી ૩૦ મી જુને લાહોર જેલમાં લઈ જવામાં આવ્યો હતો. અમને ૪૦ જણાને હાથકડી અને બેડી પહેરાવવામાં આવ્યાં હતાં. અમને બધાને એક સાંકળે બાંધવામાં આવ્યા હતા, અને એકજ ડબ્બામાં પૂરવામાં આવ્યા હતા. ગરમી એટલી બધી સખ્ત હતી કે અમારામાંથી એક બે જણ તો બેશુદ્ધ થઇ ગયા હતા. અમે આખી રાત ગુજરાનવાલા સ્ટેશને કોલસાની થપ્પી ઉપર પડી રહ્યા હતા.

મારો કોઈ પણ રાજકીય મંડળ સાથે સંબંધ ન હતો. મેં કોઇ સભામાં ભાગ લીધો ન હતો.

માનીયાંવાલા અને આસપાસના ગામો.

૫૭૨

હકીમ હાથાખાનની જુબાનીઃ માનીયાંવાલા.

૧૭ મી એપ્રિલે સવારના દશ વાગે હું મત આપવા ધાબનસિંહ રેલ્વે સ્ટેશને ગયો હતો. ત્યાં મને સ્ટેશનને આગ લગાડવામાં આવ્યાની ખબર પડી.

૧૮ મી કે ૧૯ મી તારીખે હું મારા દીકરા સાથે ખેતરમાં ઘઉંનો પાક ઉતારતો હતો તે વખતે સ્ટેશનની દિશામાંથી ગોળીબારનો અવાજ અમારે કાને પડયો. તે પછી તરતજ મારી પાસેથી એક ગોળી વટાઇ ગઈ. ગોળીબાર થવાથી લોકો આમતેમ નાસભાગ કરવા લાગ્યા અને ઝાડોમાં સંતાઇ ગયા. લશ્કરની ટુકડી ગામ તરફ ગોળીબાર કરતી જવા લાગી. હું ગામમાં ગયો ત્યારે ગામમાં કોઇ દેખાતું ન હતું.

મને ગામમાં જોઇ મૂલરાજ પટવારીએ મારા છોકરાને પકડવાની વાત અમલદારોને કરી. હું વચ્ચે બોલી ઉઠયો એટલે મને ગોળીથી વીંધી નાખવાની ધમકી આપવામાં આવી. પોલિસના અમલદારો આ વખતે અત્તરસિંહ લમ્બરદારને અને ઇન્દરસિંહને પકડી ગયા.

૨૦ મી કે ૨૧ મી તારીખે જગતસિંહ લમ્બરદારના કહેવાથી ભગતસિંહ અને હું રેલ્વે સ્ટેશને ગયા. ત્યાં અમને સબ-ઇન્સ્પેકટરે પોલિસના સાક્ષી થવા કહ્યું, તેના બદલામાં અમારા બંનેના છોકરાને છોડી મૂકવા જણાવ્યું. પરંતુ અમે જુઠી જુબાની આપવા ના પાડી.

બીજે દિવસે પોલિસ સબ-ઈન્સ્પેકટરે શેરસિંહ, દુલાસિંહ અને મૂલરાજ પટવારી પાસે તોફાનીનાં નામ માગ્યાં એટલે તેઓ ગામડીયાઓને સબ-ઇન્સ્પેકટર આગળ લઈ ગયા. મારા છોકરાને પણ લઈ જવામાં આવ્યો હતો. મારી પેઠે તેણે પણ ખોટી સાક્ષી પૂરવાની ના કહી; તેથી સબ-ઈન્સ્પેકટરને ગુસ્સો ચઢયો અને અમને બધાને રેલ્વે સ્ટેશને લઇ ગયો. સ્ટેશને અમારે આખો દિવસ ખાધા પીધા વિના કાઢવો પડયો હતો. સાંજના સાંગલાથી કેટલાક સોલજરો આવ્યા હતા. સબ-ઇન્સ્પેકટર કેટલાકના નામ બોલી ગયો. તેઓને બીજાઓથી જુદા પાડવામાં આવ્યા, અને તેઓની આસપાસ સોલજરો ફરી વળ્યા. જેઓને પકડવામાં આવ્યા તેઓના સગાઓને ઘેર જવા રજા મળી; જેઓના સગા ખેતરમાં હતા તેઓને રોકી રાખવામાં આવ્યા.

બીજે દિવસે શેરસિંહ અને દુલાસિંહ ફરી બીજા ગામડીયાઓને રેલ્વે સ્ટેશને લઇ ગયો. તે દિવસે પણ તેમાંથી કેટલાકને પકડવામાં આવ્યા. પછી નહેર ઉપરના બંગલે ૧૨ વર્ષથી મ્હોટી ઉમરના માણસોને મિ. બોઝવથ સ્મિથે ભેગા કર્યા. ત્યાં રેલ્વેના કેટલાક માણસો અને બીજાઓ તોફાનીઓને ઓળખી કાઢવા તૈયાર થઇ ઉભા હતા. જેઓને તેઓએ ઓળખ્યા તેઓને જૂદા ઉભા રાખવામાં આવ્યા. મને પણ જૂદો કરવામાં આવ્યો. અમને બધાને સાથે બાંધી આખી રાત સરાઇમાં રાખવામાં આવ્યા, અને બીજે દિવસે સાંજના ચુહારખાના લઈ જવામાં આવ્યા. ત્યાંથી આઠ દિવસ માટે અમને લાહોર મોકલવામાં આવ્યા. અને પાછા ધાબનસિંહ સ્ટેશને પાછા લાવવામાં આવ્યા. અહીં અમારા

સગાઓ અમારે માટે ખાવાનું લાવતા; પરંતુ જ્યાં સુધી દરેક ટંક માટે અમે દરેક પોલિસને એક રૂપિયો ન આપતા ત્યાં સુધી અમને ખાવાનું લેવાની રજા ન મળતી. એકવાર મેં આ રીતે પૈસા આપી ખાવાનું લેવા કરતાં ભૂખ્યા રહેવાની ઇચ્છા કરી. તે પણ પોલિસને ન ગમી. પરંતુ રૂપિયો આપી ખાવાનું લેવાની મને ફરજ પાડવામાં આવી.

અમને બધા પકડાયલાઓને એક સાથે મિ. સ્મિથ આગળ ઉભા કરવામાં આવ્યા. તેણે અમારામાંથી માત્ર ત્રણને છોડી મૂક્યા. બાકીનામાંથી કોઇને ફટકા ખાવાની, કોઇને દંડ ભરવાની અને કોઇને જેલમાં જવાની સજા કરી. મારા ૩૦ વર્ષના મ્હોટા છોકરાને જન્મ દેશનિકાલની સજા થઈ હતી; પરંતુ પાછળથી સજા સાત વર્ષની કરવામાં આવી. મારા બીજા ૧૫ વર્ષના છોકરાને બે વર્ષ સુધી જેલમાં રહેવાની અને ૧૦૦ રૂપિયાનો દંડ ભરવાની સજા કરવામાં આવી; પરંતુ તેને જેલમાં ચાર મહિના નવ દિવસ કાઢવા પડ્યા. મારા બંને છોકરા નિર્દોષ હતા; દુલાસિંહ અને શેરસિંહ સાથે અમારો સંબંધ સારો ન હોવાથી મારા છોકરાઓને આ પ્રમાણે સજા વેઠવી પડી હતી.

૫૭૩

મંદાખાન જંદાખાનની જુબાની: ઉમર વર્ષ ૪૦, માનીયાંવાલા.

૧૦ મી એપ્રિલે હું ઢોર ચરાવતો હતો ત્યારે કેટલાક બ્રિટિશ સોલજરો અને પોલિસના માણસો મારી સામે આવવા લાગ્યા; તેઓએ ગોળી ચલાવી; તેમાંથી એક ગોળી મને મારા ડાબા હાથમાં વાગી. હું બેભાન થઇ પડયો. મારી પાસે બે છોકરાઓ હતા. તેઓ મને મારે ઘેર લઈ ગયા.

૫૭૫

તારાસિંહ અત્તરસિંહની જુબાની: જમીનદાર; ઉમર વર્ષ ૪૫; માનીયાંવાલા.

અમે ત્રણ ભાઇઓ છીએ. મારા બાપની વય ૧૦૦ વર્ષ કરતાં વધારે છે. અમે માનીએ છીએ કે તેને ૧૧૫ વર્ષ થયાં હશે. તે ૩૦ વર્ષ સુધી લમ્બરદાર હતો. તેની મહેનતથી માનીયાંવાલા ગામ વસ્યું છે.

ધાબાનસિંહ રેલ્વે સ્ટેશન અમારા ગામથી લગભગ બે માઇલ દૂર છે. ૧૬ મી એપ્રિલે સ્ટેશનને આગ લગાડવામાં આવી હતી અને સ્ટેશન લૂંટવામાં આવ્યું હતું. અમૃતસરમાં બનેલા બનાવોની વાત સાંભળી લોકો ઉશ્કેરાઇ ગયા હતા. "દરબાર સાહેબ" ને પણ નુકસાન થયું છે એવી વાત અમારે કાને આવી. આથી કેટલાક જણ સ્ટેશને ગયા; સ્ટેશનને આગ લગાડી અને ત્યાંજ લૂંટ ચલાવી. તોફાનીઓ વેર લેવા જતાં લૂંટ કરવા ઉતરી પડયા.

૧૯ મી એપ્રિલે માનીયાંવાલા આગળ એક ટ્રેન આવી ઉભી; તેમાં બ્રિટિશ સોલજરની ટુકડી હતી. ટ્રેનમાં ચાર મશીનગન હતી. તેનાં મ્હોં અમારા ગામ ભણી કરવામાં આવ્યાં હતાં; પરંતુ તે ફોડવામાં નહોતી આવી. સોલજરો ટ્રેનમાંથી ઉતરી પડયા અને બંદુક ફોડતા ફોડતા ગામ તરફ જવા લાગ્યા. જે કોઇ તેઓના જોવામાં આવતો તેના ઉપર બંદુક ફોડવામાં આવતી. અલ્લાદીત્તા નામના માણસને ત્રણ ચાર વાર ગોળી વાગી અને તરતજ તે મરણ પામ્યો.

સોલજરોને યથેચ્છ ગોળી ચલાવતા જોઇ ગામના લોકો ઘરબાર છોડી ખેતરોમાં નાસી ગયા. તરતમાં બાળકને જન્મ આપે એવી દશામાં કેટલીક ગર્ભીણી સ્ત્રીઓ પણ હિમ્મત કરી ખેતરોમાં દોડી ગઈ. મારો બાપ અત્તરસિંહ પોતાનો વખત મ્હોટે ભાગે ખાટલામાં ગાળે છે. તે પોતાના ઘર બ્હાર બેઠો હતો. તેના ઉપર પાંચ ૭ ગોળી ફેંકવામાં આવી હતી, તેમાંથી બે તેની પાઘડીમાં વાગી. સોલજરો તેના ઘરમાં પેસી ગયા, કબાટો ઉઘાડી નાખ્યા અને તેમાંથી પૈસા અને બીજી જણસો ઉઠાવી ગયા. જો શેખુપુરાનો રાજા ફત્તેહસિંહ આડો ન આવ્યો હોત તો તો સોલજરોએ કેટલાક ઘરોને આગ પણ લગાડી હોત. તેઓ મારા બાપને અને ઇન્દરસિંહને પકડી ગયા. મારા બાપથી ચલાતું ન હોવાથી તેમને ઘોડા ઉપર બેસાડી સ્ટેશને લઈ જવામાં આવ્યો. તેઓ બંનેને રેલ્વેના માલ લઇ જવાના ડબ્બામાં પૂરવામાં આવ્યા. આ ડબ્બો લોઢાના પતરાનો હોવાથી એપ્રિલ માસની સખ્ત ગરમીમાં બહુ તપતો હતો, અને તેમાં રહેવું બહુ મુશ્કેલ થઈ પડયું હતું. બીજાઓને પણ પકડી આવી રીતે પૂરવામાં આવ્યા હતા. બે દિવસ પછી તેઓ બંનેને છોડી મૂકવામાં આવ્યા હતા.

બે દિવસ રહી મિ. બોઝવર્થ સ્મિથ અમારે ગામ આવ્યો, અને નહેર ઉપરના બંગલે ૮–૧૦ વર્ષથી મ્હોટી ઉંમરના બધા પુરુષોને ભેગા કર્યા. તેમાંથી તેણે ૭–૮ જણને પકડયા. બાકીનાને ખેતરમાં જવાની અને પાક ઉતારવાની મનાઇ કરી. કેદ થયેલાઓને માટે ગામમાંથી સ્ત્રીઓ ખાવાનું લઇ જતી, પરંતુ જ્યાં સુધી પોલિસને અથવા સોલજરને કંઈ પૈસા આપવામાં ન આવતા ત્યાં સુધી કેદીઓને ખાવાનું પહોંચાડવામાં નહોતું આવતું. મારા બાપને આ વખતે પાછો પકડવામાં આવ્યો હતો. મિ. સ્મિથે લોકોમાં તેને ફેરવ્યો અને લોકોને કહ્યું: “ જોયો, આ વાંદરો ” મને મિ. સ્મિથે લાકડી મારી હતી, અને બીજા ગામના એક આબરૂદાર માણસને ઝાડ સાથે બાંધી ફટકા મારવાનો હુકમ કર્યો હતો. પોતે નિર્દોષ છે એમ કહેવા સારૂ તેને આ સજા કરવામાં આવી હતી.

બીજે દિવસે મિ. સ્મિથે અમારા ઘરની જડતી લેવરાવી અને આખા ગામના લોકોને ફરી ભેગા કર્યા. અમને બધાને તદ્દન નાગા કરવામાં આવ્યા, અને ત્રણ કલાક સુધી તડકામાં ઉંધા સુવાડી રાખ્યા. તેણે દુકાનેથી અને ઘરોમાંથી કેરોસિન તેલના ડબા ભેગા કર્યા. તેનો હેતુ ઘરો જમીનદોસ્ત કરવાનો હતો; પરંતુ આ વિચાર તેમણે છેવટે છોડી દીધો હતો.

૭ મી, ૮મી અને ૯મી મેએ નહેર ઉપરના બંગલામાં સમરી કોર્ટ બેઠી હતી. આ ત્રણે દિવસ ગામના બધા માણસોને બંગલે હાજર રહેવાનો હુકમ થયો હતો. કેદીઓને તુરતાતુરત સજા કરવામાં આવી હતી. ૮મી તારીખે અમે બધા બંગલે હતા ત્યારે મિ. બોઝવર્થ સ્મિથ એકલો ઘોડે બેસી અમારા ગામમાં ગયો, અને ગામની તમામ સ્ત્રીઓને ભેગી કરી તેઓની લાજ ઉઘાડી નાખી. આમ કરવું એ લાજ લૂંટવા બરોબર અમારા દેશમાં લેખાય છે. તેઓ ઉપર તે થુંકયો, તેણે તેઓને લાતો મારી, લાકડીઓ મારી, ભુંડા શબ્દો કહ્યા, અને સભામાં ભાઇ મૂલસિંહ સરકાર સામે બોલ્યો હતો એમ કહેવા સ્ત્રીઓને હુકમ કર્યો.

ધાબાનસિંહમાં વધારાની પોલિસ બેસાડવામાં આવી હતી, ત્યાં અમને બધા માણસોને દરરોજ બે વાર હાજરી ભરવા જવાનો હુકમ થયો હતો. આ કારણસર અમને દર-

રોજ ૮ માઇલનો પંથ કરવો પડતો. જો કોઇ મોડો થતો તો તેને શિક્ષા કરવામાં આવતી. પાક પણુ ૧૫ દિવસ રહી ઉતારવા રજા મળી હતી; એટલે મ્હોટે ભાગે તે બગડી ગયો હતો.

લેફ્ટેનંટ ગવર્નરની અમે દયા માગી એટલે અમારા ગામ પાસેથી પાંચ હજાર રૂપિયાનો જ દંડ લેવાનો તેણે હુકમ કર્યો. મારા બાપને ૧૫ દિવસ રોકી રાખી છોડી મૂકવામાં આવ્યો હતો; પરંતુ તેની પાસેથી લમ્બરદારી લઈ લેવામાં આવી. ૩૦ વર્ષ થયાં અમારી પાસે ૩૦ એકર જમીન હતી તે પણ છીનવી લેવામાં આવી.

*　　*　　*　　*　　*

૫૭૭

અત્તરસિંહ ચરણસિંહની જુબાનીઃ ઉમર વર્ષ ૧૧૫; માનીયાંવાલા.

હું માનીયાંવાલાનો ત્રીસ વર્ષ થયાં લમ્બરદાર છું. માર્શીયલ લૉના દિવસમાં એકવાર બ્રિટિશ સોલજરો બંદુક ફોડતા ફોડતા મારા ઘર આગળ આવી પહોંચ્યા, અને મારા ઉપર બંદુક તાકી; પણ હું ઘરમાં પેસી ગયો એટલે બચી ગયો. આ પછી તેઓ મારા ઘરમાં પેઠા; મારૂં કબાટ ઉઘાડી નાખ્યું અને તેમાંથી રોકડા પૈસા અને કેટલીક વસ્તુઓ લઇ ગયા. જડતી ખલાસ થયા પછી તેઓ મને ઘોડે બેસાડી સ્ટેશને લઇ ગયા અને લશ્કરની ટ્રેનમાં બેસાડયો. આ ટ્રેન મોમન, સિંગલાં અને મરી ગામ આગળ ગઇ હતી. પછી મને ધાબાનસિંહ સ્ટેશને એક સોલજરને સોંપવામાં આવ્યો. અહીં બીજાઓને પણ પકડી લાવવામાં આવ્યા હતા. દુલાસિંહ અને શેરસિંહે મારા તરફ આંગળી બતાવી જણાવ્યું હતું: “ આ બુઢ્ઢો માણુસ પોતાના દીકરા સાથે રહે છે, અને લમ્બરદાર હોવા છતાં આ તોફાનમાં ભાગ લેતાં પોતાના દીકરાને તેણે વાર્યો નથી. ” આ બે જણની સાક્ષી ઉપરથી મારી પાસેથી લમ્બરદારી લઈ લેવામાં આવી.

ધાબાનસિંહ સ્ટેશન ઉપર મને એક દિવસ રાખી ચુહારખાના લઇ જવામાં આવ્યો. બે દિવસ રહી ત્યાંથી મને લાહોર જેલમાં આઠ દિવસ રાખવામાં આવ્યો અને ફરી પાછો ધાબાનસિંહ લઇ આવવામાં આવ્યો, પછી છોડી મૂકવામાં આવ્યો.

લડાઈ દરમ્યાન મારા બે છોકરાઓએ અને મેં બે બે રંગરૂટ સરકારને આપ્યા હતા અને વોરલોનમાં દશ રૂપિયા ભર્યા હતા. હું મારા દીકરાઓથી જૂદો રહું છું, અને જૂદો જમું છું.

૫૭૮

નવાબદીન ઇમામદીનની જુબાનીઃ સરકારી નિશાળમાં શિક્ષક; માનીયાંવાલા.

જેઠ મહીનામાં એક દિવસ મિ. બોઝવર્થ સ્મિથ અમારે ગામ આવ્યો હતો. તે મારી નિશાળ પાસે પણ આવ્યો હતો. તે દિવસે તેણે ગામની સ્ત્રીઓને ભેગી કરી હતી. તેને જોઈ હું તેની પાછળ ગયો. તેણે મને પૂછ્યું કે ભાઈ મૂલસિંહે સરકાર સામે ભાષણ કર્યું હતું કે નહિ ? જવાબમાં મેં જણાવ્યું કે તેણે ગુરૂનાનક ઉપર ધાર્મિક વ્યાખ્યાન કર્યું હતું પણ સરકાર વિરૂદ્ધ ભાષણ નહોતું આપ્યું. એટલે તેણે મને લાકડીથી માર માર્યો તે એટલો બધો કે ઘાના ડાઘ મારા પહોંચા ઉપર અને ઘુંટી ઉપર ઘણા દિવસ સુધી રહ્યા.

હું સરકારી નોકર હોવાથી મારે સરકાર પક્ષમાં સાક્ષી આપવી જોઇએ એમ એણે મને સંભળાવ્યું. તેણે માર મારી લીધા પછી મને એક કોન્સ્ટેબલ સાથે બંગલે મોકલાવી આપ્યો. લેહનાસિંહના પણ મારા જેવાજ હાલ થયા હતા. અમને બંગલે લઇ જવામાં આવ્યા ત્યારે સાહેબે સ્ત્રીઓ આગળ બોલવું શરૂ કર્યું, અને સ્ત્રીઓના રોવાનો અવાજ જતાં જતાં અમારે કાને પડયો હતો.

× × × × ×

૫૮૦

તેજસિંહ અમીરસિંહની જુબાનીઃ ઉમર વર્ષ ૫૫; માનીયાંવાલા ગામનો એક ભાગીદાર.

જે દિવસે મિ. બોઝવર્થ સ્મિથ અમારે ગામ આવ્યો અને તેણે સ્ત્રીઓને ભેગી કરી તે હું ગામમાંજ હતો. પોલિસના હુકમથી ગામના ઘણા ખરા માણસો બંગલે ગયા હતા. મારા દેખતાં મુનશી નવાબદીનને અને લેહનાસિંહને મિ. સ્મિથે સખ્ત માર માર્યો હતો. તેણે તેઓને એક કોન્સ્ટેબલને સોંપી દીધા અને બંગલે મોકલી આપ્યા. પછી તે સ્ત્રીઓ પાસે ગયો. તેણે તેઓની લાજ ઉઘાડી નાખી, અને ભુંડા શબ્દો બોલવા માંડયા. તેઓને તેણે માંખીઓ કહી. કૂતરીઓ કહી, ગધેડીઓ કહી, અને તેથી પણ વધારે ખરાબ વિશેષણો વાપર્યાં. તેણે કહ્યું: "પોલિસ કોન્સ્ટેબલો તમારો ઘાઘરો તપાસશે. તમે તમારા ધણી સાથે સુતી હતી ત્યારે તેઓને તમે ઉઠી જવા કેમ દીધા ?" તેઓ ઉપર તે થુંકયો પણ હતો.

૫૮૨

મંગલજાટની વિધવા ગુરદેવીની જુબાનીઃ ઉમર વર્ષ ૪૦: માનીયાંવાલા.

માર્શીયલ લૉના અમલ દરમ્યાન એક દિવસે મિ. બોઝવર્થ સ્મિથે અમારા ગામના ૮ વર્ષથી મ્હોટી ઉમરના બધા પુરૂષોને બંગલે ભેગા કર્યા હતા. આ બંગલો ગામથી કેટલાક માઇલ દૂર છે; ત્યાં કંઇક તપાસ ચાલવાની હતી. પુરૂષો બંગલે હતા ત્યારે તે ગામમાં ઘોડે બેસી આવ્યો. કેટલીક સ્ત્રીઓ પોતાના વર માટે ખાવાનું બંગલે લઈ જતી હતી તેઓને પણ તેણે રસ્તેથી પાછી ગામ તરફ વાળી. ગામમાં ગલીએ ગલીએ તે ફર્યો અને બધી સ્ત્રીઓને ઘર બ્હાર નિકળવા હુકમ કર્યો અને પોતેજ લાકડીઓ મારી મારી તેઓને બ્હાર કાઢી. અમને બધીને ગામની દેવડી આગળ ઉભી કરી; અમે તેની આગળ હાથ જોડી ઉભાં. કેટલીકને તેણે લાકડીથી મારી, તેઓ ઉપર તે થુંકયો, અને અતિશય ભુંડા અને ન બોલાય એવા શબ્દો તેણે ઉચ્ચાર્યા. મને તેણે બે વાર મારી અને મારા મ્હોં ઉપર તે થુંકયો. પોતાની લાકડીથીજ તેણે બધાની લાજ ઉઘાડી નાંખી. તેણે અમને બધાને વારંવાર ગધેડી, કૂતરી, ડુકરી કહી હતી અને કહ્યું: "તમે તમારા વર સાથે એકજ બીછાનામાં હતા. તેઓને તોફાન કરવા બ્હાર જતાં તમે કેમ ન રોકયા ? હવે પોલિસ કોન્સ્ટેબલો તમારા ઘાઘરા તપાસશે." મને તેણે લાત પણ મારી, અને અમને બધીને નીચા નમી અમારા પગ વચ્ચેથી હાથ કાઢી કાન પકડવાની સજા કરી હતી.

નોંધઃ આવાજ પ્રકારની જુબાની બીજી આઠ સ્ત્રીઓએ નોંધાવી છે. જુબાની પત્રમાં ૨૩ સ્ત્રીઓએ આજ બાબત વિષે બહુ ટુંકી વિગત આપી છે.

૫૮૫

માઈ ગાબનની જુબાની; માનીયાંવાલા.

મારા ૧૫ વર્ષના દીકરા સિંગરસિંહને ખેતરમાંથી પોલિસ પકડી ગઇ હતી. ત
તેની ખબર પડી એટલે હું રોતી રોતી લમ્બરદાર ગંડાસિંહ પાસે ગઇ. તેણે મા
દીકરાને છોડાવવા મારી પાસે ૧૨૦ રૂપિયા માગ્યા. મેં ઉઘરાણું કરી આ રકમ ઉ
કરી અને નવા લમ્બરદાર દુલાસિંહને આપી, છતાં મારો છોકરો છુટયો નહિ. તે
લાહોર લઇ જવામાં આવ્યો અને ત્યાં તેને બે વર્ષની જેલની સજા થઇ અને ૧
રૂપિયાનો દંડ કરવામાં આવ્યો. તેની સજા પાછળથી ૬ મહીનાની કરવામાં આવી. ા
છોકરો અમારા બધાનું પોષણ કરનારો છે. તેની ગેરહાજરીમાં અમને અતિશય વિટંબ
વેઠવી પડી હતી.

૫૮૭

હુવેલીરામ, દુકાનદારની જુબાનીઃ માનીયાંવાલા.

મે મહીનામાં મિ. બોઝવર્થ સ્મિથના કહેવાથી હું ૧૭૨ રૂપિયા ૨ આનાની જણ
છાવણીમાં લઈ ગયો હતો, પરંતુ તેના પૈસા મને હજી સુધી આપવામાં નથી આવ
અને જ્યારે હું તેની માગણી કરૂં છું ત્યારે મને રાઇફલથી ડરાવવામાં આવે છે અને ગા
આપવામાં આવે છે.

નોંધઃ જુબાની ૫૮૮ અને ૫૮૯માં પણ પોલિસે અને અમલદારોએ વિના મૂ
વસ્તુઓ લીધી હતી તેને લગતી વિગત છે.

૫૯૧

સરદારખાન મહી જાટની જુબાનીઃ ઉમર વર્ષ ૫૦; રતાલી ગામનો એક ભાગીદાર.

ફત્તેહખાન તહાસીલદાર વૈશાખ મહીનામાં એક દિવસ અમારા ગામમાં આવ્યો હત
તેણે ઢોલ પીટાવી લોકોને બીજે દિવસે સવારના ગામની દેવડીએ ભેગા થવાનો હુ
કર્યો હતો. આ સમય પાક ઉતારવાનો હતો અને લોકો પકડાઈ જવાથી ડરતા હ
એટલે થોડાક જણજ દેવડીએ ગયા હતા. એટલે તહાસીલદારે ૬૦-૭૦ જણાને ૧૬
રૂપિયાનો દંડ કર્યો અને લોકોને ગુજરાનવાલામાં હાજર થવાનો હુકમ કર્યો. ગુજરાનવા
અમારા ગામથી ૧૩ માઇલ દૂર છે. ત્યાં નીમેલા દિવસે લોકો ગયા હતા. તેઓ બધ
હારબંધ ઉભા રાખવામાં આવ્યા હતા, અને તેઓમાંથી ૭ જુવાન માણસોને વી
કાઢવામાં આવ્યા હતા. બીજાઓને ગાળો આપવામાં આવી હતી અને માર મારવા
આવ્યો હતો. લોકોને વધારે રંગરૂટ લઈ આવવાનું કહેવામાં આવ્યું હતું.

થોડા દિવસ રહી ફત્તેહખાન ફરી પાછો અમારે ગામ આવ્યો હતો. તેઓ તે
પાસે હાજર થયા ન હતા. તેઓના ઢોરને ખેંચી લાવવામાં આવ્યાં હતાં અને તેએ
ખડ નાખ્યા વિના કે પાણી પાયા વિના સખ્ત તાપમાં બાંધી રાખવામાં આવ્યાં હતાં.

પછી તહાસીલદારે બે બુઢ્ઢા માણસો પાસે તેઓના દીકરાની માગણી કરી હત
તેઓએ આપવા ના પાડી એટલે તેઓ બંનેની દાઢી સાથે બાંધવામાં આવી, અ
પછી જમીનમાં ઠોકેલી ખીંટી સાથે બાંધવામાં આવી. આવી હાલતમાં તેઓને બપોર

૧૨ થી ૨ વાગ્યા સુધી રાખવામાં આવ્યા હતા. તે પછી તેઓના મ્હોં ઉપર મેશ ચોપડવામાં આવી, અને એક કોન્સ્ટેબલ સાથે તેઓને ઘેરે ઘેર મોકલી ભીખ મગાવી હતી.

આ બધાથી ત્રાસિત થઇને લોકોએ ૨૬ રંગરૂટ આપ્યા.

\+ + + + + +

૫૯૩

ભગતસિંહ ખારકસિંહની જુબાનીઃ ઉમર વર્ષ ૪૦; શાહુકાર, ગામ કાલોક.

લશ્કરમાં ભરતી કરવાની શરૂઆતમાં અમારા વિભાગના વડાએ, તહાસીલદારે અને નાયબ તહાસીલદારે મારી પાસે રંગરૂટ માગ્યા; મેં ૨૫૦ રૂપિયે બે રંગરૂટ ખરીદ કરી તેઓને આપ્યા. આ પછી રંગરૂટનો ભાવ વધવા લાગ્યો. રંગરૂટ ખરીદ કરવા અમારા ગામમાં એક ફાળો ઉઘરાવવામાં આવ્યો હતો. તેમાં ૧૨૦૦ રૂપિયા ભરાવ્યા હતા. આ રકમથી અમે ચાર રંગરૂટ ખરીદ કર્યા હતા.

રંગરૂટ મેળવવાનું કામ ચાલતું હતું તે વખતે અમને ઘણી હાડમારી સહન કરવી પડી હતી. બીજાઓને લશ્કરમાં ભરતી કરવા અમે પકડી ન લાવતા તો અમને પકડી જવાની ધમકી આપવામાં આવતી. લોકોને રંગરૂટ માટે અનેક રીતે હેરાન કરવામાં આવતા. તેઓને જમીન ઉપર સુવાડી જોડાથી મારવામાં આવતા, તેઓની દાઢી ખેંચવામાં આવતી, અને એક પાસે બીજાને તમાચા મરાવવામાં આવતા. ભૂંડા શબ્દોનો વર્ષાદ તો સુમાર વિનાનો વર્ષાવવામાં આવતો.

વૉર લોન ભરાવવામાં અને બીજા ફંડ માટે નાણા ઉઘરાવવામાં આવી નીતિ અખત્યાર કરવામાં આવી હતી. એકવાર મેં ચુહારખાનામાં રામરખ્ખા શાહુકારનું અપમાન થતું જોયું હતું. તેને સભામાંથી બહાર જઇ લોકોએ જ્યાં પગરખાં ઉતાર્યા હતાં ત્યાં બેસવા હુકમ કરવામાં આવ્યો હતો. લોકો ઉપર ક્રૂરતા વાપરવામાં આવતી. આથી લોકો ઘણા ડરી ગયા હતા. આ બધું જોઇ મેં લોનમાં ૧૫૫ રૂપિયા ભર્યા હતા.

માર્શીયલ લૉના દિવસોમાં મેજીસ્ટ્રેટે અમને નિર્દોષ લોકો સામે ખોટી સાક્ષી પૂરવા કહ્યું હતું; પરંતુ અમે તેમ કરવા ના પાડી, એટલે અમારે ગાળો સાંભળવી પડી. અમને પાક ઉતારવાની મનાઈ કરવામાં આવી; આથી કરી અમારો અર્ધો પાક તદ્દન ખરાબ થઈ ગયો.

ચુહારખાનામાં એક યુરોપિયન મેજીસ્ટ્રેટ સેંકડો માણસોને ગુન્હેગાર શોધી કાઢવા ખાતર ભેગા કરતો; પરંતુ આ કેવળ ઢોંગ હતો. તે લોકો દેખતાં મહાત્મા ગાંધીને ગાળો આપતો અને કહેતો કે એ તો 'ગંદી મખ્ખી' છે. વીસ વીસ પચ્ચીસ પચ્ચીસ જણને એક સાથે તપાસ કર્યા વિના તે સજા કરતો, અને તેની સામે લોકો કંઈ જ બોલી શકતા નહિ.

× × × × ×

૫૯૫

મુલરાજ રાલારામ ખત્રીની જુબાનીઃ ઉમર વર્ષ ૪૦; દુકાનદાર, કાલોક.

ગયે વર્ષે દીન મહમદ તહાસીલદાર અમારે ગામ આવ્યો અને મારી તથા બીજાઓ પાસે વોર લીગ માટે દશ દશ રૂપિયા માગ્યા. દશ રૂપિયા આપવાની મારી શક્તિ નથી એમ મેં જણાવ્યું એટલે તે બહુ નારાજ થયો અને મારા ઉપર ઇન્કમ ટેક્સ નાખવાની મને ધમકી આપી. મારૂં નામ ઠામ તે લખી ગયો અને થોડા દિવસ રહી મારી પાસે ઇન્કમ ટેક્સના ૨૫ રૂપિયા માગવામાં આવ્યા. વૈશાખ મહીનામાં મેં આ રકમ મનીઓર્ડરથી મોકલી આપી, પરંતુ બીજે મહીને મારાં ઢોર જપ્ત કરવામાં આવ્યાં અને મને કહેવામાં આવ્યું કે કરના રૂપિયા મેં મોડા ભર્યા એટલે દંડ તરીકે મારે બીજા ૨૫ રૂપિયા ભરવા પડશે. આ પ્રમાણે મારી પાસેથી બીજા ૨૦ રૂપિયા વસુલ કરવામાં આવ્યા. મારી આવકના પ્રમાણમાં કર બહુ વધારે વસુલ કરવામાં આવ્યો હતો.

૬૦૦

શરમસિંહ જમીયતસિંહ, જાટની જુબાનીઃ ઉમર વર્ષ ૩૫; લોગઢ ગામનો એક ભાગીદાર.

લશ્કરમાં ભરતી કરવા સારૂ અમારા ગામ ઉપર બહુ ત્રાસ વર્તાવવામાં આવ્યો હતો. મંગુ નામનો માણસ મારો દેવાદાર છે. પોલિસની શીખવણીથી તેણે મારી અને મારા ભત્રીજા ઉપર કેસ માંડયો. કોર્ટમાં તે હારી ગયો, પરંતુ મેજીસ્ટ્રેટે મારા ભત્રીજાના બે છોકરા લશ્કર માટે માગ્યા, અમે તેઓને ન મોકલીએ ત્યાં સુધી અમને છોડવાની ના કહી અને જેલમાં મોકલવાની પણ ધમકી આપી. અમારા ગામ પાસે અમુક માણસો લેવાનું ઠર્યું હતું અને ગામે તેટલા માણસો આપી દીધા ત્યારે અમને છૂટા કરવામાં આવ્યા.

એક વાર મેજીસ્ટ્રેટ અને પોલિસ સબ-ઇન્સ્પેકટર અમારા ગામમાં આવ્યા અને શેરા, સાધુ અને બીજા બે જણને પકડયા. બધા ગામડીયાઓના દેખતાં તેઓને સખ્ત માર મારવામાં આવ્યો, અને લશ્કરમાં જોડાવા માટે તેઓ પાસે પરાણે હા ભણાવી. ના કહેવા સારૂ જેલમાં પૂરવાની અને ક્રિમિનલ પ્રોસિજર કોડની ૧૧૦ મી કલમ પ્રમાણે જામીન લેવાની ધમકી આપવામાં આવી. આ ઉપરાંત એક દુકાનદારના તોલ લઇ આવવામાં આવ્યા અને તે તોલ તેઓએ ચોર્યા એવો ચોરીનો આરોપ તેઓ ઉપર મૂકવાની વાત કરવામાં આવી. આ લોકો ગભરાઇ ગયા, અને માર ન મારવા તથા ચોરીનો ખોટો આરોપ તેઓ ઉપર ન ચઢાવવા તેઓ અમલદારને વિનવવા લાગ્યા. જ્યારે તેઓ લશ્કરમાં જોડાવા કબુલ થયા ત્યારે તેઓને બાંધી લમ્બરદારને સોંપવામાં આવ્યા. તેઓમાંથી એકની વિધવા મા રડતી રડતી ઓફિસે તેઓની પાછળ ગઇ હતી. પહેલાં તેઓને ફતેહસિંહ તહાસીલદાર પાસે લઈ જવામાં આવ્યા. તહાસીલદારે આ વિધવા માતાને રડતી જોઈ લાત મારી કાઢી મૂકી, પરંતુ તેણે તો કલ્પાન્ત કરવો ચાલુ રાખ્યો અને આપઘાત કરવાની વાત પણ કરવા માંડી એટલે એક અમલદારે તેના છોકરાને જતો કર્યો.

બીજીવાર મેજીસ્ટ્રેટ અને પોલિસ સબ-ઇન્સ્પેકટર અમારે ગામ આવ્યા ત્યારે

લોકોને ગામ બહાર જવાની તેઓએ મનાઈ કરી, અને બધા ગામડીઆઓને ભેગા કર્યા. તેઓએ દરેક જણે અમુક રકમ આપવી એમ ઠરાવ્યું. કોઇને ૧૦૦ રૂપિયા આપવાનું કહેવામાં આવ્યું હોય અને તે ૨૦ જ રૂપિયા આપવા કહેતો તો તેની દાઢી ખેંચવામાં આવતી. આ કારણસર ઘણાઓની દાઢી ખેંચવામાં આવી હતી.

લોકોનાં ધાતુનાં વાસણો વેચી નાખવાની ધમકી આપવામાં આવી હતી. આથી સ્ત્રીઓએ વાસણો જમીનમાં દાટી દીધાં હતાં.

લમ્બરદારોને પણ બહુ સતાવવામાં આવતા. તેઓને ઓફિસર પાછળ જગે જગે ફરવું પડતું. ઘણીવાર તો તેઓને ખાવા જવાની પણ રજા ન મળતી. ગરીબ લોકોને પોતાના વાસણ વિગેરે વેચી ફાળામાં નાણાં ભરવાં પડતાં.

ભરતી કરવાનું કામ ચાલું રહ્યું ત્યાં સુધી લોકો નીરાંત વાળી રહી નહોતા શકતા. પકડાઈ જવાનો ડર તેઓને સતત્ રહેતો. રાત્રે તેઓ ઘેર ન રહેતા; શેરડીના ખેતરોમાં લપાઇ રહેતા. અહીંથી પણ બહુ ક્રૂર રીતે તેઓને ખેંચી કાઢવામાં આવતા.

નોંધઃ—આવા પ્રકારની જુબાની લોગઢના બીજા ચાર ભાગીદારોએ પણ આપી છે.

૬૦૨.

પંજાબસિંહ બેધલસિંહની જુબાનીઃ ઉમર વર્ષ ૬૫ઃ લમ્બરદારઃ ગામ ગંગ.

લશ્કરમાં જોડાવા અમારા ઉપર દબાણ કરવામાં આવ્યું હતું. તહાસીલદારે રંગરૂટ લઇ આવવા મને હુકમ કર્યો હતો, અને હું ગમે તે રીતે લઇ આવું તેની તેને પરવા ન હતી. મારી પાસે માગવામાં આવેલા રંગરૂટ ન મેળવવા સારૂ મારી પાસેથી લમ્બરદારી લઈ લેવાની ધમકી મને મળી હતી, એટલે અમે ફાળો ઉઘરાવ્યો અને રંગરૂટો ખરીદ કર્યા. ગરીબ લોકોને આ સારૂ પોતાનું રાચરચીલું વેચવું પડયું હતું. આ પછી મેજીસ્ટ્રેટના કહેવાથી જેઓ લશ્કર માટે લાયક હતા તેઓ ઉપર સિવિલ પ્રોસિજરકોડની ૧૧૦ મી કલમ પ્રમાણે મેં ફરિયાદી માંડી. આથી કરી બાપડા ઘણાઓને બે મહીના સુધી જેલમાં સડવું પડયું હતું. છેવટે તેઓ તદ્દન નિર્દોષ હોવાથી તેઓને છુટા કરવામાં આવ્યા હતા.

મને તથા મારા ગામના લોકોને મેજીસ્ટ્રેટ આગળ દૂર દૂર જગ્યાએ વખતો વખત હાજર થવું પડતું, અને ત્યાં અમને હેરાન કરવામાં આવતા; કદી ન અનુભવેલી એવી હાડમારી અને નામોશી અમારે વેઠવી પડી હતી. લમ્બરદારોને પણ તડકે બેસાડી રાખવામાં આવતા અને માર મારવામાં આવતો. મને પોતાને ફતેહખાન નાયબ તહાસીલદારે ઘણા લોકો જુએ તેમ લાકડીથી ચાર ફટકા માર્યા હતા. મારી પાસેથી ત્રણવાર પૈસા લેવામાં આવ્યા હતા. તેની પહોંચ મને નહોતી આપવામાં આવી, અને તે શા સારૂ લેવાયા એની જાણ પણ મને નહોતી કરવામાં આવી.

મારા ગામના લોકોને મચીકા સ્ટેશને ચાર પાંચ દિવસ સુધી હાજર રહેવા હુકમ થયો હતો. ત્યાં તેઓને આખો દિવસ સખ્ત તાપમાં બેસાડવામાં આવ્યા હતા, અને રાત્રે નકરી જમીન ઉપર સુવું પડયું હતું. ઘણાઓને તો ખાવા વિના ચલાવવું પડયું હતું.

આથી કરી લોકો માંદા પડયા, અને એક જણુ તો ત્યાંને ત્યાં મરણ પામ્યો. અમે આવી રીતે બંધનમાં હોવાથી અમારાં ઢોર પણુ રખડતાં રહ્યાં; તેઓને ચારો નાખે એવું કોઈ ગામમાં ન હતું.

લશ્કરમાં ભરતી કરવી ચાલુ હતી તે વારે અમલદારોના આવવાની ખબર થતાં લોકો ઘર છોડી નાસી જતા, એટલે પોલિસ રાત્રે ઓચિંતો ગામ ઉપર દરોરો પાડવા લાગતા. પણ એથી કરી લોકોએ રાત્રે ઘેર સૂવું જ છોડી દીધું. તેઓ કાં તો ખેતરમાં જ પડયા રહેતા અને કાંતો શેરડીના પાકમાં સંતાઈ જતા.

૬૦૩.

શાહમહમદ, જાટની જુબાનીઃ ઉમર વર્ષ ૨૮; ગંગ ગામનો એક ભાગીદાર.

સંવત ૧૯૭૪ ના ચૈત્ર માસમાં પોલિસ ઈન્સ્પેકટર મારા ભાઇ મેહરને પકડી ગયો; પરંતુ ૫૦૦ રૂપિયાના જામીન આપી હું તેને છોડાવી આવ્યો, પણુ મેજીસ્ટ્રેટે તો તેને હવાલાતમાં જ મૂકયો; મારા ભાઇને લશ્કરમાં જોડાવાનું અથવા તેમ ન કરતાં એક રંગરૂટ આપવાનું કહેવામાં આવ્યું હતું એટલે મેં ૧૦૦ રૂપિયા ખર્ચી એક રંગરૂટ મેળવ્યો, અને મેજીસ્ટ્રેટને તેની ખાતરી કરી આપી એટલે તેણે મારા ભાઇને છોડી દીધો.

માર્શીયલ લૉના દિવસમાં અમારા ગામના બધા માણસોને મચિકા સ્ટેશને હાજર થવાનો હુકમ થયો હતો. તેઓને ત્યાં કંઈ ખાધા પીધા વિના ચાર દિવસ કાઢવા પડયા હતા. આથી ઘણાઓને કોલેરા લાગૂ પડયો હતો એટલે પછી અમને ઘેર જવાની રજા મળી હતી. અમારી પેઠે અમારાં ઢોર પણુ આ ચાર દિવસ ચારો ન મળવાથી મરણુતોલ થઈ ગયાં હતાં.

૬૦૪

લાલા કરમસિંહ લખામલની જુબાનીઃ ઉમર વર્ષ ૩૫; ગામ ગંગ.

બે વર્ષ ઉપર મારી પાસે રંગરૂટ માગવામાં આવ્યા હતા; પરંતુ મારાથી તેમ ન બન્યું એટલે મારા ઉપર ૨૦ રૂપિયાનો ઈન્કમટેક્સ નાખવામાં આવ્યો. આથી હું ગભરાયો અને ૧૦૦ રૂપિયા ભેગા કરી મેં એક રંગરૂટ મેળવ્યો, એટલે તહાસીલદારે મને વોર લોનમાં ૨૦૦ રૂપિયા ભરવાનું કહ્યું, અને મારી પાસેથી તે બાબત પરાણે સહી લઈ ગયો. મારાથી આ રકમ ન ભરાઈ એટલે ઈન્કમટેક્સ વધારી ૩૭ રૂપિયા ૮ આનાનો કરવામાં આવ્યો. મેં આ સામે અરજ કરી પણુ તે રદ કરવામાં આવી. અત્યારે મારી પાસેથી ૫૨ રૂપિયા ૮ આના ઇન્કમટેક્સ તરીકે લેવામાં આવે છે. મારી કોઈ એવી આવક નથી કે જેને આ કર લાગૂ પાડે.

+ × × × +

૬૦૯

વસવાસિંહ પંજાબસિંહની જુબાનીઃ ઉમર વર્ષ ૫૦; ગામ ચમ્બાર.

હું મારા ગામનો લમ્બરદાર છું. મારા ગામ પાસે ત્રણુ રંગરૂટની માગણી કરવામાં આવી હતી. આ સારૂ અમે એક ફાળો ઉઘરાવ્યો અને ૪૪૦ રૂપિયા ખર્ચી ત્રણુ રંગરૂટ

મેળવ્યા પરંતુ આટલી રકમ કાઢવા સારૂ લોકોને પોતાની જણસો ગીરે મૂકવી પડી હતી અને વેચવી પડી હતી.

લશ્કરમાં જોડાવા લાયક એવા માણસો સામે સિવિલ પ્રોસિજર કોડની ૧૧૦ મી કલમ પ્રમાણે ફરિયાદી માંડવા મને મેજીસ્ટ્રેટે હુકમ કર્યો હતો; અને તે પ્રમાણે મેં કર્યું હતું. આથી બહાલસિંહ અને સરજરાસિંહને હવાલાતમાં રહેવું પડયું હતું. અમારા ગામે ત્રણ રંગરૂટ આપ્યા એટલે તેઓ છૂટા થયા.

પોલિસ ઘણીવાર રાતના ઓચિતા ગામમાં માણસો પકડવા આવી ચઢતા. આવી રીતે તેણે બે જણને પકડયા હતા.

માર્શીયલ લૉના દિવસમાં ૧૨ વર્ષથી મ્હોટી ઉમરના બધા માણસોને મચિકા સ્ટેશને બોલાવવામાં આવ્યા હતા અને ત્યાંજ રાખવામાં આવ્યા હતા. લોકો કોલેરાથી મરવા લાગ્યા ત્યારેજ તેઓને ઘેર જવાની રજા મળી. ખોટી સાક્ષી આપવા અમને અહીં બહુ દબાવવામાં આવ્યા હતા, પરંતુ અમે ખોટું બોલવા નાજ પાડી હતી.

× × × × ×

નવાં પિંડ. (ચક નં. ૭૮)

૬૧૧

ખુશાલસિંહ રાજાસિંહની જુબાનીઃ નવાં પિંડ.

ધાબનસિંહ રેલ્વે સ્ટેશનને આગ લાગ્યા પછી બીજે દિવસે નવાં પિંડ અને આસપાસના ગામના લોકો જીલ્લા બોર્ડમાં એક સભાસદ મોકલવા પોતાનો મત આપવા ભેગા થયા હતા. આ વખતે તહાસીલદાર હાજર હતો. અમે સ્ટેશને ગયા ત્યારે ટીકીટ ઓફીસ સળગતી હતી. અમે અમારો મત નોંધાવી અમારે ગામ જતા રહ્યા હતા.

ત્રણ દિવસ રહી હું સ્ટેશને ગયો હતો ત્યારે પોલિસ સબઈન્સ્પેકટર પોર્ટરોને સ્ટેશનને આગ લગાડનારાનાં નામ આપવા સમજાવી રહ્યો હતો. આગ રાત્રે લાગી હતી અને લોકોની ભીડ ઘણી હતી, એટલે ગુન્હેગારને ઓળખી કાઢવાનું મુશ્કેલ હતું. છતાં તેણે પોર્ટરોને પૈસાની લાલચ આપી અને આસપાસના ગામના માણસોને ભેગા કરવામાં આવે તેમાંથી ગમે તેને શોધી કાઢવા જણાવ્યું. આ પછી ચાર દિવસ રહી સ્ત્રીઓ અને બાળકો સિવાય ગામના બધા લોકોને ભેગા કરવામાં આવ્યા. મિ. બોઝવર્થ સ્મિથ પણ આ વખતે હાજર થયો હતો, તે આવ્યો એટલે બધા જણને હારબંધ ઉભા રાખવામાં આવ્યા, અને હારબંધ ઉભેલા લોકોમાંથી સ્ટેશનને આગ લગાડનારાઓને શોધી કાઢવા સાહેબે પોર્ટરોને હુકમ કર્યો. પોર્ટરોએ જેઓને બતાવ્યા તેઓને જૂદા કરવામાં આવ્યા અને તેઓના હાથ પગ બાંધવામાં આવ્યા.

પોર્ટરોએ લોકોને વીણી કાઢવાનું કામ આ પ્રમાણે કર્યું હતુંઃ—

લમ્બરદાર, ઝાઈલદાર અને પોલિસ સબ-ઇન્સ્પેકટરની સાથે રહી દરેક પોર્ટરે જૂદા જૂદા માણસોને વીણી કાઢયા હતા. આ પ્રમાણે ૨૮-૨૯ માણસો પકડાયા હતા.

આગ લાગી તે દિવસે હું ઘેર હતો એમ ભગવાનસિંહ નામનો માણસ બોલ્યો, એટલે સાહેબે તેને ઝાડ સાથે બાંધી ૧૨ ફટકા મારવાનો હુકમ કર્યો. આ પછી પોટરોએ જેઓને વીણી કાઢયા હતા તેઓને સ્ટેશને લઈ જવામાં આવ્યા. પટવારીએ લોકોની હાજરી પૂરી ત્યારે ઈશરસિંહ હાજર ન હતો. સાહેબે તરત પૂછ્યું કે તેનો કોઈ સગો અહીં છે કે નહિ? એટલે પટવારીએ મને બતાવીને કહ્યું કે તેનો બનેવી છે. સાહેબે મને કેદ કરવા હુકમ કર્યો. અમને બધાને સરાઈએ એક ઓરડામાં પૂરવામાં આવ્યા; અને બ્હાર પહેરો બેસાડવામાં આવ્યો. ત્યાં અમે બે દિવસ ખાધા પીધા વિના કાઢયા. અમારા સગાઓ અમને ખાવાનું આપવા આવતા, પરંતુ તેઓને કાઢી મુકવામાં આવતા. અમને પછી ચુહારખાના અને લાહોર લઈ જવામાં આવ્યા. લાહોરમાં અમે ૮ દિવસ રહ્યા. નવમે દિવસે અમે ન્હેર ઉપરના બંગલે પહોંચ્યા. તે દિવસે ઈશરસિંહ પણ આવ્યો હતો. તેને પોલિસના સાક્ષી થવા કહેવામાં આવ્યું હતું. તેજાસિંહ તેમ થવા કબુલ થયો હતો.

સોની સાધુસિંહ, જવાલાસિંહ અને બંટાસિંહ કેદ થયા હતા, પરંતુ તેઓએ પોલિસના સાક્ષી થવા કબૂલાત આપી એટલે તેઓને છૂટા કરવામાં આવ્યા અને ઇશરસિંહ પોલિસનો સાક્ષી થયો કે તરતજ મને છોડવામાં આવ્યો. અમારા ગામના સ્ત્રી અને

પુરૂષ બધાને તહાસીલદાર આગળ બેસાડવામાં આવ્યા હતા. જેને પકડવામાં આવ્યા હતા તેઓને ત્યાં લઇ આવવામાં આવ્યા અને સજા કરવામાં આવી હતી. કોઇની જુબાની લેવામાં આવી ન હતી. જો કોઇ કંઇ બોલતું તો તેને માર મારવામાં આવતો.

વોર ફંડ માટે તાસીલદારે મને ૩૯ રૂપિયા આપવા ફરજ પાડી હતી. તે લોકોને ભેગા કરતો, અને જેઓ વોર ફંડમાં નાણાં ભરતા તેને જવા દેતો. મારે ૨૦૦ રૂપિયા ખર્ચી એક રંગરૂટ પણ આપવો પડયો હતો.

૬૧૨

બિશનસિંહ કેસરસિંહની જુબાની: ઉમર વર્ષ ૩૫; નવાં પિંડ.

ધાબાનસિંહ સ્ટેશનને આગ લાગ્યા પછી ત્રણ ચાર દિવસ રહી પોલિસ સબ–ઇન્સ્પેકટરે લમ્બરદારો અને ઝાઇલદારોને કેદ કર્યા. ખરા ગુન્હેગારોનાં નામ સબ–ઇન્સ્પેકટર તેઓ પાસેથી કઢાવવા માગતો હતો. થોડા દિવસ રહી તહાસીલદાર અમારે ગામ આવ્યો અને બીજે દિવસે અમને બધાને સાહેબ આગળ હાજર થવાનો હુકમ કરી ગયો. ગેરહાજર રહેવા સારૂ અમારા ખેતર જપ્ત કરવાની અને અમારી મિલ્કતનું લિલાઉ કરવાની તેણે અમને ધમકી આપી હતી. આ હુકમ પ્રમાણે અમે સાહેબ આગળ હાજર થયા હતા. ત્યાં આઠ જણાનાં નામ પોલિસ સબ–ઇન્સ્પેકટરે લીધાં અને તેઓને ગુન્હેગાર તરીકે કેદ કરવામાં આવ્યા. અત્યારે તેઓ જેલમાં છે. તેઓને જૂદા પાડયા પછી ઝાઇલદાર અને લમ્બરદારના કહેવાથી એક રેલ્વે કારકુને ઉપર જણાવેલા આઠમાંથી ચારને ગુન્હેગાર તરીકે જણાવ્યા. પરંતુ તેઓ ખરેખરા ગુન્હેગાર છે કે નહિ તેની ખાતરી કારકુનને ન હતી. છતાં લમ્બરદાર અને ઝાઇલદારે તેને કહ્યું હતું કે તેઓનાં નામ ટીપમાં છે એટલે તેઓનાં નામ આપવામાં હરકત નથી. આવી રીતે પોર્ટરોએ પણ ગુન્હેગારોને ઓળખી કાઢયા હતા.

તહાસીલદારની પજવણીમાંથી છુટવા મેં વોરફંડમાં ૩૬ રૂપિયા ભર્યા હતા. મેં ૧૦૦ રૂપિયા ખર્ચી એક રંગરૂટ પણ આપ્યો હતો.

* * * * *

૬૧૪

સુરૈનસિંહ સુંદરસિંહની જુબાની: ઉમર વર્ષ ૨૮, નવાંપિંડ.

૨૬ મી એપ્રિલે મિ. બોઝવર્થ સ્મિથે આખા ગામના માણસો ભેગા કર્યા હતા. તે વખતે મંગલસિંહ જીવનસિંહ કયાં છે એ વિષે તેણે મને પૂછયું, મેં કહ્યું કે તે અહીં નથી; પરંતુ જવાલાસિંહ જેવા માણસોએ જણાવ્યું કે તે તોફાન કરવામાં હતો. આ સાંભળી મિ. બોઝવર્થ સ્મિથે મને તરતજ ત્રણ મહીનાની જેલની સજા કરી અને મને ચુહારખાના અને પછી લાહોર મોકલી આપવામાં આવ્યો. ૫ મી કે ૬ ઠી મેએ ખાલસા કોલેજના પ્રિન્સિપાલના પત્ર ઉપરથી ખબર પડી કે તોફાન થયું તે દિવસે મંગલસિંહ અમૃતસર હતો એટલે મને છોડી મૂકવામાં આવ્યો. મને આ રીતે વિના કારણ સજા કરવામાં આવી હતી. હું નિર્દોષ હોવા છતાં મારી પાસેથી લમ્બરદારી લઇ લેવામાં આવી છે.

૬૧૫

સોહનસિંહ સુંદરસિંહની જુબાની: નર્વાપિંડ.

ગયા એપ્રિલ માસમાં ડેપ્યુટી કમિશનર અમારે ગામ આવ્યો હતો. તેણે મને પૂછ્યું કે મંગલસિંહ તોફાનના દિવસોમાં ગામમાં હતો કે નહિ ? જવાબમાં મેં જણાવ્યું કે તે વખતે તે અમૃતસર હતો; પરંતુ સોહનસિંહ, જવાલાસિંહ અને બીજાઓએ મારાથી વિરૂદ્ધ વાત કરી, એટલે સાહેબ મારા ઉપર ગુસ્સે થયો અને મને ત્રણ માસની જેલની સજા કરી. પણ ૫ મી મેએ મને છોડી મૂકવામાં આવ્યો હતો. ચાર દિવસ રહી મારી પાસેથી લમ્બરદારી ઝૂંટવી લેવામાં આવી હતી.

૬૧૬

ખુશાલની વહુ નંદીની જુબાની: નર્વાપિંડ.

માર્શીયલ લૉના અમલમાં મારા છોકરાને અને જમાઇને જેલની સજા કરવામાં આવી હતી. તેઓના બચાવમાં કોઈ સાક્ષીને બોલવવામાં આવ્યા ન હતા. જેઓ સામે સ્ટેશનના કુલીઓએ સાક્ષી આપી હતી તેઓ બધાને સજા કરવામાં આવી હતી. આરોપિતની જુબાની પણ લખી લેવામાં આવી ન હતી. આ પદ્ધતિ સામે એક જણે વાંધો ઉઠાવ્યો એટલે તેને શીશમના ઝાડ સાથે બાંધી સખ્ત ફટકાવવામાં આવ્યો હતો.

કોઈ પોલિસના સાક્ષી થવા ના પાડતું તો તેને મશીનગનના મ્હોં આગળ રાખવામાં આવતો અને ગન ફોડી તરતજ મારી નાખવાની ધમકી આપવામાં આવતી.

અમારા ગામમાંથી વોર લોન લોકો પાસેથી પરાણે ભરાવવામાં આવી હતી. અમલદારો ગામમાં આવતા, અને કોઇ પૈસા ભરવા આનાકાની કરતું તો તેને જોડાથી મારવામાં આવતો.

એકવાર સાહેબે અને તાસીલદારે અમારા ગામને ઘેરો ઘાલ્યો હતો. પછી તેણે બધા લોકોને ભેગા કરી એક હારમાં ઉભા રાખ્યા, અને જુવાન માણસોને ચૂંટી કાઢી પકડી લીધા. સાહેબે અમારા ગામને દશ હજાર રૂપિયાનો દંડ કર્યો છે, અને તે મ્હેસુલ સાથે વસૂલ કરવામાં આવે છે.

*　　*　　*　　*

૬૧૮

હિરાસિંહ મૂલસિંહની જુબાની: ઉમર વર્ષ ૫૦; નર્વાપિંડ.

વૈશાખ મહીનામાં પોલિસ ચોકીના અને પોલિસના બીજા થાણાના ખર્ચ માટે ૧૦૮ રૂપિયા મારી પાસેથી લેવામાં આવ્યા હતા. લોકો વતી મેં આ રકમ ભરી હતી.

તેવી જ રીતે જેઠ માસમાં લમ્બરદારના હુકમથી મેં ૨૧ રૂપિયા ૧૦ આના દુકાનદારોને ચૂકવ્યા હતા.

આ ઉપરાંત ૬ રૂપયા ૨ આનાનું સીધું મેં પોલિસને આપ્યું હતું. આ ત્રણ રકમમાંથી લોકોએ ઉઘરાણું કરી ૧૦૮ રૂપિયા મારે ત્યાં ભરી દીધા છે. બીજી બે રકમ હજી ભરવી બાકી છે.

ગામના લોક પાસેથી લાગટ ઘણા દહાડા સુધી ૧૦ શેર દુધ, અને પછી ૨ શેર લેવામાં આવ્યું હતું. આ ઉપરાંત એક ગાડું ભરી લાકડાં લોકોએ આપ્યાં હતાં. આ બધાની કિંમત પોલિસે કે અમલદારોએ લોકોને આપી નથી.

૬૧૯

કિશનચંદ ગણેશદાસની જુબાની: ઉમર વર્ષ ૫૨; નવાંપિંડ.

લમ્બરદારના હુકમથી અમલદારોને અને ચોકીદારોને મેં ૪૦૦ રૂપિયાનું સીધું પૂરૂં પાડયું હતું. ગામવતી થતા ખર્ચનો હિસાબ હું રાખતો હોવાથી આ રકમ પણ મેં તેમાં ઉધારી હતી. આ સિવાય ૬૨ રૂપિયાની ચાદર તેઓને આપવામાં આવી હતી. આ રકમ વસુલ કરવા મેં તથા લમ્બરદારે મિ. પેનીને અને પોલિસ સુપરિન્ટેન્ડંટને લખાણ કર્યું, પણ અમને તેનો જવાબ હજી સુધી મળ્યો નથી.

લોકો પાસેથી ૨૧ મણ દુધ અને બકરાંઓ પણ લેવામાં આવ્યાં હતાં.

૬૨૦

કહાનસિંહની વહુ જવાલીની જુબાની: ઉમર વર્ષ ૫૦; નવાંપિંડ.

ધાબાનસિંહ રેલ્વે સ્ટેશને અમારા ગામના બધા માણસોને ચાર દિવસ સુધી બેસાડી રાખવામાં આવ્યા હતા. તેઓને ઘેર જમવા જવાની રજા પણ આપવામાં નહોતી આવી એટલે તેઓના કુટુંબની સ્ત્રીઓ ખાવાનું સ્ટેશને લઈ જવા લાગી. હું પણ ત્યાં ખાવાનું લઈ જતી પરંતુ તેઓની આસપાસ ઉભેલા પોલિસના માણસોને અમે કંઇ ન આપતા તો અમારા સગાઓને ખાવાનું આપવા અમને તેઓ રજા ન આપતા. દરેક માણસ દીઠ મારે દરરોજ એક એક રૂપિયો આપવો પડયો હતો. બીજી સ્ત્રીઓને પણ તેમજ કરવું પડયું હતું.

આ પછી મારા ૭૦ વર્ષના વરને પકડી ચુહારખાના લઈ જવામાં આવ્યો હતો. ત્યાં તેને ત્રણ દિવસ રાખવામાં આવ્યો હતો.

૬૨૧

નંદસિંહ ફત્તેહસિંહની જુબાની: ઉમર વર્ષ ૨૫; નવાંપિંડ.

મારા ગામના બીજા લોકો સાથે મને પણ ચાર દિવસ સુધી ધાબાનસિંહ સ્ટેશન ઉપર રોકી રાખવામાં આવ્યો હતો. અમારા માટે ખાવાનું નવાંપિંડથી સ્ત્રીઓ લઈ આવતી. મને ચાર દિવસ ખાવાનું આપવા સારૂ મારા સગાઓને પોલિસને ચાર રૂપિયા આપવા પડયા હતા.

૧૦ વર્ષથી મ્હોટી ઉમરના ગામના બધા માણસોને ભેગા કરવામાં આવ્યા હતા. સવારથી સાંજ સુધી તેઓને હારબંધ તડકામાં બેસાડવામાં આવ્યા હતા. આ વખતે મિ. બોઝવર્થ સ્મિથ હાજર હતો. મારા ભાઈ ભગવાનસિંહે હાથ જોડી કહ્યું કે 'હું નિર્દોષ છું અને મેં કંઇ ગુન્હો કર્યો નથી, એટલે મિ. સ્મિથ ગુસ્સે થઇ ગયો અને તેને મારવા લાગ્યો. તેણે ચોકીદાર પાસે એક દોરડું મગાવ્યું અને તેનાથી ભગવાનસિંહને ઝાડ સાથે બંધાવ્યો. મિ. સ્મિથ તેની પાસે ઉભો રહ્યો અને કહેવા લાગ્યો કે તે મરી જાય તેની મને પરવા નથી. ભગવાનસિંહ બેભાન થઇ પડયો; તેને પાણી પાવામાં આવ્યું એટલે તે શુદ્ધિમાં આવ્યો. ત્યારપછી સબ-ઇન્સ્પેક્ટર તેને પોતાની સાથે લઇ ગયો અને કેદ કર્યો.

અમારી આસપાસ સોલજરો રાઈફલ લઈ ઉભા હતા અને મિ. બોઝવર્થ સ્મિથે અમને જણાવી દીધું હતું કે કોઈ બોલશે તો તેના હાલ ભગવાનસિંહ જેવા થશે.

૬૨૨

બુટાસિંહ જ્વાલાસિંહની જુબાનીઃ નવાંપિંડ.

લડાઇ દરમ્યાન અમારા ગામના દરેક મુરબ્બામાંથી રંગરૂટ લેવામાં આવ્યા હતા. એક રંગરૂટ મેળવવા ખાતર અમારે ૨૦૦ રૂપિયા ખરચવા પડતા. અમારા ગામમાંથી જેલમાં પૂરવાની ધમકી આપી લોકો પાસેથી વોર લોન માટે નાણાં કાઢવામાં આવ્યાં હતાં.

અમારા ગામને દશ હજાર રૂપિયાનો દંડ કરવામાં આવ્યો છે. તેનો ત્રીજો ભાગ મ્હેસુલ સાથે વસુલ પણ કરી લેવાયો છે.

એક દિવસ નાયબ તહાસીલદાર ચક સેસિયાં ગયો હતો. ત્યાં તેણે એક બુઢ્ઢા પાસે તેના બે છોકરા લશ્કર માટે માગ્યા, અને તે માટે તેને એટલો બધો માર નાયબે માર્યો કે તે બેભાન થઇ પડયો. લોકોને આની ખબર થતાં ત્યાં દોડી આવ્યા. લોકોને આવતા જોઇ નાયબ નાસી ગયો.

જેઓ રંગરૂટ પૂરા ન પાડતા તેઓને સુવાડી જોડાથી મારવામાં આવતા.

× × × ×

૬૨૪

હરિસિંહ જંડાસિંહની જુબાની; નવાંપિંડ.

લડાઇના વખતમાં મને રંગરૂટો આપવાની ફરજ પડી હતી. અમને બધા ગામડીયાઓને આખો દિવસ તડકામાં એક બીજાની દાઢી પકડી ઉભા રાખવામાં આવતા. અમારી પાસે ઉઠબેસ કરાવવામાં આવતી. મેં ૫૦ રૂપિયા ખર્ચી એક રંગરૂટ મેળવ્યો હતો. દરેક મુરબ્બામાંથી મહામુશ્કેલીએ અમે વોર લોનમાં ૪૦ રૂપિયા ભર્યા હતા. વોર લોનમાં નાણા ન ભરવા માટે અમને પાક ઉતારવાની મનાઇ કરવાની ધમકી આપવામાં આવી હતી. અમારે ઓડવાયર ફંડમાં પરાણે પાંચ રૂપિઆ ભરવા પડયા હતા.

અમારા વિભાગના વડાએ ખાનગા ડોગ્રન તહાસીલમાંથી એક લાખ રૂપિયા ભેગા કરવા ધાર્યું હતું. એક વાર ડેપ્યુટી કમિશનર ચુહારખાના ગયો હતો અને ત્યાંથી તેણે દરેક જણ પાસેથી પાંચ રૂપિઆ કઢાવ્યા હતા.

માર્શીયલ લૉના દિવસોમાં માણસોને હારબંધ ઉભા રાખવામાં આવતા; અને કુલીઓ જેના તરફ આંગળી કરતા તેઓને પકડવામાં આવતા. કોઇની જુબાની લેવામાં આવતી નહિ.

× × × ×

ગુજરાત.

૬૨૬

મિ. હરગોપાલ બેરિસ્ટરની જુબાનીઃ ઉમર વષ ૩૪, ગુજરાત.

હું આઠ વર્ષ થયાં વકીલાત કરૂં છું અને પાંચ વર્ષ થયાં મ્યુનિસિપલ કમિશનર છું. લડાઇ દરમ્યાન મેં મારા એક પાસેના સગાને ડિફેન્સ ફોર્સમાં મોકલ્યો હતો; અને મેં વોર લોન વિગેરે માટે નાણું ઉઘરાવવામાં સારો ભાગ લીધો હતો. મારા કામ સારૂ મને સનદ આપવામાં આવી છે.

૫ મી એપ્રિલે લાલા રામચંદ ટંડને લોકો સમક્ષ “ રાજભક્તિ ” ઉપર ભાષણ કર્યું હતું. આને પરિણામે ૬ઠી એપ્રિલે ગુજરાતમાં હડતાલ થઇ ન હતી.

તોફાનને લઇ લાહોરમાં બધી કૉલેજો બંધ થઇ જવાથી ગુજરાતના કેટલાક વિદ્યાર્થીઓ ૧૩ મી એપ્રિલે રાત્રે ૧૧ વાગે ગુજરાત આવ્યા. તેઓની સાથે “ વૈશાખી યાત્રા ”માં વઝીરાબાદ ગયેલા કેટલાક યાત્રાળુઓ પણ ગુજરાત આવ્યા. તેઓ બધા સ્ટેશનથી શહેરમાં સાથે દાખલ થયા અને રસ્તે “ રોલેટ બિલ નામંજુર ” અને “ મહાત્મા ગાંધીકી જય ” ના પોકાર કરતા હતા.

વિદ્યાર્થીઓ પાસેથી નવીન સમાચાર સાંભળી લોકોએ ૧૪ મી તારીખે દુકાનો બંધ રાખી, અને બીજે દિવસે પણ ઉઘાડી નહિ. આ હડતાલમાં કોઇ જવાબદાર શહેરીનો હાથ ન હતો. શહેરમાં બંદોબસ્ત જાળવવા ડેપ્યુટી કમિશનરે વિભાગવાર કેટલાકની નીમણુંક કરી હતી. મને મારો વિભાગ સંભાળવા મળ્યો હતો. ૧૫ મી તારીખે મેં તથા અમલદારોએ દુકાનો ખોલાવવા પ્રયત્ન કર્યો, પરંતુ અમે ન ફાવ્યા. એટલે લોકો શહેરમાં ટોળાબંધ ન ફરે અને તોફાન ન કરે એ વિષે શું બંદોબસ્ત કરવો :એનો વિચાર ડેપ્યુટી કમિશનર સાથે કરવા અમે તેને બંગલે ગયા. હું ત્યાં હતો તેટલામાં કેટલાક જણે મિશન હાઇસ્કુલ બંધ કરાવવા પ્રયત્ન કર્યો. પરંતુ હેડ માસ્તરે તેમ કરવા ના પાડી, એટલે તેઓએ સ્કુલની બારીઓ અને કાચ ફોડયા. લોકોનું ટોળું શહેરમાં પણ ફરતું હતું; તેઓએ રસ્તાના ફાનસો ભાંગી નાખ્યા હતા. બધું તોફાન પોલિસ જોઇ રહી હતી, પરંતુ તેણે લોકોને વારવા પ્રયત્ન કર્યો હતો નહિ. આવી રીતે તોફાન કરતાં ટોળું સ્ટેશને પહોંચ્યું અને ત્યાં કેટલાક બારણાના કાચ ફોડી નાખવામાં આવ્યા. આ જોઈ પોલિસે લોકો ઉપર ગોળી ચલાવી, અને કેટલાક છોકરાઓને તરત પકડયા.

૨૦ મી એપ્રિલે મને તથા લાલા તારાચંદને પકડવામાં આવ્યા. અમારી ઉપર સબોર્ડિનેટ જડજ શાહાજાદા અસદજાન અને ડેપ્યુટી પોલિસ સુપરિન્ટેન્ડંટ, અને તેઓના પક્ષની રહેમ નજર ન હોવાથી અમને પકડવામાં આવ્યા હતા એમ હું માનું છું.

ગુજરાતમાં માર્શીયલ લૉની જરૂર નથી એવો મત ડેપ્યુટી કમિશનર મિ. વિલિયમે આપેલો છતાં ૧૯ મી એપ્રિલે ગુજરાત જીલ્લાને પણ માર્શીયલ લૉ લાગુ પાડવામાં આવ્યો હતો; માર્શીયલ લૉ ચલાવવાનો હુકમ આવ્યો ત્યારે પણ મિ. વિલિયમે પૂછાવ્યું કે તે

હુકમ પંજાબના ગુજરાત માટે છે કે મુંબઈના ગુજરાત માટે છે.

૩૦ મી એપ્રિલે મને લાહોર લઇ જવામાં આવ્યો અને ૨જી મેએ મારા ઉપર કેસ ચાલ્યો. ફરિયાદી પક્ષમાં શેખ અઝમત ઉલ્લા, શહાજાદા અસદજાન, અને ડેપ્યુટી પોલિસ સુપરિન્ટેન્ડંટે જાણી જોઇને મારી સામે ખોટી જુબાની આપી હતી; અને ચુકાદો આપતાં ન્યાયાધીશોએ પ્રણ એવી ટીકા કરી હતી કે મારી સામેની જુબાની જોડી કાઢેલી છે અને અમલદારોએ પણ જાણી બુજીને ખોટી સાક્ષી પૂરી છે, પરંતુ મને નિર્દોષ ઠરાવી છોડી મુકયો હતો.

છુટો થયા પછી જે અમલદારોએ અને બીજાઓએ જાણી જોઇ ખોટી સાક્ષી આપી હતી તેઓ ઉપર ફરિયાદી માંડવા મેં પંજાબ સરકારની રજા માગી, પણ મને ન મળી. મારી આ માગણી રદ કરવા માટે પંજાબ સરકારને આખા ખરીતાની નકલ માગવા છતાં મને આપવામાં ન આવી.

ગુજરાતને સજા કરવા ખાતર સરકારે ગુજરાતની પોલિસમાં વધારો કર્યો છે અને તે માટે દર વર્ષે ૧૪ હજાર રૂપિયા ગુજરાત પાસેથી લેવાનું ઠરાવવામાં આવ્યું છે. આ દંડ તો શહેરીઓએ ભાગે પડતો આપવો જોઇએ, પરંતુ તેને બદલે ગુજરાતના ત્રીસ વકીલો પાસેથી દંડનો ચોથો ભાગ, અને લાલા રામચંદ એકલાની પાસેથી બીજો એક ચોથો ભાગ વસુલ કરવાનો હુકમ થયો છે.

૬૨૭

મિ. મહમદ દીન ખોજાની જુબાની: ગુજરાત.

૧૪ મી કે ૧૫ મી એપ્રિલે બપોરના બે કોન્સ્ટેબલો સમન્સ લઇ મારે ઘેર આવ્યા. સમન્સમાં ખોજા મહમદ અમીનનું નામ હતું એટલે મેં તેમાં સહી કરવા ના પાડી, પરંતુ પોલિસે મને ફરજ પાડી એટલે મેં મારૂં નામ લખી આપ્યું. આ પછી કોન્સ્ટેબલો મને ડેપ્યુટી સુપરિન્ટેન્ડંટ આગળ લઇ ગયા, અને હું મહમદ અમીન નથી એમ કહેવા સારૂ તે મારા ઉપર ખૂબ ગુસ્સે થયો. મને આખો દિવસ ચોકીએ રાખવામાં આવ્યો અને ઠેઠ મધરાતે ઘેર જવા રજા મળી. બીજા બે ત્રણ દિવસ સુધી મને પોલિસે પજવ્યો, અને પછી મને છોડી મૂકયો.

એમ કહેવાય છે કે ખોજા મહમદ અમીન ખોજા ખુદા બક્ષનો છોકરો છે. મિશન સ્કુલ આગળ તોફાન કરનાર ટોળામાં તે હતો. ખુદાબક્ષ અઝમત ઉલ્લા, ઓનરરી મેજીસ્ટ્રેટનો દોસ્ત હોવાથી મહમદ અમીનને પોલિસે છોડી મુકયો હતો અને તેને બદલે મને પકડયો હતો.

૬૨૮

સૈયદ ગુલામશાહની જુબાની: ઉમર વર્ષ ૪૭: વકીલ, ગુજરાત.

ગુજરાતમાં હું વીસ વરસ થયાં વકીલાત કરૂં છું, અને ત્રણ વર્ષ થયાં મ્યુનિસિપલ કમિશનર છું. ગયા એપ્રિલ માસમાં હું ગુજરાતમાં હતો. અહીં ૧૪ મી તારીખે હડતાળ પડી હતી, પરંતુ તેમાં કોઈ જવાબદાર શહેરીનો હાથ ન હતો. ગુજરાતમાં ચિંતાજનક તોફાન થયું ન હતું.

ગુજરાતમાં બે પક્ષ છે; એક પક્ષનો નેતા શેખ અઝમત ઉલ્લા છે, બીજાનો નેતા સેથ ચીરાગ દીન છે. ગુજરાતમાં જે પકડા પકડી થઈ તે અઝમત ઉલ્લાના પક્ષની શીખવણીથી થઇ હતી. મારા મત મુજબ ગુજરાતમાં માર્શીયલ લૉની જરા પણ જરૂર ન હતી; ગુજરાતને દંડ દેવા ખાતર પોલિસમાં વધારો કરવામાં આવ્યો છે એ ગુજરાતને ત્રાસરૂપ છે.

૬૨૯

કુન્દનલાલ ચૈતનરામ, ખત્રીની જુબાનીઃ ઉમર વર્ષ ૧૦;

કોટલા અરબલેખાનનો રહીશ.

મારો બાપ મરી ગયો છે, મારી મા જીવે છે. એપ્રિલ માસમાં હું મારા સગા દૌલતરામ પુરીને ત્યાં ગુજરાત ગયો હતો, અને ત્યાંથી પાસેના ખેતરમાં શૌચ કરવા ગયો હતો. હું ખેતરમાં હતો ત્યારે મેં ગોળી ચાલવાનો અવાજ સાંભળ્યો; આથી હું ગભરાયો અને ખેતરમાં જ રહ્યો. હું અહીં હતો ત્યારે મને પોલિસ પકડી ગઈ અને મને હાથકડી પહેરાવી કોટડીમાં પૂરી મુકયો. બીજે દિવસે મને જામીન ઉપર છોડવામાં આવ્યો; પરંતુ મને પાછો પકડવામાં આવ્યો અને લાહોર લઇ જવામાં આવ્યો. લાહોર જેલમાં હું નવ દિવસ રહ્યો. જેલમાં મને ખાલી કોટડીમાં રાખવામાં આવ્યો હતો. માર્શીયલ લૉ કમિશને મને છોડી મૂકયો હતો.

૬૩૦

સેથ ચિરાગની દીન જુબાનીઃ ગુજરાત.

હું વ્યાપારી છું અને ૧૯ વર્ષ થયાં મ્યુનિસિપલ કમિશનર છું. જીલ્લા બોર્ડના સભાસદ તરીકે મારી બે વર્ષ માટે નીમણુંક કરવામાં આવી હતી. મને કૈસર-એ- હિંદનો રૂપાનો ચાંદ મળ્યો છે. લડાઈમાં સરકારને સારી સહાય આપવા સારૂ નામદાર વાઈસરોય અને સેનાપતિએ અને બીજા અમલદારોએ મને સનદો આપી છે. મેં અઢીસો રંગરૂટ ઉભા કર્યા હતા, અને વોર લોન માટે મ્હોટું ઉઘરાણું કર્યું હતું.

ગુજરાતમાં બે પક્ષ છેઃ એક પક્ષનો વડો શેખ અઝમત ઉલ્લા છે, અને બીજા પક્ષનો વડો હું લેખાઉં છું. માર્શીયલ લૉનો અમલ શરૂ થવાથી કંઇ પણ કારણ વિના ઓનરરી મેજીસ્ટ્રેટ અને મ્યુનિસિપલ કમિશનર તરીકે મારૂં નામ કાઢી નાખવામાં આવ્યું છે. મારો બચાવ સંભળાવવા મેં ઘણીએ અરજ કરી, પણ હજી સુધી મને દાદ મળી નથી. મારી પાસેથી આ બે પદવીઓ શા સારૂ લઇ લેવામાં આવે છે તે હું જાણતો નથી. મેં હડતાળ પડાવવામાં ભાગ લીધો ન હતો; તેમ આગળ ઉપર રાજકીય પ્રવૃત્તિમાં હું કદી પડયો નથી. મારા શત્રુઓને લઈ મારે આ સહન કરવું પડયું છે એવી મારી ખાતરી થઇ છે.

૬૩૧

લાલા રામચંદ ટંડનની જુબાનીઃ ઉમર વર્ષ ૪૫, ગુજરાત.

હું વ્યાપારી છું; રાજકીય પ્રવૃત્તિમાં મેં કોઇવાર ભાગ લીધો નથી. ગુજરાતની સનાતન ધર્મ સભાનો હું પ્રમુખ છું. હું એકવાર મ્યુનિસિપલ કમિશનર પણ હતો. લડાઈ

દરમ્યાન મેં સરકારને મદદ કરી હતી. મારા કામની કદર કરી સરકારે મને ત્રણ સનદ આપી છે.

ગુજરાતમાં રાજકીય વિષયને લગતી એક પણ સંસ્થા નથી, તેમ રાજકારભાર ચર્ચવા સભાઓ થઇ ન હતી.

૫ મી એપ્રિલે મેં "રાજભક્તિ" ઉપર લોકો આગળ ભાષણ કર્યું હતું. આને લઈ ૬ ઠી એપ્રિલે ગુજરાતમાં હડતાળ થઇ ન હતી.

૧૩ મી એપ્રિલે રાતના લાહોરથી કેટલાક વિદ્યાર્થીઓ ગુજરાત આવ્યા. તેઓની સાથે "વૈશાખી યાત્રા" એ ગયેલા પણ હતા. ટોળાના આકારમાં તેઓ બધા શહેરમાં દાખલ થયા હતા.

બીજે દિવસે લોકોએ હડતાળ પાડી હતી, પરંતુ શહેરમાં કયાંય તોફાન થયું ન હતું. હડતાળ પડાવવામાં કોઇ મ્હોટા શહેરીએ ભાગ લીધો ન હતો.

૧૫ મી તારીખે પણ દુકાનો ન ઉઘડી એટલે મેં તથા બીજાઓએ દુકાન ઉઘાડવા પ્રયત્ન કર્યો. અમે એવો વિચાર રાખ્યો હતો કે પહેલાં ગામમાં દુકાનો ઉઘડાવવી અને પછી સ્ટેશન આગળની ખોલાવવી. મારી દુકાન સ્ટેશન પાસે છે, પરંતુ મારા ભાઈની દુકાન શહેરમાં છે. મારા કહેવાથી તેણે દુકાન ઉઘાડી, પરંતુ તેવામાં કેટલાક લોક દુકાન નજદીક આવી લાગ્યા, અને અમારા ઉપર કાદવ ઉડાડયો. આ વખતે પોલિસ સબ–ઈન્સ્પેક્ટર હાજર હતો, પરંતુ તેણે લોકોને રોકયા નહિ, અને અમને હડતાળ બંધ કરાવવામાં મદદ કરી નહિ, એટલે અમે ડેપ્યુટી કમિશનરને ત્યાં ગયા, અને શહેરમાં બંદોબસ્ત જાળવવાનો વિચાર કરવા લાગ્યા. અમે ત્યાં હતા તે વખતે કેટલાક તોફાનીઓએ મિશન સ્કુલની બારીઓના કાચ ફોડી નાખ્યા. અહીં પણ પોલિસે લોકોને તોફાન કરતાં અટકાવ્યા નહિ. આ દિવસે પોલિસની વર્તણુંક એવી હતી કે કોઈને શક આવ્યા વિના ન રહે કે પોલિસજ હાથે કરી તોફાન કરાવવા ઇચ્છે છે અને તેમ કરી લોકોની સાથે મરજીમાં આવે તેમ વર્તવા તક મેળવવા મથે છે.

અમારા શહેરમાં કમનસીબે બે પક્ષ છે, અને તેના નેતા શૈખ અઝમત ઉલ્લા અને સેથ ચીરાગ દીન છે. આ બંને પક્ષ વચ્ચે કડવાશ રહ્યા કરે છે અને પોલિસ અઝમત ઉલ્લાની તરફેણમાં હોવાથી લાલા હરગોપાલ, લાલા તારાચંદ હું અને બીજાઓ સેથ ચિરાગ દીનના પક્ષના હોઇ અમને પકડવામાં આવ્યા હતા.

લાલા હરગોપાલની તરફેણમાં મેં જુબાની આપી હતી; એટલા વાસ્તે મારા ઉપર દુકાનો બંધ કરાવવાનો આરોપ મૂકવા પોલિસે ધાર્યું હતું અને તે માટે ડિફેન્સ ઓફ ઇન્ડિયા એકટનો ઉપયોગ કરવા ઇચ્છતી હતી, પરંતુ પંજાબ સરકારે તેમ કરવા રજા ન આપી, એટલે મ્યુનિસિપલ કમિશનરની જગ્યાએથી મને ખસેડવામાં પોલિસ ફાવી. મારો દોષ મને જણાવ્યા સિવાય અને મારી પાસેથી ખુલાસો માગ્યા વિના મારૂં નામ કમિશનર તરીકે કાઢી નાખવાનો હુકમ સરકારે કર્યો હતો.

શહેરમાં નામનુંજ તોફાન થયું હતું, અને ડેપ્યુટી કમિશનરની ઇચ્છા ન હોવા છતાં

ગુજરાતમાં ૧૯ મી એપ્રિલે માર્શીયલ લૉ દાખલ કરવામાં આવ્યો હતો. આથી કરી લોકોને ઘણી હાડમારી વેઠવી પડી હતી. પંજાબમાં બીજે જગે રૂપિયાના ૭ શેર ઘઉં મળતા ત્યારે ગુજરાતમાં અમને રૂપિયાના દશ શેર ઘઉં વેચવાની ફરજ પાડવામાં આવી હતી. અમને શહેર બ્હાર આવજાવ કરવામાં પણ બહુ અગવડ સહન કરવી પડી હતી.

ગુજરાતમાં દંડ તરીકે પોલિસની સંખ્યા વધારવામાં આવી છે, અને તેના ખર્ચનો ચોથો ભાગ મારા એકલા ઉપર નાખવામાં આવ્યો છે. વકીલો પાસેથી પણ ચોથો ભાગ લેવાનું નક્કી થયું છે અને બાકીનો અર્ધો ભાગ દુકાનદારો અને કર આપનારા પાસેથી વસુલ કરવાનું ઠર્યું છે. આ સામે અમે વાંધો ઉઠાવ્યો હતો પરંતુ તે ઉપર ડેપ્યુટી કમિશનરે ધ્યાન આપ્યું નહિ.

૬૩૨

લાલા કિરપારામ, વકીલની જુબાનીઃ ઉમર વર્ષ ૪૨; ગુજરાત.

હું ૧૭ વર્ષ થયાં વકીલાત કરૂં છું. ૧૪ મી એપ્રિલે સવારના પોલિસ સુપરિન્ટેન્ડંટે મને બોલાવ્યો હતો અને શહેરમાં હડતાળ પાડવાની છે કે નહિ અને જો પડે તો હું દુકાન ખોલાવવામાં મદદ કરૂં કે નહિ એ પ્રશ્નો મને પૂછ્યા હતા. જવાબમાં મેં જણાવ્યું હતું કે હડતાળની મને ખબર નથી; પરંતુ લોકો પોતાની ખુશીથી હડતાળ પાડે તો તેઓને તેમ કરતાં રોકવાની મને જરૂર જણાતી નથી. જો પોલિસ ઠઠેરા સાથે શહેરમાં નહિ ફરે તો સંભવ છે કે લોકો કોઈકનું પણ કહ્યું માને અને દુકાનો ઉઘાડે.

૧૪ મી તારીખે બપોર થતાં શહેરની બધી દુકાનો બંધ થઈ ગઇ હતી. અને લોકોનું ટોળું અહીં તહીં "ના દલીલ, ના વકીલ, ના અપીલ" ના પોકાર કરતું ફરતું હતું; પરંતુ ટોળું તોફાની ન હતું.

બીજે દિવસે લાલા રામચંદે પોતાના ભાઈની દુકાન ખોલાવી; પરંતુ લોકોએ તેને કાદવથી ભરી મૂકયો. આ વખતે પોલિસ હાજર હતી, પણ તેણે લોકોને મસતી કરતા અટકાવ્યા નહિ.

તેજ દિવસે લોકોએ કેદારનાથ હાઇ સ્કુલ બંધ કરાવી, પરંતુ મિશન હાઇ સ્કુલ બંધ કરાવવામાં ન ફાવ્યા; સ્કુલના હેડ માસ્તરે કેટલાકને નેતરથી ફટકાવ્યા એટલે તેઓ ભાંગ ફોડ કરવા ઉતરી પડયા. આ વખતે પણ પોલિસે કંઇજ કર્યું નહિ પણ પાછળથી લાલા મુલરાજે લોકોને ભાંગ ફોડ કરવા દોર્યા હતા એવો આરોપ તેના ઉપર મુકી તેને કોર્ટ આગળ ઉભો કરવામાં આવ્યો હતો, પરંતુ કોર્ટે તેને નિર્દોષ ઠરાવી છોડી મૂકયો હતો. એમ કહેવાય છે કે મિશન સ્કુલની સામેજ ડેપ્યુટી પોલિસ સુપરિન્ટેન્ડંટનું ઘર છે અને તે ઘરમાંથી કોઇએ લોકોને ચઢાવ્યા હતા.

આ પછી એક ટોળું સ્ટેશન તરફ ગયું હતું, અને તેની પાછળ પોલિસની ટુકડી હતી. રસ્તે લોકોએ ફાનસો ફોડયાં પણ પોલિસ વચ્ચે ન પડી; તેને બદલે પોલિસે લોકો સાથે "હાય હાય" કરવામાં ભાગ લીધો હતો. ટોળું જ્યારે સ્ટેશનમાં પેઠું ત્યારે પોલિસે ગોળી ચલાવી અને કેટલાકને ત્યાંને ત્યાંજ પકડયા.

૧૭ મી તારીખથી લોકોને પજવવાનું અને પકડાપકડી શરૂ થયાં. ૨૭ મી તારીખે પોલિસે લાલા રામચંદ, ઇશ્વરદાસ વકીલ, હરગોપાલ બૅરિસ્ટર અને મારા ઘરની જડતી લીધી, કારણ કે અમારા પ્રતિ સ્પર્ધીઓ ઉપર પોલિસની મહેરબાની હતી.

મિશન સ્કુલનાં બારી બારણાં ભાંગવા લોકોને ઉશ્કેરવાનો આરોપ પોલિસે હરગોપાલ અને તારાચંદ ઉપર મુકયો હતો; પરંતુ તેઓ બંનેને માર્શીયલ લૉ ટ્રીબ્યુનલે નિર્દોષ ઠરાવ્યા હતા. પણ જેઓએ તેઓના બચાવમાં જુબાની આપી હતી તેઓ ઉપર પણ ફરિયાદી માંડવાનો વિચાર પોલિસે કર્યો; પરંતુ સ્થાનિક સરકારે તે માટે રજા ન આપી.

માર્શીયલ લૉ કમિશન આગળ ત્રીસ જણાને ઉભા કરવામાં આવ્યા હતા; તેમાંથ પંદર જણને છોડી મૂકવામાં આવ્યા હતા.

૬૩૩

લાલા ઇશરદાસ, વકીલની જુબાનીઃ ઉમર વર્ષ ૪૩, મ્યુનિસિપલ કમિશનર, ગુજરાત.

ગુજરાતમાં ૧૯૦૩ ની સાલથી હું વકીલાત કરૂં છું. લાહોર, અમૃતસર અને ગુજ રાનવાલામાં બનેલા બનાવોની ખબર અમને ૧૩ મી અને ૧૪ મી એપ્રિલે પડી.

લાહોરની કૉલેજો બંધ કરવામાં આવવાથી ગુજરાતના કેટલાક વિદ્યાર્થીઓ ૧૩ મ તારીખે રાત્રે ગુજરાત આવ્યા અને સ્ટેશનેથી શહેરમાં સરઘસના આકારમાં અને રોલે એકટ સામે નાપસંદગી બતાવતા દાખલ થયા.

૧૪ મી તારીખે આ વિદ્યાર્થીઓના અને છોકરાઓના કહેવાથી લોકોએ પોતા દુકાનો બંધ કરવા માંડી, હડતાળ કરાવવામાં કોઇ મ્હોટા માણસનો હાથ ન હતો. તે દિવસે લોકો ટોળાબંધ થઇ શહેરમાં ફર્યા હતા, પરંતુ કોઇને હેરાન કર્યા ન હતા. ડેપ્યુટ કમિશનર સાથે પણ છોકરાઓ અદબથી વર્ત્યા હતા. ડેપ્યુટી કમિશનરે મ્યુનિસિપલ કમિ ટીના સભાસદોને પોતાના વિભાગમાં બંદોબસ્ત જાળવવાનું કામ સોંપ્યું હતું.

બીજે દિવસે લાલા રામચંદે પોતાના ભાઈની દુકાન ખોલાવી પરંતુ લોકોને અ રૂચ્યું નહિ એટલે કોઇકે રામચંદ ઉપર કાદવ ફેંકયો, તેથી લાલા રામચંદ, હરગોપાલ અને હું અને બીજાઓ ડેપ્યુટી કમિશનરને મળવા ગયા, અને અમે મસલત કરી એવ ઠરાવ ઉપર આવ્યા કે પોલિસે લોકોની વચ્ચે ન પડવું. તેજ દિવસે જેલમથી લશ્કર ટુકડી આવવાની હતી, પરંતુ ડેપ્યુટી કમિશનરે અમને જણાવ્યું હતું કે વસ્તુ સ્થિતિ ગંભીર નહિ થાય તો તેની સહાય લેવામાં નહિ આવે.

લોકો મિશન સ્કુલ બંધ કરાવવા ઇચ્છતા હતા, પરંતુ હેડમાસ્તર તેમાં સંમત થયો; તેને બદલે તેણે લોકોમાં પડી કેટલાક છોકરાઓને સોટી ફટકાવી કાઢી એટલે લોકોએ સ્કુલ ઉપર ઇંટો ફેંકી અને બારી વિગેરે ફોડી નાખ્યા. પોલિસે આ બનાવ ઉપર ધ્યા આપ્યું નહિ.

રેલ્વે સ્ટેશન તરફ જતાં લોકોએ રસ્તાનાં ફાનસો તોડયાં, છતાં પોલિસે કંઈ જ ક નહિ. આ પછી લોકોએ કાગળનું બંડલ સળગાવી મુકયું, અને સ્ટેશને કાચ ફોડયા. આ વખતે પોલિસે ગોળી ચલાવી લોકોને વીખેરી નાખ્યા, અને મરજીમાં આવે તેમ લોકો પકડવાનું શરૂ કર્યું.

ગુજરાતમાં બે પક્ષ છેઃ એક પક્ષ શેખ અઝમત ઉલ્લા અને તેના સાથીઓનો છે અને બીજો સેથ ચિરાગ દીન અને તેના દોસ્તોનો છે. પોલિસ શેખ અઝમત ઉલ્લાના પક્ષ સાથે સારો સંબંધ રાખે છે. એટલે પોલિસે સેથ ચીરાગ દીનના પક્ષવાળાને પકડયા. લાલા મુલરાજ, લાલા હરગોપાલ, અને લાલા તારાચંદને પકડવામાં આવ્યા; પરંતુ ત્રણે જણને ટ્રીબ્યુનલે નિર્દોષ ઠરાવી છોડી મૂકયા હતા, એટલું જ નહિ પરંતુ કમિશનરોએ એવી પણ ટીકા કરી હતી કે પોલિસની જુબાનીમાં બનાવટ છે, અને સાક્ષીઓએ જાણી જોઇ ખોટી સાક્ષી આપી છે. છતાં સાક્ષીઓ સામે કંઈ પણ પગલાં ભરવામાં આવ્યાં નથી. ખોટી સાક્ષી આપવામાં સબજડજ, ડેપ્યુટી પોલિસ સુપરિન્ટેન્ડંટ અને એક ઓનરરી મેજીસ્ટ્રેટ પણ હતો.

જેઓએ ઉપર જણાવેલા ત્રણ જણની તરફેણમાં જુબાની આપી હતી તેઓને પજવવાનું પોલિસે શરૂ કર્યું. લાલા રામચંદ સામે ત્રણ મહીના રહી ખોટી વિગત તૈયાર કરવામાં આવી, અને તેને પરિણામે તેને મ્યુનિસિપલ કમિટીમાંથી કાઢી મૂકવામાં આવ્યો.

ગુજરાતમાં એવું ગંભીર તોફાન થયું ન હતું કે માર્શીયલ લૉની જરૂર પડે. માર્શીયલ લો ઉપરાંત લોકોને શિક્ષા કરવા ખાતર પોલિસમાં વધારો કરવામાં આવ્યો છે અને તેનો ખર્ચ લોકો ઉપર નાખવામાં આવ્યો છે; અને આ દંડ પણ બહુ અન્યાયી રીતે લોકો પાસેથી વસુલ કરવામાં આવ્યો છે. એકલા રામચંદને દંડનો ચોથો ભાગ ભરવાનો અને વકીલોને ચોથો ભાગ આપવાનો હુકમ થયો છે. બાકીનો દંડ દુકાનદારો પાસેથી લેવાનું ઠર્યું છે.

આબરૂદાર માણસોને પજવવાના ઈરાદાથી પોલિસે નવ લાયક હિંદુ શહેરીઓના ઘરને ૨૩ મી તારીખે તાળાં માર્યાં હતાં; તે વખતે તેઓનાં કુટુંબ ઘરમાં જ હતાં; અને પછી ઘરની જડતી લીધી હતી.

જલાલપુર જટ્ટાં.

૬૩૪

મિ. એસ. એમ. હબિબની જુબાની: જલાલપુર જટ્ટાં.

હું લાહોરમાં પ્રગટ થતા "સિયાસત" નામના દૈનિક પત્રનો અધિપતિ છું; અને જલાલપુર જટ્ટાંનો વતની છું. અમારા ગામમાં ૧૫ મી એપ્રિલે હડતાળ પડી હતી, પરંતુ તોફાન થયું ન હતું. સરકારી મિલકતને કે ખ્રિસ્તી પાદરીઓને કોઇએ હાથ અડાડયો ન હતો, છતાં ૧૫ મી કે ૧૬ મી તારીખની રાત્રે કોઇકે તારનાં દોરડાં કાપી નાખ્યાં હતાં. આને લઇ અમારા ગામને માર્શીયલ લૉ લાગુ પાડવામાં આવ્યો, અને સત્તર જણને પકડવામાં આવ્યા. તેમાં કેટલાક આબરૂદાર માણસો પણ હતા. મને પણ પકડવામાં આવ્યો હતો, અમારામાંથી છ જણને માર્શીયલ લૉ કમિશને સજા કરી હતી. મને પણ સજા થઇ હતી. માર્શીયલ લૉને લઇ, નિશાળે જતા વિદ્યાર્થીઓને, નાના નાના છોકરાઓ સુદ્ધાંને દિવસમાં ત્રણવાર થાણે હાજરી આપવા જવું પડતું. અમારા ગામ ઉપર બાર હજારનો દંડ નાંખવામાં આવ્યો છે, અને તેમાંથી છઠ્ઠો ભાગ વસુલ પણ કરી લેવાયો છે.

સર ઓડવાયરના અમલમાં પત્રકારોને વિચારો છૂટથી જણાવવામાં મુશ્કેલી નડતી. જે પત્રમાં રંગરૂટ પદ્ધતિની નિંદા આવતી તે પત્રોનો ફેલાવો થતો અટકાવવામાં આવતો. વિલાયતથી આવતા કેટલાક તારો લોકો વાંચે એ પણ પંજાબ સરકારને પસંદ ન હતું, એટલે સરકાર પાસ ન કરે ત્યાં સુધી કોઇ પત્રનો ફેલાવો થઇ શકતો ન હતો. મારા પત્રમાં સત્યાગ્રહનો બોધ કરવામાં આવશે એવી જાહેર ખબર પ્રગટ થતાંજ જે છાપખાનામાં મારૂં પત્ર છપાતું હતું તેની પાસેથી જામીનગીરી વધારે લેવામાં આવી, અને મારૂં પત્ર અધિકારીને બતાવી પ્રગટ કરવાનો મને હુકમ થયો.

મલકવાલ.

૬૩૫

બાબુ નસિર-ઉદ-દીનની જુબાનીઃ મલકવાલ.

હું એન. ડબલ્યુ. રેલ્વેમાં ગાર્ડ હતો; અને મારૂં મથક મલકવાલમાં હતું. ૧૫ મી એપ્રિલે સાંજના ૧૫૦ માણસની સભા થઇ હતી; અને તેમાં દૌલતરામ સિગનલર અને મોહનલાલ કારકુનના કહેવાથી ભોજરાજ અને રામચંદે ભાષણ કર્યાં હતાં, અને બીજે દિવસે ઉપવાસ કરવાનું ઠરાવવામાં આવ્યું હતું.

૧૬ મી તારીખે બીજી સભા મસ્જીદમાં સવારના ભરાઈ હતી. આ વખતે રાજારામ વિદ્યાર્થીએ અને મૌલવીએ ભાષણ આપ્યાં હતાં. આ બંને સભામાં હું ગયો હતો.

૧૭ મી તારીખે મલકવાલથી એક માઇલ દૂર રેલ્વે ઉપરના બે પાટા ઉખેડી નાખવામાં આવ્યા હતા. આથી કરી લાલા મુસાથી આવતી ગાડી પાટા ઉપરથી ઉતરી ગઇ. બે ઇન્જીનો ઉંધાં વળી ગયાં. ત્રીજા વર્ગના એક ડબ્બાના ચૂરા થઇ ગયા, બે માણસો મરી ગયા, અને કેટલાકોને ઇજા થઇ.

૨૭ મી તારીખે મને, દૌલતરામને અને બીજા પાંચ સ્ટેશન ઉપરના નોકરોને પોલિસ સ્ટેશને સાંજના ૬ વાગે બોલાવવામાં આવ્યા હતા. સાથી પહેલાં દૌલતરામની જુબાની લેવામાં આવી, અને પછી મારી જુબાની રાતના બાર વાગે નોંધવામાં આવી. હું મારી જુબાની લખાવતો હતો ત્યારે દૌલતરામ વચ્ચે વચ્ચે બોલી ઉઠતો, અને જે કંઇ મેં લખાવ્યું તે ખોટું છે એમ તેણે લછમનસિંહ સબ-ઇન્સ્પેકટરને જણાવ્યું હતું. રાત્રે એક વાગે અમને ઘેર જવા રજા મળી હતી.

બેએક દિવસ રહી સબ ઇન્સ્પેકટરે જુબાની ઉપર મારી સહી લીધી, અને હું મારે કામે વળગ્યો; પરંતુ તરત જ મને પાછો ચોકીએ બોલાવવામાં આવ્યો. મારી જોડે બીજા પાંચને પણ તેડાવવામાં આવ્યા હતા. અમને કમાંડિંગ ઓફિસર આગળ લઇ જવામાં આવ્યા, અને તેના હુકમથી અમને પહેરાવવામાં આવેલી હાથકડી સાથે દોરડાં બાંધી તે દોરડાં તારના થાંભલા સાથે બાંધી આખી રાત પ્લેટફોર્મ ઉપર રાખવામાં આવ્યા. બીજે દિવસે અમને થાણે લઈ જવામાં આવ્યા અને ત્યાંથી ગુજરાત જેલમાં અમને ૧૫ દિવસ સુધી રાખવામાં આવ્યા. અમારા ઉપર માર્શીયલ લૉ કમિશન આગળ કેસ ચાલ્યો: કમિશને અમને બધાને છોડી મૂકયા.

અમને પ્લેટફોર્મ ઉપર રાખવામાં આવ્યા હતા તે દિવસે એક મુસલમાન ઉપર પોલિસે જુલમ વર્તાવ્યો હતો. પોલિસ તેની પાસે પાટા ઉખેડવામાં આવ્યા તે વિષે વિગત માગતી હતી; પરંતુ તેને તે બાબત કશી ખબર ન હતી, છતાં તેને આખો દિવસ ભૂખ્યો તરસ્યો તડકે ઉભો રાખવામાં આવ્યો હતો; રાત્રે તેના બે પગ પહોળા રાખી તેને નીચો નમાવી ઉભો રાખવામાં આવ્યો હતો; અને તે બંને પગ ભેગા ન કરે વાસ્તે બે પગ વચ્ચે એક ખાટલો મૂકવામાં આવ્યો હતો. આથી તેણે આખી રાત ચીચ્યારી પાડી હતી. તે ચીચ્યારી પાડતો એટલે તેને લાકડીથી અને હાથેથી ફટકાવામાં આવતો. બીજી રાત પણ

તેની આવી રીતે જ ગઇ હતી. બીજે દિવસે મેં તેને છુપી રીતે ખાવાનું આપ્યું હતું, અને પોલિસે તો ઠેઠ ત્રીજે દિવસે ખાવા આપ્યું; પરંતુ તેને પીડવાનું કામ તો બીજા બે દિવસ ચાલ્યું હતું. તેના ઉપર ચાર દિવસ સુધી લાગટ ત્રાસ વર્તાવવામાં આવ્યો હતો. અને તે દરમ્યાન એક ક્ષણ પણ તેને ઉંઘ લેવા મળી ન હતી. આ માણસને પણ અમારી સાથે ગુજરાત લઈ જવામાં આવ્યો હતો. આ માણસ તેનો કેસ પૂરો થતાં જ બીજે દિવસે મરણ પામ્યો; મરણ પામ્યો તે પહેલાં કેટલાક દિવસ સુધી તેને લોહીની ઉલટી થઈ હતી.

૬૩૬

લાલા ગંગારામ પ્રભદયાલ; સોનીની જુબાનીઃ મલકવાલ.

૧૯૧૫ ની સાલમાં મેં બહાદરચંદ ઉપર કેસ માંડયો હતો, એટલે તેને મારી સાથે અદાવત હતી. તેને પોલિસ સાથે સારૂં બનતું હોવાથી માર્શીયલ લૉના અમલ દરમ્યાન મારા ઉપર વેર લેવા ખાતર તેણે મારા બંને નિર્દોષ છોકરાઓને પકડાવ્યા; તેઓ ઉપર કેસ ચાલ્યો, પરંતુ તેઓ વિરૂદ્ધ પૂરતો પૂરાવો ન પડવાથી તેઓ છૂટી ગયા.

માર્શીયલ લૉના દિવસોમાં મારા ઘર ઉપર ૧૨ નોટીસો મૂકવામાં આવી હતી, અને તેની સંભાળ રાખવાની જવાબદારી મારે શીર મૂકવામાં આવી હતી, અને નોટીસ ફાટી તૂટી જાય તો દરેક એકને માટે બે વર્ષ જેલમાં મોકલવાની અને એક હજાર રૂપિયાનો દંડ કરવાની ધમકી આપવામાં આવી હતી. મારી ઉમર ૬૦ વર્ષની હોવાથી મને બહુ દુઃખ વેઠવું પડયું હતું; મને દરરોજ ચોકીએ બોલાવવામાં આવતો. એક દિવસ તો થાણેદાર અને તહાસીલદારે મને ગાળો આપી હતી. અને ભોંય ઉપર નાક ઘસવાની ફરજ પાડી હતી. માર્શીયલ લૉને લઇ હું ગરીબ થઈ પડયો છું.

૬૩૭

બાબુ સંતરામની જુબાનીઃ મલકવાલ.

હું રેલ્વે ગાર્ડ હતો. ગયા એપ્રિલ માસમાં પોલિસે ૪૦ જણને પકડયા હતા; તેમાં ૧૬ રેલ્વેના નોકરો પણ હતા. અમને પકડયા પછી પોલિસે અનેક રીતે હેરાન કર્યા હતા. નવ કારકુનોને ત્રણ સવાત્રણ મહીના સુધી કબજામાં રાખવામાં આવ્યા હતા. અમારા ૧૬ જણમાંથી નવ જણ ઉપર કેસ જ ચલાવવામાં નહોતો આવ્યો; અને બાકીના સાત જણ કેસમાં છૂટી ગયા હતા. સ્ટેશન માસ્તરે અને રેલ્વેના બીજા અમલદારોએ અમારી તરફેણમાં જુબાની આપી હતી. કોર્ટે અમને નિર્દોષ ઠરાવ્યા હતા છતાં અમને નોકરીએ પાછા લેવા રેલ્વે કમ્પનીએ ના પાડી. અમે અરજીઓ કરી પણ તે સાંભળવામાં ન આવી.

મારી નજરે જોયેલી કેટલીક વિગત આ પ્રમાણે છેઃ—

નુરા નામના ફાયરમેન પાસે પોલિસ એમ કબુલ કરાવવા માગતી હતી કે તેણે પાટા ઉખેડી નાખ્યા હતા. આ વાસ્તે નુરાના હાથ પુંઠે બાંધવામાં આવ્યા હતા, અને આખી રાત તેને પગ પહોળા કરી ઉભો રાખવામાં આવ્યો હતો. થાકી જવાથી તે આમ તેમ ફરવા જતો તો તેને ચાબુકથી ફટકાવવામાં આવતો. આજ પ્રમાણે સારવાર અને તાજના ઉપર ત્રાસ વર્તાવવામાં આવ્યો હતો. તાજનીના તો બાલ પણ ખેંચવામાં આવ્યા હતા.

કમાન્ડિંગ ઑફિસર મલકવાલમાં હતો ત્યાં સુધી દરેક દુકાનદારને વારાફરતી તેનો ખો ખેંચવા જવું પડતું.

૬૩૮

મોતીરામ નંદલાલ ગોસાઈની જુબાનીઃ ઉમર વર્ષ ૩૦; મલકવાલ.

માર્શીયલ લૉના અમલમાં લશ્કરી માણસો મારી દુકાનેથી કેરોસિન તેલના ઘણા ડબાઓ લઈ ગયા હતા, તે ઉપરાંત મારે ત્યાંથી ત્રણ ખાટલા લઇ જવામાં આવ્યા હતા; પરંતુ હજી સુધી મને તે પાછા મળ્યા નથી. આ દિવસોમાં મારા ઘર ઉપર નોટિસો ચોટાડવામાં આવી હતી; અને તેને કંઈ ઈજા થાય તો મને બે વર્ષની જેલની સજા અને એક હજાર રૂપિયાનો દંડ કરવાની ધમકી આપવામાં આવી હતી. અમારી પાસે પંખા ખેંચાવવામાં આવ્યા હતા, અને જમીન પણ ખોદાવવામાં આવી હતી; પરંતુ કોઇ તેમ કરવા ના પાડતા, તો તેને મારવામાં આવતો. થાણેદાર મારી પાસેથી પૈસા કઢાવવા ઇચ્છતો હતો; પરંતુ મેં તેમ પૈસા આપવા ના પાડી હતી એટલે મને હવાલાતમાં પૂરવામાં આવ્યો; મારા ઉપર કેસ ચાલ્યો, પણ કેસમાં હું છૂટી ગયો.

૬૩૯

ફઝલ કરિમ, દરજી; સીતારામ રતનચંદ ખેત્રપાલ; રામદીત્તા હીરાનંદ અને બીજા દશ જણાની જુબાનીઃ અનુક્રમે ઉમર; વર્ષ ૫૩, ૫૪, ૬૫ઃ મલકવાલ.

માર્શીયલ લૉના અમલમાં મલકવાલ લશ્કર આવ્યું તેની સાથે ત્રણ અમલદારો હતા. અમને બધાને ગાળો આપવામાં આવી હતી અને મારવામાં આવ્યા હતા, તથા ચપરાસીઓ અમને કમાન્ડિંગ ઑફિસર ઉપર પંખો ખેંચવા પકડી ગયા હતા. અમને બે બે જણાને લાગટ ત્રણ ચાર દિવસ સુધી પંખો ખેંચવા જવું પડયું હતું. અમને પંખો ખેંચવાની ટેવ ન હોવાથી, કોઇકવાર અમે ધીમા પડતા, તો ઑફિસરના નોકરો અમને મારતા. અમને પંખો ખેંચવા માટે કંઈ પૈસા આપવામાં આવ્યા ન હતા.

રામદીત્તાને તો ઝાડુવાળાનું કામ કરવું પડયું હતું એટલુંજ નહિ પરંતુ ઑફિસરનું પાયખાનું પણ સાફ કરવું પડયું હતું.

* * * * *

૬૪૨

અહમદદીન મિયાં દીન અને મૌલાબક્ષ, ખાટકીઓની જુબાનીઃ મલકવાલ.

માર્શીયલ લૉના અમલ દરમ્યાન લશ્કરી માણસોને અમે ૧૫૩ રૂપિયાનું માંસ પૂરૂં પાડયું હતું. અમને તેની પહોંચ આપવામાં આવી હતી, પરંતુ લશ્કર જ્યારે પાછું જવું હતું ત્યારે પહોંચ પણ પાછી લઇ લેવામાં આવી. અત્યાર લગણ અમને તેના બિલકુલ પૈસા મળ્યા નથી.

\+ \+ \+ \+ \+

૬૪૩

દિવાનચંદ રામલભયા કપુર, કંદોઈની જુબાનીઃ મલકવાલ.

માર્શીયલ લૉના અમલ દરમ્યાન સોલજરો અને અમલદારોએ મારી પાસેથી ૩૫૦

રૂપિયાનું દુધ લીધું હતું. તે ઉપરાંત તેઓ મારી દુકાનેથી મનમાનતી વસ્તુઓ ઉપાડી ગયા હતા. દુધ પૂરૂં પાડવા માટે મારી પાસેથી બસો રૂપિયા જામીનના લેવામાં આવ્યા હતા. દુધ મેળવવા માટે મારે કપડાં અને ઘરેણું ગીરે મુકવાં પડયાં હતાં.

× + × + ×

૬૪૮

મોલવી ગુલામ મહમદની જુબાની: ઉમર વર્ષ ૫૫; મલકવાલ.

હું ઉર્દુ નિશાળમાં શિક્ષક છું. એક દિવસે મને ઓચિંતો હુકમ થયો કે મારે બધા નીશાળીઆઓને યુનિયન જેકને સલામ ભરવા સારૂ ભેગા કરવા. આ હુકમ નિશાળ બંધ થયા પછી મને કરવામાં આવ્યો હતો. આથી કરી મારે નીશાળીઆઓના અને શિક્ષકોના ઘેર જવું પડયું હતું. બીજે દિવસે મને સવારના સાત વાગે હાજરી આપવા ફરમાવવામાં આવ્યું હતું, પરંતુ હું બે મિનિટ મોડો પહોંચ્યો એટલે મને ૨૫ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો. દંડની પહોંચ મને આપવામાં નહોતી આવી. ૭ વર્ષની અંદરના છોકરાઓને દરરોજ હાજરી આપવી પડતી.

૬૪૯

ઇશરસિંહ તારાસિંહ આનંદની જુબાની: ઉમર વર્ષ ૫૦; મલકવાલ.

રેલ્વે સ્ટેશન આગળ મારી લાકડાંની દુકાન હતી. માર્શીયલ લૉના દિવસોમાં સોલજરો મારી દુકાનેથી લાકડાં તોલ કરાવ્યા વિના લઇ જવા લાગ્યા. આ પ્રમાણે તેઓ લગભગ ૧૫૦ મણુ લાકડાં લઇ ગયા, એટલે મેં કમાન્ડિંગ ઓફિસરને અરજ કરી કે વજન કરાવી લાકડાં લેવા સોલજરોને હુકમ કરવો; અને ઓફિસરે તે પ્રમાણે હુકમ કાઢયો. જે લાકડાં વજન કરાવ્યા વિના લઈ જવામાં આવ્યાં હતાં તેનો અડસટો ઓફિસરે ૪૦ મણુનો કાઢયો, અને તેટલા લાકડાની પહોંચ મને આપી. મારી પાસેથી કુલ ૩૪૨ રૂપિયાના લાકડાં લેવામાં આવ્યાં હતાં; પરંતુ હજી સુધી મને તેના પૈસા મળ્યા નથી.

જલન્દર શહેર.

૬૫૦

ઓનરેબલ રાય બહાદુર રાયઝાદા ભગતરામ, બેરિસ્ટરની જુબાનીઃ
પંજાબ ધારાસભાનો સભાસદ, જલન્દર શહેર.

જલન્દરમાં ૬ ઠી અને ૧૧ મી એપ્રિલે હડતાળ પડી હતી; બંને દિવસો નિર્વિઘ્ને પસાર થયા હતા, શહેરમાં ક્યાંય ગરબડ થઈ ન હતી. અધિકારીઓએ દુકાનો બંધ કરવામાં આવે એ સામે જાહેર વાંધો ઉઠાવ્યો ન હતો; છતાં તેઓના મનમાં તો દુકાન બંધ રાખવાનું કામ ગંભીર લેખાયું હતું. હડતાળ વખતે અધિકારીઓએ અને અગ્રેસરોએ શહેરમાં શાંતિ જાળવવા હળીમળીને કામ કર્યું હતું; અને પોલિસ વિના કારણ લોકોની આડે આવી ન હતી, તેમ લોકો ઉશ્કેરાય એવું કશું કર્યું ન હતું, પરંતુ આ સમભાવ બીજા જીલ્લાઓમાં માર્શીયલ લૉનો અમલ શરૂ થયા પછી અધિકારીઓમાંથી ઉડી ગયો. શહેરમાં જરા પણ તોફાન થયું ન હોવાથી લોકોને સીધી રીતે કનેડાય એમ ન હતું; એટલે આડકતરી રીતે લોકોની પજવણી શરૂ થઈ.

એપ્રિલ માસમાં અમારા શહેરમાં પંજાબ પ્રાંતિક પરિષદ્ મળવાની હતી. તેના સ્વાગત મંડળનો પ્રમુખ હું હતો. અમલદારોએ સ્વાગત મંડળના સભાસદોને ડરાવવાનું કામ શરૂ કર્યું, અને હિંદુ મુસલમાનોને લડાવવાનો પ્રયત્ન પણ કરવામાં આવ્યો. આ સિવાય કેટલાક વ્યાપારીઓને પાયમાલ કરવાના ઈલાજ લેવામાં આવ્યા.

અમલદારોની આ રીતે નીતિ બદલાયલી જોઇ, અમે હિંદુ મુસલમાનો મળી ૫૦ જણે ડેપ્યુટી કમિશનરની મુલાકાત લીધી અને વફાદારીની ખાતરી આપી; પરંતુ તેથી તેને સંતોષ ન થયો. તેણે તો અમને એક જાહેરનામું કાઢી તેમાં માર્શીયલ લૉના વખાણ કરવા કહ્યું પણ અમે આ પ્રમાણે કરવા તૈયાર ન થયા.

આ પછી ડેપ્યુટી કમિશનરે સખ્તાઇ વાપરવી શરૂ કરી; અને તેની અધિરાઇ એટલી બધી વધી પડી કે કોઈ પ્રાચીન કે અર્વાચીન હિંદના સારા તત્ત્વની પ્રશંસા કરવું તો તે પણ તેનાથી સહન થતું નહિ. તેની કડકાઈનાં કેટલાંક ઉદાહરણ હું નીચે આપું છું:

૧. લાલા બૈજનાથ ૧૯૦૫ ની સાલથી ન્યુ યોર્કની સ્ટેન્ડર્ડ ઓઇલ કંપનીનો આડતીયો છે. તે જલન્દરમાં ભરાનારી પ્રાંતિક પરિષદ્‌ની સ્વાગત મંડળનો સભાસદ હતો, એટલે ડેપ્યુટી કમિશનરે ઓઇલ કંપનીને કાગળ લખ્યો કે લાલા બૈજનાથ જેવા માણસના હાથમાં કેરોસીન તેલ રહે એ ઇચ્છવા જોગ નથી. આથી કંપનીને લાલા બૈજનાથની જગ્યાએ બીજાની આડતીયા તરીકે નીમણુંક કરવાની ફરજ પડી હતી. આ વ્યાપારી રાજકીય વિષયમાં ઉદ્દામ વિચારનો નથી. તેણે કોઇ કોંગ્રેસ કે પરિષદ્‌માં હાજરી આપી નથી. સરકારને હમેશાં તે મદદ કરતો રહ્યો છે. લડાઇ ચાલતી હતી ત્યારે તે રંગરૂટ કમિટી, વૉર લોન કમિટી, અને રિલિફ ફંડ કમિટીનો સભાસદ હતો. તેણે પોતે જૂદી જૂદી લોનમાં પચ્ચાસ હજાર રૂપિયા રોકયા છે. તેની નીમણુંક રદ જવાથી તેને કેટલું મ્હોટું નુકસાન ગયું હશે તેનો ખ્યાલ તે વર્ષે કેટલો ઇન્કમટેક્સ ભરે છે. તે ઉપરથી આવશે. તેની પાસેથી સત્તર હજાર રૂપિયા ઇન્કમટેક્સના લેવાનું ઠર્યું હતું.

૨. લાલા બિન્દ્રબન નવ વર્ષ થયા એશિયાટીક પેટ્રોલિયમ કંપનીનું પેટ્રોલ વેચે છે; ડેપ્યુટી કમિશનરે બિન્દ્રબનને પોતાનો બચાવ કરવાની તક આપ્યા વિના ઉદ્દામ વિચારનો ઠરાવી તેની પાસેથી પેટ્રોલ વેચવાનો પરવાનો લઇ લીધો. એણે કોઇ વાર પણ રાજખટપટમાં ભાગ લીધો નથી, પરંતુ આ સાલ તે પરિષદ્‌ની સ્વાગત મંડળીનો સભ્ય થયો હતો. લડાઇ દરમ્યાન તેના કુટુંબે ૯૦ રંગરૂટ મેળવી આપ્યા હતા. તેણે ચાલીસ હજાર રૂપિયા વોર લોનમાં રોક્યા હતા, અને ત્રણ હજાર જૂદા જૂદા ફાળાઓમાં ભર્યા હતા.

૩. સરદાર હુરસિંહ ચોપડીઓ વેચવાનું અને પ્રગટ કરવાનું કામ કરતો હોવાથી તેની હસ્તક કેટલુંક સરકારી કામ હતું, પરંતુ સ્વાગત મંડળનો તે સભાસદ થયો હોવાથી અને તેણે દુકાનો બંધ કરવામાં ભાગ લીધો હતો એવી શંકા તેને વિષે આવવાથી, તેની પાસેથી કામ લઇ લેવામાં આવ્યું.

૪. નુરમહાલ સ્કુલની વ્યવસ્થાપક કમિટીના સભાસદોએ રોલેટ એક્ટ સામેની ચળવળમાં ભાગ લીધેલો હોવાથી આ સ્કુલનો યુનિવર્સિટી સાથેનો સંબંધ તોડી નાખવામાં આવ્યો, અને તેને અંગે એમ પણ કહેવામાં આવ્યું હતું કે પ્રાચીન આર્ય સંસ્કૃતિની સ્તુતિ અત્યુક્તિથી કરવાનું પરિણામ બ્રિટિશ રાજ સાથે તિરસ્કાર પેદા કરવામાં આવે છે, અને તેમ કરવું એ આર્ય સમાજનું કામ છે.

૭ મી એપ્રિલે પંજાબની ધારાસભા મળી હતી. હું તેમાં હાજર હતો. કામકાજ ખલાસ થયા પછી હું અને સર ઓડવાયર દિવાનખાનમાં મળ્યા હતા. તેણે મને જલનદરની હડતાળ વિષે પૂછ્યું એટલે મેં કહ્યું કે જલનદરમાં સરસ હડતાળ થઇ હતી, અને ક્યાંય ગડબડ થઇ નહતી. આ ઉપરથી તેણે આનું કારણ મારી પાસેથી જાણવા માગ્યું. એટલે મેં કહ્યું: " મને લાગે છે કે એ મિ. ગાંધીના આત્મબળનું પરિણામ છે." આ સાંભળી મુઠી બતાવી મને કહ્યું: " રાયઝાદા સાહેબ, યાદ રાખજો કે ગાંધીના આત્મબળ કરતાં બીજી એક વધારે પ્રબળ શકિત પણ છે. "

સમાપ્ત.